॥ श्रीः ॥

श्रीवरदराजाचार्य-प्रणीता

लघुसिद्धान्तकौमुदी

(पूर्वार्ध)

(મૂળ ગ્રન્થ, ગુજરાતી અનુવાદ, વિવરણ અને રૂપસિદ્ધિના પ્રદર્શન સાથે)

: અનુવાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ
રીડર, સંસ્કૃત વિભાગ
ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

॥ श्रीः ॥

श्रीमद्वरदराजाचार्य-प्रणीता ॥

लघुसिद्धान्तकौमुदी

(पूर्वार्धः—प्रथमो भागः)

(મૂળ ગ્રન્થ, ગુજરાતી અનુવાદ, વિમર્શ અને
રૂપ–પ્રક્રિયાના પ્રદર્શન સાથે)

અનુવાદક
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
સંસ્કૃત વિભાગ
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ–૯

૧૯૯૩

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧

Laghu-siddhanta-kaumudi, Part-I
Translated & annoted by
Vasantkumar. M. Bhatt
Ahmedabad.

પ્રકાશક :
અશ્વિનકુમાર બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૧. ફોન : ૩૫ ૬૬ ૯૨.

કિંમત : ૧૪૦-૦૦

પ્રથમાવૃત્તિ : ૧૯૯૩

મુદ્રક :
દિલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ
અનન ટાઈપ સેટર્સ,
૮૫૬, નારણપુરા ગામ,
ત્રીજો ખાંચો, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩.

अस्मदीयम्

આજે શ્રીમદ્ વરદરાજાચાર્ય-પ્રણીત 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નો પૂર્વાર્ધ ગુજરાતી અનુવાદ અને વિમર્શ સાથે રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યો છું. આ ગ્રન્થને ક્રમશઃ સમ્પૂર્ણપણે ગુજરાતી અનુવાદ સાથે રજૂ કરવાનો પ્રયત્ન ચાલુ છે.

પ્રસ્તુત પ્રયાસની એક વિશેષતા તરફ અભ્યાસીઓનું ધ્યાન દોરવાનું મન થાય છે : અહીં સૂત્રાર્થને વિશદ કરવા જરૂરી વિમર્શ ઉમેર્યો છે; તથા તે તે સૂત્રોની પ્રવૃત્તિથી જે ક્રમે પ્રકૃતિ + પ્રત્યયના સંમેલનની રૂપ પ્રક્રિયા આગળ વધે છે તેને આલેખોની મદદથી સુસ્પષ્ટ કરવામાં આવેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો 'ક્લાસ રૂમ'ના 'બ્લેક બોર્ડ'નું કામ પુસ્તકમાં પણ રજૂ કર્યું છે! આથી રૂપ પ્રક્રિયા વિદ્યાર્થીઓને દૃગ્ગોચર થશે અને પરિણામે પાણિનીય વ્યાકરણ સરળતાથી હૃદયંગમ બનશે. અલબત્ત આમ પુસ્તકના માધ્યમથી જ અધ્યાપન કરાવવાનો આશય રાખ્યો હોઈને આ ગ્રન્થ દળદાર બનવા પામશે. પણ આ વ્યાકરણ જે યુગમાં લાઘવની ભૂમિકાએ રહીને રચાયું હતું તે આજના યુગમાં વિસ્તૃત ફલક ઉપર સમજાવવું અનિવાર્ય બન્યું છે એ પણ નિર્વિવાદ છે.

આ શાસ્ત્રમાં મારો પ્રવેશ કરાવનાર ગુરુવર્ય પંડિતેન્દ્ર પૂ. શ્રી બાલકૃષ્ણ પંચોલીજી અને સ્વ. પૂ. શ્રી ચિમનલાલ જ. પંડ્યાજીને આજે પ્રણામ કરું છું. તેઓના આશીર્વાદનું જ આ સુફળ છે.

મારા 'સખા' ડૉ. શ્રી કમલેશકુમાર ચોકસીની શુભેચ્છાઓ માટે હું આભારની લાગણી વ્યક્ત કરું છું અને 'શબ્દસૂચિ' બનાવી આપવા માટે મારી દીકરી કૃષ્ણા ભટ્ટ અને મારી વિદ્યાર્થિની કુ. મનીષા. કે. પટેલ ને ધન્યવાદ આપું છું. અન્તે આ ગ્રન્થને પ્રકાશિત કરનાર શ્રી અશ્વિનભાઈ બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદનો, હું હૃદયપૂર્વક આભાર માનું છું.

જન્માષ્ટમી —વસન્તકુમાર મ. ભટ્ટ
તા. ૧૦-૬-'૯૩

અનુક્રમણિકા

કુલ પૃષ્ઠ : ૪ + ૪૪ + ૪૫૬ = ૫૦૪


॥ શ્રી ગણેશાય નમઃ ॥

લઘુસિદ્ધાન્તકૌમુદી–પૂર્વાર્ધ

પ્રસ્તાવના


[૧] ‘વ્યાકરણ’ એટલે શું ?

वि + आ (બે ઉપસર્ગો) + √कृ ધાતુને ‘કરણ’ અર્થમાં ल्युट् (= अन) પ્રત્યય લાગવાથી व्याकरण શબ્દ બને છે. આની વ્યુત્પત્તિ જોઈએ તો = व्याक्रियन्ते (पृथक् क्रियन्ते) शब्दाः अनेन इति व्याकरणम् ॥ અર્થાત્ જેના વડે શબ્દોને (= પદોને) પ્રકૃતિ + પ્રત્યય એવા વિભાગોમાં પૃથક્ કૃત કરીને દર્શાવવામાં આવે છે, તેને ‘વ્યાકરણ’ કહે છે. દા. ત. भवति । એવા ક્રિયાપદમાં √भू सत्तायाम् ધાતુ–પ્રકૃતિ–છે. અને તેને ‘કર્તા’ અર્થમાં પ્રથમ પુરુષ એકવચનનો (પરસ્મૈપદી) ति પ્રત્યય લાગ્યો છે. તથા रामेण એવા નામપદમાં હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ राम શબ્દ–પ્રકૃતિ–ને ‘કર્તા’ કે ‘કરણ’ અર્થમાં તૃતીયા વિભક્તિ એકવચનનો टा ▷ इन પ્રત્યય લાગ્યો છે—એવી રીતે શબ્દોને પ્રકૃતિ–પ્રત્યયમાં વિભક્ત કરીને સમજાવવું એને શબ્દોનું ‘વ્યાકરણ’ કર્યું એમ કહેવાય છે. (વ્યાકરણ શબ્દનો આવો વ્યુત્પત્તિ-જન્ય અર્થ એમ સૂચવે છે કે વ્યાકરણ–તન્ત્રની આકૃતિ ઊભા પીરામીડ જેવી છે.



પરંતુ મહર્ષિ પાણિનિએ રચેલા વ્યાકરણ તન્ત્રનો અભ્યાસ કરતાં જણાશે કે અહીં ‘વ્યાકરણ’ શબ્દનો અર્થ पृथक्क्रियन्ते નથી; પણ व्याक्रियन्तेनो અર્થ निष्पाद्यन्ते व्युत्पाद्यन्ते संसाध्यन्ते शब्दाः अनेन इति व्याकरणम् । એમ કરવાનો છે. અર્થાત્ પાણિનિએ રચેલું વ્યાકરણ તન્ત્ર તો પ્રકૃતિ + પ્રત્યયનું સમ્મેલન કરીને કેવી રીતે નામપદો અને ક્રિયાપદોનાં રૂપોની સિદ્ધિ = નિષ્પત્તિ કરવી ? એ દર્શાવે

છે. ટૂંકમાં, આ પાણિનીય વ્યાકરણ શબ્દોનું પૃથક્કરણ નથી રજૂ કરતું, પણ પ્રકૃતિ + પ્રત્યયના સંયોજનની પ્રક્રિયા શીખવે છે. જેમકે, રામ કુહાડીથી વૃક્ષને છેદે છે. અહીં 'કુહાડી એક વસ્તુ' + 'તેની સાધન રૂપે મળતી મદદ' એવો અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે વસ્તુ વાચક પ્રકૃતિ તરીકે कुठार શબ્દ લઈશું અને 'સાધન' રૂપી અર્થ કહેવા માટે टा એવો પ્રત્યય લઈશું. પછી પાણિનિનાં સૂત્રોમાંથી મળતી જુદી જુદી સૂચનાઓનો અમલ કરીશું તો તે પ્રકૃતિ + પ્રત્યયમાં વપરાયેલા ધ્વનિઓમાં જુદા જુદા વિકારો થશે, અને અન્તે તે બન્ને અંશોનું સંયોજન કરાતાં कुठारेण એવું એક પદ સિદ્ધ થાય છે. (આથી એમ દેખાય છે કે પાણિનીય વ્યાકરણની આકૃતિ ઊંધા પીરામીડ જેવી છે !)





'વ્યાકરણ'ને 'શબ્દાનુશાસન' પણ કહે છે. અનુશાસન કરવું એટલે 'શિસ્તમાં લાવવું" જેમકે, અમુક અર્થમાં અમુક શબ્દ સાધુ = પ્રયોગાર્હ છે, અને અમુક શબ્દ અસાધુ (અપભ્રંશ = વ્યાકરણથી અસમ્મત) છે એવું જેમાં દર્શાવવામાં–સૂચવવામાં આવે તેને 'શબ્દાનુશાસન' કહે છે.

[૨] વ્યાકરણાધ્યયનનું પ્રયોજન

લૌકિક દૃષ્ટિએ વ્યાકરણ ભણવાની આવશ્યકતા બહુ સ્પષ્ટ છે :

यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत्, सकलं शकलं, सकृच्छकृत् ॥

"હે પુત્ર ! ભલે તું વધારે ના ભણે, તો પણ તારે વ્યાકરણ તો ભણવું જ. જેથી (તારાથી ભૂલથી પણ ક્યારેય) 'સ્વજન'ને 'શ્વજન' ના કહી દેવાય, 'સકલ' ને 'શકલ' (ટૂકડો) ના કહી દેવાય તથા 'સકૃત્' (એકવાર) ને બદલે 'શકૃત્' (મળ) ના કહી દેવાય." આમ શુદ્ધ ઉચ્ચારણ કરતાં આવડે એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ. પરંતુ વ્યાકરણજ્ઞાનનું તો આથીય વધારે મહત્ત્વ છે. જેમકે, વ્યાકરણાધ્યયનનાં પ્રયોજનો દર્શાવતાં 'વ્યાકરણ–મહાભાષ્ય'ના રચયિતા પતંજલિએ

લખ્યું છે કે- रक्षोहागमलध्वसंदेहाः प्रयोजनम् । (पस्पशाह्निकम्, महाभाष्यम् १-१-१), ૧. વેદમન્ત્રોની રક્ષા કરવા માટે, ૨. ઊહ અર્થે, અર્થવશાત્ વેદ-મન્ત્રોમાં વપરાયેલી વિભક્તિનું વિપરિણામ કરતાં આવડે—દા. ત. अग्नये त्वा जुष्टं निर्वपामि → सूर्याय त्वा जुष्टं निर्वपामि । એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ. ૩. શ્રુતિમાં પણ કહ્યું છે કે બ્રાહ્મણે નિષ્કારણ વેદાંગો સહિત વેદ ભણવા જોઈએ. ૪. લાઘવપૂર્વક- ઓછા પ્રયત્ને વધુ-સાધુ શબ્દોનું જ્ઞાન થાય, અને (સ્વરજ્ઞાનના અભાવમાં) અમુક શબ્દોનો શો અર્થ થતો હશે ? એવો કોઈ સંદેહ જ ઊભો ના થાય એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.



વ્યાકરણ-શાસ્ત્રની પ્રશંસા કરતાં ભર્તૃહરિએ 'વાક્યપદીય'માં લખ્યું છે કે—

तद्द्वारमपवर्गस्य वाङ्मलानां चिकित्सितम् ।
पवित्रं सर्वविद्यानाम् अधिविद्यं प्रकाशते ॥
इदमाद्यं पदस्थानं सिद्धिसोपानपर्वणाम् ।
इयं सा मोक्षमाणानाम् अजिह्मा राजपद्धतिः ॥ (वा. प. १-१४, १६)

અર્થાત્ " તે (વ્યાકરણ) તો મોક્ષનું દ્વાર છે, વાણીના મળનું ચિકિત્સાશાસ્ત્ર છે., બધી વિદ્યાઓમાં તે પવિત્રવિદ્યા છે અને સૌ વિદ્યામાં વિશેષ પ્રકાશે છે. સિદ્ધિ મેળવવા માટેની જે સોપાનપંક્તિ છે તેનું પહેલું પગથિયું તે વ્યાકરણ છે., વળી મોક્ષ મેળવવા ઈચ્છતી વ્યક્તિઓને માટે નિન્દનીય નહીં તેવી-પ્રશંસનીય એવી-આ (વિદ્યા) તે રાજપદ્ધતિ (રાજમાર્ગ) છે."

આમ વ્યાકરણના જ્ઞાનથી મોક્ષપર્યન્તના પુરુષાર્થની સિદ્ધિ પણ થાય છે.

[૩] વ્યાકરણ-વેદાંગ

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મન્ત્રોના અર્થ વગેરે જાણવા માટે 'શિક્ષા, કલ્પ જ્યોતિષ, છન્દ, નિરુક્ત અને વ્યાકરણ' એ છ વેદાંગો મદદ કરે છે. આ બધામાંથી 'વ્યાકરણ' વેદાંગનું સવિશેષ મહત્ત્વ છે. કેમકે વેદપુરુષની જે કલ્પના કરવામાં આવી છે તેમાં વ્યાકરણને 'મુખ' કહ્યું છે :—

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।
ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ।
शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ॥

અહીં વ્યાકરણવેદાંગ તરીકે પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થનો ઉલ્લેખ છે એમ સમજવાનું છે. (અલબત્ત, વ્યાકરણની ચર્ચા કરનારાઓમાં પાણિનિ જ સૌથી

પહેલા છે એવું નથી. કેમકે પાણિનિએ જ પોતાની 'અષ્ટાંધ્યાયી'માં અનેક પૂર્વાચાર્યોનાં નામો લખ્યાં છે. જેમકે, ગાલવ, સ્ફોટાયન, શાકલ્ય, આપિશલિ, ગાર્ગ્ય વગેરે). 'નિરુક્ત'માં અમુક પ્રકારના શબ્દોની વ્યુત્પત્તિ, અર્થ વગેરે વિચારવામાં આવેલ છે. પ્રાતિશાખ્ય ગ્રંથોમાં પણ સન્ધિના નિયમો, ઉચ્ચારણના નિયમો વગેરેની ચર્ચા મળે છે. આ બધાની પણ પૂર્વે, વેદના મન્ત્રોમાં જ 'અમુક શબ્દમાં અમુક ધાતુ હશે' એવા પ્રકારની અપ્રકટ વિચારણા શરૂ થઈ એમ લાગે છે : यज्ञेन यज्ञमयजन्त देवा० । (ऋ. सं. १–१६४–८०), ये सहांसि सहसा सहन्ते । (ऋ. सं. ६–६६–९). એ જ પ્રમાણે, ગોપથ બ્રાહ્મણમાં એક પૃચ્છા મળે છે : ॐकारं पृच्छामः 'को धातुः, किं प्रतिपदिकम् , किं नामख्यातं, किं लिङ्गं, किं वचनं, का विभक्तिः, कः प्रत्ययः...। આમ પાણિનિ પૂર્વે–છેક વેદકાળમાં–પણ વ્યાકરણની ચર્ચા તો જોવા મળે છે, પણ તે વિકીર્ણ અવસ્થામાં અથવા તો અંશતઃ હતી. બીજું; પાણિનિએ પોતે જ જે પૂર્વાચાર્યોનાં નામો ઉલ્લેખ્યાં છે, તેમાંથી એકેયનું વ્યાકરણ આજે ઉપલબ્ધ નથી. આથી પાણિનિના વ્યાકરણ–'અષ્ટાધ્યાયી' ગ્રન્થ-ની વેદાંગ તરીકે ગણતરી થાય છે.

[૪] સૂત્રકાર પાણિનિ

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात् ।
कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः ॥
येन धौता गिरः पुंसां विमलैः शब्दवारिभिः ।
तमश्चाज्ञानजं भिन्नं तस्मै पाणिनये नमः ॥–पाणिनीयशिक्षा

જીવન, સમય અને કૃતિઓ : સંસ્કૃત ભાષાનું સમ્પૂર્ણ, અનવદ્ય અને લાઘવપૂર્ણ વ્યાકરણ રજૂ કરવાનો યશ મહર્ષિ પાણિનિને આપવામાં આવે છે. પરંતુ પાણિનિના વ્યક્તિગત જીવન વિષે કશી આધારભૂત કે શ્રદ્ધેય માહિતી મળતી નથી. આથી લોકમાં એમના વિષેની અનેક કિંવદન્તીઓ પ્રચલિત છે. પરંપરાથી એવું સંભળાય છે કે તાંડવનૃત્ય કરી રહેલાં ભગવાન્ શંકરે નૃત્ય પૂરું થવા આવ્યું ત્યારે ચૌદવાર પોતાનું ડમરું વગાડ્યું. એમાંથી જે ધ્વનિઓ નીકળ્યા તે સાંભળીને પાણિનિએ अ इ उ ण् । १ ऋ ऌ क् । २ વગેરે 'માહેશ્વર સૂત્રો'ની રચના કરી છે.

પાણિનિની માતાનું નામ 'દાક્ષી' હતું. આથી તેમને 'દાક્ષીપુત્ર' કહેવામાં આવે છે. આ ઉપરાંત તેમના શાલાતુરીય, આહિક, શાલંકિ વગેરે નામાન્તરો પણ પ્રાપ્ત થાય છે. 'ગણરત્ન–મહોદધિ'માં લખ્યું છે કે–शलातुरो नाम ग्रामः सोऽभिजनोऽस्यास्तीति शालातुरीयस्तत्र भवान् पाणिनिः । (આ શાલાતુર ગામ આજે

પાકિસ્તાનમાંના રાવલપિંડીથી પશ્ચિમોત્તર દિશામાં આવેલું 'લાહુર' ગામ છે.) 'પાણિનિ' એ એમનું ગોત્ર નામ છે. કૈયટે એમના નામની સિદ્ધિ દર્શાવતાં લખ્યું છે કે—पणिनोऽपत्यमित्यण् 'पाणिनः' । पाणिनस्य अपत्यं युवा इति पाणिनिः । આમ 'પણિન' ઋષિના ગોત્રમાં જન્મેલા તે 'પાણિનિ' કહેવાયા. 'પંચતન્ત્ર'ના એક શ્લોક મુજબ સિંહે પાણિનિના પ્રાણ હરી લીધા હતા :

सिंहो व्याकरणस्य कर्तुरहरत्प्राणान् प्रियान् पाणिनेः ।
मीमांसाकृतमुन्ममाथ सहसा हस्ती मुनिर्जैमिनिम् ॥
छन्दोज्ञाननिधिं जघान मकरो वेलातटे पिंगलम् ।
अज्ञानावृतचेतसामतिरुषां कोऽर्थस्तिरश्चां गुणैः ॥ (૨.૩૬)

પાણિનિએ 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ ગ્રન્થની રચના કરી છે, તથા સૂત્રશૈલીમાં રચાયેલા આ વ્યાકરણમાં લાઘવ સિદ્ધ કરવા માટે, તેમણે 'ગણપાઠ' અને 'ધાતુપાઠ'ની પણ ('અષ્ટાધ્યાયી' ને ઉપકારક એવા અંગ તરીકે) રચના કરી છે. આ ઉપરાંત તેમણે 'જાંબવતીજય' (જેનું બીજું નામ 'પાતાલવિજય' છે) મહાકાવ્યની રચના કરી હતી એવા નિર્દેશો મળે છે. પરંતુ હાલ આ મહાકાવ્ય ઉપલબ્ધ થતું નથી.

પાણિનિનો સમય વિવાદાસ્પદ છે. કેટલાક વિદ્વાનોના મતે પાણિનિ ગૌતમ બુદ્ધના સમય પછી થઈ ગયા હશે. કારણ કે પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં कुमारः श्रमणादिभिः । ૨–૧–૭૦ એવું એક સૂત્ર મૂક્યું છે. આમાં મૂકેલો श्रमण શબ્દ બૌદ્ધ સાધુઓ માટે વપરાતો હતો. બુદ્ધનો સમય જો ઇ.સ. પૂર્વે ૬૦૦ મૂકીએ તો 'શ્રમણ' શબ્દનો પ્રચાર થતાં ૨૦૦ વર્ષ ગયા હશે એમ અનુમાનીને, આ વિદ્વાનો કહે છે કે પાણિનિ ઇ.સ. પૂર્વે ૪૦૦માં થઈ ગયા હશે. બીજા કેટલાક કહે છે કે પાણિનિએ यवन શબ્દને પણ ઉચ્ચાર્યો છે : इन्द्र–वरुण–भव–शर्व–रुद्र–मृड–यव–यवन–मातुलाचार्याणाम् आनुक् । ૪–૧–૪૯. આ 'યવન' શબ્દ સિકન્દરના આક્રમણ (ઇ.સ. પૂર્વે ૩૨૪) પછી ભારતમાં પ્રચલિત થયો છે. આથી પાણિનિ આ સમય પછીના સમયમાં થયા હશે.

પરંતુ આ મતનો પ્રતિવાદ પણ કરવામાં આવ્યો છે. કારણ કે ગૌતમ બુદ્ધના સમયની પણ પૂર્વે બ્રાહ્મણ સંસ્કૃતિના વાઙ્મયમાં–શતપથ બ્રાહ્મણ–માં 'સંન્યાસી' અર્થમાં શ્રમણ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. (अत्र पिता अपिता भवति...देवा अदेवाः, श्रमणोऽश्रमणः...इति ।) બીજું, સિકન્દરના આક્રમણની પણ પૂર્વે ભારતીયો 'યવનો'થી અને 'યવન' શબ્દથી પરિચિત થઈ ચૂક્યા હતા. મહાભારતમાં પણ યવન સૈનિકો સાથે યુદ્ધ થયાનો ઉલ્લેખ છે. (સભાપર્વ ૩૧–૭૩, અને ઉદ્યોગ પર્વ ૧૯–૨૧, ૨૨). ભગવાન શ્રીકૃષ્ણે પણ 'કાલ યવન'

નામના રાક્ષસને હણ્યો છે! પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજીનો મત છે કે પ્રાચીનકાલમાં યવનો ભારતના સરહદી પ્રાન્તોમાં જ રહેતા હતા, અને પછીથી યૂનાન–ગ્રીસ તરફ ગયા છે. ડૉ. આર. જી. ભાંડારકર અને પ્રો. ગોલ્ડસ્ટૂકરે પાણિનિનો સમય ઇ.સ. પૂર્વે ૭૦૦ નક્કી કર્યો છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલે પણ 'પાણિનિકાલિક ભારત વર્ષ'' નામના ગ્રન્થમાં પાણિનિએ ઇ.સ. પૂર્વે ૪૪૦–૪૩૦માં 'અષ્ટાધ્યાયી'ની રચના કરી હશે–એવી ધારણા રજૂ કરી છે. એટલે કે પાણિનિનો આયુષ્યકાળ ઇ.સ. પૂર્વે ૪૮૦ થી ૪૧૦નો માન્યો છે. શ્રી યુધિષ્ઠિર મીમાંસકે પાણિનિનો સમય વિક્રમ સંવત પૂર્વે ૨૯૦૦ (=ઇ. સ. પૂ. ૨૯૫૭)માં માન્યો છે.

બીજું, સામાન્ય રીતે પાણિનિ યાસ્કના સમય પછી થયા હોવાનું મનાય છે. પરંતુ આધુનિક સમયમાં આ અભિપ્રાય વિષે અનેક શંકાઓ ઉપસ્થિત કરવામાં આવી છે. સંભવ છે કે પાણિનિ યાસ્કની પણ પૂર્વે થઈ ગયા હોય. (જુઓ : PANINI–A SURVEY OF RESEARCH by Prof. George Cardona, Delhi, 1980, pp. 270)

[૫] 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ

'અષ્ટાધ્યાયી'ની પ્રશંસા : પાણિનિએ જે વ્યાકરણ ગ્રન્થની રચના કરી છે તેને 'અષ્ટાધ્યાયી' કહેવામાં આવે છે. અગાઉ લખ્યું છે તેમ આ ગ્રન્થ સંપૂર્ણ, અનવદ્ય અને લાઘવપૂર્ણ હોઈને તેની ઘણી પ્રશંસા થઈ છે, આ ગ્રન્થને 'માનવ-મસ્તિષ્કની અનુપમ કૃતિ (સર્જન)' કહેવામાં આવે છે. ભાષ્યકાર પતંજલિ લખે છે કે प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म, तत्राशक्यं वर्णेनापि अनर्थकेन भवितुं, किं पुनरियता सूत्रेण ॥ (१–१–१ महाभाष्यम्) તથા सामर्थ्ययोगात् न हि किञ्चिदस्मिन्पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् ॥ (६–१–७७ महाभाष्यम्) કાશિકાકારે उदक् च विपाशः । ૪–૨–૭૪ સૂત્ર ઉપરની 'વૃત્તિ'માં કહ્યું છે કે महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य । વગેરે.

'અષ્ટાધ્યાયી'નાં સૂત્રો : 'અષ્ટાધ્યાયી' સૂત્રશૈલીમાં લખાયેલો ગ્રન્થ છે. તેમાં કુલ ૩૯૯૬ સૂત્રો આવેલાં છે.

त्रीणि सूत्रसहस्राणि तथा नवशतानि च ।
षण्णवतिं च सूत्राणां पाणिनिः कृतवान्स्वयम् ॥

આ કારિકા મુજબ પાણિનિએ ૩૯૯૬ સૂત્રો રચ્યાં હતાં, પરંતુ 'કાશિકા'માં ૩૯૮૩ સૂત્રો પ્રાપ્ત થાય છે. આ સૂત્રોને આઠ અધ્યાયમાં વહેંચવામાં આવ્યાં છે તથા દરેક અધ્યાય ચાર પાદમાં વિભક્ત છે. (આ રીતે તેમાં આઠ અધ્યાય

×ચાર પાદ=૩૨ પાદ આવેલા છે.) આ ગ્રન્થ આઠ અધ્યાયમાં વહેંચાયેલો હોવાથી તેને 'અષ્ટાધ્યાયી' ગ્રન્થ કહ્યો છે.

પ્રાચીન યુગમાં, યાદ રાખવામાં સરળતા પડે એટલા માટે શાસ્ત્રગ્રન્થોને પદ્યબદ્ધ કે સૂત્રબદ્ધ કરવામાં આવતા હતા. પરંતુ કોઈ પણ ચર્ચા સૂત્રબદ્ધ રજૂ થાય ત્યારે તેમાં અનેક પ્રકારની ક્ષતિઓ રહી જવાની અથવા તેના અર્થની દુર્બોધતા ઊભી થવાની પૂરી શક્યતા છે. આથી આદર્શ 'સૂત્ર'ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે :

स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

સૂત્રની આવી વ્યાખ્યા જો સર્વાંશે ક્યાંય ચરિતાર્થ થતી જોતા મળતી હોય તો તે પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથમાં જોવા મળે છે. 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રો સ્વલ્પ અક્ષરોમાં નિબદ્ધ છે અને છતાંય સંદિગ્ધ નથી. સાર રૂપ છે છતાંય તે વિશ્વતોમુખ-બધા વિષયોને આવરી લે-છે. સૂત્રોની પ્રવૃત્તિ અપ્રતિહત છે (કારણ કે) તેમાં કોઈ દોષ જ નથી.

સૂત્રોના પ્રકાર : પાણિનિએ ૭ પ્રકારનાં સૂત્રો રચ્યાં છે :

संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥

૧. સંજ્ઞાસૂત્રોમાં અન્વર્થ કે પારિભાષિક સંજ્ઞાઓ બતાવવામાં આવી છે. દા.ત. સર્વનામ, કર્તા, કરણ, ટિ, ઘુ, ભ, નદી, ઘિ, પદ, ગુણ, વૃદ્ધિ વગેરે. १. संज्ञा–संज्ञिसम्बन्धबोधकं सूत्रम् = संज्ञासूत्रम् । यथा–वृद्धिरादैच् । ૨. પરિભાષા-સૂત્રો 'અષ્ટાધ્યાયી'ના અન્ય સૂત્રોનો અર્થ કરવામાં ઉપયોગી થાય છે. એટલે કે 'સૂત્ર માટેના સૂત્ર' (Metarules)ને પરિભાષા સૂત્ર કહે છે. २. अव्यवस्थायां व्यवस्थाऽऽपादकं सूत्रम् = परिभाषासूत्रम् । यथा–तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । ૩. વિધિ સૂત્રો કઈ પ્રકૃતિને કયો પ્રત્યય લાગે છે, તથા પ્રકૃતિ+પ્રત્યયના યોગ દરમ્યાન શા શા ધ્વન્યાત્મક ફેરફાર વગેરે કરવાના છે તે બતાવે છે. આમ વ્યાકરણની પ્રક્રિયાનું વિધિસૂત્રોમાં પ્રદર્શન કરવામાં આવે છે. ३. आदेशादिविधायकं सूत्रम् = विधिसूत्रम् । यथा–इको यणचि । ૪. નિયમસૂત્રો અમુક વિધિનું કાર્યફલક સીમિત-મર્યાદિત કરે છે. આ એક પ્રકારના restriction મૂકનારાં સૂત્રો છે. ४. प्राप्तस्य विधेर्नियामकं सूत्रम् = नियमसूत्रम् । यथा–पतिः समास एव । ૫. અતિદેશ સૂત્રો અમુક વિધિનું કાર્યફલક વિસ્તૃત કરનારાં છે. બીજા શબ્દોમાં કહીએ તો, અમુક ધર્મનો અન્યત્ર આરોપ કરનારાં સૂત્રોને અતિદેશસૂત્ર કહે છે. ५. अतस्मिन् तद्धर्माऽऽपादकं सूत्रम् = अतिदेशसूत्रम् । यथा–गोतो णित् । ૬. અધિકારસૂત્રો

એક સમગ્ર પાદ કે અધ્યાય સુધી અનુવૃત્ત થનારાં-ચોક્કસ વિષય, પ્રકરણ સૂચવનારાં-સૂત્રો છે. દ. उत्तरोत्तर स्वार्थ समर्पकं सूत्रम् = अधिकार सूत्रम् । यथा- पूर्वत्रासिद्धम् ॥ (જે સૂત્રમાં एव કારનું ગ્રહણ કર્યું હોય તે નિયમસૂત્ર છે, वत्નું ગ્રહણ હોય તે અતિદેશસૂત્ર છે અને જે સૂત્ર ઉપર સ્વરિતસ્વરની નિશાની હોય તે અધિકાર સૂત્ર છે.)

સૂત્રોમાં લાઘવ : સૂત્રશૈલીમાં ગ્રન્થ રચવાનું એ પ્રયોજન છે કે ઘણો મોટો વિષય ટૂંકમાં (લાઘવથી) રજૂ કરી શકાય. આથી સૂત્ર સ્વલ્પાક્ષર હોવું જોઈએ એમ કહેવાયું પણ છે. પરંતુ પાણિનિની લાઘવસિદ્ધિ અજોડ છે. એમની 'અષ્ટાધ્યાયી'માં એક પણ અક્ષર અનર્થક નથી અને વધારાનો પણ નથી. આથી કહેવાયું છે કે વૈયાકરણો લાઘવપ્રિય હોય છે : अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः । (સૂત્ર રચતી વખતે જો અર્ધી માત્રાનું પણ લાઘવ થઈ શકે તો વૈયાકરણો પુત્રજન્મના ઉત્સવ જેટલો આનંદ મનાવે છે !)

'અષ્ટાધ્યાયી'ની વિષયવ્યવસ્થા : પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ના પ્રથમ અધ્યાયમાં કેટલાંક સંજ્ઞાસૂત્રો અને પરિભાષા સૂત્રો આપેલાં છે. બીજા અધ્યાયમાં વાક્યરચનાના નિયમો આપવામાં આવ્યા છે-એટલે કે કર્મ, કરણ, સંપ્રદાનાદિ સંજ્ઞાઓને દ્વિતીયા-તૃતીયાદિ વિભક્તિઓની સાથે જોડવામાં આવી છે તથા સમાસ અંગેનાં સૂત્રો આપેલાં છે. બીજા અધ્યાયમાં ધાતુને લાગતા (तिङ्-कृत्) પ્રત્યયોનું નિરૂપણ છે. આનાથી તિઙન્ત પદો-ક્રિયાપદ-અને કૃદન્ત પદોનું રૂપાખ્યાન બતાવ્યું છે. ચોથા અને પાંચમા અધ્યાયમાં, નામને તદ્ધિત પ્રત્યયો લગાવીને તદ્ધિતાન્ત નામો (નામ ઉપરથી નામ દા.ત. कुन्ता > कौन्तेयः) કેવી રીતે સાધી શકાય એ દર્શાવ્યું છે. આ બે અધ્યાયોમાં લગભગ ૧૧૯૦ સૂત્રો આવેલાં છે. છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં પ્રકૃતિ (નામ કે ધાતુ) + પ્રત્યયનો યોગ કર્યા પછી કયા ધ્વન્યાત્મક ફેરફાર થાય છે? અમુક શબ્દસ્વરૂપ કે અમુક વર્ણને-સ્થાનીને-સ્થાને કયો ફેરફાર-આદેશ-થાય છે?-એ વ્યાકરણની પ્રક્રિયાનું નિરૂપણ છે. છેલ્લા, આઠમા અધ્યાયમાં સન્ધિવિષયક સૂત્રો રજૂ કરવામાં આવ્યાં છે. આમ, 'અષ્ટાધ્યાયી'માં પ્રથમ વાક્યવિન્યાસ (Syntax), પછી નામ અને ક્રિયાપદનું રૂપાખ્યાન (Morphology) અને અંતે સન્ધિ (Morphophonemics) અંગેનાં સૂત્રો છે.

'અષ્ટાધ્યાયી'ને ઉપકારક-અંગો : अइउण् વગેરે ૧૪ સૂત્રો અને 'અષ્ટાધ્યાયી'ની રચના કરવાની સાથે સાથે પાણિનિએ ગણપાઠ અને ધાતુપાઠની રચના કરી છે. આ બે પરિશિષ્ટ પ્રકારની યાદીઓ છે. આમાં એક જ પ્રકારની પ્રક્રિયાથી

તૈયાર થયેલાં (કે થઈ શકે) એવાં નામોની યાદી 'ગણપાઠ'માં છે. દા.ત. શકન્ધ્વાદિ, મયૂરવ્યંસકાદિ, ગર્ગાદિ ગણ વગેરે. તથા એક સરખા વિકરણ (અંગસાધક) પ્રત્યયો લેતાં દશ ગણના ધાતુઓની યાદી 'ધાતુપાઠ'માં રજૂ થઈ છે. દા. ત. ભ્વાદિ = ૧ લો ગણ, અદાદિ=૨જો ગણ, ચુરાદિ = ૧૦મો ગણ વગેરે. આવા પાઠોની રચના એ પાણિનિની લાઘવ સિદ્ધ કરવાની યુક્તિનો જ એક પ્રકાર છે. આ ઉપરાંત પાણિનિએ उणादयो बहुलम् । ૩।૩।૧ સૂત્રથી શાકટાયન (?) કૃત ઉણાદિસૂત્રોને પણ પોતાની 'અષ્ટાધ્યાયી'નું અંગ બનાવેલ છે. આ ઉણાદિસૂત્રોથી અનિયમિત/રૂઢ નામોની વ્યુત્પત્તિ બતાવવામાં આવે છે.

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં વર્ણોના ઉચ્ચારણ–સ્થાન અને પ્રયત્નની ચર્ચા કરી નથી. આને માટે આપણે 'પાણિનીય શિક્ષા'નો ઉપયોગ કરવો પડે છે. આથી આ શિક્ષાને પણ અષ્ટાધ્યાયીનું અંગ ગણી શકાય. પરંપરાગત રીતે એવું મનાય છે કે તેના કર્તા પાણિનિ છે. પરંતુ વિદ્વાનો એને પાણિનિકૃત માનતા નથી. આ ઉપરાંત, પરિભાષાવૃત્તિ ગ્રન્થો, ફિટ્સૂત્રો અને લિંગાનુશાસન પણ 'અષ્ટાધ્યાયી'ને ઉપકારક અંગો ગણાયા છે. આમાંથી, ૧. સૂત્રાર્થનિર્ણયમાં ઉપયોગી થતાં વાક્યોને પરિભાષાવચનો કહે છે; જેની ઉપર વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવ, નાગેશ જેવા વૈયાકરણોએ પરિભાષાવૃત્તિ ગ્રન્થો રચ્યા છે. ૨. શાન્તનવાચાર્ય (?) નાં ફિટ્સૂત્રોને પણ 'અષ્ટાધ્યાયી'નું અંગ ગણવામાં આવે છે. આ ફિટ્સૂત્રોની સંખ્યા ૮૮ છે અને તે ૪ અધ્યાયમાં વહેંચાયેલાં છે. જો કે પાણિનિનાં સ્વરસૂત્રો સાથે આ ફિટ્સૂત્રોને કશો સંબંધ નથી; તથાપિ સમગ્ર પ્રાતિપદિકને કયો સ્વર થાય છે એ જાણવા માટે આ સૂત્રોની આવશ્યકતા છે. ૩. અમુક શબ્દનું લિંગ કયું છે એ બતાવવા માટે 'લિંગાનુશાસન'ની રચના થઈ છે. આના રચયિતા વ્યાડિ કે પાણિનિ હશે એમ માનવામાં આવે છે. પરંતુ એ મત વિદ્વદ્ગોષ્ઠિમાં સ્વીકાર્ય નથી.

[૬] વાર્ત્તિકકાર કાત્યાયન

પાણિનિના (ઇ. સ. પૂર્વે ૫મી થી ૪થી સદી) સમય પછી લગભગ ૧૫૦ વર્ષે કાત્યાયન નામના વૈયાકરણ થઈ ગયા (તેમનું બીજું નામ 'વરરુચિ' પણ છે.) આ સમયગાળા દરમ્યાન ભાષામાં જે પરિવર્તનો થયાં હશે કે નવા શબ્દો પ્રચારમાં આવ્યા હશે તે દરેકને પાણિનિના વ્યાકરણમાં નોંધવાની–સમાવવાની–જરૂર ઊભી થઈ હતી. આથી તેમણે પાણિનિનાં સૂત્રો ઉપર 'વાર્ત્તિક' લખ્યાં છે. આવાં વાર્ત્તિકોની સંખ્યા વિપુલ છે. 'મહાભાષ્ય'માં પ્રાપ્ત થતાં વાર્ત્તિકોની સંખ્યા લગભગ ૪૩૯૩ જેટલી છે. વાર્ત્તિકની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે;

उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्त्तिकं प्राहुर्वार्त्तिकज्ञा मनीषिणः ॥ (पराशरपुराण—अ० १८)

આ વ્યાખ્યા મુજબ કાત્યાયને પાણિનિનાં સૂત્રોનો અર્થ વિશદ કરવા અથવા તેનું હાર્દ સ્પષ્ટ કરવા માટે 'ઉક્તચિંતા–પ્રવર્તક' પ્રકારના વાર્ત્તિકો લખ્યાં છે. ભાષામાં જે કાંઈ નવાં પરિવર્તનો થયાં તે દરેકને નોંધવા માટે 'અનુક્ત-ચિન્તા–પ્રવર્તક' પ્રકારનાં વાર્ત્તિકો લખ્યાં છે. તથા કાત્યાયનની દૃષ્ટિએ પાણિનિનાં સૂત્રોમાં જે કાંઈ ઊણપવાળું–ક્ષતિવાળું–લખાણ હતું તેને માટે તેમણે 'દુરુક્તચિન્તા પ્રવર્તક પ્રકારનાં વાર્ત્તિકો લખ્યાં છે. પાણિનિનાં સૂત્રો ઉપર વાર્ત્તિક લખનારા, કાત્યાયન સિવાય, અન્ય વાર્ત્તિકકારો પણ થયા છે. જેવા કે ભારદ્વાજીય, સૌનાગ, ક્રૌષ્ટ્રીય, વાડવ અથવા કુણરવાડવ. પરંતુ પરંપરાથી "વાર્ત્તિકકાર" તરીકે કાત્યાયનનું નામ જ વધુ પ્રચલિત છે.

[૭] ભાષ્યકાર પતંજલિ

જીવન અને સમય : વાર્ત્તિકકાર કાત્યાયનના સમય પછી, (એટલે કે ઈ. સ. ૧૫૦–૨૦૦) પતંજલિ નામના ત્રીજા વૈયાકરણ થઈ ગયા. તેમણે પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનના વાર્ત્તિકો ઉપર 'વ્યાકરણ–મહાભાષ્ય'ની રચના કરી છે. ભાષ્યકાર પતંજલિ શુંગવંશના પુષ્પમિત્રના સમયમાં થઈ ગયા હોય એમ જણાય છે. કેમકે તેમના મહાભાષ્યમાં पुष्पमित्रं याजयामः । (૩।૨।૧૨૩), अरुणद्यवनः साकेतम् । (૩।૨।૧૧૧), अरुणद्यवनो माध्यमिकाम् । मौर्यैः हिरण्यार्थिभिः अर्चाः प्रकल्पिताः । (૫।૩।૯૯) એવાં ઉદાહરણો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આમ અશોક અને તે પછી મૌર્યોના સમયમા જ્યારે બ્રાહ્મણધર્મનો પુનરુદ્ધાર થયો ત્યારે પતંજલિ થઈ ગયા હશે.

પતંજલિના જીવન વિશે કશી આધારભૂત માહિતી મળથી નથી. પરંપરાથી તેમને શેષના અવતાર માનવામાં આવ્યા છે. તેમને માટે શેષરાજ, શેષાહિ, નાગ-નાથ, ચૂર્ણિકાર અને પદકાર જેવાં નામો પ્રચલિત થયાં છે. વળી, 'ગોણિકાપુત્ર' કે 'ગોનર્દીય' એવાં બે નામાન્તરો પણ મળે છે. પરંતુ વિદ્વાનોએ ચર્ચાને અંતે નક્કી કર્યું છે કે આ બે નામો પતંજલિ સિવાયના, કોઈ અન્ય વૈયાકરણોનાં નામ છે. પતંજલિને શેષના અવતાર માનવા ઉપરાંત, પરંપરાએ તેમને યોગસૂત્રના કર્તા અને ચરકસંહિતાના સંસ્કર્તા પણ માન્યા છે :

योगेन चित्तस्य, पदेन वाचां, मलं शरीरस्य च वैद्यकेन ।
योऽपाकरोत्तं प्रवरं मुनीनां पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि ॥

પરંતુ વિદ્વાનો કહે છે કે યોગસૂત્રના કર્તા અને મહાભાષ્યના પ્રણેતા પતંજલિ જુદા જુદા છે,

વ્યાકરણમહાભાષ્ય : વૈયાકરણ પતંજલિએ પોતાના 'વ્યાકરણ મહાભાષ્ય'માં કુલ ૮૫ આહ્નિકો રચ્યાં છે (અથવા જેટલાં આહ્નિકો રચ્યાં હતાં તેમાંથી ૮૫ આજે ઉપલબ્ધ થાય છે, બીજાં કાલગ્રસ્ત થયાં છે.) આ આહ્નિકોમાં પાણિનિનાં કુલ ૩૯૮૩ સૂત્રોમાંથી ૧૨૨૮ સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે. આ સૂત્રોની ચર્ચા કરતી વખતે વચ્ચે વચ્ચે તેમણે કાત્યાયનના લગભગ ૪૩૯૩ જેટલાં વાર્ત્તિકોને પણ ચર્ચ્યાં છે. વાર્ત્તિકકારે ઘણે સ્થળે પાણિનિનાં સૂત્રોમાં ફેરફાર સૂચવ્યા છે, ઉમેરા કર્યા છે અથવા તો સમગ્ર સૂત્રનું ખંડન કરવાનો પણ પ્રયત્ન કર્યો છે. પરંતુ ભાષ્યકાર પતંજલિને આવો દૃષ્ટિકોણ માન્ય નથી. તેઓ ઘણે સ્થળે બતાવે છે કે 'મૂળ સૂત્રકારે જે સૂત્ર રચ્યું છે તે જ ઉચિત છે. પાણિનિના સૂત્રનો એકાદ અક્ષર પણ અનર્થક હોતો નથી, તો આખું સૂત્ર તો ક્યાંથી અનર્થક હોય?!' આમ-પતંજલિ વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે (મહદંશે) વાર્ત્તિકોનું ખંડન કરે છે અને પાણિનિના સૂત્રનું જ સમર્થન-દઢીકરણ કરે છે. ગોલ્ડસ્ટૂકરના શબ્દોમાં કહીએ તો 'કાત્યાયન પાણિનિના વિરોધી છે, પણ પતંજલિ કાત્યાયનના વિરોધી છે અને પાણિનિના મિત્ર છે.' પરંતુ ભાષ્યનો સૂક્ષ્મ–દૃષ્ટિએ અભ્યાસ કરતાં જણાય છે કે કાત્યાયન પાણિનિના માત્ર વિરોધી જ નથી; અને બીજી તરફ પતંજલિ પણ કાત્યાયનના માત્ર વિરોધી નથી. વાસ્તવમાં તો સંસ્કૃત વ્યાકરણને સુવ્યવસ્થિત, સુદૃઢ, અનવદ્ય અને સંપૂર્ણ કરવામાં ત્રણેય વૈયાકરણોનો અમૂલ્ય ફાળો છે. આથી તો આને त्रिमुनि व्याकरणम् કહેવામાં આવે છે.

મહાભાષ્યની અવનતિ અને પુનઃ પ્રતિષ્ઠા : પતંજલિના મહાભાષ્યમાં વૈદિક બ્રાહ્મણધર્મના વિચારો અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. વેદના/શબ્દના નિત્યત્વની માન્યતાનું ઉચ્ચારણ થયું છે. આથી પ્રાચીન સમયમાં બૌદ્ધો અને જૈનોએ મહાભાષ્યનું ખંડન કરવાનું શરૂ કર્યું હતું. વાક્યપદીયકાર ભર્તૃહરિના શબ્દોમાં કહીએ તો–પ્રાયઃ સંક્ષેપમાં રાચનારા અને અલ્પ વિદ્યાનું ગ્રહણ કરનારા વૈયાકરણોને કારણે વ્યાડિએ રચેલો 'સંગ્રહ' ગ્રન્થ અસ્ત પામ્યો. ત્યાર પછી તીર્થદર્શી ગુરુ પતંજલિએ 'સંગ્રહ' ગ્રન્થના સંક્ષેપ સ્વરૂપ "મહાભાષ્ય"ની રચના કરી. પરંતુ ભર્તૃહરિના ગુરુ વસુરાત સિવાય બીજો કોઈ આ 'મહાભાષ્ય' રૂપી સમુદ્રમાં અવગાહન કરવા શક્તિમાન્ ન હતો. બીજી તરફ, શુષ્ક તર્કને અનુસરનારા બૈજિ, સૌભવ અને હર્યક્ષ નામના આચાર્યોએ આ આર્ષ (મહાભાષ્ય) ગ્રંથનો નાશ કર્યો. આમ પતંજલિના શિષ્યો પાસેથી 'વ્યાકરણાગમ' ભ્રષ્ટ થયો. (અધ્યયન–અધ્યાપન પરંપરામાંથી તે ગ્રન્થ લુપ્ત થયો) પછી કાલાન્તરે, ચન્દ્રાચાર્ય જેવા ભાષ્યબીજને અનુસરનારાઓએ 'પર્વત'

નામના પ્રદેશમાંથી ગ્રન્થ રૂપે–હસ્તલિખિત પ્રતમાં સચવાઇ રહેલા–વ્યાકરણાગમને લાવીને તેનો અનેક શાખાઓમાં પ્રચાર કર્યો. (જુઓ વા. પ. ૨–૪૭૬થી ૪૮૧)

મહાભાષ્યના મુખ્ય ટીકાકારો : વ્યાકરણ મહાભાષ્યની ઉપર ભર્તૃહરિએ (ઈ. સ. ૪થી સદી) 'દીપિકા' નામની ટીકા લખી હતી. પરંતુ તે આજે પૂર્ણ રૂપે પ્રાપ્ત થતી નથી. મહાભાષ્યના પહેલા ૭ આહ્નિક સુધી (એટલે કે પાંણિનિના अनेकाल्शित्सर्वस्य । ૧/૧/૫૫ સૂત્ર સુધી) જ 'દીપિકા' મળે છે. આ પછી ઈ.સ.૧૧મી સદીમાં કાશ્મીરના પંડિત જૈયટના પુત્ર કૈયટે મહાભાષ્ય ઉપર 'પ્રદીપ' નામની ટીકા લખી છે ("કાવ્યપ્રકાશ"ના લેખક મમ્મટ અને શુક્લ યજુર્વેદની માધ્યંદિનીય સંહિતા ઉપર ભાષ્ય લખનાર ઉવટ–એ બે કૈયટના ભાઈ હતા એવું મનાય છે. પરંતુ આ મત વિવાદાસ્પદ છે.) કૈયટે ભર્તૃહરિની 'દીપિકા' ટીકાને આધારે જ 'પ્રદીપ'ની રચના કરી છે. આથી 'દીપિકા' નષ્ટપ્રાય : થયા છતાંય મહાભાષ્યનો અર્થ સમજવા માટે કૈયટ ઘણા ઉપયોગી પુરવાર થાય છે. કૈયટની 'પ્રદીપ' ટીકા ઉપર મહારાષ્ટ્રના પંડિતપ્રવર નાગેશ ભટ્ટે (અપર નાગોજિ ભટ્ટે) 'ઉદ્દ્યોત' નામની ટીકા લખી છે.

[૮] પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો

આમ સંસ્કૃત (વૈદિક અને લૌકિક) ભાષાનું સમ્પૂર્ણ અને સુદૃઢ વ્યાકરણ રચાયું. આ વ્યાકરણનું પ્રણયન કરવામાં સૂત્રકાર પાણિનિ, વાર્ત્તિકકાર કાત્યાયન અને ભાષ્યકાર પતંજલિનું પ્રદાન જ મુખ્ય છે. આથી આને त्रिमुनि व्याकरणम् । 'ત્રણ મુનિઓએ રચેલું વ્યાકરણ' કહે છે આ પછી જે કોઈ પણ વ્યાકરણના ગ્રંથો રચાયા છે, તે સઘળા આ 'ત્રિમુનિ વ્યાકરણ'ના ટીકા–ટિપ્પણ, વ્યાખ્યાન રૂપ જ છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના આ સમગ્ર વાઙ્મયને પ્રોફે. કે.વી. અભ્યંકરજી એ (પરિભાષાસંગ્રહ, BORI, Pune, 1967 ની પ્રસ્તાવનામાં) ત્રણ શાખામાં વિભક્ત કરી બતાવ્યું છે :

(क) શબ્દસિદ્ધિ કરનારા ગ્રન્થો,

(ख) સૂત્રાર્થ–નિર્ણયની ચર્ચા કરનારા ગ્રન્થો અને

(ग) શબ્દાર્થ–નિર્ણયની ચર્ચા કરતા ગ્રન્થો.

(क) પાણિનિનાં સૂત્રો અત્યંત ટૂંકાં (સ્વલ્પાક્ષર) હોઈને તથા મહાભાષ્ય જેવો ગ્રન્થ અર્થગૌરવની દૃષ્ટિએ અગાધ હોઈને કાલાન્તરે વ્યાકરણશાસ્ત્રના સિદ્ધાન્તો તો દુર્બોધ થયા જ, પણ સૂત્રોનો અર્થ સરળતાથી કેમ કરવો ? અથવા તે સૂત્રોની મદદથી ઈષ્ટ રૂપાખ્યાન (= વાક્યનાં અંગ રૂપ નામપદો અને ક્રિયાપદનાં રૂપોની સિદ્ધિ) કેવી રીતે થાય છે ? એ પણ સમજવું મૂશ્કેલ બનતું ગયું હશે.

આ સંજોગોમાં પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થને સમજાવવા 'વૃત્તિ ગ્રન્થો'ની આવશ્યક્તા ઊભી થઈ.

વૃત્તિ ગ્રન્થ : 'વૃત્તિ' એટલે વિવરણ; અર્થાત્ પાણિનિનાં પ્રત્યેક સૂત્રોનો સરળતાથી અર્થ બતાવતાં નાનાં નાનાં વાક્યો. આવી વૃત્તિમાં પૂર્વસૂત્રમાંથી કોઈ પદનો અધિકાર આવતો હોય તો તે, અને અનુવૃત્ત થતાં પદો – એ બન્નેનો નિર્દેશ કરવામાં આવે છે તથા એ સૂત્રની પ્રવૃત્તિ થઈને કયું ઉદાહરણ (= પદ) સિદ્ધ થાય છે એ પણ બતાવવામાં આવે છે. (તદુપરાંત સૂત્રમાંના અમુક પદનું શું વિશેષ પ્રયોજન છે, એ પણ પ્રત્યુદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે)

પાણિનિનાં સૂત્રો ઉપર વૃત્તિઓ રચનારા અનેક આચાર્યો થઈ ગયા. જેમકે શ્વોભૂતિ, વ્યાડિ, માથુર, કુણિ ચુલ્લિભટ્ટિ, નિર્લૂર વગેરે. પરંતુ આમાંના કોઈ પણ આચાર્યની વૃત્તિ આજે ઉપલબ્ધ થતી નથી. જે વૃત્તિગ્રન્થો આજે પ્રાપ્ત થાય છે તેમાં વામન અને જયાદિત્યની 'કાશિકાવૃત્તિ', પુરુષોત્તમદેવની 'ભાષાવૃત્તિ', મૈત્રેયરક્ષિતનો 'તન્ત્ર પ્રદીપ' મુખ્ય છે. આમાંથી 'કાશિકાવૃત્તિ'નો આપણે થોડોક પરિચય કરીશું : આ વૃત્તિની રચના વામન અને જયાદિત્ય નામના બે વૈયાકરણોએ કરી છે. એક સંભાવના મુજબ આ ગ્રન્થ કાશીમાં રચાયો હશે, તેથી તેને 'કાશિકા' એવું નામ અપાયું હશે. અને / અથવા તે વૃત્તિ પાણિનિનાં સૂત્રોનો અર્થ પ્રકાશિત કરનારી હોવાથી ((√काश प्रकाशने ધાતુ ઉપરથી) 'काशिका' કહેવાઈ હશે. આનો રચના સમય ઈ. સ ૬૦૦ ની આસપાસ છે. આ વૃત્તિમાં પાણિનિએ રચેલા ગણપાઠ અને ધાતુપાઠ સચવાઈ રહ્યા છે, આ તેની મહત્તા છે. વળી, રૂપસિદ્ધિમાં ઉપયોગી અમુક વાર્તિકવચનો પણ ભાષ્યમાંથી પસંદ કરીને રજૂ કર્યાં છે. આ વૃત્તિ ઉપર જિનેન્દ્ર બુદ્ધિ સરસ્વતી (ઈ.સ. ૭૦૦) નામના બૌદ્ધ ટીકાકારે 'ન્યાસ' (ઊર્ફે 'કાશિકાવિવરણપંજિકા' નામની ટીકા લખી છે અને હરદત્તે (ઈ.સ. ૯–૧૧મી સદી) 'પદમંજરી' નામની ટીકા રચી છે. પુરુષોત્તમદેવ (ઈ.સ. ૧૧૦૦) નામના એક બૌદ્ધ વૈયાકરણે 'ભાષાવૃત્તિ'ની રચના કરી છે. આ વૃત્તિમાં પાણિનિનાં કેવળ લૌકિક (સંસ્કૃત) ભાષાને સ્પર્શતાં સૂત્રો ઉપર જ વૃત્તિ રચી છે અને વૈદિકસંસ્કૃત અંગેના સૂત્રોની ઉપેક્ષા કરી છે.

પ્રક્રિયાગ્રન્થ : લગભગ પહેલી સદીમાં, સાતવાહનના રાજ્યમાં સર્વવર્મન્ નામના વૈયાકરણે 'કાતન્ત્ર' વ્યાકરણ ગ્રન્થની રચના કરી. આ ગ્રન્થમાં સન્ધિ, નામપદ, આખ્યાત (ક્રિયા) પદ અને કૃદન્તપદો એવા ક્રમે વિષય અનુસાર સૂત્રોની ગોઠવણી કરવામાં આવી છે. વિદ્વાનોના મતે આ કાતન્ત્ર વ્યાકરણની અસરથી પાણિનિનાં સૂત્રોને પણ વિષયવાર ગોઠવવાની શરૂઆત થઈ. એટલે કે પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથમાં જે ક્રમે સૂત્રો લખાયાં હતાં તે ક્રમ છોડી દઈ ને, એક મુદ્દાને લગતાં 'અષ્ટાધ્યાયી'ના

અનેક અધ્યાયોમાં ફેલાયેલાં સૂત્રોને ભેગાં કરીને એક જગ્યાએ જ મૂકવાની પદ્ધતિ અજમાવાઈ. આ નવી ગોઠવણીથી કોઈ એક રૂપની સિદ્ધિ દરમ્યાન જે જે સૂત્રની જરૂર પડે, પછી ભલે તે સૂત્રો જુદા જુદા અધ્યાયોમાં વહેંચાયેલા હોય, તેમને એક જ પ્રકરણમાં મૂકવામાં આવે છે. આથી રૂપસિદ્ધિની પ્રક્રિયામાં ઘણી સરળતા, વિશદતા પ્રાપ્ત થાય છે. આવા ગ્રંથોને 'પ્રક્રિયા–ગ્રન્થ' કહેવામાં આવે છે. ધર્મ-કીર્તિનો 'રૂપાવતાર', વિમલસરસ્વતીની 'રૂપમાલા', રામચન્દ્રની 'પ્રક્રિયા કૌમુદી', ભટ્ટોજિ દીક્ષિતની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' અને નારાયણ ભટ્ટનો 'પ્રક્રિયાસર્વસ્વ' ગ્રન્થ આ પ્રકારના પ્રક્રિયા ગ્રન્થો છે. તેમનો રચનાકાળ ૧૨ સદીથી ૧૮મી સદીનો મૂકવામાં આવે છે. (આ મુદ્દાની પુનઃ સમીક્ષા આગળ ઉપર કરી છે.)

ભટ્ટોજિ દીક્ષિત : ડા. એસ. કે. બેલવેલકરના મતે ભટ્ટોજિ દીક્ષિતનો સમય લગભગ ઈ.સ. ૧૬૦૦ થી ૧૬૫૦ નો હશે. તેમણે પાણિનિની 'અષ્ટાધ્યાયી' ઉપર 'શબ્દકૌસ્તુભ' નામનો ટીકા ગ્રન્થ રચ્યો છે. તેમાં પાણિનિનાં સૂત્રોનો ક્રમ યથાવત્ રાખીને ટીકા રચવામાં આવી છે. આ ગ્રન્થ અપૂર્ણ સ્થિતિમાં મળે છે. પરંતુ તેમણે "વૈયાકરણ–સિદ્ધાન્ત–કૌમુદી" નામનો જે વૃત્તિગ્રન્થ લખ્યો છે, તે પૂર્ણ સ્થિતિમાં મળે છે. આ ગ્રન્થમાં પાણિનિનાં તમામ સૂત્રોને નવેસરથી વિષયાનુ-ક્રમને આધારે ગોઠવ્યાં છે. આ નવી ગોઠવણીમાં કોઈ એક પદને નજર સમક્ષ રાખીને, એ પદની સિદ્ધિમાં જે ક્રમે જે સૂત્રની જરૂર પડે તેને 'અષ્ટાધ્યાયી'ના જુદા જુદા અધ્યાયમાંથી શોધી લાવીને ઉપસ્થિત કર્યું છે. આથી પાણિનિનાં સૂત્રોનો જે મૂળભૂત ક્રમ હતો, તે 'સિદ્ધાન્ત કૌમુદી'માં બદલાઈ ગયો છે, સૂત્રોના આ નવા ક્રમને 'પ્રક્રિયાક્રમ' કહે છે અને 'સિદ્ધાન્ત કૌમુદી'ને પ્રક્રિયાગ્રન્થ કહે છે.

ભટ્ટોજિ દીક્ષિતે પોતાની વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી' ઉપર જ એક 'પ્રૌઢ મનોરમા' નામનો ટીકા ગ્રન્થ રચ્યો છે. ત્યાર પછી નાગેશ ભટ્ટે વૈ. સિ. કૌમુદી ઉપર બૃહચ્છબ્દેન્દુશેખર' (અને લઘુશબ્દેન્દુશેખર) નામની ટીકા લખી છે. જ્ઞાનેન્દ્ર સરસ્વતીએ વૈ.સિ. કૌમુદી ઉપર 'તત્ત્વબોધિની' નામની ટીકા રચી છે અને વાસુદેવ વાજપેયીએ 'બાલમનોરમા' ટીકા લખી છે.

બીજી તરફ ભટ્ટોજિ દીક્ષિતના સમયમાં જ, તેમના જ શિષ્ય વરદરાજે 'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી'ના જ બે નવા નાનાં સંસ્કરણ રૂપ ગ્રન્થો તૈયાર કર્યા : ૧. મધ્ય સિદ્ધાન્ત કૌમુદી' અને ૨. 'લઘુસિદ્ધાન્તકૌમુદી. (આ વિષે વિસ્તૃત ચર્ચા હવે પછીનાં પૃષ્ઠોમાં કરીશું.)

*

અહીં મૂળ પ્રસંગ તો પાણિનીય વ્યાકરણશાસ્ત્રની ત્રણ શાખાઓનો પરિચય કરાવવો તે છે. આથી અભ્યાસીએ એ જાણવાનું છે કે 'અષ્ટાધ્યાયી'ની ટીકારૂપે લખાયેલા વૃત્તિ ગ્રન્થો કે પ્રક્રિયા ગ્રન્થો (કાશિકાવૃત્તિ, પ્રક્રિયા કૌમુદી અને વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી વગેરે) તે સંસ્કૃત ભાષાનાં જુદાં જુદાં સુબન્ત (= નામપદો) અને તિઙન્ત (= ક્રિયાપદો)ની રૂપસિદ્ધિ દર્શાવનારા ગ્રન્થો છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રની આ મુખ્ય પહેલી શાખા છે. આવા પ્રક્રિયા ગ્રન્થનો અભ્યાસ કરવાથી કયું રૂપ કેવી રીતે બને છે, કયાં કયાં સૂત્રોનો તેમાં વિનિયોગ કરવામાં આવે છે? તે બધાનું રૂડી પેરે જ્ઞાન થાય છે.

(ख) પરિભાષા વૃત્તિ ગ્રન્થો (અર્થાત્ સૂત્રાર્થનિર્ણયની ચર્ચા કરતા ગ્રન્થો) :

પ્રક્રિયા ગ્રન્થોમાં, પાણિનિનાં સૂત્રોને રૂપસિદ્ધિમાં ઉપયોગી થાય એવી રીતે વિષયવાર ગોઠવવામાં આવ્યાં છે. પરંતુ રૂપસિદ્ધિ દરમ્યાન કયારેક નાની-મોટી શંકાઓ પણ ઉપસ્થિત થવાની શકયતા છે અથવા તો સૂત્રાર્થનિર્ણયમાં થોડીક સ્પષ્ટતાની કે કોઈક નિયમની પણ આવશ્યકતા ઊભી થાય છે. આ માટે પાણિનિએ પોતે જ 'અષ્ટાધ્યાયી'માં પરિભાષાસૂત્રો રજૂ કર્યાં છે, પરંતુ આ પરિભાષાસૂત્રો પૂરતાં નથી. આથી ભાષ્યકારે વ્યાખ્યાન દરમ્યાન જે કેટલાંક વ્યવસ્થાપક નિયમો, લૌકિક ન્યાયો રજૂ કર્યા છે અને પાણિનિનાં સૂત્રોમાંથી જ ઉદ્‌ભૂત થતાં કેટલાંક જ્ઞાપકો (અનુમાનો)ને ઉલ્લેખ્યાં છે તેને 'પરિભાષાવચન' કહે છે. આવા પરિભાષા-વચનોને એકત્ર કરીને તેની ઉપર વૃત્તિ લખવામાં આવી છે. આને પરિભાષાવૃત્તિ ગ્રન્થ કહે છે. આવા ગ્રન્થો અનેક લખાયા છે. જેમકે ૧. વ્યાડિ (?) કૃત 'પરિભાષા-સૂચન', ૨. પુરુષોત્તમદેવ (૧૧ મી સદી)ની 'લઘુપરિભાષાવૃત્તિ' ૩. સીરદેવ (૧૨ મી સદી)ની 'બૃહત્પરિભાષાવૃત્તિ' ૪. હરિભાસ્કર (૧૭ મી સદી)નો 'પરિભાષાભાસ્કર' ૫. નીલકંઠ (૧૭ મી સદી)ની 'પરિભાષાવૃત્તિ' ૬. નાગેશ ભટ્ટ (૧૭–૧૮મી સદી)નો 'પરિભાષેન્દુશેખર' વગેરે. પરિભાષાવચનોને એકત્ર કરીને તેની ઉપર સ્વતન્ત્ર વૃત્તિ લખનાર તરીકે પુરુષોત્તમદેવ સૌથી પ્રથમ છે અને આ પ્રવૃત્તિને ચરમ સીમાએ પહોંચાડનાર નાગેશ ભટ્ટ છે. 'પરિભાષેન્દુશેખર' ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. જેવી કે 'ભૂતિ', 'વિજયા' અને 'ગદા' વગેરે. આમાંથી છેલ્લી, 'ગદા' ટીકા નાગેશના શિષ્ય વૈદ્યનાથ પાયગુણ્ડેએ રચી છે. આવા પરિભાષાવૃત્તિ ગ્રન્થોએ પણ 'અષ્ટાધ્યાયી'ને સુદૃઢ બનાવવામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(ग) શબ્દાર્થ નિર્ણયની ચર્ચા કરતા ગ્રન્થો :

પાણિનીય વ્યાકરણશાસ્ત્ર પરંપરામાં કાશિકા, વૈ. સિ. કૌમુદી જેવા ગ્રન્થો

રૂપાખ્યાન (Morphology) સાથે સંબંધ ધરાવે છે. બીજી તરફ, શબ્દાર્થ (Semantics)ની વિચારણા કરનારા ગ્રન્થો પણ રચાયા છે. જેવાકે, ભર્તૃહરિકૃત (ઈ. સ. ૪ થી–૫ મી સદી) 'વાક્યપદીય', કોણ્ડ ભટ્ટકૃત (ઈ. સ. ૧૭ મી સદીનો અન્તકાળ), 'વૈયાકરણભૂષણ' અને નાગેશ ભટ્ટકૃત (ઈ. સ. ૧૮ મી સદી) વૈયાકરણ સિદ્ધાન્તમંજૂષા' (–એના બે લઘુ સ્વરૂપો છે. ૧. લઘુમંજૂષા અને ૨. પરમ લઘુ-મંજૂષા). શબ્દનિત્યત્વની ચર્ચાનાં મૂળ ભાષ્યકાર પતંજલિની પણ પૂર્વે વ્યાડિકૃત 'સંગ્રહ'માં હશે એવા ઉલ્લેખો મળે છે. પરંતુ આ ગ્રન્થ આજે અનુપલબ્ધ છે. વળી, સ્ફોટાયન (પા. સૂ. ૬–૧–૧૨૩) અને ઔદુમ્બરાયણ (નિરુક્ત અ. ૧, તથા વાર્તાક્ષ (વાક્યદીપ ૨–૩૮૩) પણ અખંડ વાક્ય સ્ફોટના પુરસ્કર્તા હશે એવા ઉલ્લેખો મળે છે. તથાપિ વ્યાકરણને 'દર્શન'નું સ્વરૂપ આપવામાં ભર્તૃહરિનો ફાળો ઘણો મોટો છે એ નિર્વિવાદ છે. **ભર્તૃહરિએ ધ્વનિ અને સ્ફોટની ઘણી ચર્ચા કરી** છે અને એમની વચ્ચે અભિવ્યંજક—અભિવ્યંગ્ય ભાવ રૂપ સંબંધ રહેલો છે એમ જાહેર કર્યું છે :–

ધ્વનિ — સ્ફોટ
અભિવ્યંજક — અભિવ્યંગ્ય
↑__________↑

} ધ્વનિભિઃ સ્ફુટ્યતે સ સ્ફોટઃ ।
અથવા
સ્ફુટતિ સઃ સ્ફોટઃ ।

હવે અભિવ્યક્ત થયેલો સ્ફોટ શ્રોતાના મનમાં અર્થનો બોધ કરાવે છે. આથી સ્ફોટ અને અર્થની વચ્ચે વાચક–વાચ્ય ભાવ રૂપ સંબંધ રહેલો છે–એમ પણ આગળ સમજવાનું છે :–

સ્ફોટ — અર્થ
વાચક વાચ્ય
|__________↑

} અર્થં સ્ફોટયતિ સ સ્ફોટઃ ।

આથી સ્ફોટના આ ઉભયવિધ પાસાને સ્પષ્ટતાપૂર્વક રજૂ કરતી સ્ફોટની વ્યાખ્યા એવી આપવામાં આવી છે કે वर्णाभिव्यङ्ग्यत्वे सति अर्थप्रत्यायकत्वं स्फोटत्वम् । "વર્ણોથી જે અભિવ્યંગ્ય છે, (=વર્ણોથી જે અભિવ્યક્ત થાય છે), અને જે અર્થનું પ્રત્યાયન (બોધન) કરાવનારો છે તે 'સ્ફોટ' છે."

'વાક્યપદીય', 'ભૂષણ' અને 'મંજૂષા' જેવા ગ્રન્થોમાં શબ્દાર્થ, સ્ફોટવાદ, શબ્દશક્તિ વગેરે વિષે ચર્ચાઓ કરવામાં આવી છે. આ બધાય ગ્રન્થો ઉપર વિપુલ ટીકા સાહિત્ય રચાયું છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રની આ ત્રીજી શાખા છે.

[૯] અપાણિનીય વૈયાકરણો

એક પ્રાચીન કારિકા મુજબ આઠ વૈયાકરણો થઈ ગયા છે—

इन्द्रश्चान्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्राः जयन्त्यष्टादिशाब्दिकाः ॥

અહીં પાણિનિ ઉપરાંત જે બીજા સાત પ્રમુખ વૈયાકરણો થઈ ગયા છે તેમનો ઉલ્લેખ છે. જો કે આમાં ઇન્દ્ર, કાશકૃત્સ્ન, આપિશલિ અને શાકટાયન (નિરુક્તમાં ઉલ્લેખાયેલા) પાણિનિની પૂર્વેના વૈયાકરણો છે અને તેમના ગ્રન્થો ઉપલબ્ધ થતા નથી. બાકીના ચાન્દ્ર વગેરેના વ્યાકરણો મળે છે. અનુપાણિનિ કાલના કેટલાક વ્યાકરણ ગ્રન્થોનું નામસંકીર્તન કરીએ તો– ૧. ઈ.સ. ની ૧ લી સદીમાં સર્વવર્માનું 'કાતન્ત્ર', ૨. પાંચમી સદીમાં ચન્દ્રગોમિન્‌નું 'ચાન્દ્ર વ્યાકરણ', ૩. પાંચમી સદીમાં દેવનન્દીનું 'જૈનેન્દ્ર વ્યાકરણ', ૪. નવમી સદીમાં (અભિનવ જૈન) શાકટાયનનું વ્યાકરણ, ૫. અગિયારમી સદીમાં ભોજનું સરસ્વતી કંઠાભરણ' અને ૬. અગિયારમી સદીમાં જૈનમુનિ હેમચન્દ્રાચાર્યનું 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' વગેરે છે, આ બધા જ વ્યાકરણાન્તરોએ પાણિનિની 'અષ્ટાધ્યાયી'માંથી પ્રેરણા મેળવી છે. તથા લાઘવની બાબતમાં પાણિનિથી ચઢી જાય એવી કોઈ તાન્ત્રિક વ્યવસ્થા એઓ ઊભી કરી શક્યા નથી.*

[૧૦] પાણિનીય વ્યાકરણનું સ્વરૂપ

પ્રાચીન સમયથી એવું મનાતુ આવ્યું છે કે પાણિનિનું વ્યાકરણ સંસ્કૃત ભાષાનું માત્ર રૂપતન્ત્ર (Morphology) જ વર્ણવે છે. જેમકે, 'पदवाक्यप्रमाणज्ञ' જેવા વિશેષણમાં પદ = વ્યાકરણશાસ્ત્ર, વાક્ય = પૂર્વમીમાંસા અને પ્રમાણ=ન્યાયદર્શન એમ સમજવામાં આવે છે. પતંજલિના 'વ્યાકરણ –મહાભાષ્ય'માં પહેલું વાક્ય अथ शब्दानुशासनम् । છે. (કાશિકાકારના મતે આ વાક્ય પાણિનિની અષ્ટાધ્યાયીનું પહેલું સૂત્ર છે. કેટલાક વૈયાકરણો તેને ભાષ્યકારનું વાક્ય સમજે છે.) આ વાક્યમાં વપરાયેલા 'शब्द' શબ્દનો અર્થ વાક્ય/ઉક્તિ થાય છે; પરંતુ ઘણા લોકો 'શબ્દ' એટલે રૂપ (= પદ) એવો અર્થ કરે છે આમ પાણિનિનું વ્યાકરણ સંસ્કૃત ભાષાનાં પદો (= નામનાં રૂપો અને ક્રિયાપદનાં રૂપો)ની સિદ્ધિ કેવી રીતે થાય છે એતું જ વર્ણન કરે છે. (એમાં 'વાક્ય'ની કોઈ ચર્ચા નથી) એમ મનાય છે. પરંતુ આધુનિક સમયમાં એવું પુરવાર

* જુઓ : 'વૈયાકરણ શ્રી હેમચન્દ્રાચાર્ય' લેખક : વસન્તકુમાર મ. ભટ્ટ, "હેમચન્દ્રાચાર્ય," ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૯ (પૃ. ૫૫–૮૬)

કરવામાં આવ્યું છે કે આ મત ભ્રાન્તિપૂર્ણ અને ખોટો છે.* પાણિનિનું વ્યાકરણ સ્પષ્ટ રૂપે સંસ્કૃતભાષાની વાક્યરચના વર્ણવતું વ્યાકરણ છે. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો—પાણિનિના વ્યાકરણ દ્વારા સંસ્કૃતભાષાનાં એકાકિ પદોની સિદ્ધિ શક્ય નથી; દરેક પદની સિદ્ધિ કોઈક વાક્યના ઉપલક્ષ્યમાં જ શક્ય બને છે. પારિભાષિક શબ્દોમાં કહીએ તો—પાણિનિને પદસંસ્કારપક્ષ માન્ય જ નથી; કેવળ વાક્યસંસ્કાર પક્ષ જ માન્ય છે.



એ સર્વવિદિત છે કે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં 'વાક્ય'ની વ્યાખ્યા આપી નથી. અલબત્ત, (વચોઽશબ્દસંજ્ઞાયામ્ । ૭–૩–૬૭ સૂત્ર દ્વારા તેમણે "વાચ્યમ્ આહ (કહેવા યોગ્ય કહે છે) અને વાક્યમ્ આહ । (ઉક્તિ/વાક્ય બોલે છે)" વચ્ચેનો ભેદ નોંધ્યો છે. તેના ઉપરથી સૂચવાય છે કે 'વાક્ય'ના સ્વરૂપ વિશે (વાક્યના ખ્યાલ–concept) વિશે તેઓ અનભિજ્ઞ નથી. તેમણે ૬–૧–૧૩૯, ૮–૧–૮ અને ૮–૧–૮૨ જેવાં સૂત્રોમાં 'વાક્ય' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. આ ઉપરાંત, ૮–૧–૩૫, ૫૧–૫૩, ૫૯ અને ૬૦ જેવાં સૂત્રો દ્વારા એ પણ સૂચવાય છે કે પાણિનિના મતે 'વાક્ય અનેક ક્રિયાપદવાળું હોઈ શકે છે'; અને ૮–૧–૩૬–૫૦, ૬૮, ૬૯, ૯૩–૯૪, ૮–૨–૯૬ અને ૯૯ સૂત્રો દ્વારા એ પણ સૂચિત થાય છે કે 'વાક્ય એક (જ) ક્રિયાપદવાળું પણ હોય છે.' આમ પાણિનિ 'વાક્ય' સંજ્ઞાથી કે 'વાક્યના ખ્યાલ'થી અનભિજ્ઞ ન હતા, છતાંય એ હકીકત છે કે તેમણે 'અષ્ટાધ્યાયી'માં 'વાક્ય'ને કોઈ પારિભાષિક શબ્દ તરીકે કોઈ સંજ્ઞાસૂત્રમાં રજૂ કરેલ નથી. લાઘવપ્રિય આ વૈયાકરણશ્રેષ્ઠે 'વાક્ય'ની વ્યાખ્યા આપ્યા વિના જ પદો પરસ્પર સંકલિત હોય એ રીતે જ વ્યાકરણની પ્રક્રિયા વર્ણવી છે. જેમકે, પાણિનિએ कारके । (૧–૪–૨૩) સૂત્રથી "ક્રિયામાં અન્વિત હોય ત્યારે" (એને 'કારક' કહેવાય છે) એવી શરત રજૂ કરી છે अनभिहिते (૨–૩–૧) એવા સૂત્રથી કહ્યું છે કે—"ક્રિયાપદમાંના तिं વગેરે પ્રત્યયોથી કર્મ (વગેરે) કારક ઉક્તિ = અભિહિત ન હોય ત્યારે—(કર્મને અભિવ્યક્ત કરવા દ્વિતીયાદિ વિભક્તિ વપરાય છે)." આ સૂત્ર પણ એમ દર્શાવે છે કે ક્રિયાપદમાંના પ્રત્યયથી કયું કારક અભિહિત છે? એ જોઈને જ જે તે કારકને અમુક વિભક્તિનો પ્રત્યય લગાવવો કે નહીં? તેનો નિર્ણય થાય છે. આથી પાણિનીય વ્યાકરણમાં 'વાક્ય'નો ખ્યાલ કર્યા વિના કોઈ વિભક્ત્યન્ત પદ સાધી શકાવાનું નથી. આ ઉપરાંત, युक्ते/योगे (૨–૩ ૪, ૮) જેવા

---

* See : Joshi S. D. and Roodbergen JAF, Introduction to Vibhaktyāhnika (P. 2-3-18-45). University of Poona. Pune, 1980 (pp. i-xxi).

શબ્દો પણ વાપર્યા છે; જે "એક પદ બીજા પદની સાથે જોડાયેલું હોય ત્યારે" એવી શરત રજૂ કરે છે. આ જ પ્રમાણે, समर्थः (૨-૧-૧) જેવો શબ્દ પણ કહે છે કે "પદો જ્યારે અર્થની દૃષ્ટિએ (Semantically) અને પદાન્વયની દૃષ્ટિએ (Syntactically) પરસ્પર જોડાયેલા હોય ત્યારે" એવી શરત રજૂ કરે છે.



વાર્તિકકાર કાત્યાયનને 'અષ્ટાધ્યાયી'માં વાક્યની વ્યાખ્યા ઉમેરવી જરૂરી લાગી હતી. આથી તેમણે ૧. आख्यातं साव्ययकारकविशेषणम् वाक्यम् । (વાર્તિક-૯) "અવ્યય, કારક અને વિશેષણ સહિતનું ક્રિયાપદ જેમાં હોય તેને વાક્ય કહે છે" તથા ૨. एकतिङ् (वाक्यम्) । (વાર્તિક-૧૦) ("ઓછામાં ઓછું") એક (તિઙન્ત) ક્રિયાપદ જેમાં હોય તેને વાક્ય કહે છે" એવી બે વ્યાખ્યાઓ આપી છે (૨-૧-૧ સૂત્રભાષ્ય). પરંતુ ભાષ્યકાર પતંજલિના શબ્દોમાં આ વ્યાખ્યાઓ પાણિનીય વ્યાકરણમાં અપૂર્વ છે અને પરિણામે કદાચ દ્વેષ-વાંધાજનક પણ છે. (આની વિસ્તૃત ચર્ચા અહીં અપ્રસ્તુત છે.)

'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીએ તો, તેમાં વાક્ય ઉક્તિ-ની રચના વર્ણવવા માટેનો સૂત્રોનો ક્રમ નીચે મુજબનો છે એમ માલુમ પડે છે :-

(૧) કૃત્રિમ-પારિભાષિક સંજ્ઞાઓ અને પરિભાષાઓ (meta-rules)
(૨) વાક્યના એકમને મનમાં રાખીને અર્થોને વ્યાકરણિક સંજ્ઞાઓ આપવી
(૩) સંજ્ઞાઓનું સુબન્ત, તિઙન્ત રૂપો (પદો)માં પરિવર્તન
(૪) પદવિષયક ધ્વનિવિજ્ઞાનના નિયમો અને સન્ધિના નિયમો.

આ વિષયવિભાજનને એક ઉદાહરણથી સમજીશું (આ ઉદાહરણને સમજવાથી 'પાણિનિએ વાક્યસંસ્કાર પક્ષનો જ (કેવળ) પુરસ્કાર કર્યો છે' એવા પૂર્વોક્ત મુદ્દાનું પણ સમર્થન થઈ જશે.) : 'રામ લાકડાંથી રાંધે છે.' આ ઉક્તિની સંસ્કૃતમાં રચના કરવા માટે, નમુના રૂપે આપણે એક પદ-"લાકડાંથી"-ની પ્રક્રિયા તપાસીશું. પાણિનિ **પહેલા અધ્યાયના** कारके । ૧-૪-૨૩ સૂત્રથી કહે છે કે "અમુક પદાર્થ ક્રિયામાં ભાગ લેનાર હોય ત્યારે = ક્રિયામાં અન્વિત હોય ત્યારે (= ક્રિયાપદ સાથે જોડાયેલ હોય ત્યારે)"; તે પદાર્થ જો ક્રિયાસિદ્ધિમાં સાધકતમ = પ્રકૃષ્ટોપકારક હોય તો તેની करण સંજ્ઞા કરવી ((साधकतमम् करणम् । ૧-૪-૪૨). આમ પહેલાં "સાધકતમ" એવા અર્થ (Semantic category)ને એક પારિભાષિક (करण) સંજ્ઞા આપવામાં આવી. ત્યાર પછી, **બીજા અધ્યાયના** कर्तृकरणयोः तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી તે કરણકારકને અભિવ્યક્ત કરનાર તૃતીયા વિભક્તિનું

વિધાન કરવામાં આવ્યું છે. આ તૃતીયા વિભક્તિના પ્રત્યયો ક્યાં લગાડવા એનું સ્પષ્ટીકરણ **ત્રીજા અધ્યાયના** प्रत्ययः । परश्च । ૩-૧-૧, ૨ (પ્રકૃતિની પાછળ પ્રત્યય લગાડવા) સૂત્રોથી કરવામાં આવ્યું છે તથા એ તૃતીયા વિભક્તિના પ્રત્યયો કયા કયા છે એ **ચોથા અધ્યાયમાં** (स्वौजसमौट्० । ૪-૨-૧) બતાવ્યું છે. આમ 'લાકડાંથી'→સાધકતમ→કરણ→તૃતીયા વિભક્તિ→टा, भ्याम्, भिस् ।। काष्ठ + भिस् એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. (**પાંચમા અધ્યાયમાં** મહદંશે તદ્ધિતના પ્રત્યયો છે.) હવે **છઠ્ઠા અધ્યાયના** अङ्गस्य । ૬-૪-૧ સૂત્રથી શરૂ કરીને **સાતમા અધ્યાયના** અંત સુધીમાં રજૂ કરેલાં સૂત્રોથી આ भिस् પ્રત્યયમાં કેવા ફેરફાર કરવા એનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમકે, अतो भिस ऐस् । ૭-૧-૯ સૂત્રથી 'અકારાન્ત પ્રકૃતિ–અંગની પાછળ આવતા भिस् પ્રત્યયને બદલે ऐस् પ્રત્યય થાય છે.' काष्ठ + ऐस् = काष्ठैस् । હવે **આઠમા અધ્યાયના** ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્રથી सु પ્રત્યયના स् કારનું રેફમાં પરિવર્તન થાય છે અને ત્યાર પછી खरवसानयोर्विसर्जनीयः । ૮-૩-૧૫ સૂત્રથી રેફનું વિસર્ગ (ः) માં પરિવર્તન થાય છે એ દર્શાવવામાં આવ્યું છે : काष्ठैः ।।

અહીં જોઈ શકાય છે કે 'काष्ठैः' પદની એકાકિ સ્વતન્ત્ર પદ તરીકે સિદ્ધિ શક્ય નથી. કારકે ("ક્રિયાપદ જોડે અન્વિત હોય ત્યારે") એવી શરત સંતોષાય તો જ – અર્થાત્ ક્રિયાપદ = વાક્યના ઉપલક્ષ્યમાં જ – (લાકડાં—એ રાંધવાની ક્રિયામાં અત્યંત ઉપકારક ઉપકરણ = સાધન છે અને એ રીતે તે પદાર્થ અમુક ક્રિયામાં અન્વિત છે એવું [નક્કી થયા પછી જ)કોઈ પણ પદની સિદ્ધિ શક્ય છે. **इति दिक् ।।**

[૧૧] 'અષ્ટાધ્યાયી'ની ગ્રન્થવ્યવસ્થા

પાણિનિએ સંસ્કૃત ભાષાનું સમ્પૂર્ણ વ્યાકરણ લાઘવથી રજૂ કરવા માટે એક વિશિષ્ટ ગ્રન્થવ્યવસ્થા ઊભી કરી છે અને તેમાં અનેક યુક્તિ–પ્રયુક્તિઓનો પ્રયોગ કર્યો છે.

૧. (क) 'અષ્ટાધ્યાયી'ના આરંભે તેમણે 'વર્ણસમામ્નાય'—૧૪ માહેશ્વર સૂત્રો–ને રજૂ કરેલ છે. આ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના સ્વરો અને વ્યંજનોને વિશિષ્ટ રીતે ગોઠવ્યા છે. ઉપલક દષ્ટિએ જોઈએ તો વર્ણોની આનુક્રમિકતા યાદચ્છિક (Arbitrary) લાગે છે; અતન્ત્ર લાગે છે. પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ જોતાં જણાય છે કે વર્ણોને બહુ વિચાર કરીને એક ચોક્કસ ક્રમમાં રજૂ કરવામાં આવ્યા છે. જેમકે, સૌથી પહેલાં સ્વરો, પછી અન્તઃસ્થો–અર્ધસ્વરો–, અનુનાસિક

ઘોષ વ્યંજનો, (અનનુનાસિક) ઘોષ વ્યંજન (અનનુનાસિક) અઘોષ વ્યંજન અને છેલ્લે ઊષ્માક્ષરોને ગોઠવ્યા છે. (વ્યંજનોમાં સૌથી પહેલા દરેક क વગેરે–વર્ગોના પંચમ વર્ણો, પછી ચતુર્થ, તૃતીય દ્વિતીય, અને પ્રથમ વર્ણોને મૂક્યા છે.) આમ સ્વર–વ્યંજનાદિને તર્કપુરસ્સર ગોઠવ્યા છે. (આ 'વર્ણસમામ્નાય' કેવળ સ્વર–વ્યંજનોની ઓળખ કરાવવા માટે જ રજૂ થયેલ નથી. તેનું શાસ્ત્રગત કોઈક પ્રયોજન પણ છે. આથી) આ વર્ણોને ૧૪ સૂત્રોમાં વિભક્ત કરીને રજૂ કરતી વખતે તેમાં કેટલાક અનુબન્ધ વર્ણોનો પણ ઉપયોગ કર્યો છે જેમકે, अ इ उ ण्। ऋऌक्। વગેરે. (અહીં દરેક સૂત્રોને અંતે જોડેલા ण् क् ङ् વગેરે વ્યંજનોને 'અનુબન્ધ' કહે છે.) આ અનુબન્ધોની મદદથી પાણિનિએ એક યુક્તિ રચી છે. દા.ત. કોઈક વ્યાકરણવિધિ अ इ उ એવા ત્રણ સ્વરોને કરવી હોય તો પાણિનિએ પોતાના સૂત્રમાં તે દરેકનો ઉલ્લેખ કરવો પડે. પરંતુ પાણિનિ કહે છે કે ((अइउण् સૂત્રમાંથી) એક આદિ અક્ષર अ કાર અને એક અનુબન્ધ ण् વ્યંજન એ બેને જોડવાથી अण् એવી એક લાઘવયુક્ત સંજ્ઞા બની જશે. એ વાપરવાથી अ इ उ એ ત્રણે સ્વરો સમજી શકાશે. આમ ત્રણ સ્વરોનો જુદો જુદો ઉલ્લેખ કરવાને બદલે अण् એવા બે જ વર્ણો વાપરવા. એ જ પ્રમાણે, अ[૧] इ[૨] उ[૩] ण्। ऋ[૪] ऌ[૫] क्। ए[૬] ओ[૭] ङ्। ऐ[૮] औ[૯] च्। એ સૂત્રોમાંથી એક આદિ અક્ષર अ કાર લઈને તેને ऐऔच् સૂત્રનો च्કાર જોડી દઈશું તો 'अच्' એવી ટચૂકડી સંજ્ઞા બનશે. આ अच् સંજ્ઞા વાપરવાથી, अ થી શરૂ કરીને च् સુધી જતાં, વચ્ચે આવેલા બધા સ્વરોનો બોધ થશે. આમ ૯ સ્વરોને ટૂંકમાં अच् બોલીને રજૂ કરી શકાય. એવી જ રીતે हल् કહેવાથી બધા વ્યંજનોનો પણ ટૂંકમાં નિર્દેશ કરી શકાય. આ પ્રયુક્તિને "પ્રત્યાહાર" નામ આપવામાં આવ્યું છે. પાણિનિએ વર્ણસમામ્નાયનો ઉપયોગ કરીને કુલ ૪૪ પ્રત્યાહારોની રચના કરી છે. તદુપરાંત, પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુઓને લાગતાં (ति तस् अन्ति વગેરે) ૧૮ પ્રત્યયોને ટૂંકમાં રજૂ કરવા तिङ् પ્રત્યાહાર બનાવ્યો છે અને ((रामः रामौ रामाः જેવાં રૂપો બનાવવા માટે) નામ–પ્રાતિપદિક–ને લાગતાં (सु औ जस् વગેરે ૨૧ પ્રત્યયોને રજૂ કરવા માટે सुप् પ્રત્યાહાર બનાવ્યો છે. આવી જ રીતે અમુક ધાતુઓના સમૂહને નિર્દેશવા માટે તેમણે कृञ् જેવા પ્રત્યાહારો પણ બનાવ્યા છે.

*

'પ્રત્યાહાર'ની પ્રયુક્તિ જેવી બીજી તદન્તગ્રાહક, સવર્ણગ્રાહક, તપરકરણ વગેરે યુક્તિઓ પણ પાણિનિએ ઊભી કરી છે.

*

(ख) લાઘવસિદ્ધ્યર્થે પાણિનિએ ઊભી કરેલી પ્રત્યાહારની પ્રયુક્તિ પછી બીજે નંબરે 'અનુવૃત્તિ'ની યુક્તિ આવે છે. કોઈ એક સૂત્રમાં અમુક પદ લખ્યા પછી, એ પદોની જો અનુગામિ સૂત્રોમાં ઉપયોગિતા હોય તો પાણિનિ તેને ફરીથી (અનુગામિ સૂત્રોમાં) લખતા નથી. એ પદો નીચે નીચે અનુવૃત્ત થઈને ચાલ્યાં આવે છે એમ માનવામાં આવે છે.

દા. ત. (૧) उपदेशेऽजनुनासिक इत् । १/३/२
हलन्त्यम् । १/३/३
न विभक्तौ तुस्माः । १/३/४
आदिर्ञिटुडवः । १/३/५
षः प्रत्ययस्य । १/३/६
चुटू । १/३/७
लशक्वतद्धिते । १/३/८ ॥

આ દરેક સૂત્ર (૧/૩/૩ થી ૧/૩/૮) માં इत् એવું પદ અનુવૃત્ત થઈને આવે છે.

(૨) कर्तृकरणयोस्तृतीया । २/३/१८
सहयुक्तेऽप्रधाने । २/३/१९
येनाङ्गविकारः । २/३/२०
इत्थंभूतलक्षणे । २/३/२१
संज्ञोऽन्यतरस्यां कर्मणि । २/३/२२
हेतौ । २/३/२३ ॥

આ દરેક સૂત્ર (૨/૩/૧૯ થી ૨/૩/૨૧)માં तृतीया એવું પદ અનુવૃત્ત થઈને આવે છે.

અનુવૃત્તિ બે પ્રકારની જોવા મળે છે: ધારાવાહી અનુવૃત્તિ અને મંડૂકપ્લુતિ અનુવૃત્તિ. ઉપર જે ઉદાહરણો આપ્યાં છે તે પહેલા પ્રકારની અનુવૃત્તિના છે. આની અનુવૃત્તિ એકવાર શરૂ થયા પછી, અમુક અવધિ સુધી પ્રત્યેક અનુગામિ સૂત્રોમાં ચાલી આવે છે. (દા.ત. પાંચમા સૂત્રમાં અમુક પદની અનુવૃત્તિ ૬,૭,૮,૯, ૧૦, ૧૧ એમ પ્રત્યેક સૂત્રમાં જાય છે.) પરંતુ મંડૂકપ્લુતિમાં અમુક પદની અનુવૃત્તિ અનુગામિ પ્રત્યેક સૂત્રમાં જતી નથી. (દા.ત. પાંચમા સૂત્રના અમુક પદની અનુવૃત્તિ ૬ અને ૭ સૂત્રમાં ન થાય અને પછી સીધી ૮ મા સૂત્રમાં અનુવૃત્તિ થાય.) લોકમાં જેવી રીતે મંડૂક (દેડકો) કૂદતો કૂદતો આગળ વધે એમ સૂત્રના અમુક પદની અનુવૃત્તિ

પણ જ્યારે વચ્ચેના અમુક અમુક સૂત્રોને છોડીને આગળ વધતી હોય ત્યારે તેને બીજા પ્રકારની, 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે—

परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् । १/४/४४
आधारोऽधिकरणम् । १/४/४५
अधिशीङ्स्थासां कर्म । १/४/४६
अभिनिविशश्च । १/४/४७

અહીં ૧/૪/૪૪મા સૂત્રમાં લખેલા अन्यतरस्याम् (= વિકલ્પે) પદની અનુવૃત્તિ ૧/૪/૪૫ અને ૪૬માં આવતી નથી, પણ ૧/૪/૪૭મા સૂત્રમાં આવે છે. આને 'મંડૂકપ્લુતિ' કહે છે.

પાણિનિએ છ પ્રકારનાં સૂત્રો રચ્યાં છે. (સંજ્ઞા, પરિભાષા, વિધિ, નિયમ, અતિદેશ અને અધિકાર) એમાંથી 'અધિકાર' સૂત્રો પણ એક પ્રકારની 'અનુવૃત્તિ' જ છે. દા. ત. अङ्गस्य । ૬/૪/૧ આ સૂત્રનો અધિકાર સાતમા અધ્યાયના અંત સુધી ચાલે છે. कारके ૧/૪/૨૩ આ સૂત્રનો અધિકાર ૧/૪/૫૫ સુધી જાય છે. પાણિનિ જે સૂત્રનો (કે પદનો) અધિકાર શરૂ કરવા માંગતા હોય છે તેની ઉપર સ્વરિત સ્વરની નિશાની મૂકે છે. આ સ્વરિતની નિશાનીથી અધિકાર શરૂ થાય છે એમ જાણવાનું હોય છે (स्वरितेनाधिकारः १/२/११). અહીં જોઈ શકાય છે કે અધિકાર એ કોઈ પ્રકરણનું શીર્ષક હોય એવાં છે. એટલે કે કોઈ નવો વિષય શરૂ થતો હોય નવું પ્રકરણ શરૂ થતું હોય–તેનો નિર્દેશ કરે છે. તથા જે પદોની અનુવૃત્તિ થતી હોય છે તે તો બે–પાંચ સૂત્ર પૂરતી સીમિત હોય છે. જ્યારે અધિકાર તો એક આખા પાદ કે અધ્યાય સુધી ચાલતો હોય છે.

(ग) આવી જ રીતે, પાણિનિએ જે 'પરિભાષા' પ્રકારના સૂત્ર રચ્યા છે એની પ્રવૃત્તિ પણ સમજવા જેવી છે. આ પરિભાષા સૂત્રો પાણિનિનાં બીજાં સૂત્રોનો અર્થ કરવા માટે ઉપયોગી છે, (એટલે કે તે સૂત્ર માટેના સૂત્ર છે). પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ 'પ્રદીપવત્' થાય છે. ઓરડાના એક ખૂણામાં મૂકેલો દીવો જેમ સમગ્ર ઓરડાને અજવાળે છે એમ પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં ગમે ત્યાં પરિભાષાસૂત્ર લખ્યું હોય, પણ એ સૂત્ર ત્યાં રહ્યું રહ્યું આખી 'અષ્ટાધ્યાયી'માં વ્યવસ્થા પૂરી પાડે છે. એ સૂત્રને અનુવૃત્તિ કે અધિકારથી–સ્વરિતની નિશાનથી–ક્યાંય ખેંચીને લઈ જવું પડતું નથી. પાણિનિનાં સંજ્ઞાસૂત્રો પણ પ્રવૃત્તિની બાબતમાં એક પ્રકારના પરિભાષા સૂત્રો છે. એ સૂત્રોની પણ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં તે ઉપસ્થિત થાય છે.

(घ) પાણિનિએ લાઘવસિદ્ધ કરવા માટે ગણપાઠ અને ધાતુપાઠની રચના કરી છે. આ પાઠો 'અષ્ટાધ્યાયી'નાં ઉપકારક અનિવાર્ય અંગો છે. પાણિનિએ જે શબ્દોની

સિદ્ધિ એક જ રીતે થતી હોય તેમનો સમૂહ–ગણ–બનાવી દીધો છે. આથી સૂત્ર રચના કરતી વખતે કેવળ તે ગણનો જ નિર્દેશ કરવો પડે છે. દા. ત. प्रादयः । ૧/૪/૫૮. उपसर्गाः क्रियायोगे । ૧/૪/૫૯ "પ્રાદિ શબ્દોની, ક્રિયાના યોગમાં 'ઉપસર્ગ', સંજ્ઞા થાય છે." અહીં પાણિનિએ કેવળ प्रादयः એટલું જ કહ્યું છે. એનો અર્થ 'प्र છે આદિમાં જેની એવો ગણ' એમ થાય છે. આમ प्र વગેરે ૨૨ શબ્દોને સૂત્ર માં લખવાની જરૂર રહી નહીં. આ प्र વગેરે શબ્દો કયા કયા છે તે આપણે ગણપાઠમાં જોઈ લેવાનું રહે છે. (प्र परा રૂપ सम् अनु अव निस् निर् दुस् दुर् वि आङ् नि अधि अपि अति सु उत् अभि प्रति परि उप–एते प्रादयः ॥) આ ગણપાઠમાં બે પ્રકારના ગણ આવેલા છે. (૧) સીમિત અને (૨) અસીમિત ગણ. 'સીમિત' ગણમાં નોંધેલા શબ્દોને જ અમુક કાર્ય–સંસ્કાર–થાય છે, બીજાને નહીં. આવા ગણને અંતે वृत् શબ્દ લખવામાં આવે છે. પરંતુ અસીમિત ગણ એક એવો ગણ છે કે જેમાં, જે શબ્દો નોંધ્યા હોય તેને તો અમુક કાર્ય–સંસ્કાર–થાય જ, પરંતુ એ પ્રકારના (ગણમાં નહીં નોંધાયેલા) બીજા શબ્દોને પણ એ ગણમાં સમાવી લઈને જે તે કાર્ય–સંસ્કાર-થાય છે. આ ગણને અંતે 'આકૃતિગણ' એમ લખવામાં આવ્યું હોય છે.

ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે એક સરખા વિકરણ પ્રત્યય (= અંગ સાધક પ્રત્યયો) લેનારા ધાતુઓના જુદા જુદા ૧૦ સમૂહ બનાવ્યા છે. (જેમકે, भ्वादि, अदादि, जुहोत्यादि, दिवादि, स्वादि, तुदादि, रुधादि, तनादि, क्रयादि, चुरादि ।) આ રીતે ૧૦ ગણમાં વિભક્ત ધાતુઓના સમૂહને 'ધાતુપાઠ'માં સંગૃહીત કરવામાં આવ્યા છે. પાણિનિએ વિકરણ પ્રત્યયાદિનો નિર્દેશ કરતી વખતે આ ધાતુપાઠનો ઉપયોગ કર્યો છે. દા. ત, दिवादिभ्यः श्यन् । ૩/૧/૬૯ (दिव् ધાતુ છે આદિમાં જેની એવા ધાતુઓના સમૂહ–ગણ–ને श्यन् > य વિકરણ પ્રત્યય લાગે છે.) એવા સૂત્રની રચના કરી છે. અહીં ૪થા ગણમાં આવેલા તમામ ધાતુઓનો સ્પષ્ટ અલગ અલગ ઉલ્લેખ કરવાને બદલે दिवादि એટલું જ કહેવાથી કામ ચાલી શકે છે.

૨. પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં ૩૯૮૩ સૂત્રોની રચના કરી છે અને ચાર–ચાર પાદના બનેલા કુલ આઠ અધ્યાયોમાં વહેંચીને તેમને કોઈક યુક્તિપૂર્વક ગોઠવ્યા છે. આ સૂત્રોની ગોઠવણી કરતી વખતે, કયું સૂત્ર પહેલા પ્રવૃત્ત થવું જરૂરી છે અને કયું સૂત્ર પછીથી પ્રવૃત્ત થવું જોઈએ? અથવા કયું સૂત્ર કોના કરતાં વધુ બળવાન છે? એ બધાનો સૂક્ષ્મદષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. જેમકે 'અષ્ટાધ્યાયી'માંથી પહેલા સાત અધ્યાય પૂરા અને આઠમા અધ્યાયનો પહેલો પાદ (અધ્યાય ૧થી૭, + ૮/૧ = કુલ સવાસાત અધ્યાય) તેને "સપાદ સપ્તાધ્યાયી"

(પાદસહિતની સપ્તાધ્યાયી) કહેવામાં આવે છે અને બાકીના, આઠમા અધ્યાયના છેલ્લા ત્રણ પાદને "ત્રિપાદી" કહે છે.

અ૦ પાદ સૂત્ર	અ૦ પાદ સૂત્ર	અ૦ પાદ સૂત્ર	અ૦ પાદ સૂત્ર	
૧-૧-૧ થી ૭૫	૨-૧-૧ થી ૭૨	૩-૧-૧ થી ૧૫૦	૪-૧-૧ થી ૧૭૮	
૧-૨-૧ થી ૭૩	૨-૨-૧ થી ૩૮	૩-૨-૧ થી ૧૮૯	૪-૨-૧ થી ૧૪૫	
૧-૩-૧ થી ૯૩	૨-૩-૧ થી ૭૩	૩-૩-૧ થી ૧૭૬	૪-૩-૧ થી ૧૬૮	
૧-૪-૧ થી ૧૧૦	૨-૪-૧ થી ૮૫	૩-૪-૧ થી ૧૧૭	૪-૪-૧ થી ૧૪૪	
૫-૧-૧ થી ૧૩૬	૬-૧-૧ થી ૨૨૩	૭-૧-૧ થી ૧૦૩	૮-૧-૧ થી ૭૩	
૫-૨-૧ થી ૧૪૦	૬-૨-૧ થી ૧૯૯	૭-૨-૧ થી ૧૧૮	૮-૨-૧ થી ૧૦૮	ત્રિ
૫-૩-૧ થી ૧૧૯	૬-૩-૧ થી ૧૩૯	૭-૩-૧ થી ૧૨૦	૮-૩-૧ થી ૧૧૯	પા
૫-૪-૧ થી ૧૬૦	૬-૪-૧ થી ૧૭૫	૭-૪-૧ થી ૯૭	૮-૪-૧ થી ૬૮	દી

આમ પહેલે તબક્કે, પાણિનિએ પોતાની 'અષ્ટાધ્યાયી'ને બે ભાગમાં વિભક્ત કરી છે: (૧) સપાદ સપ્તાધ્યાયી અને (૨) ત્રિપાદી. આમાંથી પહેલા ભાગની દૃષ્ટિએ બીજો ભાગ 'અસિદ્ધ'–ન હોવા બરોબર–છે. આથી ત્રિપાદીમાં આવેલાં સૂત્રોએ જો કોઈક રૂપાખ્યાનમાં–વ્યાકરણની પ્રક્રિયામાં–ભાગ ભજવ્યો હોય તો સપાદસપ્તાધ્યાયીનું સૂત્ર તેને ધ્યાનમાં લેતું જ નથી. વળી, ત્રિપાદીમાં જે સૂત્રો આવેલાં છે તેમાં પણ પૂર્વ પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર પર (ઉત્તર ઉત્તર) સૂત્ર 'અસિદ્ધ'–ન હોવા બરોબર–છે. (આમ ત્રિપાદી કરતાં સપાદસપ્તાધ્યાયી વધુ બળવાન છે, અને ત્રિપાદીમાં પણ ઉત્તર ઉત્તર સૂત્ર કરતાં પૂર્વ પૂર્વ સૂત્ર વધુ બળવાન છે એવું કહી શકાય.) આ વ્યવસ્થા पूर्वत्रासिद्धम् । ૮/૨/૧ જેવા 'અધિકારસૂત્ર'થી સૂચવાઈ છે.


પરંતુ જો કોઈ એક રૂપની સિદ્ધિ કરતી વખતે, સપાદ સપ્તાધ્યાયીનાં જ બે સૂત્રો વચ્ચે સંઘર્ષ ઊભો થાય (કે 'આ' સૂત્રને પહેલાં પ્રવૃત્ત કરવું કે 'તે' સૂત્રને પહેલા પ્રવૃત્ત કરવું ? એવો પ્રશ્ન થાય) તો એને માટે બીજે તબક્કે, પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । ૧/૪/૨ સૂત્રને રજૂ કર્યું છે. આ સૂત્ર કહે છે કે "તુલ્યબલવાળા બે સૂત્રો વચ્ચે સંઘર્ષ ઊભો થાય ત્યારે જે સૂત્ર (અષ્ટાધ્યાયી'ના ક્રમાંકની દૃષ્ટિએ) પર–પાછળનું–સૂત્ર હોય તેને જ (બળવાન ગણીને) પહેલા પ્રવૃત્ત કરવામા આવે છે." આ રીતે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થની વ્યવસ્થા કરીને સૂત્રોના બલાબલનો નિર્ણય કેવી રીતે કરવો તે સૂચવ્યું છે. (અલબત્ત, સૂત્રોના 'બલાબલનો નિર્ણય' કરવા માટે ઉપર્યુક્ત વ્યવસ્થા જ પર્યાપ્ત નથી. તેમાં થોડીક

વિશેષ વ્યવસ્થા ઉમેરવી પડે છે: पूर्वपरनित्यान्तरङ्गापवादानाम् उत्तरोत्तरं बलीयः। એટલે કે ૧. પૂર્વસૂત્ર કરતાં પરસૂત્ર બળવાન છે. પરસૂત્ર કરતાં નિત્યસૂત્ર બળવાન છે. ૩. નિત્યસૂત્ર કરતાં અન્તરંગસૂત્ર (કાર્ય) બળવાન છે. ૪. અન્તરંગસૂત્ર (કાર્ય) કરતાં અપવાદસૂત્ર બળવાન છે. આ દરેકની સમજૂતી અને ઉદાહરણ 'પરિભાષેન્દુ-શેખર'–૩૯માંથી અવગત કરવાં).

૩. પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ના સૂત્રોની પ્રવૃત્તિ કેવી રીતે કરવી, તેને માટે ઉપર્યુક્ત વ્યવસ્થા ગોઠવી છે. તથા પોતાનાં સૂત્રોમાં, દા. ત. પંચમી વિભક્તિ વપરાઈ હોય ત્યારે શો અર્થ કરવો, સાતમી વિભક્તિ વપરાઈ હોય ત્યારે શો અર્થ કરવો ? વગેરેના માર્ગોપદેશક, 'પરિભાષાસૂત્રો' પણ રજૂ કર્યાં છે. પરંતુ આ સૂત્રોમાં જ – સૂત્રબદ્ધ થઈને– વ્યવસ્થા સૂચવાયેલી હોય છે. સૂત્રકારને અભિપ્રેત આવી ગર્ભિત વ્યવસ્થાઓને ક્યારેક વાર્તિકકારે કે ક્યારેક ભાષ્યકારે સ્ફુટ કરી હોય છે. આવી ગર્ભિત વ્યવસ્થાને; અથવા ગર્ભિત કે અનુમિત નિયમોને "જ્ઞાપક-વચન" કહેવામાં આવે છે. આવાં જ્ઞાપકવચનો પણ 'અષ્ટાધ્યાયી'ની ગ્રન્થવ્યવસ્થા ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડનારાં છે.

[૧૨] ભટ્ટોજિ દીક્ષિત અને વરદરાજ


'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી'ના રચયિતા શ્રી ભટ્ટોજિ દીક્ષિત મહારાષ્ટ્રિય બ્રાહ્મણ હતા. એમના પિતાનું નામ લક્ષ્મીધર હતું, અને એમના નાના ભાઈનું નામ રંગોજિ ભટ્ટ હતું. પં. યુધિષ્ઠિર મીમાંસકે એમનું વંશવૃક્ષ આ પ્રમાણે આપ્યું છે :



ભટ્ટોજિ દીક્ષિતના ભત્રીજા કૌણ્ડ ભટ્ટે ભટ્ટોજિકૃત 'વૈયાકરણ સિદ્ધાન્તકારિકા' ઉપર ભાષ્ય રૂપ 'વૈયાકરણભૂષણ'ની રચના કરી છે, તથા તેમના પૌત્ર હરિ દીક્ષિતે ભટ્ટોજિની 'પ્રૌઢ મનોરમા' ઉપર 'શબ્દરત્ન' નામની ટીકા રચી છે, તથા તેમના (હરિ દીક્ષિતના) સાક્ષાત્ શિષ્ય શ્રીનાગેશ ભટ્ટ હતા.

પં યુધિષ્ઠિર મીમાંસકે ભટ્ટોજિ દીક્ષિતનો સમયગાળો વિક્રમ સંવત ૧૫૭૦થી ૧૬૫૦ (એટલે કે ઈ. સ. ૧૭૦૭)નો અનુમાન્યો છે. ડો. બેલવેલકરે (Systems of Sanskrit Grammar માં) તેમનો સમય ઈ. સ. ૧૬૦૦થી ૧૬૫૦ની વચ્ચેનો બતાવ્યો છે.

ભટ્ટોજિ દીક્ષિતની ગુરુ–શિષ્ય પરંપરાને દર્શાવતું વિદ્યાવંશવૃક્ષ નીચે મુજબ છે :—



* 'પ્રૌઢમનોરમાખંડન'ના કર્તા ચક્રપાણિદત્તે પોતાના ગુરુ તરીકે શેષવંશના 'વટેશ્વર'નું નામ આપ્યું છે. આ વટેશ્વર તે જ 'વીરેશ્વર શેષ' છે.

ઉપર દર્શાવેલા વિદ્યાવંશવૃક્ષમાંથી બે–ત્રણ રસપ્રદ મુદ્દાઓ જાણવા મળે છે: (૧) ભટ્ટોજિ દીક્ષિતે પાણિનિની 'અષ્ટાધ્યાયી' ઉપર 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' નામની વૃત્તિ લખી, (જેને પ્રક્રિયાગ્રન્થ પણ કહેવાય છે) ,તે તેમની અપૂર્વ રચના ન હતી. પરંતુ એમના ગુરુ (શ્રીકૃષ્ણ શેષ)ના ગુરુ શ્રી રામચન્દ્રાચાર્યે 'પ્રક્રિયા કૌમુદી' નામના વૃત્તિ ગ્રન્થથી તેની શરૂઆત કરી જ હતી. પણ પ્રક્રિયાકૌમુદીમાં રામચન્દ્રાચાર્યે પાણિનિના કેટલાંક સૂત્રોને જ પ્રક્રિયાક્રમમાં ગોઠવ્યાં હતાં. તેમાં 'અષ્ટાધ્યાયી'ના બધાં જ સૂત્રાનો સમાવેશ નહોતો થઈ ગયો. આથી ભટ્ટોજિ દીક્ષિતે જ્યારે પોતાની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' રચી ત્યારે એ વાતનું ધ્યાન રાખ્યું કે પાણિનિનાં તમામ સૂત્રોને પ્રક્રિયાક્રમે ગોઠવી બતાવાય. બીજું, ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' ગ્રન્થ લખીને, તેમાં પોતાના જ ગુરુ શ્રીકૃષ્ણ શેષના 'પ્રક્રિયાકૌમુદી–પ્રકાશ' ગ્રન્થમાં લખેલા ઘણા સિદ્ધાન્તોનું ખંડન કર્યું ! (૨) પંડિતરાજ જગન્નાથે * જોયું કે પોતાના ગુરુ વીરેશ્વરના પિતા શ્રીકૃષ્ણ શેષના ગ્રન્થનું ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' ગ્રન્થમાં ખંડન કર્યું છે. તેથી ગુસ્સે ભરાયેલા જગન્નાથે "મનોરમાકુચમર્દિની' નામનો ગ્રન્થ લખીને ભટ્ટોજિ દીક્ષિતનું ખંડન કરવાનો પ્રયાસ કર્યો ! × (૩) આપણી 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ના કર્તા વરદરાજાચાર્ય ભટ્ટોજિ દીક્ષિતના સાક્ષાત્ શિષ્ય હતા. તેથી એમનો (વરદ-રાજનો) સમય પણ ઈ. સ. ૧૬૫૦ની આસપાસનો નક્કી થાય છે. વરદરાજે પોતે જ 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'ના આરંભે લખ્યું છે કે—

> नत्वा वरदराजः श्रीगुरून् भट्टोजिदीक्षितान् ।
> करोति पाणिनीयानां मध्यसिद्धान्तकौमुदीम् ॥

આમાં ચોખ્ખું લખ્યું છે કે વરદરાજ શ્રી ગુરુ ભટ્ટોજિ દીક્ષિતને પ્રણામ કરીને પાણિનિના શિષ્યોને માટે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરે છે.

* * *

વરદરાજ : જીવન, સમય અને કૃતિઓ

ઉપર જણાવ્યું છે તેમ વરદરાજ ભટ્ટોજિ દીક્ષિતના સાક્ષાત્ શિષ્ય હોવાથી તેમનો સમય પણ ઈ. સ. ૧૬૫૦નો અનુમાનવામાં આવ્યો છે. પરંતુ વરદરાજ પોતે દાક્ષિણાત્ય હતા. તેમના પિતાનું નામ દુર્ગાતનય હતું એમ જાણવા મળે છે.

---

* પં. યુધિષ્ઠિર મીમાંસકે જગન્નાથ અને ભટ્ટોજિ દીક્ષિતને સતીર્થ્ય (સમાન ગુરુ રામેશ્વર = વીરેશ્વરના શિષ્ય) બતાવ્યા છે; પરંતુ તે ચિન્ત્ય છે.

× જિજ્ઞાસુએ "પણ્ડિતરાજ જગન્નાથકૃત 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકાનો અભ્યાસ" શીર્ષકવાળો મારો લેખ જોવો. (સમ્બોધિ, લા.દ. પુરાતત્ત્વ મંદિર, અમદાવાદ ૧૯૯૨, પૃ. ૯૭–૧૧૪.)

તેમણે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં બાળકોનો/અલ્પમતિવાળાઓનો પણ પ્રવેશ સરળતાથી થાય એટલા માટે ૧. 'લઘુસિદ્ધાન્તકૌમુદી' અને ૨. 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે. (આ લઘુ સંસ્કરણોનો અભ્યાસ કર્યા પછી ભટ્ટોજિ દીક્ષિતની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' ભણવામાં કોઈ કઠિનતા અનુભવાતી નથી. આ ઉપરાંત, વરદરાજે ૩. 'સારકૌમુદી' અને ૪. ગીર્વાણપદમંજરીની પણ રચના કરી હતી એમ જાણવા મળે છે.

પ્રોફેસર કે. વી. અભ્યંકરે A Dictionary of Sanskrit Grammar (પૃ. ૩૪૦)માં વરદરાજ માટે લખ્યું છે કે—તેમણે લઘુકૌમુદી અને મધ્યકૌમુદી લખવા ઉપરાંત 'ધાતુકારિકાવલી' અને 'ગીર્વાણપદમંજરી'ની પણ રચના કરી છે. પણ વરદરાજના નામે જે સારસિદ્ધાન્તકૌમુદી ગ્રન્થ ચઢાવવામાં આવ્યો છે, તે કોઈ પૃથક્ ગ્રન્થ નથી, પણ એ તો 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નું જ બીજું નામ છે. એવું પણ શક્ય છે કે વરદરાજે પહેલાં 'સારસિદ્ધાન્ત કૌમુદી' તૈયાર કર્યા પછી, એમણે અને/અથવા એમના શિષ્યે બીજાં કેટલાક ફેરફાર અને ઉમેરાઓ કરીને 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી હશે. પં. યુધિષ્ઠિર મીમાંસકે 'સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્ર કા ઇતિહાસ', ભાગ–૧માં જણાવ્યું છે કે વરદરાજે 'પ્રક્રિયાકૌમુદી' ઉપર 'વિવરણ' નામની ટીકા લખી છે (જે હસ્તપ્રત રૂપે ઉદયપુરમાં છે). પરંતુ આ વરદરાજ તે લઘુસિદ્ધાન્તકૌમુદીકાર કે, બીજા કોઈ વરદરાજ છે ? તે અજ્ઞાત છે.

[૧૩] 'લઘુસિદ્ધાન્તકૌમુદી'—ગ્રન્થરચનાનું પ્રયોજન

વરદરાજે આરંભિક તબક્કામાં બાળકોને પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં સરળતાથી પ્રવેશ કરાવવા માટે 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે, ત્યાર પછી યુવાવસ્થામાં ભણવા માટે બીજે તબક્કે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી' રચી છે. આ બે સંસ્કરણો ભણીને વિદ્યાર્થી ભટ્ટોજિ દીક્ષિતની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' ભણે તો તે શબ્દશાસ્ત્રમાં વિશારદ થાય, આરુઢ વૈયાકરણ બની શકે.

ભટ્ટોજિ દીક્ષિતના આયુષ્યકાળ દરમ્યાન આ 'લઘુસિદ્ધાન્તકૌમુદી' અને 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'ની રચના થઈ હતી, અને પઠન–પાઠનમાં તેનું પ્રચલન શરૂ થઈ ગયું હતું. આ બે લઘુસંસ્કરણો અને તેમની લોકપ્રિયતા જોઈને એવું કહેવાય છે કે સ્વયં ભટ્ટોજિ દીક્ષિતને સંદેહ થયો હતો કે આ મધ્યકૌમુદી ભણ્યા પછી, મારી વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી કોઈ ભણશે કે કેમ ?! (આ ઘટના જો સાચી હોય તો તે વરદરાજના કાર્યની સફળતા સૂચવે છે !)

વરદરાજે 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ના આરંભે મૂકેલા મંગલશ્લોકમાં કહ્યું છે કે—

नत्वा सरस्वतीं देवीं शुद्धां गुण्यां करोम्यहम् ।
पाणिनीयप्रवेशाय लघुसिद्धान्तकौमुदीम् ॥

આમાં, આ કૃતિ રચવા માટેનું લક્ષ્ય સ્પષ્ટપણે એ જ બતાવ્યું છે કે વિદ્યાર્થીઓને પાણિનીય વ્યાકરણમાં પ્રવેશ થાય એટલા માટે આ લઘુસિદ્ધાન્તકૌમુદી લખી છે. પરંતુ એમણે આ કૃતિના અંતે પણ એક શ્લોક મૂક્યો છે, તે ધ્યાનાસ્પદ છે :-

शास्त्रान्तरे प्रविष्टानां बालानां चोपकारिका ।
कृता वरदराजेन लघुसिद्धान्तकौमुदी ॥

અર્થાત્ જે વિદ્યાર્થી વ્યાકરણ સિવાયના શાસ્ત્ર—જેવા કે, અલંકારશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વેદાન્તશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર ઇત્યાદિ—માં પ્રવેશેલો હોય અને જે હજી બાલ્યાવસ્થામાં રહેલો છે તેને ઉપકારક થાય એવી આ 'લઘુસિદ્ધાન્તકૌમુદી' વરદરાજે રચી છે. સંસ્કૃત ભાષાનો કોઈ પણ અભ્યાસી— પછી એ મહાકાવ્ય નાટકાદિ સાહિત્ય માણવા ઇચ્છતો હોય કે ન્યાય, વેદાન્તાદિ શાસ્ત્ર ભણવા માંગતો હોય એને પદે પદે વ્યાકરણની જરૂર તો પડવાની જ. (જેમ કે અલંકારશાસ્ત્રનો વિદ્યાર્થી ઉપમાલંકાર ભણવા બેસશે ત્યારે "क्यच्‌गा क्यङ्गा ઉપમા"ના ભેદો એણે સમજવા પડશે, અથવા વેદાન્તના વિદ્યાર્થીએ अथातो ब्रह्मजिज्ञासा । બાદરાયણના ૧–૧–૧ બ્રહ્મસૂત્રમાં ब्रह्मणः जिज्ञासा इति ब्रह्मजिज्ञासा । એવો સમાસ સમજવો પડશે, એમાં ब्रह्मन् શબ્દને 'કર્મણિ ષષ્ઠી' લાગી છે એ મુદ્દો પણ બુદ્ધિમાં ઉતારવો પડશે. તેવે વખતે પાણિનિના વ્યાકરણશાસ્ત્રનો જો પ્રાથમિકેય પરિચય નહિ હોય તો વિદ્યાભ્યાસ આગળ વધી શકશે નહિ. આથી જ કહેવાયું છે કે—काणादं पाणिनीयञ्च सर्वशास्त्रोपकारकम् । 'કણાદનું વૈશેષિકદર્શન અને પાણિનિનું વ્યાકરણશાસ્ત્ર—એ બે તો બધાં જ શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં ઉપકારક બના રહે છે.)

આમ વરદરાજની આ કૃતિ બે પ્રયોજનથી પ્રેરાઈને લખાઈ છે : એક તો જેણે વ્યાકરણનો વિશેષ ઊંડાણથી અભ્યાસ કરવો હોય તો એણે બાલ્યાવસ્થાથી જ વ્યાકરણમાં પ્રવેશ કરવો પડશે. એ સમયે બુદ્ધિપરિપક્વ ન હોય ત્યારે ભટ્ટોજિ દીક્ષિતની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' સીધી તો ન જ ભણાવી શકાય. આ તબક્કે તો 'લઘુસિદ્ધાન્તકૌમુદી' જ ઉપકારક બની રહે. બીજા પ્રકારના જે વિદ્યાર્થીઓ છે, કે જેઓ વ્યાકરણ સિવાયના અલંકાર, વેદાન્તાદિ શાસ્ત્રો વિશેષ ઊંડાણથી ભણવા માંગે છે તેમને પણ પાણિનીય વ્યાકરણ તન્ત્રની लट्, लिट्, ल्युट्, क्त्वा णिजन्त વગેરે પારિભાષિક સંજ્ઞાઓથી પરિચિત થવું અનિવાર્ય છે, અને

અમુક વિભક્તિ પ્રયોગો, સમાસો સમજવા અત્યંત જરૂરી છે. તેમને પણ આ 'લઘુસિદ્ધાન્તકૌમુદી' ઉપકારક બની રહે એમ છે.

'વૈયાકરણ સિદ્ધન્તકૌમુદી'માં ભટ્ટોજિ દીક્ષિતે પાણિનિનાં તમામ ૩૯૭૬ સૂત્રોને સમાવી લીધા છે. પણ વરદરાજે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'માં ૨૩૧૫ સૂત્રોને પસંદ કર્યાં છે; અને 'લઘુસિદ્ધાન્તકૌમુદી'માં ૧૨૭૨ સૂત્રો જ પસંદ કરીને તેમાંથી સંસ્કૃત ભાષાના મુખ્ય–મુખ્ય સુબન્ત (નામપદો) અને તિઙન્ત (ક્રિયાપદો), સમાસો, કૃદન્તો અને તદ્ધિતાદિની રૂપસિદ્ધિ કેવી રીતે થાય છે? એનું પ્રદર્શન કર્યું છે. તેમાં કોઈ ગંભીર શાસ્ત્રાર્થવાળી ફક્કિકાઓ, જ્ઞાપકો અને પદકૃત્ય (સૂત્રમાંના અમુક પદનું શું પ્રયોજન છે? વગેરેની ચર્ચા)ને મૂકયાં નથી. કેવળ રૂપસિદ્ધિ તરફ જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

[૧૪] પ્રક્રિયા–ગ્રન્થોનો ઇતિહાસ

પાણિનિની 'અષ્ટાધ્યાયી' ઉપર વૃત્તિ રૂપે વામન–જયાદિત્યે (ઇ. સ. ૬૦૦) સદીમાં 'કાશિકાવૃત્તિ' રચી છે અને પુરુષોત્તમદેવે (૧૨૦૦ ઇ. સ.માં) 'ભાષાવૃત્તિ' રચી છે. આમાં પાણિનિએ જે ક્રમે સૂત્રો રચ્યાં છે, તે ક્રમે જ વૃત્તિ પણ લખવામાં આવી છે.

પરંતુ કૈયટે (ઇ.સ. ૧૧૦૦માં) 'ભાષ્ય પ્રદીપ' વ્યાખ્યાનમાં (પ્રગૃહ્યસંજ્ઞાના વિષયમાં) કહ્યું છે કે એ જમાનામાં કેટલાક વિદ્યાર્થીઓ યથોદ્દેશપક્ષના હતા. અર્થાત્ જે ક્રમે વૃદ્ધિરાદૈચ્ । ૧–૧–૧ વગેરે રચાયાં છે તે જ ક્રમે સૂત્રોનું જ્ઞાન મેળવતા હતા, પણ બીજા કેટલાક અભ્યાસીઓ 'કાર્યકાલ પક્ષવાળા' પણ હતા, કે જેઓ ૧–૧–૧ ઉપર વૃદ્ધિ સંજ્ઞાનું ગુરુએ જ્ઞાન કરાવ્યું હોય તો પણ 'મારે વૃદ્ધિ સંજ્ઞા જાણીને કશું પ્રયોજન નથી' એવી ઉપેક્ષા બુદ્ધિથી તેને ભૂલી જતા હતા. પછી જ્યારે વૃદ્ધિરેચિ । ૬–૧–૮૮ જેવું વિધિ સૂત્ર આવે ત્યારે 'વૃદ્ધિ' એટલે શું? એમ ગુરુને પૂછતા હતા. આથી ગુરુઓ વિધિસૂત્રોના પ્રદેશમાં (=કાર્યકાલ ઊભો થાય ત્યાં) ફરીવાર સંજ્ઞા સૂત્રો ભણાવતા હતા—આ ચર્ચામાંથી એવું સૂચવાય છે કે કૈયટના સમયમાં પાણિનીય સૂત્રોને પ્રક્રિયાના ક્રમે ભણાવવાનું ગુરુઓએ–ઉપદેશકોએ શરૂ કર્યું હોવું જોઈએ. ઉપલબ્ધ પ્રક્રિયા ગ્રન્થો પણ લગભગ કૈયટ પછીના જ છે :

ધર્મકીર્તિ નામના બૌદ્ધ વિદ્વાને (ઇ.સ. ૧૦૮૦માં) 'અષ્ટાધ્યાયી'ના પ્રત્યેક પ્રકરણમાંથી કેટલાંક ઉપયોગી સૂત્રોનું સંકલન કરીને એક 'રૂપાવતાર' ગ્રન્થની રચના કરી છે. 'અષ્ટાધ્યાયી' ઉપર જેટલા પ્રક્રિયાનુસારી ગ્રન્થો લખાયા છે તેમાં સૌથી પ્રાચીન ગ્રન્થ તે આ 'રૂપાવતાર' છે.

ત્યાર પછી વિમલસરસ્વતી નામના વૈયાકરણે (ઈ. સ. ૧૩૪૦માં) પાણિનીય સૂત્રો ઉપર પ્રક્રિયા ક્રમને આશ્રયે જુદાં જુદાં રૂપો કેમ તૈયાર કરવાં ? એ બતાવવા માટે પ્રયોગાનુસારી 'રૂપમાલા' નામનો એક ગ્રન્થ રચ્યો. આમાં 'અષ્ટાધ્યાયી'નાં તમામ સૂત્રોનો સમાવેશ કર્યો નથી.

ત્રીજા તબક્કે શ્રી રામચન્દ્રાચાર્યે ઈ.સ. ૧૪૦૦ના સમયમાં 'પ્રક્રિયાકૌમુદી' ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થ 'રૂપાવતાર' અને 'રૂપમાલા'ની અપેક્ષાએ મોટો છે; તથાપિ તેમાંય પાણિનિનાં બધાં જ સૂત્રોનો સમાવેશ કરાયો નથી. આ 'પ્રક્રિયાકૌમુદી' ઉપર રામચન્દ્રના શિષ્ય શ્રીકૃષ્ણશેષે 'પ્રકાશ' નામની ટીકા રચી છે; તથા રામચન્દ્રના પૌત્ર વિઠ્ઠલે પણ એક 'પ્રસાદ' નામની ટીકા રચી છે.

ચોથા તબક્કે, ભટ્ટોજિ દીક્ષિત નામના વૈયાકરણ આવે છે. તેઓ 'પ્રક્રિયા-કૌમુદી–પ્રકાશ'ના કર્તા શ્રીકૃષ્ણ શેષના શિષ્ય હતા. તેમણે 'પ્રક્રિયાકૌમુદી'માંથી જ પ્રેરણા લઈને, તેમાં પાણિનીય સૂત્રોને જે પ્રક્રિયાનુસારી ક્રમે ઉપસ્થિત કર્યાં છે, તે મહદંશે સ્વીકારીને, પોતાની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' નામની વૃત્તિ રચી છે. પાણિનીય વ્યાકરણના જેટલા પ્રક્રિયા ગ્રન્થો છે તે બધામાં આ ગ્રન્થ સર્વોત્કૃષ્ટ છે; અને એ રચાયો ત્યારથી અદ્યાવધિ સમગ્ર ભારત વર્ષમાં એનું પઠન-પાઠનમાં પ્રચલન રહ્યું છે. આ હકીકત એની સિદ્ધિ, ઉપયોગીતા અને લોકપ્રિયતાની પરિચાયક છે.

ભટ્ટોજિ દીક્ષિતની આ 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. ભટ્ટોજિ દીક્ષિતે પોતે જ તેની ઉપર 'પ્રૌઢમનોરમા' ટીકા લખી છે. તે પછી નાગેશ ભટ્ટે એ (કૌમુદી)ની ઉપર 'બૃહચ્છબ્દેન્દુશેખર', જ્ઞાનેન્દ્ર સરસ્વતીએ 'તત્ત્વબોધિની' અને વાસુદેવ વાજપેયીએ 'બાલમનોરમા' ટીકાની રચના કરી છે.

બીજી તરફ આ 'વૈયાકરણ સિદ્ધાન્ત–કૌમુદી'નો પ્રચાર બાળવર્ગમાંય થાય; અને વેદાન્તાદિ શાસ્ત્રોના અધ્યેતાઓમાં પણ એનો ઉપયોગ થાય એ આશયથી ભટ્ટોજિ દીક્ષિતના જ શિષ્ય વરદરાજે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી અને 'લઘુસિદ્ધાન્તકૌમુદી' નામના (વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ના જ) બે લઘુ સંસ્કરણો તૈયાર કર્યાં છે.

[૧૫] પ્રક્રિયા--ગ્રન્થોનો ઉદ્દ્ભવ-હેતુ અને તેની સમીક્ષા

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં જે ક્રમે સૂત્રો રચ્યાં છે તે જ ક્રમે એની ઉપર વૃત્તિ લખીને પાછાં એ જ ક્રમે એને પઠન–પાઠનમાં ઉપયોગમાં લેવાં–એવી પદ્ધતિ 'કાશિકાવૃત્તિ'ના સમય (ઈ.સ. ૬૦૦)થી માંડીને ઈ.સ. ૧૧૦૦ સુધી રહેવા પામી હશે. પરંતુ ઉપર જોયું તેમ ધર્મકીર્તિના 'રૂપાવતાર'ની રચના

થયા પછી એ પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. આ નવી પદ્ધતિમાં પાણિનિનાં સૂત્રોનો મૂળ ક્રમ બદલીને, જે તે રૂપની સિદ્ધિમાં જે જે સૂત્ર ઉપયોગી થતાં હોય તે બધાંને 'અષ્ટાધ્યાયી'ના જુદા જુદા અધ્યાયમાંથી એકત્ર કરીને નવા ક્રમથી રજૂ કરવામાં આવ્યાં. આમ સૂત્રોની પ્રયોગાનુસારી ગોઠવણી શરૂ થઈ. આવા વૃત્તિ ગ્રન્થોને 'પ્રક્રિયા ગ્રન્થો' કહેવાય છે.

પંડિતપ્રવર શ્રી યુધિષ્ઠિર મીમાંસકજીએ આવા પ્રક્રિયાગ્રન્થોના ઉદ્ભવનું શું કારણ હશે? એ સમજાવતાં લખ્યું છે કે–'પાણિનીય વ્યાકરણની રચના પછી 'કાતન્ત્ર' વગેરે અનેક લઘુ વ્યાકરણ પ્રક્રિયાક્રમાનુસાર લખાયા છે. આ વ્યાકરણોની પ્રક્રિયાનુસાર રચના હોવાથી તેમનામાં એવી વિશેષતા છે કે વિદ્યાર્થી આ ગ્રન્થોના જેટલા ભાગનો અભ્યાસ કરીને છોડી દે તેને તેટલા વિષયનું જ્ઞાન તો થઈ જ જાય. જ્યારે પાણિનીય અષ્ટાધ્યાયી વગેરે શબ્દાનુશાસનોના સંપૂર્ણ ગ્રન્થનું જ્યાં સુધી અધ્યયન ન કરવામાં આવે ત્યાં સુધી કોઈ એક વિષયનું પણ વિદ્યાર્થીને જ્ઞાન થતું નથી. કારણ કે આમાં પ્રક્રિયાનુસાર પ્રકરણ રચના નથી. જેમકે 'અષ્ટાધ્યાયી'માં 'સમાસ પ્રકરણ' બીજા અધ્યાયમાં આવેલું છે; પણ સમાસાન્ત-પ્રત્યય છે તે પાંચમા અધ્યાયમાં મૂકેલા છે. વળી, સમાસમાં આવેલા પૂર્વોત્તર પદને નિમિત્તે થનારાં કાર્યોનું વિધાન છઠ્ઠા અધ્યાયના ત્રીજા પાદમાં છે. તથા બીજાં કેટલાક કાર્યો પ્રથમાધ્યાયના દ્વિતીય પાદ અને દ્વિતીયાધ્યાયના ચતુર્થ પાદમાં પણ મૂકયાં છે! આમ સમાસના વિષય સાથે સંકળાયેલાં કાર્યો 'અષ્ટાધ્યાયી'માં અનેક જગ્યાએ ફેલાયેલાં છે. આથી વિદ્યાર્થી જ્યાં સુધી 'અષ્ટાધ્યાયી'ના ઓછામાં ઓછા છ અધ્યાય ન ભણે ત્યાં સુધી તેને સમાસ-વિષયક જ્ઞાન થતું નથી. માટે જ્યારે અલ્પમેધાવાળા અને સંક્ષેપમાં રુચિ રાખનારા વ્યક્તિઓ પાણિનીય વ્યાકરણને છોડીને, 'કાતન્ત્ર' વગેરે પ્રક્રિયાનુસારી વ્યાકરણોનું અધ્યયન કરવા માંડ્યા; ત્યારે પાણિનીય વૈયાકરણોએ પણ પોતાના વ્યાકરણની રક્ષા કરવા માટે 'અષ્ટાધ્યાયી'ની પ્રક્રિયા ક્રમે પઠન-પાઠનની નવી પદ્ધતિનો આવિષ્કાર કર્યો. વિક્રમની ૧૬મી શતાબ્દી (ઇ.સ. ૧૬૫૭) પછી પાણિનીય વ્યાકરણનું સમગ્ર પઠન-પાઠન પ્રક્રિયા ગ્રન્થોને આધારે (જ) થવા માંડ્યું. આ કારણે જ સૂત્રપાઠાનુક્રમે થતું પઠન-પાઠન ધીમે ધીમે ઉચ્છિન્ન થઈ ગયું.'*

---

* संस्कृतव्याकरणशास्त्र का इतिहास (भाग-१), तृतीयसंस्करण, वि.सं. २०३०, सोनीपत (हरियाणा), पृ. ५२९.

[પં. યુધિષ્ઠર મીમાંસકે આ સંદર્ભમાં બીજા બે મુદ્દાઓ તરફ પણ ધ્યાન દોર્યું છે : ૧. કોઈ પણ ગ્રન્થનું અધ્યયન જો ગ્રન્થકર્તા એ રચેલા ક્રમે કરવામાં આવે તો તેમાં અત્યંત સરળતા હોય છે. આ નિયમ મુજબ 'સિદ્ધાન્તકૌમુદી' વગેરે વ્યુત્ક્રમ ગ્રંથોની અપેક્ષાએ અષ્ટાધ્યાયી–ક્રમથી પાણિનીય વ્યાકરણનું અધ્યયન કરવાથી અલ્પ પરિશ્રમ અને અલ્પકાળમાં અધિક બોધ થાય છે. તથા 'અષ્ટાધ્યાયી'ના ક્રમથી થયેલું જ્ઞાન ચિરસ્થાયી પૂરવાર થાય છે. ૨. લગભગ ૪૦૦ વર્ષ સુધી પ્રક્રિયા ક્રમે પાણિનીય વ્યાકરણનું અધ્યયન થતું રહ્યું. પણ વિક્રમની ૧૯મી શતાબ્દીના અંતમાં મહાવૈયાકરણ દણ્ડી સ્વામી વિરજા નંદને પ્રક્રિયા ક્રમથી થનારી હાનિઓની ઉપજ્ઞા થઈ. આથી તેમણે 'સિદ્ધાન્તકૌમુદી'ને છોડીને 'અષ્ટાધ્યાયી' જ સીધી ભણાવવાની શરૂ કરી. ત્યાર પછી એમના શિષ્ય સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીએ પોતાના 'સત્યાર્થ પ્રકાશ' વગેરે ગ્રંથોનાં 'અષ્ટાધ્યાયી'ના (જ) અધ્યયન ઉપર વધારે ભાર મૂક્યો છે.]

અહીં પં. શ્રી મીમાંસકજીએ પ્રક્રિયા ગ્રન્થોનો જે ઉદ્‌ભવ–હેતુ વિચાર્યો છે તે પુનઃસમીક્ષ્ય છે. અલબત્ત, કાતન્ત્રાદિ વ્યાકરણો વિષયવિભાગ મુજબ રચાયા છે, ત્યાં પ્રક્રિયા ક્રમાનુસારી જ સૂત્ર–રચના થઈ છે અને એનાથી પ્રેરાઈને પાણિનીય વૈયાકરણોએ પણ પોતાની પઠન-પાઠન પ્રણાલીમાં ફેરફાર કરવા વિચાર્યું હશે–એ તર્કમાં તથ્યાંશ જરૂર હશે. પરંતુ આપણે એ વિચારવા માંગીએ છીએ કે મૂળ સૂત્રકાર પાણિનિએ જ જ્યારે 'અષ્ટાધ્યાયી'ની રચના કરી હશે, ત્યારે એમના મનમાં શું એવું હશે કે–'મારી અષ્ટાધ્યાયીને ભણવા માટે કોઈ પ્રક્રિયા ક્રમની જરૂર જ નથી ?' બીજા શબ્દોમાં કહીએ તો–'અષ્ટાધ્યાયી–સૂત્રપાઠમાં સૂત્રોનો જે ઉચ્ચરિત ક્રમ છે, તેમાં કોઈ જ પરિવર્તન કરી શકાય એમ નથી. અને એવું પરિવર્તન કરવાની જરૂર પણ નથી.' એવું શું પાણિનિ પોતે માનતા હશે ખરા ? એ જ પ્રમાણે ભાષ્યકાર પતંજલિ પણ શું પાણિનીય સૂત્રોના ઉચ્ચરિત ક્રમ ઉપરાંત, પ્રક્રિયા દશામાં તે સૂત્રોના નવા પ્રાપ્ત થતા ઉપસ્થિતિ ક્રમને પણ ધ્યાનમાં લેવાનું કહેતા નથી ? તો આ પ્રશ્નોના જવાબ [એ છે કે પાણિનીય સૂત્રોના ઉચ્ચરિત ક્રમને (દા.ત. એક સંજ્ઞાધિકાર ૧-૪-૧થી ૨–૨–૩૮માં) તો ધ્યાનમાં લેવો જ પડે એમ છે; પણ સાથે સાથે રૂપસિદ્ધિ દરમ્યાન બીજા ઘણા સંજ્ઞાદિ સૂત્રોનો ઉપસ્થિતિક્રમ પણ નવો રચાતો આવે છે અને તે નવો ક્રમાંક જ ધ્યાનાસ્પદ બને છે એમ પતંજલિ જણાવતા હોય તો એ દૃષ્ટિએ રચાયેલા–પ્રક્રિયા ગ્રન્થોના રચનાકાળને પાણિનીય વ્યાકરણશાસ્ત્રના

વિકાસનો (અને અધ્યયન-અધ્યાપનનો) સુવર્ણકાળ ગણવો જોઈએ. આ મુદ્દાને એકાદ ઉદાહરણ અને આકર ગ્રન્થોનાં ઉદ્ધરણોથી સમર્થિત કરવો જોઈશે :

ઉદાહરણ : (૧) 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોનો યથાવત્ ક્રમે જ (અર્થાત્ પાણિનિએ જે ક્રમે એ સૂત્રોને ઉચ્ચાર્યાં છે તે જ ક્રમે એનો) અભ્યાસ શરૂ કરીએ તો—

(क) સૌથી પહેલાં अइउण् । વગેરે ૧૪ માહેશ્વર સૂત્રો આવશે, પછી.

(ख) वृद्धिरादैच् ! ૧-૧-૧થી સૂત્રપાઠ શરૂ થયો; તેમાં આગળ જતાં–

(ग) तुल्यास्य प्रयत्नं सवर्णम् । ૧-૧-૯

અને

नाज्झलौ । ૧-૧-૧૦ આવશે. (આ સૂત્રમાં अच् અને हल् એવા પ્રત્યાહારોનો ઉપયોગ થયો છે.) પછીનાં સૂત્રોમાં—

(घ) પ્રગૃહ્ય, ઘ, ષટ્, સર્વનામ વગેરે સંજ્ઞાઓ દર્શાવતાં સૂત્રો આવે છે. પછી

(ङ) शि सर्वनामस्थानम् । ૧-૧-૪૨; सुड् अनपुंसकस्य । ૪૩, न वेति विभाषा । ૪૪, इग्यणः सम्प्रसारणम् । ૪૫, आद्यन्तौ टकितौ । ૪૬, मिदचोऽन्त्यात्परः । ૪૭, एच इग्घ्रस्वादेशे । ૪૮ વગેરે સૂત્રો આવશે. (જેમાં सुट् પ્રત્યાહાર, इक्, यण्, एच् વગેરે પ્રત્યાહારો પણ આવેલાં છે.) પછી

(च) ઘણાં બધાં પરિભાષા સૂત્રોની હારમાળા આવે છે. તે પછી

(छ) अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ અને तपरस्तत्कालस्य । ૭૦ આવશે. (જે સવર્ણ ગ્રાહકવિધિ માટેનાં સૂત્રો છે.) તે પછી

(ज) आदिरन्त्येन सहेता । ૧-૧-૭૧ સૂત્રથી 'પ્રત્યાહાર' કેવી રીતે બનાવવા એની પ્રયુક્તિ શીખવવામાં આવી છે.

—એ પછી છેક ત્રીજા પાદમાં—

(झ) भूवादयो धातवः । ૧-૩-૧,
उपदेशेऽजनुनासिक इत् । ૧-૩-૨,
हलन्त्यम् । ૧-૩-૩ વગેરે इत् સંજ્ઞાવિધાયક સૂત્રોનો અવતાર કરવામાં આવ્યો છે.

*

હવે પાણિનિએ જે ક્રમે આ સૂત્રો ઉચ્ચાર્યાં છે તેને પઠન–પાઠનમાં નવા ક્રમે ફેરવવા અનિવાર્ય છે કે નહીં? તે મુદ્દો વિચારીએ.

અહીં પાણિનિપ્રોક્ત ક્રમને વળગી રહીશું તો સૂત્રાર્થ જાણી શકાશે જ નહીં. કારણ કે अणुदित् सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ સૂત્રમાંના 'सवर्णस्य' શબ્દથી જેનો ઉલ્લેખ થયો છે તે 'સવર્ણ'સંજ્ઞાનું જ્ઞાન તો तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ અને नाज्झलौ । ૧–૧–૧૦ એવા સવર્ણસંજ્ઞા વિધાયક બે સૂત્રોને જાણવાથી જ થઈ શકે છે, અને આ બેમાંથી એક જે नाज्झलौ । ૧–૧–૧૦ એવું સૂત્ર છે, તેમાંના અચ્ અને हल् પ્રત્યાહારોને સમજવા आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ સૂત્રની જરૂર પડશે. (એટલે કે ૧–૧–૧૦ ને સમજવા માટે ૧–૧–૭૧ ની જરૂર પડશે !) તથા आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧માંની इत् સંજ્ઞાને સમજવા માટે (उपदेशे) हलन्त्यम् । ૧–૩–૩ સૂત્ર ઉપર જવું પડશે ! ! તથા છેલ્લે "ઉપદેશમાં આવેલા हल्"ને સમજવા 'ઉપદેશ' રૂપ માહેશ્વરસૂત્રોનું સ્મરણ કરવું પડે છે ! ! ! આથી પાણિનિએ જે ક્રમે આ સૂત્રને લખ્યાં છે, તેને નવા ક્રમે ગોઠવીને (જ) ભણવાનું સ્વયં ભાષ્યકાર પતંજલિએ જ કહ્યું છે : જેમકે, સૌથી પહેલા (क) ઉપદેશનું = માહેશ્વરસૂત્રોનું જ્ઞાન કરવું; પછી (ख) इत्संज्ञा કરનારું हलन्त्यम् । ૧–૩–૩ સૂત્ર જાણવું; પછી (ग) आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ થી પ્રત્યાહાર બનાવવા(ની યુક્તિ શીખવી), તે પછી (घ) સવર્ણસંજ્ઞા વિધાયક બે સૂત્રો : तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ અને नाज्झलौ । ૧–૧–૧૦ ને ભણવા, તથા છેલ્લે (ङ) अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ને સમજવું.* આ નવો ક્રમ સ્વીકારીએ તો જ 'વાક્યપરિસમાપ્તિ' થાય છે. (કારણ કે આ પાંચેય સૂત્રો વચ્ચે અંગાંગી–ભાવ છે.)

---

* वर्णानामुपदेशस्तावत् । उपदेशोत्तरकाला इत्संज्ञा । इत्संज्ञोत्तर कालः 'आदिरन्त्येन सहेता' इति प्रत्याहारः । प्रत्याहारोत्तरकाला–सवर्णसंज्ञा । सवर्णसंज्ञोत्तरकालम्– 'अणुदित्सवर्णस्य चाप्रत्ययः' इति ॥ अणुदित्० इत्यत्र १–१–६९ महाभाष्यम् ॥

'અષ્ટાધ્યાયી'માંનો ઉચ્ચરિતક્રમ	પ્રક્રિયા દરમ્યાન સૂત્રોનો નવો ઉપસ્થિતિક્રમ
૧. अइउण् । વગેરે માહેશ્વરસૂત્રો	૧. अइउण् । વગેરે માહેશ્વરસૂત્રો
૨. तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ नाज्झलौ । ૧–૧–૧૦	૨. हलन्त्यम् । ૧–૩–૩
૩. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ तपरस्तत्कालस्य । ૧–૧–૭૦	૩. आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧
૪. आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧	૪. तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ नाज्झलौ । ૧–૧–૧૦
૫. हलन्त्यम् । ૧–૩–૩	૫. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ तपरस्तत्कालस्य । ૧–૧–૭૦

આમ 'સવર્ણગ્રાહકવિધિ'નું જ્ઞાન પ્રક્રિયાક્રમે સૂત્રો ગોઠવાયાં હોય તો જ સમ્યક્ રીતે/તાર્કિક ક્રમે થાય છે એમ સ્પષ્ટ થાય છે; અને પતંજલિના કહેવા થકી આ નવો ક્રમ સમર્થિત પણ થાય છે.

ઉદાહરણ (૨) : પાણિનિનાં સૂત્રોની પ્રવૃત્તિ કેવી રીતે થાય છે એને સમજાવતાં ભાષ્યકારે એક વાક્ય ઉચ્ચાર્યું છે તે સ્મરણીય છે : लक्षणं हि नाम ध्वनति, भ्रमति, मुहूर्तमपि नावतिष्ठते । (१–१–३ इत्यत्र भाष्यम्). "લક્ષણ = સૂત્ર તો એનું જ નામ છે કે જે (પોતાનો કોઈ અર્થ) (સતત) કહેતું રહે છે; (પદસિદ્ધિ દરમ્યાન ચારેય તરફ) ફરતું રહે છે (=અવકાશ મળે ત્યાં સર્વત્ર પ્રવૃત્ત થતું રહે છે); અને ક્યાંય ઘડીકેય ઊભું રહેતું નથી," પતંજલિની આ ઉક્તિ એવું સ્પષ્ટપણે કહે છે કે પાણિનિનાં સૂત્રો તેમના મૂળ ઉચ્ચરિતક્રમેથી ઊડીને, જ્યાં જ્યાં આવશ્યક્તા પડે ત્યાં ત્યાં ઉપસ્થિત થાય છે; અને જે તે રૂપસિદ્ધિને આગળ વધારે છે. દા.ત. वृद्धिरेचि । ६–१–८८ એવું વિધિસૂત્ર કહે છે કે—અકારની પાછળ एच् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો પૂર્વ–પર વર્ણોના સ્થાનમાં 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થાય છે. અહીં પ્રશ્ન થવાનો કે 'વૃદ્ધિ' એટલે

શું ?—અથવા 'વૃદ્ધિ' એવી સંજ્ઞાથી કયા સંજ્ઞિનનો બોધ કરવાનો છે ? —ત્યારે પહેલા અધ્યાયના પહેલા પાદમાંથી વૃદ્ધિરાદૈચ્ । ૧–૧–૧ એવું સૂત્ર ઊઠીને, ૬–૧–૮૮ પાસે આવે છે; અને સ્પષ્ટતા કરી આપે છે કે आद् અને ऐच् (= આ, ऐ અને औ) વર્ણોની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે. આમ ૧–૧–૧ એ વૃદ્ધિરાદૈચ્ । નો ઉચ્ચરિતક્રમ છે, પણ પ્રક્રિયા દરમ્યાન તે ૬–૧–૮૮ જોડે એકવાક્યતા પામે છે–બીજા શબ્દોમાં કહીએ તો ૬–૧–૮૮નો પ્રદેશ એ ૧–૧–૧નો ઉપસ્થિતિક્રમ બને છે—તેથી સૂત્ર ૧–૧–૧નો હવે નવો ક્રમાંક ૬–૧–૮૮ બને છે. આ સન્દર્ભમાં ભાષ્યકારે એવી પણ સ્પષ્ટતા કરી છે કે (એક સંજ્ઞાધિકાર ૧–૪–૧ થી ૨–૨–૩૮માં આવેલી સંજ્ઞાઓ સિવાય, અન્ય સઘળી) સંજ્ઞાઓનો પ્રક્રિયા દરમ્યાન જે નવો ઉપસ્થિતિ ક્રમ નક્કી થાય અર્થાત્ એ જે વિધિસૂત્ર જોડે એકવાક્યતા પામે, તે નવા (વિધિસૂત્રના) સ્થળનું તે (સંજ્ઞા) સૂત્ર ગણાય છે. (જુઓ अदसो मात् । ૧–૧–૧૨ સૂત્ર ઉપરનું ભાષ્ય). વળી, આ નવા ક્રમાંકને ધ્યાનમાં લઈને જ, વિપ્રતિષેધના પ્રસંગે સૂત્રોનો પૂર્વાપરભાવ નક્કી કરવામાં આવે છે. (જુઓ : પરિભાષેન્દુશેખર, પરિભાષા–૨ અને ૩).

*

ઉપર્યુક્ત ચર્ચા અને પ્રમાણોથી એટલું તો સ્પષ્ટ થાય છે જ કે પાણિનિની 'અષ્ટાધ્યાયી' એ **પ્રાધાન્યેન** લાઘવની ભૂમિકાએ રચાયેલ છે. (આથી कारके । १–४–२३, प्राक्कडारात्समासः । २–१–३, स्त्रियाम् । ४–१–३, अङ्गस्य ।६–४–१, पदस्य, पदात् । ८–१–१६, १७ વગેરે અધિકારસૂત્રોની નીચે એક એક વિષય(પ્રકરણ) ને લગતાં સૂત્રો રજૂ કર્યાં છે. પરંતુ લાઘવસિદ્ધ કરવા માટે આવાં અધિકારસૂત્રો નીચે મૂકેલાં સૂત્રોમાંથી, કોઈ એક જ અધિકારના સૂત્રોથી એક રૂપ સિદ્ધ થઈ શકે એમ નથી.)અને એથી જ એની ઉપયોગીતાના તબક્કે – એટલે કે એ તન્ત્રનાં સૂત્રોની મદદથી જ્યારે રૂપસિદ્ધિ કરવા બેસીએ (વાક્યના એક એકમ તરીકે કોઈ સુબન્ત પદ કે તિઙન્ત પદની સિદ્ધ કરવા બેસીએ) ત્યારે એ સૂત્રોનો નવો પ્રક્રિયાક્રમ રચવો પડે છે. તથા એ સઘળાં સૂત્રોને માટે 'પ્રક્રિયાગ્રન્થ' પણ રચાવો જરૂરી બને છે. આથી 'પ્રક્રિયાગ્રન્થોને પાણિનીય વ્યાકરણના અધ્યયન–અધ્યાપનનો વિનિપાત' કહેવો એમાં સૂક્ષ્મદષ્ટિનો અભાવ છતો થાય છે. અગાઉ કહ્યું છે તેમ, પ્રક્રિયાગ્રન્થોની રચના પ્રવૃત્તિ એ તો પાણિનીય વ્યાકરણનો સુવર્ણયુગ મનાવો જોઈએ.

*

આધુનિક સમયમાં 'અષ્ટાધ્યાયી' ક્રમના જે હિમાયતીઓ છે તેમણે એ પણ યાદ કરવું એ કે સ્વામી શ્રીદયાનન્દ સરસ્વતીજીએ પણ જે આખ્યાતિક, નામિક, સૌવરઃ વગેરે શીર્ષકો હેઠળ પાણિનિનાં સૂત્રોને સમજાવ્યાં છે તેમાં પણ પ્રક્રિયાક્રમનું જ આશ્રયણ કરવામાં આવ્યું છે! આથી 'અષ્ટાધ્યાયીને કંઠસ્થ કરીને, એ જ ક્રમે એ સૂત્રોનો અભ્યાસ કરવો જોઈએ.' એમ કહેવા કરતાં 'અષ્ટાધ્યાયીને કંઠસ્થ કરીને, પછીથી (જ) પ્રક્રિયા ક્રમે સૂત્રોનો અભ્યાસ કરવો જોઈએ.' એમ કહેવું વધુ યુક્તિયુક્ત અને હિતકારી છે.



પ્રક્રિયા ગ્રન્થોની અનિવાર્ય આવશ્યકતા પુરસ્કાર્યા પછી અષ્ટાધ્યાયી ક્રમના અભ્યાસનો એક ગુણપક્ષ પણ કહેવો જોઈએ; અને અત્યાર સુધીમાં રચાયેલા પ્રક્રિયા ગ્રન્થોના અભ્યાસથી થતી એક હાનિને પણ જણાવવી જોઈએ : (૧) પાણિનિએ લાઘવસિદ્ધયર્થે કુશળતાથી લોકની અને વેદની સંસ્કૃત ભાષાનું વ્યાકરણ સમગ્ર 'અષ્ટાધ્યાયી'માં સાથે સાથે જ ગુંથ્યું છે. આથી જો પાણિનિ-પ્રોક્ત ક્રમે જ આ સૂત્રોનું જ્ઞાન મેળવ્યું હોય તો વેદની ભાષાનું વ્યાકરણ પણ યુગપત્ જાણી લેવાય છે [તથા પાણિનિના અમુક અનુબન્ધોનું શું પ્રયોજન છે? એના થકી નિષ્પન્ન થયેલો શબ્દ કેવા સ્વરવાળો હશે?' ઇત્યાદિ જાણી લેવાય છે. દા.ત. 'અષ્ટાધ્યાયી'માં वर्षाभ्यष्ठक् । ૪–૩–૧૮ અને छन्दसि ठञ् । ૪–૩–૧૯ એવાં બે સૂત્રો આવેલાં છે. તેના દ્વારા એવું કહેવાય છે કે–'લોકમાં વર્ષા શબ્દને ठक् પ્રત્યય થાય છે.' જેથી वर्षा + ठक् । ठना સ્થાનમાં इक થઈને वार्षिकम् શબ્દ બને છે. અહીં कितः । ૬–૧–૧૬૫ સૂત્રથી પ્રત્યયને અન્તોદાત્ત થાય છે→ वार्षिकम् । આ પછી ૪-૩–૧૯થી કહેવાય છે કે–'વેદમાં वर्षा શબ્દને ठञ् પ્રત્યય થાય છે' અહીં પૂર્વોક્ત વિધિથી वर्षा + ठञ् → वार्षिकम् શબ્દ બને છે; પણ પાણિનિએ 'क्'ने બદલે નવો અનુબન્ધ 'ञ्' વાપર્યો છે, તે ધ્યાનાસ્પદ છે. તેના કારણે ञ्नित्यादिर्नित्यम् । ૬–૧–૧૯૭ સૂત્રથી ञित् અને नित् પ્રત્યયાન્ત શબ્દ આદ્યુદાત્ત બને છે → वार्षिकम । હવે જે છાત્ર 'અષ્ટાધ્યાયી'ના ઉચ્ચરિત ક્રમે જ પાણિનીય શબ્દાનુશાસન ભણ્યો હશે તેને ૪–૩–૧૮ અને ૧૯ એ બન્ને સૂત્રોનું જ્ઞાન હોવાથી કોઈ વેદમંત્રમાં वार्षिकम्ને આદ્યુદાત્ત જોઈને આશ્ચર્ય કે

શંકા થશે નહીં. પણ જે પ્રક્રિયાક્રમે ભણ્યો હશે (અને વૈદિકી સ્વર પ્રક્રિયામાં ૬-૧-૧૯૭ ભણવાનું બાકી હશે) તેને वार्षिकम्‌માં આદ્યુદાત્ત સ્વર જોઈને આશ્ચર્ય અને શંકા થવાની જ.

બીજો એક સંદર્ભ જોઈએ—આઠમા અધ્યાયના પ્રથમ પાદમાં નીચેનાં ક્રમે સૂત્રો આવેલાં છે :

— अनुदात्तं सर्वमपादादौ । ८-१-१८

— आमन्त्रितस्य च । १९

— युष्मदस्मदोः षष्ठी-चतुर्थी-द्वितीयास्थयोर्वान्नावौ । २०

— बहुवचनस्य वस्-नसौ । २१ વગેરે

હવે પ્રક્રિયા ગ્રન્થોમાં ૨૦મા અને ૨૧માં સૂત્રને અહીંથી ઉઠાવીને સુબન્ત પદોના રૂપાખ્યાનમાં (=ષડ્‌લિંગ પ્રકરણમાં) મૂક્યાં હશે. ત્યાં તો એટલું જ જ્ઞાન થશે કે युष्मद्-अस्मद् શબ્દના દ્વિવચનમાં વિકલ્પે वाम् અને नौ આદેશો થાય છે : (त्वाम्/त्वा-युवाम्/वाम्-युष्मान्/नः) પણ જો વિદ્યાર્થી અષ્ટાધ્યાયીનાં સૂત્રોને એના મૂળ ઉચ્ચરિત ક્રમે ભણ્યો હશે તો ૮-૧-૧૮ સૂત્રમાંથી अनुदात्तम् પદની અનુવૃત્તિ આવી રહી છે એમ પણ જાણતો હશે; જેથી એને લૌકિક સંસ્કૃતમાં युष्मदादिના વૈકલ્પિક રૂપો કેવાં થાય છે એ તો તે જાણશે જ; પણ સાથે સાથે 'આવાં વૈકલ્પિક રૂપોને વેદમંત્રોમાં હંમેશા અનુદાત્ત સ્વર અપાય છે' એનું પણ એને વિશેષ જ્ઞાન થશે.]

આમ પાણિનિનાં સૂત્રોનો ઉચ્ચરિતક્રમે જ અભ્યાસ કરવાનો આ ગુણપક્ષ છે. પરંતુ પ્રક્રિયા ગ્રન્થકારોએ 'વૈદિકી સ્વરપ્રક્રિયા' ઈત્યાદિ પ્રકરણો અલગ તારવ્યાં હોઈને, (અથવા પુરુષોત્તમદેવ જેવાએ પોતાની 'ભાષાવૃત્તિ'માં કેવળ લૌકિક સંસ્કૃતભાષાનાં જ સૂત્રોની ઉપર વૃત્તિ લખી હોઈને) અધ્યેતાને લૌકિકભાષાના વ્યાકરણની સાથો સાથ જ વૈદિકભાષાનું વ્યાકરણ જાણવા મળતું નથી. (૨) બીજી રીતે હાલના પ્રક્રિયા ગ્રન્થોથી અપ્રકટપણે થતી એક હાનિ તરફ પણ ધ્યાન દોરવું જોઈએ. જેમકે, ભટ્ટોજિ દીક્ષિત વગેરે પ્રક્રિયાગ્રન્થકારોએ "આ શબ્દનિષ્પાદક શાસ્ત્રમાં વિવક્ષિત અર્થ એ આરંભબિન્દુ (input) છે અને 'વાક્ય'ના એક એકમ

તરીકે જ કોઈ પણ સુબન્ત પદની સિદ્ધિ કરવામાં આવે છે "એ દર્શાવ્યા પછી જ એટલે કે ક્રિયામાં અન્વિત હોય એવાં કારકોમાંથી કયા કારકનો અર્થ ક્રિયાપદમાંના તિઙ્ (કે કૃત્) પ્રત્યયોથી ઉક્ત (અભિહિત) છે અને અન્ય કયા કયા કારકોનો અર્થ અનુક્ત (અનભિહિત) છે? એની પરીક્ષા કરાવ્યાં પછી જ (એટલે કે પહેલાં કારકસંજ્ઞાઓ અને વિભક્તિપાદ ને ભણાવ્યા પછી જ) – ષડ્લિંગ પ્રકરણમાં આવેલી પ્રક્રિયા મૂકવી જોઈતી હતી. પરંતુ એમ કરવામાં આવ્યું નથી. પરિણામે આજના પ્રક્રિયાગ્રન્થ દ્વારા પહેલું 'ષડ્લિંગપ્રકરણ' અને પછી 'કારક પ્રકરણ' ભણનારને એવી ભ્રાન્તિ થાય છે કે આ પાણિનીય વ્યાકરણ પદસિદ્ધિ કરનારું– કેવળ રૂપાખ્યાનનું—વ્યાકરણ છે. એની એ વાતને ક્યારેય ખબર પડતી નથી કે આ વ્યાકરણમાં તો એકપણ તિઙન્ત પદ કે એકપણ સુબન્ત પદની એકાકી સિદ્ધિ શક્ય જ નથી. ટૂંકમાં, સમગ્ર વાક્યના સન્દર્ભમાં જ—વાક્યના એક અવિભાજ્ય અંગ તરીકે જ—કોઈ પણ 'પદ',ને અહીં સાધવામાં આવે છે. (જુઓ : આ જ પ્રસ્તાવનામાં આગળ આપેલો 'પાણિનીય વ્યાકરણનું સ્વરૂપ' એ મુદ્દો તથા પરિશિષ્ટમાં આપેલ 'પાણિનીય તન્ત્રમાં રૂપાખ્યાન પદ્ધતિ–એક અભ્યાસ.)

*

તત્ત્વાન્વેષીએ 'અષ્ટાધ્યાયીક્રમ' અને 'પ્રક્રિયાક્રમ' એ બેમાંથી કોઈ એકને વિષે જ અભિનિવેશ રાખ્યા વિના, બન્ને પક્ષના ગુણદોષ જાણવા–સમજવા જોઈએ. તેથી ગ્રન્થવિસ્તારનો ભય ત્યજીને, તથા 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ની પ્રસ્તાવનામાં આ મુદ્દાને પ્રાસંગિક ગણીને આટલી ચર્ચા કરી છે. इति शुभं भूयात् ॥

[૧૬] 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નો પરિચય

શ્રી વરદરાજે રચેલી 'લઘુસિદ્ધાન્તકૌમુદી' એ મૂળ તો ભટ્ટોજિ દીક્ષિતની "વૈયાકરણ–સિદ્ધાન્ત–કૌમુદી"નું એક લઘુ સંસ્કરણ છે. આ લઘુસિદ્ધાન્તકૌમુદીમાં વરદરાજે મુખ્ય મુખ્ય કુલ ૧૨૭૨ સૂત્રોને પસંદ કરીને લૌકિક સંસ્કૃત ભાષાનું વ્યાકરણ સરળતાથી રજૂ કરી આપ્યું છે. આમાં કોઈ ગંભીર શાસ્ત્રાર્થો, શંકા-સમાધાનોની ચર્ચાને મૂકવામાં આવેલ નથી. કારણ કે ગ્રન્થકારનો આશય, અગાઉ જણાવ્યું છે તેમ બાળકોને, અલ્પમતિના છાત્રોને સહેલાઈથી પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પ્રવેશ કરાવવાનો છે.

ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી'માં તો પાણિનિનાં તમામ સૂત્રોને પ્રક્રિયાક્રમે ગોઠવી આપ્યાં છે; અને લૌકિકભાષાને લગતાં પ્રકરણો શરૂમાં મૂકીને અન્તે વૈદિક સંસ્કૃત ભાષાને લગતાં સૂત્રોનાં 'વૈદિકી સ્વર પ્રક્રિયા' ઈત્યાદિ પ્રકરણો અલગ કરીને મૂકી આપ્યાં છે. તદુપરાંત તેમાં રૂઢ, અવ્યુત્પન્ન, અતિપરોક્ષવૃત્તિવાળા શબ્દોની સિદ્ધિ દર્શાવવા માટે શાકટાયન (?)નાં 'ઉણાદિસૂત્રો'ના પ્રકરણોને અને શાન્તનવ (?)નાં (વૈદિક સ્વર વિષયક) ફિટ્સૂત્રોને પણ સમાવી લીધાં છે. પરંતુ શ્રીમદ્ વરદરાજે આ ઉણાદિસૂત્રો અને ફિટ્સૂત્રોને પોતાની 'લઘુસિદ્ધાન્ત-કૌમુદી'માં મૂક્યાં નથી, તેમણે તો જે મુખ્ય મુખ્ય સૂત્રોને પસંદ કર્યાં છે, તેની ઉપર સાદી સરળ વૃત્તિ રચી છે, અને પછી તરત એ સૂત્રની પ્રવૃત્તિ કરવાથી જે રૂપ–પદ–ની સિદ્ધિ થતી હોય તેને ઉદાહરણ તરીકે મૂકેલ છે. અલબત્ત, જ્યાં જ્યાં આવશ્યક હોય ત્યાં અમુક વાર્ત્તિકોને (અને ક્યારેક પરિભાષાવચનોને) પણ મૂક્યાં છે.

*

'લઘુસિદ્ધાન્તકૌમુદી'માં જે વિષયાનુક્રમ જોવા મળે છે તે નીચે મુજબ છે :

(क) સંજ્ઞા પ્રકરણ
(ख) સન્ધિ પ્રકરણો
(ग) ષડ્લિંગ પ્રકરણો (સુબન્ત)
—અજન્ત પુંલિંગ નામો
—અજન્ત સ્ત્રીલિંગ નામો
—અજન્ત નપુંસકલિંગ નામો
—હલન્ત પુંલિંગ નામો
—હલન્ત સ્ત્રીલિંગ નામો
—હલન્ત નપુંસકલિંગ નામો
(घ) અવ્યય પ્રકરણ

પૂર્વાર્ધ પૂરો

ઉત્તરાર્ધમાં

(च) તિઙન્ત પ્રકરણો (દશ ગણનાં –ક્રિયાપદોની રૂપ પ્રક્રિયા)

૧. भ्वादि	૬. तुदादि
૨. अदादि	૭. रुधादि
૩. जुहोत्यादि	૮. तनादि
૪. दिवादि	૯. क्र्यादि
૫. स्वादि	૧૦. चुरादि

(छ) सनादिप्रक्रिया (નામધાતુ વગેરે)
(ज) कृत्यप्रक्रिया
(झ) કૃદન્ત પ્રકરણ
(ञ) વિભક્ત્યર્થ પ્રકરણ
(ट) સમાસ પ્રકરણ
(ठ) તદ્ધિત પ્રકારણ
(ड) સ્ત્રીપ્રત્યય પ્રકરણ

વરદરાજે આ વિષયાનુક્રમ ભટ્ટોજિ દીક્ષિતથી જુદા પડીને થોડોક નવી રીતે ગોઠવ્યો છે તે નોંધપાત્ર છે. જેમકે,

[૧]. 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'માં ભટ્ટોજિ દીક્ષિતે સંજ્ઞા, પરિભાષા અને ષડ્લિંગ પ્રકરણ પછી અવ્યય પ્રકરણ મૂક્યું છે. ત્યાર પછી તરત જ 'સ્ત્રીપ્રત્યય પ્રકરણ' મૂક્યું છે. જ્યારે વરદરાજે આ છેલ્લા ક્રમમાં થોડોક ફેરફાર કર્યો છે. તેમણે તો તિઙન્ત, કૃદન્ત, સમાસ અને તદ્ધિતની પાછળ 'સ્ત્રીપ્રત્યય પ્રકરણ'ને મૂક્યું છે! આવું કરવાનું કારણ એ જણાય છે કે વિદ્યાર્થી કૃદન્ત નામો (દા.ત. कुरुषु चरति इति कुरुचर ।) બનાવતાં શીખી લે; તથા તત્પુરુષ, બહુવ્રીહિ વગેરે સમાસો બનાવવાનું જાણી લે (દા.ત. सुधीभिः उपास्य इति सुध्युपास्य ।) તથા उपगोः अपत्यं पुमान् इति औपगव । એવા તદ્ધિત નામો બનાવતા શીખી જાય પછી જ એ એ શબ્દોનું સ્ત્રીલિંગમાં રૂપાંતર કરવું હોય તો કયાં કયો સ્ત્રીત્વનો વાચક પ્રત્યય લગાડવો જોઈએ? એ શીખવાની જરૂર ઊભી થાય છે. જેમકે, कुरुचर→कुरुचरी । सुध्युपास्य→सुध्युपास्या । औपगव→औपगवी । આથી સ્ત્રીપ્રત્યયપ્રકરણનું સ્થાન, વરદરાજના મતે સૌથી છેલ્લે આવે છે! વિદ્વાનો જાણે છે કે 'સ્ત્રીપ્રત્યય' ભણતાં પહેલાં चरेष्टः । तस्यापत्यम् (अण्) । વગેરે સૂત્રો જાણવાં જરૂરી છે; તે પછી જ टिड्ढाणञ्द्वयसच्० । વગેરે સૂત્રને ભણી શકાય.

[૨] ભટ્ટોજિ દીક્ષિતે, ષડ્લિંગ પ્રકરણ, અવ્યય પ્રકરણ અને સ્ત્રીપ્રત્યય પ્રકરણ મૂક્યાં પછી 'કારક પ્રકરણ'ને મૂક્યું છે. આ ક્રમમાં પણ સુધારો કરીને વરદરાજે પોતાની 'લઘુસિદ્ધાન્તકૌમુદી'માં તિઙન્ત પ્રકરણ અને કૃદન્ત પ્રકરણો મૂક્યાં પછી જ 'વિભક્ત્યર્થપ્રકરણ' રજૂ કર્યું છે. (એમણે 'કારકપ્રકરણ' એવું શીર્ષક પણ બદલીને વધુ વિશદાર્થ નામ રાખ્યું છે.) આવો ક્રમભેદ કરવાનું કારણ પણ સ્પષ્ટ છે કે વિદ્યાર્થીને कर्तृकरणयोस्तृतीया, अकथितञ्च, કે अनभिहिते ।ની વાત ત્યારે જ સમજાશે કે જ્યારે એ તિઙન્ત પ્રકરણમાંથી लः कर्मणि च भावे चाकर्मकेभ्यः જેવું સૂત્ર ભણી ચૂક્યો હોય. એ જ પ્રમાણે तव्य, अनीय વગેરે કૃદન્ત પ્રત્યયો 'ભાવ' કે 'કર્મ' અર્થમાં થાય છે. એમ જાણ્યા પછી જ "अनभिहिते

कर्मणि द्वितीया । થી અનુક્ત કર્મને વ્યક્ત કરવા દ્વિતીયા વિભક્તિ વાપરવી, એ સિવાય 'કર્મ અભિહિત હોય તો' તેને પ્રથમા વિભક્તિ મળે"—એ વાત સમજવી શક્ય બને છે.

આમ જે એ પ્રકરણોનો ક્રમ વરદરાજે બદલ્યો છે તે જાણે કે એક રીતે ભટ્ટોજિ દીક્ષિતના વિષયાનુક્રમ ઉપરની વરદરાજે કરેલી મુંગી ટીકા છે ! એમણે સૂચવેલો નવો વિષયાનુક્રમ વધુ તાર્કિક અને વિદ્યાર્થીને માટે ઉપયુક્ત છે એ નિઃશંક છે.

॥ श्रीः ॥

श्रीमद्वरदराजाचार्य-प्रणीता

लघुसिद्धान्तकौमुदी

नत्वा सरस्वतीं देवीं शुद्धां गुण्यां करोम्यहम् ।
पाणिनीयप्रवेशाय लघुसिद्धान्तकौमुदीम् ॥

મંગલાચરણ

અનુવાદ : "પ્રશંસનીય ગુણોવાળી અને શુદ્ધ એવી દેવી સરસ્વતીને નમીને, હું (વરદરાજ) (શિષ્યોનો) પાણિનીય (વ્યાકરણશાસ્ત્ર)માં પ્રવેશ થાય એટલા માટે ગુણશાળી અને શુદ્ધ (= દોષરહિત) એવી 'લઘુસિદ્ધાન્તકૌમુદી' રચું છું."

(વિવરણ) : (૧) શુદ્ધાં એટલે પરિશુદ્ધ, દોષરહિત અને ગુણ્યાં એટલે ગુણશાળી, પ્રશંસનીય ગુણોવાળી (गुण + य). આ બન્ને પદો 'સરસ્વતી'ના અને 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ના વિશેષણ રૂપે લઈ શકાય એમ છે. (૨) આ ગ્રંથનું શીર્ષક लघुसिद्धान्तकौमुदी રાખવામાં આવ્યું છે. તેનો વિગ્રહ આમ થશે : (वैयाकरणानां) सिद्धान्त नां कौमुदी (=प्रकाशिका) इति सिद्धान्तकौमुदी । [(વૈયાકરણોના) સિદ્ધાન્તોની ઉપર પ્રકાશ ફેલાવનારી કૌમુદી=ચન્દ્રિકા]. लघ्वी चासौ सिद्धान्तकौमुदी इति लघुसिद्धान्त-कौमुदी । નાની એવી સિદ્ધાન્તકૌમુદી તે "લઘુસિદ્ધાન્ત-કૌમુદી". (૩) અહીં ટૂંકમાં પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ઈતિહાસ ઉપર એક દૃષ્ટિપાત કરી લઈએ તો—ઈ. સ. પૂર્વે ૬૦૦ માં મહર્ષિ પાણિનિએ ૩૯૭૭ સૂત્રોવાળું અને આઠ અધ્યાયમાં વહેંચાયેલું એવું अष्टाध्यायी નામથી ઓળખાતું વ્યાકરણ રચ્યું. ત્યાર પછી બસો-અઢીસો વર્ષે કાત્યાયન =વરરુચિ નામના બીજા એક વૈયાકરણ આવ્યા, તેમણે આ પાણિનિનાં સૂત્રો ઉપર સુધારા-વધારા સૂચવતાં વચનો લખ્યાં, એને "વાર્તિક" કહેવામાં આવે છે. એ પછી ઈ. સ. ૧૫૦-૨૦૦ માં પતંજલિ નામના ત્રીજા વૈયાકરણ આવે છે; જેમણે પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનનાં વાર્તિકોની ઉપર "વ્યાકરણ-મહાભાષ્ય" રચ્યું. આમ સૂત્રકાર પાણિનિ, વાર્તિકકાર કાત્યાયન અને ભાષ્યકાર પતંજલિ-આ ત્રણેય મુનિઓએ ભેગા મળીને સંસ્કૃત ભાષાનું સુદૃઢ વ્યાકરણ તૈયાર કર્યું; આને "પાણિનીયવ્યાકરણશાસ્ત્ર" કહેવામાં આવે છે.

કાલક્રમે ઈ. સ. ૬૦૦ માં વામન અને જયાદિત્યે ઉપર્યુક્ત ત્રણેય મુનિઓની કૃતિઓનો અભ્યાસ કરીને પાણિનિનાં સૂત્રોને યથાક્રમે સમજાવવા માટે "કાશિકાવૃત્તિ"

નામનો ગ્રંથ લખ્યો. તેમાં સૂત્રોના અર્થ અને તે સૂત્રોથી સિદ્ધ થતાં રૂપો=પદો =ઉદાહરણો રજૂ કર્યાં છે. આ પછી ૧૪૫૦ ઈ. સ. માં ભટ્ટોજિ દીક્ષિતે પાણિનિનાં બધાંય સૂત્રોનો ક્રમ બદલી કાઢીને, તેની નવેસરથી વિષયાનુસારિણી ગોઠવણ કરી બતાવી; અને સૂત્રોના વ્યવસ્થિત અર્થ કરી આપીને, ઉદાહરણો આપ્યાં છે. આ ગ્રંથનું નામ "વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી" રાખવામાં આવ્યું છે. ત્યાર પછી, ઓછા સમયમાં, થોડી ઓછી સૂક્ષ્મ બુદ્ધિથી જેમને વ્યાકરણ ભણવું હતું તેમને માટે વરદરાજે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી"ની રચના કરી છે. તથા નાનપણથી જ જેમને વ્યાકરણ ભણવાની ઈચ્છા હોય તથા બુદ્ધિ કુશાગ્ર ન થઈ હોય એવા વિદ્યાર્થીઓને માટે પણ તેમણે (વરદરાજે) 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે. આ લઘુગ્રંથમાં મુખ્ય 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'નો વિષયાનુક્રમ થોડોક બદલી કાઢવામાં આવ્યો છે; તથા પસંદ કરેલાં અમુક અમુક સૂત્રોને જ મૂકવામાં આવ્યાં છે. "વૈયાકરણ-સિદ્ધાન્તકૌમુદી'માં પાણિનિનાં પૂરેપૂરાં ૩૯૭૭ સૂત્રો સમજાવ્યાં છે, પણ 'લઘુસિદ્ધાન્ત-કૌમુદી'માં ૧૨૭૨ સૂત્રોને સમાવવામાં આવ્યાં છે.

१

अथ सञ्ज्ञाप्रकरणम्

(अक्षर-समाम्नायः)

अइउण् १ । ऋलृक् २ । एओङ् ३ । ऐऔच् ४ । हयवरट् ५ । लण् ६ । ञमङणनम् ७ । झभञ् ८ । घढधष् ९ । जबगडदश् १० । खफछठथचटतव् ११ । कपय् १२ । शषसर् १३ । हल् १४ ॥

(વિવરણ) : આ ચૌદ સૂત્રોને 'અક્ષર સમામ્નાય', 'વર્ણ સમામ્નાય', 'શિવસૂત્રો' કે 'માહેશ્વરસૂત્રો'ના નામે ઓળખવામાં આવે છે. તેમાં ૧ થી ૪ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના નવ સ્વરોને દર્શાવવામાં આવ્યા છે. (આમાં अ इ उ અને ऋ સ્વરોના દીર્ઘભેદો आ ई ऊ અને ॠ ને દર્શાવવામાં આવ્યા નથી.) ત્યાર પછી પાંચમા અને છઠ્ઠા સૂત્રોમાં (હકારને છોડીને) ય વ ર લ એવા ચાર 'અન્તઃસ્થ' વર્ણો નોંધ્યા છે. ૭ થી ૧૨ સુધીનાં સૂત્રોમાં (સ્પર્શ) વ્યંજનો ઉલ્લેખ્યા છે; અને છેલ્લાં બે સૂત્રોમાં ઊષ્માક્ષરોને દર્શાવ્યા છે.

અહીં ૭ થી ૧૨ સુધીનાં સૂત્રોમાં જે સ્પર્શ વ્યંજનો દર્શાવ્યા છે, તેની ગોઠવણીનો ક્રમ તપાસવા જેવો છે. જેમકે, પ્રચલિત ક્રમ અનુસાર તો क, च

વગેરે વર્ગોના વ્યંજનો આમ ગણાવાય છે—

૧.	क	च	ट	त	प
૨.	ख	छ	ठ	थ	फ
૩.	ग	ज	ड	द	ब
૪.	घ	झ	ढ	ध	भ
૫.	ङ	ञ	ण	न	म

પરંતુ પાણિનિએ આ વર્ણક્રમને ઉલટાવી દીધો છે. એટલે કે

૫. ञमङणनम्—એ સૂત્રમાં क વગેરે વર્ગોના અંતિમ = પાંચમા પાંચમા વર્ણોને ભેગા કર્યા છે. ૪. झभञ् । घढधष्—એ સૂત્રોમાં દરેક વર્ગના ચોથા-ચોથા વર્ણોને ઉલ્લેખ્યા છે. ૩. जबगडदश्—એ સૂત્રમાં દરેક વર્ગનો ત્રીજો વર્ણ દર્શાવ્યો છે. ૨. खफछठथ—એટલા સૂત્રાંશમાં દરેક વર્ગનો બીજો બીજો અક્ષર મૂક્યો છે. ૧. —चटतव् । कपय् । એટલા ભાગમાં દરેક વર્ગનો પ્રથમ—પ્રથમ વર્ણ લીધો છે.

इति माहेश्वराणि सूत्राण्यणादिसंज्ञार्थानि । एषामन्त्या इतः । हकारादिष्वकार उच्चारणार्थः । लण्मध्ये त्वित्संज्ञकः ।

અનુવાદ : આટલાં (૧૪) સૂત્રોને 'માહેશ્વર સૂત્રો' (=મહેશ્વર શંકર પાસેથી પ્રાપ્ત થયેલાં સૂત્રો) કહેવામાં આવે છે, આ સૂત્રો अण्-अच्-हल् વગેરે સંજ્ઞાઓ બનાવવા માટે છે. આ ચૌદ સૂત્રોમાં જે જે અંતિમ વર્ણો છે (દા. ત. ण्, क्, ङ्, च् વગેરે) તે इत् સંજ્ઞક છે. (=આ અંતિમ વર્ણોની इत् એવી સંજ્ઞા થાય છે/કરવામાં આવશે.) વળી, છઠ્ઠા हयवरट् સૂત્રથી જે ह વગેરે વ્યંજનો લખ્યા છે તેમાં (=ह વગેરેમાંનો=ह् + अ) અંતે જોડેલો અકાર ઉચ્ચારણ માટે છે એમ જાણવું. (અર્થાત્ તે તે વ્યંજનોમાં અંતે અસ્વર ઉમેર્યો ના હોત તો તે એકલા વ્યંજનોનું ઉચ્ચારણ કરવું મુશ્કેલ બની જાત.) પણ लण् એવા છઠ્ઠા સૂત્રમાં (=ल् अ ण्) વચ્ચે જે અકાર ઉમેર્યો છે, (તે ઉચ્ચારણ માટે નથી; પણ) તે તો 'इत्' સંજ્ઞાવાળો છે એમ જાણવું. [तु + इत्संज्ञक = त्वित्संज्ञकः]

(વિવરણ) : (૧) આ ચૌદ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના શિષ્ટ માન્ય સ્વરધ્વનિઓ અને વ્યંજનધ્વનિઓને રજૂ કરવામાં આવ્યા છે. આથી આ ચૌદ સૂત્રોના સમૂહને 'અક્ષરસમામ્નાય' કે 'વર્ણસમામ્નાય' (અર્થાત્ "અક્ષર રૂપ વેદ") કહેવામાં આવેલ છે. વળી, આને પરંપરાથી 'માહેશ્વરસૂત્રો' કે 'શિવસૂત્રો' પણ કહેવામાં આવે છે. વૈયાકરણ સમ્પ્રદાયમાં એવી અનુશ્રુતિ ઊતરી આવી છે કે—

नृत्तावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम् ।
उद्धर्तुकामः सनकादिसिद्धान् एतद्विमर्शे शिवसूत्रजालम् ॥

"સનક વગેરે સિદ્ધ ઋષિઓનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા નટરાજ શંકરે તાંડવનૃત્ત પૂરું થતાં નવ અને પાંચ (=ચૌદ)વાર પોતાનું ડમરું વગાડયું; એમાંથી આ શિવસૂત્રોનો સમૂહ ઉત્પન્ન થયો છે." આ જ વાતને 'પાણિનીય–શિક્ષા'માં પણ येनाक्षरसमाम्नायम् अधिगम्य महेश्वरात् । कृत्स्नं व्याकरणं प्रोक्तम् तस्मै पाणिनये नमः ॥ એવા શ્લોકમાં પણ ઉલ્લેખવામાં આવી છે. (૨) 'ઈત્' સંજ્ઞા એવા વર્ણોની કરવામાં આવે છે કે જે ભવિષ્યમાં અદર્શન પામવાના હોય છે, એટલે કે લુપ્ત થઈ જવાના હોય છે. एति = गच्छति इति इत् । = જે જતા રહેનારા વર્ણો છે તે इत्. (૩) ચૌદેય સૂત્રોના અંતિમ વ્યંજનો (ण् क्-ङ्-च् વગેરે) ચૌદ વર્ણોની 'ઈત્' સંજ્ઞા જાહેર કરવા ઉપરાંત, અહીં વૃત્તિમાં વરદરાજે એક વિશેષ વાત એ પણ કહી રાખી છે કે लण् । સૂત્રમાંના [ण् કારની ઈત્ સંજ્ઞા થવાની સાથે (ल=ल् + અમાં) ल् કારોત્તારવર્તી અ (અર્થાત્ લ માંના અ) કાર રૂપ પંદરમા વર્ણની પણ इत् સંજ્ઞા કરવાની છે.

---

1. हलन्त्यम् । १–३–३

उपदेशेऽन्त्यं 'हल्' इत् स्यात् । उपदेश आद्योच्चारणम् । सूत्रेष्वदृष्टं पदं सूत्रान्तराद् अनुवर्तनीयं, सर्वत्र ।

અનુવાદ : ઉપદેશમાં (અર્થાત્) ઉપર્યુક્ત ચૌદ માહેશ્વર સૂત્રોમાં) અંતે આવેલા हल् (=વ્યંજનો; જેવા કે—ण्, क्, ङ् વગેરે)ની 'इत्' એવી સંજ્ઞા થાય છે. 'ઉપદેશ' એટલે (આ શાસ્ત્રમાં) આરંભે કરવામાં આવેલું ઉચ્ચારણ (દા. ત. ચૌદ માહેશ્વર સૂત્રો). [અહીં બીજી પણ એક વાત જાણવા યોગ્ય છે. જેમકે—] (પાણિનિનાં) સૂત્રોમાં નહીં દેખાતું પદ બીજાં (=એના પૂર્વ) સૂત્રોમાંથી નીચે ઉતારી લાવવું; [અર્થાત્ એવા પદની ઉપરના કોઈ સૂત્રમાંથી 'અનુવૃત્તિ' આવે છે એમ માનવું.] અને આવી વ્યવસ્થા સર્વત્ર જોવા મળે છે. (આખા શાસ્ત્રમાં સ્વીકારવામાં આવી છે).

(વિવરણ) : આ સૂત્ર ઉપરની 'વૃત્તિ'માં કુલ ત્રણ વાક્યો આવેલાં છે અને તે દરેકમાં એક એક મુદ્દો રજૂ કર્યો છે. જેમકે, (૧) ઉપદેશમાં અર્થાત્ આરંભે મૂકેલાં ૧૪ માહેશ્વર સૂત્રોમાં અંતે આવેલા हल् = વ્યંજનોની इत् સંજ્ઞા થાય છે. [इत् એટલે ભવિષ્યમાં જે વર્ણો જતા રહેવાના છે તેવા વર્ણો.] દા. ત. अइउण् । એ સૂત્રમાંનો અંતિમ ण् વ્યંજન इत् સંજ્ઞાવાળો છે. ऋऌक् । સૂત્રનો અંતિમ क् વ્યંજન इत् સંજ્ઞાવાળો છે. આમ ચૌદેય સૂત્રમાં સમજવું. (૨) 'ઉપદેશ' શબ્દનો અર્થ 'આદ્ય = પ્રથમ ઉચ્ચારણ' એમ કરવામાં આવ્યો છે. આ વ્યાકરણશાસ્ત્રના પ્રથમ ત્રણ આચાર્યોના ઉચ્ચારણને 'ઉપદેશ' કહે છે. પાણિનિ, કાત્યાયન અને

પતંજલિનાં કયાં કયાં ઉચ્ચારણોને 'ઉપદેશ' તરીકે ગણાવવામાં આવ્યાં છે એ કહેતો એક શ્લોક આ પ્રમાણે છે—

धातु–सूत्र–गणो–णादि–वाक्य–लिङ्गानुशासनम् ।
आगम–प्रत्यया–देशा 'उपदेशाः' प्रकीर्तिताः ॥

અર્થાત્ ધાતુપાઠમાં ગણાવેલા ધાતુઓ, 'અષ્ટાધ્યાયી'માં મૂકેલાં સૂત્રો, (એમાં માહેશ્વરસૂત્રોનો પણ સમાવેશ થઈ જાય છે), ગણપાઠ, ઉણાદિસૂત્રો, (ભાષ્યનાં) વાક્યો, લિંગાનુશાસન, આગમો, પ્રત્યયો અને આદેશોને "ઉપદેશ" કહેવામાં આવ્યા છે. (૩) हलन्त्यम् । એવા સૂત્રનો સન્ધિચ્છેદ કરીને જોઈએ તો તેમાં हल् અને अन्त्यम् એવાં બે પદો જ આવેલાં છે. જયારે વરદરાજે એનો અર્થ સમજાવવા જે વૃત્તિ (= ટીકા) લખી છે તેમાં તો "उपदेशे" अन्त्यम् हल् "इत्" स्यात् । (ઉપદેશમાં અંતે આવેલા हल् = વ્યંજનની "इत्" સંજ્ઞા થાય છે.) એમ બે નવાં પદો ઉમેરીને અર્થ કર્યો છે. તો અહીં પ્રશ્ન થાય કે વરદરાજે 'ઉપદેશ' અને 'ઇત્' એવા શબ્દો ક્યાંથી લીધા હશે ? આનો જવાબ ત્રીજા વાક્યમાં આપવામાં આવ્યો છે. વરદરાજ કહે છે કે એક સૂત્રને સમજાવવા માટે જે નવાં/બીજાં પદો ઉમેરીને વૃત્તિ લખવામાં = અર્થઘટન કરવામાં આવે છે, તે નવાં/બીજાં પદો કોઈને કોઈ પુરોગામી સૂત્રમાંથી 'અનુવૃત્ત' થઈને = ઊતરી આવતાં પદો છે એમ જાણવું. દા. ત., પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં નીચેના ક્રમે સૂત્રો લખ્યાં છે :—

१. भूवादयो धातवः । १–३–१
२. उपदेशेऽजनुनासिक इत् । १–३–२
३. हलन्त्यम् । १–३–३
४. न विभक्तौ तुस्माः । १–३–४
५. आदिर्ञिटुडवः । १–३–५
६. षः प्रत्ययस्य । १–३–६
७. चुटू । १–३–७
८. लशक्वतद्धिते । १–३–८
९. तस्य लोपः । १–३–९

અહીં, બીજા સૂત્રમાં આવેલા 'ઉપદેશે' અને 'ઇત્' એવા બે શબ્દોનું નીચે-નીચેનાં સૂત્રોમાં (આઠમા સૂત્ર સુધી) અનુસરણ થાય છે. આમ એક પુરોગામી સૂત્રમાંથી અમુક પદો બીજા અનુગામી સૂત્રોમાં અનુસરણ પામે, તો તેને "અનુવૃત્તિ" કહેવામાં આવે છે. હવે 'સિદ્ધાન્તકૌમુદી' નામના ગ્રંથમાં તો (અગાઉ 'મંગલા-

ચરણ'ના વિવરણમાં જણાવ્યું છે તેમ) પાણિનિનાં સૂત્રોનો ઉપસ્થિતિક્રમ બદલી કાઢવામાં આવ્યો છે. જેમકે, આપણે આ 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નો પ્રારંભ કર્યો ત્યારે સૌથી પહેલાં ૧૪ માહેશ્વર સૂત્રો જોયાં; ત્યાર પછી પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થમાં આવેલાં સૂત્રોના અનુક્રમને જો અનુસરવાનું હોય તો તો वृद्धिरादैच् । १-१-१ (પહેલા અધ્યાયના, પહેલા પાદનું પહેલું સૂત્ર) જ અહીં વરદરાજે પહેલું રજૂ કરવું જોઈતું હતું, પણ તેમણે એવું કર્યું નથી. તેમણે તો ૧૪ માહેશ્વર સૂત્રો પછી તરત हलन्त्यम् । १-३-३ એવું સૂત્ર રજૂ કર્યું છે. આથી આપણને = સીધી 'લઘુકૌમુદી'થી વ્યાકરણ ભણવાની શરૂઆત કરનાર વિદ્યાર્થીને તો એ ખબર જ ના હોય કે ૧-૩-૩ ની પૂર્વે કયાં કયાં સૂત્રો આવેલાં છે ? અને તે સૂત્રોમાંથી કયાં કયાં પદોની અનુવૃત્તિ નીચે ઉતરી આવે છે. આથી વરદરાજે આ મુદ્દાને ધ્યાનમાં રાખીને લખ્યું છે કે હવે પછી સૂત્રોનો અર્થ સમજાવતી વખતે 'વૃત્તિ'માં જે જે નવાં પદો આવેલાં/લખેલાં જણાય તે પદો બીજા કોઈ સૂત્રમાંથી = પુરોગામી સૂત્રમાંથી અનુવૃત્ત થઈને આવ્યા હશે એમ જાણવું. દા. ત.,—

१. उपदेशेऽजनुनासिक इत् । १-३-२ માંથી

२. (उपदेशे) हल् अन्त्यम् । (इत्) । १-३-३

એમાં પણ ઉપરથી બે પદો અનુવૃત્ત થઈને આવ્યાં છે. (પાણિનિએ પોતાનાં સૂત્રો બને એટલાં ટૂંકાં = સ્વલ્પાક્ષર બને, અને એ રીતે લાઘવ સધાય એટલા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિઓ કરી છે. તેમાંથી એક મુખ્ય પ્રયુક્તિ તે આ 'અનુવૃત્તિ'ની છે. [જિજ્ઞાસુએ : "પાણિનીય વ્યાકરણમાં લાઘવસિદ્ધિ", "સમ્બોધિ", લા. દ. પુરાતત્ત્વ મન્દિર, અમદાવાદ ૧૯૮૯, અંક-૧૩, પૃ. ૪૧ ઉપરનો મારો લેખ જોવો.]

---

2. अदर्शनं लोपः । १-१-६०

प्रसक्तस्यादर्शनं लोपसंज्ञं स्यात् ।

3. तस्य लोपः । १-३-९

तस्येतो लोपः स्यात् । णादयोऽणाद्यर्थाः ।

અનુવાદ : ૨. આવી પડેલા (=ઉચ્ચારવા માટે પ્રાપ્ત થયેલા) વર્ણનું અદર્શન થાય (=સાંભળવા ન મળે), તેની "લોપ" એવી સંજ્ઞા થાય છે. (=એ વર્ણનો લોપ' થયો છે એમ કહેવાશે.)

૩. [જેની 'ઇત્' સંજ્ઞા કરવામાં આવી છે,] તે (ઇત્સંજ્ઞક વર્ણ)નો લોપ (=અદર્શન) થાય છે. (આ રીતે अइउण् વગેરે ૧૪ માહેશ્વર સૂત્રોમાંના જે જે અંતિમ ण्, क्, ङ् વગેરેની इत् સંજ્ઞા કરવામાં આવી છે;) તે ण् વગેરે ઇત્સંજ્ઞક વર્ણો अण् (–अच्–हल्) વગેરે (પ્રત્યાહારો) બનાવવા માટે છે.

(વિવરણ) : અહીં हलन्त्यम् । સૂત્રથી 'ઇત્' સંજ્ઞા અને આ બીજા સૂત્રથી 'લોપ' સંજ્ઞા કોની થાય છે એ બતાવવામાં આવ્યું છે. આ બન્ને સંજ્ઞા સૂત્રો દ્વારા જે સંજ્ઞાઓ કહેવામાં આવી છે, તે સાંભળીને પ્રશ્ન થાય કે આવી સંજ્ઞાઓ કરવાનું શું ફળ/પ્રયોજન છે ? કેમકે—या या संज्ञा, सा सा फलवती । (જે જે સંજ્ઞા હોય છે, તે કોઈકને કોઈ ફળવાળી હોય છે) એવો ન્યાય છે.

આ દષ્ટિએ વિચારીએ તો हलन्त्यम् થી જયારે અમુક–અમુક વર્ણોની ઇત્ સંજ્ઞા જાહેર કરવામાં આવી ત્યારે પ્રશ્ન થવાનો કે આ ण्–क्–ङ् વગેરે અંતિમ इत् સંજ્ઞક વર્ણોનું શું કરવાનું છે ? તો પાણિનિ तस्य लोपः । १–३–९ જેવા એક વિધિસૂત્રથી જાહેર કરે છે કે १–३–२ થી શરૂ કરીને १–३–८ સૂત્રો દ્વારા જે જે વર્ણોની ઇત્ સંજ્ઞા જાહેર કરવામાં આવી છે, તેનો "લોપ" કરવાનો છે. હવે, વિદ્યાર્થીઓને પ્રશ્ન થાય કે "લોપ કરવાનો છે." એટલે શું કરવાનું છે ? તો પાણિનિએ સમજાવ્યું છે કે अदर्शनं लोपः । "એકવાર જે વર્ણ સાંભળવા/જોવા મળ્યો છે (દા. ત., अइउण् । માંનો ण् કાર) તે આગળ ઉપર=શાસ્ત્રપ્રક્રિયા દરમિયાન દેખાતો/સંભળાતો બંધ થઈ જાય" એને '(તે વર્ણનો) લોપ' થયો એમ કહેવાશે. [શાસ્ત્રપ્રક્રિયામાં = કોઈ પ્રકૃતિને પ્રત્યય જોડીને, તેમાંથી રૂપો = પદો બનાવતી વખતે તે इत संज्ञक વર્ણોનું દર્શન કે શ્રવણ થવાનું નથી; તેમનો તો લોપ થઈ જવાનો છે.]

તો હવે પ્રશ્ન થશે કે अइउण् । ऋलृक् । વગેરે ચૌદ માહેશ્વર સૂત્રોના અંતિમ ण् क्, ङ् વગેરે इत् સંજ્ઞાવાળા વર્ણોનો લોપ (=અદર્શન) કરવાનો હોય તો પછી સૂત્રકાર પાણિનિએ એને ત્યાં જોડવાની જરૂર જ શી હતી ?=એ વર્ણો ત્યાં ન જ લખ્યા હોત તો ના ચાલી શકત ? અર્થાત્ એ ભવિષ્યમાં લોપ પામનારા इत् સંજ્ઞક વર્ણો ત્યાં જોડવાનું શું પ્રયોજન છે ? આનો પ્રત્યુત્તર આપતાં વરદરાજે લખ્યું છે કે णादयः अणाद्यर्थाः । ण्, क्, ङ् વગેરે इत् સંજ્ઞક વર્ણો તો એટલા માટે જોડયા છે કે ભવિષ્યમાં એ વર્ણોની મદદથી બીજી अण्, अच्, हल् વગેરે ૪૩/૪૪ પ્રકારની સંજ્ઞાઓ (=જેને 'પ્રત્યાહાર' પણ કહેવામાં આવે છે, તે)ને બનાવવાની છે.

હવે તે ण् વગેરે इत् સંજ્ઞક વર્ણોની મદદથી **કેવી રીતે** अण्, अच् વગેરે સંજ્ઞાઓ બને છે; અને તે સંજ્ઞાઓને 'પ્રત્યાહાર' **શા માટે** કહેવામાં આવે છે ? એનું નિરૂપણ કરવા માટે નીચેનાં સૂત્રો રજૂ થાય છે :—

4. आदिरन्त्येन सहेता । १–१–७१

अन्त्येन इता सहित आदिः, मध्यगानां स्वस्य च संज्ञा स्यात् ॥ यथा 'अण्' इति "अ–इ–उ"–वर्णानां संज्ञा । एवम् अक्–अच्–अल्–हल् इत्यादयः ॥

અનુવાદ : (કોઈ પણ) અંતિમ ઇત્ સંજ્ઞાવાળા વર્ણની સાથે (ઉચ્ચારવામાં) આવેલો (કોઈપણ એક) આદિ વર્ણ–તે (બે ભેગા મળીને) મધ્યગામી વર્ણો અને પોતાની પણ સંજ્ઞા બને છે. જેમ કે, અણ્ એવી સંજ્ઞા છે, [કે જેમાં એક ઇત્ સંજ્ઞાવાળા ण् વર્ણને, બીજા એક આદિવર્ણ=અકારની સાથે (=એટલે કે અણ્ રૂપે) ઉચ્ચારવામાં આવ્યો છે; તે 'અણ્ એવી સંજ્ઞા] અકાર, ઇકાર અને ઉકાર રૂપ ત્રણ વર્ણોની સંજ્ઞા છે. [અર્થાત્ અણ્ એવી સંજ્ઞાથી अ इ–उ એવા ત્રણ વર્ણોનો બોધ થાય છે]. આ જ પ્રમાણે, अक्, अच्, अल् અને हल् વગેરે સંજ્ઞાઓ પણ બનાવવામાં આવી છે (એમ જાણવું).

(વિવરણ) : (૧) આ સૂત્ર ('પ્રત્યાહાર' અર્થાત્) अण्, अच्, हल् વગેરે સંજ્ઞાઓ કેવી રીતે બનાવવામાં આવે છે ? એની સ્પષ્ટતા કરનારું છે. આ સૂત્ર એમ કહે છે કે સૌથી પહેલા પૂર્વોક્ત ૧૪ માહેશ્વર સૂત્રોમાં અંતે આવેલા ण्–क्–ङ्–च् વગેરેમાંથી કોઈ એક વર્ણ (કે જેમની 'इत्' સંજ્ઞા પાડવામાં આવી છે) તેને લઈને તેની પૂર્વમાં કોઈ એક આદિ વર્ણ મૂકી દેવામાં આવે તો તે બે વર્ણો મળીને જે સંજ્ઞા બને, તેને "પ્રત્યાહાર" કહેવામાં આવે છે. દા. ત.. अइउण् ।

દા. ત., अ – इ–उ–ण्
(↑ આદિવર્ણ; ↑ અંતિમ इत् સંજ્ઞક વર્ણ; ↓ મધ્યગામી વર્ણો)

અહીં અંતિમ ण् વર્ણને લઈને, તેની પૂર્વમાં अ ને મૂકવામાં આવે તો अण् સંજ્ઞા બને છે. આ अण् સંજ્ઞા કોનો કોનો બોધ કરાવે ? તો–મધ્યગામી=મધ્યવર્તી इ અને उ વર્ણો તથા આદિવર્ણનો (અર્થાત્ अ કારનો) પોતાનો પણ બોધ કરાવે છે. અર્થાત્ 'अण्' સંજ્ઞા દ્વારા अથી શરૂ કરીને ण् સુધીના વર્ણોનો (એટલે કે કુલ ત્રણ વર્ણો=अ–इ–उनो) બોધ થાય છે. આ જ પ્રમાણે, જો કોઈ એક અંતિમ इत् સંજ્ઞક વર્ણ રૂપે च् ને લઈને, તેની પૂર્વે એક આદિવર્ણ રૂપે अ વર્ણને મૂકીએ તો "अ–च्" એવી સંજ્ઞા બનશે. આ 'अच्' એવી સંજ્ઞાથી

१ २३ ४ ५ ६ ७ ८ ९
अ इउ ण् ऋ लृक् । एओङ् । ऐऔच् ।

(આદિ વર્ણ ↑ — મધ્યગામી વર્ણો — ↑ અંતિમ વર્ણ)

अ થી શરૂ કરીને च् સુધીના નવ વર્ણોનો બોધ થાય છે. (અહીં એ નોંધપાત્ર છે કે अ થી च् સુધી જતાં વચ્ચે જે ण्, क्, ङ् અને च् જેવા અંતે અંતે આવેલા જોડા ઇત્ સંજ્ઞક વર્ણો છે, તેમનો બોધ કરવાનો નથી; કેમકે તેમનો તો 'લોપ' = અદર્શન જાહેર કરવામાં આવેલ છે.)

(૨) સંજ્ઞા–સંજ્ઞી સંબંધ : આપણે જગત્માં બધી વસ્તુઓ અને વ્યક્તિઓનાં નામ પાડયાં છે. આ નામને જ 'સંજ્ઞા' કહેવાય છે. આવાં નામો = સંજ્ઞાઓનો ઉપયોગ કરવાથી આપણો પરસ્પરનો વ્યવહાર સરળ રીતે ચાલી શકે છે. જેમકે 'રમેશને અહીં લાવો.' એમ કહેતાં 'ર–મે–શ' એવી ધ્વનિશ્રણીને/એવા અક્ષરોને (=એવી સંજ્ઞાને) કાગળ ઉપર લખીને લાવવામાં આવતી નથી. પણ 'રમેશ' એવી સંજ્ઞાથી જે વ્યક્તિનો બોધ થાય છે તે હાડમાંસના બનેલા દેહ (કે જેનું નામ 'રમેશ' પાડવામાં આવ્યું છે, તે)ને લાવવામાં આવે છે· અહીં 'રમેશ' એ સંજ્ઞા છે, અને હાડમાંસનો બનેલો દેહ તે સંજ્ઞિન્ છે. લોકમાં સંજ્ઞાનો ઉચ્ચાર કરવાથી સંજ્ઞિન્ને લાવવામાં આવે છે. *

આથી એક અંતિમ ઇત્સંજ્ઞક ण् વર્ણની પૂર્વમાં એક આદિવર્ણ રૂપે अ ને જોડીને 'अण्' એવી જે સંજ્ઞા બનાવવામાં આવી છે; તે 'अण्' એવી સંજ્ઞાનો જ્યારે ઉચ્ચાર કરવામાં આવે છે ત્યારે अ–इ–उ એવા ત્રણ સંજ્ઞી વર્ણોની ઉપસ્થિતિ થાય છે=બોધ થાય છે.

આ જ પ્રમાણે, अच् એવી સંજ્ઞા ઉચ્ચારવામાં આવશે ત્યારે अ इ उ ऋ ऌ ए ओ ऐ औ એવા નવ સંજ્ઞીઓનો બોધ થાય છે. (આ अथी च् ની વચ્ચે બધા સ્વરો જ આવેલા છે. તેથી આ શાસ્ત્રમાં 'अच्' એટલે બધા સ્વરો એવો અર્થ લેવાનો છે) તથા એક અંતિમ ઇત્સંજ્ઞક ल्ने લઈને તેની પૂર્વમાં એક આદિવર્ણ રૂપે માની લો કે આપણે हयवरट्/ના ह ને જોડીએ છીએ તો તેનાથી 'हल्' એવી સંજ્ઞા બનશે. આ हल् સંજ્ઞાનો ઉચ્ચાર કરવાથી


૧૨૩૪ ૫ ૬૭૮૯૧૦ ૧૧૧૨ ૧૩૧૪૧૫ ૧૬૧૭૧૮૧૯૨૦
हटवरट् । लण् । ञमङणनम् । झभञ् । घढधष् । जबगडदश् ।
૨૧૨૨૨૩૨૪૨૫૨૬૨૭૨૮ ૨૯૩૦ ૩૧૩૨૩૩ ૩૪
खफछठथचटतव् । कपय् । शषसर् । हल् ।। –એ સૂત્રોમાંના પહેલા ह કારથી શરૂ કરીને, વચ્ચેના ट, व, र, ल, ञ, म, ङ, વગેરે બીજા ૩૩ વર્ણો સહિત, કુલ ૩૪ વર્ણોનો સંજ્ઞી તરીકે બોધ થાય છે. [અહીં ફરીથી એ વાત

---

* સંજ્ઞિન્ = સંજ્ઞાવાળું. જેની સંજ્ઞા પાડવામાં આવી છે તે વસ્તુને 'સંજ્ઞિન્' કહેવાય. આ 'સંજ્ઞિન્' શબ્દનાં રૂપો ચલાવીએ તો પ્રથમામાં संज्ञी–संज्ञिनौ–संज्ञिनः । એવાં રૂપો થાય છે.

યાદ કરવી કે આ દરેક સૂત્રોમાં અંતે આવેલા ખોડા ट्, ण्, म्, ञ्, ष् વગેરેની પૂર્વમાં 'ઇત્' સંજ્ઞા પાડી છે અને તેમનો લોપ જાહેર કરેલો છે. તેથી हल् એવી સંજ્ઞા બોલયા પછી પહેલા ह થી શરૂ કરી અંતિમ ल् સુધી જતાં જે કુલ ૩૪ વર્ણોનો સંજ્ઞી તરીકે બોધ થાય છે તેમાં પેલા ખોડા ट्, ण्, म्, ञ्, ष् વગેરે ઇત્ સંજ્ઞાવાળા વર્ણોને ગણતરીમાં લેવાના નથી.] આમ ह થી શરૂ કરીને ल् સુધી જતાં જે ૩૪ વર્ણો આવેલા છે તે બધા જ "વ્યંજનો" છે, આથી આ શાસ્ત્રમાં हल् એવી સંજ્ઞા બોલવામાં આવે ત્યારે '(બધા) વ્યંજનો' એવો અર્થ બોધ કરવાનો છે.

(૩) અહીં એક ત્રીજો મુદ્દો પણ સમજી લેવા જેવો છે: –आदिरन्त्येन सहेता । એવા પ્રસ્તુત સૂત્રથી આપણે જે अण्–अच्–हल् વગેરે સંજ્ઞાઓ (= પ્રત્યાહારો) બનાવતાં શીખ્યા, તેમાં એક અંતિમ ઇત્ સંજ્ઞક વર્ણ લઈને, તેની પૂર્વમાં જે એક "આદિવર્ણ" જોડવાનો છે, તે આદિવર્ણ કોઈકને કોઈક સૂત્રનો "પહેલો વર્ણ" જ હોવો જોઈએ એવો અર્થ લેવાનો નથી, પણ 'આદિવર્ણ' રૂપે તો કોઈ પણ સૂત્રના કોઈક વચ્ચેના વર્ણને પણ લઈ શકાય છે. દા. ત., अइउण् । ऋऌक् । સૂત્રમાંથી એક અંતિમ क् ઇત્ સંજ્ઞક વર્ણ લઈને, તેની



આગળ આદિવર્ણ રૂપે अ ને લઈને જેમ अक् સંજ્ઞા બનાવી શકાય, તેમ તે क् વર્ણની પૂર્વમાં "આદિવર્ણ" રૂપે વચ્ચેનો इ વર્ણ પણ જોડી શકાય. જેથી इक् એવી સંજ્ઞા પણ બની શકશે. આવી इक् સંજ્ઞાથી इ થી શરૂ કરીને क् સુધીના (= इ, उ, ऋ, ऌ એવા ચાર) વર્ણોનો બોધ થતો હોય છે.

(૪) અહીં अण्–अक्–अच्–हल्–झल् વગેરે પ્રકારની કુલ ૪૩ (કે ૪૪) જેટલી સંજ્ઞાઓ બનાવી શકાય છે; અને પાણિનિએ તેને પોતાનાં સૂત્રોમાં વાપરી છે. દા. ત., इको यण् अचि । ६–१–'७७, झलां जश् जशि । ८–४–५३ झरो झरि सवर्णे । ८–४–६५ વગેરે.

(૫) આ अण्–अच्–हल् વગેરે સંજ્ઞાઓને "પ્રત્યાહાર" પણ કહેવામાં આવે છે. આ પ્રત્યાહાર શબ્દની વ્યુત્પત્તિ થાય છે: प्रत्याह्रियन्ते = समाह्रियन्ते वर्णाः यत्र इति प्रत्याहारः ।। અર્થાત્ જ્યાં વર્ણોનો સમાહાર (= ભેગા) કરી દેવામાં આવે છે તેને 'પ્રત્યાહાર' કહે છે. દા. ત., अच् એવી સંજ્ઞા વાપરીએ તો તેમાં अ इ उ ऋ ऌ ए ओ ऐ औ–એટલા નવ સ્વરોને ભેગા કરીને ટૂંકમાં = લાઘવપૂર્ણ રૂપે ઉલ્લેખ કરી શકાય છે.

આમ, અત્યાર સુધીમાં તમને વ્યાકરણશાસ્ત્રમાં લાઘવ કરનારી બે પ્રયુક્તિઓનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે. જેમ કે, (૧) અનુવૃત્તિની યુક્તિ, અને (૨) પ્રત્યાહારની

યુક્તિ, આ બે અને આવી બીજી અનેક લાઘવ કરનારી યુક્તિઓ વાપરીને પાણિનિએ પોતાનાં સૂત્રોને બને એટલાં 'સ્વલ્પાક્ષર' બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

---

5. ऊकालोऽज् ह्रस्व-दीर्घ-प्लुतः । १–२–२७

उश्च ऊश्च उ ३ श्च वः । वां काल इव कालो यस्य सोऽच् क्रमाद् ह्रस्व-दीर्घ-प्लुतसंज्ञः स्यात् । स प्रत्येक-मुदात्तादिभेदेन त्रिधा ॥

6. उच्चैरुदात्तः । १–२–२९


7. नीचैरनुदात्तः । १–२–३०

8. समाहारः स्वरितः । १–२–३१

स नवविधोऽपि प्रत्येकमनुनासिकाननुनासिकत्वाभ्यां द्विधा ।

અનુવાદ : (એકમાત્રાવાળો) ઉ; (બે માત્રાવાળો) ઊ; અને (ત્રણમાત્રાવાળો) ઉ–એ ત્રણેયને વઃ કહેવાય. (અર્થાત્ उ કારના માનુ શબ્દની જેમ રૂપો ચલાવીએ તો પ્રથમા વિભક્તિ બહુવચનમાં वः । એવું રૂપ બને. આ उ નું ષષ્ઠી બહુવચનમાં वाम् રૂપ થાય.) [સૂત્રાર્થ:] ત્રણેય પ્રકારના उ કારને ઉચ્ચારવા માટે જેટલો કાળ (= સમય) જોઈએ તેટલા કાળવાળા બીજા કોઈ પણ અચ્ = સ્વરને અનુક્રમે 'હ્રસ્વ–સ્વર', 'દીર્ઘસ્વર' અને 'પ્લુત–સ્વર' એવી સંજ્ઞા આપવામાં આવે છે. [અર્થાત્ એકમાત્રાવાળા કોઈ પણ સ્વરને 'હ્રસ્વ (અચ્)' કહેવાશે, બે માત્રાવાળા કોઈ પણ સ્વરને 'દીર્ઘ (અચ્)' કહેવાશે અને ત્રણમાત્રાવાળો જે સ્વર હોય તેને 'પ્લુત (અચ્)' કહેવાશે.]

આ ત્રણેય પ્રકારના સ્વરો = અચ્ ના ફરી પાછા 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત'—એવા ત્રણ–ત્રણ પ્રકારો = ભેદો પડે છે. જેમ કે, अ સ્વર (= અચ્) ના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદ પાડીએ, પછી તે દરેકના બીજા ઉદાત્તાદિ ત્રણ–ત્રણ ભેદો પડે છે :—



(વિવરણ) : માત્રા એટલે શું ? આંખનો એક નિમેષ = પલકારો. આંખની પાંપણ નીચેથી ઉપર જાય એટલા સમયગાળાને 'એકમાત્રા' કહે છે, આટલા એક માત્રિક ઉચ્ચારણકાલવાળા કોઈ પણ સ્વરને હ્રસ્વ સ્વર = હ્રસ્વ अच् કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, દ્વિમાત્રિક ઉચ્ચારણકાલવાળા સ્વરને 'દીર્ઘ' કહેવાશે અને ત્રિમાત્રિક ઉચ્ચારણકાલવાળા સ્વરને 'પ્લુત' સ્વર કહેવાશે.

ऊकाल એટલે શું ? એવી દંતકથા છે કે પાણિનિ કોઈક પ્રાત:કાલે વ્યાકરણનાં સૂત્રો રચવા બેઠા હતા ત્યારે હ્રસ્વ, દીર્ઘ વગેરે પ્રકારના સ્વરોનો પરિચય કેમ કરાવવો ? એ વિષે વિચારતા હતા, ત્યારે કૂકડો "કૂકડે કુ...ઊ...ઉ૩...ક" એમ બોલ્યો. આ કુક્કુટ–રવમાં એમણે સ્પષ્ટપણે એકમાત્રાવાળો उ કાર, બે માત્રાવાળો ऊ કાર અને ત્રણ માત્રાવાળો उ ३ સાંભળ્યો. આથી તેમણે પોતાના સૂત્રમાં હ્રસ્વ–દીર્ઘાદિની ઓળખ આપવા માટે ऊकालोऽज् ह्रस्वदीर्घप्लुतः । એમ લખ્યું. (સામાન્ય રીતે હ્રસ્વ અને દીર્ઘ સ્વરને લખવા માટે આપણી લિપિમાં જુદા જુદા મરોડ = આકારો છે. જેમ કે, अ–आ, इ–ई, उ–ऊ, ऋ–ॠ. પરંતુ ત્રણ માત્રાવાળા પ્લુત સ્વરને લખવા માટે જુદું લિપિચિહ્ન/મરોડ નથી. તેથી હ્રસ્વ સ્વર લખીને તેની પાછળ તગડાનું નિશાન '(३)' મૂકવામાં આવે છે. જેમ કે, अ–आ–अ३.)

હવે પછીનાં ૬–૭–૮ એ ત્રણ સૂત્રોમાં ઉદાત્તાદિ ત્રિવિધ સ્વર (ધર્મો)ની વ્યાખ્યા આપવામાં આવી છે. લઘુકૌમુદીકાર વરદરાજે એ ત્રણેય સૂત્રોની ઉપર કોઈ 'વૃત્તિ' = સમજૂતી આપતું વાક્ય લખ્યું નથી; પણ એ સૂત્રોને આમ સમજાવવામાં આવે છે :

(૬) (સૂત્રાર્થ :) (મુખમાંના) તાલુ વગેરે સ્થાનોમાંના ઉપરના ભાગેથી ઉચ્ચારાતો જે अच् = સ્વર તે ઉદાત્ત (સ્વરધર્મયુક્ત) છે એમ જાણવું. (ઉદાત્ત = ઉપર ખેંચવામાં આવેલો.)

(૭) (સૂત્રાર્થ :) (મુખમાંના) તાલુ વગેરે સ્થાનોમાંના નીચેના ભાગમાંથી ઉચ્ચારાતો જે अच् = સ્વર તેને 'અનુદાત્ત' (= ઉપર નહીં ખેંચવામાં આવેલો) (સ્વરધર્મ) કહે છે.

(૮) (સૂત્રાર્થ :) ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ સ્વરધર્મોનું જેમાં (સમાહાર =) મિશ્રણ થયું હોય તે अच् = સ્વરને 'સ્વરિત' કહેવામાં આવે છે.

આઠમા સૂત્રની (વૃત્તિનો અનુવાદ) ઉપર દર્શાવ્યા મુજબ अ–इ–उ વગેરે સ્વરના ૩ × ૩ = જે નવ–નવ ભેદો પડે છે, તે દરેકના ફરી પાછા 'અનુનાસિક' અને 'અનનુનાસિક (= નિરનુનાસિક)' એવા બીજા બબ્બે ભેદો પણ પડે છે. (આમ કુલ अ–इ–उ–ऋ ના અઢાર–અઢાર ભેદો પડશે.)


9. मुखनासिकावचनोऽनुनासिकः । १–१–८

मुखसहित–नासिकयोच्चार्यमाणो वर्णोऽनुनासिकसंज्ञः स्यात् । तदित्थम्–अ–इ–उ–ऋ एषां वर्णानां प्रत्येकमष्टादश भेदाः । ऌवर्णस्य द्वादश, तस्य दीर्घाभावात् । एचामपि द्वादशः, तेषां ह्रस्वाभावात् ॥

અનુવાદ : [આ સૂત્રમાં 'અનુનાસિક' સંજ્ઞાને સમજાવી છે,] મુખ(માં આવેલા તાલુ–મૂર્ધા–દન્ત વગેરે ઉચ્ચારણ સ્થાનો)ની સાથે નાસિકા (= નાક)ની પણ મદદ લઈને જે વર્ણને ઉચ્ચારવામાં આવે, તે (વર્ણ)ને "અનુનાસિક" એવી સંજ્ઞા આપવામાં આવે છે. (અર્થાત્ તેવા વર્ણને 'અનુનાસિકવર્ણ' કહેવામાં આવે છે. દા. ત., અઁ)

આ રીતે વિચારતાં હવે अ–इ–उ–ऋ એ ચારેય સ્વરવર્ણોના અઢાર–અઢાર ભેદો પડશે. પણ ऌ સ્વરનો દીર્ઘભેદ નહીં થતો હોઈને કુલ બાર પ્રકારો જ થશે. એ જ પ્રમાણે, एच् પ્રત્યાહારમાં આવેલા (ए–ओ–ऐ–औ એ ચાર) સ્વરોના પણ બાર–બાર ભેદો જ થશે; કેમ કે તે ચાર સ્વરોમાં હ્રસ્વભેદો મળતા નથી.

(વિવરણ) . अ–इ–उ વગેરે સ્વરોના ભેદને સ્પષ્ટ કરતું ચિત્ર નીચે મુજબ છે :



૧. = અનુનાસિક (અઁ)

૨. = અનુનાસિક (= (નિરનુનાસિક) (अ.)

આમ એક अकार અઢાર પ્રકારનો=અઢાર ભેદવાળો જોવા મળે છે. આ જ રીતે, इ, उ અને ऋ સ્વરના પણ અઢાર અઢાર ભેદ થાય છે એમ જાણવું પણ

(૧) ऌ સ્વરનો દીર્ઘભેદ નહીં થતો હોવાથી તેના છ પેટાભેદો પણ થશે નહીં. એથી તે સ્વર કુલ–૧૨ પ્રકારનો જ સાંભળવા મળે છે.

(૨) ए–ओ–ऐ–औ એ ચાર સ્વરો એવા છે કે જેના છ હ્રસ્વભેદો મળતા નથી. અર્થાત્ તે વર્ણો હંમેશા દીર્ઘ કે પ્લુત રૂપે જ સાંભળવા મળે છે. આથી તે દરેકના પણ બાર–બાર ભેદો જ થાય છે.

[વિશેષ નોંધ : अ–इ–उ–ऋ–ऌ–એ પાંચ સ્વરોને 'સમાનાક્ષર' કહેવામાં આવે છે. અને ए ओ–ऐ–औ–એ ચાર સ્વરોને 'સન્ધ્યક્ષર' કહેવામાં આવે છે, કેમકે अ+इ=ए એવી રીતે તે જન્મ્યા છે]

---

10. तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९

ताल्वादिस्थानमाभ्यन्तरप्रयत्नश्चेत्येतद्द्वयं यस्य येन तुल्यं तन्मिथः सवर्णसंज्ञं स्यात् ॥ * (वा.) ऋऌवर्णयोः मिथः सावर्ण्यं वाच्यम् * ॥

અનુવાદ : (આ સૂત્ર 'સવર્ણ' એવી સંજ્ઞા કરનારું છે.) તાલુ વગેરે (મુખમાં આવેલા ઉચ્ચારણ) સ્થાનો અને (વર્ણોનું ઉચ્ચારણ કરવા માટે વકતાએ કરવો પડતો) આભ્યંતર પ્રયત્ન–એ બે જે (બે વર્ણો)ની વચ્ચે પરસ્પર સરખાં મળતાં આવતાં હોય, તે (બે વર્ણો પરસ્પરના) "સવર્ણ" કહેવાય છે. [દા. ત., હ્રસ્વ અકારનું ઉચ્ચારણ સ્થાન 'કંઠ' છે, અને આભ્યંતર પ્રયત્ન 'વિવૃત' છે. હવે દીર્ઘ આકાર પણ 'કંઠ' સ્થાનવાળો અને 'વિવૃત' પ્રયત્નવાળો છે. આથી તે બન્ને વર્ણો પરસ્પરના 'સવર્ણ' કહેવાશે]

વાર્ત્તિકવચન : * "ऋकार અને ऌकार (ના સ્થાન અને પ્રયત્ન પરસ્પર સરખા નથી, તો પણ)—તે બે વર્ણોનું પરસ્પર સાવર્ણ્ય છે" એમ (સૂત્રકારે) કહેવું જોઈએ. [અર્થાત્ ऋ સ્વરનું મૂર્ધા સ્થાન છે અને ऌ સ્વરનું દન્ત સ્થાન છે, આમ તે બે વર્ણો વચ્ચે સ્થાનસામ્ય નહીં હોવાને કારણે ૧–૧–૯ સૂત્ર મુજબ તો તેમની સવર્ણસંજ્ઞા થઈ શકશે નહીં. પણ આ શાસ્ત્રમાં તે બે વર્ણોની સવર્ણસંજ્ઞા થાય એ જરૂરી છે, તેથી વાર્તિકકાર કાત્યાયન કહે છે કે ऋ અને ऌ–એ બે વર્ણોની પણ 'સવર્ણ'–સંજ્ઞા થાય છે. એવું સૂત્રકારે ઉમેરવું જોઈએ.]

(વિવરણ) : (૧) આ સૂત્ર 'સવર્ણ' સંજ્ઞા કરનારું છે, કોઈ પણ બે (કે અધિક) વર્ણોની પરસ્પર 'સવર્ણ' સંજ્ઞા થવા માટે જે આવશ્યક શરત છે તેને અહીં સૂત્રકારે નોંધી છે. જેમકે, જે બે વર્ણોના ઉચ્ચારણ 'સ્થાન' અને 'આભ્યંતર–પ્રયત્ન' એક સરખા હોય તે વર્ણોને જ પરસ્પરના સવર્ણ કહેવાય છે. દા. ત.,

અ અને આ એવા બે વર્ણો છે. તે બન્નેનું ઉચ્ચારણ સ્થાન કંઠ છે, અને આભ્યંતર પ્રયત્ન 'વિવૃત' છે. આથી અનો સવર્ણ આ કહેવાશે; અને આનો સવર્ણ અ કહેવાશે, એટલે કે અને જે કાર્ય કરવાનું કહેવામાં આવે તે તેના સવર્ણી આને પણ લાગુ પડે; તથા આને કહેલું કાર્ય તેના સવર્ણી તરીકે અને પણ લાગુ પડે.

(૨) સવર્ણ સંજ્ઞા થવા માટેની ઉપર્યુક્ત શરત જોઈને વાર્ત્તિકકાર કાત્યાયનને થયું કે ऋ અને ऌના ઉચ્ચારણ સ્થાન તો ભિન્ન ભિન્ન છે. આથી સૂત્રકારના ૧-૧-૯ સૂત્ર મુજબ તો ऋ અને ऌ પરસ્પરના સવર્ણી કહી શકાશે નહીં. પણ શાસ્ત્રપ્રક્રિયા દરમ્યાન આગળ ઉપર ऋ અને ऌ પરસ્પરના સવર્ણી બને એ જરૂરી છે—એમ જોતાં વાર્ત્તિકકાર કાત્યાયને સૂત્રકારના વચનમાં સુધારો / ઉમેરો કરતાં જાહેર કર્યું કે—"ऋ અને ऌની પણ (સ્થાનભેદ હોવા છતાંય) 'સવર્ણ' સંજ્ઞા થાય છે એમ જાણવું." આવો સુધારો કે ઉમેરો કરતાં કાત્યાયનનાં વચનોને 'વાર્ત્તિક' કહેવામાં આવે છે, 'વાર્ત્તિક'નું લક્ષણ આ પ્રમાણે છે.

उक्तानुक्तदुरुक्तचिन्ताप्रवर्तकं वार्त्तिकम् । "પાણિનિનાં સૂત્રોમાં જે કહેવાયું છે તે અંગે; જે ન કહેવાયું હોય તેનો ઉમેરો કરવા અંગે; કે જે ખોટું / દુષિત કહેવાયું હોય તેમાં સુધારો કરવા અંગે વિચારણા કરતું (કાત્યાયનનું) જે વચન, તેને 'વાર્ત્તિક' કહેવામાં આવે છે.

*

હવે કયા કયા વર્ણો પરસ્પરના સવર્ણી છે? એ જાણવા માટે આપણે સૌથી પહેલાં સંસ્કૃત ભાષાના તમામ વર્ણો (સ્વર-વ્યંજનો)ના ઉચ્ચારણ સ્થાનો અને પ્રયત્નો વિષે જાણકારી મેળવવી પડશે, આથી વૃત્તિકાર વરદરાજે હવે એની રજૂઆત કરી છે :

(અથ સ્થાનાનિ)

---

१. अ-कु-ह-विसर्जनीयानां कण्ठः । २. इ-चु-य-शानां तालु । ३. ऋ-टु-रषाणां मूर्धा । ४. ऌ-तु-ल-सानां दन्ताः । ५. उ-पु-उपध्मानीयानाम् ओष्ठौ । ६. ञ म ङ ण नानां नासिका च । ७. एदैतोः कण्ठतालु । ८. ओदौतोः कण्ठोष्ठम् । ९. वकारस्य दन्तोष्ठम् । १०. जिह्वामूलीयस्य जिह्वामूलम् । ११. नासिकाऽनुस्वारस्य ।

यत्नो द्विधा—आभ्यन्तरो बाह्यश्च । (क) आद्यः पञ्चधा—१. स्पृष्ट, २. ईषत्स्पृष्ट, ३. ईषद्विवृत, ४. विवृत, ५. संवृतभेदात् ।। तत्र स्पृष्टं प्रयत्नं स्पर्शानाम् । ईषत्स्पृष्टम् अन्तःस्थानाम् । ईषद्विवृतम् ऊष्माणाम् । विवृतं स्वराणाम् । ह्रस्वस्य 'अ'वर्णस्य प्रयोगे संवृतम् । प्रक्रियादशायां तु विवृतमेव ।।

(ख) बाह्यप्रयत्नस्तु एकादशधा–विवारः, संवारः, श्वासो, नादोऽघोषो, घोषोऽल्पप्राणो, महाप्राण, उदात्तोऽनुदात्तः स्वरितश्चेति ॥ खरो विवाराः श्वासा अघोषाश्च । हशः संवारा नादा घोषाश्च । वर्गाणां प्रथम–तृतीय–पञ्चमा यणश्चाल्पप्राणाः । वर्गाणां द्वितीय–चतुर्थौ शलश्च महाप्राणाः ॥

कादयो मावसानाः स्पर्शाः । यणोऽन्तःस्थाः । शल ऊष्माणः । अचः स्वराः । ≍क, ≍ख इति कखाभ्यां प्राग् अर्धविसर्गसदृशो जिह्वामूलीयः । ≍प, ≍फ इति पफाभ्यां प्राग् अर्धविसर्गसदृश उपध्मानीयः । अं, अः, इति अचः परौ अनुस्वार–विसर्गौ ॥

અનુવાદ : ૧. अ સ્વર, कु=क વર્ગના પાંચ વ્યંજનો, ह કાર અને વિસર્ગ (:) નું ઉચ્ચારણ–સ્થાન 'કંઠ' છે. ૨. इ સ્વર, चु=च વર્ગના પાંચ વ્યંજનો, य કાર અને श કારનું ઉચ્ચારણ–સ્થાન તાલુ' છે. ૩. ऋ સ્વર, टु=ट વર્ગના પાંચ વ્યંજનો, રેફ અને ष કારનું ઉચ્ચારણ–સ્થાન 'મૂર્ધા' છે. ૪. लृ સ્વર, तु=त વર્ગના પાંચ વ્યંજનો, ल કાર અને स કારનું ઉચ્ચારણ–સ્થાન 'દન્ત' છે. ૫. उ સ્વર, पु=प વર્ગના પાંચ વ્યંજનો, ઉપધ્માનીય (નામના ઉચ્ચારો)નું ઉચ્ચારણ–સ્થાન '(બે) ઓષ્ઠ' છે. ૬, ञ, म, ङ, ण અને न કાર–આ પાંચ વર્ણોનું (પોતપોતાના વર્ગનું જે તે ઉચ્ચારણ–સ્થાન તો છે જ, પણ) 'નાસિકા' નામનું સ્થાન પણ છે (એમ ગણવાનું છે). (દા. ત., ञ् કાર च વર્ગમાં આવી જાય છે. આથી તેનું તાલુ સ્થાન તો છે જ, પરંતુ તે ઉપરાંત તેના ઉચ્ચારણમાં નાસિકા પણ સાહાય્ય કરે છે, આથી તેનું બીજું સ્થાન "નાસિકા" પણ છે" એમ વિશેષમાં કહેવાયું છે.) ૭. (દીર્ઘ) ए કાર અને દીર્ઘ ऐ કારનું કંઠ–તાલુ એવું (સંયુક્ત) સ્થાન છે. ૮. દીર્ઘ ओ કાર અને દીર્ઘ औ કારનું કંઠ–ઓષ્ઠ એવું (સંયુક્ત) સ્થાન છે. ૯. व કાર પણ 'દન્ત–ઓષ્ઠ' એવા કુલ બે સ્થાનમાંથી ઉચ્ચારાય છે. ૧૦. જિહ્વામૂલીય નામના ઉચ્ચારો પણ જીભના મૂળમાંથી નીકળે છે. ૧૧. (કોઈ પણ વર્ણની ઉપર જોવા મળતા) અનુસ્વાર (ं) નું ઉચ્ચારણ સ્થાન 'નાસિકા (=નાક). ગણવામાં આવે છે.

યત્ન બે પ્રકારના ગણાવાય છે. (=વર્ણોના ઉચ્ચારણમાં વક્તાએ જે યત્ન કરવો પડે છે તે બે પ્રકારનો હોય છે :) क આભ્યન્તર પ્રયત્ન અને ख બાહ્ય યત્ન. (क) આ બેમાંથી જે પહેલા પ્રકારનો (આભ્યન્તર પ્રયત્ન) છે, તે કુલ પાંચ પ્રકારનો જોવા મળે છે : ૧. સ્પૃષ્ટ, ૨. ઈષત્સ્પૃષ્ટ, ૩. ઈષદ્વિવૃત, ૪. વિવૃત અને ૫. સંવૃત. આમાંથી 'સ્પૃષ્ટ' નામનો પ્રયત્ન છે તે સ્પર્શ પ્રકારના (વ્યંજન) વર્ણોનો હોય છે. અન્તઃસ્થ વર્ણો (य–व–र–ल)નો પ્રયત્ન 'ઈષત્સ્પૃષ્ટ' પ્રકારનો હોય છે.

ઊષ્માક્ષરો (श–ष–स–ह)નો પ્રયત્ન 'ઈષદ્‌-વિવૃત' પ્રકારનો હોય છે. (નવ) સ્વર વર્ણોનો 'વિવૃત' પ્રયત્ન હોય છે. પણ હ્રસ્વ अ સ્વર જ્યારે પ્રયોગમાં (=બોલ-ચાલની ભાષામાં વપરાય છે ત્યારે) 'સંવૃત' પ્રયત્નવાળો હોય છે; પરંતુ એ જ હ્રસ્વ अ સ્વર જ્યારે શાસ્ત્રપ્રક્રિયામાં (=પ્રકૃતિ+પ્રત્યયનું જોડાણ કરીને કોઈ પદની સિદ્ધિ કરવા બેઠા હોઈએ ત્યારે, તે) 'વિવૃત' પ્રયત્નવાળો જ ગણવાનો હોય છે.

(ख) બાહ્ય પ્રયત્ન તો અગિયાર પ્રકારનો સાંભળવા મળે છે : ૧. વિવાર, ૨. સંવાર, ૩. શ્વાસ, ૪. નાદ, ૫. અઘોષ, ૬. ઘોષ, ૭. અલ્પપ્રાણ, ૮. મહા-પ્રાણ, ૯. ઉદાત્ત, ૧૦. અનુદાત્ત અને ૧૧. સ્વરિત. (હવે, એ જોઈશું કે કયા વર્ણના કયા કયા બાહ્ય પ્રયત્ન છે?) खर् પ્રત્યાહારમાં આવેલા (=ख फ छ ठ थ च ट त, क प, श ष स) વર્ણો વિવાર, શ્વાસ અને અઘોષ નામના બાહ્ય પ્રયત્નવાળા છે. हश् પ્રત્યાહારમાં આવેલા (=ह य व र, ल, ञ म ङ ण न, झ भ, घ ढ ध, ज ब ग ड द) વર્ણો સંવાર, નાદ અને ઘોષ નામના બાહ્ય પ્રયત્નવાળા છે. દરેક (क च વગેરે) વર્ગના પ્રથમ, તૃતીય અને પંચમ વર્ણો (દા. ત., क–ग–ङ); અને यण् પ્રત્યાહારમાં આવેલા (य व र, ल) વર્ણોનો 'અલ્પપ્રાણ' નામનો બાહ્ય પ્રયત્ન છે. તથા દરેક (क, च વગેરે) વર્ગના બીજા અને ચોથા વર્ણો (દા. ત., ख અને घ) અને शल् પ્રત્યાહારમાં આવેલા (श ष स; ह) વર્ણો 'મહાપ્રાણ' નામના બાહ્ય પ્રયત્નવાળા છે.

[હવે, કયા કયા વર્ણો માટે કેવા કેવા પારિભાષિક=શાસ્ત્રીય શબ્દો વપરાય છે? એનો પરિચય કરાવવામાં આવે છે :–] क થી શરૂ કરીને म સુધીના ૨૫ વ્યંજનોને 'સ્પર્શ' કહેવામાં આવે છે. यण् (=य व र ल)ને 'અન્તઃસ્થ' કહેવાય છે. शल् (श ष स ह)ને 'ઊષ્માક્ષર' કહેવાય છે. अच् (अ इ उ ऋ ऌ ए ओ ऐ, औ)ને 'સ્વર' કહેવાય છે. अ≍कः । अ≍खः । જેવાં ઉદાહરણોમાં क કાર કે ख કારની પૂર્વમાં મૂકવામાં આવેલા '≍' (બે ઊંધા–છતા ચન્દ્રાકાર રૂપ) અર્ધ વિસર્ગ જેવાને 'જિહ્‌વામૂલીય' (ઉચ્ચારો = 'અયોગવાહ' નામના ધ્વનિઓ) કહેવાય છે. એ જ પ્રમાણે, अ≍पः । अ≍फः । જેવાં ઉદાહરણોમાં प કાર કે फ કારની પૂર્વમાં મૂક-વામાં આવેલા '≍' (બે ઊંધા–છતા ચન્દ્રાકાર રૂપ) અર્ધ વિસર્ગ સદશ ચિહ્‌નોને 'ઉપધ્માનીય' (ઉચ્ચારો = 'અયોગવાહ' નામના ધ્વનિઓ) કહે છે. કોઈ પણ સ્વરની

પાછળ (=ઉપર) આવેલા બિન્દુ (દા. ત., अं)ને "અનુસ્વાર" કહે છે; તથા કોઈ પણ સ્વરની પાછળ બે ઊભાં ટપકાં રૂપ (:) ચિહ્નને "વિસર્ગ" કહેવામાં આવે છે.

((વિવરણ): (૧) ઉપર સ્વરવર્ણો અને વ્યંજનવર્ણોના જે સ્થાન, આભ્યન્તર પ્રયત્ન અને બાહ્ય પ્રયત્નો વર્ણવ્યા છે તેને નીચેના કોષ્ટક દ્વારા રજૂ કરવામાં આવે છે :

(૧) વર્ણોનાં ઉચ્ચારણસ્થાન દર્શાવતું ચિત્ર :

વર્ણો	अ	इ	ऋ	ऌ	उ	ए ऐ	ओ औ			
	क	च	ट	त	प					ञ
	ख	छ	ठ	थ	फ					म
	ग	ज	ड	द	ब					ङ
	घ	झ	ढ	ध	भ					ण
	ङ	ञ	ण	न	म					न
										ं
	ह	य	र	ल	≍प			व	≍क	
	:	श	ष	स	≍फ				≍ख	
સ્થાન	કંઠ	તાલુ	મૂર્ધા	દન્ત	ઓષ્ઠ	કંઠ તાલુ	કંઠ ઓષ્ઠ	દન્ત ઓષ્ઠ	જિહ્વા મૂલ	નાસિકા પણ

(૨) આભ્યન્તર અને બાહ્યપ્રયત્ન દર્શાવતું ચિત્ર

આભ્યન્તર પ્રયત્ન →	સ્પૃષ્ટ–૧					ઈષત્ સ્પૃષ્ટ–૨	ઈષદ્ વિવૃત–૩		વિવૃત–૪	સ વૃત–૫
સંજ્ઞા →	'સ્પર્શ' (વ્યંજનો)					'અન્તઃસ્થ'	'ઊષ્માક્ષર'		'સ્વર'	'સ્વર'
વર્ણો	१	२	३	४	५					
	क	ख	ग	घ	ङ	य	श		अ (પ્રક્રિયા પૂરતો)	કેવળ
	च	छ	ज	झ	ञ	व	ष		इ उ ऋ	હ્રસ્વ
	ट	ठ	ड	ढ	ण	र	स	ह	ऌ ए ओ	अ કાર
	त	थ	द	ध	न	ल			ऐ औ	(ભાષાપ્રયોગમાં)
	प	फ	ब	भ	म					
બાહ્ય પ્રય.નો →	અલ્પ પ્રાણ	મહા પ્રાણ	અલ્પ પ્રાણ	મહા પ્રાણ	અલ્પ પ્રાણ	અલ્પપ્રાણ	મહા પ્રાણ	મહા પ્રાણ	ઉદાત્ત–અનુદાત્ત–સ્વરિત	
	વિવાર શ્વાસ અઘોષ		સંવાર નાદ ઘોષ		સંવાર નાદ ઘોષ	સંવાર નાદ ઘોષ	વિવાર શ્વાસ અઘોષ	સંવાર નાદ ઘોષ		

(૨) तुल्यास्य–प्रयत्नं सवर्णम् । १–१–९ સૂત્રમાં કહ્યું છે કે જે બે વર્ણોના आस्य = મુખ = મુખમાં આવેલા (તાલુ—મૂર્ધા વગેરે) ઉચ્ચારણ સ્થાનો, અને प्रयत्न = આભ્યન્તર પ્રયત્ન, तुल्य = એક સરખા હોય તે વર્ણો પરસ્પરના "સવર્ણ" કહેવાય છે. આથી કયા વર્ણનું કયું સ્થાન અને કયો પ્રયત્ન છે એ જાણ્યા પછી જ આપણે કયા કયા વર્ણોની 'સવર્ણ' સંજ્ઞા કરી શકાશે, કે નહી કરી શકાય? એનો નિર્ણય કરી શકીએ છીએ. એટલા માટે જ વરદરાજે વિસ્તારથી પ્રત્યેક વર્ણના સ્થાન-પ્રયત્નનું વિગતે વર્ણન કર્યું છે; (જે આપણે ઉપર બે જુદા જુદા કોષ્ટકની મદદથી સ્પષ્ટ કરી લીધું છે).

હવે અહીં એ નોંધપાત્ર છે કે કોઈ બે વર્ણોની 'સવર્ણ' સંજ્ઞા થશે કે નહીં ? એ તપાસવા માટે કેવળ (૧) સ્થાન અને (૨) આભ્યંતર પ્રયત્નની જ મેળવણી કરી જોવાની હોય છે; (અર્થાત્ 'સવર્ણ' સંજ્ઞાનો નિર્ણય કરવા માટે 'બાહ્ય પ્રયત્નો'ની સરખામણી કરી જોવાની હોતી નથી).

(૩) કોઈ પણ ભાષાનું વ્યાકરણ ભણવાનું/ભણાવવાનું શરૂ કરવામાં આવે ત્યારે તેમાં ભાષાનાં ચાર અંગો–૧. વર્ણધ્વનિઓ, ૨. પદો (નામપદ અને ક્રિયાપદ), ૩. વાક્ય અને ૪. અર્થ–વિષે ચર્ચા કરવામાં આવે છે.

હવે આ 'સંજ્ઞા પ્રકરણ'માં ઈત્, લોપ, અણ્–અચ્ વગેરે પ્રત્યાહાર રૂપ સંજ્ઞાઓ, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત અને અનુનાસિક-એવી વિવિધ સંજ્ઞાઓ, (કે જેમને આગળ ઉપરનાં પ્રકરણોમાં = શાસ્ત્ર પ્રક્રિયા દરમિયાન ઉપયોગમાં લેવાની છે તેનું નિરૂપણ કર્યું છે. તથા એની સાથે ને સાથે સંસ્કૃત ભાષાના 'ધ્વનિતન્ત્ર' (phonetics)ને પણ વરદરાજે વૃત્તિમાં વણી લીધું છે' સંસ્કૃતભાષાના વર્ણો = ધ્વનિઓ (articulatary–sounds) ઉચ્ચારણ-સ્થાન અને પ્રયત્નની દૃષ્ટિએ કેટલા પ્રકારના છે; તથા એ ધ્વનિઓનું શ્રુતિગોચર સ્વરૂપ કેવું છે. (auditory sounds તરીકે કેવી રીતે સાંભળવા મળે છે?) એનું પણ 'બાહ્ય પ્રયત્ન'ના નામે નિરૂપણ કરી દેવામાં આવ્યું છે. સામાન્ય રીતે વર્ણોના સ્થાન–પ્રયત્નાદિનું વર્ણન 'પાણિનીય–શિક્ષા' ગ્રન્થમાં જોવા મળે છે; પણ પાણિનિનાં અષ્ટાધ્યાયી–સૂત્રો ઉપર વૃત્તિગ્રન્થો લખનારા ભટ્ટોજિ દીક્ષિત અને વરદરાજ જેવા વૈયાકરણોએ તેમની 'વૃત્તિ'માં જ પ્રાસંગિક રીતે આ વિષયને ગુંથી લીધો છે.

*

य व र ल–એ ચાર વર્ણોનું 'અન્તઃસ્થ' નામ એ રીતે પડયું છે કે પાણિનિએ તેમને ૧૪ માહેશ્વર સૂત્રોમાં સ્વર અને વ્યંજનોની વચ્ચે મૂકયા છે.

11. अणुदित्सवर्णस्य चाऽप्रत्ययः । १–१–६९

प्रतीयते = विधीयते इति प्रत्ययः । अविधीयमानोऽण् उदित् च सवर्णस्य संज्ञा स्यात् ॥ अत्र (१–१–६९) एव 'अण्' परेण णकारेण । कु–चु–टु–तु–पु एते उदितः । तदेवम्–'अ' इत्यष्टादशानां संज्ञा । तथा इकार–उकारौ; ऋकारः त्रिंशतः । एवम् लृकारोऽपि । एचो द्वादशानाम । अनुनासिकाननुनासिकभेदेन य–व–ला द्विधा ॥ तेन अननुनासिकास्ते द्वयोर्द्वयोः संज्ञा ॥

અનુવાદ : અમુકની પ્રત્યે લઈ જવામાં આવે છે; એટલે કે જેનું વિધાન કરવામાં આવે છે તેને "પ્રત્યય" કહેવામાં આવે છે. (અર્થાત્ પ્રકૃતિની પાછળ જેને જોડવામાં આવે છે તેને 'પ્રત્યય' કહે છે. દા. ત., राम + स्य = रामस्य । માં 'स्य'ને 'પ્રત્યય' કહેવાય,) **સૂત્રાર્થ :** જેનું (પ્રત્યય રૂપે) વિધાન કરવામાં આવ્યું નથી એવા अण् (= તે પ્રત્યાહારમાં આવેલા अ इ उ, ऋ लृ, ए ओ, ऐऔ, ह य व र, ल વર્ણો), અને જેમાંથી उ કારની इत् સંજ્ઞા થઈ છે તેવા उदित् વર્ણો (= અર્થાત્ क થી म સુધીના ૨૫ વર્ણો) પોતપોતાના સવર્ણભેદોની સંજ્ઞા થાય છે.

[વિવરણ : પરિણામે अण्માંનો કોઈ એક વર્ણ, દા. ત., अ કારને ઉચ્ચાર્યો હોય (અને તે પ્રત્યય રૂપે ન વપરાયો હોય) ત્યારે તે એક अ કાર પોતાના અઢાર સવર્ણ ભેદોની સંજ્ઞા બને છે. એટલે કે अ એવી એક સંજ્ઞા ઉચ્ચારીને પાણિનિએ કોઈ કાર્ય કરવાનું કહ્યું હોય તો તે કાર્ય તેના અઢારેય ભેદોને લાગુ પડે છે. કેમકે "સંજ્ઞાનું ઉચ્ચારણ કરવાથી સઘળા સંજ્ઞી વર્ણોની ઉપસ્થિતિ થાય છે" એવો એક નિયમ અગાઉ કહી રાખ્યો છે. એ જ પ્રમાણે कु–चु–टु–तु–पुમાંના उ કારની इत् સંજ્ઞા કરીને તે उकारનો લોપ કરવામાં આવે છે. આથી આ क થી म સુધીના ૨૫ વર્ણોને उदित् કહેવામાં આવે છે. આથી આ उदित् સંજ્ઞક વર્ણોમાંથી કોઈ એકને કોઈક કાર્ય કહેવામાં આવ્યું હોય તો (દા. ત., कને કોઈ કાર્ય કહ્યું હોય તો) તે તેના બીજા ચાર ભેદોને પણ લાગુ પડે છે. કેમકે હવે क् તે પોતાના અન્ય સવર્ણ ભેદોની પણ સંજ્ઞા જાહેર કરવામાં આવી છે. આથી उदित् રૂપ क સંજ્ઞાનું ઉચ્ચારણ કરવાથી તેની સંજ્ઞીઓ = સવર્ણભેદો પણ તરત જ હાજર થઈ જાય છે.]

અનુવાદ–(ચાલુ) : આ ૧–૧–૬૯ એવા એક સૂત્રમાં જ 'अण्' પ્રત્યાહારને પર = પાછળના (= लण् । સૂત્રના) ण् સુધી લેવાનો છે. [આથી આ સૂત્રમાં अण्

=अ इ उ ऋ ऌ ए ओ ऐ औ ह य व र ल—એટલા વર્ણોનું * ગ્રહણ કરવાનું છે.] कु–चु–टु–तु–पुમાં અનુબન્ધ રૂપે જોડેલા उ કારની इत् સંજ્ઞા થાય છે (અને પછી લોપ થાય છે) આથી તે (क વર્ગના પાંચ વર્ણોને, च વર્ગના પાંચ વર્ણોને, ट વર્ગના પાંચ વર્ણોને, त વર્ગના પાંચ વર્ણોને અને प વર્ગના પાંચ) વર્ણોને "ઉદિત્" કહેવામાં આવે છે.

આ રીતે, એક અકાર (પૂર્વોક્ત) અઢાર પ્રકારના અકારોની સંજ્ઞા બને છે. એ જ પ્રમાણે, इકાર અને उકાર પણ (પોતપોતાના અઢાર–અઢાર સવર્ણભેદોની સંજ્ઞા બને છે. આથી કોઈ પણ એક પ્રકારનો इ કે उ ઉચ્ચાર્યો હોય તો તેના સંજ્ઞી રૂપ અઢારે–અઢાર સવર્ણભેદોનું ગ્રહણ કરાવે છે; અને પરિણામે એક इ કે उને કહેલું કાર્ય અઢારેય પ્રકારના इ કે उને લાગુ પડી જાય છે.–આ દૃષ્ટિએ પ્રસ્તુત સૂત્રને "સવર્ણ–ગ્રાહક સૂત્ર" = સવર્ણભેદોનું ગ્રહણ કરાવનારું સૂત્ર કહેવામાં આવે છે.) આવી રીતે ऋકાર એ (પોતાના અઢાર સવર્ણભેદો અને ऌના બાર સવર્ણભેદો =એમ કુલ) ત્રીસ સવર્ણભેદોની સંજ્ઞા બને છે. (કારણ કે અગાઉ વાર્ત્તિકકારે ऋ અને ऌને પરસ્પરના સવર્ણી ગણવા એવું જાહેર કર્યું છે. આથી ऋને કહેલું કાર્ય ऋના ૧૮ ભેદોને તો લાગુ પડશે જ. પણ ऌના ૧૨ ભેદોને પણ લાગુ પાડવાનું રહેશે.) આ જ પ્રમાણે, ऌ કાર પણ (પોતાના બાર સવર્ણ ભેદોને તથા ऋ કારના અઢાર સવર્ણભેદોને—એમ કુલ) ત્રીસ સવર્ણભેદોની સંજ્ઞા બને છે. एच् પ્રત્યાહારમાં આવેલા પ્રત્યેક (ए–ओ–ऐ–औ એવા વર્ણો) પોતપોતાના બાર–બાર સવર્ણભેદોની સંજ્ઞા બને છે. આ જ પ્રમાણે, य–व–ल એ ત્રણ અન્તઃસ્થવર્ણો પણ અનુનાસિક યઁ–વઁ–લઁ રૂપે), અને અનનુનાસિક (= શુદ્ધ य–व–ल રૂપે) બે પ્રકારના જોવા મળે છે. આથી અનનુનાસિક (=શુદ્ધ એવા) य–व–ल એ ત્રણ વર્ણો બબ્બેની સંજ્ઞા બને છે, (પરિણામે કોઈ પણ એક પ્રકારના य કાર, व કાર કે ल કારને કહેલું કાર્ય, તેના બીજા સવર્ણભેદને પણ લાગુ પડે છે. કેમકે य એવી સંજ્ઞાનું ઉચ્ચારણ કરવાથી य અને યઁ એવા બન્ને સંજ્ઞિભૂત વર્ણોની ઉપસ્થિતિ થાય છે.)

(વિવરણ) : (૧) અહીં अणुदित् सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ સૂત્ર શા માટે રજૂ કરવામાં આવ્યું છે? એ વિચારણીય છે. જેમકે तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ સૂત્રથી "જે બે વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને આભ્યન્તર પ્રયત્ન એક

---

* આમાંથી ह અને र (રેફ)ના બીજા કોઈ સવર્ણભેદ થતા નથી (કેમકે તે બન્ને કેવળ અનનુનાસિક જ છે). તેથી તે બે વર્ણો પોતે જ પોતાની સંજ્ઞા બને છે; એ બે વર્ણોનું જ્યાં ગ્રહણ કર્યું હોય ત્યાં અન્ય કોઈ સવર્ણભેદ ઉપસ્થિત થવાનો જ નથી.

સરખા હોય તે બે વર્ણોને પરસ્પરના 'સવર્ણ' કહીશું" તો તેવી સવર્ણ સંજ્ઞાનું શું ફળ/પ્રયોજન છે ? એવો પ્રશ્ન ઊભો થાય છે. આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે કોઈ બે વર્ણોની સવર્ણ સંજ્ઞા થવા છતાંય, કોઈ એક વર્ણને બદલે તેનો સવર્ણ વર્ણ કેવી રીતે પકડી શકાશે ? અર્થાત્ એક વર્ણ (અ કાર)ના બદલે તેના બીજા સવર્ણ વર્ણો (=આ, અ ૩, આઁ વગેરે અઢારેય પ્રકારના અ કારો)નું ગ્રહણ શી રીતે થઈ શકશે ? બીજા શબ્દોમાં કહીએ તો એક વર્ણને બદલે બીજા વર્ણનું ગ્રહણ કરવા માટે સવર્ણ સંજ્ઞા ઉપરાંત બીજું કોઈ વિશેષ વિધાન (સૂત્ર) છે ખરું ? આ પ્રશ્નનો જવાબ પ્રસ્તુત ૧–૧–૬૯ સૂત્રથી આપવામાં આવ્યો છે. એટલે કે કોઈ બે વર્ણોની સવર્ણસંજ્ઞા થયા પછી, (તે સવર્ણ સંજ્ઞાના નિમિત્તે જ) એક વર્ણથી બીજા વર્ણનું ગ્રહણ થઈ શકે છે એવું કહેવા માટે આ સૂત્રને રજૂ કરવામાં આવ્યું છે.

(૨) આ अणुदित्० । ૧–૧–૬૯ સૂત્રને "ગ્રહણક શાસ્ત્ર" કહેવામાં આવ્યું છે. આ સૂત્રનો અર્થ ઉપર આપેલા 'અનુવાદ'માંથી સ્પષ્ટ થશે. અહી વપરાયેલી अण् સંજ્ઞા વિષે કેટલોક ખુલાસો કરવો જરૂરી છે :–अण् એક સંજ્ઞા=પ્રત્યાહાર છે. आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ સૂત્રની મદદથી એક આદિ વર્ણ લઈને, તેની પાછળ કોઈ (અન્ત્ય) इत् સંજ્ઞક हल् (વ્યંજન) જોડવામાં આવે તો આવી સંજ્ઞાઓ (દા. ત., अच्–हल् વગેરે પ્રત્યાહારો) બનતી હોય છે, એવી રીતે આ સૂત્રમાં પાણિનિએ अण् સંજ્ઞા વાપરી છે. પરંતુ અહીં સંદેહ થવાની શકયતા છે, કેમકે માહેશ્વર સૂત્રોમાં બે વાર ण् કારને અનુબન્ધ રૂપે (અન્ત્ય इत् સંજ્ઞક વર્ણ તરીકે) જોડયો છે. એક તો अ इ उ ण् । ૧ માં અને બીજો लण् । ૬ સૂત્રમાં ण्कार છે.

આથી अण् કહેવામાં આવે ત્યારે अ થી શરૂ કરીને, કયા ण् કાર સુધી જવાનું ? એટલે કે अण्=अ–इ–उ સમજવાના, કે अण्=अ इ उ ऋ ऌ ए ओ ऐ औ ह य व र ल સમજવાના ? આ સંદેહની નિવૃત્તિ કરવા માટે ભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ સૂત્રમાં જ્યાં अण् સંજ્ઞા (=પ્રત્યાહાર) વાપરી છે ત્યાં પર(= પાછળના સૂત્રમાં આવેલા) ण् કાર સુધી (= लण् ६ । ના ण् કાર સુધી) अण् સમજવાનો છે; તથા 'અષ્ટાધ્યાયી'ના બીજા કોઈ પણ સૂત્રમાં જો अण् પ્રત્યાહાર વપરાયો હોય તો તે બધી જગ્યાએ પૂર્વ ण्કાર સુધી (= अ इ उ ण् । ૧ના ण् કાર સુધી) જ अण् સમજવાનો છે. (આવો જ સંદેહ इण् પ્રત્યાહાર માટે પણ થઈ શકે છે. એ સન્દર્ભમાં પતંજલિએ કહ્યું છે કે इण् सर्वत्र = બધાં જ સૂત્રોમાં પર = પાછળના = लण् સૂત્રના ण् કાર સુધી સમજવાનો છે.) આ મુદ્દાને શ્લોકબદ્ધ પણ કરવામાં આવ્યો છે :–

परेण एव 'इण्' ग्रहाः सर्वे, पूर्वेण एव 'अण्' ग्रहा मताः ।
ऋतेऽ"णुदित्सवर्णस्य" इति एतद् एकं परेण तु ॥

12. परः सन्निकर्षः संहिता । १–४–१०९

वर्णानामतिशयितः सन्निधिः संहितासंज्ञः स्यात् ।

13. हलोऽनन्तराः संयोगः । १–१–७

अज्भिरव्यवहिता हलः संयोगसंज्ञाः स्युः ।

14. सुप्तिङन्तं पदम् । १–१–१४

सुबन्तं तिङन्तं च पदसंज्ञं स्यात् ॥

* इति सञ्ज्ञाप्रकरणम् *

અનુવાદ : (આ ત્રણ સૂત્રોમાં ત્રણ પારિભાષિક = શાસ્ત્રીય સંજ્ઞાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે :)

૧૨. વર્ણોની વચ્ચે જોવા મળતા અતિશય સાન્નિધ્યને "સંહિતા" એવું નામ આપવામાં આવ્યું છે.

૧૩. अच् = સ્વરથી વ્યવધાન (=અંતરાય) નહીં પામેલા हल् = વ્યંજનોની "સંયોગ" એવી સંજ્ઞા થાય છે. (કેવળ વ્યંજનોના સમૂહને 'સંયોગ' કહેવાય છે.)

૧૪. 'સુબન્ત' અને 'તિઙન્ત' રૂપોની "પદ" એવી સંજ્ઞા થાય છે.

આમ 'સંજ્ઞા–પ્રકરણ' પૂરું થયું

(વિવરણ) : ૧૨ મા સૂત્રમાં 'સંહિતા' સંજ્ઞાનું લક્ષણ આપવામાં આવ્યું છે. આ સૂત્રના અર્થ મુજબ જોઈએ તો બે કે તેથી વધુ વર્ણો વચ્ચે જ્યારે અતિશય સાન્નિધ્ય હોય તેને (= તેવી સ્થિતિને = વર્ણોની નજીક નજીકમાં ઉપસ્થિતિ થઈ હોય તેને) 'સંહિતા' કહેવામાં આવે છે. અહીં सम् + हिता નો શબ્દાર્થ આવો થાય છે : "(= વર્ણોને) સાથે સાથે મૂકવામાં આવેલા હોય તેવી સ્થિતિ" હવે 'અતિશય સાન્નિધિ = સાન્નિધ્ય'નો અર્થ એવો લેવાનો છે કે બે વર્ણોની વચ્ચે અર્ધી માત્રાથી વધારે સમયગાળો ન રહેતો હોય તેવી સ્થિતિ.

૧૩ મા સૂત્રમાં 'સંયોગ' એવી સંજ્ઞા કોની થાય છે તે દર્શાવ્યું છે : माहात्म्यम् । જેવો શબ્દ લઈએ તો તેમાં म् आ ह् आ त् म् य् अ म् । એવા ક્રમે સ્વર–વ્યંજનો આવેલા છે. અહીં म् અને ह् ની વચ્ચે आ સ્વરનું વ્યવધાન = અંતરાય છે, પણ त्-म्-य्—ની વચ્ચે કોઈ સ્વર આવેલો નથી, તે ત્રણેય

કેવળ વ્યંજનો જ છે, આવા (=સ્વરથી વ્યવધાન નહીં પામેલા) વ્યંજનોના સમૂહને વ્યાકરણશાસ્ત્રમાં 'સંયોગ' કહેવામાં આવે છે.

૧૪. પાણિનિ ભવિષ્યમાં આપણને નામપદો અને ક્રિયાપદનાં રૂપો કેમ બનાવવાં તે શીખવવાના છે, આ પ્રસંગે તેઓ કહેવાના છે કે નામ રૂપ પ્રકૃતિની પાછળ सु–औ–जस्......ङि–ओस्–सुप् ॥ એવા (૭ × ૩) ૨૧ વિભક્તિ પ્રત્યયો લગાવો. દા. ત., राम + सु → राम + स् → राम + र् → राम + : = रामः । આમ અહીં राम શબ્દની પાછળ सु થી શરૂ કરી सुप् સુધીના ૨૧ પ્રત્યયોમાંથી કોઈ એક પ્રત્યય લગાવીને આપણે रामः (એવું પ્રથમા વિભક્તિ, એક વચનનું) રૂપ બનાવીશું. આ રૂપને सुप् પ્રત્યયાન્ત કહેવાશે. અહીં 'सुप् પ્રત્યયાન્ત'નો જ અર્થ થાય છે: सुप् + अन्त = सुबन्त. (અર્થાત્ 'सुप्' પ્રત્યય છે અંતમાં જેની)

આવી જ રીતે ક્રિયાવાચક ધાતુઓને तिप्–तस्–झि......इड्–वहि–महिङ् એવા (૯ + ૯ પરસ્મૈપદી અને આત્મનેપદી) = ૧૮ પ્રત્યયો લગાવીને, આપણે ભવિષ્યમાં भवति–भवतः–भवन्ति । જેવાં રૂપો બનાવવાના છીએ. ત્યાં આપણે ति થી શરૂ કરી महिङ् સુધીના ૧૮ માંથી કોઈ એક પ્રત્યયનો ઉપયોગ કર્યો હશે. આથી આવા ति વગેરે પ્રત્યયાન્ત રૂપોને तिङन्त (= तिङ् પ્રત્યય છે અંતમાં જેની) એમ કહેવામાં આવશે. પાણિનિ આવાં सुबन्त રૂપો કે तिङन्त રૂપોને "पद" એવી સંજ્ઞાથી ઓળખવાનું કહે છે.

આમ આ 'સંજ્ઞાપ્રકરણ'માં આપણને (૧) કેટલીક મુખ્ય મુખ્ય સંજ્ઞાઓ (ઈત્, લોપ, અનુનાસિક, સવર્ણ, સંહિતા, સંયોગ, પદ વગેરે)નું જ્ઞાન કરાવવામાં આવ્યું. (૨) ત્યાર પછી अण्–अच्–हल् વગેરે પ્રત્યાહારો કેમ બનાવવા એનું પણ જ્ઞાન કરાવવામાં આવ્યું છે. તથા (૩) સંસ્કૃત ભાષાના સ્વર–વ્યંજનોનાં ઉચ્ચારણસ્થાનો, આભ્યન્તર પ્રયત્નો અને બાહ્ય પ્રયત્નોનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં પ્રાસંગિક પણે કયો સ્વર કે અર્ધસ્વર (य व ल) કેટલા પ્રકારનો હોય છે તે પણ બતાવવામાં આવ્યું છે. આમ વ્યાકરણશાસ્ત્રનો આરંભ કરતાં પહેલાં કેટલીક પારિભાષિક/કૃત્રિમ/શાસ્ત્રોપયોગી સંજ્ઞાઓ; પ્રત્યાહાર બનાવવાની પ્રયુક્તિ, સૂત્રોમાં લાઘવ સિદ્ધ કરનારી 'અનુવૃત્તિ'ની યુક્તિ અને વર્ણપરિચય કરાવીને શાસ્ત્રકારે કેટલીક ગ્રંથવ્યવસ્થાઓ ઉપર પ્રકાશ પાડયો છે. આ દરેકને બરાબર સમજી અને યાદ રાખી લીધા પછી જ શાસ્ત્રમાં સન્ધિપ્રક્રિયા અને વિભક્ત્યન્ત રૂપો કેમ બનાવવાં એની પદ્ધતિ શીખવવામાં આવે છે.

આ 'સંજ્ઞાપ્રકરણ'માં રજૂ થયેલી સંજ્ઞાઓ ઉપરાંત બીજી પણ સંજ્ઞાઓ અને ગ્રંથવ્યવસ્થાઓ વિષે હવે પછીનાં પ્રકરણોમાં જેમ જેમ જરૂર પડશે એમ એમ ક્રમશઃ બોધ કરાવવામાં આવશે.

(સંજ્ઞાપ્રકરણ પૂરું થયું.)

२

॥ अथ अच्सन्धिप्रकरणम् ॥

---

15. इको यणचि । ६–१–७७

इकः स्थाने यण् स्याद् अचि, संहितायां विषये । सुधी + उपास्य इति स्थिते ।

16. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । १–१–६६

सप्तमीनिर्देशेन विधीयमानं कार्यं वर्णान्तरेण अव्यवहितस्य पूर्वस्य बोध्यम् ।

17. स्थानेऽन्तरतमः । १–१–५०


प्रसङ्गे सति सदृशतम आदेशः स्यात् । सुध्य् + उपास्य इति जाते ॥

અનુવાદ : ૧૫. इक् (પ્રત્યાહારમાં આવેલા વર્ણો इ–उ–ऋ–ऌ) ના સ્થાનમાં यण् (પ્રત્યાહારમાં આવેલા વર્ણો य्–व्–र्–ल्) (આદેશ રૂપે) પ્રવૃત્ત થાય છે, જો अच् (= કોઈ પણ 'અસવર્ણ' એટલે કે વિજાતીય સ્વર) પરમાં (= પાછળ) આવેલો હોય તો; તથા 'સંહિતા'નો વિષય હોય ત્યારે." દા. ત., सुधी + उपास्य । એવા શબ્દો પાસે પાસે આવીને ઊભા રહ્યા હોય ત્યારે—

૧૬. "સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરીને, કોઈ કાર્ય કહેવામાં આવ્યું હોય તો તે બીજા કોઈ વર્ણથી વ્યવધાન નહીં પામેલા એવા પૂર્વ વર્ણને થાય છે"—એમ જાણવું.


૧૭. (સ્થાનિભૂત) કોઈ વર્ણને ખસેડીને/એના બદલે બીજા કોઈ વર્ણને 'આદેશ' રૂપે પ્રવૃત્ત કરવાનો હોય તો ત્યાં જે સદૃશતમ (= સ્થાનિભૂત વર્ણને અતિશયપણે મળતો આવતો જે) આદેશ હોય તે જ પ્રવૃત્ત કરવાનો હોય છે. હવે (૧૬ અને ૧૭ મા નંબરનાં સૂત્રોની મદદથી ૧૫ મું સૂત્ર પ્રવૃત્ત થશે, ત્યારે इक् ના સ્થાનમાં (= इक् ને બદલે) यण् આદેશ થઈને) सुधी + उपास्य । માંથી → सुध्य् + उपास्य । થઈ જશે. ત્યાર પછી–(નીચે બતાવ્યા પ્રમાણેની વિધિ આગળ વધે છે :)

(વિવરણ) : सुधी + उपास्य । એવા બે શબ્દો પાસે પાસે આવીને ઊભા રહે છે ત્યારે (૧) પૂર્વોક્ત સૂત્ર ક્રમાંક–૧૨ મુજબ દીર્ઘ ई કાર અને उ કાર પરસ્પરની અતિશય નજીક આવીને ઊભા છે એમ કહેવાશે. આથી सुधी + उ पास्यમાં



"સંહિતા"ની સ્થિતિ છે એમ કહેવાશે. (૨) હવે, 'સંહિતા'નો વિષય હોય ત્યારે ૧૫ મું સૂત્ર એવી વિધિ શીખવે છે કે (= એવી સૂચના આપે છે કે) "इक् ના સ્થાનમાં यण् કરવો; જો अच् પરમાં હોય તો."

અહીં इक्, यण् અને अच् એ જુદા જુદા પ્રત્યાહારો છે એવો બોધ થયો હશે. જેમ કે, अ इ उ ण् । ऋलृक् । एओङ् । ऐऔच् । અને ह य व र ट् । लण् ।



અર્થાત્ (૧) इक् = इ થી શરૂ કરીને क् સુધી જતાં જે વર્ણો આવેલા છે (इ–उ–ऋ–लृ) તે સમજવાના છે.


(૨) यण् = य થી શરૂ કરીને ण् સુધી જતાં જે વર્ણો આવેલા છે (य्–व्–र्–ल्) તે સમજવાના છે.

(૩) अच् = अ થી શરૂ કરીને च् સુધી જતાં જે વર્ણો આવેલા છે (अ–इ–उ–ऋ–लृ–ए–ओ–ऐ–औ) તે સમજવાના છે. હવે, આ ત્રણેય પ્રત્યાહારોથી કયા કયા વર્ણોનું ગ્રહણ કરવાનું છે એ સમજી લીધા પછી, ઉપર્યુક્ત ૧૫ મા સૂત્રના અર્થને નીચેના ચિત્રથી સમજીશું.

इ उ ऋ लृ (સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં)
↓ ↓ ↓ ↓ ↓
य् व् र् ल् (આદેશ રૂપ વર્ણો પ્રવૃત્ત થાય છે.)*

} જો इक् વર્ણોની પાછળ કોઈ પણ (વિજાતીય) अच् = સ્વર આવેલો હોય તો. (અર્થાત્ આવી શરત સંતોષાતી હોય તો.)

અર્થાત્ सु धी + उ पास्य । એવી સ્થિતિમાં




(= इक्) (= अच्) કહેવાશે.

---

* અહીં ત્રણેક શાસ્ત્રીય બાબતોની સમજ મેળવી લઈશું : ૧. સ્થાનિન્ (=સ્થાનિભૂત વર્ણ) = જે વર્ણ શરૂમાં હોય, પણ પ્રક્રિયા દરમ્યાન પાછળથી નીકળી જાય તે. ૨. 'આદેશ' = જે શરૂમાં/પહેલેથી ના હોય, પણ સ્થાનિભૂત વર્ણને ખસેડીને એના બદલે નવો વર્ણ આવીને બેસી જાય તેને 'આદેશ' કહેવાય. (આથી આદેશની પ્રવૃત્તિ શત્રુવત્ ગણાઈ છે.) (ચાલુ–પાન ૨૮ ઉપર)

(એટલે કે ઉપાસ્ય નો ઉ કાર જો અચ્ પ્રત્યાહારમાં આવી જતો હોય તો, તે 'અચ્' પરમાં = પાછળ રહેતાં, તેની પૂર્વમાં જે સુધી નો દીર્ઘ ઈ કાર આવેલો છે, (અને જે इक् પ્રત્યાહારમાં આવી જાય છે, તેથી 'इक्' વર્ણ કહેવાશે) તેના સ્થાનમાં यण् પ્રત્યાહારમાંનો કોઈ એક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થવા આવે છે. એટલે કે—



(= यण् માંનો કોઈ એક વર્ણ 'આદેશ' રૂપે પ્રવૃત્ત થવા આવે છે.)

(૩) હવે, અહીં પ્રશ્ન થાય કે મૂળ વિધિસૂત્ર इको यण् अचि । ६–१–७७માં તો 'अचि' એવું પદ સપ્તમી વિભક્તિમાં આવેલું છે; એનો અર્થ "अच् પરમાં હોય ત્યારે" એવો કેવી રીતે કરવામાં આવે છે? કેમકે अचि એ જો સપ્તમ્યન્ત પદ હોય તો "अच्માં, अच्ની અંદર, अच्ની ઉપર" એવો કોઈક અધિકરણ-પરક અર્થ થવો જોઈએ. આ શંકાનું સમાધાન કરવા માટે ૧૯મું સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । १–१–६६ એ પરિભાષા સૂત્ર છે. આ સૂત્રથી પાણિનિ એવું માર્ગદર્શન આપે છે કે મારાં સૂત્રોમાં સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરીને (=કોઈ પદને સપ્તમી વિભક્તિમાં લખીને કોઈ કાર્ય કરવાનું કહ્યું હોય તો, તે સપ્તમી વિભક્તિમાં નિર્દેશેલા વર્ણોની બરાબર પૂર્વમાં આવેલા (=વચ્ચે બીજા કોઈ વર્ણનું વ્યવધાન ન આવ્યું હોય, તેવી રીતે પૂર્વમાં આવેલા) વર્ણના સ્થાનમાં તે કાર્ય થાય છે. દા. ત. इको यण् अचि । ६–१–७७ એ વિધિસૂત્રમાં अचि એ પદ સપ્તમીમાં છે. તો अच् (પ્રત્યાહારમાં આવેલા સ્વર)

* ૩. અહીં इ–उ–ऋ–ऌ–એવા ચાર इक्ના સ્થાનમાં જે यण् પ્રત્યાહારમાંના य्-व्-र्-ल् વર્ણોને આદેશ રૂપે પ્રવૃત્ત કરવાનું ચિત્ર બતાવ્યું છે તેમાં य्–व् વગેરે વર્ણોને ખોડા=વ્યંજન સ્વરૂપે લખ્યા છે. પણ મૂળ માહેશ્વર સૂત્રોમાં તો તે આખા=સસ્વર (=य–व–र–ल રૂપે) લખ્યા છે. તો પછી પ્રક્રિયામાં એમને કેમ વ્યંજન રૂપે લખ્યા હશે? એવો કોઈને પ્રશ્ન થાય તો એનો જવાબ એવો છે કે 'સંજ્ઞાપ્રકરણ'માં માહેશ્વરસૂત્રોની નીચે જ વૃત્તિકારે કહી રાખ્યું છે કે हकारादिषु अकारः उच्चारणार्थः । = हयवरट् વગેરે વ્યંજનોમાંનો અકાર કેવળ ઉચ્ચારણની સરળતા માટે જ જોડ્યો છે, તેને શાસ્ત્રપ્રક્રિયા શરૂ થાય ત્યારે કામે લેવાનો નથી. આથી इ ના સ્થાનમાં य સસ્વર મૂકવાનો નથી; પણ અકાર કાઢી લીધા પછી વ્યંજન રૂપ य् કારને મૂકવાનો છે.

વર્ણોની બરાબર પૂર્વમાં (જ) આવેલા इक् ના સ્થાનમાં यण् આદેશ થઈ શકે છે. [આ જ વાત બીજા શબ્દોમાં કહીએ તો इक् વર્ણોની બરાબર પાછળ अच् રહેલો હોય ત્યારે, તે इक्ના સ્થાનમાં यण् આદેશ થાય છે.] હવે ઉદાહરણમાં આ વાતને ઘટાવી જોઈએ.

सुधी + उपास्य । અહીં सुधी શબ્દમાં धी નો જે ઈકાર છે, તેના સ્થાનમાં यण् વર્ણ આદેશ રૂપે ત્યારે જ થઈ શકશે કે જ્યારે એ ઈકારની બરાબર પાછળ/તરત જ પાછળ કોઈ अच् વર્ણ આવેલો હોય ત્યારે. તો અહીં सुधीના ઈકારની બરાબર પાછળ उपास्यનો उ કાર (अच् = સ્વર) આવેલો જ છે. તેથી सुधीનો ई ખસેડી કાઢીને, એના બદલે य् મૂકી દેવામાં આવશે→सुध्य् + उपास्य ॥

(૪) હવે, अच् પરમાં રહે ત્યારે, તેની બરાબર પૂર્વમાં આવેલા इक्ना સ્થાનમાં यण् કરવાનું કહેવામાં આવે છે ત્યારે એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે, જેમકે, આપણે લીધેલા ઉદાહરણમાં તો

सुधी + उपास્य

↓ |______ अच् કહેવાશે. (તે પરમાં રહેતાં)

ई

(इक् પ્રત્યાહારમાં આવેલા इ–उ–ऋ–लृ માંનો એક વર્ણ)

તેના સ્થાનમાં

↓

य् व् र् ल् (એવા ચાર આદેશ પ્રવૃત્ત થવા આવે છે.)

એટલે કે દીર્ઘ ई રૂપ એક **'સ્થાની'**ના સ્થાનમાં બેસવા માટે કુલ ચાર **આદેશ**ભૂત વર્ણો—य् व् र् ल्—આવીને ઊભા છે. એમાંથી કયા એક વર્ણને પસંદ કરીશું? આ પ્રશ્નનો જવાબ આપવા માટે, ઉપર ૧૭મું સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે: "प्रसङ्गे सति=એક સ્થાનીના સ્થાનમાં અનેક આદેશભૂત વર્ણો બેસવા આવે ત્યારે, (ઉચ્ચારણ સ્થાનસામ્યની દષ્ટિએ) જે સદૃશતમ વર્ણ હોય તેવા આદેશને જ પસંદ કરીને, પ્રવૃત્ત કરવાનો હોય છે." આ દૃષ્ટિએ વિચારીએ તો જે દીર્ઘ ई રૂપ સ્થાનિભૂત વર્ણને ખસેડી કાઢવાનો છે તેનું ઉચ્ચારણ-સ્થાન (इचुयशानां तालु । એ ઉક્તિ અનુસાર) 'તાલુ' છે. તો હવે એના સ્થાનમાં બેસવા માટે જે આદેશભૂત ચાર વર્ણો य्–व्–र्–ल् (= यण्) આવીને ઊભા છે તેમાંથી ल्કારનું તો (लृतुलसानां दन्ताः એ મુજબ) ઉચ્ચારણ સ્થાન દન્ત છે, र्કારનું = રેફનું ઉચ્ચારણ સ્થાન ऋटुरषाणां मूर्धा એ મુજબ) મૂર્ધા છે,

व्‌નું ઉચ્ચારણસ્થાન (वकारस्य दन्तोष्ठम् એ મુજબ) દન્તોષ્ઠ છે. આમ આ છેલ્લા ત્રણ વર્ણમાંથી એકેય એવો નથી, કે જેનું ઉચ્ચારણ-સ્થાન ई ના જેવું તાલુ જ હોય. આથી બાકી રહેલા ય્કારનું ઉચ્ચારણ-સ્થાન વિચારીએ તો इ-चु-य-शानां तालु । એ મુજબ इ ની જેમ જ ય્‌નું પણ 'તાલુ' સ્થાન જ છે. આથી ईનો (ઉચ્ચારણ સ્થાનની દષ્ટિએ) સદશતમ વર્ણ ય્કાર જ કહેવાશે. એટલે આપણે सुधी + उपास्य । માં ई ને ખસેડીને, તેના સ્થાનમાં આદેશ રૂપે ય્‌ને પસંદ કરીને, પ્રવૃત્ત કરીશું તો →सुध्य + उपास्य । એવું બની જશે. આવું થઈ ગયા પછી સન્ધિકાર્યની પ્રક્રિયા આગળ વધે છે—


18. अनचि च । ८-४-४७

अचः परस्य यरो द्वे वा स्तो, न तु अचि ॥ इति धकारस्य द्वित्वम् ।

19. झलां जश् झशि । ८-४-५३

स्पष्टम् । इति पूर्वधकारस्य दकारः ।

અનુવાદ : ૧૮. "अच्‌ (= કોઈ પણ સ્વર)ની પરમાં (= પાછળ) આવેલા यर्‌ (પ્રત્યાહાર વર્ણો, અર્થાત્‌ हकार સિવાયના તમામ વ્યંજનો)નું વિકલ્પે દ્વિત્વ થાય છે; પણ તે (यर्‌) ની પાછળ अच्‌ ન આવેલો હોય ત્યારે (જ)". આ સૂત્રાર્થ મુજબ, આપણા ઉદાહરણને તપાસીએ તો सुध्य्‌ + उपास्य । એ સ્થિતિમાં सु માં જે उकार (= सूकारोत्तरवर्ती उकार) આવેલો છે તે अच्‌ છે, એની પાછળ यर्‌ પ્રત્યાહારમાંનો (= यवरट्‌થી શરૂ કરી......शषसर्‌ સુધી જતાં વચ્ચે આવેલા घढधष्‌માંનો) ध्कार આવેલો છે; અને તે (यर्‌ રૂપ) ध्कारની પાછળ य्‌ આવેલો છે; જે अच्‌ નથી. આથી પ્રસ્તુતની સૂચના મુજબ તે ध्‌નું વિકલ્પે દ્વિત્વ કરી શકાશે :—



૧૯. (વરદરાજે આ સૂત્ર ઉપર વૃત્તિ લખ્યા વિના ટૂંકમાં એટલું જ કહ્યું છે કે) આ સૂત્ર સ્વયંસ્પષ્ટ છે. (!) પણ આનો સૂત્રાર્થ આમ થશે : झल् પ્રત્યાહારના વર્ણોના સ્થાનમાં जश् પ્રત્યાહારના વર્ણો થાય છે; જો झश् પ્રત્યાહારના વર્ણોમાંથી કોઈ એક વર્ણ પરમાં = પાછળ આવેલો હોય ત્યારે." અર્થાત્—


झल् (સ્થાની) = झभञ् । घढधष् । जबगडदश् । खफछठथचटतव् । कपय् । शषसर् । हल् ॥ (= દરેક વર્ગના પાંચમા ક્રમાંકના અનુનાસિક વર્ણો સિવાયના ૧, ૨, ૩ કે ૪ થા વર્ણો)

(આટલા વર્ણોના સ્થાનમાં)

जश् (આદેશ) = ज–ब–ग–ड–द–श् (= દરેક વર્ગનો ત્રીજો વર્ણ) (આદેશ રૂપે પ્રવૃત્ત થાય, જો)

झश् (નિમિત્ત) = झभञ् । घढधष् । जबगडदश् । (= દરેક વર્ગના ૪થા કે ૩ જા વર્ણમાંનો કોઈ એક વર્ણ પરમાં = પાછળ આવેલો હોય તો.)

હવે, આ સૂત્રની સૂચના મુજબ સન્ધિકાર્ય આગળ વધારીશું તો—




(વિવરણ) : ૧૮મા સૂત્રનો અર્થ બે તબક્કે સમજવાનો છે :

(क) अच्‌ની પાછળ/પરમાં આવેલા यर्‌નું વિકલ્પે દ્વિત્વ કરવું; પણ આવું ક્યારે કરવું ? તો (ख) તે यर्‌ની પાછળ બીજો કોઈ अच् સ્વર ના આવેલો હોય તો. એટલે કે यर्‌નું દ્વિત્વ (વિકલ્પે) કરવું હોય તો यर्‌ની પૂર્વમાં अच् હોવો જોઈએ, પણ यर्‌ની પાછળ अच् હોવો ના જોઈએ. આ બન્ને

શરતો સચવાતી હોય ત્યારે જ યર્ નું વિકલ્પે દ્વિત્વ થાય. આપણા ઉદાહરણમાં સુધ્ય્+उपास्य । માં ધ્ કાર તે યર્ છે; અને એની આગળ અચ્ (=उ) છે; પણ પાછળ અચ્ નથી. તેથી ધ્ કાર બેવડાશે (=ધ્કારનું દ્વિત્વ થશે). (ग) અહીં ત્રીજો મુદ્દો એ ધ્યાનાસ્પદ છે કે આ દ્વિત્વ રૂપ વિધિને વૈકલ્પિક જાહેર કરવામાં આવેલ છે. આથી બે પક્ષમાં વિધિ ચાલુ થશે (જુઓ ઉપરનું ચિત્ર).

૧૯મું સૂત્ર સ્વયં-સ્પષ્ટ છે એમ કહીને વૃત્તિકાર વરદરાજે કોઈ સમજૂતી લખી નથી. પણ આપણે તે સૂત્રમાં આવેલાં પદોને તપાસીએ તો ૧. झलां એ ષષ્ઠી વિભક્તિમાં આવેલ પદ છે. તેનો અર્થ થશે. "झल्ના સ્થાનમાં", ૨. जश् એ પદ પ્રથમા વિભક્તિમાં છે, એનો અર્થ થશે : "આદેશ રૂપે जश् થાય છે." ૩. झशि એ પદ સપ્તમી વિભક્તિમાં છે, એથી એનો અર્થ થશે : "झश् પરમાં આવેલો હોય ત્યારે", (આ નિમિત્ત = શરત દર્શાવતું પદ છે). આ મુજબ सुध्ध्य्+उपास्य । ઉદાહરણમાં (પહેલા) ધ્ કાર રૂપ झल्ને ખસેડીને એના સ્થાનમાં નવો जश् લાવવાનો રહેશે; કારણ કે તે (પહેલા) ધ્ કાર (=झल्)ની પાછળ, બીજો જે એક ધ્કાર આવેલો છે, તે झश् પ્રત્યાહારમાંનો જ એક વર્ણ છે. આથી હવે એ વિચારીશું કે–



આથી પ્રશ્ન થશે કે અહીં (પહેલા) ધ્ના સ્થાનમાં કયા जश् વર્ણને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું ? તો (સ્થાનિભૂત) ધ્કારનું ઉચ્ચારણ–સ્થાન 'તાલુ' છે (= તે ત વર્ગનો વર્ણ છે). આથી जबगडदમાંથી આપણે એવો જ વર્ણ પસંદ કરવાનો રહેશે કે જેનું પણ ઉચ્ચારણ–સ્થાન તાલુ જ હોય. તો તેવો વર્ણ તો द् કાર જ છે; કે જે 'તાલુ' સ્થાનવાળો પણ છે, અને ત વર્ગનો ત્રીજો વર્ણ છે. આથી सुध्ध्य्+उपास्य । માં जश्त्व વિધિ કરીશું તો → सुद्ध्य्+उपास्य । એવું બની જશે. (વિપક્ષમાં જ્યાં सुध्य्+उपास्य । એ સ્થિતિમાં ધ્ કારનું દ્વિત્વ નથી થયું, ત્યાં ધ્ની પાછળ આવેલો य् કાર 'झश' માંનો નથી. આથી ત્યાં ૧૯ મા સૂત્રને પ્રવૃત્ત થવા માટેની શરત જ સંતોષાતી નથી. એટલે ત્યાં તો યથાવત્ ધ્ કાર જ ચાલુ રહેશે.) હવે પ્રક્રિયા આગળ વધે છે :

20. संयोगान्तस्य लोपः । ८--२--२३

संयोगान्तं यत्पद तस्य लोपः स्यात् ।

21. अलोऽन्त्यस्य । १--१--५२

षष्ठीनिर्दिष्टोऽन्त्यस्यादेशः स्यात् । इति यलोपे प्राप्ते— ॥ * यणः प्रतिषेधो वाच्यः * ॥ सुद्ध्युपास्यः-सुध्युपास्यः ॥ मद्ध्वरिः—मध्वरिः ॥ धात्त्रंशः-धात्रंशः । लाकृतिः ॥

અનુવાદ : ૨૦. "સંયોગ" છે અન્તમાં જેની, એવા પદનો લોપ કરવો જોઈએ." [એટલે કે સુદ્ધ્य् + उपास्य । માં द् + ध् + य् નો જે 'સંયોગ' છે (=સ્વરના વ્યવધાન વિનાની સહોપસ્થિતિ (જુઓ : ૧૩મું સૂત્ર) તે પદના અન્તે આવેલો છે; તેથી તે 'સંયોગાન્ત પદ'નો (પ્રસ્તુત ૨૦મા સૂત્રથી) લોપ થવા આવે છે.] (પણ એવો લોપ થશે નહીં, કેમકે નીચેનું સૂત્ર બીજી એક સૂચના આપે છે)

૨૧. (કોઈ સૂત્રમાં) ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરીને જે કાર્ય કરવાનું નિર્દેશ્યું હોય, તે અન્તિમ વર્ણને (જ) લાગુ પાડવાનું હોય છે. આ દૃષ્ટિએ વિચારીએ તો (संयोगान्तस्य लोपः । એ સૂત્ર દ્વારા લોપ કરવાનું જે કાર્ય કહેવામાં આવ્યું છે, તે ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરીને (= संयोगान्तस्य) કહેવામાં આવ્યું છે. આથી સંયોગ જેના અન્તે છે તેવા 'सुद्ध्य्' એવા આખા પદનો લોપ નહીં કરી શકાય. પણ सुद्ध्य् એવા પદમાં આવેલો] જે અન્તિમ य् કાર છે, તેનો લોપ થવા આવે છે. આવી સ્થિતિમાં કાત્યાયને એક વાર્તિક રજૂ કર્યું છે : 'यण् પ્રત્યાહારમાં આવેલા વર્ણો (= य्–व्–र्–ल्) નો લોપ થવા આવતો હોય તો, તેનો પ્રતિષેધ કરવો જોઈએ." [એટલે કે सुद्ध्य्માં–ના અન્તિમ य् કારનો (૨૧ મા સૂત્રથી પ્રાપ્ત થયેલો) લોપ થતો રોકી લેવો. અર્થાત્ य् ના લોપનો નિષેધ જાહેર કરવામાં આવે છે. આથી सुद्ध्य् + उपास्यः । અને (વિપક્ષમાં) सुद्ध + उपास्यः । માં, હવે કોઈ નવી વિધિ કરવાની રહેતી નથી, તેથી अज्झीनं परेण संयोज्यम् ।="સ્વર વગરના વ્યંજનોને પાછળ પાછળના વર્ણ સાથે જોડી દેવા જોઈએ." એવા ન્યાયથી બધા વર્ણોને ભેગા કરીને લખીશું/ઉચ્ચારીશું તો આમ થશે : —]


ઉદા. ૧. सुद्ध्युपास्यः = सुद्ध्युपास्यः । અથવા सुध्युपास्यः । થશે.

ઉદા. ૨. માં (मधु + अरिः માંથી→) मद्ध्वरिः । અથવા मध्वरिः । બનશે.

ઉદા. ૩. માં (धातृ + अंशः માંથી →) धात्त्रंशः । અથવા धात्रंशः । અને

ઉદા. ૪. માં (ऌ+आकृतिः માંથી →) लाकृतिः । એવું સન્ધિજન્ય રૂપ તૈયાર થશે. ((सुद्ध्युपास्यः = 'સારી બુદ્ધિવાળાઓ વડે ઉપાસવા યોગ્ય' = વિષ્ણુ.)

(વિવરણ) : પૂર્વોક્ત સૂત્રોથી અન્ય ઉદાહરણોની રૂપપ્રક્રિયા/રૂપસિદ્ધિ પણ તપાસીશું–



૧. ૧૨: संनिकर्षः संहिता । ૧૨ મા સૂત્ર થી પાસે પાસે આવેલા उ અને अની 'સંહિતા' સંજ્ઞા થશે. પરિણામે,

૨. इको यण् अचि । ૧૫મા સૂત્રથી इक्=उના સ્થાનમાં यण्=व् થશે; કેમકે તે उની પાછળ अच्=अ આવેલો છે. (धु માંથી उ ને સ્થાને व् મૂકીશું તો); ત્યાર પછી

૩. अनचि च । ૧૮મા સૂત્રથી अच्=म માંના अ કારની પાછળ આવેલા यर्=ध् કારનું વિકલ્પે દ્વિત્વે થશે; કેમકે એ ध् કારની પાછળ अनच्= સ્વર આવેલો નથી; (તે તો व् કાર છે).

૪. झलां जश् झशि । ૧૯મા સૂત્રથી झल्=પહેલા ध् કારને સ્થાને, जश् રૂપે એ त વર્ગનો ત્રીજો વર્ણ द् કાર મૂકીશું, કેમકે એ પહેલા ध्ની પાછળ જે બીજો ध् કાર છે તે झश् કહેવાશે.


૫. संयोगान्तस्य लोपः । અને अलोऽन्त्यस्य । એવાં ૨૦–૨૧ સૂત્રો ભેગાં મળીને मद्ध्व् અને मध्व् એવા બન્ને 'સંયોગાન્ત પદ'ના અંતે આવેલા व् કારનો લોપ કરવા ઉદ્યત થાય છે; પણ यणः प्रतिषेधो वाच्यः । એવા વાર્તિકથી व् નો લોપ થતો અટકાવવામાં આવે છે.

मद्ध्वरिः ।   अथवा
मध्वरिः ॥


६. હવે છેલ્લા તબક્કે અज्झीनं परेण संयोज्यम् । એવા ન્યાયથી 'સ્વર વગરના વ્યંજનો'ને ઉત્તર–ઉત્તરવર્તી વર્ણો સાથે જોડી દઈશું તો ઇષ્ટ રૂપની સિદ્ધિ થઈ જશે = ઇષ્ટસન્ધિકાર્ય સધાઈ જશે. मध्वरिः = મધુ નામના રાક્ષસના દુશ્મન=વિષ્ણુ.

[३] धातृ + अंशः ।

૧. આ સ્થિતિમાં इको यणचि । સૂત્રથી, "પરમાં अच् રહેલો હોવાથી તેની પૂર્વમાં આવેલા इक् (=ऋકાર) ના સ્થાનમાં यण् = र् આદેશ થશે."



૨. अनचि च । સૂત્રથી "धा માંના आ કાર=अच्ની પાછળ આવેલા यर् = त् કારનું વિકલ્પે દ્વિત્વ થશે; કેમકે તે त् ની પાછળ બીજો કોઈ સ્વર = अच् આવેલો નથી.



त्रं

૩. झलां जश् झशि । થી અહીં પહેલા त् (= झल्)ના સ્થાનમાં जश्त्व= द् કાર નહીં થાય; કેમકે તે त् કારની પાછળ જે વર્ણ = બીજો त् કાર આવ્યો છે તે झश् માં આવતો નથી.

૪. अलोऽन्त्यस्य । થી અહીં અન્તિમ રેફનો પણ લોપ થઈ શકશે નહીં; કારણ કે વાર્તિકકારે એનો પણ નિષેધ કરેલો છે.


धात्त्रंश | धात्रंश ।

૫. આથી પ્રક્રિયાનો છેલ્લો તબક્કો अज्झीनं परेण संयोज्यम् । હાથ ધરવો પડશે. જેમાં એકલા વ્યંજનોને ઉત્તર ઉત્તરવર્તી વર્ણો જોડે જોડી દેવાના રહેશે :

ઉદા. ૪. માં (ऌ+आकृतिः માંથી →) लाकृतिः । એવું સન્ધિજન્ય રૂપ તૈયાર થશે. ((सुद्ध्युपास्यः = 'સારી બુદ્ધિવાળાઓ વડે ઉપાસવા યોગ્ય' = વિષ્ણુ.)

(વિવરણ) : પૂર્વોક્ત સૂત્રોથી અન્ય ઉદાહરણોની રૂપપ્રક્રિયા/રૂપસિદ્ધિ પણ તપાસીશું–

[૨]



૧. परः संनिकर्षः संहिता । ૧૨ મા સૂત્ર થી પાસે પાસે આવેલા उ અને अની 'સંહિતા' સંજ્ઞા થશે. પરિણામે,

૨. इको यण् अचि । ૧૫મા સૂત્રથી इक्=उના સ્થાનમાં यण्=व् થશે; કેમકે તે उની પાછળ अच्=अ આવેલો છે. (धु માંથી उ ને સ્થાને व् મૂકીશું તો); ત્યાર પછી

૩. अनचि च । ૧૮મા સૂત્રથી अच्=म માંના अ કારની પાછળ આવેલા यर्=ध् કારનું વિકલ્પે દ્વિત્વ થશે; કેમકે એ ध् કારની પાછળ अनच्= સ્વર આવેલો નથી; (તે તો व् કાર છે).

૪. झलां जश् झशि । ૧૯મા સૂત્રથી झल्=પહેલા ध् કારને સ્થાને, जश् રૂપે એ त વર્ગનો ત્રીજો વર્ણ द् કાર મૂકીશું, કેમકે એ પહેલા ध्ની પાછળ જે બીજો ध् કાર છે તે झश् કહેવાશે.


૫. संयोगान्तस्य लोपः । અને अलोऽन्त्यस्य । એવાં ૨૦–૨૧ સૂત્રો ભેગાં મળીને मद्ध्व् અને मध्व् એવા બન્ને 'સંયોગાન્ત પદ'ના અંતે આવેલા व् કારનો લોપ કરવા ઉદ્યત થાય છે; પણ यणः प्रतिषेधो वाच्यः । એવા વાર્તિકથી व् નો લોપ થતો અટકાવવામાં આવે છે.

मद्ध्वरिः । અથવા
मध्वरिः ॥

૬. હવે છેલ્લા તબક્કે अज्झीनं परेण संयोज्यम् । એવા ન્યાયથી 'સ્વર વગરના વ્યંજનો'ને ઉત્તર–ઉત્તરવર્તી વર્ણો સાથે જોડી દઈશું તો ઇષ્ટ રૂપની સિદ્ધિ થઈ જશે = ઇષ્ટસન્ધિકાર્ય સધાઈ જશે. मध्वरिः = મધુ નામના રાક્ષસના દુશ્મન=વિષ્ણુ.


[३] धातृ + अंशः ।

૧. આ સ્થિતિમાં इको यणचि । સૂત્રથી, "પરમાં અચ્ રહેલો હોવાથી તેની પૂર્વમાં આવેલા इक् (=ऋकार) ના સ્થાનમાં यण् = र् આદેશ થશે."



૨. अनचि च । સૂત્રથી "धा માંના आ કાર=अच्ની પાછળ આવેલા यर् = त् કારનું વિકલ્પે દ્વિત્વ થશે; કેમકે તે त् ની પાછળ બીજો કોઈ સ્વર = अच् આવેલો નથી.

૩. झलां जश् झशि । થી અહીં પહેલા त् (= झल्)ના સ્થાનમાં जश्त्व= द् કાર નહીં થાય; કેમકે તે त् કારની પાછળ જે વર્ણ = બીજો त् કાર આવ્યો છે તે झश् માં આવતો નથી.



૪. अलोऽन्त्यस्य । થી અહીં અન્તિમ રેફનો પણ લોપ થઈ શકશે નહીં; કારણ કે વાર્તિકકારે એનો પણ નિષેધ કરેલો છે.

धात्त्रंश | धात्रंश ।

૫. આથી પ્રક્રિયાનો છેલ્લો તબક્કો अज्झीनं परेण संयोज्यम् । હાથ ધરવો પડશે. જેમાં એકલા વ્યંજનોને ઉત્તર ઉત્તરવર્તી વર્ણો જોડે જોડી દેવાના રહેશે :

[४] ऌ + आकृतिः ।

१. આ સ્થિતિમાં ऌ સ્વરની પાછળ આ કાર (બીજો એક વિજાતીય સ્વર) આવેલો છે. તેથી इको यणचि । થી इक् = ऌ ના સ્થાનમાં यण् = ऌ् થશે.

ऌ् + आकृतिः

२. અહીં अनचि च । વગેરે બીજાં કોઈ જ સૂત્રોને પ્રવૃત્ત થવા માટે અવકાશ જ નથી. તેથી કેવળ વ્યંજન સ્વરૂપ ऌ્કારને પરવર્તી સ્વર આ કારની જોડે अज्झीनं परेण संयोज्यम् । એ ન્યાયથી ભેળવી દઈશું.

ऌ् + आकृतिः = लाकृतिः ।

આ જ રીતે नदी + आवहति = नद्यावहति । कुरु + इदम् = कुर्विदम् । मातृ + आज्ञा = मात्राज्ञा । ऌ + आकार = लाकार । વગેરે સન્ધિઓ થશે.

અહીં બે ત્રણ મુદ્દા નોંધપાત્ર છે : (૧) વૃત્તિકાર વરદરાજે इको यणचि । એવા એક વિધિસૂત્રથી इक् (इ-उ-ऋ-ऌ) એવા ચાર સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં यण् રૂપે જે ચાર આદેશો (य्-व्-र्-ल्) પ્રવૃત્ત થાય છે એ દરેકનાં ઉદાહરણો આપવાની કાળજી લીધી છે. આ દષ્ટિએ જોઈએ તો ૧. सुद्ध्युपास्यः । માં ઈ ના સ્થાનમાં य् આદેશ થયો છે; ૨. मद्ध्वरिः । માં ઉના સ્થાનમાં व् આદેશ થયો છે; ૩. धात्रंशः । માં ऋ ના સ્થાનમાં र् આદેશ થયો છે અને ૪. लाकृतिः । માં ऌના સ્થાનમાં ल् આદેશ થયો છે.

(૨) સૂત્રકાર પાણિનિએ इको यणचि । સૂત્રમાં જે इक्નો, કે જે अच्નો નિર્દેશ કર્યો છે, તે કોઈ પ્રકારના 'પ્રત્યય' નથી. આથી ૧૧મા સૂત્ર अणुदित्सवर्णस्य चाप्रत्ययः । દ્વારા જે સૂચના આપવામાં આવી છે તે મુજબ इक् પ્રત્યાહારમાં આવેલા इ-उ-ऋ-ऌ વર્ણો તેમના અઢાર—અઢાર કે ત્રીસ–ત્રીસ સવર્ણભેદોની 'સંજ્ઞા' પણ બને છે. પરિણામે પાણિનિએ એક હ્રસ્વ इના, કે એક હ્રસ્વ उના સ્થાનમાં यण् = य्-व्-र्-ल्ને આદેશ રૂપે પ્રવૃત્ત કરવાનું જે કહ્યું છે, તે અઢારેય પ્રકારના = દીર્ઘાદિ ई કારોને પણ લાગુ પડશે. આથી જેમ कवि + अत्र = कव्यत्र । માં હ્રસ્વ इ ને ખસેડીને य् આદેશ થયો, તેમ सुधी + उपास्यમાં જયાં દીર્ઘ ई સ્થાની રૂપે હતો, ત્યાં પણ આ इको यणचि । સૂત્ર પ્રવૃત્ત થઈને દીર્ઘ ई ના સ્થાનમાં य् આદેશ કરી શકે છે. આ જ રીતે, આ વિધિ સૂત્રમાં નિમિત્ત રૂપે ઉલ્લેખેલો अच् પણ 'પ્રત્યય' રૂપ નથી, તેથી अच् પ્રત્યાહારમાં આવેલો પ્રત્યેક સ્વર પોતપોતાના સવર્ણભેદોની

'સંજ્ઞા' થશે; આથી નિમિત્તદલમાં પણ હ્રસ્વભેદવાળા સ્વરને બદલે દીર્ઘભેદવાળો સ્વર હોય તો પણ यण् આદેશ પ્રવૃત્ત થવામાં કશી તકલીફ પડશે નહીં. જેમકે, मति + आनन्दः→मत्यानन्दः ।

(૩) सुद्ध्य् + उपास्य । એ સ્થિતિમાં પૂર્વોક્ત ૨૦મા અને ૨૧મા સૂત્રથી य् કારનો લોપ થવા આવે છે; ત્યારે વાર્તિકકાર કાત્યાયને यणः प्रतिषेधो वाच्यः । એવું વાર્તિક રચીને य् કારની રક્ષા કરી છે. તેમણે આવું શા માટે કર્યું ? એ પણ વિચારણીય છે જેમકે, सुधी + उपास्य । એવી સંહિતાની સ્થિતિમાં દીર્ઘ ई ને ખસેડીને य् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થયો છે; એટલે કે તે य् કાર તો દીર્ઘ ई નો પ્રતિનિધિ છે. આથી જો એનો લોપ થવા દેવાય તો તો सुद्ध्० + उपास्य । એવું અનિષ્ટ રૂપ બનીને ઊભું રહેત. આથી ई ના પ્રતિનિધિ રૂપે/અવેજીમાં આવેલા य् કારનો લોપ થતો રોકવા માટે વાર્તિકકારે પોતાના તરફથી વિશેષ સૂચના ઉમેરવી પડી છે; (કે આ શાસ્ત્રમાં જ્યાં જ્યાં यण् પ્રત્યાહારના વર્ણોનો લોપ થવા આવે તેનો નિષેધ કરવો.)

---

22. एचोऽयवायावः । ६-१-७८

एचः क्रमाद् 'अय्-अव्-आय्-आव्'-एते (आदेशाः) स्युः, अचि ॥

23. यथासंख्यम् अनुदेशः समानाम् । १-३-१०

समसंबन्धीविधिर्यथासंख्यं स्यात् । हरये । विष्णवे । नायकः । पावकः ।

અનુવાદ : ૨૨ एच् (પ્રત્યાહારના વર્ણો ए-ओ-ऐ-औ) ના સ્થાનમાં અનુક્રમે अय्-अव्-आय् અને आव् એવા ચાર આદેશો થાય છે, જો अच् (=કોઈ પણ સ્વર) પરમાં હોય તો.

૨૩. "સમ સંબન્ધી વિધિ (=કાર્ય) યથાસંખ્યતાના ન્યાયથી (અર્થાત્ અનુક્રમે) લાગુ પાડે છે." [અર્થાત્ જેટલી સંખ્યામાં સ્થાનિભૂત વર્ણો હોય, તેટલી જ સંખ્યામાં જો આદેશ રૂપ વર્ણો દર્શાવ્યા હોય તો, તેવા આદેશોની (સ્થાનિઓના સ્થાનમાં) અનુક્રમે જ પ્રવૃત્તિ થાય છે. જેમકે, પ્રથમ સ્થાનીના સ્થાનમાં પ્રથમ આદેશ, દ્વિતીય સ્થાનીના સ્થાનમાં દ્વિતીય આદેશ-એમ અનુક્રમે પ્રવૃત્તિ થાય છે.]

(વિવરણ) : एचः એ ષષ્ઠયન્ત પદ-છે. એનો અર્થ થાય છે := एच् ના સ્થાનમાં. ૨૨મા સૂત્રમાં કહ્યું છે કે-"अचि=કોઈ પણ સ્વર પરમાં રહ્યો હોય ત્યારે, તેની પૂર્વમાં આવેલા एच् (= ए ओङ् । ऐ औच्) ના સ્થાનમાં अय्-अव् ઈત્યાદિ ચાર આદેશો થાય છે." અહીં एचः એવું પદ ષષ્ઠી વિભક્તિમાં આવેલું છે;

જે સ્થાનિભૂત વર્ણો કોણ કોણ છે એનો નિર્દેશ કરે છે. (પૂર્વના કોઈક સૂત્રમાંથી અનુવૃત્તિથી આવેલું) अचि એવું પદ સપ્તમી વિભક્તિમાં રહેલું છે, જે નિમિત્ત= શરતને રજૂ કરે છે; તથા अयवायावः એ પ્રથમા વિ. બહુવચનનું રૂપ છે, જે 'આદેશ' રૂપે પ્રવૃત્ત થનારા વર્ણોનો નિર્દેશ કરે છે.

આમ—સ્થાનિ		આદેશ	નિમિત્ત
ए	→	अय्	अच् =પ્રત્યાહારમાં આવેલો કોઈ પણ સ્વર પરમા (=एच्‌ની પાછળ) આવેલો હોય ત્યારે.
ओ	→	अव्	
ऐ	→	आय्	
औ	→	आव्	

હવે, અહીં પ્રશ્ન થાય કે एच् પ્રત્યાહાર દ્વારા જે ચાર સ્થાનિભૂત વર્ણોનો નિર્દેશ થયો છે, તેના સ્થાનમાં જે નવા अय्–अव् વગેરે ચાર આદેશો પ્રવૃત્ત કરવાનું દર્શાવ્યું છે; તે શું 'કોઈ પણ સ્થાનીના સ્થાનમાં કોઈ પણ આદેશ બેસાડી શકાય' એવા ઈચ્છાનુસારી ક્રમને માન્ય રાખે છે? એટલે કે પહેલા સ્થાનિભૂત વર્ણ એકારના સ્થાનમાં, શું ચાર આદેશોમાંથી **ચોથો** आव् આદેશ પ્રવૃત્ત થઈ શકે ખરો? તો સૂત્રકાર કહે છે કે આવા સ્વેચ્છાચારને માન્ય રાખવામાં આવતો નથી. આને માટે યોગ્ય વ્યવસ્થા દર્શાવનારું એક 'પરિભાષા' પ્રકારનું (૨૩ મું) સૂત્ર રજૂ કરવામાં આવે છે : એમાં કહ્યું છે કે समानाम् (સ્થાનિનાં સ્થાને) = સરખી સંખ્યાવાળા (સ્થાનીઓ)ના (સ્થાનમાં); यथासंख्यम् = યથાસંખ્ય ન્યાયથી, અર્થાત્ અનુક્રમે; अनुदेशः = आदेशः (भवति) = આદેશની પ્રવૃત્તિ થાય છે. વ્યવહાર જગતૂમાં પણ એવો ન્યાય જોવા મળે છે કે—उद्देश्य-प्रतिनिर्देश्ययोः समसंख्यत्वे क्रमात् कार्यं स्यात् । 'ઉદ્દેશ્ય' અને પ્રતિનિર્દેશ્યની સંખ્યા એક સરખી હોય (એટલે કે જેટલી સંખ્યામાં ઉદ્દેશ્ય હોય, તેટલી જ સંખ્યામાં જો પ્રતિનિર્દેશ્ય હોય) તો ત્યાં અનુક્રમે કાર્ય/અન્વય થાય છે." જેમ કે, शत्रुं मित्रं विपत्तिञ्च, जय रञ्जय भञ्जय ।। "શત્રુ, મિત્ર અને વિપત્તિને જીતો, ખૂશ કરો અને તોડી કાઢો." એ વાક્યમાંના ત્રણ ઉદ્દેશ્યભૂત પદાર્થોનો પ્રતિનિર્દેશ્ય = વિધેયની સાથે અનુક્રમે જ અન્વય કરવાનો છે. એટલે કે शत्रुं जय । मित्रं रञ्जय । विपत्तिं भञ्जय ।। આ જ પ્રમાણે સ્થાનિભૂત एच् માં જો ચાર વર્ણો (ए ओ ऐ औ) આવેલા હોય અને આદેશ રૂપે ઉલ્લેખેલા अय्-अव्—आय् અને आव् પણ ચાર જ છે. આથી આ આદેશોની પ્રવૃત્તિ અનુક્રમે જ થાય. એટલે કે પહેલા સ્થાની एના સ્થાનમાં પહેલો अय् આદેશ; બીજા સ્થાની ओ ના સ્થાનમાં બીજો अव् આદેશ; ત્રીજા સ્થાની ऐના સ્થાનમાં ત્રીજો आय् આદેશ અને ચોથા સ્થાની औના સ્થાનમાં ચોથો आव् આદેશ જ પ્રવૃત્ત થઈ શકે છે.

હવે આ ૨૨ અને ૨૩ મું સૂત્ર ભેગાં મળીને જે ચાર ઉદાહરણો સિદ્ધ થાય છે તે નીચે મુજબ છે :

[૧] हरे + ए

हर् अ य् + ए
ह र ये

૧. અહીં પરમાં અચ = एकार આવેલો છે તેથી, તેની પૂર્વમાં આવેલા રેમાંના एकारના સ્થાનમાં एचोऽयवायावः । થી अय् આદેશ થશે.

૨. હવે अज्झीनं परेण संयोज्यम् । 'સ્વર વગરના વર્ણને ઉત્તરવર્તી વર્ણ સાથે જોડી દેવો'–એ ન્યાયથી બધા વર્ણોને ભેગા કરીશું તો—हरये ।। એવી સન્ધિ થઈ જશે.

[૨] विष्णो + ए

वि ष्ण् अ व् + ए
वि ष्ण वे

૧. અહીં પરમાં અચ = एकार આવેલો છે. તેથી, તેની પૂર્વમાં આવેલા ણોમાંના ઓકારના સ્થાનમાં ૨૨મા સૂત્રથી अव् આદેશ થાય છે.

૨. હવે એકલા વ્યંજનને, તેની પાછળ આવેલા સ્વરમાં ભેળવી દઈશું તો विष्णवे ।। એવા રૂપની સિદ્ધિ થશે.

[૩] नै + अक

न् आ य् + अक
ना य क

૧. અહી પરમાં આવેલા अकનો अकार 'अच्' ગણાશે, તે પરમાં છે તેથી, તેની પૂર્વમાં આવેલા नैના ऐकारના સ્થામાં ૨૨ મા સૂત્રથી आय् આદેશ થશે. તો

૨. अज्झीनं परेण संयोज्यम् । એ ન્યાયથી એકલા વ્યંજનોને ઉત્તરવર્તી વર્ણ સાથે સાંકળી દઈશું તો, नायकः ।। બનશે.

[૪] पौ + अक

૧. અહીં પરમાં अच् રૂપે अकार આવેલો છે તેથી, તેની પૂર્વમાં આવેલા पौना औकारના સ્થાનમાં ૨૨ મા एचोऽयवायावः । સૂત્રથી आव् આદેશ થશે.

प् आ व् + अ क
पा – व – क

૨. હવે વ્યંજનોને પાછળ પાછળના સ્વરોમાં ભેળવી દઈએ તો, पावकः । એવી સન્ધિ થઈ જશે.

આવી જ રીતે भौ + उक = भावुक, सह नौ + अवतु = सह नाववतु ।। વગેરે બનશે.

નોંધ : અહીં જે સ્થાની० સ્થાનિભૂત વર્ણના સ્થાનમાં જે આદેશો દર્શાવ્યા છે તે ઉચ્ચારણ સ્થાનની દષ્ટિએ એકરૂપ છે, એ જાણવું :

૧. एકાર કંઠતાલુ → अय् (અનુક્રમે કંઠ અને તાલું)

૨. ઓકાર કંઠોષ્ઠ → अव् (અનુક્રમે કંઠ અને દન્તોષ્ઠ)

૩. ऐકાર કંઠતાલુ → आय् (અનુક્રમે કંઠ અને તાલુ)

૪. ઔકાર કંઠોષ્ઠ → आव् (અનુક્રમે કંઠ અને દન્તોષ્ઠ)

---

24. वान्तो यि प्रत्यये । ६-१-७९

यकारादौ प्रत्यये परे ओदौतोरव्–आव्–एतौ स्तः ।। गव्यम् । नाव्यम् ।। * (वा०) अध्वपरिमाणे च * । गव्यूतिः ।।

અનુવાદ : ૨૪. યકારાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે, ઓકાર અને ઔકારના સ્થાનમાં અનુક્રમે 'अव्' અને 'आव्' એવા આદેશો થાય છે. જેમ કે,

[૧] गो + य

૧. અહીં गो = 'ગાય' શબ્દની પાછળ 'ગાયનો વિકાર' એવો અર્થ કહેનારો यत् = य પ્રત્યય લગાડવામાં આવ્યો છે. (આ પ્રત્યયનું વિધાન કરનારું गोपयसोर्यत् । એવું સૂત્ર છે; જે આપણે આગળ ઉપર જોઈશું.)

ग् अव् + य

૨. હવે, પ્રસ્તુત ૨૪ મા સૂત્રથી વિચારીએ તો य્કારથી શરૂ થતો (य् + अ = य) પ્રત્યય गो રૂપ પ્રકૃતિની પાછળ આવેલો છે; તેથી તે य्ની પૂર્વમાં આવેલા (गो શબ્દના) ઓકારના સ્થાનમાં अव् આદેશ પ્રવૃત્ત થશે.

ग् अव् + य

ग + व्य

३. ત્યાર પછી, अज्झीनं परेण संयोज्यम् । એ ન્યાયથી વ્યંજનોને પાછળના વર્ણમાં ભેળવી દઈશું તો–गव्य ।

गव्य

गव्यम्

૪. ત્યાર પછી એનાં વન શબ્દની જેમ રૂપો ચલાવીશું તો गव्यम् (ગાયનું છાણ, ગાયનું દૂધ = ગાયનો કોઈ પણ વિકાર) એવું રૂપ બને છે. [આ તબક્કો આપણે પ્રકરણ–૭ अजन्तनपुंसकलिङ्गમાં શીખીશું गव्य + सु → गव्य + अम् = गव्यम्]

[2] नौ + य

૧. અહીં ભવિષ્યમાં આવનારા नौवयो धर्म...यत् । સૂત્રથી नौ શબ્દની પાછળ यत् → य પ્રત્યય લગાડવામાં આવ્યો છે. (ત્યાર પછી પ્રસ્તુત સન્ધિકાર્ય શરૂ થશે.)

न् आव् + य

૨. वान्तो यि प्रत्यये । એવા ૨૪મા સૂત્રથી તપાસીએ તો, અહીં य કારાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે પૂર્વમાં આવેલા औ કારને સ્થાને आव् એવો આદેશ થાય છે. આથી અહીં પણ नौ શબ્દના औ કારના સ્થાનમાં आव् આદેશ થશે,

न् आ व् + य

ना + व्य

૩. એકલા વ્યંજનને ઉત્તરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો–नाव्य બનશે. (અહીં नाव्य શબ્દનું નપું. પ્રથમા વિ. માં રૂપ ચલાવીશું તો नाव्यम् । રૂપ બનશે.)

વાર્ત્તિક : "અધ્વ = માર્ગનું પરિમાણ = માપ બતાવનારો यूति શબ્દ પરમાં હોય તો પણ (गो શબ્દના ओ કારના સ્થાનમાં) अव् આદેશ થાય છે." * દા. ત., गव्यूतिः ।

[४] गो+यूति

ग् अव्+यूति

ग् अव +यूति

ग+ व्यू + ति

१. અહીં य કારાદિ પ્રત્યય પરમાં નથી; પણ માર્ગનું પરમાણ (યુતિ = બે માઈલ) બતાવનારો यूति શબ્દ = પ્રકૃતિ = નામ પરમાં છે. તેથી ૨૪મા સૂત્રથી તો अव् આદેશ થઈ શકે એમ નથી. પરંતુ કાત્યાયને એક વાર્તિકથી નિયમમાં ઉમેરો કર્યો છે કે માર્ગનું પરિમાણ બતાવનારો यूति શબ્દ પરમાં હોય તો પણ गो ના ઓકારને अव् આદેશ કરવો.

૩. હવે જે કેવળ વ્યંજનો છે, તેને ઉત્તરવતી વર્ણ સાથે જોડી દઈશું તો गव्यूति બની જશે (ત્યાર પછી એ શબ્દનું સ્ત્રી. લિ. પ્રથમા વિ. એ. વ. માં गव्यूतिः । રૂપ બનશે.)

(વિવરણ) : આ ૨૪મા સૂત્રમાં यि प्रत्यये એવા સપ્તમ્યન્ત પદોનો અર્થ વૃત્તિકાર વરદરાજે यकारादौ प्रत्यये = "य કારાદિ પ્રત્યય પરમાં = પાછળ હોય ત્યારે" એવો કર્યો છે. આની પાછળ यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । એવું પરિભાષા વચન કામ કરી રહ્યું છે. આનો અર્થ છે : अल्ग्रहणे सप्तम्यन्ते यो विधिः आरभ्यते स तदादौ ज्ञेयः । અર્થાત્ કોઈ એક अल् = વર્ણ, દા.ત., य् નું ગ્રહણ કરીને, સૂત્રકારે એને સપ્તમીમાં મૂકયો હોય (જેમ કે, यि) તો તે વિધિ 'એ વર્ણ આદિમાં છે જેની' એવો અર્થ લઈને પ્રવૃત્ત કરવાની હોય છે. (અર્થાત્ અહીં "य्કાર પરમાં રહેતાં" એવો અર્થ લેવાનો નથી.)

વળી, આ સૂત્રમાં આવેલા वान्तः એવા પ્રથમાન્ત પદનો અર્થ છે : वान्त = "व् કાર છે અન્તમાં જેની" એવો (દા. ત., अव् કે आव्) આદેશ થાય છે.

---

25. अदेङ् गुणः । १-१-२

अत् एङ् च 'गुण' संज्ञः स्यात् ।

26. तपरस्तत्कालस्य । १-१-७०

तः परो यस्मात् स च, तात्परश्च उच्चार्यमाण-
समकालस्य एव संज्ञा स्यात् ।

27. आद् गुणः ६-१-८७

अवर्णादचि परे पूर्वपरयोः एकः गुणादेशः स्यात् ।
उपेन्द्रः । गङ्गोदकम् ॥

અનુવાદ : ૨૫. अत् = (છ પ્રકારના) હ્રસ્વ अकार અને एङ् (પ્રત્યાહારના વર્ણો = ए અને ओ)ની "ગુણ" એવી (કૃત્રિમ) સંજ્ઞા થાય છે. [અર્થાત્ 'ગુણ' એવી સંજ્ઞાથી ૧. હ્રસ્વ अकार, ૨. एकार અને ૩. ओकार–એવી ત્રણ સંજ્ઞિન્ = સંજ્ઞીઓનો બોધ થાય છે.]

૨૬. ('તપર' અર્થાત્) ૧. त्कार છે પરમાં જેની એવો વર્ણ, અને ૨. त् કારની પાછળ આવેલો વર્ણ જેટલી માત્રાવાળો ઉચ્ચાર્યો હોય તે પોતાના ઉચ્ચારણ કાળ જેટલા જ કાળવાળા અન્ય સવર્ણ ભેદોની સંજ્ઞા થાય છે.*

૨૭, (અઢારેય પ્રકારના) अ વર્ણની પાછળ, જો अच् પ્રત્યાહારનો કોઈ પણ વર્ણ આવેલો હોય તો, પૂર્વવર્ણ અને પરવર્ણ–એમ કુલ બે વર્ણોના સ્થાનમાં 'ગુણ' સંજ્ઞાવાળો કોઈ એક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. દા. ત.,

उप + इन्द्रः → उप्–अ इ–न्द्र → उप् + ए + न्द्र = उपेन्द्रः ।

गङ्गा + उदकम् → गङ्ग्—आ उ–दकम् → गङ्ग् + ओ + दकम् = गङ्गोदकम् ॥

(અહીં બે વર્ણોના સ્થાનમાં કોઈ એક વર્ણ; કે જે 'ગુણ' સંજ્ઞાવાળો જાહેર કર્યો છે, તેને આદેશ રૂપે પ્રવૃત્ત કરવામાં આવ્યો છે.)

(વિવરણ) : ૨૫ મા સૂત્ર દ્વારા 'ગુણ' સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે : अ, ए અને ओ–એ ત્રણ વર્ણો સંજ્ઞી છે; અને તેમની સંજ્ઞા 'ગુણ' છે. આથી જે વિધિસૂત્રમાં 'ગુણ' સંજ્ઞાનો પ્રયોગ કરીને કોઈ કાર્યનું વિધાન કર્યું હશે, ત્યાં 'ગુણ' સંજ્ઞાથી આપણે આ ત્રણેય વર્ણોનો સામૂહિક રીતે અથવા વ્યક્તિશ: બોધ કરીશું. (આ ત્રણેય વર્ણોના સમુદાયને પણ 'ગુણ' કહેવાય છે; અને તેમાંના પ્રત્યેક—એક એક–વર્ણને પણ 'ગુણ' કહેવાય છે.)

હવે, અગાઉ 'સંજ્ઞાપ્રકરણ'માં ૧૧ મા अणुदित् सवर्णस्य चाप्रत्ययः । १–१–६९ સૂત્રથી કહ્યું છે કે પ્રત્યય રૂપે ના આવ્યો હોય એવો अ કાર (इ કાર વગેરે) પોતાના અઢારેય સવર્ણભેદોની સંજ્ઞા થાય છે. અર્થાત્ કોઈ એક પ્રકારના अ કારને કહેલું કાર્ય, તેના બીજા બધા સવર્ણી ભેદોને પણ લાગુ પડે છે. આ સૂત્રને યાદ કરીને વિચારીએ તો, આ ૨૫ મા સૂત્રથી જે 'अ–ए–ओ'ની 'ગુણ' સંજ્ઞા જાહેર કરી છે, તે શું અઢારેય પ્રકારના अ ની થાય છે? તો આનો સંકોચ કરવા માટે પાણિનિએ १–१–६९ સૂત્રની પાછળ तपरस्तत्कालस्य । १–१–७० સૂત્ર રજૂ કર્યું છે. આ સૂત્ર દ્વારા શાસ્ત્રકારે કહ્યું છે કે હું મારાં સૂત્રોમાં 'જેની પાછળ त् કારને જોડું" અથવા 'જેને त् કારની પાછળ લખું" તે વર્ણો પોતાના ઉચ્ચારણ–કાલ જેટલા જ કાલવાળા અન્ય સવર્ણભેદોની સંજ્ઞા બને છે (= એટલા સવર્ણભેદોનો જ બોધ કરાવે છે.) આ દષ્ટિએ 'ગુણ' સંજ્ઞાનું વિધાન કરનારા સૂત્રની રચના તપાસીએ તો પાણિનિએ अदेङ् गुणः । १–१–२ એવું સૂત્ર બનાવ્યું છે. અહીં

---

* અહીં तपरः શબ્દને પહેલીવાર બહુવ્રીહિસમાસ–પરક વિગ્રહ કરીને સમજાવ્યો છે; અને બીજીવાર પંચમી તત્પુરુષ રૂપે છૂટો કરીને સમજાવ્યો છે.

अदेङ्‌નો સન્ધિચ્છેદ કરીએ તો अ त् एङ् એમ થાય. હવે જુવો કે પાણિનિએ અહીં अની પાછળ त्કાર મૂકયો છે; અને બીજી દૃષ્ટિથી જોશો તો त्કારની પાછળ एङ्‌ને લખ્યો છે! આથી ૨૬ મા ૧-૧-૭૦ સૂત્રે આપેલી સૂચના મુજબ વિચારીશું તો ૧. त्કાર જેની પાછળ લખ્યો છે એવો अકાર તો હ્રસ્વ अકારના પૂર્વોક્ત છ પ્રકારોની જ 'ગુણ' સંજ્ઞા થઈ શકશે; (અને દીર્ઘ आ કાર કે પ્લુત अ-३ કારના બીજા છ-છ ભેદોની ગુણ સંજ્ઞા થશે નહીં). તથા ૨. त्કારની પાછળ આવેલા एङ् પ્રત્યાહારથી બોધિત વર્ણો एકાર અને ओ કાર દ્વિમાત્રિક દીર્ઘભેદવાળા લખ્યા છે. આથી દીર્ઘ ए અને ओ ના છ-છ ભેદોની જ 'ગુણ' સંજ્ઞા થશે; (પણ ત્રિમાત્રિક પ્લુત ए કાર કે પ્લુત ओ કારની, કે તેમના છ-છ ભેદોની 'ગુણ' સંજ્ઞા થશે નહીં).

આ વ્યવસ્થા મુજબ, હવે જ્યાં त् કાર આગળ કે પાછળ ના જોડયો હોય ત્યાં જ ૧-૧-૬૯ સૂત્રથી અઢારેય ભેદોને લેવા; પણ જો તપરકરણ કર્યું હોય તો ૧-૧-૭૦ મુજબ તપરકરણ વાળો વર્ણ જેટલી માત્રાવાળો લખ્યો હોય, તેટલા જ ઉચ્ચારણ કાલવાળા અન્ય ભેદોને લેવા.

*


૨૫ (અને ૨૬) મા સૂત્રની મદદથી 'ગુણ' સંજ્ઞાનું જ્ઞાન કરી લીધા પછી પ્રશ્ન થશે કે या या संज्ञा, सा सा फलवती । 'જે જે સંજ્ઞા હોય છે, તેનું કોઈકને કોઈક ફળ હોય છે' એ ન્યાય મુજબ 'આ ગુણસંજ્ઞા કહેવાનું શું ફળ/પ્રયોજન છે?' અર્થાત્ આ ગુણ સંજ્ઞાનો ઉપયોગ કરીને કઈ વિધિ = સન્ધિકાર્ય કહેવામાં આવ્યું છે? તો આના જવાબ રૂપે ૨૭ મું વિધિસૂત્ર રજૂ કરવામાં આવ્યું છે જેમાં "ગુણ રૂપી એકાદેશ" નામની સન્ધિ શીખવવામાં આવી છે.

आद्‌गुणः । સૂત્ર કહે છે કે કોઈ પણ (હ્રસ્વ-દીર્ઘાદિ) પ્રકારના अકારની પાછળ, अच्‌ આવેલો હોય તો પૂર્વવર્ણ અને પરવર્ણ એમ બન્ને વર્ણના સ્થાનમાં કોઈ એક વર્ણ; કે જે 'ગુણ' સંજ્ઞક હોય તેને આદેશ રૂપે પ્રવૃત્ત કરવામાં આવે છે. ઉદા. ત.,


[૧] उप + इन्द्रः ।

उप् + अ   इ + न्द्र
↓
गुण

૧. આ સ્થિતિમાં (प् + अ=) प કારમાંના अ કારની પાછળ अच्‌ રૂપ इन्द्र શબ્દનો इ કાર આવેલો છે. તેથી તે પૂર્વવર્ણ अ અને પરવર્ણ इ-એ બન્નેના સ્થાનમાં એક 'ગુણ' સંજ્ઞક વર્ણ આદેશ રૂપે લાવવો એમ आद्‌गुणः । સૂત્ર સૂચના આપે છે.



૨. હવે પ્રશ્ન થશે કે અ અને ઇ ને ખસેડીને, એ બન્નેના સ્થાનમાં જે 'ગુણ' સંજ્ઞાવાળા વર્ણોની પ્રાપ્તિ થાય છે, તે તો કુલ ત્રણ વર્ણો છે (= આ ત્રણેય વર્ણોને 'ગુણ' કહેવાય છે). તો એમાંથી કયા એકને પસંદ કરીશું; અને પછી એને આદેશ રૂપે બેસાડીશું ? –તો



૩. સ્થાનિભૂત જે બે વર્ણોને ખસેડી કાઢવાના છે, તે પૂર્વવર્તી વર્ણ અકાર કંઠ છે; અને પરવર્તી વર્ણ ઇકાર તાલુ સ્થાનીય છે. તેથી ગુણાદેશ રૂપે પ્રાપ્ત થયેલા ત્રણેય વર્ણોમાંથી કેવળ એકાર જ એવો છે, કે જે 'કંઠ–તાલુ' સ્થાનવાળો છે. આથી આપણે તેને પસંદ કરીને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું.




उप् + ए + न्द्रः

उपे + न्द्रः → उपेन्द्रः ॥

૪. હવે પ્ વ્યંજનને પાછળના એકારમાં જોડી દઈશું તો उपेन्द्रः । બની જશે.

[२] गङ्गा + उदकम् ।

૧. આ સ્થિતિમાં आद्गुणः । સૂત્રથી અઢારેય પ્રકારના અકાર (અહીં આકાર)ની પાછળ, અચ્ = ઉકાર આવેલો છે; તેથી પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં એક ગુણાદેશ થશે.



૨. ગુણસંજ્ઞક ત્રણેય વર્ણોમાંથી કેવળ ઓકાર જ એવો છે કે જે સ્થાનિભૂત આકાર અને ઉકારના કંઠ–ઓષ્ઠ સ્થાનને મળતો આવે છે. તેથી તેની પસંદગી કરીશું.

गङ्ग् + ओ + दकम्

गङ्गो + दकम्

गङ्गोदकम् ।

ઙ. ङ्ग્‌ને પાછળના સ્વરમાં ભેળવી દઈશું તો गङ्गोदकम् । એવી સન્ધિ થઈ જશે.

આ જ પ્રમાણે गज + इन्द्रः > गजेन्द्रः । रमा + ईश > रमेशः । सूर्य + उदयः > सूर्योदयः । વગેરે બને છે.

નોંધ : આ અગાઉ આપણે ૧૫ મા સૂત્રથી यणादेश સન્ધિ શીખ્યા; ત્યાર પછી ૨૨ મા સૂત્રથી अय्–अव् વગેરે આદેશોવાળી સન્ધિ શીખ્યા; અને આ ૨૫ મા સૂત્રથી 'ગુણ–એકાદેશ' નામની સન્ધિ શીખ્યા. પરંતુ અહીં જે ધ્યાનાસ્પદ મુદ્દો છે તે એ છે કે પહેલી બે પ્રકારની સન્ધિમાં સ્થાનિભૂત કોઈ એક વર્ણને ખસેડીને, એના સ્થાનમાં જે આદેશ બેસાડવામાં આવતો હતો તે "એક વર્ણની જગ્યાએ એક જ વર્ણ" અથવા બીજા શબ્દોમાં કહીએ તો "એક સ્થાનિના સ્થાનમાં એક જ આદેશ" બેસાડવામાં આવતો હતો. દા. ત., ई > य । અથવા ओ > अव् ॥ પણ આ જે ૨૫ મા સૂત્રથી ત્રીજા પ્રકારની સન્ધિ શીખવવામાં આવી ત્યાં પૂર્વવર્ણ અને પરવર્ણ એમ સ્થાનિભૂત વર્ણો કુલ બે છે, તે બન્નેના સ્થાનમાં જે 'ગુણ' સંજ્ઞક આદેશ આવે છે તે એક જ હોય છે. દા. ત., अ + इ > ए ॥ વગેરે. આ ગુણાદેશ બે વર્ણોના સ્થાનમાં થતો હોઈ તેને ગુણૈકાદેશ કહેવામાં આવે છે.

आद्गुणः । સૂત્રમાં आद् એવું જે રૂપ છે, તે હ્રસ્વ અકારનું પંચમી વિભક્તિ, એકવચનનું (रामात् જેવું) રૂપ છે. અર્થાત્ અહીં आद् રૂપમાં સંભળાતા દ્કારને તપરકરણ સમજવાનું નથી. अदेङ् गुणः । માં જે द् છે એને તપકરણનો त् છે એમ જાહેર કર્યું છે. તેમ અહીં आद्गुणः । માં સમજવાનું નથી. આથી 'आद्' પદનો અર્થ "अकारની પાછળ" એટલો જ લેવો. હવે, અહીં તપરકરણ નથી એમ કહી દીધા પછી 'अकार'નો અર્થ "અઢારેય પ્રકારના अकारની પાછળ" એવો જ કરવાનો રહેશે. આ સ્પષ્ટતા કર્યા પછી હવે એવી શંકા નહીં થાય કે गङ्गा + उदकम् । માં તો अकारની પાછળ उ = अच् નથી, પણ आकारની પાછળ उ છે; માટે आद्गुणः । લાગશે નહીં. ઉપર્યુક્ત સ્પષ્ટતા પછી "अની પાછળ"નો અર્થ "અઢારેય પ્રકારના अની, એટલે કે હ્રસ્વ–દીર્ઘ–પ્લુત કોઈ પણ પ્રકારના अ કારની પાછળ अच् આવ્યો હોય તો 'ગુણ' રૂપી એકાદેશ નિર્બાધપણે થઈ શકશે.

28. उपदेशेऽजनुनासिक इत् । १-३-२

उपदेशेऽनुनासिकोऽज् 'इत्' संज्ञः स्यात् । प्रतिज्ञाऽनुनासिक्याः पाणिनीयाः । 'लण्' सूत्रस्थ 'अँ' वर्णेन सह उच्चार्यमाणो रेफो रलयोः संज्ञा ।

અનુવાદ : ઉપદેશમાં આવેલો એવો જે અનુનાસિક અચ્ (=સ્વર) હોય, તેની इत् સંજ્ઞા થાય છે. (હવે પ્રશ્ન થાય કે કયાં કયો સ્વર અનુનાસિક છે ? એનું કેવી રીતે જ્ઞાન થતું હશે ? તો કહે છે કે-) પાણિનીયો (પાણિનિના વ્યાકરણનો અભ્યાસ કરનારાઓ) પ્રતિજ્ઞાથી (ગુરુ–શિષ્ય પરંપરાથી) અમુક જગ્યાએ અમુક સ્વર અનુનાસિક છે (કે અમુક સ્વર અનનુનાસિક છે) એમ જાણે છે. (લ્ અણ્ =) लण् સૂત્રમાંના અકારની સાથે ઉચ્ચારવામાં આવેલો (हयवरट् માંનો) રેફ (અર્થાત્ र्+अ=र એવો પ્રત્યાહાર) 'રેફ અને ल' એવા બે વર્ણોની સંજ્ઞા બને છે.

(વિવરણ) : અહીં ત્રણ વાકયો લખવામાં આવ્યાં છે. ૧. તેમાં પહેલું વાકય ૨૮મા સૂત્રનો અર્થ રજૂ કરે છે. એમાં કહ્યું છે કે "ઉપદેશમાં અર્થાત્ માહેશ્વર સૂત્રાદિમાં જ્યાં કોઈ સ્વર અનુનાસિક સ્વરૂપે ઉચ્ચાર્યો હોય, તો તેની इत् સંજ્ઞા કરવી"; (અને પછી ૩. तस्य लोपः । ૧–૩–૯ થી તેનો લોપ કરવો.) હવે પ્રશ્ન થાય કે માહેશ્વર સૂત્રોમાં એવું કયું સૂત્ર છે કે જેમાંનો કોઈ અચ્ અનુ-નાસિક સ્વરૂપે ઉચ્ચારાતો હોય/અનુનાસિક છે એમ માનવામાં આવતું હોય ? તો આપણે પાણિનીય–શિષ્યો ગુરુમુખ પરંપરાથી પ્રાપ્ત થયેલી પ્રતિજ્ઞા = સૂચનાથી એવું જાણીએ છીએ કે છઠ્ઠા लण् । ૬ માહેશ્વર સૂત્રમાં વચ્ચે આવેલો, અર્થાત્ લકારોત્તરવર્તી અકાર અનુનાસિક સ્વરૂપ = अँ છે. આથી પ્રસ્તુત સૂત્રથી તેની इत् સંજ્ઞા કરવામાં આવે છે. (लण् = ल् अ ण् → ल् अँ ण्) હવે પ્રશ્ન થાય કે लण् । સૂત્રમાં વચ્ચે આવેલા હ્રસ્વ અકારને આમ ગુરુપરંપરાથી અનુનાસિક સ્વરૂપનો ગણીને, इत् સંજ્ઞક જાહેર કરવાનું શું ફળ છે? કેમકે या या संज्ञा सा सा फलवती । આ શાસ્ત્રમાં સંજ્ઞા બતાવવામાં આવે તો, તેનું શું ફળ/પ્રયોજન છે એ પણ બતાવવું જોઈએ. આની સમજૂતી આપવા માટે ત્રીજું વાકય લખ્યું છે: लण् માંના અકારને इत् સંજ્ઞક રૂપે લઈને તેની પૂર્વમાં हयवरट् । સૂત્રમાંના र् = રેફ વ્યંજનને મૂકીએ તો (र्+अ=) 'र' એવી સંજ્ઞા બને છે; 'र' એવો પ્રત્યાહાર છે. હવે આ र સંજ્ઞા વડે કયા કયા વર્ણોનો 'સંજ્ઞી' તરીકે બોધ થશે ? તો हयव र ट् । लृअण् ।

માં રેફથી શરૂ કરીને ઈત્ સંજ્ઞક અકાર સુધી જવાનું રહેશે. આ र् (રેફ) અને अ ની વચ્ચે કુલ બે વર્ણો र् અને ल् આવેલા છે; તેમનો સંજ્ઞી તરીકે બોધ થશે. (અગાઉ કરેલી એક-બે સ્પષ્ટતાઓને અહીં યાદ કરી લઈશું. જેમકે, ૧. हयवरट् । થી શરૂ કરીને છેલ્લા हल् । સૂત્ર સુધી જતાં વચ્ચે જે વ્યંજનો આવે છે, તે દરેકમાં જોડેલો હ્રસ્વ અકાર કેવળ ઉચ્ચારણ–સૌકર્યાર્થે જ છે. તે हમાંનો અકાર, કે યકારાદિમાંનો અકાર પ્રક્રિયા દરમ્યાન કાઢી નાખવાનો હોય છે. આથી लण् માંના જે અનુનાસિક અકારને ઈત્સંજ્ઞક જાહેર કર્યો છે, તેની પૂર્વમાં એક આદિ વર્ણ રૂપે જે રેફને મૂકીશું તે વ્યંજન રૂપ જ રાખીશું; આથી र्+अ=र એવો પ્રત્યાહાર બનશે. બીજું; र् થી શરૂ કરીને अ સુધી જઈશું ત્યાં વચ્ચે ट् ઈત્સંજ્ઞક

વર્ણ આવશે. પણ તે અંતિમ અનુબંધ રૂપ ઈત્‌સંજ્ઞક વર્ણોને આપણે પ્રત્યાહારમાં ગણતરીમાં લેવાના હોતા નથી. આથી 'र' પ્રત્યાહાર દ્વારા કેવળ र् અને ल् નો જ બોધ થાય છે. આથી જ વરદરાજે લખ્યું છે કે रेफः रलयोः संज्ञा (भवति) ।


---

29. उरण् रपरः । १-१-५१

ऋ इति त्रिंशतः संज्ञेत्युक्तम् । तत्स्थाने योऽण् स रपरः सन्नेव प्रवर्तते । कृष्णर्द्धिः । तवल्कारः ॥

અનુવાદ : ऋ કાર એ ત્રીસ સવર્ણભેદોની સંજ્ઞા થાય છે એમ અગાઉ (અગિયારમા સૂત્રની વૃત્તિમાં) કહેવાઈ ગયું છે. આવા (અઢાર પ્રકારના ऋકાર અને બાર પ્રકારના ऌકારના અર્થાત્ ત્રીસ સવર્ણભેદો)ના સ્થાનમાં જો अण् (પ્રત્યાહારમાંના કોઈ વર્ણ)નું વિધાન કરવામાં આવે તો તે 'રપર' (= રેફ છે પરમાં જેની, એવો) થઈને જ પ્રવૃત્ત થાય છે. [અર્થાત્ अण् માંના अકારને જો ऋના સ્થાનમાં બેસાડવાનો હોય તો, તે अકારની પાછળ રેફ જોડીને = अर् રૂપે બેસાડવો.] હવે આ સૂત્રની મદદથી જે ઉદાહરણો સિદ્ધ થાય છે, એની રૂપસિદ્ધિ જોઈશું :

[૧] कृष्ण + ऋद्धिः



૧. અહીં आद्‌गुणः । સૂત્ર મુજબ अ વર્ણની પાછળ अच् = ऋકાર આવેલો છે, તેથી તે પૂર્વવર્તી વર્ણ अકાર અને પરવર્તી વર્ણ ऋકારના સ્થાનમાં એક 'ગુણ' રૂપી એકાદેશ થવા આવશે.

૨. હવે સ્થાનિભૂત જે બે વર્ણોને ખસેડવા છે, તેમના સ્થાન અનુક્રમે કંઠ અને મૂર્ધા છે. પણ એ બંનેના સ્થાનમાં પ્રવૃત્ત થવા માટે આવેલા ત્રણ 'ગુણ' સંજ્ઞક વર્ણોમાંથી એક પણ કંઠ-મૂર્ધા સ્થાનવાળો નથી.

હવે સામાન્ય નિયમ તો એવો છે કે, જે સ્થાનિભૂત વર્ણોના ગુણધર્મો હોય તે જ ગુણધર્મો આદેશભૂત વર્ણમાં પણ હોવા જોઈએ. પરંતુ પ્રસ્તુત ઉદાહરણમાં તે શક્ય જણાતું નથી. આથી અહીં नष्टाश्व–दग्धरथ–न्यायથી સમાધાન કરવામાં આવે છે. જેમકે, બે રાજાઓ જુદા જુદા રથમાં બેસીને શિકારે ગયા. જંગલમાં આગ લાગવાથી એક રાજાના ઘોડા મરી ગયા અને બીજાનો રથ સળગી ગયો. આથી તે બંનેએ પરસ્પર હાથ મીલાવી એકના બાકી રહેલા ઘોડાને, બીજાના બચી ગયેલા રથની સાથે જોડીને ઘરે પાછા ફર્યા. તેમ અહીં જે સ્થાનિભૂત બે વર્ણો अ અને

ऋ છે તે અનુક્રમે કંઠ અને મૂર્ધા સ્થાનવાળા છે. આવા જ ઉચ્ચારણ સ્થાનવાળો હોય તેવો એક પણ 'ગુણ'સંજ્ઞક આદેશ નથી. બીજી તરફ, જે ત્રણ ગુણસંજ્ઞક આદેશો છે તેમાંથી (एकार અને ઓકાર તો उपेन्द्र અને गङ्गोदक જેવા ઉદાહરણોમાં ચરિતાર્થ થઈ ગયા છે; તેમને આદેશ રૂપે પ્રવૃત્ત થવા માટે એક એક ઉદાહરણ મળી ગયું છે. પરંતુ એક) અકાર એવો બાકી રહી ગયો છે જેને પ્રવૃત્ત થવા માટે કોઈ સ્થાનિભૂત વર્ણો મળ્યા નથી. આમ अ+ऋ જેવા સ્થાનિને અનુરૂપ આદેશ મળતો નથી; અને ગુણસંજ્ઞક 'अ' આદેશને પ્રવૃત્ત થવા માટે કોઈ સ્થાનિભૂત વર્ણો મળતા નથી. આમ બંનેનું અસાદૃશ્ય એ જ એમનું સાદૃશ્ય છે એમ માનીને अ અને ऋના આદેશ તરીકે બાકી રહેલો ગુણસંજ્ઞક અકાર સ્વીકારી લેવો. આ સમાધાન પછી પ્રક્રિયા આગળ વધે છે :

कृष्ण + ऋद्धि

कृष्ण् + अ ऋ + द्धि

अ

ગુણસંજ્ઞક

↓

कृष्ण् + अ + द्धि

૩. પૂર્વવતી अ અને પરવતી ऋ ને ખસેડી, બન્નેના સ્થાનમાં, જેની ગુણ સંજ્ઞા કરવામાં આવી છે તેવા હ્રસ્વ अ કારને પ્રવૃત્ત કરીશું તો— ←એવી સ્થિતિ આવી મળશે.

૪. હવે ૨૯મા उरण् रपरः । સૂત્રે સૂચના આપી છે કે ऋ વર્ણને ખસેડીને જે अण् (પ્રત્યાહારમાંના કોઈ પણ એક વર્ણ)ને પ્રવૃત્ત કરવામાં આવે, તેની પાછળ રેફ જોડીને પછી જ પ્રવૃત્ત કરવો. અર્થાત્ अ+ऋना સ્થાનમાં જે ગુણસંજ્ઞક એક अ કારને પ્રવૃત્ત કરવાનો છે, તેને अर् બનાવીને પ્રવૃત્ત કરવો. આથી એવી સ્થિતિ બનશે. ←ત્યાર પછી

कृष्ण् + अर् + द्धि ।


कृष्णर् द्धि ।

૪. વ્યંજનને પરવતી વર્ણ સાથે જોડી દઈશું તો कृष्णर्द्धि બનશે.

૫. હવે પ્રશ્ન થાય કે વચ્ચે બાકી રહેલા રેફ વ્યંજનનું શું કરવાનું છે. તો जलतूम्बिका ન્યાયથી (પાણીમાં ડુબાડેલું તુમડું જેમ ઉપર ખેંચાઈ આવે છે, તેમ) વ્યંજન રૂપ રેફ હંમેશા ઉત્તરવતી વર્ણના મસ્તક ઉપર જઈને બિરાજે છે ! આમ कृष्णर्द्धिः । એવું ઈષ્ટ રૂપ બને છે.

कृष्णर्द्धि ॥

[२] तव + ऌकारः ।



૧. અહીં आद्गुणः । સૂત્રથી, "વમાંના અકારની પાછળ અચ્ = ऌકાર આવેલો છે, તેથી તે બન્ને વર્ણોના સ્થાનમાં 'ગુણ રૂપી એકાદેશ' થશે.

૨. હવે સ્થાનિભૂત अ અને ऌ અનુક્રમે કંઠ અને દન્ત સ્થાનવાળા છે. તેથી એમની જગ્યાએ જે નવો ગુણસંજ્ઞક આદેશ લાવવાનો થશે, તે પણ કંઠ અને દન્ત એવા ઉચ્ચારણસ્થાનવાળો હોવો જોઈશે. પણ તેવો તો ગુણસંજ્ઞક એક પણ વર્ણ નથી. આથી પૂર્વોક્ત 'નષ્ટાશ્વદગ્ધ-રથ'ન્યાયથી આપણે ગુણસંજ્ઞક अકારને પસંદ કરીશું.

૩. પછી, उरण् रपरः । સૂત્રથી "ऋના સ્થાનમાં આદેશ રૂપે જે અણ્ પ્રવૃત્ત કરવાનો હોય તે રપર કરીને જ પ્રવૃત્ત કરવાનો છે" એવી જે સૂચના આપવામાં આવી છે તે ऌકારને પણ લાગુ પાડવી પડશે. (કારણ કે સંજ્ઞા પ્રકરણમાં ऋકાર અને ऌકારની પરસ્પર સવર્ણસંજ્ઞા થાય છે એમ વાર્તિકકારે કહેલું જ છે. આથી એક ऋકારને કહેલું કાર્ય જેમ અઢારેય પ્રકારના ऋકારને તો લાગુ પડે જ છે, તેમ ऌના બાર ભેદોને પણ લાગુ પડે છે.) આથી ऌના સ્થાનમાં જે ગુણસંજ્ઞક अકારને આપણે પસંદ કર્યો છે, તેને પણ उरण् रपरः । સૂત્રની સૂચના મુજબ લ્કાર જોડીને; અર્થાત્ અલ્ રૂપે પ્રવૃત્ત કરવાનો રહેશે.

तव् + अल् + कारः



૪. પછી अज्झीनं परेण संयोज्यम् । એ ન્યાયથી વ્યંજનોને ઉત્તરવર્તી વર્ણો સાથે જોડી દઈશું તો तवल्कारः । બની જશે.

तव + ल्कार

तवल्कारः ।

(આ જ પ્રમાણે सप्त + ऋर्षि = सप्तर्षि । भरत + ऋषभ = भरतर्षभ । વગેરે બને છે.)

વિવરણ : ૧. आद्गुणः । સૂત્રથી પૂર્વવતી અ કાર/આ કાર અને ઉત્તરવર્તી કોઈ પણ અચ્ વર્ણ–એ બેના સ્થાનમાં ગુણસંજ્ઞક અ–ए–ओ વર્ણોનો આદેશ રૂપે પ્રવૃત્તિ કરવામાં આવે છે એમ કહેવાયું છે. ત્યાં ગુણૈકાદેશ રૂપે ए કાર જ્યાં પ્રવૃત્ત થયો હોય તેનું उपेन्द्रः । એવું ઉદાહરણ આપ્યું; તથા ओ કાર જ્યાં પ્રવૃત્ત થયો હોય તેના ઉદાહરણ તરીકે गङ्गोदकम् । રજૂ કરવામાં આવ્યું છે. પણ ગુણસંજ્ઞક એક ત્રીજો વર્ણ = હ્રસ્વ અ કાર જ્યાં આદેશ રૂપે પ્રવૃત્ત થયો હોય એવું ઉદાહરણ તે સૂત્ર ઉપર આપ્યું નથી. હવે એની રજૂઆત કરવા માટે उरण् रपरः । સૂત્રને રજૂ કર્યું છે. कृष्ण + ऋद्धि । જેવાં ઉદાહરણોમાં अ અને ऋના સ્થાનમાં અગતિકતયા / નષ્ટાશ્વદગ્ધરથ–ન્યાયથી ગુણસંજ્ઞક अ ને પસંદ કરવાનું નક્કી તો કરીશું. પણ સૂત્રકાર આ વાત સમજે છે કે अ અને ऋ એવા બે સ્થાનિભૂત વર્ણોને સ્થાને ગુણસંજ્ઞક 'अ' ને આદેશ રૂપે પસંદ કરીએ છીએ તે ઉચ્ચારણ સ્થાનસામ્યની દૃષ્ટિએ યોગ્ય તો નથી જ. આથી તેમણે उरण् रपरः । સૂત્ર રજૂ કરીને એ ખામી દૂર કરી લીધી છે. કંઠ સ્થાનીય अ કાર અને મૂર્ધાસ્થાનીય ऋ કારને સ્થાને નષ્ટાશ્વદગ્ધરથ–ન્યાયથી જે ગુણસંજ્ઞક 'अ' કારને આદેશ રૂપે પસંદ કરવામાં આવે છે તેને રપર કરવાનું (= अ કારની પાછળ र् કાર જોડી દેવાનું) એટલા માટે જ જરૂરી બને છે કે જેથી તે अर् આદેશ પણ હવે કંઠ–મૂર્ધા સ્થાનીય બની જાય ! ૨. ऋ અને ऌ ને પરસ્પરના સવર્ણી જાહેર કર્યા છે; તેથી ऋ ના સ્થાને પ્રવૃત્ત કરેલા अ ને જેમ પાછળ રેફ વાળો (= अर्) બનાવીએ છીએ તેમ ऌ ના સ્થાને પ્રવૃત્ત કરવામાં આવતા अ કારને પણ પાછળ ल् કારવાળો (= अल्) બનાવવો પડશે. આમ કરવાથી अ + ऌ ના સ્થાનમાં→ ગુણ→ अल् આદેશ રૂપે આવશે, જે હવે કંઠ–દન્ત સ્થાનીય બની જશે.

૩. आद्गुणः । અને उरण् रपरः । સૂત્રોનું જ્ઞાન કરી લીધા પછી સારાંશ રૂપે એ જાણવું પણ જરૂરી છે કે કયા સ્વરનો 'ગુણ' કયો થશે? જેમકે,

સ્વર		ગુણ	સ્વર		ગુણ
इ	—	ए	ऋ	—	अर्
उ	—	ओ	ऌ	—	अल्

30. लोपः शाकल्यस्य । ८-३-१९

अवर्णपूर्वयोः पदान्तयोः यवयोः लोपो वा, अशि परे ।

31. पूर्वत्रासिद्धम् । ८-२-१

सपाद-सप्ताध्यायीं प्रति त्रिपाद्यसिद्धा; त्रिपाद्यामपि पूर्वं प्रति परं शास्त्रम् असिद्धम् । [इत्यनेन लोपशास्त्रस्य (८-३-१९) असिद्धत्वात् 'आद्गुणः (६-१-८७)' इत्यनेन न स्वरसन्धिः ॥] हर इह-हरयिह । विष्ण इह -विष्णविह ॥

અનુવાદ : 30. अ વર્ણ છે પૂર્વમાં જેની એવા પદના અન્તે આવેલા य् કાર અને व् કારનો વિકલ્પે લોપ થાય છે; જો अश् (પ્રત્યાહારનો કોઈ વર્ણ) પરમાં હોય તો.

૩૧. સપાદ-સપ્તાધ્યાયી (અર્થાત્ સાત અધ્યાય પૂરા અને આઠમા અધ્યાયનો પહેલો પાદ)ની પ્રત્યે ત્રિપાદી (=આઠમા અધ્યાયનો બીજો, ત્રીજો અને ચોથો પાદ) અસિદ્ધ (=ન હોવા બરોબર) છે; અને ત્રિપાદીમાં પણ પૂર્વ સૂત્રોની પ્રત્યે પરસૂત્રો (=ક્રમાંકમાં પાછળ આવેલાં સૂત્રો) અસિદ્ધ છે. આવી વ્યવસ્થાથી ૧. हरे + इह માંથી हर इह અને हरयिह । એવાં વૈકલ્પિક બે રૂપો બને છે. તથા ૨. विष्णो + इह માંથી विष्ण इह કે विष्णविह । એવાં બે વૈકલ્પિક રૂપો બને છે. (આ બે શબ્દોની વિગતે રૂપસિદ્ધિ નીચે વિવરણમાં બતાવી છે.)

(વિવરણ) : ૩૦મા સૂત્રમાં જે લોપવિધિ દર્શાવી છે તે વૈકલ્પિક છે. કારણ કે સૂત્રકાર પાણિનિએ પોતાના પુરોગામી એક વૈયાકરણ શાકલ્ય-મુનિનું નામ ઉલ્લેખીને કહ્યું છે કે પદના અન્તે આવેલા य् કે व् ની પૂર્વમાં જો હ્રસ્વ अ કાર આવેલો હોય, અને તેમની પાછળ अश् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો તે य् કે व् નો શાકલ્યના મતે લોપ થાય છે; પરંતુ પોતાના=પાણિનિના મતે લોપ થતો નથી. આમ પૂર્વોક્ત સ્થિતિમાં રહેલા य् કે व् નો લોપ કરવા કે નહીં કરવા બાબતે બે આચાર્યોના મતો જુદા જુદા છે. તેથી વૃત્તિકાર વરદરાજે આ સૂત્રથી કહેવાયેલી લોપવિધિને वा શબ્દથી વૈકલ્પિક જાહેર કરી છે.

૩૧મા સૂત્રથી વ્યાકરણશાસ્ત્રનાં સૂત્રો વચ્ચે કેવી રીતે પ્રબળ-નિર્બળ ભાવ કે સિદ્ધ-અસિદ્ધ ભાવ ગોઠવવાનો / વિચારવાનો છે એ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેમકે, પાણિનિના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં કુલ આઠ અધ્યાય આવેલા છે; અને તે દરેક અધ્યાય ચાર-ચાર પાદમાં વહેંચાયેલ છે. (અર્થાત્ કુલ ૮ × ૪ = ૩૨ પાદ થાય.) આ દરેક પાદમાં સો-સવાસો, બસો જેટલાં સૂત્રો આવેલાં હોય છે.

આવી 'અષ્ટાધ્યાયી'ને બે ભાગમાં વહેંચવામાં આવી છે. એક મોટા ભાગને 'સપાદસપ્તાધ્યાયી' કહે છે, અને બીજા નાના=ત્રણ પાદના બનેલા ભાગને 'ત્રિપાદી' કહે છે. જેમકે,

અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦
૧-૧-૭૫	૨-૧-૭૨	૩-૧-૧૫૦	૪-૧-૧૭૮	૫-૧-૧૩૬
૧-૨-૭૩	૨-૨-૩૮	૩-૨-૧૮૯	૪-૨-૧૪૫	૫-૨-૧૪૦
૧-૩-૯૩	૨-૩-૭૩	૩-૩-૧૭૬	૪-૩-૧૬૮	૫-૩-૧૧૯
૧-૪-૧૧૦	૨-૪-૮૫	૩-૪-૧૧૭	૪-૪-૧૪૪	૫-૪-૧૬૦

અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦	અ૦પા૦સૂ૦	
૬-૧-૨૨૩	૭-૧-૧૦૩	૮-૧-૭૩	૭ અધ્યાયો પૂરા, અને ૮મા અધ્યાયનો પહેલો પાદ-તેને 'સપાદ સપ્તાધ્યાયી' કહે છે.
૬-૨-૧૯૯	૭-૨-૧૧૮	૮-૨-૧૦૮	} ત્રિપાદી
૬-૩-૧૩૯	૭-૩-૧૨૦	૮-૩-૧૧૯	
૬-૪-૧૭૫	૭-૪-૯૭	૮-૪-૬૮	

હવે સૂત્રકારે આઠમા અધ્યાયના **બીજા** પાદના આરંભે મૂકેલા पूर्वत्रासिद्धम् । ૮-૨-૧ સૂત્રથી કહેવામાં આવે છે કે (૧) પૂર્વત્ર=પૂર્વમાં (૧-૧-૧ થી શરૂ કરીને ૮-૧-૭૩ સુધીનાં સૂત્રોમાં) (અર્થાત્ સપાદ સપ્તાધ્યાયીમાં) હવે પછી આવનારાં 'ત્રિપાદી'નાં સૂત્રો અસિદ્ધ છે. તથા (૨) [આ સૂત્ર 'અધિકાર' પ્રકારનું હોવાથી હવે પછીનાં (૮-૨-૨ થી શરૂ કરી ૮-૪-૬૮ સુધીનાં) તમામ સૂત્રોમાં તે અનુવૃત્ત થઈને જાય છે અને ત્યાં ત્રિપાદીમાં પણ જાહેર કરે છે કે] ત્રિપાદીમાં આવેલા પૂર્વ સૂત્રની પ્રત્યે એના પછી આવેલું સૂત્ર અસિદ્ધ છે.

આમ पूर्वत्रासिद्धम् । ૮-૨-૧ સૂત્રના બે ફલિતાર્થો થયા : (क) ૮ મા અધ્યાયના પહેલા પાદ સહિતના સાત અધ્યાયો અર્થાત્ 'સપાદ સપ્તાધ્યાયી'નાં સૂત્રોની દૃષ્ટિમાં, ત્રિપાદીનાં સૂત્રો 'અસિદ્ધ' અર્થાત્ ન હોવા બરાબર છે. (આથી ત્રિપાદીનાં સૂત્રોએ કરેલું કોઈ કાર્ય સપાદ સપ્તાધ્યાયીનાં સૂત્રોને માન્ય હોતું જ નથી.) તથા (ख) ત્રિપાદીમાં જે સૂત્રો આવેલાં છે તેમાં પણ પૂર્વ-પૂર્વ સૂત્રની પ્રત્યે ક્રમાંકની દૃષ્ટિએ પરમાં (=પાછળ) 'આવેલું' સૂત્ર પણ અસિદ્ધ=ન હોવા બરોબર છે. અર્થાત્ ત્રિપાદીમાં પણ ક્રમાંકની દૃષ્ટિએ પાછળ આવેલા કોઈ સૂત્રે જે કાર્ય કર્યું હોય, તે તેની પૂર્વમાં આવેલું સૂત્ર માન્ય રાખતું નથી, એટલે કે ત્રિપાદીમાં પૂર્વસૂત્ર વધુ બળવાન ગણાય છે, અને ઉત્તરસૂત્ર = પરસૂત્ર નિર્બળ અને અસિદ્ધ જ ગણાય છે.—આટલી પૂર્વભૂમિકા બાંધ્યા પછી हरे + इह માંથી हर इह । કે हरयिह । એવાં સન્ધિજન્ય દ્વિવિધ રૂપો કેવી રીતે બને છે તે તપાસીશું.

[१] हरे + इह
हर् अय् + इह

૧. અહીં સૌથી પહેલાં एचोऽयवायावः । સૂત્રથી "ए ના સ્થાનમાં अय् આદેશ થાય છે; કેમકે પરમાં अच् = इ રહેલો છે."

૨. अज्झीनं परेण संयोज्यम् । થી રેફને પાછળના अ સાથે જોડીશું.

૩. અહીં लोपः शाकल्यस्य । ૮-૩-૧૯ સૂત્ર કહે છે કે हरय् એવા પહેલા પદના અંતે જે य् કાર આવેલો છે, તેની પૂર્વમાં હ્રસ્વ अ વર્ણ (=रमांनो अ) આવેલો છે, તથા તે य् કારની પાછળ अश् (પ્રત્યાહારમાંનો इ વર્ણ) આવેલો છે તેથી શાકલ્યના મત મુજબ પદાન્તે આવેલા य् નો લોપ થશે.

हरय् + इह

हर ० + इह (લોપ થયા પછી શાકલ્યના પક્ષમાં)

हरय् इह (લોપના અભાવ પક્ષમાં)

૪. હવે જે પક્ષમાં લોપ થયો છે ત્યાં र માંના अ સ્વરની પાછળ બીજો इ સ્વર આવીને ઊભો રહ્યો છે. તેથી आद्गुणः । ૬-૧-૮૭ થી अ અને इ ના સ્થાનમાં એવો ગુણ સંજ્ઞક ए આદેશ થવો જોઈએ. એટલે કે हरेह । એવી સંધિ થવી જોઈએ. પણ એમ થતું નથી. કારણ કે—

अ + इ

'ગુણ' રૂપ
ए કારની પ્રાપ્તિ

૫. हरय् + इह । એવી પૂર્વ સ્થિતિમાં જેણે પદાન્તે આવેલા य् નો લોપ કર્યો છે તે लोपः शाकल्यस्य । સૂત્ર ૮-૩-૧૯ નંબરનું છે; એટલે કે તે સૂત્ર ત્રિપાદીનું છે. આથી જ્યારે (य् લોપ થયા પછી) हर + इह એ સ્થિતિમાં आद्गुणः ૬-૧-૮૭ એવા સપાદસપ્તાધ્યાયીના સૂત્રથી 'ગુણ' થવા આવે છે ત્યારે તે ૬-૧-૮૭મું સૂત્ર ત્રિપાદીના ૮-૩-૧૯એ સૂત્રે કરેલા य् લોપ રૂપી કાર્યને માન્ય રાખતું નથી. એટલે કે ૬-૧-૮૭ સૂત્રની દષ્ટિએ ૮-૩-૧૯ સૂત્રે કરેલું લોપકાર્ય અસિદ્ધ (= ન થયા બરાબર) ગણે છે. આથી

हर० + इह । हरय् + इह

અહીં સન્ધિ-કાર્ય આગળ વધશે નહીં. हर इह ।।

हरयिह ।।

हर + इह । ની સ્થિતિમાં य् નું વ્યવધાન ચાલુ છે એમ જોઈને ૬–૧–૮૭ કોઈ ગુણ રૂપી કાર્ય કરશે નહીં. આથી हर० + इह । થયા પછી સન્ધિકાર્ય અટકી જશે.

૬. य्‌ના લોપને અભાવ રહે છે એ પક્ષમાં કેવળ વ્યંજન રૂપ य्‌કારને પરવર્તી इ સ્વરમાં જોડી દઈશું તો हरयिह । એવું વૈકલ્પિક રૂપ પણ બનશે.

નોંધ : ભાષામાં આ બેમાંથી ગમે તે પ્રકારની સન્ધિ કરીને જે રૂપ વાપરવું હોય તે વાપરી શકાય છે. બન્ને પ્રકારની સન્ધિ સાધુ (=સાચી) અને પ્રયોગાર્હ ગણાય છે.

[૨] विष्णो + इह

विष्ण् अव् + इह

૧. एचोऽयवायावः । થી 'ઓના સ્થાનમાં अव् થશે; अच् પરમાં છે તેથી.'

૨. ष्ण् વ્યંજનને પાછળના अ સ્વરમાં ભેળવીશું.

विष्णव् + इह

૩. लोपः शाकल्यस्य । થી પદાન્તે આવેલા व्‌ને વિકલ્પે લોપ કરીશું; કેમ કે व् પોતે પદાન્તે આવેલો છે; व् ની પૂર્વમાં હ્રસ્વ अवर्ण આવેલો છે, તથા તે व् ની પાછળ अश्‌માં નો इ આવેલો છે.

विष्ण० + इह । विष्णव् + इह
(લોપ પક્ષમાં) (લોપાભાવ પક્ષ)

૪. લોપ થયો છે એ પક્ષમાં अની પાછળ इ સ્વર આવેલો હોવા છતાંય आद् गुणः । ની પ્રવૃત્તિ નહીં થાય. કેમકે આ પક્ષમાં જે व् નો લોપ થયો છે તે लोपः शाकल्यस्य । ૮–૩–૧૯ એવા ત્રિપાદીના સૂત્રથી થયો છે. આથી જ્યારે आद्गुणः । ૬–૧–૮૭ એવા સપાદ સપ્તાધ્યાયીના સૂત્રથી ગુણ થવા આવશે, ત્યારે તે ૮–૩–૧૯ સૂત્રે કરેલા व् લાપ

विष्ण + इह
'गुण'ની અપ્રવૃત્તિ

રૂપી કાર્યને અસિદ્ધ ગણશે. એટલે કે હજી व्‌નો લોપ થયો જ નથી એમ માનશે. આથી હવે अ + इ > ए એવી 'ગુણ' રૂપી સન્ધિ આગળ વધી શકશે નહીં.

विष्ण इह ॥ विष्णव्‌ + इह
विष्णविह ॥

૫. લોપાભાવ પક્ષમાં व्‌ વ્યંજનને પાછળના इ સ્વરમાં જોડી દઈશું તો विष्णविह । બની જશે.

આ જ પ્રમાણે, श्रियै + उत्कण्ठितः → श्रिया उत्कण्ठितः કે श्रियायुत्कण्ठितः । भानौ + उत्सुकः → भाना उत्सुकः અથવા भानावुत्सुकः । જેવાં રૂપો પણ બને છે; તથા ભાષામાં આવાં વૈકલ્પિક બબ્બે રૂપોમાંથી ગમે તે એક રૂપ યથેચ્છ વાપરી શકાય છે.

---

32. वृद्धिरादैच् । १-१-१

आद्-ऐच् च 'वृद्धि' संज्ञाः स्यात् ।

33. वृद्धिरेचि । ६-१-८८

आद् एचि परे वृद्धिः एकादेशः स्यात् । गुणापवादः ॥ कृष्णैकत्वम् । गङ्गौघः । देवैश्वर्यम् । कृष्णौत्कण्ठ्यम् ॥

અનુવાદ : ૩૨. દીર્ઘ आ કાર અને ऐच्‌ (પ્રત્યાહારમાં આવેલા ऐ કાર અને औ કાર)ની 'વૃદ્ધિ' એવી સંજ્ઞા થાય છે.

૩૩. (અઢારેય પ્રકારના) अ કારની પરમાં एच्‌ (પ્રત્યાહારમાં આવેલા વર્ણો ए ओ् । ऐ औच्‌ માંથી ગમે તે એક) આવેલો હોય તો (પૂર્વવર્ણ અને પરવર્ણ એમ કુલ બે વર્ણોના સ્થાનમાં) 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થાય છે. આ ६–१–८८ સૂત્ર તે आद्गुणः । ६–१–८७નું અપવાદ = બાધક છે. (આ ६–१–८८ સૂત્રથી વૃદ્ધિ રૂપી કાર્ય થઈને જે રૂપો સિદ્ધ થાય છે તે આ પ્રમાણે છે : १. कृष्णैकत्वम् २. गङ्गौघः । ३. देवैश्वर्यम् । ४. कृष्णौत्कण्ठ्यम् ॥

(વિવરણ) : ૩૨ મા સૂત્રથી 'વૃદ્ધિ' સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે. અને ૩૩મા સૂત્રથી એ 'વૃદ્ધિ' સંજ્ઞાનો ઉપયોગ કરીને એક નવી સન્ધિ શીખવવામાં આવે છે. આમ આ બે સૂત્રો અનુક્રમે સંજ્ઞાસૂત્ર અને વિધિસૂત્ર છે.

वृद्धिरादैच्‌ । १–१–१ સૂત્ર કહે છે કે आद् અને ऐच्‌ની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે. અહીં आद् માં તપરકરણ છે. અર્થાત્ પાણિનિએ દીર્ઘ आ ની પાછળ त् > द्


જોડયો છે. આથી તે પોતાના દ્વિમાત્રિક ઉચ્ચારણકાલ જેટલા જ ઉચ્ચારણકાલવાળા અન્ય છ ભેદો (છ પ્રકારના દીર્ઘ આ કારો)ને લાગુ પડશે. તથા ऐच् પ્રત્યાહારથી ऐऔच् । નો બોધ કરવાનો છે. આમ ऐच् = ऐ કાર અને औकार. હવે આ સૂત્ર દ્વારા નિર્દેશેલા સંજ્ઞા–સંજ્ઞીને અલગ તારવીશું.

સંજ્ઞી		સંજ્ઞા
૧. દીર્ઘ आ કાર (છ પ્રકારનો) ૨. ऐ કાર, અને ૩. औ કાર	}	વૃદ્ધિ

અહીં 'વૃદ્ધિ' એવી સંજ્ઞા બોલવામાં આવે ત્યારે आ, ऐ અને औ એવા સંજ્ઞીઓ ઉપસ્થિત થાય છે; એમ જાણવું. હવે પ્રશ્ન થાય કે 'વૃદ્ધિ' બોલવાથી આ ત્રણેય સંજ્ઞીઓનો સમૂહ ઉપસ્થિત થાય કે ત્રણમાંથી ગમે તે એક ઉપસ્થિત થાય? બીજા શબ્દોમાં કહીએ તો–'વૃદ્ધિ' સંજ્ઞા કોની થાય છે–ત્રણેયના સમુદાયની કે કે પ્રત્યેકની વ્યક્તિગત રીતે વૃદ્ધિ સંજ્ઞા થાય છે? તો જવાબ એ કે 'વૃદ્ધિ' એવી સંજ્ઞા आ–ऐ–औ એ ત્રણેયના સમુદાયને પણ લાગુ પડે છે; અને પ્રતિ એક એક (आ, કે ऐ કે औ)ને પણ વૃદ્ધિ સંજ્ઞક વર્ણ કહેવાય છે.


હવે ૩૩મા વિધિસૂત્રથી જે 'વૃદ્ધિ રૂપી એકાદેશ' નું કાર્ય ક્યારે થાય છે એ તપાસીશું. आद् एचि परे वृद्धिः एकादेशः स्यात् । એવો સૂત્રાર્થ લખ્યો છે. आद् નો અર્થ છે : અઢારેય પ્રકારના अ કાર અર્થાત્ હ્રસ્વ–દીર્ઘ–પ્લુતમાંથી કોઈ પણ પ્રકારના अकारની પાછળ; एचि = एच् પ્રત્યાહારમાં આવેલા ए–ओ–ऐ–औ એવા ચાર વર્ણોમાંથી કોઈ પણ એક વર્ણ પરમાં આવેલો હોય તો 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થાય છે. અહીં 'એકાદેશ' થાય છે એમ કહ્યું છે એનો અર્થ એવો થશે કે પૂર્વવર્તી अ કાર અને પરવર્તી एच् (પ્રત્યાહારમાંનો કોઈ એક) વર્ણ–એમ કુલ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં એક 'વૃદ્ધિ'સંજ્ઞક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. હવે આપણે ઉપર્યુક્ત ચાર ઉદાહરણોની રૂપસિદ્ધિ તપાસીશું :—

[૧] कृ ष्ण + ए–कत्वम् ।




૧. અહીં ष्णમાં આવેલા अ કારની પાછળ एच् પ્રત્યાહારનો ए કાર પરમાં આવેલો છે. તેથી તે બે વર્ણોના સ્થાનમાં 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થશે.

અહીં अ ની પાછળ एकत्वम् નો एकार આવેલો છે; તે ए કારને एच् પ્રત્યાહારમાંનો વર્ણ ગણીને આપણે वृद्धिरेचि । ૬–૧–૮૮ સૂત્રને પ્રવૃત્ત કરવાનું કહીએ છીએ; પણ अ ની પાછળ ए આવ્યો હોય તો आद्गुणः । ૬–૧–૮૭ સૂત્રને પ્રવૃત્ત થવા જે નિમિત્તની જરૂર છે. તે પણ અહીં હાજર છે. જેમકે आद्गुणः । કહે છે કે अ ની પાછળ જો अच् આવેલો હોય તો પૂર્વવર્તી અને પરવર્તી વર્ણના સ્થાનમાં ગુણૈકાદેશ થાય છે, તો અહીં एकत्वम् નો ए કાર 'अच्' માં પણ આવી જ જાય છે. તેથી શંકા થાય છે કે कृष्ण + एकत्वम् । એ સ્થિતિમાં आद्गुणः । ૬–૧–૮૭ થી 'ગુણ' કરવો કે वृद्धिरेचि । ૬–૧–૮૮ થી 'વૃદ્ધિ' કરવી ? તો વૃત્તિકાર વરદરાજ કહે છે કે આ ૬–૧–૮૮ સૂત્રથી કહેવામાં આવેલું વૃદ્ધિ રૂપી કાર્ય 'ગુણનો અપવાદ છે'. અર્થાત્ ૬–૧–૮૮ સૂત્ર વડે ૬–૧–૮૭નો બાધ કરવામાં આવે છે. આમ અહીં વૃદ્ધિકાર્યથી "પ્રાપ્ત ગુણકાર્ય"નો બાધ થઈ જશે. [આવું થવા પાછળ કારણ એ છે કે ૬–૧–૮૭ થી કહેવાયેલું ગુણ રૂપી કાર્ય તો અગાઉ કોઈક ઉદાહરણમાં ચરિતાર્થ થઈ ગયું છે; જ્યારે ૬–૧–૮૮ એવા નવા સૂત્રથી કહેલું વૃદ્ધિ રૂપી કાર્ય તો હજી સુધી ક્યાંય થયું નથી. આથી તે સૂત્રને બેસવા માટે = ચરિતાર્થ થવા માટે કોઈક ઉદાહરણ જરૂરી છે. આમ कृष्ण + एकत्वम् । માં પ્રાપ્ત ગુણનો બાધ કરીને, વૃદ્ધિ રૂપી કાર્ય જ પ્રવૃત્ત થશે.]



૨. પણ 'વૃદ્ધિ' રૂપી કાર્ય કરો એમ કહેવાથી તો 'વૃદ્ધિ' સંજ્ઞાવાળા ત્રણ વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થવા આવીને ઊભા રહેશે.

૩. હવે પ્રશ્ન થશે કે આ ત્રણમાંથી શું ગમે તે એક વર્ણને આદેશ રૂપે તે બેસાડી દેવાય છે? તો જવાબ છે: ના. અહીં જે સ્થાનિભૂત પૂર્વવર્તી વર્ણ अ અને પરવર્તી ए કાર છે તેમનું ઉચ્ચારણ સ્થાન કયું કયું છે તે તપાસવાનું છે. જેમકે, अ કાર કંઠ અને एकार કંઠતાલુ ઉચ્ચારણ સ્થાનવાળો છે. આથી એ બે વર્ણોને ખસેડીને એમના બદલે, એમની જગ્યાએ આદેશ રૂપે પ્રવૃત્ત કરવા વૃદ્ધિ સંજ્ઞક વર્ણો आ–ऐ–औ માંથી એવા જ વર્ણને પસંદ કરી શકાશે કે જે 'કંઠતાલુ' સ્થાનવાળો હોય.




૪. તો આ દષ્ટિએ કેવળ ऐ કાર જ એવો છે કે જે 'કંઠતાલુ' ઉચ્ચારણ સ્થાનવાળો છે. હવે એને પસંદ કરીને આદેશ રૂપે પૂર્વવર્તી અને પરવર્તી વર્ણના સ્થાનમાં બેસાડીશું તો.

૫. હવે ष्ण् વ્યંજનને ऐ કાર સાથે જોડી દઈશું તો कृष्णैकत्वम् । સિદ્ધ થશે.


कृष्णै + कत्वम् = कृष्णैकत्वम् ॥

આ સન્ધિને 'વૃદ્ધિ રૂપી એકાદેશ' કહેવામાં આવે છે.




૧. वृद्धिरेचि । સૂત્રની સૂચના મુજબ आ કારની પાછળ एच् પ્રત્યાહારમાંનો ओ કાર આવેલો છે. તેથી તે બે વર્ણોના સ્થાનમાં 'વૃદ્ધિરૂપી એકાદેશ' થશે. (અહીં પણ 'ગુણ'નો બાધ કરીને 'વૃદ્ધિ થશે.)

૨. સ્થાનિભૂત વર્ણોના ઉચ્ચારણ સ્થાન 'કંઠોષ્ઠ' છે. તેવા જ ઉચ્ચારણ સ્થાનવાળો औ કાર છે. એને આદેશ રૂપે પસંદ કરીને પ્રવૃત્ત કરીશું.




૩. પૂર્વવર્તી आ અને પરવર્તી ओ કારને ખસેડી લઈશું, અને એક નવો વૃદ્ધિસંજ્ઞક औ વર્ણ આદેશ તરીકે બેસાડીશું.



૪. अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી વ્યંજનને ઉત્તરવર્તી વર્ણમાં જોડી દઈશું તો गङ्गौघः । બનશે. (ત્યાર પછી એનું પ્રથમા વિ. એ. વ. માં રૂપ ચલાવીશું તો गङ्गौघः । સિદ્ધ થશે.)

[३] देव + ऐश्वर्यम् ।



१. અહીં वृद्धिरेचि । થી અકારની પાછળ एच् પ્રત્યાહારમાંનો ऐ આવેલો છે તેથી પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં વૃદ્ધિ રૂપી એકાદેશ થશે.

(અહીં પણ પહેલે તબક્કે 'ગુણ' રૂપી કાર્ય પ્રાપ્ત તો થાય છે, પણ 'વૃદ્ધિ' રૂપી કાર્ય તેનો બાધ કરી દે છે.)

देव् + अ ऐ + श्वर्यम्

ऐ


२. સ્થાનિભૂત अ અને ऐ ના ઉચ્ચારણ સ્થાન જેવા જ ઉચ્ચારણ સ્થાનવાળો વૃદ્ધિસંજ્ઞક ऐकार પસંદ કરીશું. અને अ કાર તથા ऐ કારને ખસેડી લઈને એ બેના સ્થાનમાં એક નવો ऐ કાર લાવીને મૂકીશું.

देवै + श्वर्यम्

देवैश्वर्यम् ।

३. अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી व् ને ऐ કારની સાથે જોડીશું તો देवैश्वर्यम् બની જશે.

[४] कृ ष्ण + औं–त्कण्ठ्यम् ।



१. અહીં वृद्धिरेचि । થી પૂર્વવર્તી अ અને પરવર્તી औ કારના સ્થાનમાં આદેશ રૂપે બેસાડવા 'વૃદ્ધિ સંજ્ઞક औ વર્ણને પસંદ કરીશું.

(અહીં પણ પહેલાં 'ગુણ'ની પ્રાપ્તિ થાય છે, પણ 'વૃદ્ધિ' ६–१–८८ થી તેનો બાધ કરવામાં આવે છે.)

कृष्ण् + आ + त्कण्ठ्यम्

कृष्णौत्कण्ठ्यम् ॥

३. હવે ण् ને औ માં ભેળવી દેશો, તો कृष्णौत्कण्ठ्यम् । રૂપ બની જશે.

34. एत्येधत्यूठ्सु । ६-१-८९

अवर्णादेजाद्योः एति–एधत्योः ऊठि च परे वृद्धिः एकादेशः स्यात् ॥ पररूप–गुणापवादः ॥ उपैति । उपैधते । प्रष्ठौहः । एजाद्योः किम्–उपेतः । मा भवान् प्रेदिधत् ॥ * (वा.) अक्षाद् ऊहिन्याम् उपसंख्यानम् * । अक्षौहिणी सेना ॥ * (वा.) प्राद् ऊहोढोढ्येषैष्येषु * प्रौहः । प्रौढः । प्रौढिः । प्रैषः । प्रैष्यः । * (वा.) ऋते च तृतीयासमासे * । सुखेन ऋतः=सुखार्तः । 'तृतीया' इति किम्–परमर्तः । * (वा.) प्र–वत्सतर–कम्बल–वसना–र्ण–दशानाम् ऋणे * । प्रार्णम्, वत्सतरार्णम् इत्यादि ॥

અનુવાદ : अ વર્ણની પાછળ, एजादि હોય એવા एति અને एधते; તથા ऊठ् પરમાં રહે ત્યારે વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે. આ સૂત્રથી કહેવામાં આવેલું વૃદ્ધિ રૂપી કાર્ય 'પરરૂપ–વિધિ' અને 'ગુણ–વિધિ'નો અપવાદ (=બાધક) છે. આનાથી ત્રણ રૂપો સિદ્ધ થાય છે : ૧. उप + एति > उपैति । ૨. उप + एधते > उपैधते । ૩. प्रष्ठ + ऊहः > प्रष्ठौहः ॥ (एति અને एधते ના વિશેષણ તરીકે) "एजादि હોય એવાં" એવું પદ (સૂત્રાર્થ કરતી વખતે) કેમ ઉમેર્યું છે ? તો એના જવાબમાં બે રૂપોને આગળ ધરી શકાય. ૧. उप+इतः > उपेतः । ૨. मा भावन् प्र+इदिधत् > प्रेदिधत् । (અહીં इतः કે इदिधत् એવાં પદો एजादि = एच् થી શરૂ થતાં નથી; તેથી પ્રસ્તુત સૂત્રથી ત્યાં વૃદ્ધિ થતી નથી; પણ 'ગુણ' જ થાય છે.)

વાર્ત્તિક ૧ : "अक्ष શબ્દની પાછળ ऊहिनी એવો શબ્દ આવેલો હોય ત્યારે પણ (વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે)" એમ (મૂળ સૂત્રમાં) ઉમેરવું જોઈએ. દા. ત. अक्ष + ऊहिनो > अक्षौहिणी सेना ।


વાર્ત્તિક ૨ : प्र ઉપસર્ગની પાછળ ऊह, ऊढ, ऊढि, एषः, एष्यः—એટલા શબ્દો આવેલા હોય ત્યારે; (પણ વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે એમ પણ વધારામાં કહેવું જોઈએ). દા. ત. प्र + ऊहः > प्रौहः । प्र + ऊढः > प्रौढः । प्र + ऊढिः > प्रौढिः । प्र + एषः > प्रैषः । प्र + एष्यः > प्रैष्यः ॥


વાર્ત્તિક ૩ : તૃતીયા તત્પુરુષ સમાસના વિષયમાં, ऋते શબ્દ પરમાં હોય ત્યારે પણ (વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે.) દા. ત. सुखेन ऋतः > सुखार्तः । શંકા :—આ વાર્ત્તિકમાં 'તૃતીયા તત્પુરુષ સમાસના વિષયમાં' એવી શરત કેમ ઉમેરી છે ? તો परम + ऋतः । જેવા કર્મધારય સમાસમાં તે વાર્ત્તિકે કહેલું વૃદ્ધિ રૂપી કાર્ય લાગુ પાડવાનું નથી; ત્યાં તો કેવળ 'ગુણ' કાર્ય થશે અને परमर्त्तः । એવું રૂપ બનશે.

વાર્ત્તિક ૪ : प्र, वत्सतर, कम्बल, वसन, ऋण અને दश–એટલા શબ્દોની પાછળ ऋण શબ્દ આવેલો હોય તો પણ 'વૃદ્ધિ રૂપી એકાદેશ' થાય છે. દા. ત. प्र + ऋणम् > प्रार्णम् । वत्सतर + ऋणम् > वत्सतरार्णम् । વગેરે. (ऋण + ऋणम् > ऋणार्णम् । दश + ऋणम् > दशार्णम् । આ બધી જગ્યાએ अ + ऋ ની વૃદ્ધિ 'आर्' થઈ છે તે જોવું).

(વિવરણ) ૧. આ ૩૪ મા સૂત્રથી પણ વૃદ્ધિરૂપી કાર્યનું વિધાન કરવામાં આવ્યું છે, પરંતુ આ સૂત્રને પ્રવૃત્ત થવા માટેનાં નિમિત્તો / શરતો જુદી છે. જેમ કે, ૧. अ કારની પાછળ આવેલ હોય એવા, ૨. एजादि = एच् પ્રત્યાહારમાંના કોઈ એક વર્ણ, દા. ત. ए–ओ–ऐ–औ થી શરૂ થતાં હોય એવાં एति કે एधते એવાં બે ક્રિયાપદનાં રૂપો; તથા ऊठ् આદેશથી બનેલો કોઈ શબ્દ પરમાં હોય ત્યારે— આ બે શરતો સંતોષાય ત્યારે પૂર્વવર્તી વર્ણ અને પરવર્તી વર્ણને ખસેડીને. તેમના સ્થાનમાં 'વૃદ્ધિ' એવી સંજ્ઞાવાળો કોઈ એક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

[૧]





૧. અહીં एत्येधत्यूठ्सु । સૂત્ર મુજબ प કારોત્તરવર્તી अ કારની પાછળ एजादि હોય એવું 'एति' (इण् गतौ ધાતુનું વર્તમાનકાળ, ત્રી. પુ. એ. વ.નું રૂપ) આવેલું છે; તેથી તે પૂર્વવર્તી अ કાર અને પરવર્તી एકારના સ્થાનમાં વૃદ્ધિ રૂપી એકાદેશને પ્રવૃત્ત કરવામાં આવશે.

૨. અહીં સ્થાનિભૂત વર્ણો अ–કંઠ અને ए–કંઠતાલુ છે; તેથી વૃદ્ધિ-સંજ્ઞક ત્રણ વર્ણોમાંથી ऐ કારને પસંદ કરીને, કામે લઈશું.

૩. अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી प् વ્યંજનને ऐ માં ભેળવી દઈશું, તો उपैति । રૂપ બનશે.

*

૨. આ સૂત્રમાં एति–एघति–ऊठ्सु । એવાં ત્રણ પદો લખ્યાં છે. એમાં સૂત્રકારે જે एघति રૂપ લખ્યું છે, તે વાસ્તવમાં √एघ् वृद्धौ ધાતુનું વ. કા. ત્રી. પુ. એ. વ. નું રૂપ છે. પણ एघ् (સમૃદ્ધ થવું) ધાતુ તો આત્મનેપદી છે, તેથી પ્રક્રિયામાં एघति ને બદલે एघते એવું રૂપ લેવાનું રહેશે.

હવે [૨] उप+एघते । એ સ્થિતિમાં પણ, પૂર્વની જેમ જ एत्येधत्यूठ्सु । સૂત્રથી વૃદ્ધિ થશે. જેથી उप् + ऐ + घते → उपैघते ॥ એવું રૂપ બનશે. [૩] એ જ પ્રમાણે, प्रष्ठ+ऊह*માં અકારની પાછળ ऊठ् આદેશમાંથી બનેલો ऊह શબ્દ છે. તેથી તે બન્નેના સ્થાનમાં વૃદ્ધિ રૂપી એકાદેશ થશે : प्रष्ठ् + औ + ह → प्रष्ठौह । બનશે.

આ સૂત્રનો અર્થ કરતી વેળાએ વરદરાજે પ્રશ્ન ઊભો કર્યો છે કે एजाद्योः किम् ? અર્થાત્ एति અને एघति = एघतेના વિશેષણ તરીકે एजादि પદને ઉમેરવાથી શેનું વ્યાવર્તન = નિયમન થાય છે ? તો તેમણે उप+इतः । અને उप+इदिघत् । રૂપો તરફ આંગળી ચીંધી છે. એ દ્વારા એમ કહ્યું છે કે આ બે જગ્યાએ તો अ+इ = ए રૂપી ગુણ જ થશે. उपेतः । प्रेदिघत् । અર્થાત્ "एति કે एघते રૂપો પરમાં હોય ત્યારે" એમ કહેવાથી કોઈ જો એમ સમજે કે एति । જે √इण् गतौ ધાતુનું રૂપ છે, તે ધાતુનાં બીજાં કોઈ પણ રૂપ (દા. ત. एति–इतः–यन्ति) પરમાં હોય ત્યારે પણ વૃદ્ધિ–કાર્ય કરી શકાય છે—તો તેવા અતિવ્યાપ્તિવાળા અર્થને રોકવા एजादि વિશેષણ જરૂરી બને છે. આથી √इण् गतौ કે √एघ् वृद्धौ ધાતુનું રૂપ હોય એટલું જ પૂરતું નથી, પણ તે एजादि = एकारादिथी શરૂ થતું હોવું જ જોઈએ, અને તેવું હોય તો જ આ સૂત્ર દ્વારા વૃદ્ધિકાર્ય થઈ શકશે.

*

હવે આ સૂત્રમાં તો एति–एघते–અને ऊठ् એવા ત્રણ નિમિત્તભૂત શબ્દો પરમાં હોય ત્યારે વૃદ્ધિકાર્યનું વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ પાણિનિના સમય પછી બસો–અઢીસો વર્ષો પછી, કાત્યાયનને બીજા એવા કેટલાક શબ્દો પણ ધ્યાનમાં આવ્યા કે જ્યાં પાણિનિના સૂત્રોથી તો 'ગુણ' જ થાય, પણ લોકમાં વપરાતી ભાષામાં તો તેવા શબ્દોમાં 'વૃદ્ધિ' થઈ હોય એમ જોવા મળતું હતું. આથી વાર્ત્તિકકારે એવાં કેટલાંક વાર્ત્તિકોની રચના કરી, કે જેમાં આવા નવા શબ્દોને ઉમેરી લેવામાં આવ્યા છે. દા. ત.

---

* અહીં प्रष्ठवाह । મૂળ શબ્દ છે. તેમાં व् ને સ્થાને ऊठ् → ऊ આદેશ થાય છે ! प्रष्ठ ऊ आह । પછી ऊમાં आ એકરૂપ થઈ ભળી જાય છે. (જુઓ ! લઘુસિદ્ધાન્તકૌમુદીનાં 257–258 નંબરના સૂત્રો.) તો प्रष्ठ+ऊह બને છે. એ પછીની સ્થિતિમાં કેવી રીતે સન્ધિ થાય છે એનું અહીં વર્ણન છે. प्रष्ठवाह = 'જેને કેળવવા માટે ગળામાં લાકડી બાંધી છે તેવો નાનો બળદ.'

૧. अक्ष+ऊहिनी । અહીં સામાન્ય રીતે आद्गुणः । થી 'ગુણ' થઈને अक्षोहिनी જ બને; પણ લોકમાં તો अक्ष શબ્દની પાછળ જો ऊहिनी શબ્દ આવેલો હોય તો अ+ऊ ની વૃદ્ધિ 'औ' સાંભળવા મળે છે. તેથી વાર્ત્તિકકારે આ શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને કહ્યું કે अक्ष શબ્દની પાછળ ऊहिनी શબ્દ આવેલો હોય તો ત્યાં પણ પૂર્વવર્તી अકાર અને ઉત્તરવર્તી ऊના સ્થાનમાં 'વૃદ્ધિ રૂપી એકાદેશ' થાય છે : अक्ष+ऊहिनी → अक्ष +अ ऊ+हिनी → अक्ष +औ+हिनी → अक्षौहिनी; પછી न્નો ण् થશે તો अक्षौहिणी । એવું-લોકમાં પ્રચલિત એવું-રૂપ સધાશે.

૨. આ જ પ્રમાણે, प्र ઉપસર્ગના अ કારની પાછળ ऊह, ऊढ વગેરે (વાર્તિકમાં ગણાવેલા) શબ્દો આવ્યા હોય તો પાણિનિના आद्गुणः । સૂત્ર મુજબ તો प्र+ऊह =प्रोह । એવો ગુણ ओકાર જ થાય; પણ કાત્યાયન કહે છે કે ના, આટલા શબ્દોના સન્દર્ભમાં તો વૃદ્ધિ (औકાર) જ કરવી. प्र+ऊह = प्रौह । વગેરે.

૩. તૃતીયા તત્પુરુષ સમાસ બનાવતાં હોઈએ ત્યારે અને ऋत એવો શબ્દ પરમાં હોય ત્યારે પણ (ગુણ નહીં થતાં) વૃદ્ધિ કરવામાં આવે છે : सुखेन+ऋतः । એનો તૃતીયા તત્પુરુષ સમાસ કરીશું તો, તેની પ્રક્રિયા દરમિયાન તૃતીયા વિભક્તિનો इन પ્રત્યય લુપ્ત થશે; અને सुख+ऋत । એવી સ્થિતિ આવીને ઊભી રહેશે. પછી તો अ+ऋ નો ગુણ = अर् જ થવા આવશે; પણ વાર્ત્તિકકારના કહેવા મુજબ આપણે હવે 'વૃદ્ધિ' કરવી પડશે. अ+ऋ ની વૃદ્ધિ "आर्" થાય છે. (એની પ્રક્રિયા નીચે ૩૭ ઉપર જોઈશું). તો सुख+ऋतः→सुख्+आर +तः = सुखार्तः । થશે.

પરંતુ परमश्चासौ ऋतश्च । એવો કર્મધારય સમાસ કરીશું (અર્થાત્ 'તૃતીયા તત્પુરુષ સમાસ' કરતાં જુદા પ્રકારનો / બીજો કોઈક સમાસ કરતાં હોઈશું ત્યારે, એની પ્રક્રિયામાં अની પાછળ ऋत શબ્દ આવ્યો હશે તો, ત્યાં તો आद्गुणः । થી ગુણ જ થશે : परम+ऋत→परम्+अर्+त→परमर्तः ॥

૪. प्र, वत्सतर વગેરે છ શબ્દોની પાછળ ऋण (દેવું) એવો શબ્દ આવેલો હોય તો પણ (ગુણ નહીં થતાં) 'વૃદ્ધિ' જ થાય છે. દા. ત.; प्र+ऋणम्→प्र्+आर्+णम्→प्रार्णम् (ખૂબ દેવું). વગેરે. (અહીં अ+ऋની 'વૃદ્ધિ' સન્ધિ आर् થાય છે, એમ જે બતાવ્યું છે એની સમજૂતી સૂત્ર ૩૭ ઉપર प्राच्छंति । ની રૂપસિદ્ધિમાં મૂકી છે.)

---

35. उपसर्गाः क्रियायोगे । १–४–५९

प्रादयः क्रियायोगे 'उपसर्ग' संज्ञाः स्युः ॥ प्र परा अप सम् अनु अव निस् निर् दुस् दुर् वि आङ् नि अधि अपि अति सु उत् अभि प्रति परि उप एते प्रादयः ॥

36. भूवादयो धातवः । १—३—१

क्रियावाचिनो भ्वादयो धातुसंज्ञाः स्युः ।

37. उपसर्गाद् ऋति धातौ । ६—१—९१

अवर्णान्ताद् उपसर्गाद् ऋकारादौ धातौ परे वृद्धिरेकादेशः स्यात् । प्रार्च्छति ॥

અનુવાદ : ૩૫. प्र, परा, अप વગેરે ૨૨ શબ્દો જો ક્રિયા(પદ)ના યોગમાં વપરાયા હોય તો, તેમની 'ઉપસર્ગ' એવી સંજ્ઞા થાય છે. प्रादयः એટલે प्र શબ્દ છે આદિમાં જેની તેવો શબ્દસમૂહ. (તો આવા 'પ્રાદિ' શબ્દો કયા કયા છે અને કેટલા છે? એનું પ્રદર્શન કરવા માટે વૃત્તિકાર વરદરાજે તેની યાદી રજૂ કરી છે. જેમકે,) પ્ર પરા અપ સમ્ અનુ અવ્......અતિ સુ ઉત્ અભિ પ્રતિ પરિ અને ઉપ (આ કુલ ૨૨ શબ્દો છે).

૩૬. જેનો આરંભ भू—वा વગેરેથી થાય છે અને જે ક્રિયાના વાચક છે તેવા શબ્દોની 'ધાતુ' સંજ્ઞા થાય છે.

૩૭. अ વર્ણ છે અન્તમાં જેની એવા ઉપસર્ગની પાછળ, જો ऋ કારથી શરૂ થતો ધાતુ (=ધાતુ સાધિત કોઈ ક્રિયાપદનું રૂપ) આવેલો હોય તો, ત્યાં (તે अ અને ऋ ના સ્થાનમાં) વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે. દા. ત., प्र+ऋच्छति → प्र्+आर्+च्छति→प्रार्च्छति ॥

(વિવરણ) : ૩૫ મા સૂત્રથી 'ઉપસર્ગ' સંજ્ઞાનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે : प्र, परा, अप વગેરે ૨૨ શબ્દોની યાદી તૈયાર કરીને પાણિનિએ એને પ્રાદિ–ગણ એવું નામ આપ્યું છે. આ શબ્દનો અર્થ થાય છે : 'प्र શબ્દ છે આદિમાં જેની એવો ગણ = શબ્દ સમૂહ.' હવે ૩૫ મા સૂત્રથી કહેવામાં આવે છે કે प्रादि ગણના શબ્દો જો ક્રિયા (પદ)ના યોગમાં વપરાયા હોય તો તેમની 'ઉપસર્ગ' એવી સંજ્ઞા થાય છે. દા. ત., अभिगच्छति । प्रयच्छति । અહીં गच्छति એવા ક્રિયાપદની પૂર્વમાં अभि શબ્દને જોડયો છે, જે अभि શબ્દ प्रादि ગણમાં પણ આવેલો છે; તો તે अभि ને 'ઉપસર્ગ' એવું નામ = સંજ્ઞા આપવામાં આવશે.

'ઉપસર્ગ' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપવામાં આવી છે : अर्थविशेषाय उपसृज्यन्ते, नामाख्यातयोः समीपे संयोज्यन्ते इति उपसर्गाः । એવા શબ્દો કે જેને ક્રિયાપદના અર્થમાં વૈશિષ્ટય લાવવા માટે જોડવામાં આવે છે. (उप+सृज् નજીક લઈ જઈને જોડવું'). એટલે કે નામ અને આખ્યાત (= ક્રિયાપદ)ની નજીક = પૂર્વમાં

જેમને જોડવામાં આવે છે તેને 'ઉપસર્ગ' કહે છે. ઉપસર્ગોના કાર્યને સ્પષ્ટ કરતી એક કારિકા આ પ્રમાણે સાંભળવા મળે છે :

उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते ।
प्रहाराहार–संहार–विहार–परिहारवत् ॥

"ઉપસર્ગો જોડવાથી ધાતુના અર્થો બળપૂર્વક અન્યત્ર લઈ જવામાં / બદલી કાઢવામાં આવે છે. જેમ કે, √हृ हरति । માંથી प्रहार–आहार–संहार–विहार–परिहार જેવા—મારવું, ખાવું, ભેગું કરવું, ફરવું અને હરાવવું–જેવા નવા અર્થો ફૂટે છે." (બાવીસ ઉપસર્ગોની યાદીમાં શાકટાયનના મત મુજબ श्रद्, अछ અને अन्तर् એવા બીજા ત્રણને ઉમેરવા જોઈએ.)


*

૩૬ મા સૂત્રથી 'ધાતુ' સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે. भू છે આદિમાં જેની એવા શબ્દો, કે જે કોઈક ક્રિયાના વાચક હોય તેમની 'ધાતુ' સંજ્ઞા થાય છે. [ભાષામાં ચાર પ્રકારના શબ્દો જોવા મળે છે : ૧. નામ, ૨. આખ્યાત = ધાતુ, ૩. ઉપસર્ગો અને ૪. નિપાત = અવ્યયો. આમાંથી જે નામ હોય છે તે દ્રવ્યવાચક હોય છે અને તેમને 'પ્રાતિપદિક' એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે. પણ જે ક્રિયાવાચક શબ્દો હોય છે તેને 'ધાતુ' એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે.]

હવે ઉપસર્ગ અને ધાતુ–એવી બે સંજ્ઞાઓનો નિર્દેશ કર્યા પછી; આ બે સંજ્ઞાઓનો જેમાં ઉપયોગ કરવાનો છે તે ૩૭ મું સૂત્ર રજૂ કરવામાં આવે છે. આ સૂત્ર કહે છે કે "अ વર્ણાન્ત ઉપસર્ગની પાછળ, ऋकारादि ધાતુ રહેલો હોય તો તે બેના સ્થાનમાં વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે." હવે આ સૂત્ર લાગીને જે प्रार्च्छति । એવું રૂપ બને છે, તેની પ્રક્રિયા જોઈશું :

[१] प्र + ऋच्छति । (ખૂબ ચાલે છે, સામે જાય છે)

કંઠ अ + ऋ મૂર્ધા



૧. અહીં उपसर्गादृति धातौ । સૂત્રની સૂચના મુજબ તપાસીએ તો प्र એ अ વર્ણાન્ત ઉપસર્ગ છે; તેની પાછળ ऋ કારાદિ ધાતુ (સાધિત રૂપ ऋच्छति) આવેલ છે; તેથી તે अ અને ऋના સ્થાનમાં વૃદ્ધિ રૂપી એકાદેશ થશે.

૨. પણ અહીં શંકા થશે કે સ્થાનિ-ભૂત अकार અને ऋનાં ઉચ્ચારણસ્થાન તો અનુક્રમે કંઠ અને મૂર્ધા છે. પણ

प्र् + अ   ऋ + च्छति
आ वृद्धिसंज्ञक
आदेश

આદેશ તરીકે જે વૃદ્ધિસંજ્ઞક ત્રણ વર્ણો ઉપસ્થિત થાય છે તેમાંથી એક પણ વર્ણ કંઠ મૂર્ધા (એવા સંયુક્ત) ઉચ્ચારણ સ્થાનવાળો નથી. તેથી કોને આદેશ તરીકે પસંદ કરીશું? અહી પૂર્વોક્ત નષ્ટાશ્વ-દગ્ધરથ ન્યાયે વૃદ્ધિસંજ્ઞક આકારને આદેશ રૂપે પસંદ કરીશું.

प्र् + आर् + च्छति ।
प्रा + र् च्छति ।

૩. હવે उरण् रपरः । સૂત્રથી કહ્યું છે કે ऋ કારના સ્થાનમાં જે अण् (અહી દીર્ઘ આકાર, કે જે વૃદ્ધિસંજ્ઞક હોવાથી પસંદ કર્યો છે, તે) આદેશ રૂપે થવા આવે ત્યારે તેની પાછળ રેફ જોડવામાં આવે છે, એટલે આને 'રપર' કરીને, आर् રૂપે ફેરવવામાં આવે છે.

प्रार्च्छति ॥

૪, अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી प्र्ने આમાં જોડીશું; તથા जलतुम्बिका ન્યાયથી રેફને ઉત્તરવર્તી વર્ણના મસ્તક ઉપર બેસાડીશું તો प्रार्च्छति । એવી સન્ધિ થઈ જશે.

*

કયા સ્વરની 'વૃદ્ધિ' કેવી થશે? તો ૧. इની વૃદ્ધિ ऐ થાય, ૨. उની વૃદ્ધિ औ થાય, ૩. ऋની વૃદ્ધિ आर् થાય અને ૪. ऌની વૃદ્ધિ आल् થાય છે.

---

38. एङि पररूपम् । ६–१–९४

आद् उपसर्गाद् एङादौ धातौ परे, पररूपम् एकादेशः स्यात् । प्रेजते । उपोषति ।

39. अचोऽन्त्यादि टि । १–१–६४

अचां मध्ये योऽन्त्यः स आदिर्यस्य तत् 'टि' संज्ञं स्यात् । * (वा.) शकन्ध्वादिषु पररूपं वाच्यम् * । तच्च टेः । शकन्धुः । कर्कन्धुः । मनीषा ॥ आकृतिगणोऽयम् । मार्तण्डः ॥

અનુવાદ : ૩૮. અકારાન્ત ઉપસર્ગની પાછળ, एङादि (=ए કાર કે ओ કારથી શરૂ થતો) ધાતુ આવેલો હોય તો ત્યાં (પૂર્વવર્તી અકાર અને પરવર્તી एङ्– એ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં) "પરરૂપ" નામનો એકાદેશ થાય છે. દા. ત., प्र+एजते (ખૂબ ધ્રૂજે છે)=प्रेजते । उप+ओषति = उपोषति ।

૩૯. (કોઈક નામમાં આવેલા) अच्=સ્વરોના સમુદાયમાંથી, જે અન્તિમ (अच्) હોય, 'તે (અંતિમ अच्) છે આદિમાં જેની' એવા (શબ્દસ્વરૂપ)ની 'टि' સંજ્ઞા થાય છે. [દા. ત., दण्डिन्‌માં द् अ ण् ड् इ न् એવા વર્ણો આવેલા છે, તેમાં अ અને इ એવા બે अच्‌નો સમુદાય છે એમ કહેવાશે. તે બેમાંથી જે અન્તિમ अच् છે તે इ છે. આ 'इ છે આદિમાં જેની' એવો વર્ણસમૂહ =શબ્દસ્વરૂપ તે 'इन्' કહેવાશે. આ इन्‌ની 'टि' સંજ્ઞા થાય છે.]

વાર્ત્તિક * "शकन्धु શબ્દ છે આદિમાં જેની એવા શબ્દસમૂહ = ગણમાં આવેલા બધા શબ્દોની અંદર 'પરરૂપ–એકાદેશ' થાય / થયો છે" એમ કહેવું જોઈએ. આ પરરૂપ–એકાદેશ टि સંજ્ઞક અંશનો થયો હોય છે (એમ જાણવું). દા. ત., शक+अन्धुः→शकन्धुः । कर्क+अन्धुः→कर्कन्धुः । मनस्+ईषा→मनीषा । આ (શકન્ધ્વાદિ ગણ) 'આકૃતિગણ' પ્રકારનો ગણ છે. તેથી मृत+अण्ड→मृतण्ड→मार्तण्ड । જેવા શબ્દો પણ સિદ્ધ થાય છે.

(વિવરણ) : ૩૮ મા સૂત્રથી 'પરરૂપ=એકાદેશ' નામનો વિધિ શીખવવામાં આવ્યો છે, 'પરરૂપ' એટલે પાછળના વર્ણનું જેવું રૂપ હોય તેવા જ રૂપ વાળો એક નવો વર્ણ. તથા 'એકાદેશ' શબ્દને સમજાવતાં પાણિનિએ પોતે જ एकः पूर्वपरयोः । એવું સૂત્ર રજૂ કર્યું છે. આનો અર્થ એ છે કે પૂર્વવર્તી વર્ણ અને પરવર્તી વર્ણ–એમ કુલ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં જે એક જ વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય, એવા આદેશને 'એકાદેશ' કહે છે. હવે प्रेजते । વગેરેની રૂપસિદ્ધિ તપાસીશું, કે જેમાં પરરૂપ–એકાદેશ વિધિ થયેલો જોવા મળે છે :

[૧] प्र+एजते ।

अ+ए
| |
|
પર રૂપ એકાદેશ

प्+अ ए+जते

प्+० ०+जते

૧. અહીં एङि पररूपम् । સૂત્રથી, अ કારાન્ત ઉપસર્ગની પાછળ, एङादि √एज् कम्पने ધાતુ આવેલો છે, તેથી પૂર્વવર્તી अકાર અને પરવર્તી एકાર– એ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં 'પરરૂપ' (=પાછળનો વર્ણ જેવા રૂપ વાળો છે તેવો જ, અર્થાત્ એક નવો ए કાર) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

प्+ए+जते = प्रेजते ॥

૨. પછી प्‌ને एકાર સાથે જોડી દઈશું તો प्रेजते । રૂપ બની જશે.

[२] उप + ओषति ।

उप् + अ ओ + षति

पररૂપ
એકાદેશ

(अ અને ओમાંથી જે પરમાં = પાછળ આવેલો છે, તે ओકારના જેવો બીજો એક નવો ओકાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે.)

उप् + ओ + षति
उपोषति ।

૧. આ સ્થિતિમાં બે પાસે પાસે આવેલા સ્વરોનું સ્વરૂપ તપાસીએ તો उपમાં प्‌કારોત્તરવર્તી જે अકાર છે, તે ઉપસર્ગનો अ છે. તથા ओषति ક્રિયાપદમાં આરંભે આવેલો ओ સ્વર પણ ધાતુનો ओકાર છે.* એટલે કે આ સ્થિતિમાં अ વર્ણાન્ત ઉપસર્ગની પાછળ एङादि ધાતુ આવેલો છે એમ કહેવાશે. તેથી एङि पररूपम् । સૂત્રની સૂચનાથી 'પરરૂપ–એકાદેશ' વિધિ થશે.

૨. હવે प् વ્યંજનને ओ સ્વરમાં જોડી દઈશું તો उपोषति । બની જશે.

અહીં એ નોંધપાત્ર છે કે प्र + एजते । જેવા સંદર્ભોમાં સામાન્ય રીતે તો अની પાછળ ए આવેલો છે, તેથી वृद्धिरेचि । થી વૃદ્ધિકાર્ય થવું જોઈએ. પણ एङि पररूपम् । એ વૃદ્ધિકાર્યનું = वृद्धिरेचि । એવા સૂત્રનું બાધક છે. કારણ કે एङि पररूपम् । ૬–૧–૯૪ સૂત્રમાં उपसर्गादृति धातौ । ૬–૧–૯૧ માંથી उपसर्गाद् અને धातौની અનુવૃત્તિ આવે છે; અને એ રીતે એ સૂત્રનો અર્થ થાય છે કે "અવર્ણાન્ત ઉપસર્ગની પાછળ, एङादि ધાતુ આવેલો હોય ત્યારે." હવે प्र + एजते । માં સાદા સીધા अ + ए નથી આવેલા, પણ प्र ઉપસર્ગનો अ છે, અને એકારાદિ एजृ (કંપવું) ધાતુનો एકાર આવેલો છે. તેથી અહીં વૃદ્ધિકાર્ય ન થતાં, પરરૂપૈકાદેશ જ થશે.

૩૯ મા સૂત્રથી 'टि' એવી એક કૃત્રિમ+ સંજ્ઞાનું જ્ઞાન કરાવવામાં આવે છે. अच् = સ્વરોના સમુદાયમાંથી (એટલે કોઈ શબ્દમાં જેટલા સ્વરો વપરાયા હોય,

---

* અહીં મૂળ ધાતુ તો √उष दाहे (ભ્વા૦ ૪૪૯) ધાતુ છે. એમાંથી ओषति । ओषाञ्चकार । ओषिष्यति । વગેરે રૂપો બને છે. અહીં उप + ओषतिનો અર્થ 'ઉપવાસ કરે છે' થાય છે. અહીં "एङादि ધાતુ"નો અર્થ "एङादि ક્રિયાપદ" એમ લેવાનો છે.

\+ પાણિનિએ લાઘવસિદ્ધ કરવા માટે કેટલીક એકાક્ષરી સંજ્ઞાઓ પણ બનાવી છે. જેમકે, टि, घु, भ, घ વગેરે. આવી સંજ્ઞાઓ લોકમાં વપરાતી નથી, તથા પાણિનિ સિવાયના બીજા કોઈ વૈયાકરણના વ્યાકરણમાં પણ તે વપરાતી નથી. આથી આવી સંજ્ઞાઓને 'કૃત્રિમ' સંજ્ઞાઓ પણ કહી શકાય છે.

તેમાંથી) જે અંતિમ અચ્ = સ્વર હોય, તેને આદિ અક્ષર ગણીને, બાકી રહેલા વ્યંજન રૂપ વર્ણ સહિતના અંશને 'टि' સંજ્ઞા આપવામાં આવે છે. દા. ત.,

विद्यार्थिन्–આ શબ્દમાં કેટલા સ્વર અને કેટલા વ્યંજન છે એ તપાસવા બધા વર્ણોને છૂટા પાડી લઈશું. व् इ द् य् आ र् थ् इ न्। આમાં इ–आ–इ એવા ત્રણ અચો = સ્વરોનો સમુદાય છે, તેમાંથી જે અંતિમ અચ્ છે તે इ ને આદિ અક્ષર રૂપે લઈશું અને એના પછી જે વર્ણ (नकार) બાકી રહ્યો છે. તે સહિતનું જે શબ્દસ્વરૂપ થાય (= इन्), તેને 'टि' કહે છે. આમ 'विद्यार्थिन्' શબ્દમાં 'इन्' ને 'टि' કહેવાશે. राजन् શબ્દમાં અંતિમ अन् ને 'टि' કહેવાશે.

कृष्णा–એ શબ્દમાં क् ऋ ष् ण् आ એવા વર્ણો આવેલા છે. તેમાં ऋ અને आ એવા બે સ્વરો (અચો)નો સમૂહ છે, તેમાંથી જે અંતિમ અચ્ છે તે आની 'टि' સંજ્ઞા થાય છે. (અહીં પ્રશ્ન થાય કે અંતિમ અચ્ = आ કોની આદિમાં છે ? તો તે પોતે પોતાની આદિમાં છે !) આ રીતે श्रुति શબ્દની 'टि' તે અંતિમ इ ને કહેવાશે.

હવે, આ 'टि' સંજ્ઞાનો ઉપયોગ કરીને, કેટલાક શબ્દોમાં પરરૂપ–એકાદેશ નામની સન્ધિ થઈ છે એની તરફ ધ્યાન દોરતાં વાર્ત્તિકકાર કહે છે કે शकन्धु શબ્દ છે આદિમાં જેની એવો જે શબ્દસમૂહ* છે = ગણ છે તેમાં પરરૂપ–એકાદેશ થયો છે એ (સૂત્રકારે) કહેવું જોઈએ. પરંતુ અહીં પ્રશ્ન થાય કે પરરૂપ એકાદેશ કોના સ્થાનમાં થાય ? તો વૃત્તિકારે લખ્યું છે કે तच्च टेः । 'તે શબ્દોની 'टि' ને સ્થાને પરરૂપ થાય છે' દા. ત.,

[૧] शक + अन्धुः ।

अ + अ



'પરરૂપ'

(એકાદેશ રૂપે પ્રવૃત થશે)

श–क् ० + अ + न्धुः

(टि ને પરરૂપ)

शक् + अ + न्धुः

૧. અહીં સામાન્ય રીતે તો अ + अ = आ એમ થઈને शकान्धु એવી સન્ધિ થવી જોઈએ. પણ આ શબ્દ તો 'શકન્ધ્વાદિ–ગણ'માં આવેલો છે. તેથી વાર્ત્તિકકારના સૂચન મુજબ *शकन्ध्वादिषु पररूपं वाच्यम् *થી તે ગણના શબ્દોમાં टि ને 'પરરૂપ વિધિ' કરવાનો રહેશે.


૨. પછી क् ને अ સ્વરમાં જોડી દઈશું તો शकन्धुः । બની જશે.

---

* शकन्धु–कर्कन्धु–मनीषा–हलीषा–लाङ्गलीषा–पतञ्जलि–सारङ्ग–कुलटा વગેરે શબ્દોના સમૂહને 'શકન્ધ્વાદિગણ' કહે છે.

[२] આ જ પ્રમાણે कर्क् + अन्धु → कर्क + अ + न्धु = कर्कन्धु ।

[३] मनस् + ईषा
अस् + ई
(टि)



પરરૂપ

मन् + ई + षा
मनीषा

૧. અહીં मनस् શબ્દની ટિ = अस् અંશને સ્થાને પરરૂપ એકાદેશ વિધિ થશે. (= પરમાં ई છે, તે આદેશ રૂપે પ્રવૃત્ત થશે.) તો

૨. मनस् માંથી अस् ખેંચી લીધાં પછી, બાકી રહેલા न् ને 'પરરૂપ' રૂપે આવેલા નવા ईકારમાં ભેળવી દઈશું, તો मनीषा । રૂપ બની જશે.

આ જ પ્રમાણે पतत् + अञ्जलि । શબ્દ પણ શકન્ધ્વાદિગણમાં આવેલો છે, તેથી पतत् શબ્દની 'ટિ' ને (= अत् એવા અંશને) સ્થાને પરરૂપ એકાદેશ રૂપે પાછળનો अञ्जलिનો अકાર મૂકી દેવામાં આવશે. તો पत् + अञ्जलि → पतञ्जलि । બની જશે.

'શકન્ધ્વાદિ–ગણ'ને 'આકૃતિગણ' પ્રકારનો જાહેર કરવામાં આવ્યો છે, તેથી એમ સમજવાનું છે કે આ શકન્ધ્વાદિગણમાં જે જે શબ્દો આવેલા છે, તેવા જ આકાર–સ્વરૂપ–વાળા [અર્થાત્ જ્યાં ટિના સ્થાનમાં પરરૂપ એકાદેશ થયો છે એમ જોવા મળતું હોય તેવા] અન્ય શબ્દો પણ તેમાં સમાવિષ્ટ કરી લેવાના છે, એટલે કે તેમને પણ પરરૂપ–એકાદેશવાળી સન્ધિથી બનેલા શબ્દો છે એમ ગણી લેવાનું છે. દા. ત., मृत + अण्ड । અહીં સામાન્ય રીતે તો अ + अ = आ થઈને मृताण्ड બનવું જોઈએ, અને ત્યાર પછી 'मृताण्डનો અપત્ય' એ અર્થમાં तद्धितप्रत्यय (अण्) લગાડીશું તો मार्ताण्ड શબ્દ બનવો જોઈએ. પરંતુ ભાષામાં આવો શબ્દ તો વપરાતો નથી; ભાષામાં તો લોકો मार्तण्ड શબ્દ બોલે છે, તેથી આ मार्तण्ड શબ્દની સિદ્ધિ કરવા માટે એમ માનવું પડે છે કે આ શબ્દ પણ શકન્ધ્વાદિગણના कर्कन्धु વગેરે પ્રકારના શબ્દો જેવો જ છે, એટલે કે मृत + अण्ड । માં પહેલે તબક્કે પરરૂપ એકાદેશ વિધિ થઈ છે. તેથી 'ટિ'ને પરરૂપ થતાં मृत् + अ + ण्ड = मृतण्ड । બનશે. પછી तद्धितप्रत्ययની વિધિ આગળ ચલાવીશું ત્યારે मृतण्डस्य अपत्यं पुमान । એ અર્થવાળો मार्तण्ड । શબ્દ બનશે. (આ तद्धित પ્રક્રિયાની વિશેષ સમજ 'तद्धित પ્રકરણ'માં મળશે.)

---

40. ओमाङोश्च । ६–१–९५

ओमि आङि च आत् परे पररूपम् एकादेशः स्यात् । शिवायों नमः । शिव + एहि—

41. अन्तादिवच्च । ६–१–८५

योऽयमेकादेशः स पूर्वस्यान्तवत् परस्यादिवत् । शिवेहि ॥

અનુવાદ : ૪૦. अ કારની પાછળ, ओम् કે आङ् (=आ ઉપસર્ગ) આવેલો હોય ત્યારે પરરૂપ–એકાદેશ થાય છે. દા. ત.

[૧] शिवाय + ओम् + नमः ।
अ + ओ
|
પરરૂપ
शिवाय् + अ ओ + म्
↕
પરરૂપ
જેવો એક નવો ओ કાર
એકાદેશ રૂપે પ્રવૃત્ત કરીશું.
शिवाय् + ओ + म् नमः ।
शिवायोम् नमः
शिवायों नमः ।


૧. અહીં शिवाय માં य् કારોત્તરવર્તી अ આવેલો છે. અને તેની પાછળ ओम् (ॐ) એવો ધ્વનિ આવેલો છે. તેથી ओमाङोश्च । સૂત્રથી, તે પૂર્વવર્તી अ કાર અને ઉત્તરવર્તી ओ કાર એ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં પરરૂપ (= પાછળ જેવો ओ કાર આવેલો છે, તેવો જ એક નવો ओ કાર) એકાદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

૨. ત્યાર પછી, य् વ્યંજનને ओ સ્વરમાં ભેળવી દઈશું. તો शिवायोम् नमः । બનશે.

૩. પછી પદાન્તે આવેલા म् નો અનુસ્વાર થઈ જશે.

[हे शिव (!) + आ इ–हि (હે શિવ ! તમે અહીં આવો) આ સ્થિતિમાં आ કાર તે आङ् ઉપસર્ગનો છે, અને એની પાછળ इहि ક્રિયાપદનો इ આવેલો છે તેથી आ + इ ના સ્થાનમાં आद्गुणः । થી ગુણ થશે (रमा + ईशની જેમ) તો, ए બનશે.] હવે शिव + एहि । એવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી, નીચે મુજબ સન્ધિકાર્ય આગળ વધે છે :

૪૧. આ શાસ્ત્રમાં જે જે ('ગુણ' રૂપ, 'વૃદ્ધિ' રૂપ કે 'પરરૂપ' રૂપ) એકાદેશો વર્ણવાયા છે તે પૂર્વવર્ણના અંતિમ અવયવ રૂપ/સમાન ગણાય છે; અથવા પરવર્ણના આદિ અવયવ રૂપ / સમાન ગણાય છે. પરિણામે शिवेहि । જેવું સન્ધિયુક્ત પદ બને છે. આની પ્રક્રિયા તપાસીએ તો—




૧. અહીં પ્રથમ તબક્કે આ (ङ्) ઉપસર્ગ અને ધાતુના इ ની आद्गुणः । થી 'ગુણ' સન્ધિ થાય છે. તેથી પૂર્વવર્તી આ કાર અને પરવર્તી इ કાર–એમ કુલ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં 'ગુણ' રૂપી એકાદેશ રૂપે ए કારની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

૨. હવે પ્રશ્ન થાય કે આ ए કાર રૂપ ગુણૈકાદેશ તો કુલ બે વર્ણોના (= એક ઉપસર્ગનો आ કાર, અને બીજો ધાતુનો इ કાર, એમ બેના) સ્થાનમાં આવેલો છે. તેથી તે ए કાર પૂર્વમાં આવેલા आङ् ઉપસર્ગનો અંતિમ અવયવ ગણાશે ? કે પરમાં આવેલા इ ધાતુનો આદિ અવયવ ગણાશે ? આનો જવાબ આપવા માટે ૪૧ મું સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ સૂત્ર જણાવે છે કે કોઈપણ એકાદેશ, કે જે બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં થયો હોય, તે ક્યારેક પૂર્વવર્તી વર્ણનો અન્તવત્ (= અંતિમ અવયવ રૂપ); તો ક્યારેક પરવર્તી વર્ણનો આદિવત્ (= આદિ અવયવ રૂપ) હોય એમ ગણાય છે, તો અહીં પ્રકૃતમાં शिव + एहि માં ગુણૈકાદેશ રૂપે જે ए કાર આવેલો છે, તેને આપણે પૂર્વવર્તી आङ् ઉપસર્ગનો અન્તવત્ માની લઈએ તો (અર્થાત્ एहि માં આરંભે आङ् આવેલો જ છે એમ સ્વીકારી લઈએ તો)

शिव + एहि માં

शिव + एहि
शिव् + अ ए + हि



પરરૂપ એકાદેશ

शिव + ए + हि

शिवे + हि
शिवेहि ॥

૩. शिव+आ(ङ्) इहि એવી પૂર્વવર્તી સ્થિતિનું સ્મરણ કરી શકાશે. અને તો ओमाङोश्च । ૬–૧–૯૫ સૂત્રની પ્રવૃત્તિ શક્ય બનશે. આ ૪૦ મું સૂત્ર કહે છે કે अ કારની પાછળ ओम् કે आङ् (ઉપસર્ગ) આવેલો હોય તો પણ 'પરરૂપ એકાદેશ' નામનો વિધિ કરવો. આથી પરમાં જેવો ए કાર આવેલો છે તેવો એક નવો ए કાર એકાદેશ રૂપે બેસાડીશું.

૪. ત્યાર પછી व् વ્યંજનને ए કારમાં જોડી દઈશું તો शिवेहि । એવું ઈષ્ટ રૂપ બની જશે.

42. अकः सवर्णे दीर्घः । ६-१-१०१

अकः सवर्णे अचि परे पूर्वपरयोः दीर्घः एकादेशः स्यात् । दैत्यारिः । श्रीशः । विष्णूदयः । होतॄकारः ॥

અનુવાદ : अक् એવા પ્રત્યાહારમાં આવેલા अ इ उ ऋ ऌ–વર્ણોની પાછળ જો સવર્ણ अच् આવેલો હોય તો પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં 'દીર્ઘ–એકાદેશ' થાય છે. દા. ત.

[૧] दै त्य + अ रि

अ + अ

आ

(સવર્ણ દીર્ઘ એકાદેશ)

दैत्य् + आ + रि

दैत्या + रि

दैत्यारि

૧. અહીં दैत्य શબ્દમાં अक् પ્રત્યાહારમાંનો જે अ કાર છે તેની પાછળ, બીજો એના જેવો જ अ કાર; કે જેને આપણે સવર્ણ अच् કહીએ છીએ તે આવેલો છે. તો अकः सवर्णे दीर्घः । સૂત્ર કહે છે કે એ બે (अ + अ) વર્ણોના સ્થાનમાં 'દીર્ઘ–એકાદેશ'ને પ્રવૃત્ત કરવો.

૨. હવે त्य् વ્યંજન સમૂહને પરવર્તી સ્વરમાં ભેળવી દઈશું તો दैत्यारि બની જશે (ત્યાર પછી એનાં कवि ની જેમ રૂપો ચલાવીશું તો दैत्यारिः । રૂપ બની શકશે.)

[૨] श्री + ईशः→ई = अक् ની પાછળ, સવર્ણ अच् = ई આવેલો છે. તેથી પ્રસ્તુત સૂત્રથી તે બન્ને ई ના સ્થાનમાં એક નવો દીર્ઘ 'ई' એકાદેશ રૂપે પ્રવૃત્ત થશે. તો श्र् + ई + श→श्रीश । બની જશે.

[૩] विष्णु + उदय । અહીં ष्णु ના उ = अक् ની પાછળ, સવર્ણ अच् (= उदयनो) उ કાર આવેલો છે, તેથી પ્રકૃત સૂત્રથી તે બન્ને उ કારના સ્થાનમાં એક નવો દીર્ઘ ऊ કાર એકાદેશ રૂપે પ્રવૃત્ત થશે. તો विष्ण् + ऊ + दय→विष्णूदय । બની જશે.

(૪) होतृ + ऋकारः । અહીં होतृ નો ऋ, કે જે अक् પ્રત્યાહારમાં આવી જાય છે, તેની પાછળ, બીજો એક સવર્ણ अच् (અર્થાત્ ऋ ની પાછળ બીજો એના

જેવો જ ऋकार) આવેલો છે. તેથી પૂર્વ ऋकार અને પર ऋकारના સ્થાનમાં દીર્ઘ ॠકાર એકાદેશ રૂપે પ્રવૃત્ત થશે. તો होतृ + ऋ + कार → होतॄकारः । બની જશે.

---

43. एङः पदान्तादति । ६–१–१०९

पदान्ताद् एङः अति परे पूर्वरूपम् एकादेशः स्यात् ॥ हरेऽव । विष्णोऽव ।

44. सर्वत्र विभाषा गोः । ६–१–१२२

लोके वेदे च एङन्तस्य गोः अति वा प्रकृतिभावः पदान्ते । गो अग्रम् गोऽग्रम् ॥ एङन्तस्य किम्—चित्रग्वग्रम् । पदान्ते किम्–गोः ॥

અનુવાદ : ૪૩. પદના અંતે આવેલા एङ् (ए અને ओ)ની પાછળ, હ્રસ્વ अકાર આવેલો હોય તો "પૂર્વરૂપ" (નામનો) એકાદેશ થાય છે. દા. ત., हरे + अव → हरेऽव ॥ विष्णो + अव → विष्णोऽव ॥

૪૪. 'સર્વત્ર' અર્થાત્ લૌકિક સંસ્કૃતમાં અને વૈદિક સંસ્કૃત ભાષામાં एङन्त એવા, અર્થાત્ ઓકારાન્ત હોય એવા, गो શબ્દની પાછળ, જો હ્રસ્વ अકાર આવેલો હોય તો તે પદાન્તે આવેલા गो શબ્દને વિકલ્પે "પ્રકૃતિભાવ" થાય છે. (જ્યાં પ્રકૃતિભાવ નહીં થાય, તે પક્ષમાં પૂર્વોક્ત 'પૂર્વરૂપ' એકાદેશ પણ થઈ શકશે.) દા. ત., गो + अग्रम् → પ્રકૃતિભાવ = સન્ધિનો અભાવ → गोअग्रम् (યથાવત્ ચાલુ રહેશે); અથવા गो + अग्रम् → પૂર્વરૂપ એકાદેશ થતાં → गोऽग्रम् ॥

આ સૂત્રની વૃત્તિમાં एङन्तस्य (= 'ઓકારાન્ત હોય એવા' गो શબ્દને) એમ શા માટે કહ્યું છે? અર્થાત્ गो શબ્દના વિશેષણ તરીકે एङन्त એવા પદને ઉમેરવાનું શું પ્રયોજન છે? તો એના જવાબમાં–चित्रगु + अग्रम् → यण् આદેશ → चित्रग्व् अग्रम् → चित्रग्वग्रम् । ઉદાહરણ તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવે છે. એ જ પ્રમાણે–આ સૂત્રની વૃત્તિમાં पदान्ते એવો શબ્દ શા માટે ઉમેર્યો છે? એના જવાબમાં गो + अस् (પંચમી–ષષ્ઠી વિ. એ. વ. નો પ્રત્યય) → गोस् → गोः । એવા પદ તરફ આંગળી ચિંધી છે.

(વિવરણ) : ૪૩ મા સૂત્ર દ્વારા 'પૂર્વરૂપ–એકાદેશ' સન્ધિ શીખવવામાં આવી છે. પદાન્તે एकार કે ઓકાર આવેલો હોય, અને એની પાછળ હ્રસ્વ अकार(થી શરૂ થતો શબ્દ) આવેલો હોય તો, પૂર્વવર્ણ અને પરવર્ણ–એમ કુલ બે વર્ણોના સ્થાનમાં પૂર્વવર્ણના જેવો જ એક બીજો નવો/એનો એ જ વર્ણ 'આદેશ' રૂપે પ્રવૃત્ત થાય છે. ઉદા. ત.

हे ह्–रे + अव

પદાન્તે एकार

ए अ

સ્થાની (પૂર્વવર્ણ) (પરવર્ણ) સ્થાની

(હે હરિ ! (તમે રક્ષણ કરો) પરમાં હ્રસ્વ अकार આવેલો છે. તેથી

૧. एङः पदान्तादति । સૂત્રની પ્રવૃત્તિ થશે.

આ બન્ને વર્ણોના સ્થાનમાં 'પૂર્વરૂપ' અર્થાત્ પૂર્વમાં જે एकार છે, તેના જેવો જ, એક નવો 'ए'કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે. हे ह र्० + ए + ०व

(અહીં વર્તુલનું નિશાન એ સૂચવે છે કે પદના અંતે આવેલો एकार અને તેની પાછળ આવેલો હ્રસ્વ अकार–એ બંને સ્થાનિભૂત વર્ણોને ખસેડી લેવામાં આવ્યા છે. તથા એ બન્નેની વચ્ચે જે એક નવો एकार મૂક્યો છે, તે 'પૂર્વરૂપ એકાદેશ' છે. આમ

ह र्० + ए + ०व

ह रे + व

= ह रे व

हरेऽव

૨. अज्झीनं परेण संयोज्यम् । એ ન્યાયથી રેફને પાછળના एकार સાથે જોડી દઈશું–તો

૩. હવે જે हरेव । રૂપ તૈયાર થયું તેમાં જો આપણે એવું સૂચવવા માંગીએ કે પૂર્વના एकारમાં હ્રસ્વ अकार ભળી ગયો છે. તો रेની પાછળ અવગ્રહ (ऽ)નું નિશાન મૂકી શકાય. (અહીં અવગ્રહ મૂકવો કે નહીં તે સ્વૈચ્છિક છે.)

हे विष्णो + अव ।
↑ ↑
(પદના અંતે (પરમાં
ઓકાર) હ્રસ્વ અ)
ओ अ
↓
પૂર્વરૂપ એકાદેશ
ओ

૧. અહીં एङः पदान्तादति । સૂત્ર પોતાને પ્રવૃત્ત થવા જે બે નિમિત્તો માંગે છે, તે બંને હાજર છે.

हे विष्ण्० + ओ + ०व
↑
हे विष्णो +व →
विष्णो व → (= विष्णोऽव)

૨. સ્વર વગરના ष्ण् વ્યંજનોને પરમાં આવેલા ओ સ્વરમાં ભેળવી દઈશું. તો

૪૪ મા સૂત્રથી એક નવા પ્રકારની સન્ધિ શીખવવામાં આવી છે, જેનું નામ 'પ્રકૃતિભાવ' છે. આ શબ્દનો અર્થ થાય છે : મૂળની સ્થિતિ ચાલુ રહેવી; અર્થાત્ સન્ધિનો અભાવ ! આ સૂત્રમાં આવેલા 'સર્વત્ર' શબ્દનો અર્થ 'બધે જ' થાય છે. એટલે કે વેદની અને લોકમાં વપરાતી સંસ્કૃત–ભાષામાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અહીં જાણવા જેવો મુદ્દો એ છે કે લૌકિક સંસ્કૃત કરતાં વેદની સંસ્કૃત ભાષા થોડી જુદી છે. પાણિનિએ જે 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ લખ્યું છે તેમાં આ બન્ને પ્રકારની સંસ્કૃતભાષાને વર્ણવતાં સૂત્રો સાથે સાથે ગુંથી લીધાં છે. આમાંથી અમુક સૂત્રો કેવળ વેદની ભાષાને સમજાવવાં માટેનાં છે, તો અમુક સૂત્રો કેવળ લોકની અંદર વપરાતી સંસ્કૃતભાષાને માટે રજૂ થયાં છે. પણ બીજાં કેટલાંક સૂત્રો બન્ને પ્રકારની સંસ્કૃતભાષાને લાગુ પાડવા માટેનાં હોય છે; આવાં સૂત્રોમાં પાણિનિ ક્યારેક 'સર્વત્ર' શબ્દ વાપરે છે.

બીજું. જ્યારે કોઈ સૂત્રની પ્રવૃત્તિ વૈકલ્પિક બનાવવી હોય છે ત્યારે પાણિનિ એ સૂત્રમાં वा, विभाषा કે अन्यतरस्याम् જેવા શબ્દને મૂકે છે. એ જ પ્રમાણે, સૂત્રમાં જો કોઈ આચાર્યનું નામ ઉલ્લેખ્યું હોય તો પણ તે સૂત્રની પ્રવૃત્તિ વૈકલ્પિક બની જાય છે. હવે, આ ૪૪ સૂત્રની અંદર પણ વિભાષા શબ્દ વપરાયો છે તેથી તેની પ્રવૃત્તિ વૈકલ્પિક બનશે. પરિણામે આ સૂત્રની જે જે ઉદાહરણમાં પ્રવૃત્તિ થશે ત્યાં ત્યાં 'પ્રકૃતિભાવ' વાળું રૂપ તો બનશે જ, પણ વિપક્ષમાં બીજા એક પ્રકારનું (= પૂવરૂપ એકાદેશવાળું) રૂપ પણ બનશે.

ઉદા. ૧.

ગો + अग्रम् ।

(પદાન્તે આવેલો ઓકારાન્ત ગો શબ્દ) (હ્રસ્વ અકાર પરમાં રહેતાં)

ગો + अग्रम्

ગોअग्रम (પક્ષમાં)

(વિપક્ષમાં)

ઓ + અ

પૂર્વરૂપ એકાદેશ

ગ् + ઓ + ग्रम्

ગો ग्रम्

= ગો ऽ ग्रम्

૧. सर्वत्र विभाषा गोः । સૂત્રથી, ઓ અને અ સ્વર પાસે પાસે આવીને ઊભા રહ્યા હોવા છતાંય, કોઈ વિકાર રૂપ સન્ધિ કાર્ય થશે નહીં. એટલે કે 'પ્રકૃતિ-ભાવ' નામની સન્ધિ થઈ.

૨. પરંતુ આ 'પ્રકૃતિભાવ' રૂપ કાર્ય વૈકલ્પિક કરવાનું હોવાથી, કોઈકવાર જો આપણે પ્રકૃતિભાવ રૂપ કાર્ય કરવાનું પસંદ ના કરીએ તો, પૂર્વોક્ત ૪૩ મા સૂત્રથી 'પૂર્વરૂપ—એકાદેશ' નામનો વિધિ પણ થઈ શકે.

આમ વેદની અને લોકની ભાષામાં આવી બન્ને પ્રકારની વિધિઓવાળાં રૂપો પ્રચલિત છે. તેથી ક્યારેક સન્ધિના અભાવવાળું ગોअग्रम् । રૂપ પણ જોવા મળે છે, અને ક્યારેક ગોऽग्रम् । એવું સન્ધિજન્ય રૂપ પણ જોવા મળે છે.

(૧) **શંકા :** एङन्तस्य किम्? **સમાધાન :** चित्रग्वग्रम् ॥

આ સૂત્ર દ્વારા એમ કહ્યું છે કે ગો શબ્દની પાછળ હ્રસ્વ અકાર આવ્યો હોય તો વિકલ્પે પ્રકૃતિભાવ થાય છે., પણ આ ગો શબ્દ કેવો હોવો જોઈએ? તો એના જવાબમાં एङन्तस्य = ए । ओ કારાન્ત હોય એવો' (ગો શબ્દ)—એમ કહ્યું છે. એટલે કે ગો શબ્દના વિશેષણ તરીકે एङन्तस्य એવું પદ ઉમેર્યું છે. આથી શંકા કરવામાં આવે છે કે 'ગો શબ્દ ओ કારાન્ત હોય' ત્યારે એમ કેમ કહેવામાં આવ્યું છે? આના સમાધાન રૂપે એમ કહેવામાં આવે છે કે—જ્યાં ગો શબ્દ ओ કારાન્ત રૂપે ના સંભળાતો હોય ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થઈ શકે. જેમકે, સમાસાદિની પ્રક્રિયામાં चित्राः गावः यस्य सः = चित्रगु । (ચિત્ર વિચિત્ર રંગવાળી ગાયો છે જેની પાસે, તે ગોપાલને 'ચિત્રગુ' કહેવાય છે.) ગો માંથી गु બની જાય છે. તો આ ગો શબ્દ હવે ओ કારાન્ત રહ્યો નથી. તેથી चित्रगु + अग्रम् । એવા શબ્દોની સન્ધિ દરમિયાન પ્રસ્તુત સૂત્ર લાગી શકશે નહીં, પરિણામે અહીં 'પ્રકૃતિભાવ' થશે નહીં, હવે તો चित्रगु + अग्रम् ।માં इको यणचि । સૂત્ર લાગીને, चित्रग् व् + अग्रम् → चित्रग्वग्रम् । એવું રૂપ બનશે.

(૨) શંકા : पदान्ते किम् ? સમાધાન : गो: ॥

(૬–૧–૧૦૯) ૪૩ મા સૂત્રમાંથી 'पदान्त' (=પદના અંતે આવેલા) એવા શબ્દની અનુવૃત્તિ ૪૪ મા (૬–૧–૧૨૨) સૂત્રમાં આવી છે. આથી ૪૪ મા સૂત્રની વૃત્તિમાં પણ છેલ્લે 'पदान्ते' એવો શબ્દ ઉમેર્યો છે. પણ શંકાકાર પૂછે છે કે— "પદના અંતે આવેલા ओ કારાન્ત गो ને હ્રસ્વ अ કાર પરમાં આવ્યો હોય ત્યારે (જ), પ્રકૃતિભાવ થાય છે" એમ કેમ કહો છો ? અર્થાત્ 'પદાન્તે આવેલા' એવું વિશેષણ ઉમેરવાથી, કેવા સંજોગામાં આ સૂત્રથી 'પ્રકૃતિભાવ' થતો નથી ? આ મુદ્દાને સ્પષ્ટ કરવા વૃત્તિકાર વરદરાજે गो: રૂપને આગળ ધર્યું છે, અહીં गो + अस् । (પંચમી–ષષ્ઠી વિ. એકવચનનું રૂપ બનાવતી વખતે)માં પણ ઓકારાન્ત गो શબ્દ છે; અને તેની પાછળ હ્રસ્વ अ કાર પણ આવેલો છે; તેથી પ્રસ્તુત સૂત્રથી પ્રકૃતિભાવ થવો જોઈએ/થશે એવું કોઈકને લાગે. પણ અહીં એ યાદ રાખવાનું છે કે ओ કારાન્ત गो શબ્દ 'પદ'ના અંતે આવેલો હોય તો જ પ્રકૃતિભાવ કરવાનો છે. જ્યારે આપણા ઉદાહરણમાં તો હજી अस् પ્રત્યય લાગવાનો બાકી છે. એટલે કે गो શબ્દને =નામને अस् પ્રત્યય લાગી જાય પછી, જે રૂપ બને તેની જ 'પદ' સંજ્ઞા થતી હોય છે. (જુઓ : ૧૪ सुप्तिङन्तं पदम् । ૧–૧–૧૪ એવું સૂત્ર.) આથી અહીં अस् પ્રત્યય લાગ્યા પૂર્વે गो શબ્દનો ओ કાર 'પદાન્તે' આવેલો છે એમ કહી શકાતું નથી. તેથી આ સૂત્ર પ્રકૃતિભાવ કરવા માટે જે શરતની અપેક્ષા રાખે છે તે અહીં સંતોષાતી નથી. તેથી गोअस् એવો પ્રકૃતિભાવ થશે જ નહીં. (પણ, આગળ ઉપર જોઈશું તેમ अस् પ્રત્યયનો अ કાર, તેની પૂર્વમાં આવેલા ओ કારમાં ભળી જશે, અને स् નો વિસર્ગ થઈને गोस् → गो: । રૂપ બની જશે.)

---

45. अनेकाल्–शित् सर्वस्य । १–१–५५

इति प्राप्ते ।

46. ङिच्च । १–१–५३

ङिद् अनेकाल् अपि अन्त्यस्य एव स्यात् ।

અનુવાદ : ૪૫. અનેક अल् (=વર્ણ)વાળો અને शित् (=જેમાં श् કારની ઇત્‌સંજ્ઞા થઈ) હોય તેવો આદેશ સર્વના (=સમગ્ર) સ્થાનિના સ્થાનમાં પ્રવૃત્ત થાય છે.

૪૬. અનેક अल् (=વર્ણો)વાળો આદેશ હોવા છતાંય, જો તે ङित् (=જેમાં ङ् કારની ઇત્‌સંજ્ઞા થઈ) હોય તેવો આદેશ હોય તો તે (સ્થાનિભૂત શબ્દના) અંતિમ વર્ણના સ્થાનમાં જ પ્રવૃત્ત થાય છે (અર્થાત્ સમગ્ર સ્થાનિના તમામ વર્ણોના સ્થાનમાં ङित् હોય એવો આદેશ અનેક अल् વાળો હોય તો પણ, પ્રવૃત્ત થતો નથી.)

(વિવરણ) : આ બે પરિભાષા સૂત્રો છે, આ શાસ્ત્રમાં આપણે ૧. પ્રકૃતિ + પ્રત્યય → ૨. તેમાં જરૂરી ધ્વનિ વિકારો → એમ કરતાં કરતાં છેવટે ૩. 'પદ' = રૂપની સિદ્ધિ કરવાની (ત્રણ તબક્કાવાળી) પ્રક્રિયા શીખીશું. આ પ્રક્રિયા દરમિયાન સૂત્રકાર પાણિનિ આપણને વિવિધ સૂચનાઓ આપશે; જેમકે √गम् ધાતુના સ્થાનમાં गच्छ આદેશ કરો; राम + भ्यस् હોય તો अ કારાન્ત પ્રકૃતિમાં વિકાર લાવીને एत्व કરો, અર્થાત્ रामे + भ्यस् → रामेभ्यः । બનાવો; सुधी + उपास्य । હોય તો ई ના સ્થાનમાં यू આદેશ કરો → सुध्यु + उपास्य । બનાવો; किम् + सु । એ સ્થિતિમાં, એટલે કે किम् એવા સર્વનામની પાછળ કોઈપણ વિભક્તિ-પ્રત્યય આવેલો હોય તો આખી किम् પ્રકૃતિના સ્થાનમાં 'क' એવો આદેશ થાય છે; જેથી → क + सु → क + स् → कः । એવું રૂપ બનશે. હવે રૂપ/પદ સિદ્ધિની પ્રક્રિયા દરમિયાન પ્રકૃતિ કે પ્રત્યયમાં જે ધ્વનિવિકારો લાવવાની સૂચનાઓ આપવામાં આવશે, તેમાં અમુક સ્થાનિના સ્થાનમાં જે નવા આદેશ રૂપ વર્ણો/કે નવા શબ્દો = વર્ણસમૂહો પ્રવૃત્ત કરવાનું કહેવામાં આવશે ત્યારે તે આદેશોને પાણિનિ કાં તો (क) અનેક અલ્ વાળા બનાવીને રજૂ કરશે, અથવા (ख) તે આદેશોમાં આગળ—કે પાછળ 'श्' એવો અનુબન્ધ રૂપ વર્ણ જોડીને જાહેર કરશે (આવા અનુબન્ધોની આ શાસ્ત્રમાં 'ઈત્'સંજ્ઞા પાડીને, તેનો આગળ જતાં લોપ કરાવી દેવામાં આવે છે); અથવા (ग) તેવા આદેશોની અંદર આગળ–પાછળ 'ङ्' એવો અનુબન્ધ રૂપ વર્ણ જોડવામાં આવશે; (અને આવા ङ् ની ઈત્ સંજ્ઞા જાહેર કરીને, તેનો લોપ પણ કરી દેવામાં આવશે.) હવે ૧. આવા અનેક અલ્ વાળા આદેશો, કે ૨. જેમાંથી श् ની ઈત્સંજ્ઞા કરવામાં આવવાની હોય તેવા शित् = शकारः यत्र इत्संज्ञकरूपेण अनुबद्धः सः आदेशः 'शित्' इति उच्यते) આદેશ, અથવા ૩. જેમાંથી ङ् ની ઈત્-સંજ્ઞા કરવાની હોય તેવા ङित् આદેશોની પ્રવૃત્તિ સ્થાનિભૂત પ્રકૃતિના કયા ભાગ ઉપર કરવાની હોય છે? એ વિષે પણ સૂત્રકારે કોઈ માર્ગદર્શન આપવું જોઈએ. તેથી તેમણે ઉપર મુજબના બે પરિભાષાસૂત્રો રજૂ કર્યાં છે.

આ બે સૂત્રો દ્વારા અનુક્રમે બે વ્યવસ્થાઓ બતાવવામાં આવી છે;—૧. જે આદેશ અનેક અલ્ (= અનેક વર્ણોનો બનેલો) હોય, કે જે આદેશ शित् હોય તેને આખા સ્થાનિના સ્થાનમાં (પૂરેપૂરો સ્થાનિને ખસેડી કાઢીને) પ્રવૃત્ત કરવાનો હોય છે. પણ, ૨. જો આદેશ ङित् હોય તો (પછી ભલે તે અનેક અલ્ વાળો હોય, તો પણ) તેને તો સ્થાનિના અંતિમ વર્ણના સ્થાનમાં જ પ્રવૃત્ત કરવાનો = બેસાડવાનો હોય છે. (અર્થાત્ અહીં ૪૬ મું સૂત્ર ૪૫ મા સૂત્રએ કરેલી વ્યવસ્થાનો બાધ કરે છે.) આદેશની પ્રવૃત્તિ બાબતે આવી બે પ્રકારની વ્યવસ્થાને સમજી લીધા પછી એક નવા પ્રકારની સન્ધિને રજૂ કરવામાં આવે છે.

47. अवङ् स्फोटायनस्य । ६–१–१२३

पदान्ते एङन्तस्य गोः 'अवङ्' वा (स्याद्), अचि (परे) । गवाग्रम् । गोऽग्रम् । पदान्ते किम्, गवि ॥

48. इन्द्रे च । ६–१–१२४


गोः 'अवङ्' स्याद्, इन्द्रे । गवेन्द्रः ॥

અનુવાદ : ૪૭. (સ્ફોટાયન નામના આચાર્યના મતે) "પદના અંતે આવેલા અને एङन्त = ओ કારાન્ત હોય એવા 'गो' શબ્દના સ્થાનમાં अवङ् એવો આદેશ વિકલ્પે થાય છે; જો अच् પરમાં હોય તો." (આ સૂત્રની પ્રવૃત્તિ થાય તો) गो + अग्रम्માંથી गवाग्रम् । જેવું રૂપ બને છે. (વિકલ્પ પક્ષમાં જો આ સૂત્ર ન લગાડીએ તો, एङः पदान्तादति । એવું ૪૩ મું સૂત્ર લાગશે. પરિણામે વિપક્ષમાં) गो + अग्रम्માંથી गोऽग्रम् એવું ('પૂર્વરૂપ એકાદેશ' વાળી સન્ધિ થઈને) રૂપ બનશે.

શંકા : આ સૂત્રના અર્થમાં પણ 'પદાન્તે આવેલા' એટલો અંશ કેમ ઉમેર્યો છે? અથવા તો એટલો અંશ ઉમેરવાથી કયા રૂપની સિદ્ધિમાં ફાયદો = ઈષ્ટાપત્તિ થશે? સમાધાન : गवि । એવા રૂપમાં गो + इ હશે ત્યારે गो । શબ્દની (૧૪ મા સૂત્ર અનુસાર) 'પદ' સંજ્ઞા તો થશે નહીં, અને પરિણામે પ્રસ્તુત ૪૭ મા સૂત્રથી अवङ् આદેશ પણ થશે નહીં; પરંતુ બીજી એક રીતે (જેમકે; ૨૨. एचोऽयवायावः । ૬–૧–૭૮ એવા સૂત્રથી) गो ના ओ કારના સ્થાનમાં अव् આદેશ થઈને, ग् अव् + इ = गवि । રૂપ બનશે.

૪૮. इन्द्र એવો શબ્દ પરમાં રહ્યો હોય ત્યારે પણ गो શબ્દના (અંતિમ ओ કારના) સ્થાનમાં अवङ् આદેશ થાય છે. જેમકે, गो + इन्द्रः → ग् अवङ् + इन्द्र → ग् अव० + इन्द्र → गव + इन्द्र 'ગુણ' વિધિ → गवेन्द्रः । એવું રૂપ બનશે.

(વિવરણ) : સ્ફોટાયન નામના એક વૈયાકરણે, (કે જેમણે સ્ફોટ–સિદ્ધાન્તની સ્થાપના કરી હોવાનું મનાય છે, તેમણે) એવું જણાવ્યું છે કે પદાન્તે આવેલા एङन्त = ओ કારાન્ત गो શબ્દના સ્થાનમાં अवङ् આદેશ કરવો; જો अच् પ્રત્યાહારમાં આવેલો કોઈ સ્વરવર્ણ પરમાં = પાછળ આવેલો હોય તો. (આ अवङ् આદેશ કરવાની વિધિ સ્ફોટાયનના મત મુજબ છે, પાણિનિના મતે એમ કરવાની જરૂર નથી. તેથી આ સૂત્રે કહેલી વિધિ વિકલ્પે કરવાની છે એ ધ્યાનમાં રાખવું.) દા. ત. गो + अग्रम् ની સ્થિતિ લઈને રૂપપ્રક્રિયા ચલાવી જોઈએ તો—



આથી गो એવા આખા શબ્દના સ્થાનમાં अवङ् આદેશની પ્રાપ્તિ થાય છે. કેમકે, આ ૪૭ મું સૂત્ર જે अवङ् આદેશ કરવાનું કહે છે તે અનેકાલ્ = અનેક વર્ણોનો બનેલો છે. તેથી अनेकाल्शित् सर्वस्य । એવા ૪૫ મા સૂત્રની સૂચના મુજબ તો જે આદેશ અનેકાલ્ (અન્–એક વર્ણનો બનેલો) હોય તો सर्वस्य = આખા गो શબ્દના સ્થાનમાં થવો જોઈએ! પણ એમ કરવાનું નથી. કારણ કે ૪૬ મા સૂત્રથી એવી પણ વિશેષ સૂચના આપવામાં આવી છે કે જો કોઈ આદેશ ङित् હોય તો, તે અનેકાલ્ હોવા છતાંય, સ્થાનિભૂત શબ્દના અંતિમ વર્ણના સ્થાનમાં જ પ્રવૃત્ત કરવો. આ દૃષ્ટિએ વિચારીએ તો अवङ् આદેશ अ અને व એવા બે વર્ણોનો બનેલો (એટલે કે, अनेकाल्) છે. પણ તેની પાછળ જોડેલા ङ् કારની हलन्त्यम् । થી ઈત્‌સંજ્ઞા કરીને તે ङ् કારનો લોપ કરવાનો છે, તેથી તે આદેશ ङित् કહેવાશે. આથી ङित् આદેશ તો, 'અનેકાલ્' હોવા છતાંય गो શબ્દના અંતિમ વર્ણ = ओ કારના સ્થાનમાં જ પ્રવૃત્ત કરી શકાશે.

गो + अग्रम्
↓ | अच् પરમાં રહેતાં
अवङ् આદેશ, ङित् હોવાથી અંતિમ ઓકારના સ્થાનમાં પ્રવૃત્ત થશે.

૧. अवङ् स्फोटायनस्य । થી अवङ् આદેશની વૈકલ્પિક પ્રવૃત્તિ.

ग् अवङ् + अग्रम् ।


૨. हलन्त्यम् થી અંતિમ हल् = ङ् કારની ઈત્‌સંજ્ઞા

ग् + अव० + अग्रम्

ग् अ व + अग्रम्

૩. तस्य लोपः । થી ङ् નો લોપ [જો કે સિદ્ધાન્ત પક્ષે તો અનુબન્ધો કાઢી લીધા પછી જ


આદેશો, પ્રત્યયો, કે આગમોની પ્રવૃત્તિ થાય છે; પણ શિષ્યોને અમુક-અમુક સૂત્રોનું પુનઃ પુનઃ સ્મરણ કરાવવા માટે જ ઉપર બીજો અને ત્રીજો તબક્કો બતાવ્યો છે.]



૪. अकः सवर्णे दीर्घः । એવા ૪૨ મા સૂત્રથી અ ની પાછળ સવર્ણ અચ્ = બીજો અ કાર જ આવેલો છે, તેથી દીર્ઘ આ કાર રૂપ એકાદેશ થશે. તો गवाग्रम् । એવી સન્ધિ સધાશે.

*

પાણિનિના મત અનુસાર—



૧. सर्वत्र विभाषा गोः । થી ઓ કારાન્ત गो શબ્દની પાછળ હ્રસ્વ અ કાર આવેલો છે, તેથી વિકલ્પે પ્રકૃતિભાવ થશે.

૨. एङः पदान्तादति । થી (જ્યાં પ્રકૃતિભાવ નહીં થાય ત્યાં) પૂર્વરૂપ એકાદેશ થશે. કેમકે, પદાન્તે એ/ઓ આવેલો હોય અને તેની પાછળ હ્રસ્વ અ કાર આવ્યો હોય તો પૂર્વ-રૂપૈકાદેશ થાય.

આમ गो + अग्रम् માંથી કુલ ત્રણ પ્રકારની સન્ધિવાળાં રૂપો બની શકશે— ૧. गवाग्रम्, (अवङ् આદેશવાળું રૂપ); ૨. गोअग्रम् (પ્રકૃતિભાવવાળું રૂપ); અને ૩. गोऽग्रम् । (પૂર્વરૂપ એકાદેશવાળું રૂપ).

*

અહીં "પદાન્તે આવેલા गो ને अवङ् આદેશ થાય છે"–એમ જે કહેવાયું છે, તેમાં 'પદાન્તે' એવું વિશેષણ જોડવાથી गवि જેવા (गो શબ્દના સપ્તમી વિ., એ. વ.ના) રૂપમાં વૈકલ્પિક अवङ् આદેશ કેમ થતો નથી? એ પણ સમજી લઈશું: गो + ङि (સપ્તમી વિ. એકવચનનો પ્રત્યય)→गो + इ । અહીં પ્રત્યય જોડાઈ ગયા પછી જે રૂપ બને તેની જ 'પદ' સંજ્ઞા (सुप्तिङन्तं पदम् । સૂત્રથી) થઈ શકે છે, પણ પ્રત્યય જોડાયા વિના, કેવળ પરમાં લખ્યો હોય એ સ્થિતિમાં, પૂર્વમાં આવેલા गो શબ્દની (= પ્રકૃતિની) 'પદ' સંજ્ઞા થઈ શકતી નથી, આથી गो + इ એ સ્થિતિમાં गो નો ओ કાર "પદાન્તે" આવેલો છે એમ નહીં કહી શકાય. પરિણામે સ્ફોટાયનના મતવાળું સૂત્ર લગાડી જ નહીં શકાય. એટલે કે अवङ् આદેશ થઈ જ નહીં શકે. (જો એને પ્રવૃત્ત કરીએ તો તો ग् + अवङ + इ; ग् + अव० + इ = गवे એવું અનિષ્ટ રૂપ બની જાય.) અહીં તો एचोऽयवायावः । એવું સામાન્ય સૂત્ર જ લાગશે. જેથી ओ ના સ્થાનમાં अव् આદેશ થશે, ग् अव् + इ = गवि । એવું ઈષ્ટ રૂપ બની જશે.

*

૪૮ મા સૂત્રથી કહેવામાં આવે છે કે गो શબ્દની પાછળ, इन्द्र એવો ચોક્કસ શબ્દ આવેલો હોય તો પણ गो શબ્દના અંતિમ ओ કારના સ્થાનમાં अवङ् આદેશ થાય છે. પરિણામે—

गो + इन्द्रः

↓ (इन्द्र શબ્દ પરમાં છે. (નિમિત્તભૂત શબ્દ))

ओ (અંતિમ વર્ણ સ્થાનિ, તેને)

↓ ૧. इन्द्रे च । ની પ્રવૃત્તિ થતાં अवङ् આદેશ.

अवङ् આદેશ

ग् + अ व + इ न्द्रः

↓ ↓

ग वे न्द्रः

૨. आद्गुणः । ની પ્રવૃત્તિ થતાં अ + इ ના સ્થાનમાં ए કાર રૂપ ગુણૈકાદેશ થશે. તો गवेन्द्रः । એવું રૂપ બનશે.

---

49. दूराद्धूते च । ८—२—८४

दूरात् सम्बोधने वाक्यस्य टेः प्लुतो वा ।

50. प्लुत-प्रगृह्या अचि नित्यम् । ६—१—१२५

एतेऽचि प्रकृत्या स्युः । आगच्छ कृष्ण ३, अत्र गौश्चरति ॥

અનુવાદ : ૪૯. દૂરથી સંબોધન કરવાનો સન્દર્ભ હોય ત્યારે વાક્યનો જે ટિ સંજ્ઞક અંશ હોય, તેની વિકલ્પે 'પ્લુત' સંજ્ઞા થાય છે. (અર્થાત્ ટિ અંશનું ત્રિમાત્રિક ઉચ્ચારણ થાય છે.)

૫૦. જેમની 'પ્લુત' સંજ્ઞા, કે જેમની 'પ્રગૃહ્ય' સંજ્ઞા કરવામાં આવી હોય, તેમની પાછળ જો અચ્ આવેલો હોય તો, તે (નિત્ય) 'પ્રકૃતિભાવ'ને પામે છે. (અર્થાત્ ત્યાં સન્ધિનો અભાવ રહે છે.) દા. ત. आगच्छ (हे) कृष्ण ३ ! अत्र गौः चरति । (અહીં આવ, હે કૃષ્ણ...! અહીંઆ તારી ગયા ચરે છે.) આ લાંબા વાક્યમાં દૂરથી સંબોધન કરવા માટે વપરાયેલું જે (નાનું) વાક્ય (हे कृष्ण) છે; તેનો ટિ સંજ્ઞક જે અંશ (અર્થાત્ क्+ऋ+ण्+अ માં જે અંતિમ 'અ'કાર રૂપ ટિ સંજ્ઞક વર્ણ) છે, તેની 'પ્લુત' સંજ્ઞા (૪૯ મા સૂત્રથી) થશે. અને ત્યાર પછી (૫૦ મા સૂત્રથી) कृष्ण+अत्र એવી સ્થિતિમાં 'પ્રકૃતિભાવ' (= સન્ધિનો અભાવ) થશે; તો તે બન્ને પદો યથાવત્ જુદાં વપરાશે.

(વિવરણ) : ૪૯ મું સૂત્ર 'સંજ્ઞા સૂત્ર' છે. તેનાથી દૂરથી સંબોધન કરવા માટે જે પદ/વાક્ય વપરાયું હોય દા. ત. हे कृष्ण । તેની ટિ ની 'પ્લુત' સંજ્ઞા પાડવામાં આવે છે. અર્થાત્ कृष्ण्+'अ'માં જે અંતિમ ટિ સંજ્ઞક अ કાર છે, તેને 'પ્લુત' જાહેર કરવાથી, તેનું ત્રિમાત્રિક ઉચ્ચારણ કરવું પડશે. હવે આવા પ્લુતસંજ્ઞક વર્ણોની પાછળ, તરત જ બીજો કોઈ સ્વર આવેલો હોય તો, કોઈને કોઈ સન્ધિકાર્ય પ્રાપ્ત થશે જ. જેમકે અહીં हे कृष्ण ની પાછળ अत्र શબ્દ આવેલો છે, તેથી अकः सवर्णे दीर्घः । થી अ+अ = आ રૂપ સન્ધિ થઈને हे कृष्णात्र થવા આવે છે. પણ ૫૦ મું સૂત્ર જાહેર કરે છે કે જો પ્લુત સંજ્ઞાવાળા, (કે 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળા) શબ્દની/વર્ણની પાછળ કોઈપણ અચ્ આવેલો હોય તો ત્યાં નિત્ય 'પ્રકૃતિભાવ' થાય છે. અર્થાત્ ત્યાં સન્ધિનો અભાવ રહે છે. એટલે કે हे कृष्ण ! अत्र । એમ બે પદો છુટાં છુટાં જ રહેશે.

હવે, 'પ્રગૃહ્ય' સંજ્ઞા ક્યારે/કોની થાય છે એ વિષે ૫૧ અને ૫૨ મા સૂત્રમાં રજૂઆત કરવામાં આવે છે :

---

51. ईद्‌-ऊद्‌-एद्‌ द्विवचनं प्रगृह्यम्‌ । १-१-११

ईद्‌-ऊद्‌-एदन्तं द्विवचनं प्रगृह्यं स्यात्‌ । हरी एतौ । विष्णू इमौ । गङ्गे अमू ।

52. अदसो मात्‌ । १-१-१२

अस्मात्‌ परौ ईद्‌-ऊतौ प्रगृह्यौ स्तः । अमी ईशाः । रामकृष्णावमू आसाते । मात्‌ किम्‌-अमुकेऽत्र ॥

અનુવાદ : ૫૧. દીર્ઘ ईकारान्त, દીર્ઘ ऊकारान्त, एकारान्त એવાં દ્વિવચનનાં રૂપોની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા. ત., ૧. हरी एतौ । (આ બે હરિ છે.)માં हरी એવું દીર્ઘ ईकारान्त દ્વિવચનનું રૂપ; ૨. विष्णू इमौ । માં विष्णू એવું દીર્ઘ ऊकारान्त દ્વિવચનનું રૂપ, અને ૩. गङ्गे अमू । માં गङ्गे એવું એકારાન્ત દ્વિવચનનું રૂપ પ્રગૃહ્ય સંજ્ઞક છે.

૫૨. अदसू સર્વનામનાં જે સાતેય વિભક્તિઓમાં રૂપો ચાલે; જેમકે, असौ –अमू–अमी વગેરે, તેમાં मकारની પાછળ આવેલા દીર્ઘ ईकार અને દીર્ઘ ऊकार (વાળાં રૂપો), તેમની પણ 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા. ત., अमी ईशाः । (પેલા સૌ ઈશ્વરો છે) માં अमी રૂપમાં મકારની પાછળ આવેલ દીર્ઘ ईની, रामकृष्णौ अमू आसाते । (પેલા બે રામ અને કૃષ્ણ બેઠા છે) માં अमू રૂપમાં મકારની પાછળ આવેલ દીર્ઘ ऊની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે.

શંકા : અહીં (अदस् સર્વનામના રૂપોમાં) "મકારની પાછળ આવેલા" (દીર્ઘ ई/ऊની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે)–એમ કહેવાની, અર્થાત્ સૂત્રમાં 'मात्' એવું પદ ઉમેરવાની શી જરૂર હતી? **સમાધાન :** अमुकेऽत्र। અહીં अदस् શબ્દ નથી આવ્યો, પણ अमुक શબ્દ આવેલો છે; તથા તેના अमुके એવા (પ્રથમા બ. વ.) રૂપમાં જે केમાં एकार છે, તે મકારની પાછળ આવેલો નથી. તેથી તે अमुकेना एकारની પ્રગૃહ્યસંજ્ઞા થઈ નથી; (પરિણામે પ્રકૃતિ–ભાવ થયો નથી; પણ પૂર્વરૂપ–એકાદેશ સન્ધિ થઈ છે : अमुकेऽत्र).

(વિવરણ) : ૫૧ અને ૫૨ મા સૂત્રથી કોની કોની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે? એ બતાવ્યું છે, જેમ કે, हरिः–हरी–हरयः । विष्णुः–विष्णू–विष्णवः । गङ्गा–गङ्गे–गङ्गाः । આમાં જેના અંતે દીર્ઘ ई, દીર્ઘ ऊ અને एकार આવેલાં છે, તે બધાં દ્વિવચનનાં રૂપો છે. આથી તેમની ૫૧ મા સૂત્રથી 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. એ જ પ્રમાણે ૫૨ મું સૂત્ર પણ સંજ્ઞાસૂત્ર છે. તે કહે છે કે अदस् સર્વનામનાં રૂપો ચલાવીએ (असौ–अमू–अमी વગેરે) ત્યારે મકારની પાછળ આવેલાં દીર્ઘ ई કે દીર્ઘ ऊવાળાં રૂપોની પણ પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે, અહીં એ નોંધપાત્ર છે કે अमी રૂપ દ્વિવચનનું નથી, તો પણ આ સૂત્રને તો કેવળ अदस् શબ્દ જોઈએ અને તેમાં મકારની પાછળ દીર્ઘ ऊ કે દીર્ઘ ई જોઈએ છે. તેથી अमी રૂપ દ્વિવચનનું ના હોવા છતાંય તેની 'પ્રગૃહ્ય' સંજ્ઞા કરવામાં આવશે.

હવે પ્રશ્ન થાય કે–આ શાસ્ત્રમાં या या संज्ञा, सा सा फलवती । 'જે જે સંજ્ઞા હોય તેમનું કોઈકને કોઈ ફળ હોય છે'. એવો ન્યાય છે; તો આ જે રૂપોની 'પ્રગૃહ્ય' સંજ્ઞા જાહેર કરી છે તેનું શું ફળ/પ્રયોજન છે? જવાબ : અગાઉ ૫૦મા સૂત્રથી કહ્યું છે કે 'જેની પ્લુત કે પ્રગૃહ્ય સંજ્ઞા કરી હોય, તેમની પાછળ જો અચ્ રહેલો હોય તો, તેમને નિત્ય પ્રકૃતિભાવ (જ) થાય છે'. આથી हरी + एतौ ।

विष्णू + इमौ । વગેરેમાં હરી, વિષ્ણૂ વગેરે પ્રગૃહ્ય સંજ્ઞાવાળા બન્યા પછી, એમની પાછળ સ્વર = અચ્ આવેલો હોય તો પણ (इको यणचि । વગેરે સૂત્ર લાગીને) આગળ કોઈ સન્ધિ કાર્ય થતું નથી. ત્યાં તો કેવળ 'પ્રકૃતિભાવ' થાય છે; અર્થાત્ સન્ધિનો અભાવ રહે છે. એ જ પ્રમાણે, अमी + ईशाः । માં પણ ૫૨ મા સૂત્રથી अमीની પ્રગૃહ્યસંજ્ઞા થયા પછી, એનું એ ફળ આવે છે કે अमीની પાછળ ईशाः શબ્દનો અચ્ = ई આવેલો છે, તથાપિ अकः सवर्णे दीर्घः । થી अमीशाः । એવું રૂપ થતું નથી, ત્યાં તો अमी + ईशाः । માં નિત્ય 'પ્રકૃતિભાવ' થઈને, સન્ધિકાર્યનો અભાવ રહે છે. જ્યારે अमुके + अत्र । માં તો ૫૨ મું સૂત્ર લાગતું જ નથી, એથી अमुकेની 'પ્રગૃહ્ય'સંજ્ઞા જ થઈ નથી. આથી સન્ધિકાર્ય થાય છે. एङः पदान्तादति । થી 'પૂર્વરૂપ' એકાદેશ થઈને अमुकेऽत्र બને છે.

---

53. चादयोऽसत्त्वे । १--४--५७

अद्रव्यार्थाश्चादयो निपाताः स्युः ।

54. प्रादयः । १--४--५८

एतेऽपि तथा ।

55. निपात एकाजनाङ् । १--१--१४

एकोऽज् निपात आङ्वर्जः प्रगृह्यः स्यात् । इ इन्द्रः । उ उमेशः । (वाक्यस्मरणयोरङित्) आ एवं नु मन्यसे । आ एवं किल तत् ।। अन्यत्र ङित्—ईषद् उष्णम् ओष्णम् ।।

અનુવાદ : ૫૩. દ્રવ્ય અર્થના વાચક ના હોય એવા (અર્થાત્ 'અદ્રવ્યાર્થક') 'च છે આદિમાં જેની' એવા (= च વગેરે) શબ્દોની "નિપાત" એવી સંજ્ઞા થાય છે.

૫૪. આઙ્થી ભિન્ન એવા, અને જે એક (જ) અચ્ વાળા છે (અર્થાત્ જે એક સ્વરથી બનેલા છે), તેમની પણ 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા. ત. इ इन्द्रः । (ઇ ! ઈન્દ્ર = અલ્યા આ ઈન્દ્ર છે ! અહીં 'इ' એ એક ઉદ્ગારવાચક સ્વર છે; જે આઙ્થી ભિન્ન છે, એટલે તે 'इ'ની પ્રગૃહ્ય સંજ્ઞા થશે; [અને પરિણામે इ + इन्द्रः માં સન્ધિનો અભાવ રહેશે]. એ જ પ્રમાણે, उ + उमेशः । માં પણ 'उ'ની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થઈને પ્રકૃતિભાવ થશે.

[વાકયમાં અને સ્મરણ અર્થમાં વપરાયેલો આકાર आङ्માંથી બનેલો ગણાતો નથી; તે આકાર તો अङित् (અર્થાત્ શુદ્ધ आ) જ છે.] દા. ત. आ एवं नु मन्यसे ।

(શું તું આવું માને છે ?) અહીં વાકયમાં વપરાયેલો આકાર એક ઉદ્ગારવાચક અક્ષર છે; અને જે આङ્માંથી ङ્નો લોપ થતાં બનેલો નથી; એટલે કે જે अङित् છે, તેથી તેની પ્રસ્તુત સૂત્રથી 'પ્રગૃહ્ય' સંજ્ઞા થશે, અને પરિણામે આ + एवं માં 'પ્રકૃતિભાવ' થતાં સન્ધિનો અભાવ રહેશે. એ જ પ્રમાણે, આ + एवं किल तत् । (આ શું આમ હતું ?) અહીં આ ઉદ્ગારવાચક શબ્દ સ્મરણ અર્થમાં વપરાયો છે = કોઈકને કશુંક યાદ આવતાં વપરાયો છે. તેથી તે આકારને પણ अङित् ગણવામાં આવશે. પરિણામે તે પણ 'એક अच् વાળો નિપાત' થતાં આ ૫૫ મા સૂત્રથી પ્રગૃહ્યસંજ્ઞક બની જશે. અર્થાત્ આ + एवं માં પણ 'પ્રકૃતિભાવ' જ રહેશે.

આ સિવાયના સંદર્ભો/અર્થમાં વપરાયેલા આકારને ङित् જ ગણવામાં આવે છે., એટલે અન્ય અર્થવાળો આકાર आङ् નિપાતમાંથી (ङ્નો લોપ થતાં) બન્યો હોય છે. ઉદા. ત. ईषद् उष्णम् । (થોડુંક ગરમ) એવા 'ઈષદ્' અર્થમાં માની લો કે આપણે આ उष्णम् । એમ 'આ'ને વાપરીએ છીએ; તો તે आङ્નો જ (અર્થાત્ ङित्) આકાર છે એમ કહેવાશે. આવા આકારની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થશે નહીં. (કેમ કે સૂત્રકારે अनाङ् = 'आङ् ભિન્ન' એમ કહેલું છે.) તેથી आ + उष्णम् । માં 'પ્રકૃતિ-ભાવ' નહીં થાય; પણ (आद्गुणः । થી 'ગુણ' રૂપ) સન્ધિ થઈને ओष्णम् । એવું રૂપ બની જશે.

(વિવરણ) : ૫૩ મા અને ૫૪ મા સૂત્રથી પાણિનિએ च વગેરે (યાદીમાં ગણાવાયેલા) અવ્યયો, અને प्र વગેરે (યાદીમાં ગણાવાયેલા, જુઓ : સૂત્ર ૩૫ ઉપર) શબ્દો–અવ્યયો–ની 'નિપાત' એવી સંજ્ઞા કરી છે. અહીં असत्त्वे શબ્દનો અર્થ 'અસત્ત્વમાં' એમ નથી લેવાનો, પણ "સત્ત્વ (= દ્રવ્ય) અર્થમાં ન પ્રયોજાયા હોય ત્યારે" એમ લેવાનો છે. चादयः અને प्रादयः શબ્દોમાં બહુવ્રીહિ સમાસ છે. આથી તેના અર્થો : 'च છે આદિમાં જેની'; તથા 'प्र છે આદિમાં જેની' એવો શબ્દ સમૂહ–એવો ગણ–એવી યાદી. નિરુક્તકાર યાસ્ક વગેરેના મતે શબ્દોના ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે : નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત (= અવ્યયો). આમાંથી જે સત્ત્વ = દ્રવ્ય વાચક શબ્દો હોય તેને 'નામ' કહે છે; જે ભાવ = ક્રિયા અર્થના વાચક હોય તેને આખ્યાત (= ધાતુ) કહે છે; જે ક્રિયાપદની બરાબર પૂર્વમાં પ્રયોજાય છે તે प्र વગેરેને 'ઉપસર્ગ' કહે છે અને જે च, वा, हिं, नूनम्, खलु વગેરે અદ્રવ્યાર્થક શબ્દો ભાષામાં આવી પડ્યા છે (निपतन्ति भाषायाम् ते निपाताः) તેમને 'નિપાત' કહે છે. આ નિપાત પ્રકારના શબ્દોમાં કોઈ ધ્વનિવિકાર આવતો નથી, તેમને કોઈ લિંગ કે વિભક્તિના પ્રત્યયો જોડાતાં નથી–જેમનાં કોઈ પ્રકારમાં રૂપો ચાલતાં નથી. તેથી, 'જેમનામાં કોઈ વ્યય = ધ્વનિવિકાર થતો નથી' તેમને न व्येति तद् अव्ययम् । એવી વ્યુત્પત્તિ મુજબ 'અવ્યય' પણ કહેવાય છે.

આ ઉપરાંત, પાણિનિ ૫૫ મા સૂત્રથી કહે છે કે—आङ् સિવાયના, જે 'એક અચ્થી બનેલા' નિપાતો છે તેમની 'પ્રગૃહ્ય' સંજ્ઞા પણ થાય છે. આવા પ્રગૃહ્ય સંજ્ઞક નિપાતોની પાછળ જો બીજો કોઈ સ્વર આવ્યો હોય તો પણ સન્ધિકાર્ય કરવાનું નથી. કેમકે પ્રગૃહ્ય સંજ્ઞકશબ્દો 'પ્રકૃતિભાવ'ને પામે છે એમ અગાઉ કહેવાઈ ચૂકયું છે (જુઓ : સૂત્ર ૫૦ મું). હવે જિજ્ઞાસા થાય કે આ ચાદિ શબ્દો —નિપાતો—ની યાદી કયાં જોવા મળે ? અને આવી 'નિપાત' કે 'અવ્યય' સંજ્ઞા પાડવાનું શું ફળ/પ્રયોજન છે ? તો (એક ૫૫ મા સૂત્રથી તો ફળ બતાવી દીધું; પણ) આગળ ઉપર પ્રકરણ–૪, સૂત્ર : ૩૬૭ ઉપર આની વિશેષ ચર્ચા કરીશું. બીજું, પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ની સાથે જે 'ધાતુપાઠ' ઉપરાંત 'ગણપાઠ' આપેલો છે તેમાં આવા ચાદિ, પ્રાદિ વગેરે શબ્દસમૂહો એકત્રિત કરવામાં આવ્યા છે; ત્યાંથી એનું જ્ઞાન મેળવવાનું હોય છે.

---

56. ओत् । १--१--१५

ओदन्तो निपातः प्रगृह्यः । अहो ईशाः ।

57. सम्बुद्धौ शाकल्यस्येतावनार्षे । १--१--१६

सम्बुद्धिनिमित्तक ओकारो वा प्रगृह्योऽवैदिके इतौ परे । विष्णो इति, विष्ण इति, विष्णविति ॥

58. मय उञो वो वा । ८--३--३३

मयः परस्य उञो वो वा अचि । किम्वुक्तम् , किमु उक्तम् ॥

અનુવાદ : ૫૬. ओकारान्त નિપાત હોય તેમની પણ 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા. ત., अहो ईशाः । (અહો ! આ ઈશ્વરો છે) અહીં अहो એ ओकारान्त નિપાત છે, એની પ્રસ્તુત સૂત્રથી 'પ્રગૃહ્ય' સંજ્ઞા થશે; એ સંજ્ઞાનું (૫૦ મા સૂત્રમાં કહેલું) ફળ એ આવે છે કે अहोની પાછળ ईशाः એવો સ્વરાદિ શબ્દ આવેલો હોવા છતાંય एचोऽयवायावः । સૂત્ર લાગી શકશે નહીં; પણ અહીં તો 'પ્રકૃતિ-ભાવ' જ થશે. (એટલે કે अहो+ईशाः । માં સન્ધિજન્ય કોઈ ધ્વનિવિકાર આવશે નહીં; તે બન્ને શબ્દો યથાવત્ રહેશે.)

૫૭. 'સમ્બુદ્ધિ' નામના વિભક્તિ પ્રત્યયને નિમિત્તે જે ઓકાર જન્મ્યો હોય તેની વિકલ્પે 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે; જો અવૈદિક (અર્થાત્ લૌકિક) इति શબ્દ પરમાં આવેલો હોય તો. દા. ત., विष्णु એવા ઉકારાન્ત પુંલ્લિંગ શબ્દનું સંબો-ધનમાં—સમ્બુદ્ધિવિભક્તિમાં—રૂપ ચલાવીએ તો તે (हे) विष्णो । થાય છે. આ

विष्णो એવા સમ્બુદ્ધિસંજ્ઞક રૂપની પાછળ, લોકમાં = લૌકિક પ્રયોગમાં માની લો કે, 'इति' શબ્દ આવીને ઊભો રહે છે : हे विष्णो इति । તો ત્યાં વિકલ્પે (અર્થાત્ શાકલ્ય મુનિના મતે) તે (સમ્બુદ્ધિનિમિત્તક) ઓકારની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે; [પછી જેના પરિણામે 'પ્રકૃતિભાવ' થતાં विष्णो + इति । માં કોઈ પણ પ્રકારનું સન્ધિકાર્ય થતું અટકી જાય છે.]

હવે, विष्णो + इति । માં પાણિનિના મતે (વિપક્ષમાં) જ્યારે 'પ્રગૃહ્ય' સંજ્ઞા નહીં થાય ત્યારે एचोऽयवायावः । સૂત્રની પ્રવૃત્તિ થશે :

हे वि ष्णो + इति
|
ओ
↓
वि ष्ण् अव् + इति
वि ष्णव् + इति ।

१. પૂર્વોક્ત ૨૨ મા સૂત્રની પ્રવૃત્તિ થશે; તો ઓના સ્થાનમાં અવ્ આદેશ થશે.

विष्ण० + इति — विष्णव् + इति
↓ — ↓
विष्ण इति । તથા विष्णविति

૨. હવે लोपः शाकल्यस्य । એવા ૩૦ મા સૂત્રથી, પદાન્તે આવેલા વ્કારનો વિકલ્પે લોપ થાય છે. એવાં બીજા બે પ્રકારનાં રૂપો પણ બને છે.

[વિવરણ : हे विष्णो + इति । માં કુલ બે (૩૦ અને ૫૯) વૈકલ્પિક સૂત્રોની પ્રવૃત્તિ થાય છે; તેથી કુલ ત્રણ પ્રકારનાં રૂપો સિદ્ધ થાય છે.]

અનુવાદ (ચાલુ) : ૫૮. मय् પ્રત્યાહારના વર્ણોની પરમાં = પાછળ જો उञ् (અવ્યયનો ઉકાર) આવેલો હોય તો, તેના સ્થાનમાં व्કાર આદેશ વિકલ્પે થાય છે; જો તે उञ्ની પણ પાછળ अच् આવેલો હોય તો. દા. ત.,

किमु + उक्तम्
| — |
| — अच् પરમાં છે.
किम् — उ (ञ्)
↓ — |
मय् — ↓
(પ્રત્યાહારમાં આવેલો म् વર્ણ) — તેના સ્થાનમાં व् આદેશ થશે.

किम् + व् + उक्तम्
= किम्व् + उक्तम्
= किम्वुक्तम् ॥

આ ૫૮ મું સૂત્ર વિકલ્પે જ પ્રવૃત્ત થનારું છે; (કેમકે સૂત્રમાં જ વિકલ્પાર્થક वा શબ્દ વપરાયો છે), તેથી उનો व् નહીં થાય તો किमु+उक्तम् । એ સ્થિતિમાં (अकः सवर्णे दीर्घः । થી उ+उ = દીર્ઘ ऊकार થવા આવશે; પણ निपात एकाजनाङ् । એવા ૫૫ મા સૂત્રથી એક अच् વાળા 'उ(ञ्)' નિપાતની પણ 'પ્રગૃહ્ય' સંજ્ઞા કરવાની હોવાથી, કોઈ દીર્ઘ રૂપ સન્ધિકાર્ય થશે નહીં.) કેવળ પ્રકૃતિભાવ થઈને किमु उक्तम् । એમ બે પદો અલગ જ રહી જશે.

---

59. इकोऽसवर्णे शाकल्यस्य ह्रस्वश्च । ६-१-१२७

पदान्ता इको ह्रस्वो वा स्युरसवर्णेऽचि । ह्रस्वविधि-सामर्थ्यान्न स्वर-सन्धिः । चक्रि अत्र, चक्र्यत्र । पदान्ता इति किम्—

60. अचो रहाभ्यां द्वे । ८-४-४६


अचः पराभ्यां रेफहकाराभ्यां परस्य यरो द्वे वा स्तः । गौर्य्यौ । *(वा०) न समासे * । वाप्यश्वः ।

61. ऋत्यकः । ६-१-१२८

ऋति परे पदान्ता अकः प्राग्वद् वा । ब्रह्म ऋषिः ।
ब्रह्मर्षिः । पदान्ताः किम्-आर्च्छत् ॥

॥ इत्यच्सन्धिः ॥

અનુવાદ : ૯૫. "પદના અન્તે આવેલા इक् (પ્રત્યાહારના વર્ણો)ના સ્થાનમાં વિકલ્પે હ્રસ્વ વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે; જો તે (इक्)ની પાછળ અસવર્ણ अच् (= વિજાતીય સ્વર) આવેલો હોય તો." (અહીં એ નોંધપાત્ર છે કે—) પ્રસ્તુત સૂત્ર દ્વારા જે હ્રસ્વ વિધિ કરવાનું કહેવામાં આવ્યું છે એના સામર્થ્યથી જ એવું સૂચવાય છે કે (એક વાર હ્રસ્વ વિધિ કરી લીધા પછી) બીજા કોઈ પ્રકારની સ્વરસન્ધિ આગળ થતી નથી, [એટલે કે આ હ્રસ્વવિધિના ચારિતાર્થ્ય માટે, આપણે इक्ના સ્થાનમાં હ્રસ્વ આદેશ કરીને અટકી જવાનું છે.] જેમકે,



આ પક્ષમાં હ્રસ્વવિધિ કર્યા પછી, इको यणचि/ પણ લાગી શકે એમ છે. પણ હ્રસ્વવિધિના ચારિતાર્થ્ય માટે હવે બીજી કોઈ સન્ધિ કરવાની નથી.

'ચક્રધારી (વિષ્ણુ) અહીં છે.'

૧. પ્રસ્તુત ૫૯ મા સૂત્રથી, પદાન્તે इक् (= દીર્ઘ ई) આવેલો છે, અને તેની પાછળ અસવર્ણ अच् (= अ) આવેલો છે; તેથી क्रीમાં હ્રસ્વાદેશ વિકલ્પે થશે.

૨. જ્યાં (વિપક્ષમાં) હ્રસ્વાદેશ નહીં થાય ત્યાં इको यणचि । થી इक्ના સ્થાનમાં यण् આદેશ થશે.

च-क्र्‌य-त्र

અહીં પ્રશ્ન કરવામાં આવે છે કે—આ સૂત્રની વૃત્તિમાં 'पदान्ताः' (પદના અન્તે આવેલા (જ) इक्ને હ્રસ્વ થાય છે) એમ કેમ કહ્યું છે?—આના જવાબમાં નીચેનું સૂત્ર રજૂ કરવામાં આવે છે ;


૬૦. अच्ની પરમાં આવેલા જે રેફ કે ह्કાર, તેમની પણ પાછળ આવેલા यर् (પ્રત્યાહારના વર્ણો)ને વિકલ્પે દ્વિત્વ થાય છે. દા. ત., गौरी+औ → यण् આદેશ → गौर्य्+औ→यर्નું દ્વિત્વ गौर्य्य्+औ = गौर्य्यौ ॥

અહીં (= ૫૯ મા સૂત્ર ઉપર) એક વાર્તિક રજૂ કરવામાં આવે છે :* "સમાસની અંદર જો અસવર્ણ अच् પાછળ હોય તો, તેની પૂર્વમાં આવેલા ईक्ને હ્રસ્વાદેશ, (કે ત્યાર પછીનો 'પ્રકૃતિભાવ') થતો નથી." દા. ત., वाप्याम् अश्वः । →(તળાવડીમાં ઘોડો ઊભો છે) એ અર્થવાળા પદોનો સપ્તમી તત્પુરુષ સમાસ કરીશું ત્યારે, [(એ સામાસિક પ્રક્રિયા દરમ્યાન वापी શબ્દને લાગેલી સપ્તમી વિ. નો પ્રત્યય અને अश्व શબ્દને લાગેલી પ્રથમા વિ. નો પ્રત્યય પહેલાં લુપ્ત કરી દેવામાં

આવશે; તો) वापी + अश्व એવી સ્થિતિ પ્રાપ્ત થશે. હવે इकोऽसवर्णे शाकल्यस्य ह्रस्वश्च । સૂત્રથી, અસવર્ણ अच् (= अश्वનો અકાર) પરમાં રહેલો હોવાથી वापी શબ્દના દીર્ઘ ईकारને હ્રસ્વાદેશ પ્રાપ્ત તો થાય છે. પણ વાર્તિકકારે એવો સુધારો સૂચવ્યો છે કે સમાસની અંદર તો શાકલ્યનો મત સ્વીકારવાનો નથી. એટલે કે હ્રસ્વાદેશ કરવાનો નથી, પરિણામે वापी + अश्व । માં તો इको यणचि । સૂત્ર લાગીને यण् આદેશ જ થશે :—वाप् य् + अश्व → वाप्य् + अश्व → वाप्यश्व ।। (ત્યાર પછી, આ સામાસિક શબ્દનું પ્રથમા વિ; એ. વ. માં રૂપ ચલાવીશું ત્યારે वाप्यश्वः । રૂપ બનશે.)

(નોંધ : આ વાર્તિક લખ્યું છે ૬૦ મા સૂત્રની વૃત્તિમાં, પણ એનો સંબંધ ૫૯ મા સૂત્ર જોડે છે.)

૬૧. હ્રસ્વ ऋकार પરમાં રહે ત્યારે, પદના અન્તે આવેલા अक्‌ને વિકલ્પે પૂર્વવત્ વિધિ (અર્થાત્ હ્રસ્વાદેશ થાય છે; ત્યાર પછી 'પ્રકૃતિભાવ') થાય છે. (જ્યારે વૈકલ્પિક હ્રસ્વાદેશ નહીં થાય ત્યારે, आद्गुणः । એવા સામાન્ય સૂત્રથી 'ગુણ' રૂપી એકાદેશ થશે.) દા. ત.,



શંકા : આ સૂત્રની વૃત્તિમાં पदान्ताः ('પદના અંતે આવેલા' अक्‌ને હ્રસ્વ થાય છે) એમ કેમ કહ્યું છે? = એવું કહેવાનું શું ફળ/પ્રયોજન છે?

સમાધાન : आ + ऋच्छत् । (હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એ. વ.) અહીં ઉપસર્ગનો આકાર 'પદાન્તે' આવેલો છે એમ કહી શકાય નહીં. આથી પ્રસ્તુત સૂત્રની આ ઉદાહરણમાં કોઈ રીતે પ્રવૃત્ત થઈ શકશે નહીં. (એટલે કે અહીં आનો હ્રસ્વ 'अ' થતો જ નથી.) આથી ભવિષ્યમાં આવનારા आटश्च । એવા સૂત્રથી વૃદ્ધિ થઈને (आ + ऋ = आर्) आर्च्छत् । રૂપ બને છે.

* આમ 'સ્વર-સન્ધિ' પ્રકરણ પૂરું થયું. *

३.

॥ अथ हल्सन्धिप्रकरणम् ॥

62. स्तोः श्चुना श्चुः । ८-४-४०

सकार–तवर्गयोः शकार–चवर्गाभ्यां योगे शकार–चवर्गौ स्तः । रामश्शेते । रामश्चिनोति । सच्चित् । शार्ङ्गिञ्जय ।

63. शात् । ८-४-४४

शात् परस्य तवर्गस्य चुत्वं न स्यात् । विश्नः । प्रश्नः ।

વ્યંજન–સન્ધિ પ્રકરણ

અનુવાદ : ૬૨ સ્ કાર અને ત વર્ગ (ના ત્–થ્–દ્–ધ્–ન્ વર્ણો)ના સ્થાનમાં, અનુક્રમે શ્ કાર અને ચ વર્ગના (ચ્–છ્–જ્–ઝ્–ઞ્) વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે., જો તેમને (= સ્ કાર અને ત્ વર્ગના વર્ણોને) આગળ કે પાછળ શ્ કાર કે ચ વર્ગના વર્ણોનો યોગ (= સાન્નિધ્ય) હોય તો. જેમકે,

(૧) राम स् + शे ते ।

स् (स्थानी) → श् (આદેશ) ; (श् કારનો યોગ)

राम श् + शे ते

૧. અહીં (રામની પાછળ પ્રથમા વિભક્તિનો सु → स् પ્રત્યય લગાડયો છે, તે) स् કારને તેની પાછળ આવેલા (તાલવ્ય) श् કારનો યોગ છે; તેથી ૬૨મા સૂત્રથી, स्કારના સ્થાનમાં श् કારને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. તો रामश्शेते । જેવું રૂપ બની જાય છે.

(૨) राम स् + चि नोति ।

स् કાર (સ્થાનિભૂત વર્ણ) → श् કાર (આદેશરૂપે પ્રવૃત્તિ) ; च् કારનો પાછળ યોગ (નિમિત્ત)

रामश् + चि नोति

रामश्चिनोति = रामश्चिनोति ।

૧. અહીં स्तोः श्चुना श्चुः । સૂત્રની સૂચના મુજબ रामस्‌ના स् કારને, તેની પાછળ આવેલા चिनोतिના च् કારનો યોગ = સાન્નિધ્ય છે., તેથી દન્ત્ય स् કારના સ્થાનમાં તાલવ્ય श् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. પરિણામે रामश्चिनोति । એવું રૂપ બને છે.

(૩) स त् + चि त् ।
↓ ↓
त् કાર (સ્થાની) च् કારનો યોગ
↓
च् આદેશ
स च् + चि त्
सच्चित् ॥

(આત્મ તત્ત્વ સાચું અને ચૈતન્ય રૂપ છે)

૧. અહીં પ્રસ્તુત સૂત્રાનુસાર તાલવ્ય च् કારનો (પાછળ) યોગ હોવાથી, પૂર્વમાં આવેલા દન્ત્ય त् કારના સ્થાનમાં પણ તાલવ્ય च् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. જેથી सच्चित् । એવી સન્ધિ થાય છે.

(૪) हे शार्ङ्गिन् + ज य (त्वम्) ।
↓ ↓
त વર્ગનો પંચમ વર્ગ (સ્થાની) च् વર્ગના કોઈ એક વર્ણનો યોગ (ज् કારનો)
↓
च વર્ગનો પંચમ વર્ણ (આદેશ)
शार्ङ्गि ञ् + जय

'હે શાર્ઙ્ગધનુષ્ય ધારણ કરનારા ! જય પામો (તમે)'

૧. અહીં स्तोः श्चुना श्चुः । સૂત્ર મુજબ च વર્ગના ज् વર્ણનો યોગ છે, ત્યારે તેની પૂર્વમાં આવેલા न् કારના સ્થાનમાં च् વર્ગનો ञ् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે. આથી शार्ङ्गिञ्जय । સન્ધિ થાય છે.

*

૬૩. श् કારની પાછળ આવેલા त વર્ગના વર્ણોને ચુત્વ કાર્ય થતું નથી. (અર્થાત્ त વર્ગના વર્ણોને, જો પૂર્વમાં श् કારનો યોગ હોય તો, તે त વર્ગના વર્ણોના સ્થાનમાં च વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થતા નથી.) ઉદા. ત. ૧. विश्+नः→श् ની પાછળ આવેલા त વર્ગના પંચમ વર્ણ न ને च વર્ગનો પંચમ વર્ણ ञ् આદેશ રૂપે થતો નથી → विश्+न = विश्नः । ૨. प्रश्+नः →પૂર્વમાં श् નો યોગ છે, તેથી न् કારને આદેશ રૂપે ञ् કાર થશે નહીં, વ્યંજનો યથાવત્ ચાલુ રહેશે → प्रश्नः ।

(વિવરણ) : આ સૂત્ર स् કે त વર્ગના વર્ણોના સ્થાનમાં श् કે च વર્ગના વર્ણોને આદેશ રૂપે પ્રવૃત્ત કરવાની સૂચના આપે છે. આ વિધિને શાસ્ત્રીય ભાષામાં श्चुत्व–વિધિ કહેવામાં આવે છે આધુનિક ભાષાશાસ્ત્રની પરિભાષા વાપરીને કહીએ

તો આ વિધિને 'તાલવ્યીકરણ' કહેવામાં આવે છે, કેમકે અહીં તાલવ્ય વર્ણો (श् કાર કે च વર્ગના વર્ણો) પોતાના સાંનિધ્યમાં આવેલા દન્ત્ય વર્ણો (= स्कार અને त વર્ગના વર્ણો)ને પોતાના જેવા જ, અર્થાત્ તાલવ્ય–તાલુ સ્થાનીય–બનાવી દે છે. પણ આમાં એક નાનો અપવાદ એ છે કે श् નો પૂર્વમાં યોગ હોય તો (અર્થાત્ श् કારની પાછળ આવેલા) त વર્ગના વર્ણોને च વર્ગના વર્ણોનો આદેશ કરવામાં આવતો નથી.

૧. रामस् + शेते । અહીં દન્ત્ય स् કારને પરમાં તાલવ્ય श् કારનો યોગ છે. તેથી તે તાલવ્ય श् કાર પોતાની પૂર્વમાં આવેલા દન્ત્ય स् કારને પણ પોતાના જેવો જ બનાવી લેશે. પરિણામે रामश् + शेते = रामश्शेते બની જશે.

૨. रामस् + चिनोति । અહીં પણ દન્ત્ય स् કારને પરમાં चिनोतिના તાલવ્ય च् કારનો યોગ છે. તેથી તે તાલવ્ય च् કાર પણ પોતાની પૂર્વમાં આવેલા દન્ત્ય વર્ણને, પોતાના પ્રભાવ હેઠળ તાલવ્ય બનાવી દેશે (स् → श्); જેથી रामश्चिनोति । રૂપ બની જશે.

૩. सत् + चित् । અહીં च् કારના યોગમાં, પૂર્વમાં આવેલો દન્ત્ય त् કાર પણ તાલવ્ય च् કારમાં ફેરવાઈ જશે. सच् + चित् = सच्चित् ।

૪. शार्ङ्गिन् + जय । અહીં च् વર્ગના ज् કારનો યોગ છે, તેથી त् વર્ગના પંચમ વર્ણ न् કારના સ્થાનમાં, च् વર્ગનો પંચમ વર્ણ ञ् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે. આ પણ તાલવ્યીકરણ છે. शार्ङ्गिञ् + जय = शार्ङ्गिञ्जय ।

૫. प्रश + न અહીં त વર્ગનો न કાર श् કારની પાછળ આવેલો છે. તેથી ચુત્વ થતું નથી. (અર્થાત્ न् ના સ્થાનમાં ञ् થતો નથી.)

પાણિનિએ આ સૂત્રમાં વાપરેલ श्चुना પદ (कविना । भानुना ની જેમ) ત્રીજી વિ. એ. વ. નું રૂપ છે. આનો અર્થ श्चुना सह (योगे सति "श् કાર કે च વર્ગના વર્ણોની સાથે યોગ હોય ત્યારે" એવો કરવામાં આવે છે. અહીં 'અમુક વર્ણોનો યોગ હોય ત્યારે'–નો અર્થ એવો કરવામાં આવે છે કે 'श् કાર કે च વર્ગના વર્ણોનું પૂર્વમાં કે પરમાં સાહચર્ય હોય ત્યારે.' આથી ઉપર્યુક્ત ૬૨–૬૩ સૂત્રોને આમ સમજી શકાય.—

	યોગ	સ્થાનિ (પૂર્વમાં યોગ કે પરમાં યોગ	યોગ	આદેશ	ઉદાહરણ
(૧)	શ્	← સ્ →	શ્	શ્ ↑	रामश्शेते ।
(૨)	—	— त् →	श्	च् ↑	तच्छिवः
(૩)	च्	← त् →	च्	च् ↑	सच्चित्-शार्ङ्गिञ्जय ।
(૪)	च्	← स् →	च्	च् ↑	रामश्चिनोति
(૫)	श्	← त् — (સૂત્ર ૬૩ અનુસાર નિષેધ)	—	—	विश्नः प्रश्नः

આ ૬૨ મા સૂત્રની પ્રવૃત્તિમાં જે સૂક્ષ્મ જ્ઞાતવ્ય મુદ્દાઓ છે તે આ પ્રમાણે છે : (क) અહીં સ્થાનિ (स्–तु) માં અને આદેશ (श्–चु)માં યથાસંખ્ય ન્યાય લગાડવાનો છે. દા. ત., शार्ङ्गिन् + जय । માં સ્થાનિ त વર્ગનો પંચમ વર્ણ છે, તો એને સ્થાને પ્રવૃત્ત કરેલો આદેશ પણ च વર્ગનો પંચમ વર્ણ ञ છે. (ख) નિમિત્ત (श् કે चु નો યોગ) અને કાર્યભાક્ (= સ્થાનિ = स् અને तु વર્ગના વર્ણો)માં યથાસંખ્ય ન્યાય કામે લગાડવાનો નથી. તેથી (જથા ખાનામાં બતાવ્યા પ્રમાણે) स् કારને च કારનો યોગ હોય તો પણ स् ને श् આદેશ થઈ શકે છે : रामश्चिनोति । (ग) ૬૩. शात् । એના નિષેધકસૂત્રથી ઉપરના બીજા અને પાંચમા ખાનામાં બતાવ્યા પ્રમાણેની સ્થિતિ ઊભી થાય છે.

64. ष्टुना ष्टुः । ८--४--४१

स्तोः ष्टुना योगे ष्टुः स्यात् । रामष्षष्ठः । रामष्टीकते । पेष्टा । तट्टीका । चक्रिण्ढौकसे ॥

65. न पदान्ताट्टोरनाम् । ८--४--४२

पदान्ताट्टवर्गात् परस्यानामः स्तोः ष्टुर्न स्यात् । षट्सन्तः । षट्ते । पदान्तात् किम्-ईट्टे । टोः किम्-सर्पिष्टमम् । *(वा०) अनाम्-नवति-नगरीणामिति वाच्यम् । षण्णाम् । षण्णवति । षण्णगर्यः ।

66. तोः षि । ८--४--४३

न ष्टुत्वम् । सन्षष्ठः ॥

અનુવાદ : ६४. જો ष् કાર અને टु (=ट વર્ગના વર્ણો)નો યોગ હોય તો, स् કાર અને तु (=त વર્ગના વર્ણો)ના સ્થાનમાં અનુક્રમે ष् કાર અને टु (=ट વર્ગના વર્ણો) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. ઉદાહરણ તરીકે—

(१) राम स् + ष ष्ठः ।
↓ ↓
(દન્ત્ય स् કાર) (ष् કારનો
સ્થાની યોગ)
↓
(મૂર્ધન્ય ष् કાર)
આદેશ
राम – ष् + ष – ष्ठः

(છઠ્ઠો રામ) અહીં (પ્રસ્તુત સૂત્રાનુસાર) દન્ત્ય स् કારને, તેની પાછળ આવેલા ष् કારનો યોગ છે; તેથી દન્ત્ય स् કારના સ્થાનમાં મૂર્ધન્ય ष् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે.

આથી रामष्षष्ठः । એવી સન્ધિ થાય છે.

(२) राम – स् + टी – कते ।
↓ ↓
(દન્ત્ય સ્કાર) ट કારનો
સ્થાનિ યોગ (=નિમિત્ત)
↓
ष्
(મૂર્ધન્ય ष् કાર)
આદેશ
राम – ष् + टी – कते ।

અહીં ષ્ટુના ષ્ટુઃ । સૂત્રની સૂચના મુજબ દન્ત્ય स् કારને પરમાં (= પાછળ) ट् કારનો યોગ છે; તેથી તે દન્ત્ય स् ના સ્થાનમાં મૂર્ધન્ય ष् કાર આદેશ રૂપે થશે. તો रामष्टीकते । (રામ જાય છે) એવી સન્ધિ થશે.

(3) पे – ष् + ता
↓ ↓
(મૂર્ધન્ય ષ્કારનો પૂર્વમાં યોગ છે) –નિમિત્ત– | દન્ત્ય ત્ કાર સ્થાનિ ↓ મૂર્ધન્ય ટ્ કાર આદેશ

पे – ष् + टा = पेष्टा (પીસનારો)

અહીં ष्टुना ष्टुः । સૂત્ર મુજબ દન્ત્ય त् કારને, (પૂર્વમાં) મૂર્ધન્ય ष् કારનો યોગ હોય તો, त् ના સ્થાનમાં ट् આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. આથી पेष्+ता । માં મૂર્ધન્યીકરણ થતાં पेष्टा । એવી સન્ધિ થાય છે.

(૪) त–त् + टी–का । (તેની ટીકા)
↓ ↓
દન્ત્ય તુકારના સ્થાનમાં | મૂર્ધન્ય ટ્ કારનો યોગ
↓
મૂર્ધન્ય ટ્ કાર આદેશ રૂપે

त –ट् + टी–का

અહીં ष्टुना ष्टुः । સૂત્રની સૂચના મુજબ (પૂર્વમાં કે) પરમાં ટ વર્ગના વર્ણોનો યોગ હોય તો દન્ત્ય ત વર્ગના વર્ણોના સ્થાનમાં મૂર્ધન્ય ટ વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. આથી तत्+टीका । માં तट्टीका । એવી સન્ધિ થશે,

(૫) चक्रि– न् + ढौ – कसे
↓ ↓
દન્ત ત વર્ગનો પંચમ ન્ કાર (સ્થાનિ) | ટ વર્ગના ઢકારનો યોગ છે (=નિમિત્ત)
↓
મૂર્ધન્ય ટવર્ગનો પંચમ વર્ણ ण् કાર (આદેશ)
↓
चक्रि – ण् + ढौकसे ।

(હે ચક્રધારિન્! તમે જવ છો.)

અહીં ટ વર્ગના કોઈ પણ એક વર્ણનો—ढ् કારનો—યોગ છે; તેથી દન્ત્ય વર્ણના સ્થાનમાં પણ મૂર્ધન્યીકરણ થશે. આથી ત વર્ગનો પાંચમો વર્ણ न् કાર જે સ્થાનિ છે, તેના સ્થાનમાં ટ વર્ગનો પાંચમો વર્ણ આદેશ રૂપે થશે. તો चक्रिण्ढौकसे । એવી સન્ધિ થશે.

૬૫. પદના અન્તે આવેલા ટ વર્ગના વર્ણની પાછળ જો स् કાર અને ત વર્ગના વર્ણો આવેલા હોય તો, તેમના (स् અને तु ના) સ્થાનમાં અનુક્રમે ष् કાર અને ટ વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થતા નથી, પણ પદાન્તે આવેલા ટ વર્ગના

વર્ણોની પાછળ જો नाम् એવો શબ્દ (પ્રત્યય) આવેલો હોય તો તે त વર્ગના न્ કારને સ્થાને ट વર્ગનો પંચમ ण् વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થઈ શકે છે. દા. ત.,—

(૧) ष – ट् + स – न्तः

મૂર્ધન્ય ट् કારનો પૂર્વમાં યોગ (નિમિત્ત) → દન્ત્ય स् કાર સ્થાની → ष्टुत्व વિધિનો નિષેધ

षट् + सन्तः

અહીં ૬૪મા ष्टुना ष्टुः । સૂત્રથી ट ના યોગમાં આવેલા स् કારને ष् આદેશ (= ष्टुत्व વિધિ) થવા આવે છે; પણ એનો નિષેધ કરવા ૬૫ મું સૂત્ર આવીને ઊભું રહે છે. આ न पदान्ताट्टोरनाम् । સૂત્ર એમ કહે છે કે અહીં પૂર્વમાં જે ट् નો યોગ છે, તે ट् કાર 'षट्' એવા પદના અંતે આવેલો છે; તેથી તેની પરમાં આવેલા स् કારને મૂર્ધન્યીકરણ થશે નહીં, એટલે કે स् નો ष् થશે નહીં. (षट्सन्तः । એમ જ ચાલુ રહેશે.)

(૨) આ જ રીતે, षट् + તેમાં 'षट्' એ षष् શબ્દનું પ્રથમા વિ. એ. વ.નું રૂપ = પદ છે. અર્થાત્ આ ट કાર પદાન્તે આવેલો છે એમ કહેવાશે. આથી તેની પાછળ આવેલા 'તે'ના સ્થાનમાં 'ટે' (त् → ट् આદેશ) થશે નહીં. षट् ते । એવું યથાવત્ ચાલુ રહેશે.

શંકા : આ સૂત્રમાં 'ट વર્ગ'ના વિશેષણ રૂપે 'પદાન્તે આવેલા' એમ કેમ જોડયું છે? અર્થાત્ આવું વિશેષણ જોડવાનું શું ફળ હશે? **સમાધાન :** ईट् + ते । અહીં ट् કાર 'પદ'ના અંતે નથી આવેલો, પણ 'પદની મધ્યમાં' આવેલો છે. તેથી અહીં તો न पदान्ताट्टोरनाम् । સૂત્રથી કહેલો નિષેધ કામે લાગશે નહીં; પણ ष्टुना ष्टुः । સૂત્રની પ્રવૃત્તિ થશે. પરિણામે ईट् + ते → ईट्टे । એવી સન્ધિ થશે. (ईट्टे । એવું ત્રી. પુ. એ. વ.નું રૂપ બન્યા પછી જ તે 'ईट्टे'ને 'પદ' કહેવાશે.

શંકા : 'टोः' (= ट વર્ગના વર્ણોની પાછળ) એવા શબ્દનો શો ઉપયોગ છે? [અથવા તો ष्टोः ને બદલે 'टोः' એટલું જ સૂત્રકારે કહ્યું છે; એનો શો ફલિતાર્થ થશે?] **સમાધાન :** सर्पिष् + तमम् । અહીં પદાન્તે ट् કાર નથી; પણ મૂર્ધન્ય ष् કાર આવેલો છે; તેથી આ ૬૫ સૂત્રમાં કીધેલો ष्टुत्व વિધિનો નિષેધ લાગશે નહીં; અને ૬૪ મું સૂત્ર અમલી બનશે. આથી तमम् ને બદલે टमम् થશે. તો सर्पिष् + तमम् → सर्पिष्टमम् । એવી સન્ધિ થશે.

*** (વાર્ત્તિક) :** (પદાન્તે આવેલા ट વર્ગના વર્ણોની પાછળ) नाम्, नवति કે नगरी—એ ત્રણ શબ્દોમાંથી કોઈપણ શબ્દ આવેલો હોય તો ष्टुत्वનો નિષેધ

લાગતો નથી; અર્થાત્ આ ત્રણ શબ્દોના આદિ વર્ણ न् કારને સ્થાને મૂર્ધન્ય ण् કાર આદેશ રૂપે થાય છે જ.

દા. ત. ૧. षड् + नाम् । અહીં ટ વર્ગના ड् કારની પાછળ नाम् શબ્દ આવેલો છે, તેથી त વર્ગના न् કારના સ્થાનમાં મૂર્ધન્ય ટ વર્ગનો ण् કાર આદેશ રૂપે થઈ શકશે. षड् + णाम् । [ત્યાર પછી ૬૮ મા સૂત્ર ઉપર કહેલા, * प्रत्यये भाषायां नित्यम् । એવા વાર્તિકવચનથી "પ્રત્યયનો અનુનાસિક વર્ણ પરમાં હોય ત્યારે यर् પ્રત્યાહારના વર્ણોને પણ અનુનાસિક બનાવવામાં આવે છે;" એટલે કે ड् ને ण् માં ફેરવવામાં આવે છે. તેથી षण् + णाम् = षण्णाम् । રૂપ થશે.]

૨. षड् + नवति । અહીં પદાન્તે આવેલા ટ વર્ગના ड् કારની પાછળ नवति શબ્દનો न કાર આવેલો છે. તેથી વાર્તિકકારના કહેવા મુજબ, ष्टुत्वनो નિષેધ લાગશે નહીં. અર્થાત્ ष्टुत्व = મૂર્ધન્યીકરણ થશે. પરિણામે न् નો→ण् કાર થશે; તો षड् + णवति । થશે. [ત્યાર પછી, ૬૮ મા સૂત્રથી ड् કારના સ્થાનમાં પણ વૈકલ્પિક અનુનાસિક આદેશ થશે. તો षण्णवति કે षड्णवति । એવાં દ્વિવિધ રૂપો બનશે.]

૩. એ જ પ્રમાણે, षड + नगर्यः ।માં પણ વાર્તિકની જ મદદથી न् નો ण् થશે. તો षड् + णगर्यः । (છ નગરીઓ) અથવા षण्णगर्यः । એવાં બે રૂપો બનશે.

સૂત્ર : ૬૬. ष् કાર પરમાં આવેલો હોય (અર્થાત્ પાછળ ष् કારનો યોગ હોય) તો પણ, त વર્ગના વર્ણોના સ્થાનમાં ष्टुत्व = મૂર્ધન્યીકરણ થતું નથી. દા. ત. सन् + षष्ठः । અહીં त વર્ગના પંચમ વર્ણ न् કારની પાછળ षष्ठःનો મૂર્ધન્ય ष् કાર આવેલો છે (તેથી ष्टुना ष्टुः । ૮–૪–૪૧ સૂત્રની પ્રાપ્તિ થાય છે. પણ પ્રસ્તુત ૬૬ મું સૂત્ર તેનો નિષેધ કરે છે.) તેથી न् ના સ્થાનમાં આદેશ રૂપે ण् કાર થશે નહીં. सन् षष्ठः । બન્ને પદો યથાવત્ રહી જશે.

(વિવરણ) : આ ત્રણ સૂત્રો દ્વારા મૂર્ધન્યીકરણ કયાં કયાં, કયા–કયા સંજોગોમાં થાય છે; કે નથી થતું એનું વર્ણન કરવામાં આવ્યું છે. (क) મૂર્ધન્ય વર્ણો—ष् કાર કે ટ વર્ગના ट ठ ड ढ ण વર્ણો—નો જો દન્ત્ય વર્ણોને–स् કાર કે त थ द ध न વર્ણોને—યોગ હોય તો, તે પણ મૂર્ધન્યભાવને પામે છે. (ख) આ સામાન્ય નિયમમાં સૂત્ર ૬૫ અને ૬૬ થી સંકોચ રજૂ કરવામાં આવ્યો છે. જેમકે, नाम्, नवति કે नगरी શબ્દના न् કારને, પદાન્ત–સ્થિત ટ વર્ગના વર્ણનો યોગ હોય તો णत्व થઈ શકે છે (દા. ત. षण्णाम्); પણ એ ત્રણ સિવાયનો કોઈ શબ્દ, કે જે स् કાર કે त વર્ગના વર્ણથી શરૂ થતો હોય, તે પરમાં રહે ત્યારે મૂર્ધન્યીકરણ થતું નથી. (દા. ત. षट् सन्तः વગેરે). (ग) એ જ પ્રમાણે ष् કારનો પરમાં યોગ હોય ત્યારે પણ त વર્ગના વર્ણોના સ્થાનમાં મૂર્ધન્ય ટ વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થતા નથી. (દા. ત. सन्षष्ठः).

૬૫ મા સૂત્રમાં પાણિનિએ તો अनाम् શબ્દ લખીને કેવળ नाम् શબ્દ પરમાં રહેતાં ષ્ટુત્વ વિધિના નિષેધનો અભાવ સૂચવ્યો છે; પણ વાર્ત્તિકકારે ભાષામાંથી બીજા બે શબ્દો પણ શોધી કાઢ્યા છે કે જે પરમાં રહેતાં પણ ષ્ટુત્વ વિધિનો નિષેધ કામે લાગી શકતો નથી; અર્થાત્ ત્યાં તો મૂર્ધન્યીકરણ થઈ શકે છે.

---

67. झलां जशोऽन्ते । ८-२-३९

पदान्ते झलां जशः स्युः । वागीशः ।

68. यरोऽनुनासिकेऽनुनासिको वा । ८-४-४५

यरः पदान्तस्यानुनासिके परेऽनुनासिको वा स्यात् ।

एतन्मुरारिः-एतद्मुरारिः । * (वा.) प्रत्यये भाषायां नित्यम् । * ॥ तन्मात्रम् । चिन्मयम् ॥

69. तोर्लि । ८-४-६०

तवर्गस्य लकारे परे परसवर्णः । तल्लयः । विद्वाँल्लिखति । 'त' स्यानुनासिको लः ॥

અનુવાદ : ૬૭. પદના અન્તે આવેલા झल् (પ્રત્યાહારના વર્ણો)ના સ્થાનમાં जश् (પ્રત્યાહારમાં આવેલા વર્ણો) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. ઉદા. ત. वाक् + ईशः → वाग् + ईशः = वागीशः ।

૬૮. પદના અન્તે આવેલા यर् (પ્રત્યાહારના વર્ણો)ના સ્થાનમાં, વિકલ્પે અનુનાસિક-વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે; જો (તે यर् ની પાછળ) અનુનાસિક વર્ણ આવેલો હોય તો. દા. ત. एतद् + मुरारि → मुरारिनो म् કાર प વર્ગના પંચમ વર્ણ તરીકે અનુનાસિક છે; તેથી પદાન્તે આવેલ यर् = द् કારના સ્થાનમાં न् કાર અનુનાસિક આદેશ થશે; તો एतन् + मुरारिः । થશે. જ્યારે આવો અનુનાસિક આદેશ વિકલ્પ પક્ષમાં નહીં થાય ત્યારે एतद् + मुरारिः । યથાવત્ ચાલુ રહેશે.

વાર્ત્તિક : * (લૌકિક સંસ્કૃત) ભાષામાં (અનુનાસિક-વર્ણથી શરૂ થતો) પ્રત્યય પરમાં (= પાછળ) રહેલો હોય ત્યારે તો (यर्ના સ્થાનમાં) અનુનાસિક આદેશ (વિકલ્પે નહીં, પણ) નિત્ય થાય છે. * ઉદા. ત. तत् + मात्रम् → मात्रच्

એ પ્રત્યય છે, અને તે અનુનાસિક મ વર્ણથી શરૂ થાય છે; તેથી त् કારના સ્થાનમાં न् કાર અનુનાસિક નિત્ય થશે→तन् + मात्रम् = तन्मात्रम् । તથા चित् + मयम्→અહીં मयट् પ્રત્યયનો म् કાર પરમાં છે, તેથી त् કારનો न् કાર થશે → चिन् + मयम् = चिन्मयम् ।

૬૯. ल કાર પરમાં આવેલો હોય ત્યારે, त વર્ગના વર્ણોના સ્થાનમાં 'પરસવર્ણ' નામનો આદેશ થાય છે. ઉદા. ત. (૧) तत् + लयः । → ल् કાર પરમાં છે, તેથી तत् નો त् કાર પરમાં આવેલા ल् કાર જેવો જ થશે (= 'પરસવર્ણ')→तल् + लयः = तल्लयः । (૨) विद्वान् + लिखति→ ल् કાર પરમાં છે, તેથી त વર્ગના અનુનાસિક न् કારના સ્થાનમાં અનુનાસિક હોય એવો જ लँ् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે → विद्वालँ + लिखति = विद्वाल्लिँखति । त વર્ગના પંચમ વર્ણ न् ના સ્થાનમાં 'પરસવર્ણ' આદેશ રૂપે જે ल् કાર પ્રવૃત્ત કરવાનો છે તે ल् કાર પણ આપણે અનુનાસિક ભેદવાળો 'लँ्' જ પસંદ કરવાનો રહેશે.

(વિવરણ) : ૬૭ મું સૂત્ર जश्त्व વિધિ શીખવે છે. जश् પ્રત્યાહારમાં દરેક વર્ગનો તૃતીય વર્ણ (ज ब ग ड द श्) આવેલો છે, જે ઘોષ અને અલ્પપ્રાણ વર્ણો ગણાય છે; આથી झल् (પ્રત્યાહારમાંના વર્ણો તો દરેક વર્ગના ૪ થા, ૩જા, ૨જા અને ૧લા વર્ણો હશે : झभञ् । घढधष् । जबगडदश् । खफछठथचटतव् । कपय् । शषसर् । हल् ।।) વર્ણો, જે ઘોષ—મહાપ્રાણ છે, ઘોષ—અલ્પપ્રાણ, અથવા અઘોષ—અલ્પપ્રાણ, અઘોષ—મહાપ્રાણ છે. આ વર્ણો પદાન્તે આવેલા હોય તો તેમને સ્થાને કેવળ जश् પ્રત્યાહારના વર્ણો પ્રવૃત્ત થાય છે. (જુઓ: પૃષ્ઠ ૧૯) એટલે કે આ जश्त्वविधि દ્વારા ઘોષ—અલ્પપ્રાણ વર્ણોની પ્રવૃત્તિ થાય છે.

દા. ત. वाक् + ईशः । અહીં પદના અન્તે 'क्' આવેલો છે, જે झल् પ્રત્યાહારમાં આવેલો છે. આથી પ્રસ્તુત સૂત્ર દ્વારા તે क् ના સ્થાનમાં जश्त्व થશે; એટલે કે તે क વર્ગનો તૃતીય વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થશે :—वाक् + ईश → वाग् + ईशः = वागीशः । (આ જ પ્રમાણે राम શબ્દનું પંચમી વિભક્તિ એ. વ.નું રૂપ रामात् હોય; અને તે પદાન્તે આવેલું હોય તો, તે त् કારને સ્થાને પણ त વર્ગનો તૃતીય વર્ણ द् કાર પ્રવૃત્ત થાય = रामाद् તો એને जश्त्व વિધિ થઈ એમ કહેવાય.)

૬૮. આ સૂત્ર દ્વારા વૈકલ્પિક અનુનાસિકવિધિ શીખવવામાં આવી છે. क થી म સુધીના ૨૫ સ્પર્શ વ્યંજનોમાં જે દરેક વર્ગનો પાંચમો-પાંચમો વર્ણ છે તે 'અનુનાસિક-વર્ણ' ગણાય છે; પાણિનિએ આ અનુનાસિક વર્ણોને ञ म ङ ण न म् । સૂત્રમાં મૂક્યા છે. હવે આ સૂત્ર કહે છે કે—પદાન્તે આવેલા यर् (= ह કાર અને

રેફ સિવાયના બધા જ વ્યંજનો)ની પાછળ જો કોઈ અનુનાસિક વર્ણ આવ્યો હોય તો, તે यर् ના સ્થાનમાં વિકલ્પે અનુનાસિક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. જેમકે,

एतद् + मुरारिः

एत द् +	मु रारिः	एतद् + मुरारिः
यर् (પ્રત્યાહારમાં આવેલો વર્ણ)	અનુનાસિકવર્ણ (प વર્ગનો પંચમ વર્ણ)	અનુનાસિક આદેશનો અભાવ રહેતાં एतद्मुरारिः। યથાવત્ રહેશે.

↓

અનુનાસિક આદેશ
(त् વર્ગનો પંચમ વર્ણ)
एत न् + मु रारिः
= एतन्मुरारिः

વાર્તિકકાર આ સૂત્રે કહેલી વૈકલ્પિકવિધિમાં એક સુધારો કરીને જણાવે છે કે—'ભાષામાં' અર્થાત્ લૌકિક સંસ્કૃત ભાષામાં જો અનુનાસિક વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો નિત્ય = હંમેશા यर् ના સ્થાનમાં અનુનાસિક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. જેમકે,

१. चित् + मयम् ।
चिन् + मयम् ।

અહીં मयट् પ્રત્યયનો म કાર પરમાં છે. त् કારના સ્થાનમાં, તે વર્ગનો પંચમ અનુનાસિક વર્ણ न् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થયો. તો चिन्मयम्। રૂપ બન્યું.

२. वाक् + मयम् ।
वाङ् + मयम् ।

અહીં પણ मयट् પ્રત્યયનો म् પરમાં છે. તેથી અહીં क् ના સ્થાનમાં क વર્ગનો પંચમ ङ् વર્ણ આદેશ રૂપે થશે. પરિણામે वाङ्मयम् (=સાહિત્ય) શબ્દ બને છે.

*

૬૯મું સૂત્ર 'પરસવર્ણ' નામનો વિધિ શીખવે છે. જેમકે, ત વર્ગના વર્ણોની પાછળ લ્ કાર આવ્યો હોય તો (લિ), તે ત થ દ ધ ન વર્ણોના સ્થાનમાં પણ 'પરમાં આવેલા વર્ણ જેવો જ' = પરસવર્ણ, અર્થાત્ લ્ કાર (જ) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. દા. ત. तत् + लीनः । (તેમાં લીન થયેલો) અહીં ત્ ની પાછળ લ્ કાર આવેલો છે, તેથી ત્ નો પણ લ્ થઈ જશે: तल् + लीनः = तल्लीनः । એ જ પ્રમાણે, कुशान् + लाति । ('કુશ' નામના ઘાસને લાવે છે.) અહીં ત્ વર્ગના ન્ કારની પાછળ लाति નો લ્ કાર આવેલો છે. તેથી ન્ ના સ્થાનમાં પણ લ્ કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે. પરંતુ અહીં એક વિશેષ મુદ્દો એ ઉમેરવાનો કે ન્ કાર પોતે (ત વર્ગનો પંચમ વર્ણ હોઈને) અનુનાસિક છે, તેથી તેના સ્થાને જે લ્ કાર આવશે, તે પણ અનુનાસિક = 'लँ्' કાર જ આવશે.* ['સંજ્ઞા પ્રકરણ'માં ૧૧ મા સૂત્ર ઉપર કહ્યું છે કે अनुनासिकाननुनासिकभेदेन यवला द्विधा । "અનુનાસિક' અને 'અનનુનાસિક' એવા બે ભેદવાળા य–यँ, व–वँ, ल–लँ વર્ણો હોય છે એમ જાણવું." તદનુસાર] कुशान् + लाति → कुशालँ् + लाति = कुशाल्लाँति ।

70. उदः स्था-स्तम्भोः पूर्वस्य । ८-४-६१

उदः परयोः स्था–स्तम्भोः पूर्वसवर्णः । [उद् + स्थानम् । उद् + स्तम्भनम्]

71. तस्मादित्युत्तरस्य । १-१-६७

पञ्चमीनिर्देशेन क्रियमाणं कार्यं वर्णान्तरेणाव्यवहितस्य परस्य ज्ञेयम् ।

72. आदेः परस्य । १-१-५४

परस्य यद् विहितं तत् तस्यादेर्बोध्यम् । इति 'स'स्य थः ।

73. झरो झरि सवर्णे । ८-४-६५

हलः परस्य झरो वा लोपः सवर्णे झरि ।

74. खरि च । ८-४-५५

खरि झलां चरः स्युः । इत्युदो 'द'स्य तः । उत्थानम् । उत्तम्भनम् ।

અનુવાદ : ૭૦. उद् ઉપસર્ગની પરમાં આવેલા 'स्था' અને 'स्तम्भ'ના સ્થાનમાં 'પૂર્વસવર્ણ' નામનો આદેશ થાય છે. [ઉદા. ત. उद् + स्थानम् । અને उद् + स्तम्भनम् ।]

* કારણ કે એવો નિયમ છે કે 'સ્થાનીના ગુણધર્મોવાળો જ આદેશ હોવો જોઈએ.' તેથી સ્થાનિભૂત ન્ કાર જો સાનુનાસિક હોય તો તેના સ્થાને આવનારો લ્ કાર પણ સાનુનાસિક, અર્થાત્ लँ् રૂપ જ હોવો જોઈએ.

૭૧. (પાણિનિએ કોઈ સૂત્રમાં) "પંચમી વિભક્તિનો પ્રત્યય લગાડીને જે કાર્ય કરવાનું કહ્યું હોય, તે (કાર્ય) બીજા કોઈ વર્ણથી વ્યવધાન (= અંતરાય) નહીં પામેલા એવા પર (= પાછળ આવેલા) વર્ણને થાય છે"—એમ જાણવું.

૭૨. (પરંતુ આવું =) પર વર્ણને કહેલું જે કાર્ય હોય, તે તે (પરમાં આવેલા શબ્દ)ના આદિ વર્ણ ઉપર કરવાનું છે એમ સમજવું. (આ બે સૂત્રો અનુસાર, હવે स्थानम्ના અને स्तम्भनम्ના આદિ વર્ણ) स् કારનો थ् કાર થશે.

૭૩. हल् (પ્રત્યાહારમાં આવેલા કોઈ વર્ણ)ની પરમાં (= પાછળ) આવેલા झर् (પ્રત્યાહારના વર્ણ)નો વિકલ્પે લોપ થાય છે; જો સવર્ણ झर् (પ્રત્યાહારમાંનો વર્ણ) પરમાં આવેલો હોય તો.

૭૪. खर् (પ્રત્યાહારમાં આવેલો હોય, એવો કોઈ વર્ણ) પરમાં આવેલો હોય તો, झल् (પ્રત્યાહારના વર્ણો)ના સ્થાનમાં चर् (પ્રત્યાહારનો વર્ણ) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. હવે (આ સૂત્રોક્ત વિધિ અનુસાર, ઉપર્યુક્ત બન્ને ઉદાહરણોમાં) 'उद्'ના द् કારના સ્થાનમાં (चर् રૂપે) त् કાર આદેશ થશે; જેથી उत्थानम् । અને उत्तम्भनम् । જેવાં રૂપો બનશે.

(વિવરણ) : અહીં ૭૦ થી ૭૪ સુધીનાં સૂત્રો દ્વારા મુખ્યત્વે તો 'પૂર્વસવર્ણ' નામનો વિધિ શીખવવામાં આવ્યો છે; પરંતુ પ્રાસંગિક પણે ૭૧–૭૨માં બે પરિભાષાસૂત્રો રજૂ કર્યાં છે; અને ૭૩–૭૪ સૂત્રોથી झर्નો લોપ અને चर्त्वं વિધિ બતાવવામાં આવ્યો છે. આ બધું જ એક જ ઉદાહરણમાં ક્રમશ: કેવી રીતે ચરિતાર્થ થાય છે ? એ તપાસીએ :-

उ–द् + स्था नम् ।
| |
તાલવ્ય (स् કાર) તાલવ્ય
મહાપ્રાણ
વિવાર
શ્વાસ
અઘોષ
(સ્થાની)

૧. ૭૦. મા સૂત્રથી 'उद्ની પાછળ આવેલા √स्था ધાતુમાંથી સાધેલા स्थानम् શબ્દને 'પૂર્વસવર્ણ' = 'પૂર્વમાં આવેલા વર્ણ જેવો જ વર્ણ' આદેશ રૂપે કરવાનો છે.

૨. ૭૦ મા સૂત્રમાં उदः પદ પંચમ્યન્ત છે, એનો અર્થ કરવા ૭૧ મું પરિભાષા સૂત્ર મદદ કરે છે. આથી 'उद्' ની પાછળ આવેલા આખા स्थानम् શબ્દના: સ્થાનમાં પૂર્વસવર્ણ થવા આવે છે. પરંતુ—

૩. ૭૨ મું પરિભાષાસૂત્ર કહે છે કે પંચમી વિ. વાપરીને 'અમુકની પાછળ' જે વિધિ કહેવામાં આવી હોય, તે (उद्)ની પાછળ આવેલા આખા શબ્દની ઉપર થતી નથી, પણ તે પરમાં આવેલા શબ્દના કેવળ આદિ વર્ણ ઉપર જ કરવી. આથી स्थानम् ના આદિ स् કારને પૂર્વસવર્ણ–વિધિ કરવામાં આવશે.

આથી જે સ્થાનિભૂત–વર્ણ સ્ કાર છે, તેના સ્થાનમાં જે આદેશ રૂપે વર્ણ લાવવાનો થશે તે પૂર્વમાં આવેલા દ્ કારના જેવો = અર્થાત્ त વર્ગમાંથી કોઈ એક વર્ણ પસંદ કરવાનો રહેશે; કે જે સ્થાનિભૂત સ્ કારના જેવો જ હોય. (આમ તો દ્ કાર અને સ્ કાર બન્ને ઉચ્ચારણસ્થાનની દૃષ્ટિએ તાલવ્ય છે. એટલે બન્ને 'સવર્ણ' તો છે જ, પણ સ્કારના 'સદશતમ' તરીકે કયા વર્ણને લેવો ? એની પરીક્ષા કરવા આપણે બાહ્યપ્રયત્નો પણ તપાસવા પડશે.) તો સ્ કાર વિવાર, શ્વાસ, અઘોષ અને મહાપ્રાણ બાહ્યપ્રયત્નવાળો છે; હવે તેવા જ બાહ્ય પ્રયત્નવાળો त વર્ગમાંના પાંચ વર્ણોમાંથી થ્ કાર છે. આથી તેને સ્ ના સ્થાનમાં બેસાડીશું :

તાલવ્ય

त	थ	द	ध	न	स
વિવાર શ્વાસ અઘોષ અલ્પપ્રાણ	વિવાર શ્વાસ અઘોષ મહાપ્રાણ	સંવાર નાદ ઘોષ અલ્પપ્રાણ	સંવાર નાદ ઘોષ મહાપ્રાણ	સંવાર નાદ ઘોષ અલ્પપ્રાણ	વિવાર શ્વાસ અઘોષ મહાપ્રાણ
	√				√

उ – द् + स् थानम्
↓
उ – द् + थ् थानम्
↓ ↓ ↓
हल्‌ની पाछળ झर् सवर्ण झर्
उ – द् + ० थानम्
(थ् કારનો લોપ)
↓ ↓
झल्‌ને સ્થાને (खर् પરમાં છે)

[અહીં 'પૂર્વસવર્ણ' એટલે પૂર્વમાં જે દ્ કાર આવ્યો છે, તે જે વર્ગનો (त વર્ગનો) છે, તેમાંથી કોઈ એક વર્ણ એવો લેવાનો. કે જે સ્થાનિભૂત સ્ ના જેવા જ=સદશતમ (=સ્થાન, પ્રયત્ન અને બાહ્યપ્રયત્નવાળો) હોય.]

૩. ૭૩મા સૂત્રની સૂચના મુજબ हल् = द् ની પાછળ આવેલા झर्‌નો લોપ થશે. કેમ કે સવર્ણ झर् (= थ् ની પાછળ थ) આવેલો છે.

સ્થાને ચર્ થશે.

उ – त् + ० — थानम्

उत्थानम् ॥

૪. હવે ૭૪મા સૂત્રની સૂચના મુજબ દ્ (તૃતીય વર્ણ)ના સ્થાને ચર્ = પ્રથમ વર્ણ–અર્થાત્ त् કાર–આદેશ રૂપે થશે.

૫. अज्झीनं परेण संयोज्यम् । મુજબ त् કારને પાછળના थ કાર જોડે જોડી દઈશું તો उत्थानम् । બની જશે.

(૨) આ જ રીતે, उद् + स्तम्भनम् । → उद् + थ् तम्भनम् → उद् + खरि च । ની સૂચનાથી (थ् →) त् तम्भनम् → હવે झरो झरि सवर्णे । ની સૂચનાથી उद् + ० + तम्भनम् → હવે ફરીથી खरि च । થી चर्त्वं થશે उत् + ० तम्भनम् = उत्तम्भनम् । થશે.

એ જ પ્રમાણે, उद् + स्थापयति । માંથી उत्थापयति । એવી સન્ધિ થશે.

---

75. झयो होऽन्यतरस्याम् । ८–४–६२

झयः परस्य हस्य वा पूर्वसवर्णः । नादस्य घोषस्य संवारस्य महाप्राणस्य हस्य तादृशो वर्गचतुर्थः । वाग्घरिः—वाग्हरिः ।

76. शश्छोऽटि । ८–४–६३


झयः परस्य शस्य छो वाऽटि । 'तद् + शिव' इत्यत्र दस्य श्चुत्वेन जकारे कृते, 'खरि च' इति जकारस्य चकारः । तच्छिवः—तच्शिवः । * (वा०) छत्वम् अमीति वाच्यम् * । तच्छ्लोकेन ॥

અનુવાદ : ૭૫. झय् (પ્રત્યાહારના વર્ણ)ની પરમાં આવેલા ह કારના સ્થાનમાં 'પૂર્વસવર્ણ' નામનો આદેશ વિકલ્પે થાય છે. (દા. ત. वाक् + हरिः । અહીં સૌથી પહેલાં झलां जशोऽन्ते । સૂત્રથી પદના અંતે આવેલા क्‌ના સ્થાનમાં જશ્ત્વ થશે, અર્થાત્ તૃતીયવર્ણ આદેશ રૂપે થશે, તો वाग् + हरिः એવું બનશે. પછી वाग् + हरिःમાં) નાદ, ઘોષ, સંવાર અને મહાપ્રાણ પ્રયત્નવાળા हकारના જેવો જ क વર્ગનો ચોથો घ વર્ણ છે, (તે हरि ના ह કારના સ્થાનમાં પ્રવૃત્ત કરીશું.

તો) वाग् + घरिः । એવું રૂપ બનશે. અથવા [આ સૂત્ર વૈકલ્પિક હોઈને, કોઈકવાર પ્રવૃત્ત નહીં કરીએ તો वाग् + हरिः=] वाग्हरिः એવું રૂપ પણ પ્રાપ્ત થશે.

૭૬. झय् (પ્રત્યાહારના કોઈ વર્ણ)ની પાછળ આવેલા श् કારના સ્થાનમાં, વિકલ્પે छ् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે; જો अट् (પ્રત્યાહારનો કોઈ વર્ણ) પરમાં હોય તો.

तद्+शिवः ।માં સૌ પ્રથમ स्तोः श्चुना श्चुः । સૂત્રથી પરમાં श् કારનો યોગ છે તેથી, તેની પૂર્વમાં આવેલા त વર્ગના તૃતીય વર્ણ द् કારના સ્થાનમાં च વર્ગનો તૃતીય વર્ણ ज् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે. આથી तज्+शिवः । બનશે. ત્યાર પછી, खरि च । એવા સૂત્રની પ્રવૃત્તિ થશે. આ સૂત્ર એમ કહે છે કે खर् (= श् કાર) પરમાં હોય તો झल् ના સ્થાનમાં चर्—અર્થાત્ ज् કારના સ્થાનમાં તે જે વર્ગનો છે, તેનો પ્રથમ વર્ણ (= च् કાર)—આદેશ રૂપે પ્રવૃત્ત કરો. આથી तच् + शिवः । બનશે. હવે ત્રીજે તબક્કે પ્રસ્તુત ૭૬ મું સૂત્ર પોતાનું કામ શરૂ કરશે.




આથી तच् + शिवः । માંથી → तच् + छिवः (વિકલ્પે) બનશે. જ્યારે આ સૂત્ર પ્રવૃત્તિ નહીં કરે ત્યારે तच् + शिवः । એમ યથાવત્ ચાલુ રહેશે. તો तच्छिवः । એવી સન્ધિ પણ થશે.

વાર્ત્તિક : "જો अम् (પ્રત્યાહારનો કોઈ વર્ણ) પરમાં હોય તો પણ श् કારના સ્થાનમાં छ् કાર (= छत्व વિધિ) થાય છે" એમ (પણ સૂત્રકારે) કહેવું જોઈએ.

દા. ત.

तत् + श्लोकेन ।
तद् + श्लोकेन ।
तज् + श्लोकेन
तच् + श्लोकेन

झय्‌ની પાછળ — श - ल्‌-ओ केन

(સ્થાની)  

છ્‌કાર આદેશ. — અમ પ્રત્યાહારનો વર્ણ

तच् + श्लोकेन



तच् + छ्लोकेन ॥ —એવી સન્ધિ બની જશે.
= तच्छ्लोकेन ॥

૧. झलां जशोऽन्ते । થી त् નો द् થશે.

૨. स्तोः श्चुना श्चुः । થી श् ના યોગમાં द् નો ज् થશે.

૩. खरि च । સૂત્રથી ज् ના સ્થાનમાં चर्त्व થશે.

૪. વાર્ત્તિકની સૂચના મુજબ અમ્ પ્રત્યાહારનો (દા. ત. ल्‌કાર) વર્ણ પરમાં હોય તો પણ श् ના સ્થાનમાં છ્‌કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

(વિવરણ) : ૭૫મા સૂત્રથી 'પૂર્વસવર્ણ' વિધિ શીખવવામાં આવી છે. અહીં સ્થાનિભૂત વર્ણ ह કાર છે; પણ એના સ્થાનમાં પૂર્વમાં જે વર્ણ આવેલો છે, દા. ત., (क વર્ગનો ग् કાર) તેના જેવો જ (=પૂર્વસવર્ણ) આદેશ કરવાનો છે. આથી સ્થાનિભૂત વર્ણ हકારના જેવા જ (સ્થાન, પ્રયત્ન અને) બાહ્ય પ્રયત્નવાળો જે વર્ણ क વર્ગમાંથી હોય તેને પસંદ કરવાનો છે. તો ह ના જેવો નાદ, ઘોષ, સંવાર અને મહાપ્રાણ રૂપી બાહ્ય પ્રયત્નવાળો घ્ કાર છે; તેને આદેશ તરીકે પ્રવૃત્ત કરવાનો રહેશે. જેથી वाग्+घरिः । જેવું રૂપ/સન્ધિ બને છે. અહીં वाग्घरिः । નો અર્થ 'વાણીમાં સિંહ' (=સ્વામી વિવેકાનન્દજી જેવો વાક્પટુ) એવો થાય છે. *

૭૬, મા સૂત્રથી छत्व વિધિ બતાવી છે, પણ અહીં એ યાદ રાખવું કે छत्व થતાં પહેલાં બીજી કેટલીક વિધિઓ પણ થાય છે.

---

* સંસ્કૃતમાં हरि શબ્દ અનેકાર્થક છે. જેમકે, हरि એટલે સિંહ, વિષ્ણુ, વાનર વગેરે.

77. मोऽनुस्वारः । ८–३–२३

मान्तस्य पदस्यानुस्वारो; हलि । (हरिम्+वन्दे →) हरिं वन्दे ।

78. नश्चापदान्तस्य झलि । ८–३–२४

नस्य मस्य चापदान्तस्य झल्यनुस्वारः ।

यशांसि । आक्रंस्यते । झलि किम्–मन्यसे ॥

અનુવાદ : ૭૭. म् કારાન્ત પદના સ્થાનમાં (અર્થાત્ પદના અન્તે આવેલા म् કારના સ્થાનમાં) અનુસ્વાર (ं) નામનો આદેશ થાય છે; જો हल् (=કોઈ પણ વ્યંજન) પરમાં હોય તો. ઉદા. ત.

हरिम्	+	वन्दे
↓		↓
પદાન્તે આવેલો म् કાર		हल् (નિમિત્ત)
हरिं	+	वन्दे
	हरिं वन्दे ॥	

અહીં हरिम् એ બીજી વિભક્તિ એકવચનનું 'પદ' છે. આથી हरिम् ને म् કારાન્ત પદ કહેવાશે. તેની પાછળ वन्दे નો व् કાર हल् છે. તેથી म् નો ं = અનુસ્વાર થશે : हरिं वन्दे ॥

૭૮. પદના અન્તે નહીં આવેલા न् કાર અને म् કારનો અનુસ્વાર થઈ જાય છે; જો झल् પરમાં હોય તો. ઉદા. ત. ૧. (यशान्+सि →) यशांसि । ૨. (आ+√क्रम्+स्य+ते →) आक्रंस्यते ॥ પ્રશ્ન : આ સૂત્રમાં 'झलि' એવા પદથી "झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય તો" એવી શરત શા માટે ઉમેરવામાં આવી છે? અર્થાત્ એવી શરત ઉમેરવાનું શું ફળ છે? ઉત્તર : मन्+य+से । અહીં न् કાર અપદાન્તે (=પદની મધ્યમાં) જ આવેલો છે; તથાપિ એનો 'અનુસ્વાર' થઈને मंयसे એવું (અનિષ્ટ) રૂપ બનતું નથી. કારણ કે તે न् કારની પાછળ જે य કાર આવેલો છે તે झल् પ્રત્યાહારમાં આવેલો નથી. [આ સૂત્રમાં झलि એવું પદ મૂકીને જે શરત મૂકી છે, તે પરિપૂર્ણ થતી હોય તો પ્રસ્તુત સૂત્ર 'અનુસ્વાર–વિધિ' કરી શકતું નથી.] પરિણામે मन्यसे । એવું (ઇષ્ટ) રૂપ જ બનશે.

(વિવરણ) : ૭૭ અને ૭૮ મા સૂત્રોથી અનુસ્વાર વિધિ બતાવવામાં આવ્યો છે, કયા કયા સંજોગોમાં વ્યંજન સ્વરૂપ म् કાર અને न् કારનો 'અનુસ્વાર' (ं) થાય છે એ અહીં બતાવ્યું છે. ૭૭ મા સૂત્રથી કહ્યું છે તે કે हरिम् + वन्दे । માં हरिम् નો જે म् કાર છે તે બીજી વિભક્તિ એકવચનના (सुबन्त) પદના અંતે આવેલો છે; અને એની પાછળ વ્યંજન = हल् રૂપે (वन्दे ક્રિયાપદનો) व् કાર આવેલો છે; તેથી તે म् કારનો અનુસ્વાર થઈ જશે : हरिं वन्दे ॥

આ જ પ્રમાણે, ૭૮ મું સૂત્ર કહે છે કે झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય ત્યારે અપદાન્તે (= પદના અંતે નહીં) આવેલા न् કાર અને म् કારનો અનુસ્વાર થઈ જાય છે. દા. ત., यशान्+सि માં (=यशस् શબ્દનું પ્રથમા/દ્વિતીયા વિભક્તિ બહુવચનનું રૂપ બનાવતી વખતે) જે न् કાર આવેલો તે 'અપદાન્તે' છે. અર્થાત્ 'પદ'ની મધ્યમાં આવેલો છે. તેથી તે न् કારનો અનુસ્વાર થઈ જશે. (શાસ્ત્રીય ભાષામાં કહીએ તો = તે न् કારના સ્થાનમાં 'અનુસ્વાર—આદેશ' થઈ જશે.) જેમકે, यशां+सि=यशांसि । અહીં જે न् કારનો અનુસ્વાર થયો છે તે 'અપદાન્તે' તો છે જ; પણ સાથે સાથે એની પાછળ જે सि એવો પ્રત્યય આવેલો છે, તેનો स् કાર झल् પ્રત્યાહારમાં આવી પણ જાય છે. આથી આ સૂત્રને પ્રવૃત્ત થવા માટેની 'झलि' એવી શરત પણ સંતોષાય છે, એ અહીં નોંધવું. એ જ પ્રમાણે, અપદાન્તે આવેલા म् નો અનુસ્વાર થયો હોય એનું ઉદાહરણ છે :—आ (ઉપસર્ગ) + √क्रम् (ધાતુ) + સાદા ભવિષ્યત્કાળના ક્રિયાપદમાં વિકરણ પ્રત્યય તરીકે વપરાતો) स्य પ્રત્યય + ત્રી. પુ. એ. વ. નો ते પ્રત્યય. અહીં आक्रम्+स्यते । માં म् કાર પદની મધ્યમાં આવેલો છે = અપદાન્તે આવેલો છે, તેથી તેનો અનુસ્વાર થઈ જશે. તો आक्रंस्यते । રૂપ બની જશે. અહીં પણ એ નોંધનીય છે કે क्रम् ના म् નો અનુસ્વાર કરતી વખતે, તેની પાછળ झल् પ્રત્યાહારમાં આવેલો હોય એવો स्यते પ્રત્યયનો स् કાર આવેલો છે; તેથી પ્રકૃત સૂત્રને પ્રવૃત્ત થવા માટેનું નિમિત્ત/શરત અહીં પણ જળવાયેલ છે. જ્યાં झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં ન હોય ત્યાં—એ झलि શરત ના સંતોષાતી હોય ત્યારે—અપદાન્ત म् કે न् કારનો અનુસ્વાર થતો નથી; એના ઉદાહરણ તરીકે मन्+यते→मन्यते । એવા રૂપને ધ્યાનમાં રાખવું.

---

79. अनुस्वारस्य ययि परसवर्णः । ८—४—५८

स्पष्टम् । शान्तः ।

80. वा पदान्तस्य । ८-४-५९

त्वङ्करोषि । त्वं करोषि ।

અનુવાદ : ૭૯. આ સૂત્રનો અર્થ (સ્વયં) સ્પષ્ટ છે. [જેમકે, ययि = यय् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય ત્યારે અનુસ્વારના સ્થાનમાં, 'પરસવર્ણ' નામનો આદેશ થાય છે.] ઉદા. शांतः → शान्तः ।

૮૦. (પરંતુ જો અનુસ્વાર) પદના અંતે આવેલો હોય તો તેના સ્થાનમાં તો વિકલ્પે જ 'પરસવર્ણ' નામનો આદેશ થાય છે. દા. ત., ૧. त्वम्+करोषि । → त्वं+करोषि →त्वङ् + करोषि = त्वङ्करोषि ।। ૨. પદાન્તે આવેલા અનુસ્વારના સ્થાનમાં પરસવર્ણ ના થાય ત્યારે તે અનુસ્વાર યથાવત્ ચાલુ પણ રહે છે. જેમ કે, त्वम+करोषि → त्वं + करोषि = त्वं करोषि ॥

---

81. मो राजि समः क्वौ । ८–३–२५

क्विबन्ते राजतौ परे समो मस्य म एव स्यात् । सम्राट् ।

82. हे मपरे वा । ८–३–२६

मपरे हकारे मस्य मो वा । किम्ह्मलयति–किं ह्मलयति । * (वा०) यवलपरे यवला वा * कियँह्यः-किं ह्यः । किवँह्वलयति–किं ह्वलयति । किलँह्लादयति–किं ह्लादयति ॥

અનુવાદ : ૮૧. क्विप् પ્રત્યયાન્ત √राज् ધાતુ (માંથી સાધવામાં આવેલો શબ્દ) પરમાં હોય ત્યારે, सम् (ઉપસર્ગ) ના म् ના સ્થાનમાં (અનુસ્વાર નહીં થતાં;) म् કાર જ થાય છે. દા. ત., सम् = राट् → समराट् → सम्राट् ।

૮૨. म કાર છે પરમાં જેની એવો ह કાર પરમાં હોય ત્યારે, म् કારને વિકલ્પે म् કાર જ થાય છે. દા. ત., किम् = ह्मलयति → ૧. किम् ह्मलयति । અથવા ૨. किं ह्मलयति ॥

વાર્ત્તિક : य्–व्–કે ल् કાર છે પરમાં જેની એવો ह કાર પરમાં રહે ત્યારે म् કારના સ્થાનમાં વિકલ્પે (સાનુનાસિક) यँ–वँ – કે लँ કાર થાય છે. દા. ત., किम + ह्यः → ૧. कियँ ह्यः । અથવા ૨. किं ह्यः ॥ किम् + ह्वलयति → ૧. किवँ ह्वलयति । અથવા ૨. किं ह्वलयति ॥ किम् + ह्लादयति → ૧. किलँ ह्लादयति । અથવા ૨. किं ह्लादयति ॥

(વિવરણ) : √राज् दीप्तौ ધાતુમાંથી राजते (શોભે છે) વગેરે ક્રિયાપદો બને છે. પણ આવા ધાતુઓમાંથી કોઈ કૃદન્ત–નામો બનાવવાં હોય તો એક क्विप् પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે राज् + क्विप् (કર્તા = અર્થમાં પ્રત્યય લાગ્યો), પછી એ પ્રત્યયનો સંપૂર્ણ લોપ કરવામાં આવે છે → राज् + ० = राज् (=શોભનારો). હવે આ 'राज्' એવા કૃદન્ત શબ્દને क्विप् પ્રત્યયાન્ત = क्विबन्त કહેવામાં આવે છે. આ શબ્દનાં રૂપો ચલાવીશું તો राट्–राजौ–राजः । એવાં પ્રથમ વિભક્તિમાં રૂપો બને છે.


હવે ૮૧મું સૂત્ર સૂચના આપે છે કે ક્વિબન્ત राज् ધાતુમાંથી સાધેલું કોઈ શબ્દ સ્વરૂપ પરમાં હોય ત્યારે सम् ના म् કારને म् કાર જ થાય છે. અર્થાત્ તેમાં બીજો કોઈ વિકાર આવતો નથી. દા. ત.,

सम् + राट् । અહીં મોઽનુસ્વારઃ । સૂત્રથી, राट् ના રેફ = हल् પરમાં છે તેથી सम्ના म् (કારનો 'અનુસ્વાર' થવા આવે છે (सं + राट्); પણ અહીં 'રેફ = हल् પરમાં છે' એમ કહેવા/જોવા કરતાં એમ કહેવું જોઈએ કે "અહીં તો 'राट्' એવું ક્વિબન્ત राज् શબ્દનું પ્રથમા વિભક્તિ એ. વ. નું રૂપ પરમાં છે". તેથી ૮૧ મા સૂત્રથી (પ્રાપ્ત અનુસ્વાર-વિધિનો નિષેધ થઈને) सम्ना मकारના સ્થાનમાં म्કાર જ (આદેશ રૂપે) થશે. તેથી सम् + राट् = सम्राट् । એવું જ રૂપ/સન્ધિ થશે.

*

૮૨મા સૂત્રમાં પણ અનુસ્વાર-વિધિને રોકીને, વિકલ્પે म् કારને म् જ આદેશ થાય છે એમ કહેવાયું છે. પરંતુ અહીં આગળના સૂત્રમાં જે (क्विबन्ते राजतौ । એવું) નિમિત્ત હતું, એનાથી જુદું નિમિત્ત (=શરત) રાખવામાં આવ્યું છે. જેમ કે "मपरे हकारे' । અર્થાત્ "म् કાર છે પરમાં જેની એવો ह કાર પરમાં હોય ત્યારે." (દા. ત., ह्मलयति માં ह्म) આવું નિમિત્ત મળતું હોય ત્યારે म्કારના સ્થાનમાં વિકલ્પે म् કાર થશે; અથવા અનુસ્વાર થશે : किम्ह्मलयति । અથવા किं ह्मलयति ॥

આ સ્થળે વાર્તિકકારે એક વિશેષ વ્યવસ્થા દર્શાવી છે. य-व-ल એ ત્રણ અર્ધસ્વરો અનુનાસિક અને અનનુનાસિક-એમ કુલ બે પ્રકારના છે. તેથી म् કારના સ્થાનમાં અનુસ્વાર થવા ઉપરતાં, વિકલ્પે સાનુનાસિક यँ-वँ-लँ એવા આદેશો પણ થતા જોવા મળે છે :



83. नपरे नः । ८-३-२७

नपरे हकारे मस्य नो वा । किन्ह्नुतः-किंह्नुतः ।

84. ङः सि धुट् । ८-३-२९

ङात् परस्य सस्य धुड् वा ।

85. आद्यन्तौ टकितौ । १–१–४६

टित्कितौ यस्योक्तौ तस्य क्रमाद् आद्यन्तावयवौ स्तः । षट्तुसन्तः–षट्सन्तः ।

અનુવાદ : ૮૩. न કાર છે પરમાં જેની એવો ह કાર પરમાં રહે ત્યારે, म् કારના સ્થાનમાં વિકલ્પે न् કાર થાય છે. દા. ત.

किम् + ह्नुतः

किन् + ह्नुतः । किं + ह्नुतः ।

(આમ બે પ્રકારની સન્ધિવાળાં किन्ह्नुतः અને किं ह्नुतः । રૂપો મળે છે.)

૮૪. ड કારની પરમાં આવેલા स् કારને વિકલ્પે धुट् આગમ લાગે છે. [धुट् માંથી उ કાર અને ट् કારની ઈત્ સંજ્ઞા થઈને, લોપ થાય છે. આમ વાસ્તવમાં તો ध् કારનો 'આગમ' = ઉમેરો થાય છે એમ જાણવું.]

૮૫. टित् (= જેમાં ट् કારની ઈત્સંજ્ઞા થઈ હોય) અને कित् (= જેમાં क् કારની ઈત્સંજ્ઞા થઈ હોય) આગમો જેને લગાડવાનું કહેવામાં આવ્યું હોય, તે (આગમી)ને અનુક્રમે આદિ–અવયવ રૂપે અને અન્ત–અવયવ રૂપે લાગે છે એમ જાણવું. (આ પરિભાષાસૂત્ર છે.) ઉદાહરણ તરીકે—

षड् + स न्तः ।
↓ ↓
(નિમિત્ત) (આગમી)*

धुट् ← स → धुट्
? ?

૧. અહીં ड् કારની પાછળ सन्तः નો स् કાર આવેલો છે. તેથી ૮૪ મા સૂત્રની સૂચના મુજબ स् કારને धुट् આગમ+ થશે.

૨. હવે પ્રશ્ન થાય કે "स् ને धुट् આગમ થાય" એમ કહો છો, પણ તેને स् ની આગળ બેસાડવો કે પાછળ બેસાડવો ?

---

* જેને 'આગમ' લગાડવાનો હોય, તેને 'આગમી' કહે છે.

\+ 'આગમ' અર્થાત્ વર્ણોપજન (= નવા વર્ણનો ઉમેરો). આગમની પ્રવૃત્તિ મિત્રવત્ ગણવામાં આવી છે, તેથી તે આગમીની આગળ કે પાછળ (જ્યાં સૂચના આપી હોય ત્યાં) આવીને બેસી જાય છે. (જ્યારે આદેશની પ્રવૃત્તિને શત્રુવત્ ગણવામાં આવી છે. તેથી તે સ્થાનિને ઉઠાડી મૂકીને, એના સ્થાને પોતે બેસી જાય છે.)

धुट्
घ् - उ - ट्
इत् संज्ञा | इत् संज्ञा
લોપ | લોપ

૩. આ શંકાને દૂર કરવા ૮૫ મા નંબરના એક પરિભાષાસૂત્રથી વ્યવસ્થા બતાવવામાં આવે છે કે જો આગમ टित् હોય તો, તેને આગમીનો 'આદિ–અવયવ' બનાવવો. [અથવા જો આગમ कित् હોય તો, તેને આગમીનો 'અન્તિમ–અવયવ' બનાવવો.] આથી धुट् આગમમાંથી આપણે ૨૮. उपदेशेऽजनुनासिक इत् । સૂત્રથી उ કારની ઈત્સંજ્ઞા કરીશું; અને ૧. हलन्त्यम् । સૂત્રથી ट् કારની ઈત્સંજ્ઞા કરીશું; તથા એ પછી એ બન્નેનો ૩. तस्य लोपः । થી લોપ કરીશું તો, કેવળ ધ્ કાર અવશિષ્ટ રહેશે.

घ् - ० - ०
↓
टित्
આગમ કહેવાશે.

૪. હવે આ 'ધ્' આગમને टित् કહેવાશે. કારણ કે એમાં અનુબન્ધ રૂપે આવેલા એક ट् કારની આપણે ઈત્સંજ્ઞા કરી, લોપ કર્યો છે.

૫. તેથી ૮૫ મા સૂત્રે કરેલી વ્યવસ્થા મુજબ તે ધ્ આગમને 'स' એવા આગમીની પૂર્વમાં 'આદિ–અવયવ' રૂપે જોડવામાં આવશે.

षड् + घ् - सन्तः
↓ ↓
झल् (चर्)
સ્થાનિ નિમિત્ત

૬. હવે ૭૪ खरि च । સૂત્ર વડે "खर् પ્રત્યાહારમાં આવેલો स કાર પરમાં છે, તેથી झल्ने = ધ્ કારને चर् થશે." (ધ્ → त्).

षड् + त् - सन्तः
↓ ↓
झल् (चर्)

૭. ફરી એકવાર ૭૪ खरि च । સૂત્રની જ પ્રવૃત્તિ થશે. તેથી खर् = त् પરમાં રહેતાં; झल् = ड કારને चर् (= ट् કાર) થશે.

षट्ट् + त् – सन्तः
षट्ट्त्सन्तः ।

८. अज्झीनं परेण संयोज्यम् । थी जे केवळ व्यंजनो छे, तेमने पर–वर्णोनी साथे जोडी दईशुं तो षट्ट्त्सन्तः । एवी सन्धि थशे.

–अथवा–

षड् + सन्तः ।

षट्ट् + सन्तः ।

षट्ट्सन्तः ॥

१. ए स्थितिमां ८४ मा सूत्रथी कहेवायेलो वैकल्पिक धुट्ट् आगम नहीं लागे तो केवळ खरि च । सूत्रथी ड् नो ट्ट् थशे.

२. तो भाषामां धुडागम विनानुं रूप पण वापरी शकाशे.

---

86. ङ्णोः कुक्–टुक् शरि । ८–३–२८

वा स्तः । *(वा०) चयो द्वितीयाः शरि पौष्करसादेरिति वाच्यम् * । प्राङ्ख्षष्ठः–प्राङ्क्षष्ठः–प्राङ्षष्ठः ॥ सुगण्ठ्षष्ठः–सुगण्ट्षष्ठः–सुगण्षष्ठः ॥

87. नश्च । ८–३–३०

नान्तात् परस्य सस्य धुड्वा । सन्त्सः–सन्सः ।

88. शि तुक् । ८–३–३१

पदान्तस्य नस्य शे परे तुग् वा । सञ्छम्भुः–सञ्च्छम्भुः–सञ्च्शम्भुः–सञ्शम्भुः ॥

अनुवाद : ८६. शर् (प्रत्याहारनो कोई वर्ण) परमां = पाछळ होय त्यारे, ङ् कार अने ण् कारने अनुक्रमे कुक्(= क्) अने टुक्(= ट्) आगमो विकल्पे थाय छे.

वार्त्तिक : "शर् (प्रत्याहारनो कोई वर्ण) परमां रहे त्यारे, चय् (च–ट–त–व् । क–प–य्) प्रत्याहारना वर्णोना स्थानमां जे ते वर्गना द्वितीय वर्णो (= छ–ठ–थ–ख–फ) आदेश रूपे प्रवृत्त थाय छे" एवुं (सूत्रकार पाणिनिए) कहेवुं जोईए एम पौष्करसादि नामना आचार्यनो मत छे.

१.

ઉદાહરણ તરીકે—

प्रा ङ् + ष ष्ठः ।
↓ ↓
(આગમી) શર્
પરમાં છે.
(નિમિત્ત)

૧. અહીં ૮૬ મા સૂત્રની સૂચના મુજબ षष्ठः નો ष કાર, કે જે શર્ પ્રત્યાહારમાં આવેલો છે, તે પરમાં છે ત્યારે प्राङ्‌ના ङ् કારને વિકલ્પે कुक् આગમ થશે.

प्राङ्–कुक् + षष्ठः

[कुक् આગમમાંથી उ કાર અને क् કારની ઇત્સંજ્ઞા થઈને લોપ થાય છે. તેથી તેને 'कित्' આગમ કહેવાશે. હવે आद्यन्तौ टकितौ । સૂત્રોક્ત વ્યવસ્થા મુજબ તે कित् આગમને આગમાં ङ् કારના 'અંતિમ–અવયવ' રૂપે પાછળ જોડયો છે.]

↓

प्राङ् – क् + ष ष्ठः
↓ ↓
ચય્ શર્
(સ્થાનિ) (નિમિત્ત)

प्राङ् + षष्ठः

(कुक् આગમના અભાવ પક્ષમાં)

↓

प्राङ्षष्ठः । એવી સન્ધિવાળું પ્રથમ–રૂપ થશે.

૨. ઉપર્યુક્ત વાર્તિક મુજબ શર્ પરમાં રહેતાં ચય્‌ને સ્થાને દ્વિતીય–વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. (અર્થાત્ क् ને સ્થાને ख् આદેશ થશે.) આ વાર્તિકની વિધિ પણ વૈકલ્પિક છે. તેથી

प्राङ्–ख् + ष–ष्ठः ।
(વાર્તિકની પ્રવૃત્તિ થતાં)
प्राङ्–ख् + षष्ठः ।

प्राङ्खषष्ठः ।

प्राङ्–क् + षष्ठः
(વાર્તિકની અપ્રવૃત્તિ થતાં)
प्राङ्–क् + षष्ठः । (અહીં क्+ष्+अ= क्ष બને છે.

क्ष
प्राङ् + क्षष्ठः ।

[કુક્ આગમ અને ચય્ ને દ્વિતીય વર્ણનો આદેશ થતાં સધાયેલું બીજું સન્ધિવાળું રૂપ]

[કુક્ આગમ, અને વાર્તિકની અપ્રવૃત્તિ પક્ષમાં–અર્થાત્ ચય્ ને દ્વિતીય વર્ણના અભાવ પક્ષમાં–સધાતું ત્રીજું રૂપ.]

નોંધ : કોઈ રૂપની / સન્ધિની પ્રક્રિયા દરમ્યાન જો બે વૈકલ્પિક વિધિઓ આવે તો કુલ ત્રણ પ્રકારનાં રૂપો બને છે. પણ જો એક જ વૈકલ્પિક સૂત્રની પ્રવૃત્તિ કરવાની હોય તો બે પ્રકારનાં રૂપો બને છે.

२.

सुग-ण् + ष - ष्ठः ।

ण् (આગમી) — शर् (નિમિત્ત)

૧. અહીં शर् પરમાં છે, તેથી ण् કારને વિકલ્પે टुक् આગમ થશે. આ टुक् આગમમાં क् ની ઈત્સંજ્ઞા થતાં, તે 'कित्' કહેવાશે અને તે ण् નો અન્તાવયવ બનીને પાછળ જોડાશે.

सुगण्–टुक्+षष्ठः

सुगण +ट्+षष्ठः

चय् (સ્થાનિ) — शर् (નિમિત્ત)

सुगण् + षष्ठः

(टुक् આગમના અભાવ પક્ષમાં)

૧. પહેલું રૂપ.

૨. પૌષ્કરસાદિના વાર્તિકોક્ત મત મુજબ चय् ने = ट् કારને સ્થાને દ્વિતીય વર્ણ = ठ्કાર આદેશ વિકલ્પે થશે. કેમકે शर् પરમાં છે.

सुगण्–ठ्+षष्ठः

२. = सुगण्ठ्षष्ठः । (બીજું રૂપ)

सुगण्–ट्+षष्ठः

३. = सुगण्ट्षष्ठः । (ત્રીજું રૂપ)

*

૮૭. નૂકારાન્ત શબ્દની પાછળ આવેલા સ્કારને ધુટ્ (= ધ્) આગમ વિકલ્પે લાગે છે.

દા. ત., सन् + सः

सन् + ध् सः — सन् + सः ॥ (धुडागमनो अभाव)



ધુડાગમ લાગ્યા પછી खरि च । સૂત્રની પ્રવૃત્તિ થશે. કેમકે खर् = स् કાર પરમાં છે, તેથી झल् = ध् કારના સ્થાનમાં चर् = પ્રથમ વર્ણ = त् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે:—सन् + ध् सः → सन् + त् सः = सन्त्सः ॥ એવું બીજું રૂપ બનશે.

૮૮. પદના અન્તે આવેલા न् કારને વિકલ્પે तुक् (= त्) આગમ લાગે છે; જો श् કાર પરમાં આવેલો હોય તો.

ઉદાહરણ તરીકે— सन् + शम्भुः

स न् + श म्भु	सन् + शम्भुः
 ૧. પદાન્તે न् કાર આવેલો છે. — श् કાર પરમાં છે. (નિમિત્ત) તેથી शि तुक् । ની પ્રવૃત્તિ.	૧. (तुक् આગમ વૈકલ્પિક હોઈ, આ પક્ષમાં નહીં લાગે.)
सन् – तुक् + शम्भुः सन् – त् + शम्भुः	૨. स्तोः श्चुना श्चुः । સૂત્રથી श् ના યોગમાં त વર્ગના न् કારને સ્થાને च વર્ગનો પંચમ વર્ણ ञ् કાર થશે.
(न् ની પાછળ અન્તાવયવ રૂપે तुक् આગમ જોડાયો. सन् त् + शम्भुः ।	सञ् + शम्भुः ॥ = सञ्शम्भुः । (પહેલું રૂપ) I सञ्शम्भुः ॥

૨. અહીં शश्छोऽटि । ૮–૪–૬૨ સૂત્રથી शम्भु ના श् કારને छ કારાદેશ પ્રાપ્ત થાય છે. પરંતુ સાથે સાથે स्तोः श्चुना श्चुः । ૮–૪–૪૦ થી श् ના યોગમાં त् ને च् કાર પણ થવા આવે છે. આ બન્ને સૂત્રો ત્રિપાદીમાં આવેલા છે. તેથી ૩૧. पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ સૂત્રની સૂચના મુજબ 'ત્રિપાદીમાં આવેલા પૂર્વસૂત્રની દૃષ્ટિએ પરસૂત્ર અસિદ્ધ છે.' તેથી ૮–૪–૪૦ સૂત્રની દૃષ્ટિએ ૮–૪–૬૩ સૂત્ર અસિદ્ધ (= ન હોવા બરાબર) બનશે. પરિણામે પહેલા ૮–૪–૪૦ ની જ પ્રવૃત્તિ થશે :

सन् - त् + शम्भुः ।
↓ ↓
આદેશ ચ્ (શ ના યોગમાં)
सन् - च् + शम्भुः ।
↓ ↓
આદેશ ञ् (च् ના યોગમાં)
सञ् - च् + शम्भुः
|
सञ-चू + शम्भु | सञ्-चू + शम्भुः (છત્વને। અભાવ) सञ्चशम्भुः II
↓ ↓
झय् श् + अ
ની પરમાં ↓ ↓
छ अटि
પરમાં છે.
सञ्-चू + छम्भुः ।
| |
झर् झरि
નો લોપ (નિમિત્ત)
|
सञ्-० + छम्भुः | सञ्-चू + छम्भुः
सञ्छम्भुः III | सञ्चछम्भुः ॥ IV

૩. આમ ૮-૪-૪૦ની પ્રવૃત્તિ થતાં—

૪. ફરીવાર ૮-૪-૪૦ની પ્રવૃત્તિ થશે.

૫. शश्छोऽटि । થી झय् ની પરમાં આવેલા श् ને વિકલ્પે छ થાય, જો अट् પરમાં હોય તો.

૬. झरो झरि सवर्णे । થી चू ની પાછળ સવર્ણ झर् = छ કાર આવેલો છે, તેથી વિકલ્પે च् નો લોપ થશે.

(વિવરણ) : અહીં ૧. तुक् આગમ, ૨. છત્વ વિધિ અને ૩. झर् ના લોપનો વિધિ–એ ત્રણ વૈકલ્પિક વિધિએ। થતી હોવાથી કુલ ચાર રૂપો બને છે. આ મુદ્દાનો સંગ્રહ કરતી એક કારિકા આ પ્રમાણે સાંભળવા મળે છે :

> ञछौ ञचछा ञचशा ञशाविति चतुष्टयम् ।
> रूपाणामिह तुक्-छत्व-चलोपानां विकल्पनात् ॥

આવી જ રીતે गुरुः बालान् शास्ति । 'ગુરુ બાળકોને ભણાવે છે/શિસ્તમાં રાખે છે.' એવું વાક્ય લઈએ તો ત્યાં बालान् + शास्ति । એવાં બે પદો વચ્ચે જે (न् + श्) વ્યંજનોની સન્ધિ થશે; તેમાંથી પણ ચાર પ્રકારનાં સન્ધિવાળાં રૂપો બની શકશે.

જેમકે,


१. बालाङ्शास्ति । (तुक् આગમના અભાવ પક્ષમાં)
२. बालाङ्च्शास्ति । (तुक् આગમ અને છત્વ નો અભાવ)
૩. बालाङ्च्छास्ति । (श् ને છત્વ વિધિ અને झर् લોપનો અભાવ)
૪. बालाञ्छास्ति । (झर् નો લોપ થતાં)

---

४१. ङमो ह्रस्वादचि ङमुण् नित्यम् । ८--३--३२

ह्रस्वात् परो यो ङम्, तदन्तं यत्पदं, तस्मात् परस्याचो नित्यं ङमुट् ॥ प्रत्यङ्ङात्मा । सुगण्णीशः । सन्नच्युतः ॥

અનુવાદ : ८९. હ્રસ્વ (સ્વર)ની પાછળ આવેલા ङम् પ્રત્યાહારના જે (ङ–ण–न) વર્ણો, તે વર્ણો છે અન્તમાં જેની એવું જે પદ, તે (પદ)ની પાછળ આવેલા अच् (પ્રત્યાહારના વર્ણો)ને હંમેશા (= પ્રાયઃ) ङमुट् (= ङुट्–णुट्–नुट्) આગમો થાય છે. ઉદાહરણ તરીકે—



१. અહીં य् કારોત્તરવર્તી હ્રસ્વ अ કારની પાછળ ङम् પ્રત્યાહારનો ङ् કાર આવેલો છે; અને તેની પાછળ आत्मा નો आ કાર તે अच् છે. આથી આ સૂત્ર દ્વારા તે अच् (આગમી)ને ङमुट् = ङुट् આગમ લાગશે.

प्रत्यङ् + ङुट्–आत्मा ।

२. આ ङुट् (= ङ्) આગમ टित् હોવાથી आ કારની આદિમાં બેસાડવો પડશે (आद्यन्तौ टकितौ । ની સૂચના મુજબ).

प्रत्यङ् + ङ् आत्मा ।

૩. अज्झीनं परेण संयोज्यम् । એવા ન્યાયથી ङ् + ङ् + आ ને જોડી દઈશું તો प्रत्यङ्ङात्मा । બની જશે.

प्रत्यङ्ङात्मा ॥

[२] सु ग ण् + ईशः
↑ | ↑ अच्
હ્રસ્વ સ્વર ↓
ण् (આગામી)
(= ङम्)
નિમિત્ત
सुगण् + ण्-ईशः
↓
(આગમ)

सुगण्णीशः

૧. અહીં હ્રસ્વ સ્વર (ग्+अ) ની પાછળ ङम् (= ण्‌કાર) આવેલો હોય તેવું પદ 'सुगण्' છે, તેની પાછળ ईशः નો ई 'अच्' રૂપે આવેલો છે. તેથી પ્રસ્તુત સૂત્ર દ્વારા તે अच् (ई) ને णुट् (= ण्) આગમ થશે.

૨. णुट् આગમ પણ ટિત્ હોવાથી ईशः નો આદિ અવયવ બનીને ઉમેરાશે. અને सुगण्णीशः । એવી સન્ધિ થશે.

[૩] આ જ પ્રમાણે–सन् + अच्युतः । માં પણ પ્રસ્તુત સૂત્રને પ્રવૃત્ત થવા જે જે નિમિત્ત/પરિસ્થિતિની જરૂર છે, તે બધી જ હાજર છે. તેથી अच्युतः ના अ કારને नुट् (= न्) આગમ લાગશે. તો सन् + नुट्–अच्युतः → सन् + न्–अच्युतः → सन्न् + अच्युतः → सन्नच्युतः । બની જાય છે.

(વિવરણ) : ङमुट् (= ङम् + उट्) માં उ કાર ઉચ્ચારણાર્થે જોડયો છે, અને ट् અનુબન્ધ હોઈ, ઈત્સંજ્ઞક છે. તથા ङम् એ પ્રત્યાહાર (ञ–म–ङ–ण–न–म्) છે; અર્થાત્ ङ–ण અને न–એ ત્રણ વર્ણોની 'ङम्' એ સંજ્ઞા છે. અહીં પાણિનિએ ङम् સંજ્ઞાને ટિત્વ કર્યું છે, તે નિરર્થક છે. કારણ કે લક્ષ્યમાં–વ્યવહારમાં સંજ્ઞાની ઉપર તો કશું કાર્ય થતું નથી. પણ સંજ્ઞાથી બોધિત સંજ્ઞી (વર્ણો) ઉપર જ કાર્ય થાય છે. આથી ङम् સંજ્ઞાને કરેલું ટિત્વ, વાસ્તવમાં તો સંજ્ઞી રૂપ ङ, ण અને न –એ પ્રત્યેકની સાથે જોડાશે. એટલે કે ङ = ङुट्, ण = णुट् અને न = नुट् એવો બોધ થશે.

બીજું, આ સૂત્ર ङमो ह्रस्वादचि ङमुण्–नित्यम् । માં વપરાયેલા नित्यम् શબ્દનો અર્થ 'પ્રાયઃ' કરીશું. કારણ કે પાણિનિએ પોતે જ જે સૂત્રો લખ્યાં છે તેમાં જ્યાં ङमुट् આગમ કરવો જ જોઈએ ત્યાં કર્યો નથી ! દા. ત., सुप्तिङन्तं पदम् । १–४–१४, इको यण् अचि । ६–१–७७ सनाद्यन्ता धातवः...આ સૂત્રોમાં तिङ् + अन्त → तिङ्ङ्अन्त = तिङ्ङन्त; यण् + अचि → यण् ण् + अचि = यण्णचि, सन् + आदि = सन्नादि એવી રીતે ङमुट् આગમ સહિતનાં પદો લખવાં જોઈતાં હતાં. પરંતુ પાણિનિએ એવું કર્યું નથી, એથી એમ જ્ઞાપિત થાય છે કે આ સૂત્ર (૮–૩–૩૨) માં આવેલાં नित्यम् પદનો અર્થ 'પ્રાયઃ (= મોટે ભાગે)' એવો કરવાનો છે.

વળી, આ સૂત્રમાં '०ङमुण् नित्यम्' એ પદોમાં સન્ધિ છોડીને વાંચીએ તો '०ङमुट्+नित्यम्' એવાં પદો છે. પાછળ नि નો न् કાર અનુનાસિક વ્યંજન હોવાથી આગળનો ट् કાર ण् કારમાં ફેરવાઈ ગયો છે.

---

90. समः सुटि । ८–३–५

समो रुः सुटि ।

91. अत्रानुनासिकः पूर्वस्य तु वा । ८–३–२

अत्र रुप्रकरणे रोः पूर्वस्यानुनासिको वा ।

92. अनुनासिकात्परोऽनुस्वारः । ८–३–४

अनुनासिकं विहाय रोः पूर्वस्मात्परोऽनुस्वारागमः ।

93. खरवसानयोर्विसर्जनीयः । १--३--१५

खरि अवसाने च पदान्तस्य रेफस्य विसर्गः ।। * (वा०) सं-पुं-कानां सो वक्तव्यः * । सँस्स्कर्ता–संस्स्कर्ता ।।

અનુવાદ : ૯૦. सम् (ઉપસર્ગ)ના म् કારને (સ્થાને) रु>र् થાય છે, જો सुट् (આગમનો स् કાર) પરમાં હોય તો.


૯૧. આ रु (આદેશ)ના પ્રકરણમાં, 'रु' ની પૂર્વમાં આવેલા વર્ણને વિકલ્પે અનુનાસિક (=સાનુનાસિક) બનાવવામાં આવે છે.


૯૨. (જે પક્ષમાં) અનુનાસિક આદેશ કરવામાં આવ્યો છે, તેને છોડી દઈને, (અર્થાત્ બીજા પક્ષમાં) 'रु' ની પૂર્વમાં આવેલા વર્ણની પાછળ 'અનુસ્વાર' (ं) આગમ રૂપે થાય છે.

૯૩. खर् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં આવેલો હોય, કે 'અવસાન' પરમાં હોય ત્યારે, પદના અંતે આવેલા રેફનો વિસર્ગ થઈ જાય છે.

વાર્ત્તિક : सम्, पुम् અને कान् શબ્દોના (અંતિમ વર્ણોના) સ્થાનમાં (रु>र् આવીને) જે વિસર્ગ થયો હોય, તે વિસર્ગના સ્થાનમાં स् કાર જ (આદેશ રૂપે) પ્રવૃત્ત થાય છે.

ઉદાહરણ તરીકે–सम्+सुट्+कर्ता → सम्+स+कर्ता → હવે सम्+स्कर्ता એ પરિસ્થિતિમાં ઉપર્યુક્ત ૯૦ થી ૯૩ સુધીનાં સૂત્રોની પ્રવૃત્તિ નીચે મુજબ થાય છે; (અને તેમાંથી सँस्स्कर्ता અને संस्स्कर्ता જેવાં રૂપો બને છે) :





सँस् + स्कर्ता । संस् + स्कर्ता

= सँस्स्कर्ता । = संस्स्कर्ता ॥

૧. અહીં ૯૦ મા સૂત્રથી सम् ના म् કારને रु થશે. કારણ કે પરમાં सुट् નો स् કાર આવેલો છે. (અને उपदेशेऽजनुनासिक इत् । થી रु ના उ કારની ઈત્સંજ્ઞા થઈને, તેનો લોપ થશે.)

૨. ૯૧ મા સૂત્રથી, रु > र् ની પૂર્વમાં આવેલા–स–વર્ણને વિકલ્પે અનુનાસિક બનાવવામાં આવશે.

૩. હવે જ્યાં सँ ને અનુનાસિક કર્યો છે એ પક્ષને છોડીને, બાકીના પક્ષમાં ૯૨ મા સૂત્રથી रु > र् ની પૂર્વમાં આવેલા વર્ણ (स) ની પાછળ 'અનુસ્વાર' આગમ થાય છે.

૪. હવે ૯૩ માં સૂત્રથી खर् પરમાં છે (= स्कर्ता નો स् કાર), તેથી પદાન્તે આવેલા રેફનો વિસર્ગ થઈ જશે.

૫. હવે વાર્ત્તિકકાર કહે છે કે सम् સંબંધી म् કારના સ્થાનમાં (રેફ થઈને) જે વિસર્ગ આવ્યો હોય તેને 'स्' આદેશ (જ) કરવો.

૬. પરિણામે આ બે રૂપો સિદ્ધ થશે.

(વિવરણ) : ૧. અહીં કોઈ વિદ્યાર્થીને પ્રશ્ન થાય કે सम् + कर्ता એ સ્થિતિમાં सुट् નો स् કાર ક્યાંથી/કયા સૂત્ર દ્વારા લાવવામાં આવ્યો છે? તો પાણિનિએ એક સૂત્ર બનાવ્યું છે : संपरिभ्यां करोतौ भूषणे । ૬–૧–૧૩ તેનાથી 'ભૂષણ એવા અર્થમાં सम् કે परि ઉપસર્ગની પાછળ આવેલા √कृ ધાતુને सुट् = स् આગમ થાય છે. આમ सम् + सुट् कर्ता → सम् + स् → कर्ता । બન્યું છે.

૨. 'रु–પ્રકરણ'નો અર્થ मतुवसो रुः सम्बुद्धौ छन्दसि । ૮–૩–૧ થી कानाम्रेडिते । ૮–૩–૧૨ સુધીનાં સૂત્રો. (આમાં ससजुषो रुः । ૮–૨–૬૬ નો સમાવેશ કરવાનો નથી.)

૩. ૯૨ મા સૂત્રમાં જે अनुनासिकात् એવું પંચમ્યન્ત પદ છે, તે અપાદાન–અર્થમાં નથી, પણ 'લ્યપ્ લોપ' થયા પછીની પંચમી છે. આથી તે પદનો અર્થ 'अनुनासिकं विहाय' એવો કરવામાં આવ્યો છે.

---

94. पुमः खय्यम्परे । ८--३--६

अम्परे खयि पुमो रुः । पुँस्कोकिलः–पुंस्कोकिलः ।

95. नश्छव्यप्रशान् । ८--३--७

अम्परे छवि नान्तस्य पदस्य रुः स्यात्, न तु 'प्रशान्' शब्दस्य ।

96. विसर्जनीयस्य सः । ८--३--३४

खरि ।। चक्रिँस्त्रायस्व–चक्रिंस्त्रायस्व । 'अप्रशान्' किम्? –प्रशान्तनोति । 'पदान्तस्य' इति किम्?–हन्ति ।।

અનુવાદ : ૯૪. अम् (પ્રત્યાહારનો વર્ણ) છે પરમાં જેની એવો खय् (પ્રત્યાહારનો વર્ણ) પરમાં = પાછળ રહ્યો હોય ત્યારે, पुम् ના 'म्' કારને (સ્થાને) रु > र् આદેશ થાય છે. જેમ કે,

पुम् + कोकिलः । (નર કૉયલ)
(निमित्त) क् ओ
↓ ↓
(खय्) (अम्)
पुरु + कोकिलः ।
पुर् + कोकिलः ।
पुँर् + कोकिलः | पुंर् + कोकिलः !
पुँः + कोकिलः । पुंः + कोकिलः ।
पुँस् + कोकिलः । पुंस + कोकिलः
पुँस्कोकिलः । पुंस्कोकिलः ।।

૧. અહીં अम् જેની પાછળ છે એવો खय् (પ્રત્યાહારનો क् વર્ણ) પરમાં છે. આવું નિમિત્ત હોતાં पुम् ના म् કારને रु થશે; તેમાંથી उ ની इत् સંજ્ઞા થઈને લોપ થશે, તો કેવળ રેફ બાકી રહેશે.


૨. ૯૧ મા સૂત્રથી रु ની પૂર્વમાં આવેલા વર્ણને અનુનાસિક થશે; અને ૯૨ મા સૂત્રથી (વિપક્ષમાં) रु ની પૂર્વમાં અનુસ્વાર-આગમ થશે.

૩. અહીં ૯૩ મા સૂત્રથી રેફને વિસર્ગ થશે.


૪. છેલ્લે વાર્તિકની સૂચનાથી पुम् ના म् કારના સ્થાનમાં રેફ થઈને, જે વિસર્ગ થયો છે, તેને ફરીથી स् કાર જ થશે.

૯૫. અમ્ પરક છવ્ પરમાં હોય (= અમ્ પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં છે જેની એવો છવ્ પ્રત્યાહારનો વર્ણ પરમાં હોય) ત્યારે ન્ કારાન્ત પદને 'रु' આદેશ થાય છે; પણ 'प्रशान्' શબ્દના ન્ કારના સ્થાનમાં 'रु' થતો નથી.

૯૬. વિસર્જનીય (= વિસર્ગ)ના સ્થાનમાં સ્ કાર આદેશ થાય છે; જો खर् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય તો, ઉદાહરણ તરીકે—



હે चक्रिर् + त्रायस्व ।



चक्रिँः + त्रायस्व । चक्रिंः + त्रायस्व ।
↓ ↓
स् स

चक्रिँस् + त्रायस्व । चक्रिंस् + ↓ त्रायस्व

चक्रिँस्त्रायस्व । અથવા चक्रिंस्त्रायस्व ।।

૧. અહીં ૯૫ મા સૂત્રથી अम् જેની પાછળ છે એવો छव् પાછળ રહેલો છે, તેથી પદાન્તે આવેલા ન્ કારના સ્થાનમાં रु આદેશ થાય છે. (रु માંથી उ ની इत् સંજ્ઞા થશે તો રેફ બાકી રહેશે.)

૨. હવે ૯૧ મા સૂત્રથી रु ની પૂર્વમાં અનુનાસિક, અને ૯૨ મા સૂત્રથી (વિપક્ષમાં) रु ની પૂર્વમાં અનુસ્વાર થશે.

૩. ૯૩ મા સૂત્રથી પદાન્તે આવેલા રેફનો વિસર્ગ થશે.

૪. ૯૬ મા સૂત્રથી 'खर् પરમાં છે તેથી વિસર્ગના સ્થાનમાં સ્ કાર આદેશ થાય છે.' આમ દ્વિવિધ રૂપો બનશે.

*

શંકા : (૧) સૂત્રમાં (પદાન્તે આવેલા ન્ કારના સ્થાનમાં रु કરવાનું કહીને, તેમાં સંકોચ કરવા માટે) 'अप्रशान्' (= प्रशान् શબ્દના ન્ કારને रु થતો નથી) એવો નિષેધ મૂકયો છે; તેથી શું પરિણામ આવશે ?

સમાધાન : प्रशान् + तनोति । અહીં अम् પરક छव् પરમાં (त् + अ) હોવા છતાંય ન્ કારાન્ત પદ રૂપે આવેલા प्रशान् શબ્દના ન્ કારને 'रु' આદેશ થતો નથી. એથી બે પદો યથાવત્ ચાલુ રહેશે : प्रशान्तनोति ।

શંકા : (૨) સૂત્રમાં ("न् કારાન્ત પદના न् કારને 'रु' આદેશ થાય છે" એમ કહેવા) 'पदान्तस्य (नस्य)' એવું કેમ ઉમેર્યું છે?—એમ કરવાથી શું ફળ મળે છે?

સમાધાન : √हन्+ति । અહીં ધાતુ+પ્રત્યયની પરિસ્થિતિમાં જે हन् ધાતુનો न् કાર છે, તે "પદ"નો न् કાર નથી, આથી अम् પરક छव् પરમાં (ति = त्+इ) હોવા છતાંય ધાતુના न् ને 'रु' થતો નથી. हन्+ति = हन्ति । એવું રૂપ જ બને છે.

---

97. नॄन् पे । ८--३--१०

'नॄन्' इत्यस्य रुर्वा पे ।

98. कुप्वो ≍क ≍पौ च । ८--३--३७

कवर्गे पवर्गे च विसर्गस्य ≍क ≍पौ स्तः, चाद्विसर्गः । नॄँ≍पाहि—नॄं≍पाहि; नॄँः पाहि—नॄंः पाहि; नॄन् पाहि ॥

99. तस्य परमाम्रेडितम् । ८--१--२

द्विरुक्तस्य परमाम्रेडितं स्यात् ।

100. कान् आम्रेडिते । ८--३--१२

'कान' नकारस्य रुः स्याद् आम्रेडिते । काँस्कान् ॥

અનુવાદ : ૯૭. 'नॄन्' એવા (नृ શબ્દના બીજી વિભક્તિ બહુવચનના) રૂપના 'न्' કારને रु>र् આદેશ વિકલ્પે થાય છે; જો પકાર (થી શરૂ થતો કોઈ શબ્દ) પરમાં હોય તો.

૯૮. क વર્ગ કે प વર્ગનો કોઈ વર્ણ પરમાં હોય તો વિસર્ગના બદલે, અનુક્રમે જિહ્‌વામૂલીયની નિશાની (≍क) અને ઉપધ્માનીયની નિશાની (≍प) વપરાય છે; તથા આ (૯૮ મા) સૂત્રમાં જે ચકાર ઉમેર્યો છે, તેના થકી વિસર્ગના સ્થાનમાં વિસર્ગ ચાલુ પણ રહે છે. ઉદાહરણ તરીકે (त्वं) नॄन्+पाहि । (તું માણસોનું રક્ષણ કર). અહીં ૧. સૌથી પહેલાં ૯૭મા સૂત્રથી पाहि નો प કાર પરમાં છે, તેથી नॄन् ના न् કારને रु આદેશ થશે : नॄरु+पाहि→रुनो उ ઈત્–સંજ્ઞક

હોવાથી લોપ પામશે → नरु्+पाहि → ૨. પછી ૯૧ અને ૯૨ મા સૂત્રથી 'रु' ની પૂર્વમાં આવેલા नु ઉપર વિકલ્પે અનુનાસિક અને અનુસ્વાર થશે → नँरु्+पाहि અથવા नंरु्+पाहि થશે → ૩. પછી ૯૩મા खरवसानयोर्विसर्जनीयः । સૂત્રથી રેફને વિસર્ગ થશે : नँः+पाहि અને नंः+पाहि । થશે → ૪. હવે ઉપરના ૯૮ મા સૂત્રથી, 'प વર્ગના प કારથી શરૂ થતું पाहि એવું ક્રિયાપદ પરમાં છે; તેથી વિસર્ગના સ્થાનમાં વિકલ્પે ઉપધ્માનીયની (≍) નિશાની અથવા વિસર્ગ થશે." તો → (क) नँ ≍ पाहि અથવા नँः पाहि । (ख) नं ≍ पाहि અથવા नंः पाहि । રૂપો બનશે. (ग) તથા ૯૭. नॄन् पे । ૮-૩-૧૦ સૂત્ર પોતે વૈકલ્પિક હોવાથી, જ્યારે नॄन् ના नकारने रु આદેશ નહીં થાય ત્યારે नॄन्+ पाहि યથાવત્ ચાલુ રહેશે તો नॄन् पाहि । એવું પાંચમું રૂપ પણ ભાષામાં વાપરી શકાશે.

૯૯. જે રૂપ–પદ–બે વાર બોલવામાં આવ્યું હોય, તેમાંથી જે પાછળનું (=બીજી વાર બોલાયેલું) રૂપ હોય તેની "આમ્રેડિત" એવી સંજ્ઞા થાય છે. [દા. ત., कान् શબ્દને બે વાર બોલીએ તો 'कान्–कान्' એમ થાય. આમાંથી જે પાછળનું રૂપ છે, તેને 'આમ્રેડિત' કહેવાશે.]

૧૦૦. 'कान्' એવા (किम् શબ્દનું પુંલિંગ દ્વિતીયા વિ. બહુવચનના) રૂપના न् કારને 'रु' આદેશ થાય છે. જો આમ્રેડિત-સંજ્ઞક રૂપ પરમાં હોય તો.

का न्	+ कान्	આ સ્થિતમાં પ્રસ્તુત સૂત્રથી
↓	└─┬─┘	પહેલા कान् શબ્દના न् કારને रु > र्
रु	આમ્રેડિત	આદેશ કરીશું પછી અનુનાસિક અને
(આદેશ)	(સંજ્ઞક રૂપ)	અનુસ્વાર વિધિઓ કરીશું તો कार्+

कान् → काँर्+कान् અથવા कांर्+कान् → પદાન્તે આવેલા રેફને વિસર્ગ : काँः+कान् અને कांः+कान् । પછી सं-पुं-कानां सो वक्तव्यः । એવા વાર્તિકથી कान् ના न કારને સ્થાને આવેલા રેફમાંથી જે વિસર્ગ થયો હોય, એને ફરીથી स् કાર આદેશ કરવામાં આવે છે : काँस्कान् અથવા कांस्कान् । એવાં દ્વિવિધ સન્ધિવાળાં રૂપો બને છે.

(વિવરણ) : ભાષામાં જ્યાં વિસર્જનીય = વિસર્ગની નિશાની (:)ઓ વપરાય છે; ત્યાં જો (તે વિસર્ગની પાછળ) क વર્ગના કોઈ વર્ણથી શરૂ થતો શબ્દ આવેલો હોય તો તે વિસર્ગ (:) ને બદલે જિહ્વામૂલીયની નિશાની '≍' વપરાય છે. અર્થાત્ સામાન્ય રીતે તો વિસર્ગનું ઉચ્ચારણ अ-कु-ह-विसर्जनीयानां

कण्ठः । એ મુજબ કંઠ-સ્થાનીય છે; પણ વિસર્ગની પાછળ क કે ख આવેલો હોય તો, તે વિસર્ગનું ઉચ્ચારણ જિહ્‌વાના મૂળમાંથી થાય છે; અને લિપિમાં એની નોંધ કરવા માટે '≍' આવી (ઊંધા-છતા અર્ધચન્દ્રાકારોની) નિશાની વપરાય છે.

એ જ પ્રમાણે, વિસર્ગની પાછળ જો प કે फ થી શરૂ થતો શબ્દ આવેલો હોય તો પણ '≍' આવી નિશાનીઓ વપરાય છે; અને તેને 'ઉપધ્માનીય'ના નામે ઓળખવામાં આવે છે.

---

101. छे च । ६-१-७३

ह्रस्वस्य छे (परे), तुक् । शिवच्छाया ।

102. पदान्ताद्वा । ६-१-७६

दीर्घात् पदान्ताच्छे तुग् वा । लक्ष्मीच्छाया-लक्ष्मीछाया ।

॥ इति हल्सन्धिप्रकरणम् ॥

અનુવાદ : ૧૦૧. હ્રસ્વ (સ્વર)ને तुक् (= त्) આગમ થાય છે; જો छ કાર (થી શરૂ થતો શબ્દ) પરમાં હોય તો.


शि व + छाया ।
व् + अ ← हृस्वने तुक् આગમ
छकार પરમાં રહેતાં

૧. અહીં હ્રસ્વ अ સ્વરને तुक् આગમ લાગશે, કેમ કે પરમાં छाया શબ્દનો छकार આવેલો છે.

૨. હવે પ્રશ્ન થાય કે આ तुक् આગમ ક્યાં લગાડવાનો છે? હ્રસ્વ अ ની પૂર્વમાં કે પરમાં? તો आद्यन्तौ टकितौ । એવું પરિભાષાસૂત્ર સૂચના આપે છે કે-જો આગમ कित् (= જેમાં क् કારની ઇત્સંજ્ઞા થઈ હોય) હોય તો તેને આગમીના (= અહીં હ્રસ્વ अના) અન્તાવયવ રૂપે (અર્થાત્ પરમાં) જોડવો. (તો तुक्માં उ કાર ઉચ્ચારણાર્થે છે અને क्‌ની તો हलन्त्यम् । થી ઇત્સંજ્ઞા થઈને, પછી લોપ થવાનો છે.) આથી शिव + त् + छाया । એમ થશે. [ત્યાર પછી श्चुत्व ૮-૪-૪૦ ના અસિદ્ધ હોવાથી, પહેલાં) जश्त्व ૮-૨-૩૯ થશે. તો शिव + द् + छाया । થશે. પછી (चर्त्व કરનારું खरि च । ૮-૪-૫૫ સૂત્ર અસિદ્ધ હોવાથી, પહેલાં) छ ના યોગમાં श्चुत्व । ૮-૪-૪૦ થશે, તો शिव + ज + छाया । બનશે. ત્યાર પછી ૮-૪-૫૫ થી चर्त्व વિધિ થશે તો शिव + च् + छाया = शिवच्छाया । એવી સન્ધિ થશે. અર્થાત્ तुक् આગમમાંથી નવા ઉમેરાયેલા

त् કારનું त्→द्→ज्→च् એવું ક્રમશઃ પરિવર્તન થતાં થતાં शिवच्छाया । રૂપ બને છે.]

૧૦૨. પદના અંતે આવેલા દીર્ઘસ્વરને પણ तुक् આગમ વિકલ્પે થાય છે; જો छ કાર પરમાં હોય તો. દા. ત. लक्ष्मी + छाया । અહીં क्ष्मी = क्ष् + म् + ई માં જે દીર્ઘસ્વર છે, તે પદાન્તે આવેલો છે, અને તેની પાછળ छ કાર પણ આવેલો છે. તેથી તે દીર્ઘસ્વર (રૂપી આગમી)ને વિકલ્પે तुक् આગમ થશે.



(વિવરણ) : આ બન્ને સૂત્રો દ્વારા જે तुक् આગમ થયો છે ત્યાં તે त् કારમાં ધ્વનિપરિવર્તન થતાં થતાં (त्→द्→ज्→च्) જે च् કાર આવીને ઊભો રહે છે, તેમાં જે જે સૂત્રો પ્રવૃત્ત કર્યાં છે, તે બધાં જ 'ત્રિપાદી'નાં છે—એ ધ્યાનાસ્પદ છે. આ બધાં જ સૂત્રો ત્રિપાદીનાં હોવાથી તેમાં 'અષ્ટાધ્યાયી'નાં ક્રમાંકની દૃષ્ટિએ જે પૂર્વ—પૂર્વસૂત્ર હોય તે વધુ બળવાન–સિદ્ધ–હોવાથી પહેલાં પ્રવૃત્ત કરવાં પડે છે, અને જે પછીના ક્રમાંકનું હોય તેને પછી–પછી લગાડવાનું હોય છે. (અહીં ત્રિપાદીમાં જે પછી પછીનાં સૂત્રો હોય તેને પ્રવૃત્ત થવા માટેનું જરૂરી નિમિત્ત મળતું હોય તો પણ જ્યાં સુધી ક્રમાંકની દૃષ્ટિએ પૂર્વસૂત્રની પ્રવૃત્તિ શક્ય હોય ત્યાં સુધી તો પૂર્વસૂત્ર જ પહેલું લગાડવું પડે છે. કેમકે पूर्वत्रासिद्धम् । ૮—૨—૧ સૂત્રે આપણને સૂચના આપી રાખી છે કે 'ત્રિપાદીમાં પૂર્વસૂત્રની દૃષ્ટિએ પર સૂત્રો અસિદ્ધ છે.')

*

આ ત્રીજા પ્રકરણમાં આપણે જે વિવિધ સન્ધિઓ શીખ્યા તે આ પ્રમાણે છે: ૧. श्चुत्व (૬૨, ૬૩), ૨. ष्टुत्व (૬૪–૬૬), ૩. जश्त्व (૬૭), ૪. અનુનાસિક (૬૮), ૫. પરસવર્ણ (૬૯, ૭૯, ૮૦), ૬. પૂર્વસવર્ણ (૭૦, ૭૫), ૭. લોપ (૭૩), ૮. चर् વિધિ = चर्त्व (૭૪), ૯. છત્વ (૭૬), ૧૦. અનુસ્વાર (૭૭, ૭૮), ૧૧. मत्व (૮૧, ૮૨), ૧૨. नत्व (૮૩), ૧૩. ધુડાગમ (૮૪, ૮૭), ૧૪. कुक् टुक् આગમ (૮૬), ૧૫. तुक् (૮૮, ૧૦૧, ૧૦૨), ૧૬. ङमुट् આગમ (૮૯), ૧૭. रु પ્રકરણમાં અનુનાસિકવિધિ અને અનુસ્વાર આગમ કરનારાં સૂત્રો (૯૦ થી ૯૫, (૯૭, ૧૦૦) ૧૮. રેફને વિસર્ગ (૯૩, વાર્તિક), ૧૯. વિસર્ગને સ્ કાર (૯૬), ૨૦. વિસર્ગને જિહ્વામૂલીય અને ઉપધ્માનીય (૯૮), આ ઉપરાંત આ પ્રકરણમાં ત્રણેક પરિભાષા સૂત્રો (૭૧, ૭૨, ૮૫) અને એક (આમ્રેડિત) સંજ્ઞા કરનારું (૧૦૦) સૂત્ર પણ આવેલું છે.

અહીં વ્યંજન-સન્ધિ પ્રકરણ પૂર્ણ થયું.

४

अथ विसर्गसन्धि–प्रकरणम्

---

103. विसर्जनीयस्य सः । ८–३–३४

खरि । विष्णुस्त्राता ।

104. वा शरि । ८–३–३६

शरि विसर्गस्य विसर्गो वा । हरिः शेते–हरिश्शेते ।

અનુવાદ : ૧૦૩. खर् પરમાં હોય ત્યારે વિસર્જનીય = વિસર્ગના સ્થાનમાં સ્ કાર (આદેશ) થાય છે. ઉદા. ત. विष्णुः + त्राता → विष्णुस्त्राता । (અહીં त्रा માં त् र् આ એવા જે વર્ણો આવેલા છે, તેમાં त् કાર खर् પ્રત્યાહારમાં આવી ગયો છે. આથી તેની પૂર્વમાં આવેલા વિસર્ગ (:) ના સ્થાનમાં स् કાર થયો છે : विष्णुस्त्राता । 'વિષ્ણુ રક્ષણ કરનાર છે.')

૧૦૪. शर् પ્રત્યાહારના (श–ष–स–र्) વર્ણો પરમાં હોય ત્યારે વિસર્ગના સ્થાનમાં વિસર્ગ વિકલ્પે થાય છે; (અને જ્યાં વિસર્ગ નહીં થાય ત્યાં પૂર્વસૂત્ર ૧૦૩ થી વિસર્ગને स् કાર થશે.) ઉદા. ત.—

हरिः + शेते । (શ્રીહરિ સૂતા છે.)

हरिः शेते ॥	हरिः + शेते ।	૧. અહીં ૧૦૩ સૂત્રથી વિસર્ગને स् કાર આદેશ.
↕	↓	
(વિસર્ગને સ્થાને વિસર્ગ જ ચાલુ રહે છે.)	हरिस् + शेते ।	૨. પછી स्तोः श्चुना श्चुः ।
	हरिश् + शेते ।	થી श् ના યોગમાં स् નો श् થશે.
	= हरिश्शेते ॥	(આમ બે રૂપ થશે.)

---

105. स-सजुषो रुः । ८-२-६६

पदान्तस्य सस्य सजुषश्च रुः स्यात् ।

106. अतो रोरप्लुतादप्लुते । ६-१-११३

अप्लुताद् अतः परस्य रोरुः स्याद्, अप्लुतेऽति ।
शिवोऽर्च्यः ।

107. हशि च । ६-१-११४

तथा । शिवो वन्द्यः ।

અનુવાદ : ૧૦૫. પદના અંતે આવેલા स् કારને, અને सजुष् શબ્દના ष् કારના સ્થાને 'रु' એવો આદેશ થાય છે.

૧૦૬. (ત્રિમાત્રિક) પ્લુતથી ભિન્ન એવા હ્રસ્વ अ કારની પાછળ આવેલા 'रु' ના સ્થાનમાં 'उ' આદેશ થાય છે; જો પ્લુત—ભિન્ન હ્રસ્વ अ કાર પરમાં આવેલો હોય તો. ઉદાહરણ તરીકે—

शिवस् + अर्च्यः ।
(शिव + स्) + अर्च्यः
'पद' સંજ્ઞા

૧. અહીં शिव એવા શબ્દ/નામની પાછળ પ્રથમા વિભક્તિ, એકવચનનો सु > स् પ્રત્યય લાગ્યો છે. હવે આ વિભક્તિ પ્રત્યયાન્ત શબ્દની ૧૪. सुप्तिङन्तं पदम् । સૂત્રથી 'पद' સંજ્ઞા થાય છે.

शिव + (रु →)र् + अर्च्यः।
↓ ↓ ↓
(પ્લુત ભિન્ન હ્રસ્વ अ ની પરમાં) (સ્થાની) ↓ (આદેશ)उ પ્લુત ભિન્ન હ્રસ્વ अ પરમાં છે. (નિમિત્ત)

૨. ત્યાર પછી, ૧૦૫ સૂત્ર સૂચના આપે છે કે પદાન્તે આવેલા स् કારના સ્થાને रु → र् આદેશ કરવો.

शिव + उ + अर्च्यः

૩. હવે ૧૦૬. સૂત્ર કહે છે કે "હ્રસ્વ अ ની પાછળ જો रु > र् આવેલો હોય, તેને 'उ' એવો આદેશ કરો, જો હ્રસ્વ अ કાર પરમાં હોય તો." તો અહીં 'रु' ની આગળ પાછળ હ્રસ્વ 'अ' છે જ, તેથી તેને 'उ' આદેશ થશે.

शिव + उ + अर्च्यः ।
ગુણ
शिवो + अर्च्यः

૪. હવે आद्गुणः । થી अ ની પાછળ (અસવર્ણ) अच् (= उ કાર) આવેલો છે, તેથી ગુણૈકાદેશ થશે. તો अ + उ = ओ એમ થતાં शिवो રૂપ થશે.

शिव् + ओ + अ + र्च्यः

पूर्वरूप એકાદેશ

↓

शिव् + ओ + र्च्यः

शिवोर्च्यः । शिवोऽर्च्यः ॥

૫. ત્યાર પછી एङः पदान्तादति । વડે "પદાન્તે एङ् = वो નો ओ કાર આવેલો છે અને તેની પાછળ હ્રસ્વ अ કાર આવેલો છે, તેથી ओ અને अ ના સ્થાનમાં 'પૂર્વરૂપ–એકાદેશ' થશે." शिवो + र्च्यः ।

૬. અહીં હ્રસ્વ अ પૂર્વમાં આવેલા ओ કારમાં ભળી ગયો છે એમ દર્શાવવા સ્વૈચ્છિક રીતે અવગ્રહની નિશાની પણ મૂકી શકાય છે.

*

૧૦૭. પ્લુતભિન્ન હ્રસ્વ अ કારની પાછળ रु > र् ના સ્થાનમાં उ આદેશ થાય છે; જો हश् પ્રત્યાહારનો કોઈ વર્ણ (અર્થાત્ અંતઃસ્થ અને ઘોષ વ્યંજનો) પરમાં આવેલો હોય તો. ઉદા. ત. शिवस् + वन्द्यः । અહીં સૌથી પહેલા પદાન્તે આવેલા स् કારને ससजुषो रुः । થી 'रु' આદેશ થશે → शिवरु + वन्द्यः → शिवर् + वन्द्यः । હવે, हश् પ્રત્યાહારમાં આવેલો (वन्द्यः નો) व કાર પરમાં છે, તેથી હ્રસ્વ अ કાર (= शिव નો अ) ની પાછળ આવેલા रु ને 'हशि च ।' સૂત્રથી उ આદેશ થશે → शिव–उ + वन्द्यः । હવે अ + उ નો 'ગુણ' થઈને शिवो + वन्द्यः । એવી સન્ધિવાળું રૂપ સધાશે.

---

108. भो-भगो-अघो-'अ'पूर्वस्य योऽशि । ८-३-१७

एतत्पूर्वस्य रोर्यादेशोऽशि । देवा इह–देवायिह । भोस्–भगोस्–अघोस् इति सान्ता निपाताः, तेषां रोर्यत्वे कृते—

109. हलि सर्वेषाम् । ८-३-२२

भो–भगो–अघो–'अ'पूर्वस्य यस्य लोपः स्याद्धलि ।

भो देवाः । भगो नमस्ते । अघो याहि ॥

અનુવાદ : ૧૦૮. भोस्, भगोस्, अघोस् અને (અઢારેય પ્રકારનો) अ કાર જેની પૂર્વમાં છે એવા 'रु' > र् (આદેશ)ના સ્થાનમાં 'य्' એવો (નવો) આદેશ થાય છે; જો अश् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં આવેલો હોય તો. ઉદા. તરીકે— देवास् + इह । ૧. અહીં ससजुषो रुः । થી પદાન્તે આવેલા स કારને रु > र्

આદેશ થશે → देवार् + इह । ૨. હવે र् ની પૂર્વમાં (देवा નો) आ કાર આવેલો છે; અને તેની પાછળ अश् પ્રત્યાહારનો (इह નો) इ કાર આવેલો છે. તેથી र् ના સ્થાનમાં 'य्' એવો આદેશ થશે → देवाय् + इह । ૩. ત્રીજે તબક્કે ૩૦. लोपः शाकल्यस्य । સૂત્રથી 'अ वर्ण છે પૂર્વમાં જેની' એવા પદાન્તે આવેલા य् કારનો વિકલ્પે લોપ થશે, કેમ કે અહીં નિમિત્ત રૂપે अश् = इ કાર પણ પરમાં આવેલો છે. તો → देवा० + इह । અથવા (य् કારનો લોપ નહીં થાય એ પક્ષમાં) देवाय् + इह = देवायिह ॥ આમ કુલ બે રૂપો બનશે.

(આ સૂત્રમાં જે मो-भगो વગેરે શબ્દો નોંધ્યા છે, તે વાસ્તવમાં તો) मोस्, भगोस्, अघोस् એવા स् કારાન્ત નિપાતો (= અવ્યયો) છે. તેમના અંતિમ स् કારના સ્થાનમાં ससजुषो रुः । સૂત્રથી रु એવો આદેશ કરીને; પછી પ્રસ્તુત ૧૦૮ મા સૂત્રથી તે रु > र् ના સ્થાનમાં य् આદેશ કરવામાં આવે છે. આ य् આદેશ કરી લીધા પછી →

૧૦૯. मो, भगो, अघो કે अ કાર જેની પૂર્વમાં છે તેવા य् કારનો લોપ થાય છે; જો हल् (= કોઈ વ્યંજન) પરમાં હોય તો. (એવો સૌ આચાર્યનો મત છે.) ઉદાહરણ તરીકે,

(૧) मोस् + देवाः । मोरु + देवाः → मोर् + देवाः । मोय् + देवाः । અહીં य् ની પાછળ हल् (= देवाः નો द કાર) પરમાં છે તેથી તે य् નો લોપ થશે → मो० + देवाः । (સંબોધનમાં હે દેવો !) = मो देवाः । એવી સન્ધિ થશે.

(૨) भगोस् + देवाः । અહીં ૧૦૫ થી स् ને रु આદેશ → भगोरु + देवाः → भगोर् + देवाः । હવે ૧૦૮ થી र् ને સ્થાને य् આદેશ → भगोय् + देवाः । અહીં य् ની પરમાં हल् છે, તેથી ૧૦૯ સૂત્રથી य् નો લોપ થશે → भगो० + देवाः ॥

(૩) આ જ પ્રમાણે, अघोस् + याहि → अघोरु + याहि → अघोर् + याहि → अघोय् + याहि → अघो० + याहि ॥ એવાં રૂપો બને છે.

---

110. रोऽसुपि । ८-२-६९

अह्नो रेफादेशो, न तु सुपि । अहरहः । अहर्गणः ।

111. रो रि । ८-३-१४

रेफस्य रेफे परे लोपः ।

112. ढ्रूलोपे पूर्वस्य दीर्घोऽणः । ६-३-१११

ढ-रेफयोर्लोपनिमित्तयोः पूर्वस्याणो दीर्घः । पुना रमते । हरी रम्यः । शम्भू राजते । अणः किम् ? -तृढः । वृढः ।

शिव् + ओ + अ + र्च्यः



पूर्वरूप એકાદેશ

↓

शिव् + ओ + र्च्यः

शिवोर्च्यः । शिवोऽर्च्यः ॥

૫. ત્યાર પછી एङः पदान्तादति । વડે "પદાન્તે एङ् = વો નો ओ કાર આવેલો છે અને તેની પાછળ હ્રસ્વ अ કાર આવેલો છે, તેથી ओ અને अ ના સ્થાનમાં 'પૂર્વરૂપ–એકાદેશ' થશે." शिवो + र्च्यः ।

૬. અહીં હ્રસ્વ अ પૂર્વમાં આવેલા ओ કારમાં ભળી ગયો છે એમ દર્શાવવા સ્વૈચ્છિક રીતે અવગ્રહની નિશાની પણ મૂકી શકાય છે.

*

૧૦૭. પ્લુતભિન્ન હ્રસ્વ अ કારની પાછળ रु > र् ના સ્થાનમાં उ આદેશ થાય છે; જો हश् પ્રત્યાહારનો કોઈ વર્ણ (અર્થાત્ અંતઃસ્થ અને ઘોષ વ્યંજનો) પરમાં આવેલો હોય તો. ઉદા. ત. शिवस् + वन्द्यः । અહીં સૌથી પહેલા પદાન્તે આવેલા स् કારને ससजुषो रुः । થી 'रु' આદેશ થશે → शिवरु + वन्द्यः → शिवर् + वन्द्यः । હવે, हश् પ્રત્યાહારમાં આવેલો (वन्द्यः નો) व કાર પરમાં છે, તેથી હ્રસ્વ अ કાર (= शिव નો अ) ની પાછળ આવેલા रु ને 'हशि च ।' સૂત્રથી उ આદેશ થશે → शिव–उ + वन्द्यः । હવે अ + उ નો 'ગુણ' થઈને शिवो + वन्द्यः । એવી સન્ધિવાળું રૂપ સધાશે.

---

108. भो-भगो-अघो-'अ'पूर्वस्य योऽशि । ८-३-१७

एतत्पूर्वस्य रोर्यादेशोऽशि । देवा इह-देवायिह । भोस्-भगोस्-अघोस् इति सान्ता निपाताः, तेषां रोर्यत्वे कृते—

109. हलि सर्वेषाम् । ८-३-२२

भो-भगो-अघो-'अ'पूर्वस्य यस्य लोपः स्याद्धलि ।

भो देवाः । भगो नमस्ते । अघो याहि ॥

અનુવાદ : ૧૦૮. भोस्, भगोस्, अघोस् અને (અઢારેય પ્રકારનો) अ કાર જેની પૂર્વમાં છે એવા 'रु' > र् (આદેશ)ના સ્થાનમાં 'य्' એવો (નવો) આદેશ થાય છે; જો अश् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં આવેલો હોય તો. ઉદા. તરીકે— देवास् + इह । ૧. અહીં ससजुषो रुः । થી પદાન્તે આવેલા स કારને रु > र्

આદેશ થશે → देवार् + इह । ૨. હવે र् ની પૂર્વમાં (देवा નો) આ કાર આવેલો છે; અને તેની પાછળ अश् પ્રત્યાહારનો (इह નો) इ કાર આવેલો છે. તેથી र् ના સ્થાનમાં 'य्' એવો આદેશ થશે → देवाय् + इह । ૩. ત્રીજે તબક્કે ૩૦. लोपः शाकल्यस्य । સૂત્રથી 'अ વર્ણ છે પૂર્વમાં જેની' એવા પદાન્તે આવેલા य् કારનો વિકલ્પે લોપ થશે, કેમ કે અહીં નિમિત્ત રૂપે अश् = इ કાર પણ પરમાં આવેલો છે. તો → देवा० + इह । અથવા (य् કારનો લોપ નહીં થાય એ પક્ષમાં) देवाय् + इह = देवायिह ।। આમ કુલ બે રૂપો બનશે.

(આ સૂત્રમાં જે भो–भगो વગેરે શબ્દો નોંધ્યા છે, તે વાસ્તવમાં તો) भोस्, भगोस्, अघोस् એવા स् કારાન્ત નિપાતો (= અવ્યયો) છે. તેમના અંતિમ स् કારના સ્થાનમાં ससजुषो रुः । સૂત્રથી रु એવો આદેશ કરીને; પછી પ્રસ્તુત ૧૦૮ મા સૂત્રથી તે रु > र् ના સ્થાનમાં य् આદેશ કરવામાં આવે છે. આ य् આદેશ કરી લીધા પછી →

૧૦૯. भो, भगो, अघो કે अ કાર જેની પૂર્વમાં છે તેવા य् કારનો લોપ થાય છે; જો हल् (= કોઈ વ્યંજન) પરમાં હોય તો. (એવો સૌ આચાર્યનો મત છે.) ઉદાહરણ તરીકે,

(૧) भोस् + देवाः । भोरु + देवाः → भोर् + देवाः । भोय् + देवाः । અહીં य् ની પાછળ हल् (= देवाः નો द કાર) પરમાં છે તેથી તે य् નો લોપ થશે → भो० + देवाः । (સંબોધનમાં હે દેવો !) = भो देवाः । એવી સન્ધિ થશે.

(૨) भगोस् + देवाः । અહીં ૧૦૫ થી स् ને रु આદેશ → भगोरु + देवाः → भगोर् + देवाः । હવે ૧૦૮ થી र् ને સ્થાને य् આદેશ → भगोय् + देवाः । અહીં य् ની પરમાં हल् છે, તેથી ૧૦૯ સૂત્રથી य् નો લોપ થશે → भगो० + देवाः ।।

(૩) આ જ પ્રમાણે, अघोस् + याहि → अघोरु + याहि → अघोर् + याहि → अघोय् + याहि → अघो० + याहि ।। એવાં રૂપો બને છે.

---

110. रोऽसुपि । ८-२-६९

अह्नो रेफादेशो, न तु सुपि । अहरहः । अहर्गणः ।

111. रो रि । ८-३-१४

रेफस्य रेफे परे लोपः ।

112. ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः । ६-३-१११

ढ–रेफयोर्लोपनिमित्तयोः पूर्वस्याणो दीर्घः । पुना रमते । हरी रम्यः । शम्भू राजते । अणः किम् ? –तृढः । वृढः ।

અનુવાદ : ૧૧૦. अहन् (= दिवस) શબ્દના न् કારને સ્થાને રેફ આદેશ થાય છે; પરંતુ सुप् (વિભક્તિનો કોઈ પણ) પ્રત્યય પરમાં ન હોવો જોઈએ. ઉદાહરણ તરીકે—

(૧) अहन्+अहन् । અહીં પ્રસ્તુત સૂત્રથી अहन् શબ્દના (બન્ને) न् કારને 'રેફ' આદેશ થશે → अहर्+अहर् । પછી (પહેલા) રેફને પાછળના अ સ્વરની સાથે જોડી દઈશું તો अहरहर् । બનશે. તે પછી, खरवसानयोर्विसर्जनीयः । સૂત્રથી 'અવસાન' (= અંત)માં આવેલા રેફના સ્થાને વિસર્ગ થશે → अहरहः ॥ એવું રૂપ બનશે.

(૨) अहन+गणः । અહીં પણ अहन् ના न् કારને રેફાદેશ થશે → अहर्+गणः । પછી 'જલતુમ્બિકા' ન્યાયથી રેફનું પરવતી વર્ણના મસ્તક ઉપર ગમન થશે, તો → अहर्गणः । રૂપ બની જશે.

૧૧૧. રેફનો લોપ થાય છે; જો રેફ પરમાં રહેલો હોય તો.

૧૧૨. લોપ (કરવા)માં નિમિત્ત બનનાર ढ् કાર કે રેફની પૂર્વમાં આવેલા अण् (પ્રત્યાહારના વર્ણ)નો દીર્ઘ થાય છે. ઉદાહરણ તરીકે—

(सः) पुनर् + रमते ।
↓ ↑
સ્થાનિ પરમાં રેફ
↓ (નિમિત્ત)
લોપ
पुन० + रमते ।
↓
દીર્ઘ
पुना + रमते

(તે ફરીથી રમે છે)

૧. અહીં रो रि । સૂત્રથી पुनर् ના અંતિમ રેફનો લોપ થશે; કેમ કે તેની પાછળ પણ બીજો રેફ આવેલો છે.

૨. હવે पुनर् ના રેફના લોપમાં નિમિત્ત બનનારો रमते । નો રેફ પરમાં આવેલો છે. તેથી ૧૧૨ મા સૂત્રથી (લુપ્ત થયેલા રેફની) પૂર્વમાં આવેલા अण् ને (અર્થાત્ न ના હ્રસ્વ अ કારને દીર્ઘ થશે.

(૨) એ જ પ્રમાણે—

हरिस्+रम्यः । (શ્રીહરિ રમ્ય છે). અહીં **૧.** ससजुषो रुः । ૧૦૫ મા સૂત્રથી પદાન્તે આવેલા स् ને रु>र् થશે. તો → हरिर् +रम्यः । ૨. હવે रो रि । ૧૧૧ મા સૂત્રથી રેફ (रम्यः) પરમાં રહેતાં, તેની પૂર્વે આવેલા हरिर् ના રેફનો લોપ થશે → हरि० + रम्यः । ૩. ત્રીજે તબક્કે ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः । ૧૧૨ સૂત્રથી રેફના લોપમાં નિમિત્ત બનેલો રેફ (रम्यः) પરમાં છે તેથી, તે (લુપ્ત થયેલા

રેફની) પૂર્વમાં આવેલા अण् ને (અર્થાત્ हरि ના इ કારને) દીર્ઘ આદેશ થશે→हरी रम्यः ॥

(૩) शम्भुस् + राजते । (શમ્ભુ શોભી રહ્યા છે.) અહીં પણ પૂર્વોક્ત ક્રમે, ઉપર્યુક્ત ત્રણ સૂત્રો લાગશે તો-शम्भुर् + राजते → शम्भु० + राजते → शम्भू + राजते = शम्भू राजते । એવી સન્ધિ સિદ્ધ થશે.

શંકા : આ (૬-૩-૧૧૧) સૂત્રમાં 'अणः' એવા પદનું શું પ્રયોજન છે? **સમાધાન :** [અહીં એ યાદ કરવું જરૂરી છે કે ૧૧. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ સૂત્રમાં જ अण् પ્રત્યાહાર પર = लण् ના ण् કાર સુધી લેવાનો છે. એ સિવાયના કોઈપણ સૂત્રમાં, દા. ત. આ ૬-૩-૧૧૧ માં, જ્યાં अण् આવ્યો હોય, ત્યાં પૂર્વ ण् કાર સુધી જ પ્રત્યાહાર લેવાનો છે. એટલે કે અહીં ૧૧૨ મા સૂત્રમાં अण् નો અર્થ अ-इ-उ-ण् । એટલો જ લેવાનો છે. પરિણામે ૧૧૨ મા સૂત્રથી જે દીર્ઘવિધિ કહ્યો છે, તે આ अ-इ-उ ત્રણ વર્ણોને જ લાગુ પડશે. પણ ऋ કારનો દીર્ઘ થશે નહીં.] √तृह (हिंसायाम्)+કર્મણિ ભૂતકૃદન્તનો क्त > त પ્રત્યય. પછી અમુક વિધિઓ થતાં तृढ्+ढ । બનશે. પછી रोरि । જેવું બીજું એક સૂત્ર 'ढो ढे लोपः । છે. તેથી ढ् પરમાં રહેતાં, તેની પૂર્વે આવેલા ढ् નો લોપ થાય છે →तृ०+ढ । હવે પ્રસ્તુત ૧૧૨ મા સૂત્રથી ढ લોપમાં નિમિત્ત બનેલો ढ પરમાં છે, તેથી तृ ના ऋ કારનો દીર્ઘ થવા આવે છે; પણ આપણે તેને દીર્ઘ ॠ માં ફેરવી શકીશું નહીં. કારણ કે સૂત્રકારે 'अणः' એવું પદ જોડીને કેવળ अ-इ-उ-ण् । એટલા સ્વરોનો જ દીર્ઘ કરવો એમ કહ્યું છે. = આમાં ऋ કારનો સમાવેશ થતો નથી. આથી तृढः । એવું (દીર્ઘાભાવવાળું) રૂપ જ બની રહેશે. આવી જ રીતે, वृढः । રૂપમાં પણ દીર્ઘનો અભાવ થયો છે એમ જાણવું.

'मनस् + रथः' इत्यत्र (८-२-६६) रुत्वे कृते, "हशि च" (६-१-११४) इति उत्वे, "रो रि" (८-३-१४) इति लोपे च प्राप्ते—

113. विप्रतिषेधे परं कार्यम् । १-४-२

तुल्यबलविरोधे परं कार्यं स्यात् । इति लोपे प्राप्ते । "पूर्वत्रासिद्धम्" (८-२-१) इति "रो रि" (८-३-१४) इत्यस्य असिद्धत्वाद् उत्वम् एव । मनोरथः ॥

અનુવાદ : मनस् + रथः । આ સ્થિતિમાં (ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્રથી) પદાન્તે આવેલા स् ને रु > र् આદેશ કરી લીધા પછી→मनर् + रथः ।

એ સ્થિતિમાં એકી સાથે બે સૂત્રોની પ્રવૃત્તિ થવા આવે છે. જેમ કે, हशि च । ૬-૧-૧૧૪ સૂત્ર કહે છે કે "हश् પરમાં રહેતાં रु>र्‌ના સ્થાનમાં उ કરો (मनउ + रथः); તથા બીજી તરફથી रो रि । ૮-૩-૧૪ સૂત્ર એમ કહે છે કે રેફ પરમાં રહેતાં, પૂર્વે આવેલા રેફનો લોપ કરો. (એટલે કે मन० + रथः). હવે પ્રશ્ન થશે કે આ બે ૬-૧-૧૪ અને ૮-૩-૧૪-એ બે સૂત્રોમાંથી કોની પ્રવૃત્તિ પહેલાં કરીશું ? [આવી સ્થિતિમાં વ્યવસ્થા કરવા માટે પાણિનિનાં એક ૧-૪-૨ સૂત્રનું સ્મરણ કરી જોવામાં આવે છે. જેમકે—]

૧૧૩. તુલ્ય બલવાળાં બે સૂત્રોની વચ્ચે વિરોધ ઊભો થાય ત્યારે, (તે બે સૂત્રોમાંથી) જે પર સૂત્ર (= પાછળના ક્રમાંકે આવેલું) હોય, તેને પ્રવૃત્ત કરવું.

આવા (૧—૪—૨) પરિભાષાસૂત્રથી = વ્યવસ્થાપક વચનથી તો પહેલે તબક્કે એવો નિર્ણય હાથ લાગે છે કે मनर् + रथः ।માં જે हशि च । ૬-૧-૧૧૪ અને रो रि । ૮-૩-૧૪ એવાં બે સૂત્રો પ્રવૃત્ત થવા માટે ઉદ્યત થયાં છે, તેમાંથી જે પરસૂત્ર—એટલે કે ૮-૩-૧૪ મું સૂત્ર—છે, તેની પ્રવૃત્તિ પહેલાં કરીશું.

પણ આ સ્થિતિમાં, બીજા એક અધિકારસૂત્ર = વ્યવસ્થાપકવચનને યાદ કરાવવામાં આવે છે : ૩૧. पूर्वत्रासिद्धम् । ૮—૨—૧. [આ સૂત્રે એમ કહ્યું છે કે— 'પૂર્વમાં', એટલે કે સવા સાત અધ્યાયમાં આ ત્રિપાદી (૮–૨, ૮–૩, ૮–૪)નાં સૂત્રો અસિદ્ધ છે. અર્થાત્ એકી સાથે પ્રવૃત્ત થવા આવેલાં બે સૂત્રોમાંથી જો એક સપાદ સપ્તાધ્યાયીનું હોય; અને બીજું સૂત્ર ત્રિપાદીનું હોય તો, તે સપાદ સપ્તાધ્યાયીના સૂત્રની દૃષ્ટિએ ત્રિપાદીનું સૂત્ર અસિદ્ધ (= ન હોવા બરોબર) ઠરે છે.] આથી हशि च । ૬-૧-૧૧૪ની અપેક્ષાએ रो रि । ૮-૩-૧૪ (પરસૂત્ર હોવા છતાંય; તે ત્રિપાદીનું હોવાથી) અસિદ્ધ છે. હવે मनर् + रथः । એ સ્થિતિમાં हशि च । ૬-૧-૧૪ સૂત્રથી રેફને उत्व જ થશે → मन उ + रथः । ત્યાર પછી आद्‌गुणः । થી अ + उ નો 'ગુણ' (= ओ) થશે. તો मनो + रथः = मनोरथः । શબ્દની સિદ્ધિ થશે.

(વિવરણ) : મહર્ષિ પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં જે ૩૮૯૭ જેટલાં સૂત્રો રજૂ કર્યાં છે; તેને ચાર–ચાર પાદના બનેલા આઠ અધ્યાયોમાં તો વિભકત કર્યાં જ છે; પણ સાથે સાથે તેમાં રજૂ થયેલાં સઘળાં સૂત્રો વચ્ચે બલાબલ–ભાવ નક્કી કરવા / બાધ્ય–બાધક ભાવ નક્કી કરવા / સિદ્ધ–અસિદ્ધ ભાવ નક્કી કરવા માટે ઉપર નિર્દેશ્યા મુજબનાં બે વ્યવસ્થાપક વચનો પણ રજૂ કર્યાં છે. આ બન્ને વચનોનું 'અષ્ટાધ્યાયી'માં કયું સ્થાન છે અને શું કામ છે ? તે વિગતે સમજી લેવું અનિવાર્ય છે :—

	અધ્યાય-	પાદ-	સૂત્રક્રમાંક	સૂત્ર-સ્વરૂપ
સપાદસપ્તાધ્યાયી	૧ —	૧ —	૧	वृद्धिरादैच् ।
	૧ —	૨		
	૧ —	૩		
	૧ —	૪ —	૧	आकडारादेका संज्ञा ।
	૧ —	૪ —	૨ (क)	विप्रतिषेधे परं कार्यम् ।
	૨ —	૧		
	૨ —	૨		
	૨ —	૩		
	૨ —	૪		
	....		{આ જ પ્રમાણે ૩, ૪, ૫, ૬ અધ્યાયમાં પણ ચાર-ચાર પાદો આવેલાં છે.}	
	૭ —	૧		
	૭ —	૨		
	૭ —	૩		
	૭ —	૪		
	૮ —	૧ —	૧ થી—૭૪	
ત્રિપાદી	૮ —	૨ —	૧ (ख)	पूर्वत्रासिद्धम् । ૮-૨-૧
	૮ —	૩ —		⋮
	૮ —	૪ —	૧ થી—૬૮	अ अ । (૮-૪-૬૮)

અહીં ૮-૨-૧ સૂત્રથી 'અષ્ટાધ્યાયી' બે ભાગમાં વહેંચાઈ જાય છે: ૧. સપાદસપ્તાધ્યાયી (= એકથી સાત અધ્યાય પુરા અને આઠમા અધ્યાયનો પહેલો પાદ), અને ૨. ત્રિપાદી (આઠમા અધ્યાયનો બીજો, ત્રીજો અને ચોથો પાદ). આ બન્ને વિભાગમાં આવેલાં સૂત્રો વચ્ચેનો બલાબલ ભાવ નીચે પ્રમાણે નક્કી થાય છે :—

[૧] विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્ર (કેવળ) સપાદસપ્તાધ્યાયીમાં આવેલાં સૂત્રો બાબતે એવી વ્યવસ્થા જાહેર કરે છે કે 'તુલ્યબલવાળાં બે સૂત્રો'માંથી કયા એક સૂત્રની પ્રવૃત્તિ કરવી? એવો પ્રશ્ન ઊભો થાય ત્યારે જે સૂત્ર ક્રમાંકની દૃષ્ટિએ પાછળ આવેલું = પરસૂત્ર હોય તેની (જ) પ્રવૃત્તિ કરવી.

[નોંધ: 'તુલ્ય બલવાળાં બે સૂત્રો' એટલે એવાં સૂત્રો કે જે કોઈ એકાદ ઉદાહરણમાં પોતાને જે કાર્ય કરવાનું હોય તે કાર્ય કરી ચૂકયા હોય. અર્થાત્ કોઈકને કોઈક ઉદાહરણમાં ચરિતાર્થ થયેલાં સૂત્રોને 'તુલ્યબલવાળાં સૂત્રો' કહે છે.

આથી વિપરીત સ્થિતિમાં, એટલે કે જે બે સૂત્રોની એકી સાથે કોઈ એક જ ઉદાહરણમાં પ્રવૃત્તિ થવા આવે, તેમાં જો કોઈ એક સૂત્ર ક્યાંય ચરિતાર્થ ન થયું હોય (= કોઈ એકાદ ઉદાહરણમાં તેની પ્રવૃત્તિ ના થઈ હોય) તો એવા સંજોગોમાં એ સૂત્રને 'અનવકાશ (= નિરવકાશ) સૂત્ર' કહેવામાં આવશે. આવું અનવકાશસૂત્ર, અષ્ટાધ્યાયીમાં ક્રમાંકની દૃષ્ટિએ પૂર્વસૂત્ર હોય તો પણ, સર્વતો બળવાન બને છે, અને બીજા કોઈ પણ સૂત્રનો બાધ કરી દે છે.]

આમ, ૧–૪–૨ સૂત્ર સપાદસપ્તાધ્યાયીનાં* કોઈ બે સૂત્રો વચ્ચે ઝઘડો ઊભો થાય ત્યારે વ્યવસ્થા કરી આપે છે (કે તુલ્યબલવાળાં બે સૂત્રોમાંથી) જે પરસૂત્ર હોય તેનાથી જ કાર્ય કરવું.

[૨] पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ સૂત્ર કહે છે કે "पूर्व-त्र = પૂર્વમાં એટલે કે સપાદસપ્તાધ્યાયીમાં, હવે પછી રજૂ થનારો વિભાગ—અર્થાત્ ત્રિપાદી—અસિદ્ધ (= ન હોવા બરોબર) છે." આ સૂત્રના આવા શબ્દાર્થમાંથી જે વ્યવસ્થા તારવવામાં આવે છે તે નીચે મુજબ છે :–

સપાદસપ્તાધ્યાયીના સૂત્રની અપેક્ષાએ ત્રિપાદીમાં આવેલું કોઈ પણ સૂત્ર અસિદ્ધ (= ન હોવા બરોબર, અર્થાત્ તદ્દન નિર્બળ) છે. આથી કોઈ એક જ ઉદાહરણમાં ધારો કે એક સપાદસપ્તાધ્યાયીનું સૂત્ર પ્રવૃત્ત થવા આવે છે; અને તેની જ યુગપત્ = તેની જ સાથે/તે જ સમયે ત્રિપાદીનું કોઈક સૂત્ર પ્રવૃત્ત થવા આવે તો તે બેમાંથી ત્રિપાદીના સૂત્રને અસિદ્ધ = ન હોવા બરોબર જાહેર કરવામાં આવે છે. આમ આ ૮–૨–૧ સૂત્ર કહે છે કે ત્રિપાદીનાં સૂત્રોની અપેક્ષાએ સપાદસપ્તાધ્યાયીનાં સૂત્રો સિદ્ધ—બળવાન છે.

[૩] पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ સૂત્રનો શબ્દાર્થ (ઉપર મુજબ) સમજી લીધા પછી, એ સૂત્રના 'પ્રકાર'ને પણ સમજી લેવાનો છે. આ સૂત્રને 'અધિકાર–પ્રકારનું સૂત્ર' ગણવામાં આવ્યું છે. આથી આ સૂત્રની આઠમા અધ્યાયના અંતિમ સૂત્ર अ अ । ૮–૪–૬૮ સુધી અનુવૃત્તિ જાય છે, આવા લાંબા અધિકારથી એવું સૂચવાય છે કે ત્રિપાદીમાં પણ પૂર્વ–પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર પર સૂત્ર અસિદ્ધ છે. આનો ફલિતાર્થ એવો થશે કે—કોઈ એક જ ઉદાહરણમાં માની લો કે એકી સાથે/સમયે ત્રિપાદીમાં જ આવેલાં બે સૂત્રોની પ્રવૃત્તિ થવા આવે તો ત્યાં ક્રમાંકની દૃષ્ટિએ પૂર્વમાં આવેલું સૂત્ર જ સિદ્ધ છે—બળવાન છે; અને બીજું પાછળ આવેલું સૂત્ર અસિદ્ધ = ન હોવા બરોબર છે. (આથી ત્રિપાદીના પર પર સૂત્રોને નિર્બળ ગણવામાં આવે છે.)

---

* પ્રોફે. ફેડેગોન નામના વિદ્વાન્ એમ કહે છે કે ૧–૪–૨ સૂત્રની કેવળ "એક સંજ્ઞાધિકાર" (૧–૪–૧ થી ૨–૨–૩૮)માં જ પ્રવૃત્તિ થાય છે. પણ પ્રાચીન ભારતીય વૈયાકરણ પરંપરાના મતે આ ૧–૪–૨ સૂત્ર સમગ્ર સપાદસપ્તાધ્યાયીમાં પ્રવૃત્તિ કરે છે.

[નોંધ : ૧-૪-૨ થી પરસૂત્રને બળવાન ગણીને જે કાર્ય કરવામાં આવે છે, તે કાર્ય થઈ ગયા પછી (એકવાર બાધિત થયેલા) પૂર્વસૂત્રની પણ (પુનઃ) પ્રાપ્તિ થાય તો તેની પાછળથીય પ્રવૃત્તિ કરી શકાતી નથી. અહીં એકવાર બાધિત થયેલું સૂત્ર કાયમ માટે બાધિત થયેલું ગણાય છે.

જ્યારે ત્રિપાદીમાં પરસૂત્રનો બાધ કરીને, પહેલાં પૂર્વસૂત્રની પ્રવૃત્તિ કરી લીધા પછી, પરસૂત્રને પણ લાગવા માટેનું નિમિત્ત ચાલુ રહેતું હોય તો, પાછળથી પરસૂત્ર પણ લાગી શકે છે. અર્થાત્ ત્રિપાદીમાં પરસૂત્રનો કાયમ બાધ થાય છે એમ માનવાનું નથી. ત્યાં તો ફક્ત યુગપત્ પ્રાપ્ત થયેલાં બે સૂત્રોની પ્રવૃત્તિ કયા ક્રમે કરવી? એટલું જ નક્કી કરી આપવામાં આવે છે. જેમકે, પૂર્વસૂત્રની પહેલાં પ્રવૃત્તિ કરવી. અને પછીથી જો પરસૂત્ર ય લાગી શકે એમ હોય તો તેને પણ (પાછળથી) લગાડવું.]

---

114. एतद्–तदोः सुलोपोऽकोरनञ् समासे हलि । ६–१–१३२

अककारयोरेतत्तदोर्यः सुस्तस्य लोपो हलि, न तु नञ्समासे ॥ एष विष्णुः । स शम्भुः । अकोः किम् ? एषको रुद्रः । अनञ् समासे किम् ?– असः शिवः । हलि किम् ?–एषोऽत्र ॥

115. सोऽचि लोपे चेत् पादपूरणम् । ६–१–१३४

'सः' इत्यस्य सोर्लोपः स्याद् अचि, पादश्चेल्लोपे सत्येव पूर्येत ॥ सोमामविड्ढि प्रभृतिम् । सैष दाशरथी रामः ॥

॥ इति विसर्गसन्धिप्रकरणम् ॥

અનુવાદ ૧૧૪. જેમાં (अकच् પ્રત્યયનો) 'क' કાર જોડાયો નથી એવા एतत् અને तत् (સર્વનામ)ને લાગેલો જે (પ્રથમા વિભક્તિનો) सु પ્રત્યય, તેનો લોપ થાય છે; જો हल् પરમાં હોય તો; તથા એ नञ् સમાસનો સંદર્ભ ના હોય તો. ઉદાહરણ તરીકે—(૧) एतद् + सु + विष्णुः । અહીં एतद् સર્વનામ, (કે જેમાં क કાર જોડીને 'एतकद्' એવું શબ્દ સ્વરૂપ નથી બનાવ્યું; તે)ની પાછળ પ્રથમા વિભક્તિનો 'सु' પ્રત્યય જોડયો છે. તેમાં અમુક સૂત્રો લગાડીને एष + सु → एष + स् । એવું બનાવવામાં આવે છે. (एतद्માંથી एष બનાવવાની પ્રક્રિયા આગળ ઉપર

'હલન્તપુંલિંગ–પ્રકરણ'માં બતાવીશું.) હવે एषस् + विष्णुः । એવી સ્થિતિ આવીને ઊભી રહ્યા પછી પ્રસ્તુત ૧૧૪ મા સૂત્રથી "एतद् ની પરમાં આવેલા 'सु' પ્રત્યયના स् નો લોપ કરવામાં આવશે; કેમકે તે (सु પ્રત્યય)ની પરમાં हल् = વ્યંજન [विष्णुः નો व् કાર] આવેલો છે." તો एष० + विष्णुः = एष विष्णुः । એવી (વિસર્ગ/स् લોપવાળી) સન્ધિ થયેલું રૂપ હાથ લાગે છે.

(૨) तद् + सु + शम्भुः । અહીં तद् સર્વનામમાં પણ क કાર જોડયો નથી = શુદ્ધ तद् સર્વનામની પાછળ પ્રથમા વિભક્તિનો सु→स् પ્રત્યય આવેલો છે; અને તેની પણ પાછળ शम्भुनो श् કાર વ્યંજન રૂપે = हल् આવેલો છે. તેથી પ્રસ્તુત સૂત્રથી તે स् નો લોપ થશે :—तद् + ० + शम्भुः । (પછી तद् સર્વનામના સ્થાનમાં અમુક સૂત્રોથી ફેરફાર કરીને स + ० + शम्भुः =) स शम्भुः । એવી સન્ધિ કરવામાં આવે છે.

શંકા : (૧) આ સૂત્રમાં एतद् અને तद् ના વિશેષણ તરીકે अकोः ['=જેમાં क કાર (= अकच् પ્રત્યયનો क કાર) નથી જોડયો'] એવું પદ શા માટે ઉમેર્યું છે? અર્થાત્ एतद् અને तद् માં જો क કાર જોડીને एतकद् કે तकद् એવાં સર્વનામો બનાવ્યાં હોય તો શું ફરક પડે?

સમાધાન : एतकद् માંથી एषक + सु → एषक + स = एषकः । એવું રૂપ બને છે. [एषः અને एषकः એ બન્ને પદોનો અર્થ એક સરખો જ થાય છે. एषः रुद्रः । કહો કે एषकः रुद्रः । કહો, પણ બન્નેનો અર્થ 'આ રુદ્ર' એવો જ થાય છે.] હવે एषक + सु + रुद्रः । એ પરિસ્થિતિમાં જે एतद् માંથી क કાર જોડીને एषक શબ્દરૂપ બનાવ્યું છે તેની પાછળ આવેલા सु→स् નો લોપ નહીં થાય; (ભલે તેની પાછળ हल् રૂપે रुद्र નો રેફ આવેલો છે; તો પણ); કારણ કે एषकस् > एषकः માં શુદ્ધ एतद् શબ્દ નથી; પણ क કાર જોડેલો एषक શબ્દ છે તેથી. (અહીં एषक + स् → एषक + र् → एषक + उ → एषको रुद्रः । બન્યું છે.)

શંકા : (૨) સૂત્રકારે अनञ्समासे (=नञ् સમાસનો સન્દર્ભ ના હોય તો) એવી શરત ઉમેરી છે તેનાથી શું પરિણામ આવશે ?

સમાધાન : (જેમ न ब्राह्मणः इति अब्राह्मणः । એવો નઞ્ તત્પુરુષ સમાસ બને છે, તેમ न सः शिवः । 'તે શિવ નથી' એ અર્થમાં = असः शिवः । એવો (असः) 'નઞ્ તત્પુરુષ સમાસ બને છે. ત્યાં પણ શુદ્ધ (क કાર જેમાં જોડયો નથી. તેવો) तद् શબ્દમાંથી सः રૂપ બન્યું છે, અને તેની પરમાં शिव નો श् કાર हल् રૂપે આવેલો પણ છે. તથાપિ असः માં (= स + सु → स + स्) 'सु' નો લોપ થતો નથી; કારણ કે આ असः ભલે क કાર વગરનો શબ્દ છે; પણ સૂત્રકારે તો તે નઞ્સમાસ-વાળો શબ્દ પણ ના હોવો જોઈએ એવી બીજી શરત પણ મૂકી છે. તો આ ઉદાહરણમાં નઞ્ સમાસનો સન્દર્ભ હોવાથી असः માંથી 'सु' પ્રત્યયનો, અર્થાત્ વિસર્ગ (:)નો

લોપ થયો નથી. अस: शिव: । એવું વિસર્ગ સહિતનું સન્ધિવાળું રૂપ ચાલુ રહ્યું છે.

શંકા : (૩) "हल् પરમાં રહે ત્યારે" (एतद् અને तद् ની પાછળ આવેલા सु નો લોપ થાય છે) એમ કેમ કહ્યું છે ?

સમાધાન : एषोऽत्र । આ ઉદાહરણમાં મૂળમાં एतद् માંથી (एतद्+सु ની પ્રક્રિયા કરીને) एष: । રૂપ બનાવવામાં આવે છે. અહીં एषस् માંથી सु નો લોપ થયો નથી; કારણ કે તેની પાછળ अत्र શબ્દનો જે 'अ' આવેલો છે, તે हल् નથી; (अच् છે). [ત્યાર પછી स् કારને रु, અને रु ને उ આદેશ કરીને, ગુણ વિધિ કરીશું તો एषो+अत्र બનશે. પછી પૂર્વરૂપ થઈને एषोऽत्र । બનશે.]

*

૧૧૫. स: ('તે') એવા પદમાંથી सु>स्> : (વિસર્ગ)નો લોપ થાય છે; જો अच् પરમાં હોય તો; અને [કાવ્યમાં છન્દોબદ્ધ રચના કરતી વખતે] 'પાદ' ની પૂર્તિ જો તેવો લોપ કરવાથી જ થતી હોય તો. ઉદાહરણ તરીકે—

(૧) सेमामविड्ढि प्रभृतिम्० । ('તે આપશ્રી અમને આ પ્રભૃતિ–પ્રકૃષ્ટ ધારણ કરાવો; કે જે તમે અમને આપી શકો છો'. અહીં तद्+सु । માંથી सस्→स: બન્યું છે. તેની પાછળ इमाम् પદ આવેલું છે. એટલે કે ઉપરની પંક્તિનો સન્ધિચ્છેદ કરીને જોઈએ તો स: इमाम् अविड्ढि प्रभृतिम् । છે.) અહીં सस्+इमाम् । માં स ની પાછળ આવેલા सु પ્રત્યયના स् નો લોપ થાય છે, કેમકે તેની પાછળ સ્વર (इमाम्) આવેલો છે; વળી આવો લોપ કરીને પછી (स०+इमाम्) स+इ→ગુણ→से+माम् =सेमाम् । એવું બે પદમાંથી એક પદ બન્યું છે; અને આવો લોપ થયા પછી—

१ २३   १२
स इमाम्–ત્રણ અક્ષરમાંથી (ગુણ કરીને) બે અક્ષર सेमाम् બનાવાયા છે.

[હવે એ વિચારીએ કે આવો લોપ કરીને ત્રણમાંથી બે અક્ષર બનાવવાથી છન્દના 'પાદ'ની પૂર્તિ થઈ કે નહીં ? તો] सेमामविड्ढि प्रभृतिं य ईशिषे । આ જગતી–છન્દમાં લખાયેલા વૈદિકમન્ત્રનો એક 'પાદ' (=ચરણ) છે. જગતી છન્દમાં ૧૨–૧૨ અક્ષરના ચાર પાદ (કુલ ૪૮ અક્ષર) હોય છે. હવે જો આ ૧૧૫. સૂત્રથી सस् ના स् કારનો લોપ નહીં કર્યો હોય તો स इमाम् એવાં બે પદો અલગ રહી જાત, અને કુલ ૧૩ અક્ષર બની જશે. એટલે કે જગતી છન્દના પાદની પૂર્તિ નહીં થાય. પણ આપણે તો स् નો લોપ કરી, ગુણ કરી सेमाम् એવું એક પદ બનાવી લીધું છે, તેથી બાર અક્ષરવાળો એક 'જગત–પાદ' બની જાય છે.

ઉદા. (૨) सैष दाशरथी राम: । આ અનુષ્ટુપ્ છન્દનો આઠ અક્ષરનો એક પાદ છે. તેમાં પણ सस्+एष: માં પ્રકૃતસૂત્રથી स् નો લોપ કરી, स+ए માં વૃદ્ધિ

કરીને સૈષ: બનાવીશું, તો આઠ અક્ષરનો જ પાદ બની રહેશે. પણ જો આવો
૧ ૨૩ ૪૫૬૭ ૮૯
લોપ ન કરવામાં આવે તો स एष दाशरथी रामः । એવાં નવ અક્ષર રહી જશે; અને તો તે 'આનુષ્ટુભ પાદ' કહેવાશે નહીં. [આનાં ઉદાહરણ રૂપે આખો શ્લોક આ મુજબ છે :-

૧૨ ૩૪૫૬ ૭૮ ૧૨ ૩૪ ૫૬૭૮
सैष दाशरथी रामः, सैष राजा युधिष्ठिरः ।
सैष कर्णो महादानी, सैष भीमो महाबलः ॥
૧૨ ૩૪ ૫૬૭૮ ૧૨ ૩૪ ૫૬૭૮

અહીં બધે જ सः+एषः માં ત્રણ અક્ષર છે, પણ પ્રકૃત સૂત્રથી सः = सस् ના स् કારનો લોપ કરી, પછી (अ+एની) વૃદ્ધિ કરીને, સૈષ: એવી સન્ધિ કરવામાં આવી છે. પરિણામે ત્રણમાંથી બે અક્ષર બની જાય છે; અને સર્વત્ર આઠ–આઠ અક્ષરના 'પાદ' બની જાય છે. આમ પાદપૂર્તિ થતી હોવાથી स्નો લોપ કરવામાં કોઈ બાધા આવતી નથી.

આ પ્રમાણે 'વિસર્ગસન્ધિ પ્રકરણ' પૂરું થયું.

(વિવરણ) : આ 'લઘુસિદ્ધાન્તકૌમુદી' માં પહેલા સંજ્ઞા પ્રકરણ પછી જે બીજાં ત્રણ પ્રકરણો આવ્યાં છે તે સન્ધિ પ્રકરણો છે. તેમાં अच्सन्धि, हल्सन्धि અને विसर्गसन्धि એ વર્ણવી છે. પરંતુ વૈયાકરણોની મંડળીમાં આ ત્રણેય પ્રકરણોને पञ्चसन्धि ના નામે પણ ઓળખવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે અહીં કઈ કઈ પાંચ સન્ધિઓ વર્ણવી છે ? તો ૧. સ્વરસન્ધિ, ૨. વ્યંજનસન્ધિ, ૩. પ્રકૃતિભાવ (= સન્ધિના અભાવવાળા સન્દર્ભો) ૪. સ્વાદિ સન્ધિ (જેમાં પ્રકૃતિ + પ્રત્યય દરમિયાન થતી સન્ધિઓ; 'નામ'ને सुप् વિભક્તિ પ્રત્યયો લગાવતાં જે સન્ધિઓ કરવી પડે તે, દા. ત., સૂત્ર ક્રમાંક–૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૧૪ અને ૧૧૫ વગેરે) અને ૫. વિસર્ગસન્ધિઓ.

૫

(अथ षड्लिङ्गप्रकरणम्)

॥ अथ अजन्तपुँल्लिङ्गप्रकरणम् ॥

---

116. अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । १-२-४५

धातुं प्रत्ययं प्रत्ययान्तं च वर्जयित्वा अर्थवच्छब्दस्वरूपं प्रातिपदिकसंज्ञं स्यात् ।

117. कृत्तद्धितसमासाश्च । १-२-४६

कृत्तद्धितान्तौ समासाश्च तथा स्युः ।

અનુવાદ : ૧૧૬. (ક્રિયાવાચક) ધાતુને, પ્રત્યયને, અને પ્રત્યયાન્તને છોડીને બાકીના જે અર્થવાનૂ શબ્દસ્વરૂપ (અર્થાત્ સાર્થક નામો) હોય તેમની 'પ્રાતિપદિક' સંજ્ઞા થાય છે.

૧૧૭. કૃત્-પ્રત્યયાન્ત શબ્દ સ્વરૂપ, તદ્ધિત-પ્રત્યયાન્ત શબ્દ સ્વરૂપ અને સમાસોની (=સામાસિક શબ્દોની) પણ તેવી જ (અર્થાત્ 'પ્રાતિપદિક') સંજ્ઞા થાય છે.

(વિવરણ) : આ બે સંજ્ઞાસૂત્રો છે. તેમનાથી 'પ્રાતિપદિક' એવી સંજ્ઞા કોની કોની કરવી એ શીખવવામાં આવ્યું છે. સામાન્ય રીતે લોકમાં બે પ્રકારના ધ્વનિઓ સાંભળવા મળે છે : ૧. નિરર્થક અને ૨. સાર્થક. આમાંથી વાદળાંનો ગડગડાટ કે પશુ-પક્ષીઓનાં અવાજને નિરર્થક ધ્વનિઓ ગણવામાં આવે છે. આવા ધ્વનિઓ-શબ્દો-ની આ સૂત્રથી 'પ્રાતિપદિક' સંજ્ઞા થશે નહીં. કારણ કે આ સૂત્રમાં વપરાયેલા अर्थवत् પદથી "જે અર્થવાળું હોય" એવા શબ્દસ્વરૂપની જ પ્રાતિપદિકસંજ્ઞા કરવાનું કહ્યું છે.

હવે લોકમાં માનવોના જે સાર્થક ધ્વનિઓ-શબ્દો-સાંભળવા મળે છે તેમાંથી કોની કોની પ્રાતિપદિકસંજ્ઞા થાય અને કોની પ્રાતિપદિકસંજ્ઞા નહીં થાય એ તપાસીશું. દા. ત., 'पचति । '(તે) રાંધે છે.' गच्छति । '(તે) જાય છે.' આ પદોમાંથી અમુક ચોક્કસ અર્થો સમજાય છે. તેમનું પૃથક્કરણ કરીએ તો गच्छ् + अ + ति ।

એવા બે અંશો છે. એમાંથી પહેલા અંશને 'પ્રકૃતિ' કહેવાય છે, અને બીજા અંશને 'પ્રત્યય' કહેવાય છે. એમાંથી गम् > गच्छ् એટલે 'જવું'. આમ પહેલો અંશ કોઈક ક્રિયાનો વાચક છે. સંસ્કૃત વ્યાકરણમાં એવી ક્રિયાવાચક પ્રકૃતિને 'ધાતુ' કહેવામાં આવે છે. પાણિનિએ પ્રસ્તુત સૂત્રમાં अधातुर = अधातुः શબ્દ મૂકીને કહ્યું છે કે (ક્રિયા રૂપી અર્થ આપનારા) 'ધાતુ'ઓની પ્રાતિપદિક સંજ્ઞા થતી નથી.

गच्छ् + अति । માં જે બીજો અંશ છે તે પણ સાર્થક છે. કેમકે તેમાંથી ૧. ત્રીજા પુરુષ, ૨. એકવચન અને ૩. વર્તમાનકાળ જેવા અર્થો સમજાય છે. ધાતુની પાછળ જોડાનારા આવા કાળ અને પુરુષના વાચક અંશને વ્યાકરણમાં 'પ્રત્યય' કહેવામાં આવે છે. (એ જ પ્રમાણે रामस्य = 'રામ + નું' એવું પદ લઈએ તો તેમાં પણ રામની પાછળ જોડાયેલો 'स्य' એવો ધ્વનિ તે 'પ્રત્યય' કહેવાય છે, અને એ પણ સાર્થક હોય છે.) હવે પાણિનિએ ૧૧૬ મા સૂત્રમાં अप्रत्ययः શબ્દ મૂકીને કહ્યું છે કે જે પ્રત્યયો હોય તેની પણ 'પ્રાતિપદિક' સંજ્ઞા થતી નથી.

આ ઉપરાંત, આ શાસ્ત્રમાં એક પરિભષાવચન છે કે प्रत्ययग्रहणे तदन्तग्रहणम् । અર્થાત્ 'જ્યાં કોઈ પ્રત્યયનું ગ્રહણ/ઉલ્લેખ કર્યો હોય ત્યાં તદન્ત શબ્દસ્વરૂપનું ગ્રહણ કરવું" અર્થાત્ આ સૂત્રમાં अप्रत्ययः શબ્દનું ગ્રહણ કર્યું છે, તો તેનાથી अप्रत्ययान्तः એવા (તદન્ત શબ્દ)નું પણ ગ્રહણ કરી જ લેવાનું. આનો ફલિતાર્થ એવો નીકળશે કે એકલા ति પ્રત્યયની, કે એકલા स्य પ્રત્યયની તો પ્રાતિપદિક સંજ્ઞા નહીં જ થાય; પણ ति પ્રત્યયાન્ત = गच्छति (આખા)ની પણ પ્રાતિપદિક સંજ્ઞા નહીં થાય; અને 'रामस्य' એવા स्य પ્રત્યયાન્ત શબ્દની–પદની–પણ પ્રાતિપદિકસંજ્ઞા નહીં થાય.

આમ ત્રણ પ્રકારના સાર્થક શબ્દો (૧. ધાતુ, ૨. પ્રત્યય અને ૩. પ્રત્યયાન્ત શબ્દો)ની પ્રાતિપદિક સંજ્ઞાનો નિષેધ કરીને, પાણિનિએ એ ત્રણ સિવાયના જે अर्थवत् = અર્થવાળા (સાર્થક) શબ્દો હોય તેની પ્રાતિપદિકસંજ્ઞા કરવી એમ કહ્યું છે. દા. ત., वृक्ष, वन, घन, सूर्य, चन्द्र વગેરે. [આ ઉપરાંત च, अपि, यथा, तथा इव વગેરે અવ્યયો અને उप, प्रति, अभि વગેરે ઉપસર્ગો પણ સાર્થક હોવાથી એક તબક્કે પ્રાતિપદિક સંજ્ઞાવાળા બને છે એ જાણવું.]

૧૧૭. આ સૂત્રથી પાણિનિએ બીજા ત્રણ પ્રકારના શબ્દોની પણ પ્રાતિપદિક સંજ્ઞા જાહેર કરી છે : (૧) જે 'કૃત્' પ્રત્યયાન્ત શબ્દો છે, દા. ત., कर्तृ, हर्तृ, धातृ, कारक, हारक, धारक, करण, हरण, धरण, कृति, हृति, घृति વગેરે, તથા पङ्कज, वरद, प्रियंवद, कुशल, सुवर्णकार વગેરે તેમની પ્રાતિપદિક સંજ્ઞા થાય છે. (ક્રિયાવાચક) ધાતુની પાછળ 'કૃત્' સંજ્ઞાવાળા પ્રત્યયો લાગીને જે શબ્દો બને (દા. ત. √कृ + तृच् = कर्तृ, અથવા √कृ + अक = कारक વગેરે) તેને "કૃદન્ત" શબ્દો

કહે છે. (૨) એ જ પ્રમાણે એક નામ ઉપરથી બીજા નામને સાધવામાં આવે છે ત્યારે તેને 'તદ્ધિત નામ' કહેવાય છે. દા. ત., कुन्ता એવા એક નામ ઉપરથી આપણે कौन्तेय બનાવીએ તો તેને તદ્ધિતાન્ત નામ કહેવાય. કારણ કે આવું કરતી વખતે 'कुन्ता' એવા નામની પાછળ "–નો પુત્ર" એ અર્થવાળો (ढक् =) एय પ્રત્યય લગાડવામાં આવે છે; અને એ પ્રત્યય 'તદ્ધિત'નો (तद् + हित–તેના = નામના અર્થમાં હિત = ઉમેરો કરનારો) પ્રત્યય કહેવાય છે. આથી જ્યાં તદ્ધિતનો પ્રત્યય લાગીને નવો શબ્દ બન્યો હોય (જેમ કે, कुन्ता ઉપરથી कौन्तेय, पृथा ઉપરથી पार्थ, इन्दिरा ઉપરથી ऐन्दिरेय, न्याय ઉપરથી नैयायिक, व्याकरण ઉપરથી वैयाकरण વગેરે) ત્યારે તેને તદ્ધિતાન્ત (= તદ્ધિત પ્રત્યયાન્ત) નામ કહેવાય છે, આવા તદ્ધિતાન્ત નામોની પણ 'પ્રાતિપદિક' સંજ્ઞા પડે છે. (૩) આ ઉપરાંત, જ્યારે બે કે વધારે શબ્દોને ભેગા કરીને (સાથે બેસાડવામાં = सम् आस) આવે છે ત્યારે તેને 'સમાસ' કર્યો એમ કહેવાય છે. દા. ત. राज्ञः पुरुषः । 'રાજાનો માણસ' તે राजपुरुष । અહીં બે શબ્દોને જોડીને 'રાજપુરુષ' એવો એક નવો શબ્દો બનાવ્યો છે, તેને 'સમાસ' (અથવા સામાસિક શબ્દ) કહે છે. આનાં અન્ય ઉદાહરણો महाभारत, अहर्निश, जनकपुत्री, रघुनन्दन, कविकुलगुरु, जगन्नाथ, घनश्याम, पीताम्बर, रामलक्ष्मणभरतशत्रुघ्न વગેરે છે. આવા સમાસોની પણ 'પ્રાતિપદિક' સંજ્ઞા જાહેર કરવામાં આવી છે.

*

હવે પ્રશ્ન થાય કે या या संज्ञा, सा सा फलवती । એ ન્યાયે આ 'પ્રાતિપદિક' સંજ્ઞાનું શું ફળ છે? અર્થાત્ જેની–જે જે શબ્દોની–પ્રાતિપદિક સંજ્ઞા જાહેર કરવામાં આવી છે, તેમને હવે (તે 'પ્રાતિપદિક' સંજ્ઞાને આધારે) શું કરવાનું છે? તો ઉત્તરમાં નીચેનાં સૂત્રો અવતારવામાં આવે છે :

---

118. स्वौजस्–अमौट्छस्–टाभ्यांभिस्–ङेभ्यांभ्यस्–ङसिभ्यां–भ्यस्–ङसोसाम्–ङ्योस्सुप् । ४-१-२

'सु–औ–जस्' इति प्रथमा । 'अम्–औट्–शस्' इति द्वितीया । 'टा–भ्याम्–भिस्' इति तृतीया । 'ङे–भ्याम्–भ्यस्' इति चतुर्थी । 'ङसि–भ्याम्–भ्यस्' इति पञ्चमी । 'ङस्–ओस्–आम्' इति षष्ठी । 'ङि–ओस्–सुप्' इति सप्तमी ॥

119. ङ्याप्प्रातिपदिकात् । ४--१--१

120. प्रत्ययः । ३--१--१

121. परश्च । ३--१--२

इत्यधिकृत्य । ङ्यन्तादू आबन्तात् प्रातिपदिकाच्च परे स्वादयः प्रत्ययाः स्युः ॥

અનુવાદ : ૧૧૮. (આ સૂત્રમાં કેવળ ૨૧ પ્રત્યયોની યાદી રજૂ કરવામાં આવી છે. આ પ્રત્યયોને નામની = પ્રાતિપદિકની પાછળ વારાફરતી જોડવામાં આવશે, અને એ દ્વારા જુદાં જુદાં વિભક્તિ–પ્રત્યયાન્ત નામપદો = 'સુબન્તપદો' સાધવામાં આવશે.) આ સૂત્રને સન્ધિ છોડી કાઢીને ઉચ્ચારીએ તો–सु–औ–जस्/अम्–औट्–शस्/टा–भ्याम्–भिस्/ङे–भ्याम्–भ्यस्/ङसि–भ्याम्–भ्यस्/ ङस्–ओस्–आम्/ङि–ओस्–सुप् ॥ એમ થશે.

વૃત્તિકાર વરદરાજે આ સૂત્રમાં આવેલા ૨૧ પ્રત્યયોને ત્રણ–ત્રણના સાત સમૂહમાં (૩ × ૭ = ૨૧) વિભક્ત કરી બતાવીને, એમને 'પ્રથમા–વિભક્તિ', 'દ્વિતીયા વિભક્તિ' વગેરે નામો આપ્યાં છે. જેમ કે,

૧. सु–औ–जस् । એ પ્રથમા વિભક્તિના પ્રત્યયો છે.
૨. अम्–औट्–शस् । એ દ્વિતીયા વિભક્તિ છે.
૩. टा–भ्याम्–भिस् । એ તૃતીયા વિભક્તિ છે.
૪. ङे–भ्याम्–भ्यस् । એ ચતુર્થી વિભક્તિ છે.
૫. ङसि–भ्याम्–भ्यस् । એ પંચમી વિભક્તિ છે.
૬. ङस्–ओस्–आम् । એ ષષ્ઠી વિભક્તિ છે.
૭. ङि–ओस्–सुप् । એ સપ્તમી વિભક્તિ છે.

૧૧૯. "ङी (= દીર્ઘ ई) પ્રત્યયાન્ત શબ્દો (દા. ત. नदी, गौरी, मृद्वी, महिषी, पार्वती); आप् (= દીર્ઘ आ) પ્રત્યયાન્ત શબ્દો (દા. ત. माला, शाला, कृष्णा, वृन्दा, जिज्ञासा) અને જેમની જેમની 'પ્રાતિપદિક' સંજ્ઞા જાહેર કરવામાં આવી છે તેમની પાછળ–"

૧૨૦. (सु–औ–जस् વગેરે) પ્રત્યયો.

૧૨૧. (પ્રકૃતિ = પ્રાતિપદિકની) પાછળ (જ) [જોડવામાં આવે છે.]

એવો 'અધિકાર' (= પ્રાથમિક જાહેરાત) કરીને;—[નામપદોની રૂપસિદ્ધિ કેમ કરવી ? એ દર્શાવવામાં આવે છે :]

(આ ત્રણેય અધિકાર સૂત્રોનો જે સમુદિતાર્થ થયો તે આમ છે : વૃત્તિ—) "ङी પ્રત્યયાન્ત, आप् પ્રત્યયાન્ત અને પ્રાતિપદિકની પાછળ स्वादि પ્રત્યયો (= 'सु પ્રત્યય છે આદિમાં જેની' એવા, અર્થાત્ सु–औ–जस् વગેરે ૨૧ પ્રત્યયો) લગાડવામાં આવે છે."

(વિવરણ) : (૧) 'પ્રાતિપદિક' કોને કહેવાય ? એની સમજ તો અગાઉ મળી ચૂકી છે પણ ङ्यन्त અને आबन्त એ કેવા શબ્દો છે? એની સમજૂતી મેળવવી પડે એમ છે. આ ગ્રન્થમાં આપણે એક 'સ્ત્રીપ્રત્યય પ્રકરણ' ભણવાના છીએ. તેમાં જણાવ્યું છે કે કેટલાક પુંલિંગ શબ્દો અથવા અનિયતલિંગ શબ્દોને સ્ત્રીલિંગ-શબ્દસ્વરૂપમાં ફેરવવા હોય તો કેવા કેવા પ્રત્યયો લાગે છે. ત્યાં ङीष्, ङीन्, ङीप् વગેરે પ્રત્યયો બતાવ્યા છે. આ બધામાંથી આદિ ङ् અને અંતિમ ष्, प्, न् વગેરેનો લોપ થઈને, કેવળ દીર્ઘ ई બાકી રહે છે. આ પ્રત્યયને જોડીએ તો नद માંથી नदी બને, मृदु માંથી मृद्वी બને; गौर માંથી गौरी બને. આવા શબ્દોને વ્યાકરણમાં 'ङी પ્રત્યયાન્ત' અથવા 'ङ्यन्त શબ્દો' કહે છે.

એ જ પ્રમાણે અમુક શબ્દોને સ્ત્રીલિંગમાં ફેરવવા માટે डाप्, चाप्, टाप् જેવા પ્રત્યયો લગાડવામાં આવે છે. આમાંથી આદિ ड्, च्, ट् અને અંતિમ प् કાર લુપ્ત થાય છે. અને કેવળ પ્રત્યય રૂપ आ કાર બાકી રહી જાય છે, હવે अज (બકરો) શબ્દમાં आ જોડીશું તો अजा (બકરી) એવો સ્ત્રીલિંગ શબ્દ બની જશે, આવા શબ્દને आबन्त અથવા 'आप् પ્રત્યયાન્ત' કહેવામાં આવે છે.

*

(૨) ङ्याप्प्रातिपदिकात् । प्रत्ययः । અને परश्च । એ ત્રણ સૂત્રોને 'અધિકાર' પ્રકારનાં સૂત્રો કહેવામાં આવ્યાં છે. અધિકાર સૂત્રો એ કોઈ નવો વિષય/નવા પ્રકરણનો આરંભ સૂચવનારાં સૂત્રો હોય છે, અને તે એકાદ આખા અધ્યાય કે પાદ સુધી અનુવૃત્ત થતાં હોય છે. આવાં સૂત્રો પોતાની પાછળ/નીચે આવેલાં સૂત્રોની સાથે જોડાઈને તે તે આગામી સૂત્રોના અર્થને વિશદ કરનારાં હોય છે. જેમ કે, ૪–૧–૧ માં આવેલું ङ्याप्प्रातिपदिकात् । સૂત્ર ૪–૧–૨ (सु–औ–जस्–अम्–औट्–छस्) ની સાથે જોડાઈને કહે છે કે—"ङ्यन्त, आबन्त અને પ્રાતિ-પદિકસંજ્ઞક શબ્દોની પાછળ सु–औ–जस् વગેરે પ્રત્યયો લગાડવાના છે." એ જ પ્રમાણે, प्रत्ययः । ૩–૧–૧ સૂત્ર એવી એક સામાન્ય જાહેરાત કરી રાખે છે કે હવે ૩–૧–૧ ની નીચે જે સૂત્રો રજૂ થાય છે તેમાં (ધાતુને લાગનારા) જુદા જુદા પ્રત્યયો દર્શાવવામાં આવ્યા છે. તથા परश्च । ૩–૧–૨ સૂત્ર કહે છે કે આ જે પ્રત્યયો રજૂ કરવામાં આવે છે તે હંમેશા ('ધાતુ' કે 'પ્રાતિપદિક' રૂપ) પ્રકૃતિની પાછળ જ જોડવાના છે.

122. सुपः १--४--१०३

सुपस्त्रीणि त्रीणि वचनान्येकश एकवचन-द्विवचन-बहुवचन-संज्ञानि स्युः ।

123. द्व्येकयोर्द्विवचनैकवचने । १--४--२२

द्वित्वैकत्वयोरेते स्तः ।

અનુવાદ : ૧૨૨. સુપ્ પ્રત્યાહારમાં આવેલા ત્રણ ત્રણ પ્રત્યયોના સમૂહમાં (દા. ત. સુ[१]—औ[२]-जस्[३] । વગેરેમાં) પહેલા, બીજા અને ત્રીજા પ્રત્યયની ક્રમશઃ 'એકવચન', 'દ્વિવચન' અને 'બહુવચન' એવી સંજ્ઞા થાય છે.

૧૨૩. દ્વિત્વ (વાળી) સંખ્યા કહેવા માટે અને એકત્વ (વાળી) સંખ્યા કહેવા માટે અનુક્રમે 'દ્વિવચન'–સંજ્ઞાવાળા અને 'એકવચન'–સંજ્ઞાવાળા પ્રત્યયો લાગે છે. (= પ્રવૃત્ત કરવામાં આવે છે.)

(વિવરણ) : સૂત્ર ૧૧૮. स्वौजसमौट्......ङ्योस्सुप् । ૪–૧–૨માં કુલ ૭ × ૩ = ૨૧ પ્રત્યયોની શૃંખલા રજૂ કરી છે. તેમાં सु–औ–जस् થી શરૂ કરીને ङि—ओस्—सुप् । સુધીના પ્રત્યયોમાંથી અંતિમ સુપ્ પ્રત્યયનો ઈત્સંજ્ઞક 'प्' કાર લઈને, તેની આગળ સૌથી પહેલા = આદિ પ્રત્યયનો 'सु' મૂકીએ તો सु–प् = "सुप्" પ્રત્યાહાર બને છે. આ સુપ્ પ્રત્યાહારમાં ત્રણ ત્રણ વચનોના જે સમૂહો છે તેમની અનુક્રમે 'એકવચન', 'દ્વિવચન' અને 'બહુવચન' એવી સંજ્ઞાઓ પાડવામાં આવે છે. જેમકે,

વિભક્તિ	એકવચન	—	દ્વિવચન	—	બહુવચન
प्रथमा	सु	—	औ	—	जस्
द्वितीया	अम्	—	औट्	—	शस्
तृतीया	टा	—	भ्याम्	—	भिस्
चतुर्थी	ङे	—	भ्याम्	—	भ्यस्
पञ्चमी	ङसि	—	भ्याम्	—	भ्यस्
षष्ठी	ङस्	—	ओस्	—	आम्
सप्तमी	ङि	—	ओस्	—	सुप् ॥

*

હવે આપણને પ્રશ્ન થાય કે આ ત્રણ વચનોના પ્રત્યયોનો પ્રયોગ ક્યારે કરી શકાય ? તો બે સંખ્યાનો બોધ કરાવવો હોય ત્યારે 'દ્વિવચન'ના પ્રત્યયો વપરાય છે; અને એક સંખ્યાનો બોધ કરાવવો હોય ત્યારે 'એકવચન'ના પ્રત્યયો વપરાય છે. (તથા ત્રણ કે તેથી વધારે સંખ્યાનો બોધ કરાવવો હોય ત્યારે 'બહુવચન' સંજ્ઞાવાળા પ્રત્યયો વપરાય છે. પણ આ અંગેનું સૂત્ર ૧૨૮, હવે પછી આવશે.)

---

124. विरामोऽवसानम् । १--४--११०

वर्णानाम् अभावोऽवसानसंज्ञः स्यात् । रुत्व-विसर्गौ, रामः ।

અનુવાદ : ૧૨૪. વર્ણોનો (અત્યંત) અભાવ હોય ત્યારે, તે (સ્થિતિ)ને 'અવસાન' એવી સંજ્ઞા આપવામાં આવે છે, राम+सु । અહીં रुत्व વિધિ અને વિસર્ગ કરીશું તો रामः । એવું પ્રથમા વિભક્તિ, એકવચનનું રૂપ તૈયાર થશે.

(વિવરણ) : रामः । ની રૂપસિદ્ધ વિગતે તપાસીએ તો—

राम + ० ।
↓
'प्रातिपदिक' સંજ્ઞા

૧. અહીં राम એવો શબ્દ ધાતુ નથી, પ્રત્યય નથી, કે કોઈ પ્રત્યયાન્ત શબ્દ પણ નથી અને છતાંય તે અર્થવાનૂ છે. કારણ કે આ શબ્દમાંથી 'દશરથનો પુત્ર' એવો રૂઢ અર્થ મળે છે. આથી તે શબ્દની अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । સૂત્રથી 'પ્રાતિપાદિક' સંજ્ઞા જાહેર કરવામાં આવે છે.

राम + सु/औ/जस्

૨. प्रत्ययः । परश्च । ૩–૧–૧, અને ૨; તથા ङ्याप् प्रातिपदिकात् । ૪–૧–૧ સૂત્રોના અધિકાર નીચે આવેલું स्वौजसमौट्० । ૪–૧-૨ સૂત્રથી राम એવા 'પ્રાતિપાદિક'ની પાછળ सु–औ–जस् વગેરે પ્રત્યયોની ઉત્પત્તિ = ઉપસ્થિતિ કરવામાં આવે છે.

राम + सु

૩. હવે એક 'રામ' વિષે જ વાત કરવી હોય તો, અર્થાત્ 'એક સંખ્યાવાળા રામ'નો બોધ કરાવવો હોય તો, सु–औ–जस् એવા ત્રણ પ્રત્યયોમાંથી 'એકવચન' સંજ્ઞા વાળો 'सु' પ્રત્યય પસંદ કરવામાં આવે છે : द्व्येकयोर्द्विवचनैकवचने । ૧૨૩ સૂત્રથી.

राम + सु (=स् उ)
राम + स् ०



४. उपदेशेऽजनुनासिक इत् । એવા ૨૮ મા સૂત્રથી સુ ના ઉ કારની ઈત્સંજ્ઞા થશે; અને ૩. तस्य लोपः । થી તેનો લોપ થશે.

राम + रु

૫. ससजुषो रुः । ૧૦૫ સૂત્રથી પદના અંતે આવેલા સ્ ના સ્થાનમાં રુ આદેશ થાય છે.

राम + र् ०



(અવસાન)

૬. ફરી એકવાર उपदेशेऽजनुनासिक इत् । થી રુ ના ઉ ની ઈત્સંજ્ઞા થશે; અને तस्य लोपः । થી તેનો લોપ થશે.

राम + र्



(પદાન્તે)

૭. विरामोऽवसानम् । ૧૨૪ મા સૂત્રથી 'પદના અંતે આવેલા રેફની' પાછળ જે અન્ય વર્ણોના અભાવની સ્થિતિ છે, તેની 'અવસાન' સંજ્ઞા થાય છે.

राम + :
= रामः ।

૮. खर्–अवसानयोर्विसर्जनीयः । સૂત્રથી 'અવસાન પરમાં રહેતાં પદાન્તે આવેલા રેફનો વિસર્ગ થાય છે.' પરિણામે राम + र् → राम + : = रामः । રૂપ બની જશે.

નોંધ : राम એ પુંલિંગ શબ્દ છે અને 'હૃસ્વ अ કારાન્ત' શબ્દ છે. આથી તેને अजन्तपुंलिङ्ग શબ્દ કહેવાય છે. राम + सु । એમ પ્રકૃતિ + પ્રત્યયને આગળ–પાછળ મૂકયા પછી જે રૂપપ્રક્રિયા થાય છે તેનું ઝીણી વિગતે ઉપર વર્ણન કર્યું છે. પરંતુ વૃત્તિકાર વરદરાજની દૃષ્ટિએ તો અહીં બે જ મુખ્ય વિધિઓ છે : ૧. रुत्व-विधि અને ૨. વિસર્ગ વિધિ. અર્થાત્ ससजुषो रुः । અને खरवसानयोर्विसर्जनीयः । એ બે વિધિ સૂત્રોનું કાર્ય જ નોંધપાત્ર છે. આ વિધિઓ કર્યા પછી राम શબ્દનું પુંલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચનમાં रामः । રૂપ બને છે.

*

ઉપર रामः ।ની જે રૂપસિદ્ધિ વર્ણવી છે તેમાં પહેલે તબક્કે राम એવા નામને–પ્રકૃતિને–'દશરથનો પુત્ર' એવા રૂઢ અર્થનો વાચક માનીને अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । સૂત્રથી 'પ્રાતિપદિક' સંજ્ઞક જાહેર કરેલ છે. પણ √रमु क्रीडायाम् । એવા ધાતુને करणाधिकरणयोश्च । સૂત્રથી અધિકરણ–અર્થમાં घञ्

પ્રત્યય લગાડીને પણ (रम्+घञ् → रम्+अ → राम्+अ =) राम । શબ્દની સિદ્ધિ કરી શકાય છે. અહીં रम् ધાતુને જે घञ् પ્રત્યય લગાડયો છે તે 'કૃત્-પ્રત્યય' છે. આથી घञ् પ્રત્યય લાગીને બનેલા राम શબ્દને 'કૃદન્ત શબ્દ' કહેવાશે. તથા આ સંજોગોમાં राम શબ્દની कृत्तद्धितसमासाश्च । સૂત્રથી 'પ્રાતિપદિક' સંજ્ઞા થાય છે. અહીં राम શબ્દનો અર્થ થશે. रमन्ते योगिनः यस्मिन् । = જેમાં યોગીઓ રમે છે/આનંદ પામે છે તે 'રામ'.

આમ ભાષામાં राम શબ્દ બે પ્રકારનો જોવા મળે છે : ૧. અવ્યુત્પન્ન=રૂઢ નામ (જેમાં કોઈ ધાતુ+પ્રત્યય ભેગા મળીને राम શબ્દ બન્યો નથી, તેવો શબ્દ). આ શબ્દનો અર્થ થાય છે : દશરથનો પુત્ર રામ, અથવા કૃષ્ણના મોટાભાઈ બલરામ, અથવા જામદગ્નેય પરશુરામ. ૨. વ્યુત્પન્ન = યૌગિક નામ (જેમાં √रम् ધાતુ+घञ् ના अ પ્રત્યયનો યોગ થઈને राम શબ્દ બન્યો છે). આ શબ્દનો અર્થ થાય છે : 'જેમાં (યોગિઓ) રમણ કરે છે/આનંદ કરે છે તે' રામ.

આમાંથી જે અવ્યુત્પન્ન સાર્થક નામો હોય છે, દા. ત. વૃક્ષ, વન, પર્વત વગેરે, તેમની પ્રાતિપદિક સંજ્ઞા अर्थवदधातुर्० । ૧-૪-૪૫ સૂત્રથી થાય છે. તથા જે વ્યુત્પન્ન સાર્થક નામો હોય છે, દા. ત. પંકજ, પાદપ, નેતૃ, નાયક, શિક્ષક, અધ્યેતૃ, જિજ્ઞાસુ, વગેરે, તેમની પ્રાતિપદિક સંજ્ઞા कृत्तद्धितसमासाश्च । ૧-૪-૪૬ થી કરવામાં આવે છે.

*

કોઈને પ્રશ્ન થાય કે राम શબ્દ-પ્રાતિપદિક-ને सु પ્રત્યય લગાવીને रामः । એવું રૂપ = 'પદ' શા માટે બનાવવામાં આવે છે? શું એક राम શબ્દનો-શુદ્ધ પ્રાતિપદિકનો-જ ભાષામાં પ્રયોગ કરીએ તો ના ચાલે? ઉત્તર : ના, એકલો राम શબ્દ ભાષામાં વાપરી શકાતો નથી. કારણ કે મહાભાષ્યકાર પતંજલિએ એવો સિદ્ધાન્ત રજૂ કર્યો છે કે—न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । ભાષામાં એકલી પ્રકૃતિઓ (राम, वन, घन કે भू, पठ, गम्, कृ ધાતુઓ)નો પ્રયોગ ન કરવો જોઈએ; અને એકલા પ્રત્યયો (भ्याम्, भिः, स्य, सु કે ति, तः अन्ति વગેરે)નો પણ પ્રયોગ ન કરવો જોઈએ. પણ પ્રકૃતિ+પ્રત્યયનો સંયોગ કરીને, તેમાં જરૂરી ધ્વનિવિકારો કરીને 'સુબન્ત' કે 'તિઙન્ત' પદ બનાવ્યા પછી જ તેમનો ભાષામાં/વાકયમાં પ્રયોગ કરવો જોઈએ.

---

125. सरूपाणाम् एकशेष एकविभक्तौ । १-२-६४

एकविभक्तौ यानि सरूपाण्येव दृष्टानि तेषाम् एक एव शिष्यते ।

126. प्रथमयोः पूर्वसवर्णः । ६-१-१०२

अकः प्रथमा-द्वितीययोर् अचि पूर्वसवर्णदीर्घ एकादेशः स्यात् । इति प्राप्ते—

127. नादिचि । ६-१-१०४

आद् इचि न पूर्वसवर्णदीर्घः । वृद्धिरेचि । रामौ ॥

અનુવાદ : ૧૨૫. કોઈ એક જ વિભક્તિમાં રહેલા જે સરૂપ (=સમાન વર્ણાનુક્રમે બનેલા) શબ્દો જોવા મળતા હોય, તેમાંથી કોઈ એક જ શબ્દ બાકી રહી જાય છે; (અને એ સિવાયના બીજા સમાન શબ્દોનો લોપ થઈ જાય છે).

૧૨૬. "अक् પ્રત્યાહારમાં આવેલા વર્ણોની પાછળ, જો પ્રથમા વિભક્તિ કે દ્વિતીયા વિભક્તિ સંબંધી अच् પરમાં આવેલો હોય તો ત્યાં 'પૂર્વસવર્ણ-દીર્ઘ' નામનો એકાદેશ થાય છે." [राम+राम+औ । એ સ્થિતિમાં] આ ૧૨૬ મું સૂત્ર પ્રવૃત્ત થવા આવ્યું ત્યારે—

૧૨૭. "(કોઈ પણ પ્રકારના) अ કારની પાછળ, इच् પ્રત્યાહારમાંનો કોઈ વર્ણ આવેલો હોય તો ત્યાં 'પૂર્વસવર્ણ દીર્ઘએકાદેશ' થતો નથી." પરિણામે वृद्धिरेचि । સૂત્રથી 'વૃદ્ધિ' થશે; અને એ રીતે रामौ । રૂપ બની જશે.


(વિવરણ) હવે राम શબ્દનું પ્રથમા વિભક્તિ, દ્વિવચનમાં રૂપ બનાવવાની પ્રક્રિયા જોઈશું :

राम + राम + औ ।

[राम એ સાર્થક નામ-શબ્દ છે, તેથી તેની ૧૧૬ સૂત્રથી પ્રાતિપદિક સંજ્ઞા થશે; અને ૧૧૮ મા સૂત્રથી તેની પાછળ सु-औ-जस् વગેરે પ્રત્યયોની હારમાળા લાગવા માટે રજૂ થશે. હવે—બે રામ વિષે વાત કરવી છે માટે બે વાર राम+राम લખીને, એની પાછળ પ્રથમા વિભક્તિ દ્વિવચનનો પ્રત્યય મૂકીશું. ત્યાર પછી રૂપ સિદ્ધિની પ્રક્રિયાનો આરંભ થશે.]

राम + राम + औ

૧. અહીં राम શબ્દનું 'સ્વ-રૂપ' (=વર્ણાનુક્રમ) તપાસીએ તો र्+आ+म्+अ છે. [વર્ણોના અનુક્રમને 'વર્ણાનુપૂર્વી' પણ કહે છે.] આવી જ વર્ણાનુપૂર્વીવાળો અર્થાત્ "સરૂપ" (=સમાન રૂપવાળો) બીજો राम શબ્દ પણ અહીં આવેલો છે. તથા એ બન્ને 'સરૂપ' राम શબ્દો કોઈ એક જ વિભક્તિમાં (દા. ત. પ્રથમા વિભક્તિ, દ્વિવચનમાં) રહેલા છે. તેથી सरूपाणाम् एकशेष एकविभक्तौ । ૧-૨-૬૪ સૂત્રથી કોઈ એક સરૂપ શબ્દનો 'શેષ' રહેશે, (અને બીજા એકનો લોપ થશે).



૨. હવે प्रथमयोः पूर्वसवर्णः । સૂત્રથી કહેવામાં આવે છે કે अक् ની પાછળ પ્રથમા (કે દ્વિતીયા) વિભક્તિ સંબંધી अच् પરમાં હોય તો, ત્યાં પૂર્વસવર્ણ-દીર્ઘ એકાદેશ થાય છે. એટલે કે અહીં म નો अ કાર અને પ્રત્યયનો औ-એ બન્નેના સ્થાનમાં પૂર્વસવર્ણ (=म ના હ્રસ્વ अ કારનો) દીર્ઘ = आ કાર [राम + ० + आ + ०] એવું થવા આવે છે.

राम + औ
(અહીં नादिचि । થી
પૂર્વસવર્ણ-દીર્ઘનો બાધ)

૩. પણ આ સંજોગો नादिचि । (= न आद् इचि) સૂત્ર બીજી સૂચના આપે છે : अ કારની પાછળ 'इच्' (દા. ત. અહીં પ્રત્યયનો औ કાર) આવેલો હોય તો 'પૂર્વસવર્ણ-દીર્ઘ એકાદેશ' થતો નથી. આથી પ્રસ્તુત રૂપ સિદ્ધિમાં ૧૨૭મા સૂત્રથી ૧૨૬મા સૂત્રનો બાધ થઈ જાય છે.

राम् + अ + औ
↓
वृद्धि
↓
राम् + ० + औ + ०
↓
'वृद्धि संज्ञक એકાદેશ
(નવો औ કાર)
रामौ ।

४. હવે अ ની પાછળ औ = एच् પ્રત્યાહારનો વર્ણ આવેલો છે; તેથી वृद्धिरेचि । એવા પૂર્વોક્ત સામાન્ય સૂત્રથી વૃદ્ધિ રૂપી એકાદેશ થશે. (अ + औ = औ). આમ रामौ । રૂપ સિદ્ધ થાય છે.

---

128. बहुषु बहुवचनम् । १-४-२१

बहुत्वविवक्षायां बहुवचनं स्यात् ।

129. चुटू । १-३-७

प्रत्ययाद्यौ चुटू इतौ स्तः ।

130. विभक्तिश्च । १-४-१०४

सुप्-तिङौ विभक्तिसंज्ञौ स्तः ।

131. न विभक्तौ तुस्माः । १-३-४

विभक्तिस्थास्तवर्ग-सकार-मकाराः नेतः । इति सस्य नेत्त्वम् । रामाः ॥

અનુવાદ : ૧૨૮. બહુત્વવાળી સંખ્યા કહેવાની ઈચ્છા હોય ત્યારે જેમની 'બહુવચન' સંજ્ઞા કરવામાં આવી છે, તેવા પ્રત્યયો વપરાય છે.

૧૨૯. પ્રત્યયની આદિમાં આવેલા चु (= च વર્ગના च्-छ्-ज्-झ्-ञ् વર્ણો) અને टु (= ट વર્ગના ट्-ठ्-ड्-ढ्-ण् વર્ણોની) 'इत्' સંજ્ઞા થાય છે.

૧૩૦. सुप् (પ્રત્યાહારમાં આવેલા सु-औ-जस् વગેરે ૨૧ પ્રત્યયો); અને तिङ् (પ્રત્યાહારમાં આવેલા तिप्-तस्-झि વગેરે ૯ પરસ્મૈપદના અને ૯ આત્મનેપદના = કુલ ૧૮ પ્રત્યયો)ની "વિભક્તિ" એવી સંજ્ઞા થાય છે.

૧૩૧. વિભક્તિ (પ્રત્યયો)માં આવેલા त વર્ગના (त्-थ्-द्-ध्-न) વર્ણો, स् કાર અને म् કારની 'इत्' સંજ્ઞા થતી નથી. આ (સૂત્ર) મુજબ (जस् પ્રત્યયના) 'स्' કારની ઈત્સંજ્ઞા થતી નથી. પરિણામે रामाः ॥ એવું રૂપ (પ્રથમા વિભક્તિ, બહુવચનમાં) સિદ્ધ થાય છે.

(વિવરણ) : राम શબ્દનું પ્રથમા વિભક્તિ, બહુવચનમાં रामाः । એવું રૂપ કેવી રીતે સિદ્ધ થાય છે ? એની રૂપપ્રક્રિયા તપાસીશું :

राम + ०

૧. પહેલાં ૧–૨–૪૫/૪૬ થી राम શબ્દની પ્રાતિપદિક સંજ્ઞા કરવામાં આવશે, જેથી ङ्याप् प्रातिपदिकात् ।ની સૂચનાથી 'પ્રાતિપદિકની પરમાં स्वौजस-मौट्० । સૂત્રથી ૨૧ વિભક્તિ પ્રત્યયોની ઉત્પત્તિ થશે.

राम + राम + राम + जस्

૨. હવે ત્રણ (કે ત્રણથી વધારે) राम વિશે વાત કરવી છે એટલે ત્રણવાર राम શબ્દ મૂકીને; बहुषु बहुवचनम् । સૂત્રની સૂચનાનુસાર પ્રથમા વિ. ના सु–औ–जस् પ્રત્યયોમાંથી જે 'બહુવચન' નો પ્રત્યય છે તેને પસંદ કરીને राम ની પાછળ ગોઠવવીશું.

राम + ० + ० जस्

૩. सरूपाणामेकशेष एकविभक्तौ । સૂત્રથી જે ત્રણવાર 'राम' એવું પ્રાતિપદિક મૂક્યું છે, તે 'સરૂપ" (સમાન વર્ણાનુપૂર્વીવાળું) છે, તેથી કોઈ એક (જ) राम શબ્દ અવશિષ્ટ રહેશે; (અને બીજા બે राम શબ્દનો લોપ થશે.

राम + जस्

૪. હવે चुटू । ૧૨૯ મું સૂત્ર કહે છે કે 'પ્રત્યયની આદિમાં આવેલા च વર્ગના ज् કારની इत् સંજ્ઞા કરો; અને પછી तस्य लोपः । થી તે ઈત્સંજ્ઞક ज् નો લોપ કરો.

राम + अस्

૫. હવે કોઈને પ્રશ્ન થાય કે अस् પ્રત્યયના અંતે આવેલા स् કારની हलन्त्यम् । થી ઈત્સંજ્ઞા કરીને લોપ કરી શકાય કે નહીં ? તો એનો જવાબ આપવા ૧૩૧ न विभक्तौ तुस्माः ।

सूत्र આવે છે. તે કહે છે કે (નામની પરમાં લાગતાં જે सु–औ–जस् વગેરે ૨૧ પ્રત્યયો; કે જેમની ૧૩૦ મા विभक्तिश्च । સૂત્રથી 'વિભક્તિ' સંજ્ઞા પાડી છે.) તે વિભક્તિ સંજ્ઞક 'अस्' પ્રત્યયમાં આવેલા स् કારની ઈત્સંજ્ઞા થઈ શકતી નથી; (અને પરિણામે તેનો લોપ પણ થઈ શકતો નથી).

राम + अस्
पूर्वसवर्ण दीर्घ कादेश
↓
राम् + आ + स्
रामा + स्
रामा + र्
रामाः +
रामाः ॥

૬. હવે अक् (= राम માં म् ની પાછળનો अ કાર)ની પાછળ પ્રથમા વિભક્તિ સંબંધી अच् (= अस् પ્રત્યયનો अ કાર) આવેલો છે, તેથી प्रथमयोः पूर्वसवर्णः । સૂત્રથી તે બન્ને अ કારના સ્થાનમાં 'પૂર્વસવર્ણ–દીર્ઘ એકાદેશ' થશે.

૭. ससजुषो रुः । થી પદાન્તે આવેલા स् ના સ્થાનમાં रु → र् આદેશ થશે.

૮. खरवसानयोर्विसर्जनीयः । સૂત્રથી 'અવસાનમાં આવેલા રેફનો વિસર્ગ કરીશું, તો रामाः । એવા રૂપની–પદની–સિદ્ધિ થશે.

---

132. एकवचनं सम्बुद्धिः । २-३-४९

सम्बोधने प्रथमाया एकवचनं सम्बुद्धिसंज्ञं स्यात् ।

133. यस्मात् प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । १-४-१३

134. एङ्ह्रस्वात् सम्बुद्धेः । ६-१-६९

एङन्ताद् ह्रस्वान्ताच्च चाङ्गाद् 'हल्' लुप्यते, सम्बुद्धेश्चेत् । हे राम ! हे रामौ । हे रामाः ॥

અનુવાદ : ૧૩૨. (કોઈને) સંબોધન કરવાનો પ્રસંગ હોય ત્યારે પ્રથમા વિભક્તિના (सु–औ–जस् પ્રત્યયોમાંથી જે) એકવચનનો 'सु' પ્રત્યય છે, તેની "सम्बुद्धि" એવી સંજ્ઞા થાય છે.

૧૩૩. જે પ્રત્યય જે (પ્રકૃતિ)ની પાછળ જોડવામાં આવે છે, ત્યાં તદાદિ–શબ્દ સ્વરૂપની (અર્થાત્ તે પ્રકૃતિ છે આદિમાં જેની, એવું જે શબ્દ સ્વરૂપ, તેની); તે પ્રત્યય પરમાં રહેતાં, 'અંગ' સંજ્ઞા થાય છે.

૧૩૪. एङन्त અંગ કે હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા हल् નો લોપ થાય છે; જો તે हल् सम्बुद्धिनो હોય તો. (આ સૂત્ર લાગવાથી हे राम + सु → हे राम + स् → हे राम + ० =) हे राम ! એવા રૂપની સિદ્ધિ થાય છે. એ જ પ્રમાણે, हे रामौ । हे रामाः । જેવાં રૂપોની (પૂર્વવત્) સિદ્ધિ કરી શકાશે.

(વિવરણ) : ૧૩૨મા સૂત્રની અંદર 'सम्बुद्धि' સંજ્ઞા કોની કરવામાં આવે છે ? એ બતાવવામાં આવ્યું છે : પાણિનિએ જે स्वौजसमौट्० । સૂત્રમાં ૨૧ વિભક્તિ પ્રત્યયો રજૂ કર્યા છે, તેમાં 'પ્રથમા વિભક્તિના કુલ ત્રણ પ્રત્યયો सु–औ–जस् છે. આમાંથી જે કેવળ એકવચનનો 'सु' પ્રત્યય છે, તેની (જ) 'सम्बुद्धि' એવી સંજ્ઞા કરવામાં આવી છે. હવે બીજો પ્રશ્ન થાય કે 'સંબોધન' કોને કહેવાય ? તો अनभिमुखस्य अभिमुखीकरणं सम्बोधनम् । "જે વ્યક્તિનું આપણી તરફ ધ્યાન ના હોય, તેનું આપણી તરફ ધ્યાન ખેંચવું એને 'સંબોધન' કહેવામાં આવે છે."

*

૧૩૩મા સૂત્રમાં એક મહત્ત્વની 'અંગ' સંજ્ઞાનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે. દા. ત., राम એવી પ્રકૃતિની આપણે 'પ્રાતિપદિક' સંજ્ઞા કરીને, તેની પાછળ स्वौजसमौट्० । સૂત્ર દ્વારા ષષ્ઠી વિભક્તિ બહુવચનનો आम् પ્રત્યય લાવ્યા ; राम + आम् । હવે "જે પ્રત્યય જેની પાછળ જોડવામાં આવ્યો હોય, ત્યાં તદાદિ શબ્દ સ્વરૂપની [અર્થાત્ તે પ્રકૃતિ છે આદિમાં જેની, એવું જે શબ્દ સ્વરૂપ, તેની એટલે કે 'राम' ની તે आम् પ્રત્યય પરમાં રહેતાં. અંગ સંજ્ઞા થાય છે.

ઉદાહરણ તરીકે—

= र् आ म् अ + आम्

आम् પ્રત્યય જે પ્રકૃતિની પાછળ જોડવામાં આવ્યો છે. તે 'તદાદિ શબ્દ સ્વરૂપ'=राम–ની "અંગ" સંજ્ઞા થાય છે. (પ્રત્યય પરમાં રહેતાં)

*

હવે ૧૩૪ મા વિધિસૂત્રની કામગીરી શી છે? એ જોવા માટે हे राम ! એવા સંબોધન (વિભક્તિ)ના રૂપની સિદ્ધિ તપાસીશું :

हे राम + ०
(પ્રાતિપદિક) સંજ્ઞા)

૧. રામ વ્યક્તિનું આપણી તરફ ધ્યાન દોરવા એને (અભિમુખ કરવા માટે) 'સંબોધન' કરવા આપણે 'हे' એવો અવ્યય જોડીશું. = हे राम । એવી પ્રકૃતિ બનાવીશું. [हे સંબોધનવાચક અવ્યય ના વાપરીએ તો પણ એકલા राम શબ્દથી પણ સંબોધન કરી શકાય–એ યાદ રાખવું.]

(हे) राम + सु–औ–जस्

૨. अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । સૂત્રથી તે राम શબ્દની પ્રાતિપદિકસંજ્ઞા કરીશું; જેથી તેની પરમાં स्वौजसमौट्० । સૂત્રથી ૨૧ વિભક્તિ પ્રત્યયો ઉત્પન્ન થાય.

(हे) राम + सु
સમ્બુદ્ધિસંજ્ઞક પ્રત્યય

૩. હવે સંબોધન કરવાનો સન્દર્ભ આપણે પહેલે તબક્કે સ્વીકાર્યો છે; તેથી પ્રથમા વિભક્તિના એકવચનનો 'सु' પ્રત્યય, કે જેની "સમ્બુદ્ધિ" એવી સંજ્ઞા एकवचनं सम्बुद्धिः । થી કરવામાં આવી છે, તે પ્રત્યયને પસંદ કરીશું.

(हे) राम + स्
'અંગ' સંજ્ઞા

૪. उपदेशेऽजनुनासिक इत् । થી सुના ઉકારની ઈત્સંજ્ઞા કરીને, तस्य लोपः । થી લોપ કરીશું.

૫. ૧૩૩. મા સૂત્રથી स् પ્રત્યય પરમાં રહેતાં, તે પ્રત્યય જેની પરમાં કરવામાં આવ્યો છે. તે તદાદિ શબ્દ સ્વરૂપની 'અંગ' સંજ્ઞા કરીશું.

(हे) राम + स्

૬. હવે ૧૩૪મું एङ्ह्रस्वात्सम्बुद्धेः । સૂત્ર કહે છે કે 'હ્રસ્વસ્વરાન્ત અંગ' = રામની પાછળ આવેલા સમ્બુદ્ધિસંજ્ઞક પ્રત્યયના हल्નો = स् કારનો લોપ કરો. જેથી हे राम ! એવું સંબોધનમાં રૂપ સિદ્ધ થશે.

(हे) राम + ०
= (हे) राम ।

*

આ જ પ્રમાણે, સંબોધનમાં દ્વિવચન અને બહુવચનના हे रामौ । हे रामाः । રૂપની સિદ્ધિઓ પણ પૂર્વવત્ જાણવી. અર્થાત્ પ્રથમા વિભક્તિ દ્વિવચન रामौ । અને બહુવચન रामाः । ની સિદ્ધિ જેવી રીતે થાય છે, તેવી જ રીતે સંબોધનમાં પણ हे रामौ । हे रामाः । ની સિદ્ધિ થાય છે એમ જાણવું.

---

135. अमि पूर्वः । ६–१–१०७

अकोऽम्यचि पूर्वरूपम् एकादेशः । रामम् । रामौ ।

136. लशक्वतद्धिते । १–३–८

तद्धितवर्जप्रत्ययाद्या ल–श–कवर्गा इतः स्युः ।

137. तस्माच्छसो नः पुंसि । ६–१–१०३

पूर्वसवर्णदीर्घात् परो यः शसः सस्तस्य नः स्यात् पुंसि ।

138. अट्–कु–प्वाङ्–नुम्–व्यवायेऽपि । ८–४–२

अट्–कवर्ग–पवर्ग–आङ्–नुम् एतैर्व्यस्तैर्यथासंभवं मिलितैश्च व्यवधानेऽपि रषाभ्यां परस्य नस्य णः स्यात् समानपदे । इति प्राप्ते––

139. पदान्तस्य । ८–४–३७

नस्य णो न । रामान् ॥

અનુવાદ : ૧૩૫. अक् પ્રત્યાહારમાં આવેલા વર્ણોની પાછળ, 'अम्' પ્રત્યયસંબંધી अच् (પરમાં) આવેલા હોય તો ત્યાં 'પૂર્વરૂપ' નામનો એકાદેશ થાય છે. જેમકે,

राम + अम्
(પૂર્વવર્ણ) अ + अ (પરવર્ણ)
|
પૂર્વરૂપ એકાદેશ
(અર્થાત્ પૂર્વમાં જેવો હ્રસ્વ अ કાર છે, તેવોને તેવો જ એક બીજો નવો હ્રસ્વ अ કાર એકાદેશ રૂપે (પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં પ્રવૃત્ત થશે.)

૧. અહીં राम પ્રાતિપદિકમાં અન્તે જે अ કાર આવેલો છે, તે अक् પ્રત્યાહારમાં આવી જાય છે. તેની પાછળ अम् (દ્વિતીયા વિભક્તિ, એકવચનનો) પ્રત્યયસંબંધી अच् આવેલો છે. તેથી अमि पूर्वः । સૂત્ર લાગી શકશે.

राम् + ० + अ + ० + म् । આથી राम + म् = रामम् । રૂપ સિદ્ધ થશે.

*

ત્યાર પછી દ્વિતીયા વિભક્તિ, દ્વિવચનમાં राम+राम+औ । માં પૂર્વવત્ (=જેવી પ્રથમા વિભક્તિ દ્વિવચનમાં) વિધિઓ કરીશું તો राम+०+औ→नादिचि । અને वृद्धिरेचि । સૂત્રો લાગ્યા પછી रामौ । રૂપ સિદ્ધ થશે.

*

૧૩૬. તદ્ધિત સિવાયના જે પ્રત્યયો હોય, તેની આદિમાં આવેલા ल् કાર, श् કાર અને क વર્ગના વર્ણોની ઈત્સંજ્ઞા થાય છે.

૧૩૭. પુંલિંગ શબ્દનાં રૂપો ચલાવતાં હોઈએ ત્યારે (पुंसि) (પ્રકૃતિ+પ્રત્યયમાં) પૂર્વસવર્ણ–દીર્ઘ કરી લીધા પછી, તેની પાછળ (દ્વિતીયા વિ. બહુવચનના) शस् પ્રત્યયનો જે स् કાર હોય તેને સ્થાને 'न्' એવો આદેશ થાય છે.

૧૩૮. अट् પ્રત્યાહારમાં આવેલા વર્ણો, क વર્ગના વર્ણો, પ વર્ગના વર્ણો, (ઉપસર્ગનો) आङ्, नुम् (આગમનો न् કાર) એટલા વર્ણોમાંથી છુટક છુટક કે યથાશક્ય અનેક વર્ણોનું વ્યવધાન (=અંતરાય) હોય તો પણ રેફ અને ष् કારની પાછળ આવેલા न् કારને ण् કાર આદેશ થાય છે; જો સમાનપદનો સન્દર્ભ હોય તો. (=એક જ પદમાં આવાં નિમિત્તો મળતાં હોય તો.) [राम+शस् । માંથી रामान् રૂપ બનાવતી વખતે] આ ૧૩૮મા સૂત્રની પ્રાપ્તિ થાય છે ત્યારે—

૧૩૯. પદના અંતે આવેલા न् કારને [ઉપર્યુક્ત નિમિત્ત મળતું હોય તો પણ] ण् કારાદેશ થતો નથી. આ રીતે रामान् । રૂપની સિદ્ધિ થાય છે.

(વિવરણ) : राम શબ્દનાં દ્વિતીયા વિભક્તિમાં રૂપો ચલાવવાં હોય ત્યારે, પ્રાતિપદિકની પાછળ દ્વિતીયા વિ. ના अम्–औट्–शस् । પ્રત્યયો આવીને ઊભા રહે છે. આ પ્રત્યયો લગાવ્યા પછી रामम्–रामौ–रामान् । જેવાં રૂપો બને છે. આની રૂપ પ્રક્રિયા નીચે મુજબ થાય છે :

(૧) राम + अम् । એ સ્થિતિમાં (ઉપર દર્શાવ્યા મુજબ) अमि पूर्वः । સૂત્રથી પૂર્વરૂપ–એકાદેશ થતાં रामम् । રૂપ બની જાય છે.

(૨) राम+राम+औट् । અહીં સરૂપ એવાં બે राम શબ્દમાંથી એક राम શબ્દનો શેષ રહ્યા પછી, राम+औट् । એ પરિસ્થિતિમાં हलन्त्यम् । થી પ્રત્યયના અંતિમ ट् કારની ઈત્સંજ્ઞા થશે; અને तस्य लोपः । થી તેનો લોપ થશે : राम+औ । તે પછી (પ્રથમા વિ. દ્વિવચનમાં જેવી રૂપપ્રક્રિયા વર્ણવી છે, તેવી જ પ્રક્રિયા અજમાવવાથી; એટલે કે) नादिचि । થી પૂર્વસવર્ણ–દીર્ઘને રોકીને, वृद्धिरेचि । થી વૃદ્ધિ કરીશું તો रामौ । રૂપ બની જશે.

(૩) राम + राम + राम + शस् ।   (દ્વિતીયા વિભકિત, બહુવચનમાં)

राम + ० + ० + शस् ।

१. सरूपाणामेकशेष एकविभक्तौ । થી સરૂપ ત્રણ राम શબ્દોમાંથી એકનો શેષ રહેશે.

राम + श् अस्
राम + ० अस्
↑ ↑
अक्‌ની   દ્વિતીયા વિ.નો
પરમાં   अच्

२. लशक्वतद्धिते । થી પ્રત્યયની આદિમાં આવેલા श् કારની ઈત્સંજ્ઞા થાય છે. (અને પછી લોપ થાય છે.)

राम् अ + अ-स्
(તેથી પૂર્વસવર્ણ-દીર્ઘ કાદેશ)
राम् + आ + ० स्

૩. प्रथमयोः पूर्वसवर्णः । થી अक्‌ની પાછળ દ્વિતીયા વિ. સંબંધી अच् પરમાં છે. તેથી પૂર્વસવર્ણ-દીર્ઘ થશે. (એટલે કે પૂર્વમાં रामના મકારમાં જેવો સ્વર = अ કાર છે તેનો દીર્ઘભેદ, અર્થાત્ आ કાર (પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં) એકાદેશ રૂપે પ્રવૃત્ત થશે. તો रामा + स् । બનશે.

रामा + स्
↑
(આદેશ) न् કાર

रामा + न् ।

૪. એ પછી ૧૩૭મા સૂત્રથી સૂચના મળે છે કે तस्माच्छसो नः पुंसि । એટલે કે પૂર્વસવર્ણ દીર્ઘ કરી લીધા પછી, તેની પાછળ આવેલા = અવશિષ્ટ રહેલા शस् પ્રત્યયના स् કારને સ્થાને न् કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. (જો મૂળ પ્રકૃતિ પુંલિંગમાં હોય તો.)

હવે કોઈને પ્રશ્ન થાય કે એક સામાન્ય-નિયમ મુજબ 'એક જ પદમાં રેફ કે ष् કારની પાછળ આવેલા દન્ત્ય न् કારને મૂર્ધન્ય ण् કાર થાય છે.' તો અહીં रामान्‌માં રેફ આવેલો છે, તેની પાછળ આવેલા न्‌નો ण् થાય કે નહીં ? એટલે કે रामान्‌માંથી रामाण् થાય કે નહીં ? તો આવી શંકાની સામે પ્રતિશંકા એવી પણ કરી શકાય કે અહીં रामान् રૂપમાં કયાં રેફ (= र् કાર)ની પાછળ તરત જ न् આવેલો છે ? અહીં તો र्-आ-म्-आ-न् એવો વર્ણોનો અનુક્રમ જોતાં રેફની પાછળ તો બીજા ત્રણ વર્ણો (आ-म्-आ) નું વ્યવધાન = અંતરાય છે, અને તે પછી न् આવેલો છે. તેથી અહીં પૂર્વોક્ત સામાન્ય નિયમથી न्‌નો ण् થવાની શંકા અપ્રસ્તુત છે.

તો ૧૩૮મા સૂત્રથી પાણિનિએ કહ્યું છે કે રેફ (કે ष् કાર) અને न् કારની વચ્ચે अट् પ્રત્યાહારના વર્ણો, क વર્ગ અને प વર્ગના વર્ણો, કે आङ् ઉપસર્ગ કે नुम् ના न् કાર આટલામાંથી કોઈનું પણ વ્યવધાન હોય તો પણ न् નો ण् થઈ જાય. આમ रामान् માં (र–आ–म्–आ–न्) જે ત્રણ વર્ણોનું વ્યવધાન છે તે ઉપર

વ્યવધાન

ગણાવેલા વર્ણોમાંથી જ છે (અર્થાત્ જે आ કાર છે ને अट् પ્રત્યાહારમાં આવી જાય છે; અને જે म् કાર છે તે प વર્ગનો વર્ણ છે). તેથી આ વર્ણોનું વ્યવધાન સહ્ય ગણાશે. તો આ ૧૩૮ મા સૂત્રથી रामान् → रामाण् થવું જોઈએ. એટલે કે અહીં णत्व વિધિ થવા આવે છે.

પણ ૧૩૯ મું સૂત્ર એક વધારાની સ્પષ્ટતા જોડે છે કે જો न् કાર પદના અંતે આવેલ હોય તો (તે न् કાર ભલે રેફની કે ष् કારની પાછળ આવેલ હોય, તો પણ) ત્યાં णत्व વિધિ થતી નથી એટલે કે रामान् નું रामान् । રૂપ જ રહી જશે. આમ દ્વિતીયા વિભક્તિ બહુવચનનું રૂપ સિદ્ધ થયું.

---

140. टा-ङसि-ङसामिनात्स्याः । ७-१-१२

अदन्ताट्टादीनाम् इनादयः (= इन–आत्–स्य) स्युः । णत्वम् । रामेण ।

141. सुपि च । ७-३-१०२

यञादौ सुपि अतोऽङ्गस्य दीर्घः । रामाभ्याम् ।

142. अतो भिस ऐस् । ७-१-१३

(अदन्ताद् अङ्गाद् 'भिस्' इत्यस्य 'ऐस्' स्याद्)*

45. अनेकाल्शित्सर्वस्य । रामैः ।

અનુવાદ : ૧૪૦. હ્રસ્વ अ કારાન્ત (અંગ/શબ્દ) ની પાછળ આવેલા टा–ङसि–અને ङस् પ્રત્યયોના સ્થાનમાં અનુક્રમે इन–आत्–અને स्य એવા આદેશો થાય છે. જેમકે,

राम + टा ।
↓
राम + इन

(તૃતીયા વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

૧. પ્રસ્તુત સૂત્રથી, હ્રસ્વ अ કારાન્ત પ્રકૃતિ = राम શબ્દની પાછળ આવેલા टा પ્રત્યયના સ્થાનમાં इन આદેશ થશે.

रा–मे–न

૨. ત્યાર પછી ૨૭ आद्गुणः । એવા સૂત્રથી ગુણ–ए કાર–થશે : रामेन ।

रा–मे–ण

૩. હવે अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि । સૂત્રથી રેફની પાછળ આવેલા न् अ (= न) નો ण् अ થશે. (અહીં ૧૩૯ पदान्तस्य । સૂત્રથી णत्व વિધિનો નિષેધ થશે નહીં. કારણ કે रामेन ।માં न् કાર અંતે આવેલો નથી. અહીં તો અંતે (न् + अ = न) હ્રસ્વ अ કાર આવેલો છે.) તેથી ૧૩૮મા સૂત્રથી णत्व વિધિ નિર્બાધ પણે થશે.

रामेण ।

૪. આમ તૃતીયા વિભક્તિ, એકવચનમાં रामेण । રૂપની સિદ્ધિ પૂરી થાય છે.

*

૧૪૧. यञ् પ્રત્યાહારમાંના કોઈ વર્ણથી શરૂ થતો सुप् (= सु–औ–जस् વગેરે ૨૧ પ્રત્યયોમાંનો કોઈ) પ્રત્યય પરમાં હોય ત્યારે, હ્રસ્વ अ કારાન્ત અંગને દીર્ઘ થાય છે. જેમકે,

राम + राम + भ्याम् ।

(તૃતીયા વિભક્તિ, દ્વિવચનનો પ્રત્યય)

राम + ० + भ्याम् ।

હ્રસ્વ अ કારાન્ત અંગને દીર્ઘ | यञ् થી શરૂ થતો सुप् પ્રત્યય

૧. (૧૨૫ મા સૂત્રથી) બે સરૂપ राम શબ્દોમાંથી એકનો શેષ રહેશે.

૨. ૧૪૧ મું સૂત્ર કહે છે કે यञ् થી શરૂ થતો सुप् પ્રત્યય પરમાં હોય ત્યારે હ્રસ્વ अ કારાન્તને દીર્ઘ થાય છે. (અહીં भ्याम् નો भ् કાર यञ् પ્રત્યાહારમાં આવી જાય છે.)

रामा + भ्याम् ।

૩. આમ रामाभ्याम् । રૂપ સિદ્ધ થઈ જાય છે.

*

૧૪૨. હ્રસ્વ અ કારાન્ત અંગની પાછળ આવેલા (તૃતીયા વિ. બહુવચનના) ભિસ્ પ્રત્યયના સ્થાનમાં ऐस् એવો આદેશ થાય છે.

હવે ૪૫ મા પરિભાષા સૂત્રથી અગાઉ કહેવાઈ ચૂક્યું છે કે "જે આદેશ 'અનેકાલ્' હોય, તે આખા સ્થાનિના સ્થાનમાં પ્રવૃત્ત થાય છે." તો અહીં જે ऐस् આદેશનું વિધાન કર્યું છે, તે પણ બે અલ્ (ऐ અને स्)નો બનેલો છે. તેથી તે આખા भिस् પ્રત્યયને ખસેડીને, એના સ્થાનમાં પ્રવૃત્ત થશે. તો रामैः । જેવું રૂપ સિદ્ધ થશે. જેમકે,

राम + राम + राम + भिस् । (તૃતીયા વિભક્તિ, બહુવચનનો પ્રત્યય)

राम + ० + ० + भिस्

૧. ૧૨૫ મા સૂત્રથી ત્રણ સરૂપ राम શબ્દોમાંથી એકનો શેષ રહેશે.

↑ (હ્રસ્વ અ કારાન્ત અંગ) | (સ્થાનિ) ↓

राम + ऐस्

૨. પછી अतो भिस ऐस् । સૂત્રથી હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા ભિસ્ના સ્થાનમાં ऐस् આદેશની પ્રાપ્તિ.

राम + ऐस् → 'वृद्धि'

૩. શંકા : ऐस् એવો આદેશ ભિસ્ પ્રત્યયના અંતિમ વર્ણને લાગુ પાડવાનો છે, કે આખા ભિસ્ને ? તો ૪૫ મા સૂત્રે કહી રાખ્યું છે કે જે આદેશ અનેકાલ્ હોય, તે આખા સ્થાનિના સ્થાનમાં કરવો.

रामै + स्

૪. वृद्धिरेचि । થી હવે વૃદ્ધિ થશે.

रामै + र्

૫. ससजुषो रुः । થી પદાન્તે આવેલા સ્કારને रु>र् આદેશ થશે.

रामै + :

૬. खरवसानयोर्विसर्जनीयः । થી અવસાનમાં આવેલા રેફનો વિસર્ગ થશે.

रामैः ।।

૭. આમ रामैः । રૂપની સિદ્ધિ થાય છે.

(વિવરણ) : अतो भिस ऐस् । આ સૂત્રમાં આવેલા 'अतः' પદનો અર્થ अदन्तात् કર્યો છે. અહીં પાણિનિએ હ્રસ્વ અ કારની પાછળ 'તપર કરણ' કર્યું છે. આથી ૨૬ મા तपरस्तत्कालस्य । સૂત્રની સૂચના મુજબ त् કાર જેની પાછળ જોડયો હોય, તે સમકાલનો જ બોધક બને છે. પરિણામે અહીં જે હ્રસ્વ અ ની

પાછળ त् કાર જોડયો છે, તે હ્રસ્વ अ કાર પોતાના છ ભેદોનો જ બોધ કરાવશે. આથી 'अत: = અદન્ત = હ્રસ્વ अ કારાન્ત' એવો થશે. [આનો ફલિતાર્થ એ થયો કે દીર્ઘ आ કારાન્ત माला–रमा જેવા શબ્દોની પાછળ આવેલા भिस् પ્રત્યયના સ્થાનમાં ऐस् આદેશ થઈ શકશે નહીં. કેમકે रमा–माला જેવા શબ્દો "અદન્ત" નથી; પણ "આદન્ત" છે.]

---

143. ङेर्यः । ७-१-९

अतोऽङ्गात् परस्य ङेर्यादेशः ।

144. स्थानिवदादेशोऽनल्विधौ । १-१-५६

आदेशः स्थानिवत् स्यात्, न तु स्थान्यलाश्रयविधौ । इति स्थानिवत्त्वात् 'सुपि च' इति (अनेन) दीर्घः । रामाय । रामाभ्याम् ।

145. बहुवचने झल्येत् । ७-३-१०३

झलादौ बहुवचने सुप्यतोऽङ्गस्यैकारः । रामेभ्यः । सुपि किम् ?- पचध्वम् ।

અનુવાદ : ૧૪૩. હ્રસ્વ अ કારાન્ત અંગની પાછળ આવેલા 'ङे' એવા (ચતુર્થી વિભક્તિ, એકવચનના) પ્રત્યયના સ્થાનમાં 'य' એવો આદેશ થાય છે.

૧૪૪. "જે આદેશ હોય છે તે સ્થાનિવત્ (=સ્થાનિમાં જેવા ગુણધર્મો હોય, તેવા ગુણધર્મવાળો) હોય છે [એમ જાણવું]; પરંતુ સ્થાનિ સંબંધી જે અલ્, તદાશ્રિત વિધિ કરવાની હોય તો આદેશ સ્થાનિવત્ થતો નથી."—આ સૂત્રની સૂચના મુજબ, [હવે राम+ङे ।માં ङे ના સ્થાનમાં 'य' આદેશ કર્યા પછી], સ્થાનિવદ્ભાવનું આશ્રયણ કરીને, 'य' આદેશમાં પણ ('ङे' સ્થાનિમાં રહેલો) सुपत्व ધર્મ આરોપીશું તો, सुपि च । સૂત્રથી દીર્ઘ-વિધિ થઈ જશે. પરિણામે रामाय । એવા રૂપની સિદ્ધિ થશે. એ જ પ્રમાણે, राम+भ्याम् ।માંથી रामाभ्याम् એવા રૂપની પણ સિદ્ધિ થઈ શકશે.

૧૪૫. झल् પ્રત્યાહારના કોઈ વર્ણથી શરૂ થતો બહુવચનનો सुप् (सु–औ–जस् વગેરે ૨૧ પ્રત્યયોમાંનો કોઈ એક) પ્રત્યય પરમાં હોય ત્યારે, હ્રસ્વ अ કારાન્ત અંગના અંતિમ વર્ણને ए કાર આદેશ થાય છે. આથી राम+भ्यस् । ની સ્થિતિમાં एत्व વિધિ થશે તો रामे+भ्यस् → रामेभ्यः । એવા ચતુર્થી વિ. બહુવચનના રૂપની સિદ્ધિ થાય છે.

શંકા : [આ ૭-૧-૧૦૩ મા સૂત્રમાં પણ ૭-૩-૧૦૨ મા સૂત્રમાંથી] 'सुपि' એવા પદની અનુવૃત્તિ શા માટે લાવવામાં આવી છે? અર્થાત્ આ ૧૪૫ મા (=૭-૧-૧૦૩ મા) સૂત્રમાં (અનુવૃત્તિથી આવેલા) सुपि પદનું શું પ્રયોજન છે?

સમાધાન : पचध्वम् । આ રૂપ ક્રિયાપદનું છે. અહીં √पच् ધાતુની પાછળ જે ध्वम् પ્રત્યય છે તે सुप् પ્રત્યાહારમાં (= सु-औ-जस् વગેરે ૨૧ પ્રત્યયોમાં) આવતો નથી. [પણ તે બહુવચનનો ध्वम् પ્રત્યય તો तिङ् પ્રત્યાહારમાં આવે છે.] આથી पच + ध्वम् । એ સ્થિતિમાં झलादि બહુવચનનો પ્રત્યય પરમાં છે ખરો, પણ તે 'सुप्' નો નથી. આથી ૭-૧-૧૦૩ થી एत्व વિધિ થશે નહીં; એટલે કે (रामेभ्यःની જેમ) पचेध्वम् થશે નહીં.

(વિવરણ) : હવે राम શબ્દના ચતુર્થી વિભક્તિમાં રૂપો ચલાવીશું. ચતુર્થી વિભક્તિના પ્રત્યયો ङे-भ्याम्-भ्यस् । છે. આની રૂપપ્રક્રિયા ચલાવીશું :

(૧) राम + ङे (ચતુર્થી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

↓ ह्रस्व अ કરાન્ત અંગ | ↓

૧. અહીં ङेर्यः । એવા ૧૪૩મા સૂત્રથી અદન્ત (હ્રસ્વ अ કારાન્ત) અંગની પાછળ આવેલા ङे પ્રત્યયના સ્થાનમાં 'य' એવો આદેશ થાય છે.

राम + य (આદેશ)

↑ (સ્થાનિવદ્ ભાવથી सुप्त्व ધર્મનો આરોપ = અતિદેશ કરવામાં આવે છે.)

૨. ૧૪૪મા સૂત્રથી 'સ્થાનિવદ્ભાવ' શીખવવામાં આવ્યો છે. स्थानिवद् आदेश० । આ સૂત્ર એમ કહે છે કે ङे એવા સ્થાનિમાં જે सुप्त्व (सुप् વિભક્તિત્વ) ધર્મ હતો, તે (ધર્મ) તેના સ્થાને આદેશ રૂપે આવેલા 'य'માં પણ આરોપવામાં આવે છે. (એટલે કે જેમ ङे ને 'પ્રત્યય' કહેવામાં આવતો હતો અને તે सुप् પ્રત્યાહારમાં આવેલા ૨૧ પ્રત્યયોમાંનો એક પ્રત્યય ગણાતો હતો, તેમ આ 'य' આદેશને પણ सुप् પ્રત્યાહારમાંનો જ 'પ્રત્યય' ગણાશે.)

राम + य

↑ (પ્રત્યયત્વ આવ્યું) તે यञादि सुप् પ્રત્યય કહેવાશે.)

राम + य

↓

रामा + य

= रामाय

૩. પૂર્વોક્ત ૧૪૧મા सुपि च । સૂત્રથી 'यञादि सुप् પ્રત્યય પરમાં છે, એમ જોઈને અદન્ત અંગને દીર્ઘ કરવાનો રહેશે.

૪. આમ रामाय । રૂપની સિદ્ધિ થાય છે.

*

સ્થાનિવદ્ભાવ : જેમ વ્યવહાર જગત્માં गुरुवत् गुरुपुत्रेऽपि वर्तितव्यम् । 'ગુરુ પ્રત્યે જેવો વર્તાવ કરતા હોઈએ, તેવો જ વર્તાવ તેમના પુત્રની સાથે કરવો જોઈએ' એવો ન્યાય છે; તેમ શાસ્ત્રમાં પણ કહેવામાં આવે છે કે સ્થાનિભૂત વર્ણ/પ્રકૃતિ/પ્રત્યયમાં જે ગુણધર્મો હોય, તેવા જ ગુણધર્મોવાળો આદેશ પણ છે એમ જાણવું. અર્થાત્ સ્થાનિના ગુણધર્મો આદેશમાં પણ આરોપિત કરવામાં આવે છે. ब्राह्मणवद् अस्मिन् क्षत्रिये वर्तितव्यम् । એમ બોલીએ ત્યારે જેમ બ્રાહ્મણને પૂજા-વંદન કરવામાં આવે, તેવી જ રીતે અમુક કુલીન ક્ષત્રિય વ્યક્તિની પ્રત્યે પણ પૂજા-વંદનાદિનો વ્યવહાર કરવામાં આવે છે. અહીં બ્રાહ્મણ તરફના વ્યવહારનો ક્ષત્રિયને વિષે અતિદેશ (= અતિવ્યાપ્તિ) કરવામાં આવ્યો છે એમ કહેવાય છે. (પાણિનિના જે સૂત્રમાં 'वत्' એવો શબ્દ (= પ્રત્યય) જોડયો હોય તે 'અતિદેશ' પ્રકારનું સૂત્ર છે એમ જાણવું. પ્રસ્તુત સૂત્રમાં પણ स्थानिवद् आदेशः, अनल्विधौ । ૧-૧-૫૬ તે 'वत्'નું ગ્રહણ કર્યું છે.) અહીં સામાન્ય રીતે તો આદેશ સ્થાનિવત્ થતો હોય છે; પણ અલ્વિધિમાં આદેશને સ્થાનિવત્ ગણવામાં આવતો નથી. અલ્વિધિ એટલે એક અલ = એક વર્ણને આશ્રયે થનારો વિધિ. હવે સ્થાનિભૂત ङे પ્રત્યયના કોઈ અલ્ (= ए પ્રત્યય)ને આશ્રયે તો કોઈ વિધિ કરવાનો નથી. તેથી અહીં राम + य ।ની સ્થિતિમાં 'ङे' સ્થાનિમાં રહેલો सुप्त्व ધર્મ 'य' આદેશમાં લાવી શકાશે; (જેને 'સ્થાનિવદ્ભાવ' કર્યો એમ કહેવાશે).

*

राम + भ्याम् । ચતુર્થી વિભક્તિ, દ્વિવચનની પ્રક્રિયા પૂર્વવત્ ચલાવવાની રહેશે. એટલે તૃતીય વિભક્તિ, દ્વિવચનમાં જેમ राम + भ्याम् ।ની સ્થિતિમાં सुपि च । સૂત્ર લગાડીને रामा + भ्याम् = रामाभ्याम् । રૂપ બનાવ્યું હતું તેમ ચતુર્થી વિ. દ્વિવચનમાં પણ रामाभ्याम् । રૂપ થશે.

*

राम + राम + राम + भ्यस् ।	(ચતુર્થી વિભક્તિ બહુવચનનો પ્રત્યય)
↑ બહુવચનનો પ્રત્યય	૧. અહીં राम શબ્દની પહેલે તબક્કે 'પ્રાતિપદિક' સંજ્ઞા, બીજે તબક્કે राम + राम + राम + भ्यस् । માંથી એક જ राम શબ્દનો શેષ, પછી
रामे + भ्यस्	૨. बहुवचने झल्येत् । સૂત્ર કહે છે કે झलादि બહુવચનનો सुप् પ્રત્યય પરમાં હોય તો હ્રસ્વ अ કારાન્ત અંગને ए કાર = एत्व વિધિ થાય છે.

(કારણ કે અહીં જે भ्यस् પ્રત્યય છે, તે—૧. બહુવચનનો છે, ૨. झल् પ્રત્યાહારમાં આવેલા भ् વર્ણથી શરૂ થતો પ્રત્યય છે, અને ૩. भ्यस् પ્રત્યય सुप् (= सु–औ–जस् વગેરે ૨૧) પ્રત્યયોમાંનો એક છે.

रामे + भ्यर्

૩. ससजुषो रुः । સૂત્રથી પદાન્તે આવેલા स् ને रु > र् થશે.

रामे + भ्यः
= रामेभ्यः ।

૪. खरवसानयोर्विसर्जनीयः । સૂત્રથી અવસાન પરમાં રહેતાં રેફને વિસર્ગ થશે. જેથી रामेभ्यः । રૂપ બની જશે.

---

146. वाऽवसाने । ८–४–५६

अवसाने झलां चरो वा । रामात्–रामाद् । रामाभ्याम् । रामेभ्यः ॥ रामस्य ।

147. ओसि च । ७–३–१०४

अतोऽङ्गस्यैकारः । रामयोः ।

અનુવાદ : ૧૪૬. અવસાનમાં (= વાકયાન્તે) આવેલા झल् પ્રત્યાહારના વર્ણોના સ્થાનમાં વિકલ્પે चर् પ્રત્યાહારના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. જેમકે,

राम + ङसि ।
↓
राम + आत् ।
राम् + आ + त्
रामात् ।
↑
(અવસાનમાં झल्)

रामात् (૧૪૬ સૂત્ર) = चर्त्व
रामाद् (૬૭મું સૂત્ર) = जश्त्व

(પંચમી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

૧. અહીં ૧૪૦ टा–ङसि–ङसाम् इनात्स्याः । સૂત્રથી ङसि પ્રત્યયના સ્થાનમાં 'आत्' એવો આદેશ થાય છે. (આ–ત્ આદેશ 'અનેકાલ્' હોવાથી આખા ङसि પ્રત્યના સ્થાનમાં પ્રવૃત્ત થશે.)

૨. अकः सवर्णे दीर्घः । થી अक्ની પાછળ સવર્ણ अच् (દા. ત., अની પાછળ अ) આવેલો હોય તો સવર્ણ દીર્ઘ એકાદેશ થાય છે.

૩. પ્રસ્તુત वाऽवसाने । સૂત્ર કહે છે કે અવસાનમાં (જેની પાછળ

रामात् – रामाद् ॥

બીજો કોઈ વર્ણ ના આવ્યો હોય તેવા અંતિમ વર્ણને 'અવસાન'માં આવેલો વર્ણ કહે છે.) આવેલા झल्‌ને વિકલ્પે चर् થાય છે. એટલે કે બીજા પક્ષમાં ૬૭. झलां जशोऽन्ते થી પદાન્તે આવેલા झल्‌ને जश् થશે. (त्‌ને द् થશે.)

૪. આમ પંચમી વિ. એકવચનનું રૂપ બે રીતે લખી શકાશે– रामात् કે रामाद् ॥

*

પંચમી વિભક્તિ દ્વિવચન અને બહુવચનનાં रामाभ्याम् । અને रामेभ्यः । ની રૂપસિદ્ધિ પૂર્વવત્ (= ચતુર્થી દ્વિવચન, બહુવચનમાં થઈ છે એવી જ રીતે) થશે.

*

राम + ङस् ।

↑

હ્રસ્વ अ કારાન્ત અંગ

राम + स्य

= रामस्य

(ષષ્ઠી વિભક્તિ, એકવચનનો પ્રત્યય.)

૧. અહીં टा–ङसि–ङसाम् इनात्स्याः । ૧૪૦ મા સૂત્રથી ङस् પ્રત્યયના સ્થાનમાં स्य એવો આદેશ થશે; કારણ કે તે ङस् પ્રત્યય અદન્ત અંગની પાછળ આવેલો છે. (અહીં सुपि च । સૂત્ર લાગશે નહીં; કેમકે यञादि પ્રત્યય પરમાં નથી. માટે राम + स्य । ને જોડી દેવાથી જ) रामस्य । એવું રૂપ બની જશે.

*

૧૪૭. હ્રસ્વ अ કારાન્ત અંગને ए કાર થાય છે, જો ओस् પ્રત્યય પરમાં હોય તો.

राम + राम + ओस्

(ષષ્ઠી વિભક્તિ, દ્વિવચનનો પ્રત્યય)

૧, रामની 'પ્રાતિપદિક' સંજ્ઞા, सुप्‌ના ૨૧ પ્રત્યયોની ઉત્પત્તિ, એમાંથી ષષ્ઠી, દ્વિવચનના ओस् પ્રત્યયની પસંદગી, અને એક સરૂપ राम શબ્દનો શેષ કર્યા પછી,

राम + ० + ओस्

रामे + ओस्
ए ↑
↓ अच्
अय् (निमित्त)
આદેશ

राम् अ य् + ओस्
राम - योस्
रामयोर्
रामयोः

૨. પ્રકૃત ૧૪૭ મા સૂત્રથી સૂચના મળે છે કે ઓસ્ પ્રત્યય પરમાં હોય તો અદન્ત અંગને एत्व થાય છે. (राम → रामे)

૩. एचोऽयवायावः । સૂત્રથી અચ્ પરમાં રહેતાં એના સ્થાનમાં અય્ આદેશ થશે.

૪. अज्झीनं परेण संयोज्यम् । એવા ન્યાયથી સ્વર વગરના વર્ણને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો रामयोस् થશે.

૫. પછી ससजुषो रुः । रु→र् થશે.

૬. खरवसानयोर्विसर्जनीयः । થી રેફનો વિસર્ગ થશે. रामयोः રૂપ બની જશે.

---

148. ह्रस्वनद्यापो नुट् । ७-१-५४

ह्रस्वन्तात् नद्यन्ताद् आबन्तात् च अङ्गात् परस्य 'आमः' नुड् आगमः (स्यात्) ।

149. नामि । ६-४-३

अजन्ताङ्गस्य दीर्घः । रामाणाम् ॥

---

૧૪૮. હ્રસ્વ સ્વર છે અન્તમાં જેની, 'નદી' સંજ્ઞક શબ્દ છે અન્તમાં જેની, અને (સ્ત્રીલિંગનો) આપ્ પ્રત્યય છે અન્તમાં જેની એવા અંગની પાછળ આવેલા આમ્ પ્રત્યયને 'નુટ્' એવો આગમ લાગે છે.

૧૪૯. અજન્ત (=સ્વરાન્ત) અંગને દીર્ઘ થાય છે, જો નામ્ (એવો પ્રત્યય) પરમાં હોય તો. જેમકે,

राम + राम + राम + आम् । (ષષ્ઠી બહુવચનનો પ્રત્યય)

राम + ० + ० + आम्
↑
(હ્રસ્વાન્ત અંગ)

૧. રામની પ્રાતિપદિક સંજ્ઞા, તદાશ્રિત સુપ્ પ્રત્યયોની ઉત્પત્તિ, તેમાંથી ષષ્ઠી બહુવચનના આમ્ પ્રત્યયની પસંદગી અને ત્રણ સરૂપ રામ શબ્દોમાંથી એકનો શેષ.

राम + नुट् आम्
राम + न् आम्

૨. ह्रस्वनद्यापो नुट् । સૂત્રથી હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા આમ્ પ્રત્યયને નુટ્ આગમ થશે.

૩. નુટ્માંથી ઉ કાર, ટ્ કારની ઈત્સંજ્ઞા અને લોપ થશે તો ન્ કાર બાકી રહેશે.

राम + न् आम्
આદિ અવયવ

૪. હવે કોઈને પ્રશ્ન થાય કે 'આગમની પ્રવૃત્તિ તો મિત્રવત્ થાય છે.' તો મિત્રને તો પોતાની આગળ–પાછળ, ઉપર–નીચે ગમે ત્યાં બેસાડી શકાય. તો પછી આ ન્ કાર રૂપ આગમને આમ્ની પૂર્વમાં જ કેમ જોડયો / ઉમેર્યો છે? સમાધાન : આવું એટલા માટે કર્યું છે કે आद्यन्तौ टकितौ । એવા ૮૫ મા સૂત્રથી સૂચના અપાઈ ચૂકી છે કે "જે टित् આગમ હોય તે આગમીના આદિ અવયવ રૂપે જોડાય છે." આમ નુટ્ આગમમાંથી ટ્ કારની ઈત્સંજ્ઞા કરી છે, તેથી તેને टित् આગમ કહેવાશે, અને પરિણામે તે આમ્ એવા આગમી (= જેને આગમ જોડવાનો હોય તે) પ્રત્યયની આગળ જ = આદિ અવયવ રૂપે જ બેસાડાશે.

राम + नाम्
रामा + नाम्

૫. नामि । એવા ૧૪૯ મા સૂત્રથી કહેવાય છે કે નામ્ પરમાં હોય તો અજન્ત અંગને દીર્ઘ કરો.

रामा + णाम्

= रामाणाम् ।

६. હવે अट्कुप्वाङ्नुम् व्यवायेऽपि । સૂત્રથી રેફની પરમાં આવેલા न् કારને ण् કાર આદેશ કરીશું; (રેફ અને न् ની વચ્ચે ભલે આ અને म् નું વ્યવધાન હોય, તો પણ).

૭. આમ रामाणाम् । રૂપની સિદ્ધિ થશે.

(વિવરણ) : ૧૪૮ મા સૂત્રમાં नद्यन्तात् अङ्गात्નો અર્થ 'નદી' સંજ્ઞક અંગની પાછળ–એવો કર્યો છે. આપણે ૧૯૪ મા સૂત્ર ઉપર જોવાના છીએ કે દીર્ઘ ઈકારાન્ત (गौरी, पार्वती વગેરે) અને દીર્ઘ ऊ કારાન્ત (चमू વગેરે) શબ્દોની "નદી" સંજ્ઞા થાય છે. તથા આપ્ પ્રત્યયાન્ત શબ્દો એટલે रमा–माला–शाला–वृन्दा–कृष्णा જેવા સ્ત્રીલિંગમાં રહેલા આકારાન્ત શબ્દો. આવા શબ્દોની પાછળ આવેલા आम् પ્રત્યયને પણ नुट् આગમ લગાડવાનો છે. (જેથી गौरीणाम् । मालानाम् । જેવાં રૂપો બનશે.)

रामे । रामयोः । एत्वे कृते--

150. आदेश-प्रत्यययोः । ८-३-५९

इण्-कुभ्यां परस्य पदान्तस्य आदेशः प्रत्ययावयवश्च यः सस्तस्य मूर्धन्यादेशः । ईषद्विवृतस्य सस्य तादृश एव षः । रामेषु ॥ एवं कृष्ण-मुकुन्दादयोऽप्यदन्ताः ॥

અનુવાદ : रामे । અને रामयोः । (સપ્તમી વિભક્તિ એકવચન અને દ્વિવચનનાં) રૂપોની સિદ્ધિ નીચે પ્રમાણે થાય છે :

राम + ङि । (ઙ્ + इ)

(સપ્તમી વિભક્તિ, એકવચનનો પ્રત્યય).

૧. लशक्वतद्धिते । થી 'પ્રત્યયની આદિમાં આવેલા क વર્ગના ङ् કારની इत्' સંજ્ઞા થાય છે, અને પછી લોપ થાય છે.

राम + ०इ → गुण → राम् + ए + ० = रामे ।

२. ત્યાર પછી आद्गुणः । થી અ કારની પરમાં (અસવર્ણ) અચ્ આવેલો છે, તેથી પૂર્વ–વર્ણ અને પરવર્ણના સ્થાનમાં ગુણૈકાદેશ થશે.

૩. જેથી रामे । એવા રૂપની સિદ્ધિ થાય છે.

*

राम + ओस् ।

(સપ્તમી વિ. દ્વિવચનનો પ્રત્યય)

रामे + ओस्

૧. ओसि च । સૂત્રથી 'અદન્ત અંગને ए કાર થશે, ओस् એવો પ્રત્યય પરમાં રહેલો છે તેથી'.

राम् अय् + ओस्

૨. હવે एचोऽयवायावः । સૂત્રથી 'અચ્ પરમાં રહેલો છે, તેથી ए કારના સ્થાનમાં अय् આદેશ થશે.'

रा – म – यो – स्

૩. अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી વ્યંજનોને પરવર્ણ સાથે ભેળવી દઈશું તો रामयोस् । બનશે.

रामयोर्.

૪. ससजुषो रुः । સૂત્રથી પદાન્તે આવેલા स् ને रु > र् થશે, અને પછી

रामयोः ।।

૫. खरवसानयोर्विसर्जनीयः । થી રેફનો વિસર્ગ થશે.

*

राम + सुप् ।

(સપ્તમી વિભક્તિ, બહુવચનનો પ્રત્યય)

राम + सु०

૧. हलन्त्यम् । થી ઉપદેશ રૂપ सुप् પ્રત્યયના અંતિમ प् કારનો લોપ થશે.

रामे + सु

૨. बहुवचने झल्येत् । સૂત્રથી 'झळ् (= स् કાર) આદિ सुप् પ્રત્યય પરમાં રહેતાં, અદન્ત અંગને एत्व વિધિ–ए કાર–થશે.

આવી एत्व વિધિ કરી લીધા પછી—

૧૫૦. "इण् પ્રત્યાહાર કે क વર્ગના વર્ણોની પાછળ પદાન્તે આવેલો, આદેશ કે પ્રત્યયના અવયવ રૂપ જે स કાર, તેને સ્થાને મૂર્ધન્ય (ष् કાર) આદેશ રૂપે થાય છે." આ સૂત્રની સૂચના મુજબ, હવે સપ્તમી બહુવચનનો જે सु પ્રત્યય, તેના અવયવ રૂપ જે स् કાર, તે પોતે ઈષદ્ વિવૃત છે; તેથી તેના જેવો જ (અર્થાત્ ઈષદ્ વિવૃત હોય એવો જ, પણ) મૂર્ધા સ્થાનમાંથી ઉચ્ચારાતો ष् કાર આદેશ રૂપે થશે. તો रामे + षु → रामेषु । એવા રૂપની સિદ્ધિ થઈ જશે.

*　　*　　*

આમ राम એવા અજન્ત (=સ્વરાન્ત), [વધારે સૂક્ષ્મતાપૂર્વક કહીએ તો—હ્રસ્વ अ કારાન્ત] અને પુંલિંગ શબ્દની પ્રથમા વિભક્તિથી શરૂ કરી સપ્તમી વિભક્તિ પર્યન્તનાં રૂપોની સિદ્ધિ પૂરી થઈ. (આમાં પ્રથમા વિભક્તિ પછી તરત જ સંબુદ્ધિ = સંબોધન વિભક્તિ પણ આવરી લેવાઈ છે.) જેવી રીતે राम શબ્દનાં રૂપોની સિદ્ધિ દર્શાવી છે તેવી જ રીતે कृष्ण, मुकुन्द, कमलेश ઈત્યાદિ 'અજન્ત અદન્ત = હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ શબ્દોના રૂપોની પણ સિદ્ધિ થાય છે એમ જાણવું.

(વિવરણ) : राम શબ્દનાં રૂપો નીચે મુજબ સિદ્ધ થયાં :

હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ राम શબ્દ (= પ્રાતિપદિક)

	એકવચન	દ્વિવચન	બહુવચન
प्रथमा	रामः (सु)	रामौ (औ)	रामाः (जस्)
सम्बोधनम्	हे राम (सु)	हे रामौ	हे रामाः
द्वितीया	रामम् (अम्)	रामौ (औट्)	रामान् (शस्)
तृतीया	रामेण (टा)	रामाभ्याम् (भ्याम्)	रामैः (भिस्)
चतुर्थी	रामाय (ङे)	रामाभ्याम् (भ्याम्)	रामेभ्यः (भ्यस्)
पञ्चमी	रामात् (ङसि)	रामाभ्याम् (भ्याम्)	रामेभ्यः (भ्यस्)
षष्ठी	रामस्य (ङस्)	रामयोः (ओस्)	रामाणाम् (आम्)
सप्तमी	रामे (ङि)	रामयोः (ओस्)	रामेषु (सुप्)

राम શબ્દનાં સાતેય વિભક્તિનાં (એકવચનનાં) રૂપો જેમાં વપરાયાં છે તેવો એક પ્રસિદ્ધ શ્લોક જોઈશું :

१　　　　　　　　　२
रामो राजमणिः सदा विजयते, रामं रमेशं भजे ।
३　　　　　　　　　४
रामेणाऽभिहता निशाचरचमूः, रामाय तस्मै नमः ॥
५　　　　　　　　　६
रामान् नास्ति परायणं परतरं, रामस्य दासोऽस्म्यहम् ।
७　　　　　　　　　८
रामे चित्तलयः सदा भवतु मे, भो राम ! माम् उद्धर ॥

151. सर्वादीनि सर्वनामानि । १–१–२७

सर्व विश्व उभ उभय डतर डतम अन्य अन्यतर इतर त्वत् त्व नेम सम सिम । (गणसूत्राणि) १. पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायाम् असंज्ञायाम् । २. स्वम् अज्ञातिधनाख्यायाम् । ३. अन्तरं बहिर्योगोपसंख्यानयोः । त्यद् तद् यद् एतद् इदम् अदस् एक द्वि युष्मद् अस्मद् भवतु किम् ॥ (इति सर्वादयः)

અનુવાદ : ૧૫૧. (સૂત્રાર્થ:) 'सर्व શબ્દ છે આદિમાં જેની' એવા શબ્દ-સમૂહ(માં આવેલા શબ્દો)ની 'સર્વનામ' એવી સંજ્ઞા થાય છે. [હવે પ્રશ્ન થાય કે "सर्व શબ્દ છે આદિમાં જેની" અર્થાત્ 'સર્વાદિ' શબ્દો કયા કયા છે? અને કેટલા છે? તો એના જવાબમાં વૃત્તિકાર વરદરાજ ૩૫ સર્વાદિ શબ્દોને વારાફરતી ગણી બતાવે છે:] (क) ૧. सर्व, ૨. विश्व, ૩. उभ, ૪. उभय, ૫. डतर પ્રત્યયાન્ત શબ્દ, ૬. डतम પ્રત્યયાન્ત શબ્દ, ૭. अन्य, ૮. अन्यतर, ૯. इतर, ૧૦, त्वत्, ૧૧. त्व, ૧૨. नेम, ૧૩. सम, ૧૪. सिम, (ख) કોઈની સંજ્ઞા રૂપે ન વપરાયા હોય એવા અને કોઈક 'વ્યવસ્થા' બતાવનારા હોય તેવા ૧૫. पूर्व, ૧૬. पर, ૧૭. अवर, ૧૮. दक्षिण, ૧૯. उत्तर, ૨૦. अपर અને ૨૧. अधर; તથા (ग) ૨૨. 'ज्ञाति' અને 'धन' એવા અર્થમાં ન વપરાયો હોય તેવો स्वम् (= આત્મા કે પોતાનું) શબ્દ; (घ) ૨૩. अन्तरम् શબ્દ, કે જે "બહિર્યોગ = બહારનું અને ઉપસંખ્યાન = પરિધાન અધોવસ્ત્ર" અર્થમાં વપરાયો હોય તેની પણ અહીં સર્વાદિ–ગણમાં ગણતરી થવી જોઈએ; (ङ) તથા ૨૪. त्यद्, ૨૫. तद्, ૨૬. यद्, ૨૭. एतद्, ૨૮. इदम्, ૨૯. अदस्, ૩૦. एक, ૩૧. द्वि, ૩૨. युष्मद्, ૩૩. अस्मद्, ૩૪. भवतु, ૩૫. અને किम् ॥ [આ 'સર્વાદિ ગણ' છે, અને તેમાં આવેલા પ્રત્યેક શબ્દની 'સર્વનામ' એવી સંજ્ઞા થાય છે.]

(વિવરણ) : 'સર્વનામ' એવા શબ્દનો અર્થ છે : સર્વને = બધાને માટે (સામાન્યપણે) વપરાતું જે નામ (તે 'સર્વનામ'). દા. ત. ૧. રામ દશરથના પુત્ર છે. તે અયોધ્યાના રાજા છે. ૨. ભીમ યુધિષ્ઠિરનો ભાઈ છે. તે ગદાયુદ્ધમાં પ્રવીણ છે. ૩. આ છોકરી છે. તે ઘણી શરમાળ છે. –આ ત્રણેય વાક્યોમાં વપરાયેલો તે શબ્દ સર્વનામ છે, કારણ કે તે એકવાર રામ માટે, બીજીવાર ભીમ માટે અને ત્રીજીવાર છોકરી માટે એક સરખો–સામાન્યપણે–વપરાયો છે.

*

અહીં પાણિનિએ જે सर्व વગેરે ૩૫ શબ્દોની યાદી રજૂ કરી છે તેમાં (ख), (ग) અને (घ) ની અંદર ત્રણ "ગણસૂત્રો"ને રજૂ કર્યાં છે. સામાન્ય રીતે તો પાણિનિ ગણમાં છુટા છુટા શબ્દોની જ યાદી/સંગ્રહ રજૂ કરતા હોય છે, પણ અહીં 'સર્વાદિ-ગણ'માં તેમણે ભવિષ્યમાં અષ્ટાધ્યાયીમાં જે સૂત્રો ગૂંથવાના છે, તેને પણ મૂકી દીધાં છે. એટલે કે આ સર્વાદિ ૩૫ શબ્દોની યાદી કેવળ છુટા છુટા શબ્દોના સંગ્રહથી જ બનેલી નથી; પણ તેમાં (તે ગણ = શબ્દ યાદીમાં) અષ્ટાધ્યાયીનાં ત્રણ સૂત્રો (૧-૧-૩૪, ૩૫ અને ૩૬) પણ મૂકાઈ ગયાં છે. ટૂંકમાં, પરંપરાથી આ સર્વાદિગણમાં આવેલાં (ख), (ग) અને (घ) વાક્યોને-પંક્તિઓને-'ગણસૂત્રો' એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે.

પાણિનિએ सर्व વગેરે ૩૫ શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા જાહેર કરી છે. આમાંથી જે अ કારાન્ત सर्व, विश्व, सम વગેરે શબ્દો છે તેમના (પુંલિંગમાં) રૂપો ચલાવીશું ત્યારે તે રૂપો પણ મહદંશે राम ના રૂપો જેવાં જ થાય છે; પણ કુલ પાંચ જગ્યા એ તે જુદાં પડે છે. (જેમ કે, પ્રથમા બહુવચન; ચતુર્થી અને પંચમી એકવચન; ષષ્ઠી બહુવચન અને સપ્તમી એકવચનમાં.) હવે તેનું નિરૂપણ કરવામાં આવે છે :

---

152. जसः शी । ७-१-१७

अदन्तात् सर्वनाम्नो जसः शी स्यात् । अनेकाल्त्वात् सर्वादेशः ।। सर्वे ।।

153. सर्वनाम्नः स्मै । ७-१-१४

अतः सर्वनाम्नो ङः स्मै । सर्वस्मै ।।

154. ङसि-ङ्योः स्मात्-स्मिनौ । ७-१-१५

अतः सर्वनाम्न एतयोरेतौ स्तः । सर्वस्मात् ।।

અનુવાદ : ૧૫૨. જે અદન્ત (હ્રસ્વ अ કારાન્ત) 'સર્વનામ' સંજ્ઞક શબ્દો હોય, તેમની પાછળ આવેલા (પ્રથમા વિભક્તિ, બહુવચનના) जस् પ્રત્યયના સ્થાનમાં शी એવો આદેશ થાય છે. 'शी' એવા આદેશમાં श् અને ई એવા બે વર્ણો = અનેક અલ્ હોવાથી, તે આદેશ આખા जस् પ્રત્યયના સ્થાનમાં પ્રવૃત્ત થાય છે. પરિણામે [सर्व + जस् → सर्व + शी → सर्व + ई =] सर्वे । એવું રૂપ સિદ્ધ થાય છે.

૧૫૩. "અદન્ત (= હ્રસ્વ अ કારાન્ત) હોય એવા સર્વનામની પાછળ (ચતુર્થી વિભક્તિ, એકવચનના) 'ङे' પ્રત્યયના સ્થાનમાં 'स्मै' એવો આદેશ થાય છે." આથી [सर्व + ङे → सर्व + स्मै =] सर्वस्मै । એવું રૂપ સિદ્ધ થાય છે.

૧૫૪. અદન્ત સર્વનામની પાછળ આવેલા (પંચમી વિભક્તિ, એકવચનના) ङसि પ્રત્યય; અને (સપ્તમી વિભક્તિ, એકવચનના) ङि પ્રત્યયના સ્થાનમાં અનુક્રમે

'स्मात्' અને 'स्मिन्' એવા આદેશો થાય છે. આથી [सर्व + ङसि → सर्व + स्मात् =] सर्वस्मात् । એવું રૂપ સિદ્ધ થાય છે.

(વિવરણ) : सर्व એટલે 'બધા' (सर्वे जनाः गच्छन्ति । બધા માણસો જાયછે.) આ શબ્દની 'સર્વનામ' સંજ્ઞા ૧૫૧ મા સૂત્રથી કરવામાં આવે છે. ત્યાર પછી એના પ્રથમા વિભક્તિમાં રૂપો ચલાવવાં सर्व + सु/औ/जस् ।। એવા પ્રત્યયો લાવવામાં આવે છે. ૧. (क) પ્રથમા વિ. એકવચનમાં सर्व + सु → सर्व + स् → सर्व + रु > र् → सर्वः । એવું રૂપ બને છે. ૧. (ख) પ્રથમા વિ. દ્વિવચનમાં सर्व + औ → પૂર્વસવર્ણદીર્ઘની પ્રાપ્તિ, नादिचि । થી નિષેધ; પછી વૃદ્ધિ = सर्वौ । એવું રૂપ બને છે. આમ પહેલાં બે રૂપો તો रामः । रामौ । ની જેમ જ બને છે. પણ ૧. (ग) પ્રથમા વિ. બહુવચનમાં रामाः । ની જેમ सर्वाः । રૂપ બનતું નથી. ત્યાં રૂપસિદ્ધિ બદલાય છે. જેમ કે,

सर्व + सर्व + सर्व + जस् । (પ્રથમા વિ. બહુવચનનો પ્રત્યય)

सर्व + ० + ० + जस् ।

↑ (અદન્ત સર્વનામ) ↓ આદેશ

सर्व + शी

૧. ત્રણ સરૂપ सर्व શબ્દોમાંથી એકનો શેષ થશે.

૨. પછી ૧૫૨ મું जसः शी । સૂત્ર કહે છે કે અદન્ત સર્વનામની પાછળ આવેલા जस् પ્રત્યયને સ્થાને शी આદેશ થશે.

(અહીં કોઈએ એવી શંકા ન કરવી કે जस् પ્રત્યયના અંતિમ स् કારના સ્થાને शी આદેશ કરવાનો છે. કારણ કે शी આદેશમાં श् અને ई એવા બે અલ્ છે. તેથી તે અનેકાલ્વાળો આદેશ કહેવાશે. આથી ૪૫ अनेकाल्‌ शित् सर्वस्य । સૂત્ર કહે છે કે આખા जस् પ્રત્યયના સ્થાનમાં જ 'शी' કરવો. ત્યાર પછી સ્થાનિવદ્ભાવનું આશ્રયણ કરીને जस् પ્રત્યયમાંનું પ્રત્યયત્વ 'शी' માં આરોપવામાં આવે છે. એટલે કે 'शी' આદેશને પણ 'પ્રત્યય કહેવાશે. હવે)

सर्व + शी

श् ई

सर्व + ० + ई

ગુણ

सर्व् + ए + ०

= सर्वे ।

૩. लशक्वतद्धिते । સૂત્રથી પ્રત્યયની આદિમાં આવેલા श् ની ઈત્સંજ્ઞા થશે, અને પછી લોપ થશે.

૪. आद्‌गुणः । સૂત્રથી ગુણ થશે. अ + ई ના સ્થાનમાં ગુણસંજ્ઞક ए કાર આદેશ થશે.

૪. તો પ્રથમા, બહુવચનમાં सर्वे । એવું રૂપ બનશે.

*

સર્વ શબ્દના દ્વિતીયા વિ. અને તૃતીયા વિ. માં જે રૂપો થશે તે राम ની જેમ જ થશે. એટલે કે ૨. सर्वम्—सर्वौ—सर्वान् ॥ ૩. सर्वेण—सर्वाभ्याम्—सर्वैः । એવાં રૂપો થાય છે; અને એની રૂપસિદ્ધિ પણ राम ની જેમ જ કરવાની છે. હવે ચતુર્થી, પંચમી વિ. એકવચનમાં सर्व શબ્દનાં રૂપો राम કરતાં જુદાં થાય છે. તેની રૂપસિદ્ધિ જોઈશું :

सर्व + ङे । (ચતુર્થી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

↑ ↓ (સ્થાનિ)

'સર્વનામ' સંજ્ઞાવાળો અદન્ત શબ્દ

૧. [અહીં ङे ના સ્થાનમાં य આદેશ કરનારું ૧૪૩ મું ङेर्यः । સૂત્ર લાગશે નહીં. પણ અહીં તો 'સર્વનામ' સંજ્ઞાવાળા અદન્ત શબ્દોને માટે જે વિશેષ સૂત્ર બનાવ્યું છે, તે લાગે છે :—]

सर्व + स्मै (આદેશ)

૧૫૩. सर्वनाम्नः स्मै । સૂત્રથી सर्व શબ્દની પરમાં આવેલા ङे ના સ્થાનમાં स्मै આદેશ થશે.

= सर्वस्मै ।

જેથી सर्वस्मै । એવું રૂપ સિદ્ધ થાય છે.

*

ત્યાર પછી सर्व + भ्याम् = सर्वाभ्याम् । (ચતુર્થી, દ્વિવચનમાં); અને सर्व + भ्यस् । માં बहुवचने झल्येत् । થી एत्व થશે તો सर्वेभ्यः । રૂપ બનશે. (આ રૂપો रामाभ्याम् । रामेभ्यः । ની જેમ જ બને છે.)

*

सर्व + ङसि । (પંચમી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

↓

૧. અહીં ૧૫૪ મા ङसि—ङ्योः स्मात्स्मिनौ । સૂત્રથી હ્રસ્વ अ કારાન્ત સર્વનામની પાછળ આવેલા ङसि પ્રત્યયના સ્થાનમાં स्मात् એવો આદેશ થાય છે. (આ स्मात् આદેશ અનેક અલ્‌વાળો છે. તેથી આખા ङसि પ્રત્યયના સ્થાનમાં તે પ્રવૃત્ત થાય છે.)

सर्व + स्मात्

= सर्वस्मात् ॥

આથી सर्वस्मात् । રૂપની સિદ્ધિ થઈ જાય છે.

ત્યાર પછી, सर्व + भ्याम् । અને सर्व + भ्यस् । જેવા પંચમી વિ. દ્વિવચન અને બહુવચનનાં सर्वाभ्याम् । सर्वेभ्यः । રૂપો रामની જેમ જ સિદ્ધ કરી લેવાનાં છે.

---

155. आमि सर्वनाम्नः सुट् । ७–१–५२

अवर्णन्तात् परस्य सर्वनाम्नो विहितस्यामः सुट् आगमः । एत्व-षत्वे । सर्वेषाम् । सर्वस्मिन् । शेषं रामवत् ।। एवं विश्वादयोऽप्यदन्ताः ।।

२. उभशब्दो द्विवचनान्तः । उभौ । उभौ । उभाभ्याम् । उभाभ्याम् । उभाभ्याम् । उभयोः । उभयोः ।। तस्येह पाठोऽकजर्थः ।। ३. उभयशब्दस्य द्विवचनं नास्ति । ४–५. डतर–डतमौ प्रत्ययौ । "प्रत्ययग्रहणे तदन्तग्रहणम्" इति तदन्ता ग्राह्या । ६. नेम इत्यर्धे । ७. समः सर्वपर्यायः । तुल्यपर्यायस्तु न, 'यथासंख्यमनुदेशः समानाम्' इति ज्ञापकात् ।।

અનુવાદ : ૧૫૫. (હ્રસ્વ) अ વર્ણાન્ત હોય એવા સર્વનામની પાછળ લગાડવામાં આવેલા आम् પ્રત્યયને सुट् (= स्) આગમ થાય છે. ત્યાર પછી एत्व વિધિ અને षत्व વિધિ કરવામાં આવે તો सर्वेषाम् । જેવું (ષષ્ઠી વિ. બહુવચનમાં) રૂપ સિદ્ધ થાય છે.

[એટલે કે सर्व + ङस् એવો ષષ્ઠી વિભક્તિ એકવચનનો પ્રત્યય લાગે ત્યારે, टाङसिङसामिनात्स्याः । થી, અદન્ત અંગની પરમાં ङस् ના સ્થાનમાં स्य આદેશ થશે. सर्व + स्य = सर्वस्य । રૂપ બની જશે. પછી सर्व + ओस् । (ષષ્ઠી વિ. દ્વિવચનનો પ્રત્યય લાગે ત્યારે) ओसि च । સૂત્રથી અદન્ત અંગને एत्व વિધિ કરીશું. તો सर्वे + ओस् । થશે. પછી एचोऽयवायावः । થી ए ના સ્થાનમાં अय् આદેશ કરીશું : सर्व् अय् + ओस् । → सर्वयोस् → रुत्व, વિસર્ગ કરીએ તો → सर्वयोः । બની જશે.]

सर्व + आम् ।	(ષષ્ઠી વિભક્તિ, બહુવચનનો પ્રત્યય)
सर्व + सुट् + आम्	૧. અહીં ૧૫૫ आमि सर्वनाम्नः सुट् । સૂત્રથી અદન્ત સર્વનામની પાછળ આવેલા आम् પ્રત્યયને सुट् = स् આગમ થશે.
सर्व + स् आम्	૨. आद्यन्तौ टकितौ । સૂત્રથી सुट् એ टित् આગમ હોવાથી आम् નો આદ્યવયવ બનીને ઉમેરાશે.

सर्व + साम् ।

૩. હવે बहुवचने झल्येत् । થી "झलादि બહુવચનનો सुप् પ્રત્યય પરમાં રહેતાં", અદન્ત અંગને एत्व થાય છે.

सर्वे + साम् ।
↑ ↑
इण् (પ્રત્યયનો અવયવ स्)

૪. आदेशप्रत्ययोः । ૧૫૦ મા સૂત્રથી इण् (=एकार)ની પરમાં આવેલા પ્રત્યયના અવયવ રૂપ स् કારને મૂર્ધન્ય ष् કારાદેશ થાય છે. જેથી सर्वेषाम् । રૂપ બની જાય છે.

सर्वे + षाम् ।
= सर्वेषाम् ॥

*

सर्व + ङि ।
↓
सर्व + स्मिन् आदेश

(સપ્તમી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

૧. અહીં ૧૫૪. ङसि-ङ्योः स्मात्स्मिनौ । સૂત્રથી અદન્ત સર્વનામ सर्व ની પાછળ આવેલા ङि પ્રત્યયના સ્થાનમાં स्मिन् આદેશ કરવામાં આવે છે.

= सर्वस्मिन् ।

૨. ત્યાર પછી કોઈ સૂત્ર લાગતું નથી. તેથી सर्वस्मिन् । રૂપની સિદ્ધિ થાય છે.

આ પછી सर्व + ओस् (સપ્તમી, દ્વિવચન) અને सर्व + सुप् (સપ્તમી, બહુવચન)માંથી અનુક્રમે सर्वयोः । અને सर्वेषु । રૂપોની સિદ્ધિ [रामयोः । रामेषु । ની જેમ જ] થાય છે.

નોંધ : सर्व શબ્દના 'સંબોધન'માં કોઈ રૂપો થતાં નથી. (એવો સામાન્ય નિયમ જોવા મળે છે).

હવે હ્રસ્વ अ કારાન્ત सर्व એવા સર્વનામના (પુંલિંગમાં) રૂપો નીચે પ્રમાણે થયાં એ જોઈએ.

प्र०	सर्वः	—	सर्वौ	—	सर्वे[१] ।
द्वि०	सर्वम्	—	सर्वौ	—	सर्वान् ।
तृ०	सर्वेण	—	सर्वाभ्याम्	—	सर्वैः ।
च०	सर्वस्मै[२]	—	सर्वाभ्याम्	—	सर्वेभ्यः ।
प०	सर्वस्मात्[३]	—	सर्वाभ्याम्	—	सर्वेभ्यः ।
ष०	सर्वस्य	—	सर्वयोः	—	सर्वेषाम्[४] ।
स०	सर्वस्मिन्[५]	—	सर्वयोः	—	सर्वेषु ।

(सर्वनामशब्देषु सम्बोधनं नास्ति इति उत्सर्गः ।)

અહીં જે પાંચ રૂપોની નીચે લીટી દોરેલી જોવા મળે છે તે જગ્યાએ જ નવાં સૂત્રો લાગીને નવા પ્રકારનાં રૂપો બન્યાં છે. આ સિવાયનાં અન્ય રૂપો તો राम ના જેવાં રૂપો થાય છે, તેવાં જ રૂપો છે તે જાણવું (= शेषं रामवत्). વળી, 'સર્વનામ' સંજ્ઞાવાળા શબ્દોના 'સંબોધન'માં કોઈ રૂપો થતાં નથી— એવો ઉત્સર્ગ = સામાન્ય નિયમ છે.

આ જ પ્રમાણે, विश्व, सम વગેરે સર્વનામો, કે જે અદન્ત (= હ્રસ્વ अ કારાન્ત) છે તેમનાં રૂપો પણ सर्व ની જેમ જ ચાલશે એ જાણવું.

*

હવે સર્વાદિ–ગણમાં આવેલા ૩૫ શબ્દોમાંથી उभ શબ્દ લઈએ તો તે શબ્દનો અર્થ થાય છે: 'બે'. આથી उभ શબ્દનાં રૂપો કેવળ દ્વિવચનના પ્રત્યયો લાગીને જ ચલાવવાનાં છે, (આ શબ્દના એકવચનમાં કે બહુવચનમાં રૂપો ચાલતાં જ નથી). જેમકે—

	एकवचन	द्विवचन	बहुवचन
प्र०	—	उभौ	—
द्वि०	—	उभौ	—
तृ०	—	उभाभ्याम्	—
च०	—	उभाभ्याम्	—
प०	—	उभाभ्याम्	—
ष०	—	उभयोः	—
स०	—	उभयोः	—
सं०	×	×	×

અહીં उभ શબ્દ હંમેશા 'બે' નો જ વાચક છે, તેથી એકવચનમાં કે બહુવચનમાં રૂપો ચલાવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તથા આ દ્વિવચનનાં રૂપો પણ राम ની જેમ જ ચલાવવાનાં છે. (ત્યાં કોઈ વિશેષ સૂત્ર લાગતું નથી.)

[શંકા : હવે પ્રશ્ન થાય કે उभ શબ્દ સર્વનામ હોવા છતાંય 'નિત્ય દ્વિવચનાન્ત' હોઈને જે રૂપો બને છે, તેમાં 'સર્વનામ' સંજ્ઞાને કારણે થનારાં નવાં કાર્યો [= जसः शी ।, सर्वनाम्नः स्मै । વગેરે] ની તો પ્રાપ્તિ થતી જ નથી. એટલે કે उभ શબ્દની સર્વનામ સંજ્ઞા કર્યાનું/કરવાનું કશું ફળ તો જોવા મળતું નથી. તો પછી એ उभ શબ્દનો 'સર્વાદિ–ગણ'માં પાઠ કરવાની—ગણતરીમાં લેવાની—શી જરૂર હતી ?]

સમાધાન : उभ શબ્દનો સર્વાદિ-ગણમાં પાઠ કરવાનું કારણ એ છે કે—૧. તેની 'સર્વનામ' સંજ્ઞા પડી શકે; અને ૨. તે સર્વનામ સંજ્ઞા થઈ શકે તો (સર્વનામ સંજ્ઞાને નિમિત્તે થનારો) अकच् પ્રત્યય પણ उभ શબ્દને લગાડી શકાય. [આથી વૃત્તિકારે લખ્યું છે કે तस्येह पाठोऽकजर्थः । = उभ શબ્દનો અહીં (= સર્વાદિ ગણમાં) પાઠ अकच् પ્રત્યય લગાડવા અર્થે કર્યો છે.] उभ + अकच् । માંથી उभक । એવો શબ્દ બનાવી શકાય છે.

*

(અકારાન્ત) उभय એવા સર્વનામ સંજ્ઞક શબ્દના (એકવચન અને બહુવચનમાં તો રૂપો ચાલી શકે છે; પણ) દ્વિવચનમાં રૂપો ચાલતાં (જ) નથી. [એવું કૈયટ નામના વૈયાકરણનું કહેવું છે. બીજી તરફ, હરદત્તના કહેવા મુજબ उभय શબ્દના દ્વિવચનમાં પણ રૂપો ચાલી શકે છે.] જેમકે,

प्र०	उभयः	—	उभये ।	
द्वि०	उभयम्	—	उभयान् ।	
तृ०	उभयेन	—	उभयैः ।	(અહીં દ્વિવચનનાં રૂપો થતાં નથી.)
च०	उभयस्मै	—	उभयेभ्यः ।	
प०	उभयस्मात्	—	उभयेभ्यः ।	
ष०	उभयस्य	—	उभयेषाम् ।	
स०	उभयस्मिन्	—	उभयेषु ॥	

સર્વાદિ–ગણમાં ૩૫ શબ્દો ગણાવ્યા છે, તેમાંથી જે डतर અને डतम એવા શબ્દો છે, તે ખરેખર તો બે પ્રત્યયો છે. [પરંતુ "ભાષામાં કદાપિ એકલી પ્રકૃતિનો પ્રયોગ થઈ શકતો નથી; અને કદાપિ એકલા પ્રત્યયોનો પ્રયોગ થઈ શકતો નથી." એવા મહાભાષ્યકારોક્ત નિયમ અનુસાર આ डतर કે डतम પ્રત્યયોનો પણ એકાકી/–સ્વતન્ત્ર પ્રયોગ થઈ શકશે નથી. આથી આપણે "डतर કે डतम પ્રત્યયોની સર્વનામ–સંજ્ઞા થાય છે"–નો અર્થ "डतर પ્રત્યય જેને અન્તે લાગ્યો હોય તેવો શબ્દ; અને डतम પ્રત્યય જેને અન્તે લાગ્યો હોય તેવો શબ્દ "એમ જ કરવાનો છે. આ જ વાતને બીજી રીતે પણ સિદ્ધ કરી શકાય છે. જેમકે, વૃત્તિકાર વરદરાજ નોંધે છે કે—] "(શાસ્ત્રમાં) પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં તદન્ત (= પ્રત્યયાન્ત) શબ્દ

સ્વરૂપનું (જ) ગ્રહણ કરવાનું હોય છે" એવું એક પરિભાષાવચન છે. તદ્નુસાર "डतर અને डतम પ્રત્યયોની સર્વનામ સંજ્ઞા થાય છે"—નો અર્થ "डतर પ્રત્યયાન્ત અને डतम પ્રત્યયાન્ત શબ્દોની સર્વનામ સંજ્ઞા થાય છે" એવો કરવાનો રહેશે.

નેમ (એવું સર્વનામ પણ અદન્ત છે; અને તે શબ્દ)નો અર્થ 'અધું'' એવો થાય છે.

सम એવા સર્વનામ સંજ્ઞક શબ્દનો અર્થ सर्व જેવો જ થાય છે; અર્થાત્ તે सम શબ્દ सर्वનો પર્યાય છે. પણ તે तुल्य શબ્દનો પર્યાય (= સમાનાર્થક) છે એવું ન માનવું. કારણ કે સ્વયં પાણિનિએ પોતાના ૨૩. यथासंख्यमनुदेशः समानाम् । १–३–१० સૂત્રમાં "सम = સમાન સંખ્યાવાળા સ્થાનિઓ અને આદેશો (અનુદેશો) અનુક્રમે પ્રવૃત્ત થાય છે" એવું જે કહ્યું છે, ત્યાં सम શબ્દનો 'तुल्य' (= એક સમાન) એવા અર્થમાં પ્રયોગ કર્યો છે અને તેથી તેને (= तुल्यના પર્યાયવાચી શબ્દ તરીકે વાપર્યો હોઈને તે सम શબ્દને) 'સર્વનામ' ગણ્યો નથી, અને તેથી તેનું ષષ્ઠી બહુવચનમાં રૂપ सम + आम् → सम + न् आम् = समानाम् । (रामाणाम्ની જેમ) બનાવ્યું છે. જો અહીં ૧–૩–૧૦ માં) 'तुल्य' અર્થમાં તે सम શબ્દને વાપરીને ય, પાણિનિએ તેને 'સર્વનામ' ગણ્યો હોત તો समेषाम् । એવું (सर्वेषाम् જેવું) રૂપ વાપર્યું હોત.—આમ ૧–૩–૧૦ માં समानाम् એવા પાણિનિપ્રયોગ ઉપરથી જ્ઞાપિત (= સૂચિત) થાય છે કે સ્વયં પાણિનિએ "सम શબ્દ જ્યારે 'तुल्य' અર્થમાં વપરાયો હોય ત્યારે તે સર્વનામ સંજ્ઞક બનતો નથી." અર્થાત્ બીજી રીતે કહીએ તો सम શબ્દ 'સર્વ' અર્થમાં વપરાય ત્યારે (જ) તેની 'સર્વનામ' એવી સંજ્ઞા પડે છે.

(વિવરણ) : ૧. 'વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિએ उभयो देवमणिः । उभये देवमनुष्याः । એવી એક સળંગ પંક્તિ લખી છે. એમાં उभय શબ્દનો પહેલીવાર એકવચનમાં પ્રયોગ કર્યો છે, અને પછી તરત જ બહુવચનમાં પ્રયોગ કર્યો છે. આથી તેમના અનુયાયી કેટલાક ટીકાકારોએ (મહાભાષ્ય ઉપર 'પ્રદીપ' નામની ટીકા લખનાર કૈયટે) એવું માન્યું કે उभय શબ્દનું દ્વિવચનનું રૂપ થતું જ નહીં હોય તેથી પતંજલિએ તેનો એકવચનમાં પ્રયોગ કરીને સીધો બહુવચનમાં પ્રયોગ કરી દીધો છે! બીજી તરફ 'કાશિકાવૃત્તિ' ઉપર 'પદમંજરી' ટીકા લખનાર હરદત્ત કહે છે કે પતંજલિએ પોતે જ અન્યત્ર એમ પણ કહ્યું છે કે–न चोदाहरणम् आदरणीयम् । (મારા ઉદાહરણોનો આદર ન કરવો. અર્થાત્ હું–પતંજલિ–જેટલાં ઉદાહરણો બતાવું એટલાં જ ઉદાહરણો થાય છે; અને બીજાં/વધારે ઉદાહરણો હોતાં/થતાં જ નથી. એમ ન માનવું.) આથી (એકવચનમાં) उभयो देवमणिः । કહ્યા પછી, ભલે તરત જ (બહુવચનમાં) उभये देवमनुष्याः । વાળું વાક્ય

પતંજલિએ લખ્યું હોય પણ વચ્ચે उभयौ એવું દ્વિવચનના પ્રયોગવાળું કોઈ વાક્ય પણ બની શકે ખરું !—આમ उभय શબ્દના દ્વિવચનમાં રૂપો ચાલે કે નહીં ? એ વિષે વિવાદ પ્રવર્તે છે. [આપણે તો उभय શબ્દનો દ્વિવચનમાં પ્રયોગ થયો હોય એવાં વાક્યો સંસ્કૃત સાહિત્યમાંથી શોધવાં જોઈએ.]

૨. डतर અને डतम પ્રત્યયો જેના અંતે લાગ્યા હોય એવા (તદન્ત) શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા થાય છે એવી સ્પષ્ટતા ઉપર કરવામાં આવી છે. આ બે તદ્ધિત પ્રત્યયોનું વિધાન કરનારાં સૂત્રો ૧૨૩૨. किंयत्तदोर्निर्धारणे द्वयोरेकस्य डतरच् । ૫–૩–૯૨ અને ૧૨૩૩. वा बहूनां जातिपरिप्रश्ने डतमच् । ૫–૩–૯૩ છે. આ બે પ્રત્યયો किम्, यत्, तद् જેવા સર્વનામમાં જોડાઈને कतर–कतम, यतर–यतम, ततर–ततम જેવા શબ્દો બને છે; અને તેમને પણ 'સર્વનામ' જ કહેવાય છે. પણ પાણિનિએ આ डतर–डतम પ્રત્યયાન્ત શબ્દોના પ્રયોગ બાબતે ધ્યાન રાખવા જેવી વિગત એવી નોંધી છે કે–૧. જ્યારે બે વ્યક્તિમાંથી એક વ્યક્તિનું નિર્ધારણ કરવું હોય, અલગ તારવવી હોય ત્યારે डतर પ્રત્યયાન્ત શબ્દ વપરાય. જેમકે, अनयोः कतरो वैष्णवः । 'આ બે ભક્તોમાંથી કયો એક વૈષ્ણવ છે?' ૨. પણ જ્યારે અનેક વ્યક્તિઓમાંથી એક વ્યક્તિનું, જાતિવિષયક પ્રશ્ન પૂછીને નિર્ધારણ કરવું–અલગ તારવવો–હોય ત્યારે डतम પ્રત્યયાન્ત શબ્દ વપરાય છે. જેમકે, भवतां कतमः कठः । 'તમારા બધામાંથી = અનેક છાત્રોમાંથી કોણ/કયો એક કઠ (શાખાવાળો) છે?'

૩. नेम શબ્દ 'અર્ધા'નો વાચક છે. આના ઉદાહરણ તરીકે મહાભારતનો એક કૂટશ્લોક રજૂ કરવામાં આવે છે, જેમકે, अर्जुनस्य इमे बाणा, नेमे बाणाः शिखण्डिनः । 'આ બાણો અર્જુનના છે; (એમાં) અર્ધા બાણ શિખણ્ડીના છે.' અહીં જો કોઈ न + इमे = नेमे એવો સન્ધિચ્છેદ કરે તો 'આ બાણો શિખણ્ડીના નથી' એવો અનુવાદ થાય; અને તે ખોટું છે, પણ જે વ્યક્તિ વ્યાકરણ ભણ્યો હોય એને नेमे પદ જોઈને અર્ધવાચી नेम શબ્દનું સ્મરણ થાય, અને તેનું પ્રથમા વિ. બહુવચનમાં (सर्वे ની જેમ) नेमे રૂપ થયું છે એનું જ્ઞાન થઈ જાય. એ વ્યક્તિ જ "(આમાં) અર્ધા બાણ શિખણ્ડીના છે" એવો સાચો અનુવાદ કરી શકે !

૪. सम શબ્દ तुल्य અર્થમાં સર્વનામ સંજ્ઞક નથી એની સાબિતી = જ્ઞાપક પાણિનિના સૂત્રમાંથી જ કેવી રીતે મળી રહે છે? એ વિષેની વિશદ ચર્ચા મૂળ અનુવાદમાં જ મૂકી છે, ત્યાંથી તે સમજી લેવી.

---

156. पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायाम् असंज्ञायाम् । १–१–३४

एतेषां व्यवस्थायाम् असंज्ञायां सर्वनामसंज्ञा गणसूत्रात् सर्वत्र या प्राप्ता सा जसि वा स्यात् । पूर्वे–पूर्वाः । असंज्ञायां किम् ? उत्तराः कुरवः ।

स्वाभिधेयापेक्षावधिनियमो व्यवस्था । व्यवस्थायां किम् ? दक्षिणा गाथकाः । = कुशला इत्यर्थः ॥


157. स्वम् अज्ञातिधनाख्यायाम् । १–१–३५

ज्ञातिधनान्यवाचिनः स्वशब्दस्य प्राप्ता संज्ञा जसि वा । स्वे–स्वाः । आत्मीयाः–आत्मनः इति वा ॥ ज्ञातिधनवाचिनस्तु स्वाः । = ज्ञातयोऽर्था वा ॥

158. अन्तरं बहिर्योगोपसंख्यानयोः । १–१–३६

बाह्ये परिधानीये चार्थेऽन्तरशब्दस्य प्राप्ता संज्ञा जसि वा । अन्तरे–अन्तरा वा गृहाः बाह्या इत्यर्थः । अन्तरे–अन्तरा वा शाटकाः, परिधानीया इत्यर्थः ॥

અનુવાદ : ૧૫૬. 'વ્યવસ્થા' અર્થમાં વપરાયા હોય ત્યારે અને કોઈ વ્યક્તિના નામ (સંજ્ઞા) તરીકે ન વપરાયા હોય ત્યારે પૂર્વ, પર, અવર, દક્ષિણ, ઉત્તર, અપર, અધર–આટલા શબ્દોની પૂર્વોક્ત (જુઓ : ૧૫૧ મા સૂત્રનું વિવરણ) 'ગણસૂત્ર'ને કારણે, સર્વત્ર (અર્થાત્ હંમેશા = વિકલ્પે નહીં એવી રીતે) 'સર્વનામ' સંજ્ઞા થવા આવતી હતી (= પ્રાપ્ત થતી હતી); તે [આ ૧–૧–૩૪ સૂત્ર દ્વારા] जस् પ્રત્યય પરમાં રહેતાં વિકલ્પે થાય છે (એમ જાણવું). પરિણામે पूर्व + जस् । એ સ્થિતિમાં पूर्व શબ્દની વિકલ્પે સર્વનામ સંજ્ઞા થશે; કેમ કે जस् પ્રત્યય પરમાં છે. તેથી એકવાર એને राम જેવું પ્રાતિપદિક ગણીને રૂપસિદ્ધિ થશે; અને બીજી વાર = જ્યારે એની 'સર્વનામ' સંજ્ઞા પડશે ત્યારે सर्व ની જેમ રૂપસિદ્ધિ થશે. તો पूर्वाः । એવું રૂપ પણ થશે; અને पूर्वे એવું રૂપ પણ થશે, જેમકે,



૧. ઉપર્યુક્ત ૧૫૬ સૂત્રથી पूर्व ની વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થશે.

૨. (ख) પક્ષમાં जसः शी । થી शी આદેશ, પછી–

૩. आद्गुणः । થી ગુણ થશે. જેથી पूर्वे । રૂપ બની જશે.

૪. (क) પક્ષમાં रामाः । ની જેમ રૂપસિદ્ધિ કરી લેવી.

શંકા : (૧) આ (૧૫૬ મા) સૂત્રમાં असंज्ञायाम् પદથી "કોઈ વ્યક્તિની સંજ્ઞા તરીકે આ 'પૂર્વ' વગેરે શબ્દો ના વપરાયા હોય ત્યારે"–એવી શરત કેમ મૂકવામાં આવી છે ? અર્થાત્ આવી શરત મૂકવાથી શું ફરક પડે છે ?

સમાધાન : उत्तराः कुरवः । (='ઉત્તરદિશા તરફના' કુરુલોકો) અહીં કુરુ લોકોના વિશેષણ તરીકે उत्तर શબ્દનો પ્રયોગ થયો છે; એટલે કે તે 'કુરુ લોકો' ની સંજ્ઞા તરીકે વપરાયો છે. આથી સંજ્ઞા રૂપે વપરાયેલા આ उत्तर શબ્દની, હવે સર્વનામ સંજ્ઞા થઈ શકશે નહીં. પરિણામે उत्तर + जस् । એવી સ્થિતિ હશે ત્યારે (सर्वे । રૂપ બનાવવા માટે જે) जसः शी । સૂત્ર છે, તે અહીં વાપરી નહીં શકાય. એટલે उत्तरे । એવું રૂપ બનવાનું નથી; પણ (रामाः । ની જેમ) उत्तर + अस् → પૂર્વસવર્ણ → उत्तरा + स् → રુત્વ, વિસર્ગ થઈને → उत्तराः । રૂપ જ બનશે.

*

('વ્યવસ્થા' એટલે શું ? તો–) સ્વ (=પૂર્વાદિ શબ્દો) થી અભિધેય (=કહેવાતો જે દિશા કે કાલાદિ રૂપ) અર્થ, તેની અપેક્ષા રાખનારા અવધિના નિયમને 'વ્યવસ્થા' કહે છે. [આ જ વાત સરળ શબ્દોમાં કહીએ તો—"તે તે (પૂર્વ, પર વગેરે) શબ્દોથી વાચ્ય એવા રૂઢ અર્થો; જેમ કે પૂર્વ બોલવાથી 'પૂર્વદિશા' નો જ અર્થબોધ થાય, તો તે 'વ્યવસ્થા' કહેવાય છે. પણ આ સિવાયના અર્થમાં તેનો પ્રયોગ થયો હોય ત્યારે તેને 'વ્યવસ્થા' (= રૂઢ પરંપરા) ન કહેવાય. (જેમ કે, કોઈ પોતાના પુત્રનું નામ 'પૂર્વ' રાખે તો તે 'અવ્યવસ્થા' કહેવાય. આ વ્યક્તિના ઘરમાં 'પૂર્વ અહીં આવ' એમ બોલવાથી પૂર્વદિશાનો અર્થબોધ થતો નથી, પણ એક પુત્રનો/વ્યક્તિનો બોધ થાય છે.)

શંકા : આ (૧૫૬ મા) સૂત્રમાં व्यवस्थायां પદથી "વ્યવસ્થામાં (= રૂઢ પારંપરિક અર્થમાં) જ આ પૂર્વ વગેરે શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા થાય છે" એવી શરત રજૂ કરવાનું શું પ્રયોજન છે ?

સમાધાન : दक्षिणाः गायकाः । "ગાથકો (=વાર્તા કહેનારા) દક્ષિણ (=કુશળ નિપુણ) છે."* આ વાકયમાં दक्षिण શબ્દ 'વ્યવસ્થા'માં વપરાયો નથી. એટલે કે અહીં 'દક્ષિણ' શબ્દનો 'દક્ષિણ–દિશા' એવા રૂઢ–પારંપરિક–અર્થમાં પ્રયોગ થયો નથી. આથી તેની 'સર્વનામ' સંજ્ઞા પણ થશે નહીં, (અને પરિણામે जसः शी । સૂત્ર લાગીને दक्षिणे એવું રૂપ પણ બન્યું નથી). અહીં તો 'દક્ષિણ' શબ્દનો પ્રયોગ 'કુશળ, નિપુણ' અર્થમાં થયો છે, તેથી તેનો પ્રયોગ અવ્યવસ્થામાં થયો છે એમ

---

* दक्षिणा गायकाः એવો પાઠ લઈએ તો 'ગાનારાઓ ચતુર છે' એવો અર્થ થશે.

કહેવાશે. એટલે दक्षिण + जस् । ની સ્થિતિમાં रामाः ની જેમ રૂપસિદ્ધિ થઈને दक्षिणाः । રૂપ જ બનશે. +

*

૧૫૭. 'ज्ञाति' અને 'ધન' એવા અર્થના વાચક ના હોય તેવા स्व શબ્દની પણ (પૂર્વોક્ત (ग) ગણસૂત્રથી) નિત્ય એવી 'સર્વનામ' સંજ્ઞા પ્રાપ્ત થતી હતી; તે આ (૧૫૭મા = ૧–૧–૩૫) સૂત્રથી, जस् પ્રત્યય પરમાં રહેતાં, વિકલ્પે જાહેર કરવામાં આવે છે. આથી स्व + जस् । ની સ્થિતિમાંથી વિકલ્પે બે પ્રકારનાં રૂપો स्वे: । અને स्वाः । બનીને ઊભાં રહેશે. અહીં (=જ્યાં સર્વનામ સંજ્ઞા કરીએ ત્યાં) स्व શબ્દનો અર્થ 'આત્મીય' કે 'પોતાનું' એવો કરવાનો છે. પરંતુ જ્યારે આ स्व શબ્દ 'ज्ञाति' કે 'ધન' એવા અર્થમાં વપરાયો હોય ત્યાં તો તેની 'સર્વનામ' સંજ્ઞા થતી જ નથી. એથી એનાં રૂપો તો (रामाः ની જેમ) स्व + जस् → स्वाः । વગેરે જ થશે.*

૧૫૮. अन्तरम् શબ્દ બહિર્યોગ (=બાહ્ય) અને ઉપસંખ્યાન (=પરિધાન, અધોવસ્ત્ર) અર્થમાં વપરાયો હોય ત્યારે (જ); તેની (પૂર્વોક્ત (घ) ગણસૂત્રથી) નિત્ય 'સર્વનામ' સંજ્ઞા થવા આવતી હતી; તે जस् પ્રત્યય પરમાં રહેતાં વિકલ્પે થાય છે એમ જાણવું. + ઉદાહરણ તરીકે (૧) अन्तरे गृहाः । કે अन्तराः गृहाः । (બહારના ઘરો) એવાં વાક્યો લો. અહીં अन्तर શબ્દ 'बाह्य' (= બહારના) એ અર્થમાં વપરાયો છે; અને તેને બહુવચનનો जस् પ્રત્યય લગાડયો છે. તેથી તેની સર્વનામ સંજ્ઞા વિકલ્પે થશે. અને પરિણામે अन्तर + जस् । માંથી अन्तरे । અને अन्तराः । એવાં બે પ્રકારનાં રૂપો બની રહેશે.

(૨) अन्तरे शाटकाः । અને अन्तराः शाटकाः । (શરીર ઉપર (નીચેના ભાગે) પહેરવાના શાટકો = ધોતીયાં (?) અહીં अन्तर શબ્દનો પ્રયોગ 'પરિધાન = વસ્ત્ર'

\+ अधरे ताम्बुलरागः । उत्तरे प्रत्युत्तरे च शक्तः । જેવાં વાક્યોમાં 'અધર' અને 'ઉત્તર' શબ્દો પણ રૂઢાર્થમાં = વ્યવસ્થામાં વપરાયા નથી, તેથી તેમની સર્વનામ સંજ્ઞા થતી નથી; અને अधरस्मिन् । કે उत्तरस्मिन् । જેવાં રૂપો બન્યાં નથી,

* स्व શબ્દના કુલ ચાર અર્થો કોશકાર નોંધે છે : ૧. આત્મા, ૨. આત્મીય, ૩. ધન અને ૪. જ્ઞાતિ. "स्वं ज्ञातावात्मधनयोरात्मीये च प्रवक्ष्यते" इति विश्वः ।

\+ अन्तर શબ્દના અર્થોને ગણાવતાં 'અમરકોશ' લખે છે કે–अन्तरीयोपसंख्यान-परिधानान्यधोंऽशुके ।। આ ઉપરાંત अन्तर શબ્દના બીજા અનેક અર્થો થાય છે, એમ પણ અમરકોશમાં નોંધાયું છે.

અર્થમાં થયો છે. અને તેની પાછળ પ્રથમા વિ. બહુવચનનો जस् પ્રત્યય આવેલો છે. તેથી વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે. પરિણામે अन्तरे । (सर्वे જેવું) અને अन्तराः (रामाः જેવું)–એવાં બે પ્રકારનાં રૂપો બને છે.

---

159. पूर्वादिभ्यो नवभ्यो वा । ७–१–१६

एभ्यो ङसि–ङ्योः स्मात्–स्मिनौ वा स्तः । पूर्वस्मात्–पूर्वात् । पूर्वस्मिन्–पूर्वे ॥ एवं परादीनाम् । शेषं सर्ववत् ॥

160. प्रथम--चरम--तयाल्पार्ध--कतिपय--नेमाश्च । १–१–३३

एते जसि उक्तसंज्ञा वा स्युः । प्रथमे–प्रथमाः ॥ तयः प्रत्ययः । द्वितये–द्वितयाः । शेषं रामवत् ॥ नेमे–नेमाः । शेषं सर्ववत् ॥ * (वा०) तीयस्य ङित्सु वा * ॥ द्वितीयस्मै–द्वितीयाय । इत्यादि ॥ एवं तृतीयः ॥

અનુવાદ : ૧૫૯. पूर्व વગેરે નવ (૯) શબ્દોની પાછળ જ્યારે (પંચમી વિ. એકવચનમાં) ङसि પ્રત્યય; અને (સપ્તમી વિ. એકવચનમાં) ङि પ્રત્યય લગાડયો હોય ત્યારે અનુક્રમે स्मात् અને स्मिन् એવા આદેશો વિકલ્પે લાગે છે. જેથી

पूर्व + ङसि અને पूर्व + ङि । માંથી

पूर्व + स्मात् पूर्व + आत् पूर्व + स्मिन् पूर्व + इ

१ = पूर्वस्मात् । २. = पूर्वात् । १. = पूर्वस्मिन् । २. = पूर्वे ।


બબ્બે વૈકલ્પિક રૂપો તૈયાર થાય છે, આ જ પ્રમાણે पर, अवर વગેરે 'સર્વનામ' સંજ્ઞક શબ્દોના પંચમી–સપ્તમી વિ. એકવચનમાં પણ બબ્બે વૈકલ્પિક રૂપો થાય છે. આ સિવાયનાં બાકીનાં રૂપો सर्व । ની જેમ ચાલે છે.

નોંધ : ૧. पूर्व, २. पर, ३. अवर, ४. दक्षिण, ५. उत्तर, ६. अपर, ७. अधर, ८. स्वम् અને ९. अन्तरम्–એ નવ સર્વનામોનાં (પુંલિંગમાં) રૂપો નીચે મુજબ થાય છે :

प्र०	पूर्वः	—	पूर्वौ	—	पूर्वे/पूर्वाः ।
द्वि०	पूर्वम्	—	पूर्वौ	—	पूर्वान् ।
तृ०	पूर्वेण	—	पूर्वाभ्याम्	—	पूर्वैः ।
च०	पूर्वस्मै	—	पूर्वाभ्याम्	—	पूर्वेभ्यः ।
पं०	पूर्वस्मात्/पूर्वात्	—	पूर्वाभ्याम्	—	पूर्वेभ्यः ।
ष०	पूर्वस्य	—	पूर्वयोः	—	पूर्वेषाम् ।
स०	पूर्वस्मिन्/पूर्वे	—	पूर्वयोः	—	पूर्वेषु ॥
सं०	×	×		×	(सम्बोधनं नास्ति)

*

१६०. प्रथम, चरम, तय (प्रत्ययान्त शब्दो), अल्प, अर्ध, कतिपय अने नेम—આટલા શબ્દોની જસ્ પ્રત્યય પરમાં રહે ત્યારે વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થાય છે. પરિણામે—(प्रथम + सु → प्रथमः । प्रथम + औ → प्रथमौ । અને)



१. प्रथमे — २. प्रथमाः । એવાં બે રૂપો બને છે.

આ સૂત્રમાં લખેલા 'तय' શબ્દથી 'तय પ્રત્યય'નું ગ્રહણ કરવાનું છે. એટલે કે तय પ્રત્યયાન્ત શબ્દો (દા. ત., द्वितय) ની પાછળ જ્યારે પ્રથમા વિ. બહુવચનનો जस् પ્રત્યય આવીને ઊભો રહે ત્યારે પણ તે 'तय પ્રત્યયાન્ત શબ્દ'ની વિકલ્પે

સર્વનામ સંજ્ઞા થાય છે. પરિણામે द्वितय + जस् । માંથી द्वितये-અને द्वितयाः । એવાં બે રૂપો બને છે. આ સિવાયનાં—બાકી રહેલાં તમામ વિભક્ત્યન્ત—રૂપો रामની જેમ જ ચાલે છે.

[કારણ કે પ્રથમ, चरम...कतिपय સુધીના શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા તો જાહેર કરી જ નથી.—કેવળ પ્રથમા બહુવચનમાં જ તે સર્વનામ સંજ્ઞક છે—તેથી "બાકીનાં રૂપો राम ની જેમ થાય છે," એમ કહ્યું છે.]

એ જ પ્રમાણે नेम + जस् । માંથી પણ नेमे અને नेमाः । એવાં બે રૂપો બને છે. [આ એક नेम શબ્દની તો 'सर्वादि–ગણ'માં (સૂત્ર–૧૫૧ ઉપર) ગણતરી કરી છે, તેથી નિત્ય સર્વનામ સંજ્ઞા થાય છે. આથી પ્રથમા બહુવચનના ઉપર્યુક્ત બે વૈકલ્પિક રૂપો સિવાય] અન્યત્ર તો આ नेम નાં રૂપો सर्वનાં રૂપોની જેમ જ ચાલે છે.

વાર્ત્તિક : तीय પ્રત્યયાન્ત શબ્દો (જેવા કે, द्वितीय, तृतीय)ની પણ ङित् પ્રત્યયો (= ङे, ङसि, ङस् અને ङि) પરમાં રહ્યા હોય ત્યારે વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થાય છે.

આ વાર્ત્તિકની સૂચના મુજબ द्वितीय અને तृतीय શબ્દોનાં પ્રથમાથી તૃતીયા વિ. સુધીનાં રૂપો તો रामની જેમ ચાલશે. પણ ङित् પ્રત્યયો, [अर्थात् ચતુર્થી એકવચન, પંચમી એકવચન, ષષ્ઠી એકવચન અને સપ્તમી એકવચનના પ્રત્યયો] પરમાં જોડયા હોય ત્યારે એકવાર વિકલ્પે સર્વનામની જેમ રૂપો પણ ચાલશે. પરિણામે (૪ થી વિ. એ. વ. માં) द्वितीयस्मै અને द्वितीयाय । થશે. (૫મી વિ. એ. વ. માં) द्वितीयस्मात् અને द्वितीयात् । થશે. (૬ઠ્ઠી વિ. એ, વ. માં) द्वितीयस्य । થશે. તથા (૭ મી વિ. એ. વ. માં) द्वितीयस्मिन् અને द्वितीये । થશે. (આ સિવાયનાં રૂપો તો राम ની જેમ ચાલશે.) આવી જ રીતે, तृतीय । શબ્દને વિષે પણ જાણવું.

निर्जरः ।

161. जराया जरसन्यतरस्याम् । ७--२--१०१

अजादौ विभक्तौ । (परि.–१) "पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च" । (परि.–२) "निर्दिश्यमानस्यादेशा भवन्ति" । (परि.–३) "एकदेशविकृतम् अनन्यवद्भवति" इति 'जर' शब्दस्य जरस् (आदेशः) । निर्जरसौ । निर्जरसः । इत्यादि ॥ पक्षे, हलादौ च रामवत् ॥

અનુવાદ : 'निर्जर' (= દેવ) એવો શબ્દ લઈએ તો તે પણ હ્રસ્વ અકારાન્ત, પુંલિંગ શબ્દ છે.* [તેથી તેના પ્રથમાદિ વિભક્તિમાં રૂપો ચલાવીએ તો કેવી રીતે રૂપસિદ્ધિ થાય છે એની ચર્ચા હવે શરૂ થાય છે:] निर्जर + सु । (પ્રથમા વિ. એકવચનમાં) ससजुषो रुः । વગેરે સૂત્રો લાગશે તો निर्जर + स् → निर्जर + रु > र् → निर्जर + : = निर्जरः । બનશે.

૧૬૧. અજાદિ (સ્વરાદિ) વિભક્તિ પ્રત્યયો પરમાં રહે ત્યારે जरा શબ્દને વિકલ્પે (= अन्यतरस्याम्) जरस् એવો આદેશ થાય છે.

निर्जर + औ । (પ્રથમા વિભક્તિ, દ્વિવચનનો પ્રત્યય)

↑ અહીં जरा શબ્દ નથી, પણ निर्जर શબ્દ છે.

↑ અજાદિ પ્રત્યય પરમાં છે.

૧. અહીં અજાદિ પ્રત્યય = औ એવો સ્વરાદિ પ્રત્યય પરમાં છે, તેથી ૧૬૧ મા સૂત્રથી "निर्जर માંના जरा શબ્દને સ્થાને जरस् આદેશ કરવો" એવી સૂચના મળે છે.

શંકા (૧) : હવે પ્રશ્ન થાય છે કે निर्जर + औ । એ સ્થિતિમાં અજાદિ પ્રત્યય પરમાં આવેલો હોવા છતાંય ૧૬૧ जराया जरस् अन्यतरस्याम् । સૂત્રથી અહીં (निर्जर માંના) जरा શબ્દને जरस् આદેશ થાય કે નહીં ? કારણ કે અહીં એકલો जरा શબ્દ હોત તો કોઈ પ્રશ્ન ઊભો ન થાત, પણ અહીં તો निर्जर એવા સામાસિક શબ્દમાં અંતે जरा શબ્દ આવેલો છે. તેથી આ ઉદાહરણમાં ૧૬૧ મું સૂત્ર લગાડવું કે નહીં ? એ વિષે શંકા થાય છે.

સમાધાન : જો ઉપર મુજબની શંકા થાય તો તેને દૂર કરવા એક પરિભાષાવચન રજૂ કરવામાં આવે છે : (૧) "પદાધિકાર કે અંગાધિકાર*માં આવેલાં સૂત્રોથી જે કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે જેને કહ્યું હોય તેનો તો થાય જ છે; પણ તદન્ત શબ્દને પણ લાગુ પડે છે." [અર્થાત્ जरायाः जरसन्यतरस्याम् । ૭–૨–૧૦૧ સૂત્ર અંગાધિકાર (૬–૪–૧ થી ૭–૪–૯૭) માં આવેલું છે. તેથી जरा શબ્દને કહેલું કાર્ય (= जरा ને સ્થાને जरस् આદેશ કરવાનું કાર્ય)

---

* निर्जर શબ્દનો અર્થ 'દેવ' થાય છે. આ સામાસિક શબ્દનો વિગ્રહ વિચારીએ તો निर्गता जरा (= वृद्धावस्था) यस्मात् सः = निर्जरः । 'જેમનામાંથી जरा = વૃદ્ધાવસ્થા ચાલી ગઈ છે તે' અર્થાત્ જે ઘરડા થતા નથી તે (= દેવો).

* ૧. 'પદાધિકાર' = पदस्य । ८–१–१६ સૂત્રથી 'પદસ્ય' એવા શબ્દનો અધિકાર શરૂ થાય છે; અને ૮–૧–૭૪ માં પૂરો થાય છે. ૨. અંગાધિકાર = अङ्गस्य । ६–४–१ થી ૭–૪–૯૭ સુધીનાં સૂત્રોમાં 'અંગસ્ય' એવા શબ્દનો અધિકાર (= અનુવૃત્તિ) પ્રવર્તે છે.

जरा + औ હશે ત્યારે તો લાગુ પડશે જ; પણ जरा શબ્દ જે સામાસિક શબ્દમાં અંતે આવેલો હશે, (દા. ત. निर्जर માં जरा શબ્દ અંતે આવેલો છે) તેને પણ લાગુ પડશે.] આથી निर्जर + औ । ની સ્થિતિમાં निर्जर શબ્દને "जरान्त" શબ્દ ગણીને, जराया: जरसन्यतरस्याम् । સૂત્ર લગાડી શકાશે.

શંકા (૨) : जरा શબ્દને કહેલું કાર્ય, ઉપર્યુક્ત પરિભાષાવચન (૧) થી ભલે जरान्त શબ્દને પણ લગાડી શકાતું. પરંતુ અહીં निर्जर + औ । માં તો जर શબ્દ છે; जरा શબ્દ ક્યાં છે?

આવી શંકા થવાનું કારણ એ છે કે એક બીજા પરિભાષાવચન મુજબ તો (૨) "(વિધિસૂત્રમાં) જે (સ્થાનિ)નો નિર્દેશ કર્યો હોય **તેને જ** આદેશ થાય છે," આથી जराया: जरसन्यतरस्याम् । વિધિસૂત્રમાં તો સ્પષ્ટપણે 'जरा' એવા આ કારાન્ત શબ્દને (= સ્થાનિને) जरस् આદેશ કરવાનું કહેવાયું છે. આથી આ સૂત્ર निर्जर + औ । માં પ્રવૃત્ત કરી શકાશે નહીં. આ પરિસ્થિતિમાં રૂપસિદ્ધિ કેવી રીતે આગળ વધારી શકાશે?

સમાધાન : [ઉપર્યુક્ત પરિભાષાવચન (૨) થી જે શંકા ઊભી થાય છે, તેને દૂર કરવા માટે, હવે એક ત્રીજું પરિભાષાવચન રજૂ કરવામાં આવે છે:] (૩) "કોઈ (સ્થાનિભૂત) શબ્દ એકદેશમાં (= એકભાગમાં) વિકૃત થયો હોય તો પણ તેને અનન્યવત્ ગણવામાં આવે છે. (અર્થાત્ અન્યવત્ ગણવામાં આવતો નથી)." *હવે આવા પરિભાષાવચન (= વ્યવસ્થાપકવચન)થી, જ્યારે जरा શબ્દમાંથી આ કાર નીકળી જઈને जर બની ગયો છે (એટલે કે जरा માંનો એકદેશ = આ કાર વિકૃત = નષ્ટ થયો છે) ત્યારે પણ તે जरा (આ કારાન્ત) શબ્દ જ છે એમ માની શકાશે. આથી निर्जर + औ । માંના निर्जर ને निर्जरा જ માની લઈને, जराया: जरसन्यतरस्याम् । સૂત્રની નિઃશંક પ્રવૃત્તિ કરી શકાશે.

निर्जर + औ ।	૧. અહીં ઉપર્યુક્ત ત્રીજા પરિભાષાવચનની મદદથી, निर्जरમાંના जर શબ્દને સ્થાને जरस् આદેશ કરીશું.
निर्जरस् + औ	
↓	૨. પછી स् ને औ માં ભેળવી શું, તો
निर्जरसौ ।	એવું રૂપ બની જશે.

બીજી તરફ, આ ૧૬૧ મા સૂત્રમાં अन्यतरस्याम् શબ્દ મૂક્યો છે, અને તે શબ્દનો અર્થ "વિકલ્પે" થાય છે. તેથી निर्जर + औ । માં ક્યારેક जरस् આદેશ ન પણ થાય; અને निर्जर શબ્દને राम જેવો હ્રસ્વ अ કારાન્ત માની લઈને, રૂપ

---

* જેવી રીતે વ્યવહાર—જગત્માં छिन्नपुच्छे शुनि श्वा श्वैव भवति, नाश्वो, न गर्दभः । "કૂતરાની પૂંછડી કપાઈ ગયા પછી ય કૂતરો કૂતરો જ ગણાય છે; તે (કપાયેલી પૂંછડીવાળો કૂતરો) કાંઈ ઘોડો કે ગધેડો બની જતો નથી." એમ કોઈ શબ્દ વિકૃત થયો હોય તો પણ તે શબ્દ કાંઈ અન્ય શબ્દ બની જતો નથી.

પ્રક્રિયા આગળ વધારીએ તો પણ ચાલી શકે. એ સ્થિતિમાં निर्जर + औ । → निर्जरौ । પણ બનશે.

निर्जर + अस् (પ્રથમા વિભક્તિ, બહુવચનનો પ્રત્યય)

निर्जर + अस् — ૧. चुटू । થી પ્રત્યયની આદિમાં આવેલા च વર્ગના ज् કારની ઈત્સંજ્ઞા; અને લોપ થશે.

(क) निर्जरस + अस् (ख) निर्जर + अस् — ૨. जराया: जरसन्यतरस्याम् । થી અજાદિ પ્રત્યય પરમાં રહેતાં जरा (= जर) શબ્દને વિકલ્પે जरस् આદેશ થશે.

निर्जरस + स् (रुत्व, विसर्ग) — पूर्वसवर्ण दीर्घ –निर्जरा + स् — ૩. (क) પક્ષમાં जरस् કર્યા પછી, अस् પ્રત્યય જોડાઈ જશે; અને પછી ससजुषो रुः । થી रु > र् થશે; અને છેલ્લે રેફનો વિસર્ગ થશે.

निर्जरस + रु > र् (रुत्व, विसर्ग) — ૪. (ख) પક્ષમાં राम ની જેમ રૂપસિદ્ધિ કરવાની રહેશે.

निर्जरसः ।। निर्जराः

આ જ પ્રમાણે, निर्जर + भ्याम् । માં (જ્યાં હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હશે ત્યાં) राम + भ्याम् । ની જેમ જ રૂપસિદ્ધિ ચાલશે; અને निर्जराभ्याम् । એવું રૂપ બની જશે. निर्जर શબ્દનાં રૂપો :—

प्र०	निर्जरः	— निर्जरसौ/निर्जरौ	— निर्जरसः/निर्जराः ।
सं०	हे निर्जर	— हे निर्जरसौ/निर्जरौ	— हे निर्जरसः/निर्जराः ।
द्वि०	निर्जरसम्/निर्जरम्	— निर्जरसौ/निर्जरौ	— निर्जरसः/निर्जरान् ।
तृ०	निर्जरसा/निर्जरेण	— निर्जराभ्याम्	— निर्जरैः ।
च०	निर्जरसे/निर्जराय	— निर्जराभ्याम्	— निर्जरेभ्यः ।
प०	निर्जरसः/निर्जरात्	— निर्जराभ्याम्	— निर्जरेभ्यः ।
ष०	निर्जरसः/निर्जरस्य	— निर्जरसोः/निर्जरयोः	— निर्जरसाम्/निर्जराणाम् ।
स०	निर्जरसि/निर्जरे	— निर्जरसोः/निर्जरयोः	— निर्जरेषु ।।

विश्वपाः ।

162. दीर्घाज्जसि च । ६--१--१०५

दीर्घाज्जसि इचि च परे न पूर्वसवर्णदीर्घः । वृद्धिः । विश्वपौ । विश्वपाः ।। हे विश्वपाः ।। विश्वपाम् । विश्वपौ ।

અનુવાદ : (विश्वम् पाति इति =) विश्वपा । (આ કારાન્ત પુંલિંગ શબ્દ) 'વિશ્વનું રક્ષણ કરનારો.' આ શબ્દનાં રૂપો ચલાવીએ તો— विश्वपा + सु (પ્રથમા વિ. એકવચનનો પ્રત્યય)→विश्वपा + स्→રુત્વ विश्वपार्→અને પછી વિસર્ગ થશે તો → विश्वपाः । બને છે.

૧૬૨. દીર્ઘ સ્વરાન્ત શબ્દોની પાછળ જો जस् પ્રત્યય આવ્યો હોય કે इच् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવ્યો હોય તો 'પૂર્વસવર્ણ–દીર્ઘ' થતો નથી.

विश्वपा + औ ।
↑ ↑
દીર્ઘ (इच्)

(પ્રથમા વિ. દ્વિવચનનો પ્રત્યય)

૧. प्रथमयोः पूर्वसवर्णः । ૧૨૬મા સૂત્રથી 'પ્રથમા વિ. સંબંધી अच् પરમાં છે; તેથી પૂર્વસવર્ણદીર્ઘ થવા આવે છે. પણ પ્રસ્તુત ૧૬૨ મું સૂત્ર કહે છે કે દીર્ઘ સ્વરાન્ત શબ્દની પાછળ इच् આવેલો હોય તો પૂર્વ-સવર્ણદીર્ઘ થતો નથી.

विश्वपा + औ
|______|
|
વૃદ્ધિ
विश्वप् + औ + ०
|______|
विश्वपौ ॥

૨. वृद्धिरेचि । થી હવે आ + औ ની વૃદ્ધિ થશે. તો विश्वपौ । એવું રૂપ સિદ્ધ થશે.

પછી विश्वपा + जस् । અહીં પણ ૧૬૨ મા સૂત્રથી, जस् પ્રત્યય પરમાં છે તેથી પૂર્વસવર્ણ દીર્ઘનો નિષેધ કરવામાં આવે છે. विश्वपा + अस् । એ સ્થિતિમાં તો હવે अकः सवर्णे दीर्घः । જ લાગશે → विश्वपास् । પછી રુત્વ, વિસર્ગ થશે, તો विश्वपाः । રૂપ (પ્રથમા વિ. બહુવચનમાં) બનશે.

हे विश्वपा + सु । (સંબોધનમાં) → हे विश्वपा + स् । (અહીં एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી સમ્બુદ્ધિના हल् = स् કારનો લોપ થશે નહીં; કારણ કે આ स् કાર હ્રસ્વાન્ત પ્રકૃતિ/અંગની પાછળ નથી. અહીં તો તે દીર્ઘાન્ત અંગની પાછળ છે, તેથી स् ચાલુ રહેશે.) પછી રુત્વ, વિસર્ગ થઈને हे विश्वपाः । રૂપ બનશે.

विश्वपा + अम् । (દ્વિતીયા વિ. એકવચન) સૂત્રમાં अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદેશ થશે, તો विश्वपाम् । રૂપ સધાશે.

विश्वपा + औ । (દ્વિતીયા વિ. દ્વિવચન)ની સ્થિતિમાં પૂર્વવત્ ાવધિ થઈને; (એટલે કે ૧૬૨ મું સૂત્ર પ્રવૃત્ત થઈને અને પછી વૃદ્ધિ થઈને) विश्वपौ । બની જાય છે.

---

163. सुड् अनपुंसकस्य । १--१--४३

स्वादि पञ्चवचनानि 'सर्वनामस्थान' संज्ञानि स्युर्, अक्लीबस्य ॥

164. स्वादिष्वसर्वनामस्थाने । १-४-१७

कप्, प्रत्ययावधिषु स्वादिष्वसर्वनामस्थानेषु पूर्वं 'पदं' स्यात् ।

165. यचि भम् । १-४-१८

यादिष्वजादिषु च कप्प्रत्ययावधिषु स्वादिष्वसर्वनामस्थानेषु पूर्वं 'भ' संज्ञं स्यात् ।

166. आ कडारादू एका संज्ञा । १-४-१

इत ऊर्ध्वं 'कडाराः कर्मधारये' (२-२-३८) इत्यतः प्राग् एकस्यैकैव संज्ञा ज्ञेया, या पराऽनवकाशा च ।

અનુવાદ : ૧૬૩. જો નપુંસકલિંગ પ્રકૃતિની પાછળ ન વપરાયા હોય તો સ્વાદિ (૨૧ પ્રત્યયોમાંથી) પહેલાં પાંચ વચનોની (= सुट् પ્રત્યયોની) ''સર્વનામ-સ્થાન'' એવી સંજ્ઞા થાય છે.

૧૬૪. 'સર્વનામસ્થાન' સંજ્ઞક પ્રત્યયોને છોડીને, બાકીના જે સ્વાદિ પ્રત્યયો (૪–૧–૨) તેમનાથી શરૂ કરીને, कप् (૫–૪–૧૫૧) પ્રત્યય સુધીના પ્રત્યયો પરમાં રહેલા હોય ત્યારે પૂર્વ(માં આવેલી પ્રકૃતિ)ની 'પદ' સંજ્ઞા થાય છે.*

૧૬૫. 'સર્વનામસ્થાન' સંજ્ઞક પ્રત્યયોને છોડીને સ્વાદિ ૨૧ પ્રત્યયોથી શરૂ કરીને कप् પ્રત્યય સુધી જતાં, વચ્ચે જે य् કારાદિ અને અજાદિ (= સ્વરાદિ) પ્રત્યયો આવેલા હોય, તે પ્રત્યયો પરમાં રહેતાં પૂર્વ(માં આવેલી પ્રકૃતિ)ની 'ભ' સંજ્ઞા થાય છે.

---

* ૧. स्वौजसमौट्...ङ्योस्सुप् । ૪–૧–૨ માં સ્વાદિ ૨૧ વિભક્તિ પ્રત્યયો આવેલા છે. (તેમાંથી પહેલા પાંચ પ્રત્યયોની 'સર્વનામસ્થાન' સંજ્ઞા થાય છે. તેમને અહીં ૧૬૪ માં છોડી દેવાના છે. બાકીનાને પણ 'સ્વાદિ પ્રત્યય' કહીશું.)

૨. उरः प्रभृतिभ्यः कप् । ५–४–१५१ સૂત્રોક્ત कप् પ્રત્યય સુધી જવાનું છે. આમ ૪–૧–૨ થી શરૂ કરી ૫–૪–૧૫૧ ની વચ્ચે અનેક પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે. તે બધાને ધ્યાનમાં લઈને, તેમની પૂર્વે આવેલાની 'પદ' સંજ્ઞા થશે.

૧૬૬. અહીં (૧–૪–૧) થી શરૂ કરીને, कडाराः कर्मधारये । (૨–૨–૩૮) સૂત્રની પૂર્વ સુધીમાં (એટલે કે ૨–૨–૩૭ સુધીમાં) કોઈ એક શબ્દ સ્વરૂપની એક જ સંજ્ઞા થાય છે. આ જે એક સંજ્ઞા લાગુ પડે તે (ક્રમાંકની દષ્ટિએ) પરસૂત્રથી થયેલી હોવી જોઈએ, અને એ એક સંજ્ઞા (અન્યત્ર ક્યાંય ન લાગેલી =) અનવકાશ પણ હોવી જોઈએ.

(વિવરણ) : અહીં કુલ ત્રણ સંજ્ઞાઓ બતાવવામાં આવી છે : ૧. સર્વ-નામસ્થાન, ૨. પદ અને ૩. ભ–સંજ્ઞા. આને સમજવા નીચેનું કોષ્ટક જુવો :

(૪–૧–૨ સૂત્રોક્ત સ્વાદિ–પ્રત્યયો)

प्रकृति (= प्रातिपदिक) +

प्र.	सु	— औ	— जस्	I
द्वि.	अम्	— औट्	— शस् (अस्)	
तृ.	टा. (आ)	— भ्याम्	— भिस्	
च.	ङे (ए)	— भ्याम्	— भ्यस्	
प.	ङसि (अस्)	— भ्याम्	— भ्यस्	
ष.	ङस् (अस्)	— ओस्	— आम्	II
स.	ङि (इ)	— ओस्	— सुप्	
	↑	↑		III

(૧) સર્વનામસ્થાન–સંજ્ઞા : ઉપર I ખાનામાં જે પાંચ પ્રત્યયો (અર્થાત્ 'सुट्' પ્રત્યાહારમાં આવેલા = सु થી શરૂ કરી औट् ના ट् કાર સુધી જતાં, વચ્ચે જે પાંચ પ્રત્યયો) આવેલા છે તે પ્રત્યયોની આ સંજ્ઞા થાય છે.

(૨) પદ–સંજ્ઞા : ઉપર II ખાનામાં બતાવેલા हलादि (=વ્યંજનથી શરૂ થતા) પ્રત્યયો પરમાં રહ્યા હોય ત્યારે, તેમની પૂર્વે આવેલી प्रकृति(= प्रातिपदिक)ની 'પદ' સંજ્ઞા થાય છે.

(૩) 'ભ'–સંજ્ઞા : ઉપર III તરીકે બતાવેલા પ્રત્યયો, કે જે અજાદિ (= સ્વરથી શરૂ થતા) પ્રત્યયો છે તે પરમાં રહેતાં તેમની પૂર્વે આવેલી પ્રકૃતિ (= પ્રાતિપદિક)ની 'ભ' સંજ્ઞા થાય છે. [અથવા ક્યારેક ૫–૪–૧૫૧ સૂત્રોક્ત કપ્ પ્રત્યય સુધી જતાં, જે વચ્ચે ય કારાદિ પ્રત્યયો બતાવ્યા હોય, તે પ્રત્યયો પરમાં રહેતાં, તેમની પૂર્વે આવેલી પ્રકૃતિની પણ 'ભ' સંજ્ઞા થાય છે.] (य् + अचि भम् = यचि भम् । એવો સન્ધિચ્છેદ કરવાનો છે.)

*

હવે એક વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે. આ જે ત્રણ સંજ્ઞાઓ રજૂ કરી, તથા આ ઉપરાંત બીજી પણ અનેક સંજ્ઞાઓ રજૂ કરવામાં આવશે, તો આવી અનેક સંજ્ઞાઓમાંથી ક્યારેક બે–ત્રણ સંજ્ઞાઓ એક સામટી એકત્ર–એક જ શબ્દ-સ્વરૂપને–લાગવા આવીને ઊભી રહે તો શું કરવું ? સૂત્રકાર પાણિનિએ આવા સંજોગોમાં વ્યવસ્થા કરવા માટે એક સૂત્ર રજૂ કર્યું છે : આ कडाराद् एका संज्ञा । ૧–૪–૧ આ અધિકાર સૂત્ર છે; એને "એક સંજ્ઞાધિકાર" કહેવામાં આવે છે. ૧–૪–૧ થી શરૂ કરીને (कडाराः कर्मधारये । ૨–૨–૩૮ સૂત્ર આવે ત્યાં સુધી, એટલે કે) ૨–૨–૩૭ સુધીમાં આ 'એક સંજ્ઞાધિકાર' પ્રવર્તે છે. આ ૧–૪–૧ સૂત્ર (અને ૧૧૩. विप्रतिषेधे परं कार्यम् । ૧–૪–૨* એવી સૂચના આપે છે કે ૧–૪–૩ થી માંડીને ૨–૨–૩૭ ની વચ્ચે જે સર્વનામસ્થાન, પદ, ભ, અપાદાન-કારક, સમ્પ્રદાનકારક..., તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ...વગેરે વગેરે સંજ્ઞાઓનું વિધાન કરવામાં આવ્યું છે–તેમાંથી કોઈ એક સ્થળે કોઈ એક જ સંજ્ઞાને પ્રવૃત્ત કરવી. (વળી આ જે એક સંજ્ઞા પ્રવૃત્ત કરો, તે તમારી ઈચ્છા અનુસાર ગમે તે સંજ્ઞા પ્રવૃત્ત કરવાની નથી; પણ) જે સંજ્ઞા ક્રમાંકની દષ્ટિએ પાછળ આવેલા સૂત્રથી બતાવવામાં આવી હોય; અને વળી એવી સંજ્ઞા બીજે ક્યાંય લાગીને ચરિતાર્થ થયેલી ના હોય (અર્થાત્ જે સંજ્ઞા અનવકાશ હોય = જે સંજ્ઞાને બેસવા માટે અવકાશ–જગ્યા–ના મળી હોય) તેવી સંજ્ઞાને જ પ્રવૃત્ત કરવી.

*

૧૬૪ મા સૂત્રથી જે સંજોગોમાં પ્રકૃતિની 'પદ' સંજ્ઞા જાહેર કરી છે તેની સમજ ઉપર (પૃ. ૨૦૨) આપેલા કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થઈ હશે. આના અનુસન્ધાનમાં એ યાદ કરાવવાનું કે પાણિનિએ કુલ બે પ્રકારની 'પદ' સંજ્ઞાઓ બતાવી છે.

---

* "બે સંજ્ઞા સૂત્રો એકી સાથે લાગવા આવે ત્યારે જે પરસૂત્રથી બતાવેલી સંજ્ઞા હોય તેને પ્રવૃત્ત કરવી."

(क) १४. सुप्तिङन्तं पदम् । १–१–१४ सुप् (२१ સ્વાદિ વિભક્તિ પ્રત્યયો) અને तिङ् (૯ આત્મનેપદ + ૯ પરસ્મૈપદના = ૧૮ પ્રત્યયો) જેના અંતે લાગેલા હોય તેવા આખા રૂપની દા. ત. राम + टा → राम + इन = रामेण । राम + भ्याम् = रामाभ्याम् । (એ જ પ્રમાણે पच् + अ + ति = पचति ।) "પદ" સંજ્ઞા થાય છે. આમાંથી સ્વાદિ પ્રત્યય લાગીને (નામનાં = પ્રાતિપદિકનાં) જે રૂપો બન્યાં હોય તેને सुप् પ્રત્યયાન્ત = 'સુબન્ત પદ' કહે છે; તથા तिङ् પ્રત્યય લાગીને (ધાતુનાં = ક્રિયાપદનાં) જે રૂપો બન્યાં હોય તેને तिङ् પ્રત્યયાન્ત = 'तिङन्त પદ' કહે છે. (रामेण । के रामाभ्याम् । એ 'સુબન્ત પદ'નાં ઉદાહરણો છે. તથા लभते । पचति । पचन्ति । पठति । વગેરે એ 'તિઙન્ત પદ'નાં ઉદાહરણો છે.)

(ख) १६४. स्वादिष्वसर्वनामस्थाने । १–४–१७ સૂત્રથી જે 'પદ' સંજ્ઞાનું વિધાન કર્યું છે તે અમુક પ્રકારના પ્રત્યયો પરમાં રહેતાં, તે (પ્રત્યયો)ની પૂર્વે આવેલી કેવળ પ્રકૃતિની 'પદ' સંજ્ઞા થાય છે. (જુઓ : પૃ. ૨૦૨)

આ બન્ને 'પદ' સંજ્ઞાઓનો જુદા જુદા સંદર્ભમાં જુદી જુદી રીતે ઉપયોગ કરવામાં આવશે.

---

167. आतो धातोः । ३--४--१०४

आकारान्तो यो धातुस्तदन्तस्य भस्याङ्गस्य लोपः । अलोऽन्त्यस्य । विश्वपः । विश्वपा । विश्वपाभ्याम् । इत्यादि ।। एवं शङ्खध्मादयः ।।

'धातोः' किम् ?--हाहान् । हाहै । हाहाः । हाहाः । हाहौः । हाहौः । हाहाम् । हाहे ।।

અનુવાદ : ૧૬૭. "આ કારાન્ત હોય એવો જે ધાતુ, તે ધાતુ છે અન્તમાં જેની એવા भ સંજ્ઞક અંગનો લોપ થાય છે." (ત્યાર પછી) ૨૧. अलोन्त्यस्य । સૂત્રની મદદ લેવાય છે. (એટલે કે 'આખા भ સંજ્ઞક અંગ'નો લોપ થાય નહીં; પણ તેના અંતિમ વર્ણનો જ લોપ થાય.) આમ विश्वपः । विश्वपा । વગેરે રૂપોની સિદ્ધિ થાય. જેમ કે, [સૂત્ર ૧૬૨ ઉપર આપણે विश्वपा (આકારાન્ત પુંલિંગ) શબ્દનાં રૂપો સિદ્ધ કરવાનાં શરૂ કર્યાં છે. ત્યાં પ્રથમા વિભક્તિમાં विश्वपाः–विश्वपौ–विश्वपाः ।, સંબોધનમાં हे विश्वपाः । દ્વિતીયા વિ.માં विश्वपाम् । विश्वपौ । એવાં રૂપો બનાવી ચૂકયા છીએ.]

विश्वपा + शस्

(દ્વિતીયા વિ. બહુવચન)

૧. શ્ ની ઈત્સંજ્ઞા અને લોપ કર્યા પછી,

વિશ્વપા + અસ્ ।
|___| ↑
| અજાદિ સુપ્
મ સંજ્ઞા   પ્રત્યય

૨. यचि भम् । સૂત્રથી અજાદિ સ્વાદિ પ્રત્યય પરમાં રહેતાં, પૂર્વમાં આવેલી પ્રકૃતિની 'મ' સંજ્ઞા થાય છે.

નોંધ : विश्वं पाति इति विश्वपा ! એવી વ્યુત્પત્તિ અનુસાર વિશ્વપા શબ્દમાં અંતે √पा रक्षणे ધાતુ આવેલો છે.

૩. आतो धातोः । થી 'આકારાન્ત ધાતુ છે અંતમાં જેની તેવા મ સંજ્ઞક અંગનો લોપ' થવા આવે છે.

विश्वपा + अस्
↑
આ કારાન્ત ધાતુવાળા મ સંજ્ઞક અંગનો લોપ થવા આવે છે.

૪. પણ ૨૧. अलोऽन्त्यस्य । એવા પરિભાષા સૂત્રથી સૂચના મળી છે કે ષષ્ઠી નિર્દિષ્ટ કાર્ય અંતિમ વર્ણ ઉપર જ થાય છે. (તો आतो धातोः । માં ષષ્ઠી વિ. વાપરીને જે લોપ કરવાનો કહ્યો છે, તે અંતિમ વર્ણ = આ કારનો જ કરવાનો રહેશે.)

विश्वप् ० + अस्
|________|

विश्वपस् → विश्वपर्
= विश्वपः ॥

૫. પછી રુત્વ, વિસર્ગ થશે તો विश्वपः । રૂપ બની જશે.

નોંધ : આવી જ રીતે જ્યારે જ્યારે અજાદિ સ્વાદિ પ્રત્યયો પરમાં રહેશે ત્યારે विश्वपा નો આ કાર લોપ પામશે અને ઈષ્ટ રૂપસિદ્ધિ થશે. તથા જ્યારે હલાદિ સ્વાદિ પ્રત્યય પરમાં રહેશે ત્યારે, તેની પૂર્વે આવેલી 'विश्वपा' પ્રકૃતિની પદ સંજ્ઞા થશે. તેથી ત્યારે આ કારનો લોપ ૧૬૭ સૂત્રથી થશે નહીં. જેમકે,

विश्वपा + भ्याम्
|___|
|
પદસંજ્ઞા
= विश्वपाभ्याम् ।

(તૃતીયા, દ્વિવચનનો પ્રત્યય)

૧. स्वादिष्वसर्वनामस्थाने । થી પ્રકૃતિની પદ સંજ્ઞા થશે.

૨. અને પરિણામે ૧૬૭ સૂત્ર લાગશે નહીં તો विश्वपाभ्याम् એવું રૂપ બની જશે.

આકારાન્ત પુંલિંગ શબ્દ સ્વરૂપ विश्वपा (વિશ્વનું રક્ષણ કરનાર = ઈશ્વર.)

પ્ર०	विश्वपाः	— विश्वपौ	— विश्वपाः ।
સં०	हे विश्वपाः	— विश्वपौ	— विश्वपाः ।
द्वि०	विश्वपाम्	— विश्वपौ	— विश्वपः* ।
तृ०	विश्वपा*	— विश्वपाभ्याम्	— विश्वपाभिः ।
च०	विश्वपे*	— विश्वपाभ्याम्	— विश्वपाभ्यः ।
प०	विश्वपः*	— विश्वपाभ्याम्	— विश्वपाभ्यः ।
ष०	विश्वपः*	— विश्वपोः*	— विश्वपाम्* ।
स०	विश्वपि*	— विश्वपोः*	— विश्वपासु ।

* આ રૂપોમાં પ્રકૃતિની भ સંજ્ઞા થઈને ૧૬૭ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે.

આ જ પ્રમાણે, शङ्खम् धमति । (શંખ ફુંકે છે, તે) "शङ्खध्मा ।" જેવા (= सोमम् पिबति इति, सोमपा । વગેરે) આ કારાન્ત પુંલિંગ નામોનાં રૂપો પણ સિદ્ધ થાય છે એમ જાણવું.

*

શંકા : [આ ૧૬૭ મા સૂત્રમાં धातोः પદ ઉમેરવાથી = "ધાતુનો જે आ કાર, તેનો લોપ થાય છે" એવો ફલિતાર્થ હાથ લાગે છે, પરંતુ] અહીં એ વિચારણીય છે કે જે आ કારનો લોપ કરવો છે તે 'धातोः = ધાતુનો હોય' એમ શા માટે કહેવાયું છે ?

સમાધાન : ભાષામાં એક हाहा એવો 'આકારાન્ત, પુંલિંગ' શબ્દ છે; એનો અર્થ થાય છે : 'ગન્ધર્વ (વિશેષ)'. આ શબ્દ રૂઢ = અવ્યુત્પન્ન નામ (પ્રાતિપદિક) છે. અર્થાત્ જેવી રીતે विश्वपा । શબ્દ 'विश्व + √पा ધાતુ' જોડાવાથી બન્યો છે (અને એથી તે યૌગિક કે વ્યુત્પન્ન પ્રાતિપદિક કહેવાય છે), તેવી રીતે આ हाहा શબ્દ કોઈ आ કારાન્ત ધાતુની મેળવણી–જોડાણ–થી બન્યો જ નથી. આવા हाहा શબ્દનાં રૂપો ચલાવીશું, ત્યારે દ્વિતીયા વિ. બહુવચનથી માંડીને, જ્યાં જ્યાં અજાદિ સ્વાદિ પ્રત્યયો પરમાં હશે ત્યાં ત્યાં પૂર્વે આવેલી हाहा પ્રકૃતિની 'भ' સંજ્ઞા થશે ખરી, પણ તેમાં કોઈ आ કારાન્ત ધાતુ ઉમેરાયો/જોડાયો નહીં હોવાથી ૧૬૭. आतो धातोः । થી आ કારનો લોપ થશે જ નહીં. પરિણામે हाहा (એક ગંધર્વ)નાં રૂપો નીચે પ્રમાણે થશે :

१. हाहा + सु → हाहा + स् > र् > : = हाहाः । (એકવચન)
हाहा + औ → वृद्धि → हाहौ ॥ (દ્વિવચન)
हाहा + जस् → પૂર્વસવર્ણ દીર્ઘ, રુત્વ, વિસર્ગ → हाहास् → हाहाः ।
(બહુવચન)

२. हाहा + अम् → પૂર્વરૂપ એકાદેશ–हाहाम् । (એકવચન)
हाहा + औ → वृद्धि → हाहौ । (દ્વિવચન)
हाहा + शस् → भ સંજ્ઞા, પણ ધાતુનો આ કાર અંતે નથી તેથી આ લોપનો અભાવ, પૂર્વસવર્ણ દીર્ઘ → हाहास् → शस् ના स् કારને न् કાર → हाहान् ।

३. हाहा + टा → સવર્ણદીર્ઘ → हाहा + आ = हाहा ।
हाहा + भ्याम् → हाहाभ्याम् ।
हाहा + भिस् → રુત્વ, વિસર્ગ → हाहाभिर् → हाहाभिः ।

४. हाहा + ङे → हाहा + ए → आ કારનો લોપ થશે નહીં, વૃદ્ધિ → हाहै ।
हाहा + भ्याम् → हाहाभ्याम् ।
हाहा + भ्यस → રુત્વ, વિસર્ગ → हाहाभ्यः ।

५. हाहा + ङसि → हाहा + अस् → અદન્ત અંગ નથી, તેથી टाङसिङसामिनात्स्याः । પણ आत् આદેશ કરશે નહીં અને આકાર લોપ પણ થશે નહીં → हाहास् → हाहाः ।
हाहा + भ्याम् → हाहाभ्याम् ॥ हाहा + भ्यस् → हाहाभ्यः ।

६. हाहा + ङस् → हाहा + अस् → સવર્ણદીર્ઘ हाहास् → हाहाः ।
हाहा + ओस् → वृद्धि → हाहौस् → हाहौः ।
हाहा + आम् → હ્રસ્વાન્ત અંગ નથી, તેથી नुट् નહીં થાય, સવર્ણદીર્ઘ → हाहाम् ।

७. हाहा + ङि → हाहा + इ → गुण → हाहे ।
हाहा + ओस् → हाहौस् → हाहौः ।
हाहा + सुप् → हाहा + सु० → हाहासु ।

८. સંબોધનમાં–हे हाहा + सु → हे हाहा + स् → हे हाहाः ॥

(વિવરણ) : આપણે 'હ્રસ્વ अ કારાન્ત, પુંલિંગ શબ્દ' હોય એવા બે શબ્દોનાં રૂપો જોયાં : १. राम અને २. निर्जर । ત્યાર પછી 'દીર્ઘ आ કારાન્ત, પુંલિંગ શબ્દ' હોય એવા પણ બે પ્રકારના શબ્દો રજૂ થાય છે : १. विश्वपा । (જે आ કારાન્ત ધાતુના યોગથી બનેલ છે) २. हाहा । (જે રૂઢ નામ છે; તેમાં

અંતે આ કારાન્ત ધાતુ જોડાયો જ નથી.) અહીં એ નોંધપાત્ર છે કે આ બન્ને શબ્દોના પ્રકાર જુદા હોવાથી, રૂપસિદ્ધિમાં પણ તફાવત દેખાઈ આવે છે.

હવે પછી જે રજૂ થાય છે તે "હ્રસ્વ इ કારાન્ત પુંલિંગ" हरि શબ્દનાં રૂપોની સિદ્ધિ છે—

हरिः । हरी ।

168. जसि च । ७-३-१०९

ह्रस्वान्तस्याङ्गस्य गुणः । हरयः ॥

169. ह्रस्वस्य गुणः । ७-३-१०८

सम्बुद्धौ । हे हरे ॥ हरिम् । हरी । हरीन् ॥

170. शेषो घ्यसखि । १-४-७

शेष इति स्पष्टार्थम् । ह्रस्वौ याविदुतौ तदन्तं सखिवर्जं 'घि' संज्ञम् ।

171. आङो नाऽस्त्रियाम् । ७-३-१२०

घेः परस्याङो ना स्याद् अस्त्रियाम् । 'आङ्' इति 'टा' संज्ञा । हरिणा । हरिभ्याम् । हरिभिः ॥

અનુવાદ : हरि–આ હ્રસ્વ इ કારાન્ત, પુંલિંગ શબ્દ છે. તેનાં પ્રથમા વિભક્તિ, એકવચનમાં રૂપો સાધીએ તો—

૧. हरि + सु → हरि + स् → રુત્વ, વિસર્ગ → हरिर् → हरिः ॥

૨. हरि + औ । (પ્રથમા વિ. દ્વિવચનનો પ્રત્યય)

↑ (अक्‌ની પરમાં) ↑ (પ્રથમા વિ.નો अच्)

इ + ओ

પૂર્વ સવર્ણદીર્ઘ

हर् + ई + ०

हरी ॥

૧. प्रथमयोः पूर्वसवर्णः । એવા ૧૨૬ મા સૂત્રથી, 'अक् = हरि ના इ કારની પરમાં પ્રથમા વિ. સંબંધી अच् પરમાં રહેલો હોવાથી, પૂર્વ-સવર્ણદીર્ઘ વિધિ થશે.'

તો हरि ના 'इ' કાર અને 'औ' પ્રત્યય એ બન્નેના સ્થાને, પૂર્વમાં જે इ વર્ણ આવેલો છે તેનો દીર્ઘ ભેદ = ई કાર એકાદેશ રૂપે પ્રવૃત્ત કરીશું તો हरी । રૂપ બની જશે.

૧૬૮. હ્રસ્વ સ્વરાન્ત અંગને 'ગુણ' થાય છે; જો जस् પ્રત્યય પરમાં રહેલો હોય તો.

हरि + जस् ।	(પ્રથમા વિ. બહુવચનનો પ્રત્યય)
हरि + जस् હ્રસ્વાન્ત (નિમિત્ત) અંગ	૧. પ્રસ્તુત સૂત્રથી जस् પ્રત્યય પરમાં રહ્યો છે ત્યારે હ્રસ્વાન્ત અંગને 'ગુણ' થશે. અર્થાત્ હરિના इ કારનો ગુણ = એકાર થશે.
हरे + जस् हरे + अस्	૨. चुटू । થી, 'પ્રત્યયની આદિમાં આવેલ च વર્ગના ज् કારની ઈત્સંજ્ઞા થઈને, પછી લોપ પામે છે.
ह र् अ य् अ स्	૩. एचोऽयवायावः । થી अच् પરમાં રહેતાં ए ના સ્થાનમાં अय् આદેશ થશે.
ह – र – य – स्	૪. ससजुषो रुः । થી પદાન્તે આવેલા स્ને रु>र् થશે.
हरयर् हरयः ॥	૫. खरवसानयोर्विसर्जनीयः । થી પદાન્તે આવેલા રેફનો વિસર્ગ થશે. તો हरयः । રૂપ સિદ્ધ થશે.

*

૧૬૯. 'સમ્બુદ્ધિ' સંજ્ઞક પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે હ્રસ્વાન્ત અંગને 'ગુણ' થાય છે. જેમકે, हे हरि+सु । અહીં સમ્બુદ્ધિ સંજ્ઞક सु પ્રત્યય પરમાં છે, તેથી હ્રસ્વાન્ત અંગ–हरि–ને ગુણ કરીશું તો→हे हरे+सु→हे हरे+स् । થશે. પછી एङ्ह्रस्वात्सम्बुद्धेः । ૧૩૪ મા સૂત્રથી 'एङन्त=એકારાન્ત અંગ (= हे हरे)ની પાછળ આવેલા સમ્બુદ્ધિના हल् = વ્યંજન स् કારનો લોપ થાય છે. →हे हरे+ ० = हे हरे ॥ (સંબોધનમાં રૂપ).

*

૨. हरि+अम् । (દ્વિતીયા વિ. એકવચનમાં) अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદેશ થશે તો हरिम् । રૂપ બની જશે, हरि+औ । (દ્વિ. વિ. દ્વિવચનમાં) प्रथमयोः

पूर्वसवर्णः । થી પૂર્વસવર્ણદીર્ઘ થશે તો हरी । રૂપ બની થશે. हरि + शस् → हरि + अस् → પૂર્વસવર્ણદીર્ઘ → हरी + स् → तस्माच्छसो नः पुंसि । સૂત્રથી, हरि શબ્દ પુંલિંગમાં હોવાથી પૂર્વસવર્ણદીર્ઘની પરમાં આવેલા शस् ના स् કારને न् થશે. → તો हरीन् । રૂપ સધાશે.

*

૧૭૦. આ (૧–૪–૭) સૂત્રમાં આવેલું 'शेष:' એવું પદ સ્પષ્ટતા માટે મૂકવામાં આવ્યું છે. (સૂત્રાર્થ:) "હ્રસ્વ એવા इ કાર અને उ કાર જે શબ્દના અંતે આવેલા હોય (દા. ત., हरि, कवि, भानु, विष्णु, गुरु) તેમની 'घि' સંજ્ઞા થાય છે; પણ सखि શબ્દ (હ્રસ્વ इ કારાન્ત હોવા છતાંય તે) ની 'घि' સંજ્ઞા થતી નથી."

[આ સૂત્રની સૂચનાથી આપણે हरि શબ્દને 'घि' સંજ્ઞક = 'घि' સંજ્ઞાવાળો જાહેર કરવો પડશે. હવે આ घि સંજ્ઞાને નિમિત્તે જે કાર્ય/વિધિ થશે તેનું નિરૂપણ કરવામાં આવે છે:]

૧૭૧. "घि સંજ્ઞક અંગની પાછળ આવેલા आङ् પ્રત્યય (અર્થાત્ टा પ્રત્યય)ના સ્થાનમાં 'ना' એવો આદેશ થાય છે; જો તે (घि સંજ્ઞક અંગ) સ્ત્રીલિંગમાં ન હોય તો." (આ સૂત્રમાં જે 'आङ्' એવો નિર્દેશ છે, તે (તૃતીયા વિભક્તિ, એકવચનના) टा પ્રત્યયને માટે વપરાતી એક સંજ્ઞા જ છે. [અર્થાત્ आङ् = टा પ્રત્યય]

हरि + टा
घि સંજ્ઞક અંગ
— જે સ્ત્રીલિંગમાં નથી.—
हरि + ना
र् इ + ना
हरि + णा
= हरिणा ॥

(તૃતીયા વિ. એકવચનનો પ્રત્યય)
૧. आङो नाऽस्त्रियाम् । સૂત્રથી घि સંજ્ઞક અંગની પાછળ આવેલા टा પ્રત્યયના સ્થાનમાં ना આદેશ થશે; (हरि શબ્દ પુંલિંગમાં છે)
૨. अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि । સૂત્રથી રેફની પરમાં આવેલા न् નો ण् થશે; (રેફ અને न् ની વચ્ચે अट् = इનું વ્યવધાન હોવા છતાંય). જેથી हरिणा । રૂપ સિદ્ધ થાય છે.

हरि + भ्याम् । (તૃતીયા વિ. દ્વિવચનનો પ્રત્યય)માં કોઈ વિશેષસૂત્રની પ્રવૃત્તિ થતી નથી, તો हरिभ्याम् ॥ રૂપ બની જશે.

–हरि + + भिस् (તૃતીયા વિ. બહુવચન)ની સ્થિતિમાં (अतो भिस ऐस् । લાગશે નહીં; કેમ કે અંગ હ્રસ્વ अकारान्त નથી. તેથી) रुत्व, વિસર્ગ થઈને हरिभिः ॥ રૂપ બની જાય છે.

172. घेर्ङिति । ७-३-१११

घिसंज्ञस्य ङिति सुपि गुणः । हरये ।

173. ङसि–ङसोश्च । ६-१-११०

एङो ङसि–ङसोरति पूर्वरूपम् एकादेशः । हरेः । हर्योः । हरीणाम् ।

174. अच्च घेः । ७-३-११९

इद्–उद्भ्याम् उत्तरस्य ङेरौत् घेरत् । हरौ । हर्योः । हरिषु ॥ एवं कव्यादयः ॥

અનુવાદ ૧૭૨. "सुप् પ્રત્યાહારમાં આવેલ હોય એવા ङित् (= જે પ્રત્યયોમાંથી ङ् કારની ઈત્સંજ્ઞા થતી હોય, તેવા) પ્રત્યયો પરમાં હોય ત્યારે 'घि' સંજ્ઞક અંગને ગુણ થાય છે." જેમ કે,

हरि + – ङे
घि સંજ્ઞક અંગ ङ् ए

(ચતુર્થી વિભક્તિ, એકવચનનો પ્રત્યય)
૧. लशक्वतद्धिते । સૂત્રથી પ્રત્યયની આદિમાં આવેલા क વર્ગના ङ् વર્ણની ઈત્સંજ્ઞા થશે, પછી લોપ થશે.

हरि + ० ए
हरे + ए

૨. જેમાંથી ङ् કારની ઈત્સંજ્ઞા થઈ છે, તે 'ङे' પ્રત્યયને ङित् કહેવાશે. આથી ૧૭૨. घेर्ङिति । સૂત્રથી घि સંજ્ઞક અંગ–हरि–ને 'ગુણ' થાય છે.

हर् अ य्+ए

૩. एचोऽयवायावः । થી, अच् પરમાં રહેતાં ए ના સ્થાનમાં अय् આદેશ થશે.

ह – र – ये

૪. વ્યંજનોને પરવતી વર્ણ સાથે જોડી દઈશું તો हरये । એવું રૂપ સિદ્ધ થશે.

*

[–हरि+भ्याम् । (ચતુર્થી વિ. દ્વિવચન)માં કોઈ વિશેષ વિધિ થતી નથી, તેથી हरिभ्याम् । રૂપ બની જશે.

–हरि+भ्यस् । (ચતુર્થી વિ. બહુવચન)માં પણ પ્રકૃતિ+પ્રત્યય જોડાઈ જતાં, અને રુત્વ, વિસર્ગ થઈ જતાં हरिभ्यः । રૂપ બનશે.]

१७३. एङ्‌ (=ए કાર કે ओ કાર જેના અંતે છે તેવા અંગ)ની પાછળ આવેલા ङसि પ્રત્યય કે ङस् પ્રત્યયનો હ્રસ્વ अ કાર (अति) પરમાં રહેલો હોય તો પૂર્વરૂપ-એકાદેશ થાય છે.

हरि + ङसि (પંચમી વિ. એકવચનનો પ્રત્યય)
हरि + अस्
हरे + अस्
(एङ्‌ની પાછળ) (ङसिનો હ્રસ્વ अ પરમાં છે.)
हर् + ० + ए + ० + स्
ह - रे - स.
हरेः ॥

૧. અહીં ૧૭૨ घेर्ङिति । સૂત્રથી ङित् પ્રત્યય = ङसि પરમાં રહેતાં घि સંજ્ઞક અંગને ગુણ થશે.

૨. (અહીં एचोऽयवायावः । ૬-૧-૭૮ લાગવા આવે છે. પણ તેનો બાધ કરીને, તેની પાછળ આવેલું) ङसिङसोश्च । ૬-૧-૧૧૦ એવું વિશેષ સૂત્ર કહે છે एङ्‌ ની પાછળ ङसिનો હ્રસ્વ अ આવ્યો હોય તો 'પૂર્વરૂપ એકાદેશ' કરવો.

૩. પછી પદાન્તે આવેલા स् ને रु>र्, અને રેફને વિસર્ગ થશે, તો हरेः । એવું રૂપ થશે.

*

[हरि+भ्याम् । પંચમી દ્વિવચનમાંથી हरिभ्याम् । અને हरि+भ्यस् । પંચમી, બહુવચનમાંથી हरिभ्यः । રૂપ બની જશે.

તથા

हरि+ङस् । ષષ્ઠી વિ. એકવચનમાંથી हरेः । ની સિદ્ધિ પણ પૂર્વવત્ (પંચમી, એકવચનની જેમ જ) થઈ જશે.]

हरि + ओस् । (ષષ્ઠી વિ. દ્વિવચનનો પ્રત્યય)
हर् य् + ओस्
हर् - यो - स्
हर्यो - स.
हर्योर् = हर्योः ।

૧. इको यणचि । થી इ ના સ્થાનમાં य् આદેશ થશે.

૨. જલતુમ્બિકાન્યાયથી રેફનું ઉત્તરવર્તી વર્ણના મસ્તક ઉપર ગમન થશે.

૩. પદાન્તસ્થિત स् ને रुत्व અને પછી વિસર્ગ થશે તો हर्योः । રૂપ બની જશે.

हरि + आम् ।	(ષષ્ઠી વિ. બહુવચનનો પ્રત્યય)
	ह्रस्वनद्यापो नुट् । થી હ્રસ્વાન્ત
हरि + नु आम्	અંગની પાછળ આવેલા आम् ને नुट्
हरि + नाम्	આગમ થશે. (नुट्→न्)
	૨. नामि । થી नाम् પરમાં રહેતાં
हरी + नाम्	અજન્ત અંગને દીર્ઘ થશે.
	૩. अट्कुप्वाङ्नुम्० । સૂત્રથી
हरी + णाम्	રેફની પાછળ આવેલા न् ને ण् થશે.
= हरीणाम् ॥	તો हरीणाम् । રૂપ બની જશે.

૧૭૪. હ્રસ્વ इ અને હ્રસ્વ उ ની પાછળ આવેલા (સપ્તમી વિ, એકવચનના) 'ङि' પ્રત્યયને औत् (= औ) આદેશ થાય છે; અને घि સંજ્ઞક અંગને (= અંગના અંતિમ વર્ણને) अत् (= હ્રસ્વ અકાર) આદેશ રૂપે થાય છે.

हरि + ङि ↑ ↓ (હ્રસ્વ इ) આદેશ ↓ हरि + औ (૧) | અને ↓ (घि સંજ્ઞક અંગને अत् આદેશ) हर् अ (૨) + औ । ह - र - औ | वृद्धि हरौ ॥	(સપ્તમી વિ. એકવચનનો પ્રત્યય) ૧. આ સ્થિતિમાં (૧૭૨મા સૂત્રથી ङि = ङित् પ્રત્યય પરમાં હોવાથી हरि ને ગુણ થવા આવે છે. પણ તેનો બાધ કરીને) ૧૭૪મું સૂત્ર કુલ બે વિધિઓ કરવાની સૂચના આપે છે : (૧) હ્રસ્વ इ ની પાછળ આવેલા ङि પ્રત્યયને औ આદેશ કરવો; અને (૨) घि સંજ્ઞક અંગના અંતિમ વર્ણ (इ)ને 'अ' આદેશ કરવો. ૨. ત્યાર પછી हर + औ । માં वृद्धिरेचि । થી વૃદ્ધિ કરીશું તો हरौ । એવું રૂપ બની જશે.

–हरि + ओस् । (સપ્તમી વિ. દ્વિવચન)માં इको यणचि । લગાડીને हर् य् + ओस् = हर्योस् । માં રુત્વ–વિસર્ગ કરીશું તો हर्योः । રૂપ બની જશે. પછી–

हरि + सुप् । (સપ્તમી વિ. બહુવચન)માં हलन्त्यम् । થી प् ની ઇત્સંજ્ઞા અને લોપ કરીશું.

हरि + सु०	२. आदेशप्रत्यययोः । १५० મા
|	સૂત્રથી 'इण्'ની પાછળ આવેલા
(इण्)	પ્રત્યયના स् કારને મૂર્ધન્ય આદેશ = ष्
हरिषु ॥	કાર કરીશું-તો हरिषु । એવું રૂપ બની જશે.

આ જ પ્રમાણે, कवि, रवि, भारवि, गुरु, भानु વગેરેનાં રૂપો પણ સિદ્ધ થાય છે એ જાણવું.

(વિવરણ) : પાણિનિએ शेषो घ्यसखि । સૂત્ર દ્વારા सखि શબ્દ સિવાયના જે હ્રસ્વ इ કારાન્ત અને હ્રસ્વ उ કારાન્ત શબ્દો છે (દા. ત., कवि । અને भानु ।) તેમની 'घि' એવી (કૃત્રિમ) સંજ્ઞા કરી છે. આથી તેમનાં રૂપોમાં ઉપર નિર્દેશેલાં સૂત્રો એકસરખી રીતે પ્રવૃત્ત થાય છે. (અલબત્ત कवि માં જો इ નો 'ગુણ' થાય તો તે ए હોય; અને भानु ના उ કારમાં ગુણ થાય તો તે ओ હોય એટલો ફેર છે.) બન્ને પ્રકારના શબ્દોનાં રૂપો પાસે પાસે મૂકીશું :

હ્રસ્વ इ કારાન્ત, પુંલિંગ कवि				હ્રસ્વ उ કારાન્ત, પુંલિંગ भानु શબ્દ			
प्र०	कविः	– कवी	– कवयः ।	प्र०	भानुः	– भानू	– भानवः
सं०	हे कवे	– कवी	– कवयः ।	सं०	हे भानो	– भानू	– भानवः
द्वि०	कविम्	– कवी	– कवीन् ।	द्वि०	भानुम्	– भानू	– भानून्
तृ०	कविना	– कविभ्याम्	– कविभिः ।	तृ०	भानुना	– भानुभ्याम्	– भानुभिः
च०	कवये	– कविभ्याम्	– कविभ्यः ।	च०	भानवे	– भानुभ्याम्	– भानुभ्यः
प०	कवेः	– कविभ्याम्	– कविभ्यः ।	प०	भानोः	– भानुभ्याम्	– भानुभ्यः
ष०	कवेः	– कव्योः	– कवीनाम् ।	ष०	भानोः	– भान्वोः	– भानूनाम्
स०	कवौ	– कव्योः	– कविषु ॥	स०	भानौ	– भान्वोः	– भानुषु ॥

---

175. अनङ् सौ । ७--३--९३

सख्युरङ्गस्यानङ् आदेशोऽसम्बुद्धौ सौ ।

176. अलोऽन्त्यात् पूर्व उपधा । १--१--६५

अन्त्याद् अलः पूर्वो वर्ण उपधासंज्ञः स्यात् ।

177. सर्वनामस्थाने चासम्बुद्धौ । ६--४--८

नान्तस्योपधाया दीर्घोऽसम्बुद्धौ सर्वनामस्थाने ।

178. अपृक्त एकाल् प्रत्ययः । १--२--४१

एकाल् प्रत्ययो यः सोऽपृक्तसंज्ञः स्यात् ।

179. हल्ङ्याब्भ्यो दीर्घात् सु-ति-स्यपृक्तं हल् । ६-१-६८

हलन्तात्परं, दीर्घौ यौ ङ्यापौ तदन्ताच्च परं, सुतिसीत्येतदपृक्तं हल् लुप्यते ।

180. नलोपः प्रातिपदिकान्तस्य । ८-२-७

प्रातिपदिकसंज्ञकं यत् पदं तदन्तस्य नस्य लोपः स्यात् । सखा ॥

અનુવાદ : ૧૭૫. 'सखि' એવા અંગ(ના અંતે આવેલા इ કાર)ને अनङ् (अन्) આદેશ થાય છે; જો સમ્બુદ્ધિનો ન હોય તેવો सु પ્રત્યય પરમાં આવેલો હોય તો.

૧૭૬. (કોઈ પણ શબ્દમાં) જે અંતિમ અલ્ = વર્ણ હોય, તેની બરાબર પૂર્વમાં આવેલા વર્ણની 'ઉપધા' એવી સંજ્ઞા થાય છે. [દા. ત. कालिन्दी । માં (...न् द् ई) અંતિમ ई કારની પૂર્વે આવેલા द् કારની 'ઉપધા' સંજ્ઞા થાય છે.]

૧૭૭. न् કારાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ થાય; જો સમ્બુદ્ધિભિન્ન 'સર્વનામ સ્થાન'–સંજ્ઞક પ્રત્યયો પરમાં આવેલા હોય તો.

૧૭૮. એક અલ્ (= વર્ણ) વાળો જે પ્રત્યય તેની "અપૃક્ત" એવી સંજ્ઞા થાય છે.

૧૭૯. हलन्त = વ્યંજનાન્ત શબ્દસ્વરૂપની પાછળ; અને દીર્ઘ એવા જે ङी (= ई) કે ઞાપ્ (आ) પ્રત્યયો જેના અંતે આવેલા છે તેવા શબ્દસ્વરૂપની પાછળ આવેલા 'सु', 'ति' અથવા 'सि' પ્રત્યયસંબંધી અપૃક્ત हल्–વ્યંજન–નો લોપ થાય છે.

૧૮૦. પ્રાતિપદિક સંજ્ઞાવાળું જે પદ, તેના અંતે આવેલા न् કારનો લોપ થાય છે. [અત્યાર સુધીના ૧૭૫ થી ૧૮૦ સૂત્રોની પ્રવૃત્તિ કરવાથી] सखि + सु । માંથી सखा । પદની સિદ્ધિ થાય છે.

(વિવરણ) : પાણિનિએ ૧૭૦ शेषो घ्यसखि । સૂત્રથી 'सखि' (= મિત્ર) સિવાયના હ્રસ્વ इ/उ કારાન્ત શબ્દોની 'घि' સંજ્ઞા કરી છે. અર્થાત્ सखि શબ્દની घि સંજ્ઞા થતી નથી. આથી सखि શબ્દનાં રૂપોની સિદ્ધિ કરવી હોય તો ૧૭૧ થી ૧૭૪ સુધીનાં સૂત્રો, કે જે घि સંજ્ઞાને નિમિત્તે પ્રવૃત્ત થનારાં છે, તે કામે લાગી શકશે નહીં. આથી પુંલિંગ सखि શબ્દની રૂપસિદ્ધિ વર્ણવવા નવાં સૂત્રો અવતારવામાં આવે છે :

सखि + सु । (પ્રથમા વિભક્તિ, એકવચનનો પ્રત્યય)

(અંગસંજ્ઞા)

૧. यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । એવા ૧૩૩ મા સૂત્રથી सु પ્રત્યય પરમાં રહેતાં, તેની પૂર્વે આવેલી પ્રકૃતિ (सखि શબ્દ)ની 'અંગ' સંજ્ઞા થાય છે.

सख् इ + स्
↓
अनङ् (अन्)

૨. अनङ् सौ । સૂત્રથી सखि એવા અંગને अनङ् આદેશ; કેમ કે પરમાં सम्बुद्धिનો सु નથી; પણ (કર્તરિ) પ્રથમાનો सु છે. –ङिच्च । સૂત્રની મદદથી अनङ् એવો ङित् આદેશ અંતિમ વર્ણને લાગશે.

सख् अन् + स्
(ઉપધા સંજ્ઞા) (અંતિમવર્ણ)

૩. ૧૭૬ મા સૂત્રથી પ્રકૃતિ/અંગના અંતિમ વર્ણની પૂર્વે આવેલા (अ) વર્ણની 'ઉપધા' સંજ્ઞા થશે : अलोऽन्त्यात्पूर्व उपधा ।

सख आन् + स्

૪. सर्वनामस्थाने चासम्बुद्धौ । ૧૭૭ મા સૂત્રથી न् કારાન્ત શબ્દની 'ઉપધા'ને દીર્ઘ થશે, કેમ કે પરમાં सम्बुद्धिભિન્ન સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં છે.

स–खा–न + स्
(હલન્ત પ્રકૃતિ) (અપૃક્ત)

૫. अपृक्त एकाल् प्रत्ययः । ૧૭૮ મા (સૂત્રથી પ્રથમાના 'सु' માંથી અનુબન્ધ उ કાર નીકળી ગયા પછી) એક વર્ણ રૂપ = બાકી રહેલા 'स'ની અપૃક્ત સંજ્ઞા થાય છે.

सखान् + ०
↑
(પ્રાતિપાદિકને અંતે આવેલ न् કાર)

૬. हल्ङ्याब्भ्यो दीर्घात्सुतिस्यपृक्तं हल् । સૂત્રથી હલન્ત પ્રકૃતિની પરમાં આવેલા सु પ્રત્યય સંબંધી અપૃક્ત સંજ્ઞક हल् = स् કારનો લોપ થાય છે.

सखा० + ० = सखा ॥

७. न लोपः प्रातिपदिकान्तस्य । १८० मा सूत्रथी प्रातिपदिकने अंते आवेला न् कारनो लोप थाय छे. आम सखा । रूप सिद्ध थाय छे.

---

181. सख्युरसम्बुद्धौ । ७--१--९२

सख्युरङ्गात् परं सम्बुद्धिवर्जं सर्वनामस्थानं णिद्वत् स्यात् ।

182. अचो ञ्णिति । ७--२-११५

अजन्ताङ्गस्य वृद्धिर्ञिति णिति च परे । सखायौ । सखायः ॥ हे सखे ॥ सखायम् । सखायौ । सखीन् ॥ सख्या ॥ सख्ये ॥

अनुवाद : १८१. सखि एवा अंगनी पाछळ आवेला सम्बुद्धिभिन्न सर्वनामस्थान–संज्ञक (= पहेलां पांच) प्रत्ययोने "णिद्वद् भाव" थाय छे. [सु–औ –जस् ॥ अम्–औट् ॥ –आ प्रत्ययोमांथी एकेयमां ण् अनुबन्ध रूपे जोडयो नथी एटले ते णित् नथी; छतांय तेमने णित् मानी लेवा एम आ १८१ मुं सूत्र कहे छे परिणामे णित् (= जेमां ण् कारनी ईत्संज्ञा थई होय ते णित्) प्रत्ययने निमित्ते जे कार्यो थतां होय, ते आ सर्वनाम स्थान–संज्ञक प्रत्ययो परमां होय त्यारे पण थाय छे.]

१८२. अजन्त (स्वरान्त) अंगने वृद्धि थाय छे; जो ञित् के णित् प्रत्यय परमां रहेलो होय तो. (अलोऽन्त्यस्य । परिभाषानी मददथी अजन्त अंगना अंतिम स्वरने वृद्धि थशे.)

सखि + औ

↑

'सर्वनाम स्थान' संज्ञक प्रत्ययने णिद्वद् भाव थशे.

(प्रथमा विभक्ति, द्विवचननो प्रत्यय)

१. सख्युरसम्बुद्धौ । सूत्रथी सखि अंगनी पाछळ आवेल सर्वनामस्थान प्रत्यय औ ने णिद्वद्भाव थशे. (= णित् प्रत्यय मानी लेवाशे.) एना परिणामे—

सखै + औ

२. अचो ञ्णिति । थी णित् प्रत्यय परमां रहेतां अजन्त अंग (सखि) ने वृद्धि थशे.

सख् आय् + औ
स — खा — यौ ॥

३, एचोऽयवायावः । थी ऐ ने आय् आદेश थशे, तो सखायौ । રૂપ સિદ્ધ થશે.

—सखि + जस् । (પ્રથમા વિ. બહુવચન)માં પણ ૧૮૧ થી जस् પ્રત્યયને ણિદ્વદ્ભાવ થશે, અને ૧૮૨ મા સૂત્રથી અજન્ત અંગ તરીકે सखिના અંતિમ इ કારને વૃદ્ધિ થશે; તો सखै + अस् । થયા પછી (૨૨ થી) ऐ ને आय् આદેશ કરીશું : सख् आय् + अस् → सखायस् । (પછી રુત્વ, વિસર્ગ કરીશું તો सखायः । સિદ્ધ થશે.

—हे सखि + सु । ૧. સંબોધનનો પ્રસંગ છે, તેથી एकवचनं सम्बुद्धिः । થી પ્રથમા વિ. એકવચનના 'सु' પ્રત્યયની 'सम्बुद्धि' સંજ્ઞા થશે, ૨. પરિણામે સૂત્ર ૧૮૧ થી તે 'सु' ને ણિદ્વદ્ભાવ થશે નહીં; પણ ह्रस्वस्य गुणः । એવા ૧૬૯ સૂત્રથી 'सम्बुद्धि પરમાં રહેતાં હ્રસ્વાન્ત અંગને ગુણ થશે–તો हे सखे + स् । થશે. પછી ૩. एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી 'एङन्त અંગની પરમાં આવેલા सम्बुद्धिના स् કારનો લોપ થશે → हे सखे + ० = हे सखे । એવું રૂપ સિદ્ધ થશે. [हे सखि + औ → हे सखै + औ → हे सखायौ । અને हे सखि + जस् → हे सखै + अस् → हे सखायः ।]

—सखि + अम् । (દ્વિતીયા વિ. એકવચન)માં સર્વનામસ્થાન સંજ્ઞક अम् પ્રત્યયને ૧૮૧. સૂત્રથી ણિદ્વદ્ભાવ થશે; અને ૧૮૨ થી અજન્ત અંગને વૃદ્ધિ થશે, તો सखै + अम् → सख् आय् + अम् = सखायम् । બની જશે.

—सखि + औ । (દ્વિતીયા વિ. દ્વિવચન)માં પણ પ્રથમા દ્વિવચનની જેમ જ પ્રક્રિયા ચલાવીશું, તો सखै + औ → सखाय + औ = सखायौ । બની જશે.

—सखि + शस् । (દ્વિતીયા વિ. બહુવચન)માં, હવે 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં નથી, તેથી ણિદ્વદ્ભાવ થશે નહીં; પણ ૧. प्रथमयोः पूर्वसवर्णः । થી सखि + अस् → सखी + स् એવો પૂર્વસવર્ણ દીર્ઘ થશે; પછી ૨. तस्माच्छसो न पुंसि । થી 'પૂર્વસવર્ણદીર્ઘ'ની પાછળ આવેલા शस् ના स् કારને न् કાર થશે; (કેમ કે આ सखि શબ્દ 'પુંલિંગ'માં રહેલો છે) : सखी + न् = આમ सखीन् । રૂપ બનશે.

—सखि + टा (તૃતીયા વિ. એકવચન)માં કોઈ વિશેષ સૂત્ર લાગતું નથી, ૧. सखि + आ । માં इको यणचि । થી यण् થતાં, सख्य् + आ = सख्या । રૂપ બની જાય છે.

[—सखि + भ्याम् । (તૃતીયા, દ્વિવચન) અને सखि + भिस् । (તૃતીય, બહુવચનમાં કોઈ વિશેષસૂત્ર લાગતાં નથી, કેવળ પ્રત્યયોને જોડી દેવાથી सखिभ्याम् । અને सखिभिः । એવાં રૂપો બની જાય છે.]

–सखि + ङे । (ચતુર્થી વિ. એકવચન)માં પણ 'सखि + ए' સ્થિતિમાં इको यणचि । જ લાગે છે →सख्य् + ए = सख्ये । રૂપ બને છે. (અહીં सखिની घि સંજ્ઞાનો નિષેધ કર્યો હોઈ घेर्ङिति । વગેરે સૂત્રો લાગવાનાં નથી.)

---

183. ख्यत्यात् परस्य । ६--१--११२

खितिशब्दाभ्यां खीतीशब्दाभ्यां कृतयणादेशाभ्यां परस्य ङसि-ङसोरत उः (स्यात्) । सख्युः । सख्युः ।

184. औत् । ७--३--११८

इद्-उतोः परस्य ङेरौत् । सख्यौ । शेषं हरिवत् ॥

અનુવાદ : ૧૮૩. હ્રસ્વ खि કે ति (અન્તવાળા) શબ્દો; તથા દીર્ઘ खी કે ती (અન્તવાળા) શબ્દો*, કે જેમનો यण् આદેશ કરવામાં આવ્યો હોય તેમની પાછળ આવેલા ङसि અને ङस् પ્રત્યય સંબંધી (अत् ને =) હ્રસ્વ अ કારને 'उ' એવો આદેશ થાય છે.

सखि + ङसि । (પંચમી વિ. એકવચનનો પ્રત્યય) → सखि + अस्, પછી ૧. इको यणचि । થી यण् આદેશ થશે →सख्य् + अस् । ૨. પછી ख्यत्यात् परस्य । ૧૮૩ મા સૂત્રથી 'હ્રસ્વ खि (અન્તવાળો सखि) શબ્દ, કે જેને પહેલાં यण् આદેશ કરી લીધો છે, તેની પાછળ ङसि પ્રત્યયનો હ્રસ્વ अ આવેલો છે તો તે પ્રત્યયના 'अ' કારને સ્થાને 'उ' કાર આદેશ થાય છે →सख्य् + उस् → सख्युस् । ૩. પછી स् ને રુત્વ, વિસર્ગ થશે તો सख्युः । રૂપ બની જશે.

–આ જ પ્રમાણે, सखि + ङस् । (ષષ્ઠી વિ. એકવચન)માંથી પણ सख्युः । રૂપ બનશે.

૧૮૪. હ્રસ્વ इ અને હ્રસ્વ उ ની પાછળ આવેલા (સપ્તમી, એકવચનના) ङि પ્રત્યયના સ્થાનમાં औत् (= औ કાર) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

सखि + ङि । (સપ્તમી, એકવચન)માં ૧. सखि શબ્દના હ્રસ્વ इ ની પાછળ આવેલા ङि પ્રત્યયના સ્થાનમાં, ૧૮૪ औत् । સૂત્રથી औ આદેશ થશે → सखि + औ । ૨. પછી इको यणचि । થી यण् આદેશ કરીશું તો →सख्य् + औ = सख्यौ । રૂપ બનશે.

આ સિવાયનાં–બાકી રહેલાં–રૂપોની સિદ્ધિ हरि । શબ્દનાં રૂપોની જેમ કરવાની છે.

---

* દીર્ઘ खी/ती વાળા શબ્દો सखी (સ્ત્રીલિંગ–બહેનપણી), सुखी, सुती વગેરે છે.

(વિવરણ) : ૧. सखि । હ્રસ્વ इ કારાન્ત, પુંલિંગ શબ્દ છે, તેનો અર્થ 'દોસ્ત, મિત્ર' થાય છે. આ શબ્દની घि સંજ્ઞા થતી નથી; કારણ કે તેનાં રૂપોની સિદ્ધિ થોડીક અનિયમિત જણાઈ છે. જ્યાં જ્યાં આ શબ્દનાં રૂપો हरि થી જુદાં પડે છે તેનું ઉપર નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે સાતેય વિભક્તિનાં રૂપો તપાસીએ તો—

प्र.	सखा	सखायौ	सखायः ।
सं.	हे सखे	सखायौ	सखायः ।
द्वि.	सखायम्	सखायौ	सखीन् ।
तृ.	सख्या	सखिभ्याम्	सखिभिः ।
च.	सख्ये	सखिभ्याम्	सखिभ्यः ।
प.	सख्युः	सखिभ्याम्	सखिभ्यः ।
ष.	सख्युः	सख्योः	सखीनाम् ।
स.	सख्यौ	सख्योः	सखिषु ॥

૨. દીર્ઘ ई કારાન્ત सखी શબ્દ સ્ત્રીલિંગમાં છે, અને એનો અર્થ સ્ત્રીમિત્ર-બહેનપણી-થાય છે. તથા सखि શબ્દ જેના અંતે આવેલો હોય તેવા સામાસિક (દા. ત. राजसख, अतिसख, सचिवसख વગેરે) શબ્દોનાં રૂપો તો राम ની જેમ જ ચલાવવાનાં રહેશે.

---

185. पतिः समास एव । १-४-८

घिसंज्ञः । पत्या । पत्ये । पत्युः । पत्युः । पत्यौ । शेषं हरिवत् ॥ समासे तु-भूपतये ॥ 'कति' शब्दो बहुवचनान्तः ।

186. बहु-गण-वतु-डति संख्या । १--१--२३

बहु गणशब्दौ वतुडत्यन्ताश्च 'संख्या' संज्ञकाः स्युः ।

187. डति च । १–१--२५

डत्यन्ता संख्या षट्संज्ञा स्यात् ।

188. षड्भ्यो लुक् । ७--१--२२

जश्शसोः ।

189. प्रत्ययस्य लुक्-श्लु-लुपः । १--१--६१

लुक्-श्लु-लुप् शब्दैः कृतं प्रत्ययादर्शनं क्रमात् तत्तत्संज्ञं स्यात् ।

190. प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । १--१--६२

प्रत्यये लुप्ते तदाश्रितं कार्यं स्यात् । इति 'जसि चेति' गुणे प्राप्ते—

191. न लुमताङ्गस्य । १--१--६३

लुमता शब्देन लुप्ते तन्निमित्तम् अङ्गकार्यं न स्यात् ॥ कति । कति । कतिभिः । कतिभ्यः । कतिभ्यः । कतीनाम् । कतिषु ॥ युष्मद्-अस्मद्-षट् संज्ञकास्त्रिषु (लिङ्गेषु) सरूपाः ॥

અનુવાદ : ૧૮૫. 'पति' એવો શબ્દ (પણ હ્રસ્વ इ કારાન્ત છે, તથાપિ) સમાસમાં વપરાયો હોય ત્યારે જ, તેની घि સંજ્ઞા થાય છે; (અર્થાત્ સ્વતન્ત્રપણે- એકલા-વપરાયેલા पति શબ્દની घि સંજ્ઞા થતી નથી).

(એકલા) पति શબ્દનાં રૂપો ચલાવીએ તો-[(પ્ર૦) पतिः-पती-पतयः । (द्वि०) पतिम्-पती-पतीन् । થયા પછી;] पति + टा (તૃતીયા, એકવચન)માં पति શબ્દની घि સંજ્ઞા ૧૮૫ થી નહીં થાય; તેથી ૧૭૧ વડે टा પ્રત્યયના સ્થાનમાં ना આદેશ પણ થશે નહીં. પણ पति + आ । માં इको यणचि । લાગશે, पत्य् + आ = पत्या । રૂપ બને છે. [પછી पति + भ्याम् = पतिभ्याम् । અને पति + भिस् = पतिभिः । થશે.]

-पति + ङे । (ચતુર્થી, એકવચન)માં પણ पति શબ્દની घि સંજ્ઞા નહીં થતી હોઈને घेर्ङिति । પણ લાગશે નહીં. કેવળ इको यणचि । પ્રવૃત્ત થશે. पति + ए→ पत्य् + ए = पत्ये । સિદ્ધ થશે.

-पति + ङसि । (પંચમી, એકવચન)માંથી →पति + अस् માં પહેલાં यण् આદેશ જ થશે-पत्य् + अस्; પછી ख्यत्यात् परस्य । ૧૮૩ મા સૂત્રથી 'ति' શબ્દ, કે જેને यणादेश કર્યો હોય, તેની પાછળ આવેલા ङसि પ્રત્યયના अ કારને उ કારાદેશ થશે →पत्य् + उस्→पत्युस्→પછી રુત્વ, વિસર્ગ થતાં पत्युः । રૂપ બની જશે. (આ જ પ્રમાણે, ષષ્ઠી, એકવચનનો ङस् પ્રત્યય પરમાં રહેશે, ત્યારે પણ पत्युः । રૂપ જ બનશે.)

-पति + ङि । (સપ્તમી, એકવચન)માં સૌથી પહેલાં ૧૮૪. औत् । સૂત્રથી ङि પ્રત્યયના સ્થાનમાં औ આદેશ થશે →पति + औ→પછી इको यणचि । થી यण् આદેશ →पत्य् + औ→पत्यौ । રૂપ બની જશે.

-આ સિવાય, બાકીનાં રૂપો हरि શબ્દનાં રૂપોની જેમ ચાલે છે.

प्र.	पतिः	– पती	– पतयः ।	च.	पत्ये	– पतिभ्याम्	– पतिभ्यः ।
सं.	हे पते	– पती	– पतयः ।	पं.	पत्युः	– पतिभ्याम्	– पतिभ्यः ।
द्वि.	पतिम्	– पती	– पतीन् ।	ष.	पत्युः	– पत्योः	– पतीनाम् ।
तृ.	पत्या	– पतिभ्याम्	– पतिभिः ।	स.	पत्यौ	– पत्योः	– पतिषु ॥

*

હવે पति કોઈક સમાસમાં વપરાયો હોય ત્યારે તો પ્રસ્તુત ૧૮૫ મા સૂત્રથી, તેની घि સંજ્ઞા થશે જ; જેમ કે भूपति, (सेनापति, गणपति વગેરે). (આનાં રૂપો તો हरि ની જેમ જ ચાલશે.) દા. ત.. भूपति + ङे । (ચતુર્થી વિ. એકવચન)માં, ૧. पति समासे एव । થી भूपति શબ્દની घि સંજ્ઞા થશે, પછી ૨. भूपति + ए ।માં घेर्ङिति । સૂત્રથી ङित् सुप् પરમાં છે, તેથી घि સંજ્ઞક અંગને ગુણ થશે → भूपते + ए ।

૩, પછી एचोऽयवायावः । થી ए ને अय् આદેશ → भूपत् + अय् + ए = भूपतये । થશે. (એ જ પ્રમાણે, પંચમી-ષષ્ઠી એકવચનમાં हरेः । ની જેમ भूपतेः । વગેરે પણ થશે.)

*

कति (= 'કેટલા') શબ્દ હંમેશા બહુવચનનો વાચક છે, તેથી તેનાં કેવળ બહુવચનમાં જ રૂપો ચાલે છે.

૧૮૬. 'बहु' અને 'गण' એવા બે શબ્દો; તથા 'वतु પ્રત્યયાન્ત' અને 'डति પ્રત્યયાન્ત' શબ્દોની 'સંખ્યા' એવી સંજ્ઞા થાય છે.*

૧૮૭. डति પ્રત્યયાન્ત શબ્દો, કે જેમની પૂર્વસૂત્ર (૧૮૬) થી 'સંખ્યા' સંજ્ઞા કરી છે, તેમની 'षट्' સંજ્ઞા (પણ) થાય છે. [किमः संख्यापरिणामे डति च । સૂત્રથી किम् શબ્દને डति પ્રત્યય લાગીને कति । શબ્દ બને છે. આ कति ને 'ડત્યન્ત શબ્દ' કહેવાશે; અને તેની પહેલે તબકકે 'સંખ્યા' સંજ્ઞા પડશે; અને પછી ૧૮૭ સૂત્રથી 'षट्' સંજ્ઞા પડશે.]–

૧૮૮. 'षट्' સંજ્ઞક શબ્દોની પાછળ આવેલા जस् કે शस् પ્રત્યયોનો लुक् (= અદર્શન) થાય છે.

૧૮૯. लुक्, श्लु અને लुप्–એવા શબ્દો વાપરીને જયાં કોઈ પ્રત્યયનું અદર્શન કરવાનું જાહેર કર્યું હોય, ત્યાં તે (અદર્શન)ની અનુક્રમે 'लुक्', 'श्लु' અને 'लुप्' એવી સંજ્ઞાઓ થાય છે.

૧૯૦. કોઈ પ્રત્યય લુપ્ત થયો હોય તો પણ (તે લુપ્ત પ્રત્યયને નિમિત્ત બનાવીને) તદાશ્રિત કાર્ય કરી શકાય છે. હવે, આ સૂત્રની મદદથી ૧૬૮. जसि च । ૭-૩-૧૦૯ સૂત્રથી [कति + जस् → कति + ० થયા પછી →] कति શબ્દમાં 'गुण' થવા આવે છે. ત્યારે-(એક વિશેષ સ્પષ્ટતા ઉમેરવામાંમાં આવે છે કે—)

૧૯૧. જેમાં 'लु' જોડયો છે (જેમ કે, लुक्, श्लु અને लुप्) તેવા लु વાળા શબ્દોનો ઉપયોગ કરીને જે (પ્રત્યયાદિ)નો લોપ (= અદર્શન) કર્યો હોય, તો તે લુપ્ત થયેલા પ્રત્યયાદિના નિમિત્તે થનારું અંગકાર્ય થતું નથી. (= કરવામાં આવતું નથી).

---

* कति = 'કેટલા ?' 'किम् સર્વનામની પાછળ 'સંખ્યા' અર્થમાં डति પ્રત્યય લાગે છે; किम् + डति → कति । का संख्या येषां, ते कति । 'આમની કેટલી સંખ્યા છે ?' એમ પૂછવા कति શબ્દ વપરાય છે. આથી તે નિત્ય બહુવચનાન્ત શબ્દ ગણાયો છે.

આ સૂત્રોની સૂચનાઓનો ઉપયોગ કરીને, હવે कति એવા હ્રસ્વ इ કારાન્ત, પુંલિંગ શબ્દનાં (કેવળ બહુવચનમાં) રૂપો ચલાવીશું :

—कति + जस् । (પ્રથમા, બહુવચન)માં, ૧. कति શબ્દ डति પ્રત્યયાન્ત હોવાથી ૧૮૬. बहुगणवतुडति संख्या । સૂત્રથી कति ની પહેલાં 'સંખ્યા' સંજ્ઞા થાય છે.→ ૨. પછી डति च । થી 'ડત્યન્ત સંખ્યા'ની ષટ્ સંજ્ઞા થશે → ૩. આ સંજ્ઞાનું શું ફળ છે ? એવો પ્રશ્ન થાય તો–૧૮૮. षड्भ्यो लुक् । થી ષટ્સંજ્ઞક कति શબ્દની પરમાં આવેલા जस् પ્રત્યયનો 'लुक्' (=અદર્શન) થાય છે : कति + ० । ૪. હવે પ્રત્યય (जस्)ની ગેરહાજરીમાં, તે પ્રત્યય હાજર છે એમ માની લઈને ૧૬૮. जसि च । થી कतिના इ કારનો 'ગુણ' = कते–થાય કે નહીં ? એવી શંકા થાય છે. કારણ કે ૧૯૦મું સૂત્ર કહે છે કે प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । "પ્રત્યય લુપ્ત થયો હોય તો પણ, 'પ્રત્યયલક્ષણ' = પ્રત્યયાશ્રિત કાર્ય થઈ શકે છે." આવી શંકાનું નિવારણ કરવા ૧૯૧. न लुमताऽङ्गस्य । સૂત્રનું સ્મરણ કરાવવામાં આવે છે. એ કહે છે કે लु વાળો કોઈ શબ્દ વાપરીને પ્રત્યયનું અદર્શન કર્યું હોય તો ત્યાં 'પ્રત્યયલક્ષણ'=પ્રત્યયાશ્રિત કાર્ય કરવું નહીં. હવે कति + जस् । માંથી कति + ० । ની સ્થિતિ આપણે षड्भ्यो लुक् । સૂત્રની મદદથી મેળવી છે. અહીં लु વાળા 'लुक्' શબ્દથી આપણે जस् પ્રત્યયનો લોપ કર્યો છે. તેથી जस्નું અદર્શન થયા પછી, जस्ની હાજરી કલ્પી લઈને, ઉપર્યુક્ત ગુણ કાર્ય થઈ શકશે. તો कति + ० = कति । એવું રૂપ સિદ્ધ થઈ ગયેલું ગણાશે.

આ જ રીતે, कति + शस् । માં પણ षड्भ्यो लुक् । થી शस् પ્રત્યયનો 'लुक्' થઈ જશે → कति + ० = कति । એવું રૂપ સિદ્ધ થશે. પછી તૃતીયા બહુવચનમાં कति + भिस् = कतिभिः ।, ચતુર્થી બ. વ. માં कति + भ्यस् = कतिभ्यः ।, પંચમી બ. વ. માં પણ कतिभ्यः । ષષ્ઠી બ. વ. માં कति + आम्→कति + न् आम्→कती + नाम् = कतीनाम् । થશે; અને છેલ્લે સપ્તમી બ. વ. માં कति + सुप्→कति + सु = कतिषु ॥ જેવાં રૂપો સિદ્ધ થશે.

*

હવે એક સ્પષ્ટતા કરવાની કે, જે 'સર્વનામ' સંજ્ઞાવાળા ૩૫ શબ્દો છે, તેમાંથી ૧. युष्मद्, ૨. अस्मद् અને ૩. षट् સંજ્ઞાવાળા (જેવા કે बहु, गण, डति પ્રત્યયાન્ત 'कति' જેવા શબ્દો અને वतु પ્રત્યયાન્ત શબ્દો)નાં જે વિભક્ત્યન્ત રૂપો બને છે તે (त्रिषु सरूपाः =) ત્રણેય પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુસકલિંગમાં એક સરખાં જ થાય છે. [એટલે કે–कति वृक्षाः सन्ति । 'કેટલાં વૃક્ષો છે ?'कति बालिकाः सन्ति ।' કેટલી છોકરીઓ છે ?' कति पुष्पाणि सन्ति । 'કેટલાં પુષ્પો છે ?' માં પુંલિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં બધે જ એક સરખું कति રૂપ વપરાયું છે.]

त्रिशब्दो नित्यं बहुवचनान्तः । त्रयः । त्रीन् । त्रिभिः । त्रिभ्यः । त्रिभ्यः ।

192. त्रेस्त्रयः । ७–१–५३

त्रिशब्दस्य त्रयादेशः स्याद् आमि । त्रयाणाम् । त्रिषु ॥ गौणत्वेऽपि–प्रियत्रयाणाम् ।

193. त्यदादीनाम् अः । ७–२–१०२

एषामकारो विभक्तौ । *(वा०) द्विपर्यन्तानाम् एवेष्टिः * । द्वौ । द्वौ । द्वाभ्याम् ३ । द्वयोः २ ॥

पाति लोकम् इति पपीः = सूर्यः । दीर्घाज्जसि च । पप्यौ २ । पप्यः । हे पपीः । पपीम् । पप्या । पपीभ्याम् ३ । पपीभिः । पप्ये । पपीभ्यः २ । पप्यः २ । पप्योः । दीर्घत्वान्न नुट्–पप्याम् । ङौ तु सवर्ण-दीर्घः । पपी । पप्योः । पपीषु ॥ एवं वातप्रम्यादयः ॥

અનુવાદ : ૧૯૨. त्रि શબ્દ પણ નિત્ય બહુવચનાન્ત છે. (કારણ કે 'त्रि' નો અર્થ 'ત્રણ' થાય છે. વળી, આ શબ્દ પણ હ્રસ્વ इ કારાન્ત છે. અહીં તેના પુંલિંગમાં કેવાં રૂપો થાય છે તે જોઈશું.)

– त्रि + जस् । (પ્રથમા, બહુવચન)માં जसि च । થી ગુણ થશે → त्रे + अस् → त्र् अय + अस् → त्र–य–स् = त्रयः ॥

– त्रि + शस् → (દ્વિતીયા બહુવચન)માં प्रथमयोः पूर्वसवर्णः । થી પૂર્વસવર્ણ દીર્ઘ → त्रि + अस् → त्रीस् → तस्माच्छसो नः पुंसि । થી शस् ના स् કારને न् કાર → त्रीन् ॥

– त्रि + भिस् (તૃતીયા, બ. વ.)માં → રુત્વ, વિસર્ગ → त्रिभिरु → त्रिभिर् → त्रिभिः ॥

त्रि + भ्यस् । (ચતુર્થી/પંચમી બ. વ. માં) → त्रिभ्यस् → રુત્વ, વિસર્ગ → त्रिभ्यः ।

૧૯૨. त्रि શબ્દને (પુલિંગમાં) त्रय એવો આદેશ થાય છે; જો आम् પ્રત્યય પરમાં હોય તો.

– त्रि + आम् । (ષષ્ઠી, બહુવચન)માં સૌથી પહેલા त्रय + आम् । થશે, પછી → नुट् આગમ त्रय + न् आम् → त्रय + नाम् → नामि । થી અજન્ત અંગને દીર્ઘ त्रया + नाम् → णत्व વિધિ, કેમકે त्र માં રેફ (त् र् अ) છે → त्रया + णाम् = त्रयाणाम् ।

—त्रि + सुप् । (સપ્તમી, બ. વ.)માં आदेशप्रत्यययोः । થી सु પ્રત્યયના स् કારને ष् કાર કરીશું તો—त्रि + षु = त्रिषु ॥

[त्रि શબ્દ એકલો વપરાયો હોય ત્યારે 'ત્રણ–સંખ્યા' એવો પ્રધાન–મુખ્ય–અર્થ આપી શકે છે. પણ જ્યારે આ શબ્દ બહુવ્રીહિસમાસમાં પ્રવેશે છે ત્યારે તે ગૌણ અર્થમાં પ્રયોજાય છે. જેમકે प्रियाः त्रयः (भ्रातरो) यस्य सः प्रियत्रिः । = રામને 'પ્રિયત્રિ' કહેવાય છે. અહીં प्रियत्रि માં त्रि શબ્દ ગૌણ અર્થમાં પ્રયોજાયો છે.] આવો ગૌણાર્થમાં વપરાયેલો त्रि શબ્દ હોય તો પણ ૧૯૨ મા સૂત્રથી त्रय આદેશ થાય છે. જેમકે, प्रियत्रि + आम् → प्रियत्रय + आम् → प्रियत्रय + न् आम् → प्रियत्रया + नाम् → प्रियत्रयाणाम् ॥

૧૯૩. त्यद् શબ્દ છે આદિમાં જેની એવા (= त्यद्, तद्, यद्, एतद्, इदम्, अदस्, एक, द्वि, વગેરે) શબ્દોના અંતિમ વર્ણના સ્થાનમાં (હ્રસ્વ) अ કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે; જો કોઈ પણ વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો.

વાર્ત્તિક : [આ સૂત્રમાં લખેલા त्यदादि' શબ્દથી આમ તો त्यद् થી શરૂ કરી ......युष्मद्, अस्मद्, भवतु, किम् સુધીના શબ્દોનું ગ્રહણ થવા આવે છે. પરંતુ વાર્ત્તિકકાર કહે છે કે 'त्यदादि' થી]'द्वि' શબ્દ સુધીના શબ્દો જ લેવા એવી ઇષ્ટિ (= વૈયાકરણોની ઇચ્છા) છે.

[द्वि એટલે 'બે' આ શબ્દ નિત્ય દ્વિવચનાન્ત છે; (તેથી તેનાં કેવળ દ્વિવચનમાં જ રૂપો ચાલશે). અને તે હ્રસ્વ इ કારાન્ત શબ્દનાં હવે પુંલિંગમાં રૂપો ચલાવીશું]

—द्वि + औ । (પ્રથમા, દ્વિવચનનો પ્રત્યય) → ૧. त्यदादीनाम् अः । સૂત્રથી (त्यदादि શબ્દોમાં 'द्वि' આવી જાય છે, તેથી) द्वि ને अ કાર અન્તાદેશ રૂપે થશે—અર્થાત્ द्वि ના इ ના સ્થાનમાં अ થશે– द्व् अ + औ → द्व + औ → ૨. वृद्धिरेचि થી વૃદ્ધિ થશે તો द्वौ । રૂપ બની જશે. (द्वितीया વિ. દ્વિવચનમાં પણ આવી જ રીતે द्वौ । રૂપ બનશે.)

—द्वि + + भ्याम् (તૃતીયા/ચતુર્થી/પંચમી દ્વિવચન)માં પણ ૧૯૩–થી अ કાર અન્તાદેશ થશે → द्व + भ्याम् → सुपि च । થી અજન્ત અંગને દીર્ઘ થશે → द्वा + भ्याम् = द्वाभ्याम् । થશે.

— द्वि + ओस् । (ષષ્ઠી/સપ્તમી દ્વિવચન)માં પહેલા त्यदादीनामः । થી द्व + ओस् → ओसि च । થી एत्व વિધિ → द्वे + ओस् → अय આદેશ → द्व् अय् + ओस → द्वयोस् → રુત્વ, વિસર્ગ → द्वयोः ॥

*

હવે દીર્ઘ ई કારાન્ત પુંલિંગ 'पपी' શબ્દનાં રૂપોની સિદ્ધિ કરીશું. આ શબ્દનો વિગ્રહ થાય છે : पाति लोकम् इति पपीः । જે (ત્રણેય) લોકનું રક્ષણ કરે છે તે 'પપી' અર્થાત્ સૂર્ય.

– पपी + सु → पपी + स् → રેફ, વિસર્ગ → पपीः ।

– पपी + औ → दीर्घाज्जसि च । ૧૬૨ મા સૂત્રથી પૂર્વસવર્ણ દીર્ઘનો નિષેધ – આથી इको यणचि । થી यणादेश થશે – पप्य् + औ = पप्यौ ।

(આવું રૂપ દ્વિતીયા, દ્વિવચનમાં પણ થશે. તેથી "पप्यौ २ ।" એમ વૃત્તિમાં લખ્યું છે.)

– पपी + जस् । અહીં પણ પૂર્વસવર્ણદીર્ઘ નહીં થતાં, यणादेश થશે → पप्य् + अस् → રેફ, વિસર્ગ → पप्यस् = पप्यः ।। (આ જ રીતે (દ્વિતીયા, બહુવચન शस् માંથી પણ पप्यः । રૂપ બને છે.)

– हे पपी + सु → हे पपी + सु → રેફ, વિસર્ગ → हे पपीः ।।

– पपी + अम् → પૂર્વરૂપ એકાદેશ → पपीम् ।।

– पपी + टा → पपी + आ → यणादेश → पप्य् + आ = पप्या ।

– पपी + भ्याम् → पपीभ्याम २ । (= તૃતીયા, ચતુર્થી, પંચમી દ્વિવચનમાં એક સરખાં રૂપ થાય છે.)

– पपी + भिस् → पपीभिः ।

– पपी + ङे → યણાદેશ → पप्य् + ए = पप्ये ।

– पपी + भ्यस् → રેફ, વિસર્ગ → पपीभ्यः २ । ((ચતુર્થી/પંચમી બ. વ.)

– पपी + ङसि/ङस → पपी + अस् → यण् આદેશ → पप्यस् = पप्यः ।

– पपी + ओस् (ષષ્ઠી, સપ્તમી દ્વિ. વ.) → यण् → पप्योस् = पप्योः २ ।

–पपी + आम् । (ષષ્ઠી બ. વ.) માં ह्रस्व–नद्यापो नुट् । થી नुट् આગમ નહીં થાય, કેમ કે पपी શબ્દ હ્રસ્વાન્ત નથી → यणादेश → पप्याम् ।।

–पपी + ङि । (સપ્તમી, એ. વ.) → पपी + इ → સવર્ણ દીર્ઘ → पपी ।।

–पपी + सुप् । (સપ્તમી, બ. વ.) → पपी + सु → षत्व → पपीषु ।।

આ જ પ્રમાણે, (वातं प्रमिमीते इति) वातप्रमी । (= પવનને માપી લેનાર, હનુમાનજી અથવા મૃગ) જેવા દીર્ઘ ई કારાન્ત, પુંલિંગ શબ્દોનાં રૂપો પણ થાય છે એમ જાણવું.

बह्व्यः श्रेयस्यो यस्य सः = बहुश्रेयसी ॥

194. यू स्त्र्याख्यौ नदी । १-४-३

ईदू-ऊदन्तौ नित्यस्त्रीलिङ्गौ 'नदी'संज्ञौ स्तः । *(वा०) प्रथमलिङ्गग्रहणं च । * । = पूर्वं स्त्र्याख्यस्योपसर्जनत्वेऽपि नदीत्वं वक्तव्यमित्यर्थः ॥

195. अम्बार्थ-नद्योर्ह्रस्वः । ७-३-१०७

सम्बुद्धौ । हे बहुश्रेयसि । बहुश्रेयसीन् ।

196. आण्नद्याः । ७-३-११२

नद्यन्तात् परेषां ङितामाडागमः ।

197. आटश्च । ६-१-९०

आटोऽचि परे वृद्धिरेकादेशः । बहुश्रेयस्यै । बहुश्रेयस्याः २ । नद्यन्तत्वात् 'नुट्' । बहुश्रेयसीनाम् ॥

198. ङे राम् नद्याम्नीभ्यः । ७—३—११६

नद्यन्ताद् आबन्तात् नीशब्दाच्च परस्य ङेराम् । बहुश्रेयस्याम् । शेषं पपीवत् ॥ अङ्यन्तत्वान्न सुलोपः—अतिलक्ष्मीः । शेषं बहुश्रेयसीवत् ॥

અનુવાદ : "ઘણી બધી કલ્યાણકારિણી (સ્ત્રી)ઓ છે જેની (પાસે)", તે (પુરુષ)ને બહુશ્રેયસી । કહેવાય છે. [આ દીર્ઘ ઈ કારાન્ત પુંલિંગ શબ્દનાં રૂપો કેવી રીતે સિદ્ધ થાય છે એની પ્રક્રિયા જોઈશું :]

૧૯૪. દીર્ઘ ઈ કારાન્ત અને દીર્ઘ ઊ કારાન્ત હોય તેવા જે નિત્ય સ્ત્રીલિંગમાં રહેનારા શબ્દો હોય (દા. ત. પાર્વતી અને ચમૂ) તેમની 'નદી' એવી સંજ્ઞા થાય છે.

વાર્ત્તિક : *(શબ્દના) પહેલાના લિંગનું પણ ગ્રહણ થાય છે (એમ જાણવું.) અર્થાત્ કોઈ શબ્દ પૂર્વસ્થિતિમાં સ્ત્રીલિંગને કહેનારો હોય/સ્ત્રીલિંગમાં રહેલો હોય, પણ પછીથી (તે શબ્દ સમાસની અંદર પ્રવેશતાં) જો ઉપસર્જન = ગૌણ બની ગયો હોય–એટલે કે તે સ્ત્રીલિંગમાં ચાલુ ના રહ્યો હોય અને એનું લિંગ બદલાઈ ગયું હોય–તો પણ તે શબ્દોનું 'નદીત્વ' ચાલુ રહે છે. (અર્થાત્ તેવા શબ્દોની પણ 'નદી' સંજ્ઞા થઈ શકે છે.)

[ઉદાહરણ તરીકે–બહુશ્રેયસી (પુરુષः) । એ સામાસિક શબ્દ જ લઈએ. અહીં બહુ + શ્રેયસી । એ બે શબ્દોનો બહુવ્રીહિસમાસ થયો છે. શ્રેયસી શબ્દનો અર્થ

'કલ્યાણકારિણી સ્ત્રી' એવો થાય છે. એટલે કે સમાસમાં પ્રવેશતાં પહેલાં આ શબ્દ સ્ત્રીલિંગમાં છે, અને દીર્ઘ ई કારાન્ત પણ છે. તેથી તેની તો 'નદી' સંજ્ઞા થવામાં કશો વાંધો નથી જ. પણ આ શબ્દ જ્યારે બહુવ્રીહિસમાસના એક અંગભૂત શબ્દ તરીકે बहु શબ્દની સાથે જોડાય છે ત્યારે बह्व्यः श्रेयस्यः यस्य (पुरुषस्य) सः । 'અનેક કલ્યાણકારિણી સ્ત્રીઓ છે જેને' તે પુરુષ बहुश्रेयसी । કહેવાય. હવે 'बहुश्रेयसी' સમાસ, (કે જે હવે કોઈક પુરુષના વિશેષણ તરીકે વપરાય છે,) તેમાંનો श्रेयसी શબ્દ ઉપસર્જન = ગૌણ બની ગયો છે. હવે बहुश्रेयसी શબ્દમાંથી પ્રધાન અર્થ તો 'અમુક પ્રકારનો પુરુષ' એવો જ મળે છે. એટલે કે बहुश्रेयसी–સામાસિક શબ્દમાંનો श्रेयसी શબ્દ હવે સ્ત્રીલિંગમાં રહ્યો નથી. છતાંય વાર્તિકકારના સૂચન અનુસાર તેની પૂર્વસ્થિતિમાં તે શબ્દ સ્ત્રીલિંગમાં હતો એ યાદ કરીને, સમાસ અવસ્થામાં પણ (આખા) बहुश्रेयसी શબ્દની 'નદી' સંજ્ઞા થઈ શકશે.]

૧૯૫. अम्बा (= માતા) અર્થવાળા શબ્દો, અને 'નદી' સંજ્ઞાવાળા શબ્દો(ના અંતિમ સ્વરો)ને હ્રસ્વ થાય છે; જો सम्बुद्धि સંજ્ઞાવાળો सु પ્રત્યય પરમાં હોય તો. આથી (हे बहुश्रेयसी + सु → हे बहुश्रेयसि + स् → हे बहुश्रेयसि + ० =) हे बहुश्रेयसि । રૂપ બને છે.

૧૯૬. 'નદી' સંજ્ઞાવાળા શબ્દોની પાછળ આવેલા ङित् (= ङ कारेत्संज्ञक ङे, ङसि, ङस् અને ङि) પ્રત્યયોને आट् (= आ) આગમ થાય છે.

૧૯૭. आट् આગમની પાછળ अच् પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો 'વૃદ્ધિ' રૂપી એકાદેશ થાય છે. આથી बहुश्रेयसी + ङे → बहुश्रेयसी + आ ए → વૃદ્ધિ અને यणादेश થઈને → बहुश्रेयस्यै । રૂપ બને છે. તથા પંચમી/ષષ્ઠી એ. વ.માં बहुश्रेयस्याः । જેવાં રૂપો પણ બને છે. ષષ્ઠી બહુવચનમાં बहुश्रेयसी + आम् । ની સ્થિતિમાં, પ્રકૃતિની 'નદી' સંજ્ઞાને નિમિત્તે नुट् આગમ થશે, અને પછી बहु-श्रेयसीनाम् । જેવું રૂપ પણ બની જશે.

૧૯૮. 'નદી' સંજ્ઞક શબ્દો, (आप् પ્રત્યયાન્ત =) आ કારાન્ત શબ્દો અને 'ની' એવા શબ્દની પાછળ આવેલા (સપ્તમી વિ. એકવચનના) ङि પ્રત્યયને સ્થાને आम् એવો આદેશ થાય છે. જેથી बहुश्रेययी + ङि → बहुश्रेयसी + आम् → યણાદેશ → बहुश्रेयस्याम् । રૂપ બની જાય છે. આ સિવાયનાં/બાકી રહેલાં રૂપોમાં, पपी શબ્દની રૂપસિદ્ધિમાં જેવી પ્રક્રિયા જોવા મળે છે તેવી જ પ્રક્રિયા થશે.

लक्ष्मी શબ્દ સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગ્યા વિના બન્યો છે—તે અવ્યુત્પન્ન રૂઢ પ્રાતિપદિક ગણાયો છે–તેથી अतिलक्ष्मी + सु । (પ્રથમા, એ. વ.) માં हल्ङ्याब्भ्यो दीर्घात्सुतिस्यपृक्तं हल् । સૂત્રથી सु > स् પ્રત્યયનો લોપ થશે નહીં; તો તે स् નું રુત્વ, વિસર્ગમાં પરિવર્તન થશે અને अतिलक्ष्मीः । એવું વિસર્ગાન્ત રૂપ જ

સાંભળવા મળશે. આ સિવાય अतिलक्ष्मी શબ્દનાં બીજાં બધાં રૂપો बहुश्रेयसी । ની જેમ જ થશે.

(વિવરણ) : ઉપરનાં ૧૯૪ થી ૧૯૮ સૂત્રોમાં દીર્ઘ ई-કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ કેમ કરવી ? એ દર્શાવવામાં આવ્યું છે. આપણે ઉદાહરણ રૂપે बहुश्रेयसी । શબ્દને લઈશું :

— बहुश्रेयसी + सु (પ્રથમા, એકવચન), उ કારની ઇત્સંજ્ઞા અને લોપ

बहुश्रेयसी + स् (અપૃક્ત હલ્)

૧. हल्ङ्याब्भ्यो दीर्घात्सुतिस्यपृक्तं हल् । ૧૭૯ સૂત્રથી 'દીર્ઘ' એવા ङी પ્રત્યયાન્ત ०श्रेयसी શબ્દની પરમાં આવેલા सु પ્રત્યય સંબંધી અપૃક્ત हल् = स् કારનો લોપ થાય છે'.

बहुश्रेयसी + ०

= बहुश्रेयसी ॥ રૂપની સિદ્ધિ થઈ જાય છે.

— बहुश्रेयसी + औ (→ પ્રથમા દ્વિવચન) → યણાદેશ → बहुश्रेयसूय् + औ = बहुश्रेयस्यौ ॥

— बहुश्रेयसी + जस् (પ્રથમા, બહુવચન) ૧૬૨. दीर्घाज्जसि च । થી પૂર્વસવર્ણ દીર્ઘનો નિષેધ પછી → યણાદેશ → बहुश्रेयस्य् + अस् बहुश्रेयस्यः ॥

— हे बहुश्रेयसी + सु । ૧. અહીં સમ્બુદ્ધિ સંજ્ઞક પ્રત્યય પરમાં છે, તેથી ૧૯૫. अम्बार्थनद्योर्ह्रस्वः । સૂત્રથી 'नदी' સંજ્ઞક बहुश्रेयसी । શબ્દના અંતિમ સ્વર દીર્ઘ ई ને હ્રસ્વ इ કરવામાં આવે છે : हे बहुश्रेयसि + स् । ૨. પછી एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલ સમ્બુદ્ધિના स् નો લોપ થશે → बहुश्रेयसि + ० = हे बहुश्रेयसि । સિદ્ધ થાય છે.

— बहुश्रेयसी + अम् । (દ્વિતીયા, એ. વ.)માં પૂર્વરૂપ એકાદેશ = बहुश्रेयसीम् ।

— बहुश्रेयसी + औट् (દ્વિ. વિ. દ્વિ. વ)માં યણાદેશ થઈને बहुश्रेयस्यौ । થશે.

— बहुश्रेयसी + शस् । (દ્વિ. વિ. બહુવચન)માં प्रथमयोः पूर्वसवर्णः । થી પૂર્વસવર્ણ દીર્ઘ થશે → बहुश्रेयसीस् → (૧૩૭ થી स् ને न् થાય; કેમ કે बहुश्रेयसीનું હવે લિંગ વિચારીએ તો તે પુલિંગ છે તો बहुश्रेयसीन् । રૂપ બનશે.

— बहुश्रेयसी + टा । (તૃતીયા એ. વ.)માં યણાદેશ → बहुश्रेयस्य् + आ = बहुश्रेयस्या ।

— बहुश्रेयसी + भ्याम् / भिस् । (તૃતીયા દ્વિ. વ. અને બહુવચન)માં પ્રત્યય જોડાઈને बहुश्रेयसीभ्याम् । અને बहुश्रेयसीभिः ।

— बहुश्रेयसी + ङे
'नदी संज्ञा' ङित्

(ચતુર્થી, એકવચન)માં लशक्वतद्धिते । થી ङ ની ઈત્સંજ્ઞા અને લોપ થશે, તેથી 'ङे' એ ङित् પ્રત્યય પરમાં છે એમ કહેવાશે.

बहुश्रेयसी + आ ए

૧. પછી आण्नद्याः । સૂત્રથી નદી સંજ્ઞક અંગની પાછળ આવેલા ङित् પ્રત્યયને आट् આગમ (टित् હોવાથી આદિમાં)

૨. પછી आटश्च । ૧૯૭ સૂત્ર કહે છે કે आट् આગળની પાછળ अच् (= ए કાર) હોતાં વૃદ્ધિ થાય છે.

बहुश्रेयसी + ऐ
बहुश्रेयस्य् + ऐ
बहुश्रेयस्यै ।

૩. પછી इको यणचि । ની પ્રવૃત્તિ થતાં યણાદેશ થઈને बहुश्रेयस्यै । રૂપ સિદ્ધ થશે.

— बहुश्रेयसी + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એકવચન)માં પણ ङित् પ્રત્યય પરમાં છે તેથી પહેલાં ૧૯૬ થી પ્રત્યયને आट् આગમ થશે → बहुश्रेयसी + आ अस् । → પછી ૧૯૭ થી વૃદ્ધિ થશે → बहुश्रेयसी + आस् → યણાદેશ → बहुश्रेयस्य् + आस् = बहुश्रेयस्याः ॥

— बहुश्रेयसी + ओस् । (ષષ્ઠી, સપ્તમી દ્વિવચન)માં પણ કેવળ યણાદેશ થતાં बहुश्रेयस्य् + ओस् → રુત્વ, વિસર્ગ થશે → बहुश्रेयस्योः । થશે.

— बहुश्रेयसी + आम् । (ષષ્ઠી, બહુવચન)માં ह्रस्वनद्यापो नुट् । સૂત્રથી નદીસંજ્ઞક અંગની પાછળ આવેલા आम् ને नुट् (न) આગમ થાય છે. → बहुश्रेयसी + न् आम् = बहुश्रेयसीनाम् ॥

बहुश्रेयसी + ङि ।

(સપ્તમી, એકવચન) અહીં પણ ङित् પ્રત્યય પરમાં છે. તેથી)

बहुश्रेयसी + आ ङि

૧. आण्नद्याः । થી आट् આગમ (પરસૂત્રોક્ત હોવાથી પહેલી પ્રવૃત્તિ)

૨. ङेराम् नद्याम्नीभ्यः । થી ङि ના સ્થાનમાં आम् આદેશ

बहुश्रेयसी + आ आम्

૩. आटश्च । થી વૃદ્ધિ થશે.

बहुश्रेयसी + आम्

૪. इको यणचि । થી યણાદેશ થતાં

बहुश्रेयस्य + आम्

૫. अज्झीनं परेण संयोज्यम् । થી बहुश्रेयस्याम् રૂપ થશે.

प्रधीः ।

199. अचि श्नु-धातु-भ्रुवां य्वोरियङुवङौ । ६-४-७७

श्नुप्रत्ययान्तस्येवर्णोवर्णान्तस्य धातोर्भ्रू इत्यस्य चाङ्गस्ये यङुवङौ स्तोऽजादौ प्रत्यये परे । इति प्राप्ते—

200. एरनेकाचोऽसंयोगपूर्वस्य । ६-४-८२

धात्ववयवसंयोगपूर्वो न भवति य इवर्णस्तदन्तो यो धातुस्तदन्तस्यानेकाचोऽङ्गस्य यण् अजादौ प्रत्यये । प्रध्यौ । प्रध्यम् । प्रध्यः । प्रध्यि । शेषं पपीवत् ।। एवं ग्रामणीः । ङौ तु ग्रामण्याम् ।। 'अनेकाचः' किम् ?—नीः—नियौ—नियः । अमि शसि च परत्वादियङ् । नियम् । नियः । ङेराम्—नियाम् । 'असंयोगपूर्वस्य' किम् ? —सुश्रियौ । यवक्रियौ ।।

અનુવાદ : [प्र + √ध्यै (चिन्तायाम्) ધાતુમાંથી प्रध्यायति इति प्रधीः । 'વિશેષ રૂપથી ધ્યાન/મનન કરનારો વ્યક્તિ' પ્રધી કહેવાય છે.] प्रधी + सु । આ શબ્દ નિત્ય સ્ત્રીલિંગ નથી. (કેમકે ઉપર બતાવ્યું તેમ તે प्र ઉપસર્ગપૂર્વક ध्यायति ક્રિયાપદ ઉપરથી બન્યો છે.* આથી તે શબ્દની 'નદી' સંજ્ઞા નહીં થાય.) હવે प्रधी + स् । માં प्रधी શબ્દ ङ्यन्त નહીં હોવાથી ૧૭૯ થી स् નો લોપ થશે નહીં. રુત્વ, વિસર્ગ → प्रधीः । પ્રથમા એકવચનમાં બનશે.

૧૯૯. श्नु પ્રત્યયાન્ત હોય તેવા, इ વર્ણાન્ત કે उ વર્ણાન્ત ધાતુથી બનેલા હોય તેવા, અને भ्रू શબ્દથી બનેલ હોય એવા અંગ (ના અંતિમ વર્ણ)ને 'इयङ्' અને 'उवङ्' એવા આદેશો થાય છે. જો અજાદિ પ્રત્યય પરમાં રહેલો હોય તો. (= इ ને इयङ्. તથા उ ને उवङ् આદેશ થાય છે.)

હવે प्रधी + औ । (પ્રથમા દ્વિ, વ.)માં ई વર્ણાન્ત ધાતુની પરમાં અજાદિપ્રત્યય રહેલો હોવાથી) આ ૧૯૯ સૂત્ર લાગવા આવે છે ત્યારે—(નીચેનું 200મું સૂત્ર રજૂ કરવું પડે છે.)

* प्रकृष्टा धीर्यस्य सः = प्रधीः । એવો વિગ્રહ કલ્પીને જો प्रधी શબ્દ સાધવામાં આવ્યો હોય તો 'धी' (બુદ્ધિ) શબ્દ નિત્યસ્ત્રીલિંગ હોઈને, સમાસમાં प्रथमलिङ्ग ग्रहणं च । એવા વાર્તિકથી તેની પણ નદી સંજ્ઞા થઈ જશે; અને अतिलक्ष्मीः । ની જેમ તેના રૂપો ચાલશે.

२००. ધાતુનો અવયવ હોય અને જેની પૂર્વમાં 'સંયોગ' (=કેવળ વ્યંજનોનો સમૂહ) ન હોય એવો જે इ વર્ણ, તથા એ इ વર્ણ છે અન્તમાં જેની એવો જે ધાતુ, તેવા इ વર્ણાન્ત અને અનેકાચ્ (=અનેક સ્વરથી બનેલા) અંગને यण् આદેશ (જ) થાય છે; જો અજાદિ પ્રત્યય પરમાં રહેલો હોય તો. આથી—

प्रधी + औ । માં √ध्यै ધાતુમાંથી જે 'धी' (ધ્યાન કરનારો) શબ્દ બન્યો છે તેમાંનો ई ધાતુનો અવયવ પણ છે, અને તેની પૂર્વમાં 'સંયોગ' પણ નથી (તેની પૂર્વમાં તો એક જ ध् વ્યંજન છે); આવો ई વર્ણ છે અંતમાં જેની એવો જે ધાતુ છે તે धी છે અને 'प्रधी' તે અનેકાચ્ અંગ છે. તેથી औ એવો અજાદિ પ્રત્યય પરમાં રહેતાં (૧૯૯ સૂત્રથી इयङ् નહીં થાય, પણ) यण् આદેશ જ થશે. તો प्रध्य + औ → प्रध्यौ રૂપ બની જશે.

આ જ પ્રમાણે, જ્યાં જ્યાં અજાદિ પ્રત્યય પરમાં રહેશે ત્યાં यण् આદેશ જ થશે. તો प्रधी + अम् → प्रध्यम् ।* प्रधी + जस्/शस् ङसि/ङस् → प्रध्य् + अस् → प्रध्यः । प्रधी + ङि → प्रध्यि ॥ જેવાં રૂપો બનશે. બાકીનાં રૂપો (કે જ્યાં હલાદિ भ्याम्, भिस्, भ्यस् सुप् પ્રત્યયો પરમાં રહેશે ત્યાં તો) पपीની જેમ સિદ્ધ થશે.

प्र०	प्रधीः –	प्रध्यौ –	प्रध्यः	च०	प्रध्ये –	प्रधीभ्याम् –	प्रधीभ्यः
सं०	हे प्रधीः –	प्रध्यौ –	प्रध्यः	प०	प्रध्यः –	प्रधीभ्याम् –	प्रधीभ्यः
द्वि०	प्रध्यम् –	प्रध्यौ –	प्रध्यः	ष०	प्रध्यः –	प्रध्योः –	प्रध्याम्
तृ०	प्रध्या –	प्रधीभ्याम् –	प्रधीभिः	स०	प्रध्यि –	प्रध्योः –	प्रधीषु ॥

આ જ પ્રમાણે (ग्रामं नयति इति) ग्रामणीः । શબ્દનાં રૂપો પણ સિદ્ધ થાય છે. (સ્ત્રીઓને એકગામથી બીજે ગામ પહોંચાડનારો અથવા ગામના નેતાને 'ગ્રામણી' કહે છે.) ग्रामणी + ङि । (સપ્તમી એકવચન)માં ङेराम् नद्याम्नीभ्यः । સૂત્રોક્ત 'ની' શબ્દની પરમાં આવેલા ङि ને आम् આદેશ થાય છે"—એ નિયમ લાગુ પડશે. કેમકે ग्रामणी માં અંતે 'ની' જ છે → ग्रामणी + आम् → यणादेश → ग्रामण्याम् । થશે.

---

* प्रधी + अम् । આ સ્થિતિમાં સૌથી પહેલાં इको यणचि । થી यण् થવા આવે છે. તેનો બાધ કરીને प्रथमयोः पूर्वसवर्णः । થી પૂર્વસવર્ણ દીર્ઘની પ્રાપ્તિ થશે. પછી એનો બાધ કરીને अमि पूर्वः । થી 'પૂર્વ રૂપ' થવા આવ્યો; પછી એનો બાધ કરીને अचि श्नुधातु० । થી इयङ् આદેશની પ્રાપ્તિ, પણ એનોય બાધ કરીને છેલ્લે एरनेकाचोऽसंयोगपूर्वस्य । થી यण् આદેશ થાય છે. આમ प्रध्यम् । ની રૂપસિદ્ધિમાં જે સૂત્રો ઉપસ્થિત થતાં જાય છે, અને વારાફરતી તેમનો બાધ થતો જાય છે એ પણ અભ્યાસીએ જાણવું. (તૃતીયાદિ અજાદિ પ્રત્યયોમાં પણ પહેલાં इको यणचि ।, પછી अचि श्नुधातु० અને ત્રીજે ક્રમે एरनेकाचो० । ની પ્રવૃત્તિ થઈને यणादेश થાય છે.)

શંકા : (૧) આ સૂત્રમાં अनेकाचः = "અનેકાચ્ હોય એવા અંગને" (इयङ्/उवङ् આદેશ થાય છે) એમ કહેવાથી શું પ્રયોજન સધાય છે ?

સમાધાન : (नयति इति =)नीः 'જે લઈ જનારો છે તે. આ नी શબ્દ 'અનેકાચ્' નથી, પણ 'એકાચ્' છે. તેથી नी + औ । (પ્રથમા દ્વિ. વ.)માં અજાદિ પ્રત્યય પરમાં રહેશે ત્યારે ૨૦૦.एरनेकाचोऽसंयोगपूर्वस्य । થી ઇવર્ણાન્ત ધાતુ (नी) ને યણાદેશ નહીં થાય; પણ ૧૯૯. अचि श्नुधातुभ्रुवां य्वोर् इयङ्- उवङौ । સૂત્રથી ई ને इयङ् (= इय्) આદેશ થશે → न् इय् + औ = नियौ ।। नी + जस् → न् इय् + अस् → नियस् → नियः ।। नी + अम् (દ્વિતીયા એ. વ.)માં अमि पूर्वः । ६-१-१०७ થી 'પૂર્વરૂપ' થવા આવે છે, પણ अचि श्नुधातु० । ६-४-७७ એવા પરસૂત્રથી (= ક્રમાંકની દૃષ્ટિએ પાછળ આવેલા સૂત્રથી) इयङ् । આદેશ જ થાય છે. → न् इय + अम् = नियम् । એ જ પ્રમાણે नी + शस् (દ્વિતીયા બ. વ.) માં પણ प्रथमयोः पूर्वसवर्णः । ६-१-१०२ થી 'પૂર્વસવર્ણ એકાદેશ' થવા આવે છે, પણ अचि श्नुधातु० । ६-४-७७ એવા પરસૂત્રથી इयङ् આદેશ જ થશે. → न् इय् + अस् = नियः ।। नी + ङि। (સપ્તમી એ. વ.)માં ङेराम् नद्याम्नीभ्यः । સૂત્રથી ङि પ્રત્યયને आम् આદેશ થશે → नी + आम् → પછી अचि श्नुधातु० । થી नी ના ई ને इयङ् આદેશ → न् इय् + आम् = नियाम् ।। બને છે.

प्र०	नीः – नियौ – नियः			च०	निये – नीभ्याम् – नीभ्यः		
सं०	हे नीः – नियौ – नियः			प०	नियः – नीभ्याम् – नीभ्यः		
द्वि०	नियम् – नियौ – नियः			ष०	नियः – नियोः – नियाम्		
तृ०	निया – नीभ्याम् – नीभिः			स०	नियाम् – नियोः – नीषु ।।		

શંકા : આ ૨૦૦ મા સૂત્રમાં 'असंयोगपूर्वस्य' = "ધાતુનો અવયવ હોય એવા इ વર્ણની પૂર્વમાં 'સંયોગ' ના હોય તેવા (અનેકાચ્ અંગને यण् થાય છે)"—એવું પદ ઉમેરવાથી શું ફરક પડે છે ?

સમાધાન : सुश्री (સારી રીતે આશ્રય લેનાર) આ શબ્દમાં (सुष्ठु श्रयतीति– सुश्रीः ।) √श्रिञ् ધાતુ આવેલો છે; અને તેના ई વર્ણની પૂર્વમાં, 'સંયોગ' આવેલો છે. श् र् ई = श्री । તેથી सुश्री + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં અજાદિ પ્રત્યય પરમાં
(श् र् = સંયોગ)
રહ્યો હશે ત્યારે एरनेकाचो० સૂત્રથી यण् નહીં થાય, પણ अचि श्नुधातु० । થી इयङ् આદેશ થશે → सुश्र् इय् + औ = सुश्रियौ । થશે.

આવી જ રીતે यवक्री (જવ ખરીદનાર) શબ્દમાં પણ क्री (क्रीणाति ધાતુ આવેલો છે. જેમાં क् र् ई = માં ई ની પૂર્વમાં 'સંયોગ' આવેલો છે.

તેથી यवक्री + औમાં यण् નહીં થતાં, इयङ् જ થશે *यवक्र् इय् + औ = यवक्रियौ ॥ વગેરે (અજાદિ પ્રત્યય પરમાં રહેતાં થશે.)

પ્ર०	सुश्रीः – सुश्रियौ – सुश्रियः*			च०	सुश्रिये – सुश्रीभ्याम् – सुश्रीभ्यः		
સં०	हे सुश्रीः – सुश्रियौ – सुश्रियः			प०	सुश्रियः – सुश्रीभ्याम् – सुश्रीभ्यः		
द्वि०	सुश्रियम् – सुश्रियौ – सुश्रियः			ष०	सुश्रियः – सुश्रियोः – सुश्रियाम्		
तृ०	सुश्रिया – सुश्रीभ्याम् – सुश्रीभिः			स०	सुश्रियि – सुश्रियोः – सुश्रीषु ॥		

(આ જ પ્રમાણે यवक्री શબ્દનાં રૂપો થાય છે.)

---

201. गतिश्च । १-४-६०

प्रादयः क्रियायोगे 'गति' संज्ञाः स्युः । *गतिकारकेतरपूर्वपदस्य यण् नेष्यते *।–शुद्धधियौ ॥

202. न भूसुधियोः ।६-४-८५

एतयोरचि सुपि यण् न । सुधियौ, सुधियः इत्यादि । सुखमिच्छति इति 'सुखीः'; सुतमिच्छति इति 'सुतीः' । सुख्यौ । सुत्यौ । सुख्युः । सुत्युः । शेषं प्रधीवत् ॥

અનુવાદ : ૨૦૧. प्र (परा, अप, सम) વગેરે ૨૨ શબ્દો, (કે જેમની ૩૫ મા સૂત્રથી) ક્રિયાના યોગમાં ('ઉપસર્ગ' સંજ્ઞા પાડી છે; તેમની ક્રિયાના યોગમાં) 'ગતિ' એવી સંજ્ઞા પણ પડે છે. [ઉદાહરણ તરીકે, गच्छति । એવા ક્રિયાપદના યોગમાં પ્રાદિ ૨૨ શબ્દોમાંથી કોઈ શબ્દ વપરાયો હોય (દા. ત. अभिगच्छति । प्रतिगच्छति ।) તો ત્યાં અભિ–प्रति આદિની 'ઉપસર્ગ' સંજ્ઞા થવા ઉપરાંત 'ગતિ' સંજ્ઞા પણ થાય છે : गतिश्च ।]

(ઇષ્ટિવચન)+ 'ગતિ' સંજ્ઞક કે 'કારક' સંજ્ઞક શબ્દથી ભિન્ન એવો શબ્દ જેના પૂર્વપદમાં આવેલો હોય, તેને यण् આદેશ થતો નથી. દા. ત. शुद्ध धी ।

---

* અહીં જો શોભના श्रीः इति सुश्रीः । (સારી શોભા/લક્ષ્મી) એવો વિગ્રહ લઈએ તો, તેમાં श्री શબ્દ કોઈ ધાતુનો નથી, પણ 'શોભા કે લક્ષ્મી' અર્થનો વાચક પ્રાતિપદિક છે, અને તે નિત્ય સ્ત્રીલિંગ શબ્દ છે. આથી તેની નદી સંજ્ઞા થઈને बहुश्रेयसी ની જેમ રૂપો થશે.

\+ કાત્યાયને જે સુધારા–વધારા સૂચવ્યા છે તેને 'વાર્ત્તિકવચન' કહે છે. પણ કયારે 'વ્યાકરણ મહાભાષ્ય'માં પણ "અમુક વિધિ થાય તે ઈષ્ટ છે (કે નથી)" એવાં વચનો પણ ઉચ્ચાર્યાં છે. આવાં પતંજલિનાં વચનોને ઈષ્ટિવચન કહે છે.

(शुद्धा धीर्यस्य सः । એવા વિગ્રહમાં * शुद्ध + धी । રહેલા છે.) આ શબ્દના પૂર્વપદમાં જે शुद्ध શબ્દ છે તે પ્રાદિ-ગણમાં નહીં આવેલો હોઈ, તેની 'ગતિ' સંજ્ઞા થતી નથી; (અને તે 'કારક' પણ નથી). તેથી शुद्धधी + औ । એવો અજાદિ પ્રત્યય પરમાં હશે ત્યારે इको यणचि । થી यण् પ્રાપ્ત થશે; પણ ઉપર્યુક્ત ઈષ્ટિવચન તેનો નિષેધ કરશે. તેથી इयङ् આદેશ થઈને शुद्धध् इय् + औ → शुद्धधियौ । રૂપ બનશે.

[सुष्ठु ध्यायति इति सुधी = 'સારુ' વિચારનારો પુરુષ' એ અર્થમાં દીર્ઘ ई કારાન્ત પુંલિંગ सुधी શબ્દનાં રૂપો ચલાવીએ તો सुधी + सु (પ્રથમા, એ. વ.)માં स् નો રેફ, વિસર્ગ થઈને सुधीः । પદની સિદ્ધિ થાય છે. અહીં सुधी + स् । ની સ્થિતિમાં हल्ङ्याब्भ्यो दीर्घात्० । ૧૭૯ મા સૂત્રથી स् નો લોપ થતો નથી; કેમકે सुधी નો ई કાર 'ङी' પ્રત્યયનો નથી; તે તો ધાતુનો ई છે.]

૨૦૨. અજાદિ सुप् પ્રત્યય પરમાં હોય ત્યારે, 'भू' (જમીન) અને 'सुधी' (સારું વિચારનારો)—આ બે શબ્દોના (અંતિમ) ऊ કે ई ના સ્થાનમાં, यण् (= व् કે य्) આદેશ થતા નથી.

તેથી सुधी + औ । માં, અને सुधी + जस्/शस्/ङसि/ङस् → सुधी + अस् । માં યણાદેશ નહીં થતાં, इयङ् આદેશ જ થશે. તો અનુક્રમે सुध् इय + औ । માંથી सुधियौ । રૂપ થશે; અને सुध् इय् + अस् માંથી सुधियः । રૂપ સધાશે.

सुखम् इच्छति इति सुखीः । (સુખને ઈચ્છનારો) અને सुतम् इच्छति इति सुतीः । (પુત્રને ઈચ્છનારો) જેવા દીર્ઘ ई કારાન્ત પુંલિંગ શબ્દનાં રૂપો ચલાવીએ તો પ્રથમા એકવચનમાં सुखी/सुती + सु→(ङ्यन्त શબ્દો નહીં હોવાથી स् લોપ થશે નહીં') → રુત્વ, વિસર્ગ થઈને सुखीः । सुतीः । જેવા રૂપ થશે. सुखी/सुती + औ → પ્રથમા દ્વિ. વ. નો અજાદિ પ્રત્યય પરમાં રહેશે ત્યારે, અહીં ई વર્ણાન્ત ધાતુ નહીં હોવાથી ૧૯૯. अचि श्नुधातु० । સૂત્રથી इयङ् નહીં થાય, પણ ૨૦૦. સૂત્રથી यण् થશે. [કેમકે सुखमिच्छति इति सुखी । એવો વિગ્રહ કલ્પીને જે રીતે सुखी/सुती શબ્દ બનાવ્યો છે તેમાં એક 'ક્યજન્ત પ્રક્રિયા' કરી છે, (આની સમજ પછી આપીશું) તેથી ધાતુત્વ આવી જાય છે.] તો सुखी + औ । માં यण् થઈને सुख्यौ । सुत्यौ । જેવાં રૂપો બની જશે.

પણ सुखी + ङसि/ङस् । અને सुती + ङसि/ङस् માં પહેલા ૨૦૦ મા સૂત્રથી પહેલાં यण् કરીશું, તો → सुखी + अस् → सुख् य् + अस् । થશે. પછી ख्यत्यात् परस्य । એવા ૧૮૩. મા સૂત્રની પ્રવૃત્તિ થશે; કેમકે અહીં મૂળમાં દીર્ઘ

---

* शुद्धं ध्यायतीति शुद्धधीः । એવો શબ્દ લઈએ ત્યારે તો शुद्ध શબ્દ કર્મકારક કહેવાશે. અને ત્યાં તો यण् થઈ શકશે = शुद्धध्यौ ।

એવા 'त्वी' અને 'ती' એવા શબ્દો છે, અને તેમને યણાદેશ પણ કરવામાં આવ્યો છે. તેથી अस् પ્રત્યયના अ કારને उत्व વિધિ થશે. → सुख्य् + उस् = सुख्युः । (એ જ પ્રમાણે, सुत्य् + उस् = सुत्युः । બને છે.) આ સિવાયનાં રૂપો પ્રધી શબ્દનાં રૂપોની જેમ ચાલશે.

शम्भुर्हरिवत् । एवं भान्वादयः ॥

203. तृज्वत् क्रोष्टुः । ७-१-९५

असम्बुद्ध सर्वनामस्थाने परे क्रोष्टु शब्दस्य स्थाने क्रोष्टृशब्दः प्रयोक्तव्य इत्यर्थः ।

204. ऋतो ङिसर्वनामस्थानयोः । ७-३-११०

ऋतोऽङ्गस्य गुणो ङौ सर्वनामस्थाने च । इति प्राप्ते—

205. ऋद्-उशनस्-पुरुदंसोऽनेहसां च । ७-१-९४

ऋदन्तानाम् उशनसादीनां चानङ् स्याद् असम्बुद्धौ सौ ।

206. अप--तृन्-तृच्-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होतृपोतृ-प्रशास्तॄणाम् । ६-४-११

अबादीनामुपधाया दीर्घोऽसम्बुद्धौ सर्वनामस्थाने । क्रोष्टा । क्रोष्टारौ । क्रोष्टारः ॥ क्रोष्टारम् । क्रोष्टारौ । क्रोष्टून् ॥

207. विभाषा तृतीयादिष्वचि । ७-१-९१

अजादिषु तृतीयादिषु क्रोष्टुर्वा तृज्वत् । क्रोष्ट्रा । क्रोष्ट्रे ।

208. ऋत उत् । ६—१-१११

ऋतो ङसि-ङसोरत उद् एकादेशः । रपरः ।

209. रात् सस्य । ८-२-२४

रेफात्संयोगान्तस्य सस्यैव लोपो, नान्यस्य । रेफस्य विसर्गः । क्रोष्टुः-क्रोष्टोः । *(वा.) नुम्-अचि र-तृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधन *। क्रोष्टनाम् । क्रोष्टरि । पक्षे, हलादौ च शम्भुवत् ॥

અનુવાદ : शम्भु શબ્દ હ્રસ્વ उ કારાન્ત શબ્દ છે; અને તેથી ૧૭૦. शेषो घ्यसखि । १—४—७ સૂત્રથી તેની 'घि' સંજ્ઞા થશે. આ घि સંજ્ઞાના નિમિત્તે ૧૭૧ થી ૧૭૪ સૂત્રોની પ્રવૃત્તિ થશે; અને આથી शम्भु શબ્દનાં રૂપો પણ घि

સંજ્ઞક हरि નાં રૂપોની જેમ જ સિદ્ધ કરવામાં આવે છે. (જુઓ : ૧૭૪ મા સૂત્રના વિવરણમાં). આ જ રીતે भानु, जिज्ञासु વગેરે હ્રસ્વ उ કારાન્ત, પુંલિંગ શબ્દનાં રૂપો પણ સિદ્ધ કરી શકાશે.

[હવે क्रोष्टु (= શિયાળ) શબ્દની રૂપસિદ્ધિ જોઈશું.] આ શબ્દ પણ હ્રસ્વ उ કારાન્ત, પુંલિંગ છે.

૨૦૩. "સમ્બુદ્ધિભિન્ન 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળા પ્રત્યયો પરમાં હોય ત્યારે, क्रोष्टु એવા (उ કારાન્ત) શબ્દને સ્થાને क्रोष्टृ એવો (ऋ કારાન્ત) શબ્દ આદેશ તરીકે પ્રયોજવો જોઈએ"—એવો આ (સૂત્ર)નો અર્થ છે.

૨૦૪. (હ્રસ્વ) ऋ કારાન્ત અંગ(ના અંતિમ વર્ણ)ને 'ગુણ' થાય છે, જો ङि કે 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળા પ્રત્યયો પરમાં હોય તો (આ સૂત્રની જો પ્રવૃત્તિ થાય તો) क्रोष्टु + सु→क्रोष्टृ + स् ની સ્થિતિમાં ऋ ના સ્થાનમાં अर् થવા આવે છે; એટલે કે क्रोष्ट्अर् + स् । થવા આવે છે ત્યારે—


૨૦૫. ऋ કારાન્ત, उशनस्, पुरुदंस् અને अनेहस् શબ્દોના (અંતિમ વર્ણોના) સ્થાનમાં अनङ् (= अन्) આદેશ થાય છે, જો 'સમ્બુદ્ધિ' એવી સંજ્ઞાવાળો ન હોય તેવો (પ્રથમા વિ. એકવચનનો) 'सु' પ્રત્યય પરમાં હોય તો.

૨૦૬. अप् (પાણી), तृन् પ્રત્યયાન્ત, तृच् પ્રત્યયાન્ત, स्वसृ (બહેન), नप्तृ (દૌહિત્ર), नेष्टृ, (દાતા) त्वष्टृ (સુથાર), क्षत्तृ (સારથિ), होतृ (હોમ કરનાર), पोतृ (પવિત્ર કરનાર) અને प्रशास्तृ (શાસન કરનાર)—આટલા શબ્દોની ઉપધાને દીર્ઘ થાય છે; જો સમ્બુદ્ધિભિન્ન 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળા પ્રત્યયો પરમાં હોય તો.

હવે આ સૂત્રોની પ્રવૃત્તિ થતાં क्रोष्टु શબ્દનાં વિવિધ રૂપોની સિદ્ધિ કેવી રીતે થાય છે? એ જોઈશું :—

क्रोष्टु + सु ।
| "સર્વનામ સ્થાન પ્રત્યય
↓
તૃજ્વદ્ભાવ

૧. (પ્રથમા, એ. વ.) ૨૦૩. तृज्वत् क्रोष्टुः । સૂત્રથી क्रोष्टु એવા ઉકારાન્ત શબ્દને તૃજ્વદ્ભાવ થાય છે. (અર્થાત્ तृच् પ્રત્યય લાગીને જેમ नी + तृच् = नेतृ એવો ऋ કારાન્ત શબ્દ બને છે તેમ क्रोष्टु ને બદલે क्रोष्टृ એવો ऋ કારાન્ત શબ્દ બને છે; જ્યારે સમ્બુદ્ધિનો ના હોય એવો સર્વનામસ્થાન–સંજ્ઞક પ્રત્યય પરમાં હોય ત્યારે.



२. હવે २०४. મા સૂત્રથી ऋ કારને ગુણ થઈને क्रोष्टर् + स् । થવા આવે છે. પણ એક વિશેષ સૂત્ર २०५. ऋदुशनस्पुरुदंसोऽनेहसां च । થી 'સમ્બુદ્ધિભિન્ન સર્વનામસ્થાન પ્રત્યય પરમાં રહેતાં, ऋ કારાન્ત અંગને अनङ् એવો ङित् આદેશ થાય છે.'

क्रोष्ट् अन् + स् ।
↑
ઉપધા

૩. પછી २०६. अप्तृन्तृच्० । સૂત્રથી अन्नादि શબ્દોની ઉપધાને દીર્ઘ થાય છે.

क्रोष्ट् आन् + स् ।
क्रोष्टान + स् ।
क्रोष्टान् + ०

४. हल्ङ्याब्भ्यो दीर्घात् सुतिस्यपृक्तं हल् । १७९ થી હલન્ત અંગની પાછળ આવેલા सु પ્રત્યય સંબંધી 'અપૃક્ત' સંજ્ઞક हल् = स् કારનો લોપ થાય છે.

क्रोष्टा० + ०
= क्रोष्टा ।

५. नलोपः प्रातिपदिकान्तस्य । १८०. મા સૂત્રથી પ્રાતિપદિકના અંતે આવેલા न् નો લોપ થાય છે. તો क्रोष्टा એવું રૂપ સિદ્ધ થાય છે.

— क्रोष्टु + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં तृज्वत्क्रोष्टुः । થી તૃજ્વદ્ભાવ થશે. क्रोष्टृ + औ → २०४ થી ऋ ને ગુણ આદેશ → क्रोष्ट् अर् + औ → क्रोष्टर् + औ कोष्टर् + औ → २०६ થી अन्नादि શબ્દોની ઉપધાને દીર્ઘ થશે → क्रोष्टार् + औ = क्रोष्टारौ । થશે. (આ જ પ્રમાણે, દ્વિતીયા વિ. દ્વિ. વ.માં પણ રૂપ સિદ્ધ થશે.)


— क्रोष्टु + जस् । (પ્રથમા, બ. વ.) → क्रोष्टृ + अस् → क्रोष्ट्अर् + अस् → क्रोष्टार् + अस् = क्रोष्टारः ।। થશે.

— क्रोष्टु + अम् → (દ્વિતીયા, એ. વ.) क्रोष्टृ + अम् → क्रोष्टर् + अम् → क्रोष्टार् + अम् = क्रोष्टारम् ।।

— क्रोष्टु + शस् । (દ્વિતીયા, બ. વ.) હવે 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં નથી; તેથી २०३ થી તૃજ્વદ્ભાવ થતો નથી → क्रोष्टु + अस् → પૂર્વસવર્ણ દીર્ઘ → क्रोष्टू + स् → પછી तस्माच्छसो नः पुंसि । થી स् કારને न् કાર → क्रोष्टून् । રૂપ થાય છે.

*

૨૦૭. તૃતીયા વિભક્તિથી શરૂ કરીને સપ્તમી વિભક્તિ પર્યન્ત જ્યાં જ્યાં અજાદિ પ્રત્યયો પરમાં રહ્યા હોય ત્યાં તૃજ્વદ્ભાવ વિકલ્પે થાય છે. જેમકે,



क्रोष्ट्र् + आ = क्रोष्ट्रा

क्रोष्टु + ना = क्रोष्टुना

૧. (તૃતીયા વિ. એકવચન)માં આ ૨૦૭. થી તૃજ્વદ્ભાવ વિકલ્પે થશે.

૨. હવે (क) પક્ષમાં જ્યાં તૃજ્વદ્ભાવ થયો છે ત્યાં इको यणचि । થી ऋ ના સ્થાનમાં र् (= રેફ) આદેશ થશે. જેથી क्रोष्ट्रा । રૂપ થશે.


૩. અને (ख) પક્ષમાં જ્યાં તૃજ્વદ્ભાવના અભાવમાં उ કારાન્ત क्रोष्टु શબ્દની घि સંજ્ઞા થશે, ત્યાં आङो नाऽस्त्रियाम् । થી आङ् = टा પ્રત્યયને ना આદેશ થશે. પરિણામે क्रोष्टुना । રૂપ સધાશે.

— क्रोष्टु + ङे ૧. (ચતુર્થી એ. વ.)માં પણ ૨૦૭. થી વિકલ્પે તૃજ્વદ્ભાવ થશે તો (क) क्रोष्टृ + ए । અને (ख) क्रोष्टु + ए । ૨. પછી (क) માં યણાદેશ થઈને क्रोष्ट्र् + ए = क्रोष्ट्रे । રૂપ બને છે., અને ૩. (ख) માં घेर्ङिति । થી ગુણ થઈને→क्रोष्टो + ए→अव् આદેશ→ क्रोष्ट् अव् + ए = क्रोष्टवे । રૂપ બને છે.

*

૨૦૮. ऋ કારાન્ત અંગના ऋ કાર અને ङसि કે ङस् પ્રત્યય સંબંધી હ્રસ્વ अ કારને સ્થાને उद् (= હ્રસ્વ उ) એવો એકાદેશ થાય છે." પછી उरण् रपरः । એવા ૨૯. મા સૂત્રથી તે उ કારને રેફ પરમાં જોડવામાં આવે છે. (અર્થાત્ रपर કરવામાં આવે છે.) જેમકે, उ + र् = उर् ।

૨૦૯. રેફની પરમાં 'સંયોગ'ના અંતે આવેલા स् કારનો જ લોપ થાય છે; બીજા કોઈ વર્ણનો નહીં. [આમ પંચમી, ષષ્ઠી વિભક્તિના अस् પ્રત્યયના स् કારનો લોપ થાય છે; અને બાકીના] રેફનો વિસર્ગ થઈ જાય છે. તો क्रोष्टुः । એવું રૂપ સધાય છે. (ત્યાં વિકલ્પે क्रोष्टोः । એવું રૂપ પણ થાય છે.)



क्रोष्ट् उर् + स्   क्रोष्टोस्

संयोग   क्रोष्टोः ॥

क्रोष्टुर् + ०

क्रोष्टुः ॥

(પંચમી, ષષ્ઠી એકવચન) માં

૧. विभाषा तृतीयादिष्वचि । ૨૦૭થી તૃજ્વદ્ભાવ વિકલ્પે થશે.

૨. પછી (क) પક્ષમાં ૨૦૮ ऋत उत् । થી ऋ કાર અનેङसि्/ङस्‌ના अ કારને સ્થાને उ કારાદેશ થશે; જે उ કાર ऋ ના સ્થાને થતો હોઈ उरण् रपरः । થી रपर થઈને/ કરીને પ્રવૃત્ત કરવો પડશે.

૩. પછી (ख) પક્ષમાં क्रोष्टु એવા उ કારાન્ત શબ્દની घि સંજ્ઞા થઈને, તેના નિમિત્ત ૧૭૨ घेर्ङिति । થી ङित् પ્રત્યય પરમાં રહેતાં उ નો ગુણ ओ થશે. પછી

૪. ङसिङसोश्च । ૧૭૩ થી પૂર્વરૂપ એકાદેશ થશે, અને

૫. પદાન્તીય स्‌નો રુત્વ, વિસર્ગ થતાં (ख) પક્ષમાં क्रोष्टोः । રૂપ થશે.

૬. रात्सस्य । ૨૦૯ સૂત્રથી રેફની પરમાં આવેલા સંયોગાન્ત स्‌નો લોપ થશે.

૭. खरवसानयोर्विसर्जनीयः । થી રેફનો વિસર્ગ થશે તો क्रोष्टुः । એવું (क) પક્ષમાં રૂપ થશે.

વાર્ત્તિક * नुम्, अचू પરમાં રહેતાં થનારો રેફ આદેશ અને तृज्वद्भाव—એ ત્રણની અપેક્ષાએ (= એ ત્રણમાંથી એકેયની પ્રવૃત્તિ થાય એ પહેલા) 'પૂર્વવિ-પ્રતિષેધ'થી (ષષ્ઠી, બ. વ. ના) आम् પ્રત્યયને नुट् આગમ થાય છે.

[નોંધ : ૧૧૩. विप्रतिषेधे परं कार्यम् । १—४—२ સૂત્ર ઉપર જણાવ્યું છે કે (જુઓ : પૃ.૧૪૧ થી ૧૪૫) તુલ્યબલવાળાં બે સૂત્રોમાંથી કોને પહેલા પ્રવૃત્ત કરવું ? એવો પ્રશ્ન ઊભો થાય ત્યારે (પાણિનિ ૧–૪–૨ દ્વારા કહે છે કે) જે પરસૂત્ર = 'અષ્ટાધ્યાયી'માં ક્રમાંકની દૃષ્ટિએ જે પાછળ આવેલું સૂત્ર હોય તેને પહેલા પ્રવૃત્ત કરવું. આને '૫રવિપ્રતિષેધ' કહે છે. પરંતુ વાર્ત્તિકકારે કેટલાંક શબ્દ રૂપોની

સિદ્ધિમાં પરસૂત્રને લગાડવાથી અનિષ્ટ થાય છે એમ જોયું. તેથી તેમણે એવાં સ્થળોને શોધીને બતાવ્યું કે આટલી વિધિઓ કરનારાં સૂત્રો અષ્ટાધ્યાયીક્રમાંકની દૃષ્ટિએ પૂર્વમાં આવેલાં છે, તો પણ તેમને જ પહેલાં પ્રવૃત્ત કરવાં જરૂરી છે. (અને એમ કરશો તો જ ઇષ્ટ રૂપોની સિદ્ધિ થઈ શકશે.) —આને 'પૂર્વ વિપ્રતિષેધ' કહે છે. જેમકે,

પૂર્વસૂત્ર : [૧. ह्रस्वनद्यापो नुट् । ૭–૧–૫૪ (થી नुट् આગમનું વિધાન)

પરસૂત્રો :
૨. इकोऽचि विभक्तौ । ૭–૧–૭૩ (થી नुम् આગમનું વિધાન)
૩. तृज्वत्क्रोष्टुः । ૭–૧–૯૫ (થી તૃજ્વદ્ભાવ)
૪. अचि र ऋतः । ૭–૨–૧૦૦ (થી ઋકારને રેફાદેશ)

'અષ્ટાધ્યાયી'માં આ ક્રમે સૂત્રો આવેલાં છે. આથી સૂત્ર ૧–૪–૨ ની સામાન્ય સૂચના મુજબ તો ૭–૧–૫૪ 'પૂર્વસૂત્ર' હોવાથી, એની પછીનાં 'પરસૂત્રો'થી તે (૭–૧–૫૪) નો બાધ થઈ જ જાય.

પણ વાર્તિકકારે કહ્યું કે नुट् આગમ કરનારું સૂત્ર ૭–૧–૫૪ 'પૂર્વસૂત્ર' હોવા છતાંય, તેની પાછળ આવેલાં (૧) नुम् આગમ કરનારા (૭–૧–૭૩) સૂત્રનો, (૨) તૃજ્વદ્ભાવ કરનારા (૭–૧–૯૫) સૂત્રનો અને (૩) अचि र ભાવ = રેફાદેશ કરનારા (૭–૨–૧૦૦) સૂત્રનો બાધ કરી દે છે.

હવે આ વાર્તિકકારનું કહેવાનું માનીએ તો નીચે મુજબ क्रोष्टूनाम् । એવું ઇષ્ટ રૂપ સધાશે :–]

— क्रोष्टु + आम् । (ષષ્ઠી, બહુવચન) ૧. અહીં ह्रस्वनद्यापो नुट् । ૭–૧–૫૪ થી आम् ને नुट् આગમ લાગવા આવે છે; પણ સાથે સાથે विभाषा तृतीयादिष्वचि । ૭–૧–૯૧ થી તૃજ્વદ્ભાવ (क्रोष्टु > क्रोष्टृ) થવા આવે છે. આથી સામાન્ય રીતે તો विप्रतिषेधे परं कार्यम् । ૧–૪–૨ ની સૂચનાથી જે પરસૂત્ર હોય તેને પ્રવૃત્ત કરવાનું હોય, (એટલે કે ૭–૧–૯૧ થી તૃજ્વદ્ભાવ જ પહેલો કરવાનો થાય.) પણ વાર્તિકકારે સૂચના આપી કે नुट् આગમ કરનારું ૭–૧–૫૪ સૂત્ર 'પૂર્વસૂત્ર' હોવા છતાંય તેને જ પ્રથમ પ્રવૃત્ત કરવું જરૂરી છે. તો → क्रोष्टु + न् आम् → क्रोष्टु + नाम् । હવે ૨. नामि । સૂત્રથી અજન્ત અંગને દીર્ઘ થશે → क्रोष्टू + नाम् = क्रोष्टूनाम् ॥ રૂપ બની જાય છે.

— क्रोष्टु + ङि । (સપ્તમી, એ. વ.) ૧. અહીં પણ ૨૦૭ થી વિકલ્પે તૃજ્વદ્ભાવ થશે क्रोष्टृ + इ । (અથવા क्रोष्टु + इ). ૨. પછી ૨૦૪. ऋतो ङिसर्वनाम-

स्थानयोः । થી 'ङि પરમાં રહેતાં ऋકારાન્ત અંગને ગુણ થશે→क्रोष्ट्अर्+इ । = क्रोष्टरि । રૂપ બની જશે. (વિપક્ષમાં = क्रोष्टु + इ માં अच्च घेः । ૧૭૪ થી 'ङि ને औ, અને ઘિ સંજ્ઞક અંગને અકાર થતાં→क्रोष्ट् अ + औ →વૃદ્ધિ→क्रोष्टौ । રૂપ બની જશે.)

પક્ષમાં = જ્યાં તૃજ્વદ્ભાવ ના થયો હોય ત્યાં, અને હલાદિ વિભક્તિઓ (भ्याम्, भिस्, भ्यस् અને सुप्) પરમાં હોય ત્યારે क्रोष्टु શબ્દનાં રૂપો शम्भुની જેમ જ ચાલે છે :

प्र० क्रोष्टा –क्रोष्टारौ –क्रोष्टारः	च० क्रोष्ट्रे / क्रोष्टवे –क्रोष्टुभ्याम्–क्रोष्टुभ्यः ।
सं० हे क्रोष्टो– ,, – ,,	पं० क्रोष्टुः / क्रोष्टोः – ,, – ,,
द्वि० क्रोष्टारम्– ,, –क्रोष्टून्	ष० ,, / ,, – क्रोष्ट्रोः / क्रोष्ट्वोः –क्रोष्टूनाम् ।
तृ० क्रोष्ट्रा / क्रोष्टुना –क्रोष्टुभ्याम्–क्रोष्टुभिः	स० क्रोष्टरि / क्रोष्टौ – ,, / ,, –क्रोष्टुषु ॥

हूहूः । हूह्वौ । हूह्वः ॥ हूहून् । इत्यादि ॥ 'अतिचमू'–शब्दे तु नदीकार्यं विशेषः । हे अतिचमु । अतिचम्वै । अतिचम्वाः । अतिचमूनाम् । अतिचम्वाम् ॥ खलपूः ।

210. ओः सुपि । ६–४–८६

धात्ववयव–संयोगपूर्वो न भवति य उवर्णस्तदन्तस्यानेकाचोऽङ्गस्य यण् स्याद्, अचि सुपि । खलप्वौ । खलप्वः ॥ एवं सुल्वादयः ॥ स्वभूः । स्वभुवौ । स्वभुवः ॥ वर्षाभूः ।

211. वर्षाभ्वश्च । ६–४–८४

अस्य यण् स्यादचि सुपि । 'वर्षाभ्वौ' इत्यादि ॥ दृन्भूः । * (वा०) दृन्–कर–पुनः पूर्वस्य भुवो यण् वक्तव्यः * ॥ दृन्भ्वौ । एवं करभूः ॥

અનુવાદ : हूहू (એક ગન્ધર્વનું નામ છે) આ દીર્ઘ ऊકારાન્ત પુંલિંગ શબ્દ છે. હવે તેની રૂપસિદ્ધિ વિચારવામાં આવે છે :

— हूहू + सु (પ્રથમા, એ. વ.)→हूहू + स् → रुत्व, વિસર્ગ→हूहूः ।

— हूहू + औ→પૂર્વસવર્ણ દીર્ઘનો બાધ કરી યણાદેશ→हूहूव् + औ = हूह्वौ ।

— हूहू + जस् → पूर्वसवर्णदीर्घनी प्राप्ति, दीर्घाज्जसि च । थी निषेध, पछी यणादेश → हूह्व् + अस् → हूह्वस् → हूह्वः ।

— हूहू + अम् (द्वितीया, એ. વ.) → પૂર્વરૂપ એકાદેશ → हूहूम् ।। हूह्वौ ।।

— हूहू + शस् । (બ. વ.) → પૂર્વસવર્ણદીર્ઘ → हूहू + स् → स्‌ने नकार → → हूहून् ।। પછી તૃતીયામાં हूह्वा—हूहूभ्याम्—हूहूभिः । ચતુર્થીમાં हूह्वे—हूहूभ्याम्—हूहूभ्यः ! પંચમીમાં हूह्वः—हूहूभ्याम्—हूहूभ्यः । ષષ્ઠીમાં हूह्वः—हूह्वोः—हूह्वाम् । સપ્તમીમાં हूह्वि—हूह्वोः—हूहूषु । સંબોધનમાં हे हूहूः—हूह्वौ—हूह्वः ।।

*

अतिचमु । [चमू = સેના, સ્ત્રીલિંગ શબ્દ, પછી સમાસ થતાં; चमूम् अतिक्रान्तः यः सः अतिचमूः । "(જે સેનાપતિ) સેનાનું અતિક્રમણ કરી ગયો હોય" તે 'અતિચમૂ' કહેવાય છે,) આ દીર્ઘ ऊकारान्त, પુંલિંગ શબ્દ છે. પણ प्रथमलिङ्ग ग्रहणं च । એવા વાર્ત્તિક અનુસાર अतिचमू શબ્દની પણ 'नदी' સંજ્ઞા થશે. આથી] આ શબ્દમાં नदी સંજ્ઞાને નિમિત્તે થનારાં કાર્યો (સૂત્રો—૧૯૫ થી ૧૯૮) થશે—એટલી વિશેષ વાત યાદ રાખવી.

—हे अतिचमू + सु । માં १. अम्बार्थनद्योर्ह्रस्वः । થી नदी સંજ્ઞક અંગને હ્રસ્વ થશે → हे अतिचमु + स् । પછી २. एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી स्‌નો લોપ થશે → हे अतिचमु + ० = हे अतिचमु ।।

— अतिचमू + ङे । (ચતુર્થી, એ. વ.) માં १९६, સૂત્રથી ङित् પ્રત્યયોને आट् આગમ → अतिचमू + आ ए । २. પછી १९७ થી વૃદ્ધિ → अतिचमू + ऐ → યણાદેશ → अतिचम्व् + ऐ = अतिचम्वै ।

— अतिचमू + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી, એ. વ.) માં પણ आट् આગમ → अतिचमू + आ अस् → वृद्धि → अतिचमू + आस् → યણાદેશ → अतिचम्व् + आस् = अतिचम्वाः ।

— अतिचमू + आम् । (ષષ્ઠી, બ. વ.) → नुट् આગમ → अतिचमूनाम् ।

— अतिचमू + ङि → ङेराम् नद्याम्नीभ्यः । થી ङि પ્રત્યયને आम् → अतिचमू + आम् → नुट्‌ની પ્રાપ્તિ, પણ પરત્વાત् आण्नद्याः । ७-३—११२ થી आट् આગમ → अतिचमू + आ आम् → वृद्धि → अतिचमू + आम् → યણાદેશ → अतिचम्वाम् ।। વગેરે.

*

खलपूः । (खलं पुनाति ! = અનાજ પીલવાના ખળાને ચોખ્ખુ કરનારો) દીર્ઘ ऊકારાન્ત, પુંલિંગ શબ્દ., (જેમાં અંતે √पू ધાતુ આવેલો છે.) પ્રથમા, એ. વ. માં खलपू + सु → રુત્વ, વિસર્ગ થઈને, खलपूः । રૂપ બને છે.

હવે खलपू + औ । (પ્રથમ, દ્વિ. વ.) માં અજાદિ सुप् પ્રત્યય પરમાં રહ્યો છે, ત્યારે નીચેનું સૂત્ર પ્રવૃત્ત થાય છે :—

૨૧૦. અજાદિ सुप् પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે, ધાતુનો અવયવ હોય અને જેની પૂર્વમાં 'સંયોગ' ન હોય તેવો જે उ વર્ણ, તે उ વર્ણ છે અંતમાં જેની એવા અનેકાચ્-અંગને यण् આદેશ થાય છે.

— खलपू + औ । માં જે ऊકાર છે, તે √पू ધાતુનો અવયવ છે, અને તેની પૂર્વમાં સંયોગ પણ નથી; વળી, આવું ऊ વર્ણાન્ત અંગ અનેકાચ્ (= ख् अ ल् अ प् ऊ) પણ છે, તેથી યણાદેશ થશે = ऊ ના સ્થાનમાં व् → खलप् व् + औ = खलप्वौ ।

— પછી પ્રથમા, બહુવચનમાં—खलपू + जस् । માં પણ યણાદેશ થશે → खलप् व् + अस् = खलप्वः । રૂપ થશે.

આ જ પ્રમાણે (सुष्ठ लुनाति = સુન્દર લણે છે જે વ્યક્તિ, તે—એ અર્થવાળા) सुलू । દીર્ઘ ऊ કારાન્ત, પુંલિંગ શબ્દનાં રૂપો પણ સિદ્ધ થાય છે.

*

स्वभू (સ્વયં ઉત્પન્ન થનાર; વિષ્ણુ કે બ્રહ્મા)—આ પણ દીર્ઘ ऊકારાન્ત પુંલિંગ શબ્દ છે. તેના રૂપોની સિદ્ધિ જોઈશું :—

— स्वभू + सु → स्वभू + स् → રુત્વ, વિસર્ગ → स्वभूः । (પ્રથમા એ. વ.)

— स्वभू + औ । અહીં અજાદિ પ્રત્યય પરમાં રહ્યો હોવાથી પહેલાં अचि श्नुधातु० । થી उवङ् થવા આવે છે; પછી તેનો બાધ કરીને एरनेकाचो० । થી यण् થવા આવે છે; હવે તેનો પણ ૨૦૨, સૂત્ર (न भूसुधियोः । ६-४-८५) થી (પ્રાપ્ત) યણાદેશનો નિષેધ કરવામાં આવે છે. તેથી अचि श्नुधातु० । ૧૯૯ મા સૂત્રથી उवङ् (= उव्) આદેશ જ થશે → स्वभ् उव् + औ = स्वभुवौ । રૂપ થશે,

प्र० स्वभूः	—स्वभुवौ	—स्वभुवः	
सं० हे स्वभूः—	,,	— ,,	
द्वि० स्वभुवम् —	,,	— ,,	
तृ० स्वभुवा	—स्वभूभ्याम्	—स्वभूभिः	
च० स्वभुवे	—स्वभूभ्याम्	—स्वभूभ्यः	
प० स्वभुवः—	,,	— ,,	
ष० ,,	—स्वभुवोः	—स्वभुवाम्	
स० स्वभुवि—	,,	—स्वभूषु ॥	

*

હવે वर्षाभू (વર્ષા ઋતુમાં જન્મનાર–દેડકો) એવા દીર્ઘ ऊ કારાન્ત, પુંલિંગ શબ્દનાં રૂપો જોઈએ : वर्षाभू + सु । (પ્રથમ વિ., એ. વ.)માં → स्; રુત્વ, વિસર્ગ → वर्षाभूः ।

૨૧૧. આ (वर्षाभू) શબ્દને યણાદેશ થાય છે, જ્યારે અજાદિ સુપ્ પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે. જેમ કે, वर्षाभू + औ । (પ્રથમા, દ્વિ. વ.માં) અજાદિ સુપ્ પ્રત્યય પરમાં છે ત્યારે યણ્ થશે તો → वर्षाभ् व् + औ = वर्षाभ्वौ । વગેરે રૂપો સિદ્ધ થશે.

વાર્ત્તિક : ❀ दृक्कन् (= हन्), कर, અને पुनर्–એમાંનો કોઈ એક શબ્દ પૂર્વમાં રહેલો હોય ત્યારે भू શબ્દને यण् આદેશ થાય છે; જ્યારે અજાદિ સુપ્ પ્રત્યયો પરમાં રહ્યા હોય ત્યારે.❀

हन्भू (સાપ કે વજ્ર) આ શબ્દમાં भू શબ્દની પૂર્વમાં हन् શબ્દ આવેલો છે; તથા તે દીર્ઘ ऊ કારાન્ત પુંલિંગ શબ્દ છે.

— हन्भू + सु → हन्भू + स्, રુત્વ, વિસર્ગ ← हन्भूः । (પ્રથમા, એ. વ.)

— हन्भू + औ → ૨૧૧ સૂત્ર ઉપરના વાર્ત્તિકથી યણાદેશ → हन्भ् व् + औ = हन्भ्वौ ।। રૂપ થાય છે.

આ જ પ્રમાણે, करभू (નખ), पुनर्भू (એક ઔષધિ) વગેરે શબ્દોનાં રૂપો (માં પણ આ વાર્ત્તિકથી યણાદેશ થઈને ઈષ્ટ રૂપો) સિદ્ધ થશે.

धाता । हे धातः । धातारौ । धातारः ।।

(वा०)❀ ऋवर्णा (त्)न् नस्य णत्वं वाच्यम् ।❀। धातॄणाम् ।।

एवं नप्त्रादयः ।। नप्त्रादिग्रहणं व्युत्पत्तिपक्षे नियमार्थम् । तेनेह न- पिता । पितरौ । पितरः ।। पितरम् । शेषं धातृवत् । एवं जामात्रादयः । ना । नरौ ।

212. नृ च । ६-४-६

अस्य नामि वा दीर्घः । नॄणाम्–नृणाम् ।।

[હવે धातृ* (= વિધાતા, ધારણ કરનાર, બ્રહ્મા) એવા ऋ કારાન્ત, પુંલિંગ શબ્દનાં રૂપોની સિદ્ધિ શીખવવામાં આવે છે.]

---

* √धा (ધારણ કરવું, दधाति) ધાતુને, 'કર્તા' અર્થમાં ण्वुल्तृचौ । સૂત્રથી तृच् પ્રત્યય લાગીને धातृ એવો (તૃજન્ત = तृच् પ્રત્યયાન્ત) એવો શબ્દ સિદ્ધ થાય છે, આ યૌગિક = વ્યુત્પન્ન પ્રાતિપદિક છે.

અનુવાદ : घातृ + सु । (પ્રથમા, એ. વ.) ૧. હવે ૨૦૫ ऋदुशनस्पुरुदंसोऽनेहसां च । સૂત્રથી, 'સમ્બુદ્ધિ'નો ન હોય તેવો सु પ્રત્યય પરમાં છે, તેથી ऋકારાન્ત અંગ (ના અંતિમ ऋ કાર)ને अनङ् આદેશ થાય છે→घात् अन् + स् ૨. પછી ૨૦૬. अप्तृन्-तृच्-स्वसृ० । સૂત્રથી તૃજન્ત (घातृ) શબ્દની ઉપધાને દીર્ઘ થાય છે→घात् आन् + स् । ૩. હવે हल्ङ्याब्भ्यो० । થી, सु પ્રત્યય સંબંધી અપૃક્ત સંજ્ઞક હલ્ = स् કારનો લોપ થાય છે→घात् आन् + ० । ૪. પછી न लोपः प्रातिपदिकान्तस्य । સૂત્રથી न् કારનો લોપ થશે→घात् आ ० + ० = घाता । રૂપ સિદ્ધ થયું.

—हे घातृ + सु । (સંબોધન પ્રથમા એ. વ.માં 'सु'ની 'સમ્બુદ્ધિ' સંજ્ઞા થશે) અહીં ૧. ऋतो ङिसर्वनामस्थाने । થી 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો सु પ્રત્યય પરમાં રહેલો હોવાથી, ऋને ગુણ થશે→हे घात् अर् + स् । (અહીં अप्तृन्तृच्० । ૨૦૬. થી ઉપધાને દીર્ઘ નહિ થાય; કેમ કે પરમાં 'સમ્બુદ્ધિ'નો 'सु' પરમાં રહેલો છે.)→हे घातर् + स् ।→ हल्ङ्याब्भ्यो० । થી स्‌નો લોપ થશે→हे घातर् + ०→પદાન્તીય રેફનો વિસર્ગ→हे घातः ॥ બને છે.

— घातृ + औ । (પ્રથમા દ્વિ. વ.) ૧. અહીં ૨૦૪. ऋतो ङिसर्वनामस्थानयोः । થી ગુણ થશે→घात् अर् + औ→૨. अप्तृन्तृच्० ૨૦૬ થી ઉપધાને દીર્ઘ (अ > आ) થશે→घात् आर् + औ = घातारौ । બનશે.

— घातृ + जस् । (પ્રથમા, બ. વ.) ૧. ऋને ગુણ → घात् अर् + अस् → ઉપધાને દીર્ઘ→घातृआर् + अस्→घातारस्→घातारः ॥

— [घातृ + अम् । (દ્વિતીયા, એ. વ.માં) ગુણ→घातर् + अम्→ઉપધા દીર્ઘ — घातार् + अम् = घातारम् ॥ घातृ = औट् । (દ્વિતીયા દ્વિ. વ.)માં પૂર્વવત્— घातारौ । થશે. घातृ + शस् । (દ્વિતીયા, બ. વ.) હવે સર્વનામસ્થાન સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં નથી. ૧. પૂર્વસવર્ણદીર્ઘ→घातॄस्→ घातॄन् । રૂપ બને છે.

— घातृ + टा । (તૃતીયા એ. વ.માં)→યણાદેશ→घातृर् + आ = घात्रा = घात्रा ॥ घातृ + भ्याम् = घातृभ्याम् । घातृ + भिस् = घातृभिः । વગેરે બને છે.]

વાર્તિક : * "ऋ વર્ણની પાછળ આવેલા न् કારને (પણ) ण् કાર થાય છે." * જેમ કે, घातृ + आम् । (ષષ્ઠી, બ. વ.)માં, હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા आम्‌ને नुट् આગમ થશે→घातृ + न् आम् → ૨. અજન્ત અંગને દીર્ઘ→घातृ + नाम् । હવે ૩. પ્રસ્તુત વાર્તિક વચનથી ऋની પાછળ આવેલા न्‌ને ण् થશે→घातॄ + णाम् = घातॄणाम् ।

આ જ પ્રમાણે, नप्तृ વગેરે, (અર્થાત્ कर्तृ, भर्तृ, नेतृ, जेतृ, गन्तृ, कथयितृ, भोक्तृ જેવા तृन् પ્રત્યયાન્ત અને तृच् પ્રત્યયાન્ત યૌગિક) શબ્દોના રૂપો પણ સિદ્ધ થાય છે.

धातृ–ॠ કારાન્ત પુંલિંગ–વ્યુત્પન્ન–શબ્દ

प्र०	धाता	–धातारौ	–धातारः	च०	धात्रे	–धातृभ्याम्	–धातृभ्यः
सं०	हे धातः–	,,	– ,,	प०	धातुः–	,,	– ,,
द्वि०	धातारम्	–धातारौ	–धातॄन्	ष०	धातुः	–धात्रोः	–धातॄणाम्
तृ०	धात्रा	–धातृभ्याम्	–धातृभिः	स०	धातरि–	,,	–धातृषु ॥

*

(જ્ઞાપકવચન) : [શબ્દોની સિદ્ધિ બાબતે બે પક્ષો છે : ૧. વ્યુત્પત્તિ પક્ષ અને ૨. અવ્યુત્પત્તિ પક્ષ.] હવે ઉપધાને દીર્ઘ કરનારા ૨૦૬. अप्–तृन्–तृच्–स्वसृ–नप्तृ–नेष्टृ......प्रशास्तॄणाम् । ૬–૪–૧૧ સૂત્રમાં नप्तृ વગેરે શબ્દોનું જે ગ્રહણ કર્યું છે, તે વ્યુત્પત્તિ–પક્ષમાં નિયમાર્થ છે (=નિયમન કરવા માટે છે). [આની વિશેષ સમજૂતી નીચે 'વિવરણ'માં આપી છે.] પરિણામે पितृ શબ્દ પણ ॠ કારાન્ત પુંલિંગ (અને ઉણાદિનો तृन् કે तृच् પ્રત્યય લાગીને બનેલ) છે; તથાપિ ઉપધાને દીર્ઘ થતો નથી. અને पिता–पितरौ–पितरः । જેવાં રૂપો બને છે.

*

— नृ (માણસ/પુરુષ)+सु (પ્રથમા એ. વ.)માં ૨૦૫થી अनङ् આદેશ→न् अन्+स्→૧૭૭. सर्वनामस्थाने चासम्बुद्धौ । થી ઉપધાને દીર્ઘ→न् आन +स्→हल्ङ्याब्भ्यो० । થી स् નો લોપ→नान्+०→પ્રાતિપદિકના અંતે આવેલા न् નો લોપ→ना०+०=ना । રૂપ થશે.

— नृ+औ । (પ્રથમા, દ્વિ. વ.)માં ૨૦૪.થી ऋને ગુણ→न् अर्+औ=नरौ ।

२१२. नामू એવો પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે, नृ શબ્દને વિકલ્પે દીર્ઘ થાય છે. જેમ કે, नृ+आम् । (ષષ્ઠી, બ. વ.)માં नुट् આગમ થતાં→नृ+न् आम→नृ+नाम्→नॄ+नाम्→પછી * ऋवर्णान्नस्य णत्वं वाच्यम् । વાર્તિકથી ऋની પાછળ આવેલા न् નો ण् થશે→नॄणाम् ॥ બીજી તરફ, नृ+नाम् । ની સ્થિતિમાં ૨૧૨મું સૂત્ર વિકલ્પે પ્રવૃત્ત નહિ થાય, ત્યાં હ્રસ્વ ऋને દીર્ઘ ॠ આદેશ નહિ થાય તો ((णत्व થઈને) नृणाम् । રૂપ પણ બનશે.

नृ શબ્દનાં રૂપો (હ્રસ્વ ऋ કારાન્ત, પુંલિંગ શબ્દ)

प्र० ना	–नरौ	–नरः
सं० हे नः–	,,	– ,,
द्वि० नरम्–	,,	– ,,
तृ० न्रा	–नृभ्याम्–	नृभिः
च० न्रे	–नृभ्याम्–	नृभ्यः
प० नुः –	,,	– ,,
ष० नुः	–न्रोः	–नृणाम् /नृणाम्
स० नरि–	न्रोः	–नृषु ॥

(વિવરણ) : नप्त्रादिग्रहणं व्युत्पत्तिपक्षे नियमार्थम् । —આ પંક્તિ પાછળનો જે ગર્ભિત શાસ્ત્રાર્થ છે તે નીચે મુજબ છે : ભાષામાં વપરાતાં તમામ નામો (પ્રાતિપદિકો)ની 'વ્યુત્પત્તિ' શોધવાનો (એટલે કે કયા ધાતુ + પ્રત્યયના સંમેલનથી અમુક નામ/શબ્દ બન્યો છે? તે શોધવાનો) પ્રયાસ થયો છે. અતિ પ્રાચીન સમયથી આ વિષયમાં બે મતો પ્રવર્તે છે : (क) શાકટાયન (અને એમના યાસ્કાદિ અનુયાયીઓ) એમ માને છે કે—सर्वाणि नामानि आख्यातजानि । "(ભાષામાં વપરાતાં) તમામ નામો (કોઈકને કોઈક) આખ્યાત = ક્રિયાવાચી ધાતુમાંથી જન્મ્યા છે." દા. ત. अश्वः શબ્દ છે. આમ તો આ નામ રૂઢ = અવ્યુત્પન્ન—એટલે કે એમાં કયો ધાતુ + પ્રત્યય છે? એ જાણી ન શકાય એવો—છે. પરંતુ શાકટાયનના મતે अश्नोति (अध्वानम्) इति अश्वः । 'જે માર્ગને વ્યાપી વળે છે તે' अश्वः । આમ તેમના મતે √अशुङ् व्याप्तौ । ધાતુ ઉપરથી બનેલો अश्व શબ્દ—નામ—રૂઢ નથી, પણ યૌગિક = વ્યુત્પન્ન છે.


બીજી તરફ ગાર્ગ્ય અને પાણિનિનો એવો અભિગમ છે કે—ભાષામાં વપરાતાં તમામ નામો તો નહિ, પણ મોટા ભાગનાં નામો યૌગિક—વ્યુત્પન્ન—છે. (અર્થાત્ કેટલાક નામો તો અવ્યુત્પન્ન-રૂઢ—ખરાં; કે જેમના બંધારણમાં/સંઘટનમાં કયા ધાતુ + પ્રત્યયનું સંમેલન/જોડાણ થયું છે? એ આજે જાણી શકાય એમ નથી. દા.ત. वृक्षः ।) આમ તેમના મતે ભાષામાં કેટલાંક નામો અવ્યુત્પન્ન પણ છે.

હવે વ્યાકરણશાસ્ત્ર દ્વારા એકવાર ભાષામાં વપરાતા નામપદો અને ક્રિયાપદોનું પૃથક્કરણ કરીને એમાં ધાતુનો કયો અંશ છે અને કયો પ્રત્યયનો અંશ છે; કેવાં/કયાં ધ્વનિવિકારો કરવામાં આવ્યા છે/થયા છે? એ બતાવવાનું શરૂ થયું.* ત્યાર પછી વ્યુત્પત્તિ—જિજ્ઞાસાએ એટલું બધું જોર પકડ્યું કે કેટલાક

---

* જેમ કે, √रमु क्रीडायाम् ધાતુ + घञ् (= अ) પ્રત્યય જોડાતાં, रम् + अ → આદિ સ્વરની વૃદ્ધિ → राम् + अ = राम । (જે રમે છે/રમાડે છે તે 'રામ'.) √भू + ति (વર્તમાન કાળ, ત્રી. પુ., એ. વ.) → भू + अ + ति → भो + अ + ति → भ् अव् + अ + ति = भवति । (તે થાય છે/જન્મે છે.) વગેરે.

આચાર્યોએ એનો અતિરેક પણ કર્યો ! (જો કે પાણિનિએ તો કેટલાંક નામોની વ્યુત્પત્તિ, એમને નહિ જડતાં/સ્વીકૃત નહિ લાગતાં તેવાં નામોને રૂઢ અર્થાત્ અવ્યુત્પન્ન જ રહેવા દીધાં છે. પણ) શાકટાયને અને એમના બીજા કેટલાક અનુયાયીઓએ उणादि–સૂત્રની રચના કરી છે. તેમાં જે નામોની વ્યુત્પત્તિ પાણિનિએ બતાવી નથી, તેમની ઉણ્ વગેરે (કલ્પિત) પ્રત્યયોથી વ્યુત્પત્તિ કરી બતાવી છે. દા. ત. ઔષધ અર્થવાળો जायुः શબ્દ છે. તેમાં जि जये ધાતુ હશે એમ માનીને તેમાં उण् પ્રત્યય લગાડીને, जि + उ → जा + उ → जा + य् + उ = जायु । શબ્દ બનાવાયો છે.—અહીં इ કારાન્ત ધાતુમાંથી आ કાર કેવી રીતે થયો, કે य् ક્યાંથી ઉમેરાયો ?–એ પ્રશ્નોના જવાબ આપવામાં આવતા નથી/અથવા એ બે ધ્વનિવિકારોને જાહેર કરનારાં કોઈ સૂત્રો હોતાં નથી. બસ, સીધું એટલું જ બતાવવામાં આવે છે કે जि + उ = जायु । બન્યો છે. આમ जयति = अभिभवति रोगान् इति जायुः (= औषधम्) । શબ્દ બની ગયો–એ જાણીને/જોઈને તમારે તમારી વ્યુત્પત્તિ–જિજ્ઞાસાને શાન્ત કરવાની । એ જ પ્રમાણે, साध्नोति परकार्यम् इति साधुः । 'જે પરોપકારનાં કાર્યો કરે તે' साधुः । અહીં "√सिध् ધાતુમાં उण् પ્રત્યય લાગીને સીધો જ साधु શબ્દ બન્યો છે." એમ કહેવામાં આવે છે. *



હવે, ઉણાદિ–પ્રત્યયોની મદદથી જે નામો–પ્રાતિપદિકો–ની રૂપ સિદ્ધિ બતાવવામાં આવે છે તે બાબતે વ્યાકરણ પરંપરામાં બે પક્ષ પડી ગયા છે :

(ક) કેટલાકના મતે उणादीनि–अव्युत्पन्नानि प्रातिपदिकानि । 'ઉણાદિથી સિદ્ધ થનારાં નામો–પ્રાતિપદિકો–અવ્યુત્પન્ન (જ) છે.'

* कृ–वा–पा–जि–मि–स्वदि–साध्यशूभ्य उण् । (१–१) એવું ઉણાદિસૂત્રોનું પ્રથમ સૂત્ર છે. कृ + उ = कारुः (શિલ્પી) वा + उ = वायुः । पा + उ = पायुः, जि + उ = जायुः । વગેરે.

(ખ) બીજા કેટલાકના મતે उणादीनि व्युत्पन्नानि प्रातिपदिकानि । 'ઉણાદિ પ્રત્યયોથી સિદ્ધ કરેલાં પ્રાતિપદિકોને વ્યુત્પન્ન (=યૌગિક) (જ) છે.' આટલી પૂર્વભૂમિકા બાંધ્યા પછી 'नप्तृ વગેરે શબ્દોનું ગ્રહણ વ્યુત્પત્તિ-પક્ષમાં નિયમાર્થ છે' એ પંક્તિનો અર્થ સમજીશું :

૨૦૬. अप्-तृन्-तृच्-स्वसृ-नप्तृ-नेष्टृ-त्वष्टृ-क्षत्तृ-होतृ-पोतृ-प्रशास्तॄणाम् । ૬-૪-૧૧ આ સૂત્રમાં આવેલા स्वसृ (બહેન), नप्तृ (પૌત્ર) વગેરે શબ્દો-નામો-પણ ઉણાદિના तृन् કે तृच् પ્રત્યયો લાગીને બન્યા છે: એમ માનીએ અને તે ઉણાદિથી સિદ્ધ કરેલાં નામો વ્યુત્પન્ન પ્રાતિપદિકો છે' એવો પક્ષ સ્વીકારીએ તો આ (૬-૪-૧૧) સૂત્રમાં स्वसृ-नप्तृ વગેરે શબ્દો-નામો-લખવાની જરૂર જ ન હતી (અર્થાત્ તે શબ્દોનું ગ્રહણ વ્યર્થ-નિરર્થક-છે) એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. કારણ કે આ ૬-૪-૧૧ સૂત્રમાં, શરૂઆતમાં જે तृन् અને तृच् પ્રત્યયોનો ઉલ્લેખ કર્યો છે તેમનો અર્થ જ "तृन् પ્રત્યયાન્ત કોઈ પણ શબ્દ" અને "तृच् પ્રત્યયાંત કોઈ પણ શબ્દ" એવો થાય છે. જેથી કરીને આ ઉણાદિના तृन् કે तृच् પ્રત્યય લાગીને બનેલા नप्तृ વગેરે શબ્દોનો આપોઆપ સમાવેશ થઈ જ જવાનો હતો. એટલે કે ૬-૪-૧૧ માં तृन्-तृच् લખ્યા પછી આ नप्तृ વગેરે શબ્દોનો અલગ -સ્વતન્ત્ર ઉલ્લેખ કરવાની કોઈ જરૂર જ ન હતી.

છતાંય સૂત્રકાર પાણિનિએ આ नप्तृ વગેરે શબ્દોનું ગ્રહણ તો કર્યું જ છે, તો તે હવે 'નિયમાર્થ' બની રહેશે. (=કશાકનું નિયમન કરવા માટે તે શબ્દોનું ગ્રહણ કર્યું છે-એમ માનવું પડશે.) કારણ કે એવો સિદ્ધાન્ત/ન્યાય છે કે-सिद्धे सति, आरम्यमाणो विधिः नियमाय कल्पते । "(કોઈક વિધિ બીજી રીતે પણ) સિદ્ધ હોય-પ્રાપ્ત હોય-એવે પ્રસંગે જો એને માટે નવું સૂત્ર કે વધારાના શબ્દો લખ્યા હોય તો તે કશાકનું નિયમન કરવા માટે છે એમ સમજવામાં આવે છે." (કારણ કે પાણિનિ બીનજરૂરી-વધારાનું તો કશું લખે જ નહીં; એવી સર્વસ્વીકૃત માન્યતા છે.) આમ ૬-૪-૧૧ માં तृन्-तृच् લખવાથી જ नप्तृ વગેરે શબ્દો-નામો-નો સમાવેશ સિદ્ધ હતો એ સ્થિતિમાં, વધારાના स्वसृ, नप्तृ વગેરે શબ્દો લખ્યા છે. તેનાથી એવું નક્કી થાય છે કે આ સિવાયના (=स्वसृ, नप्तृ... प्रशास्तृ સિવાયના) શબ્દો (દા. ત., पितृ, मातृ, जामातृ વગેરે)ની ઉપધાને દીર્ઘ થતો નથી. એટલે કે-उणादिनिष्पन्नानां तृन्-तृच्-प्रत्ययान्तानां संज्ञाशब्दानां चेद् उपधादीर्घस्तर्हि नप्त्रादीनाम् एव इति ॥ 'ઉણાદિ પ્રત્યયોથી નિષ્પન્ન થયેલા तृन् કે तृच् પ્રત્યયાન્ત સંજ્ઞાશબ્દોની ઉપધાને જો દીર્ઘ થાય તો તે કેવળ (स्वसृ,) नप्तृ

વગેરે (આઠ) શબ્દોની જ ઉપધાને દીર્ઘ થાય, બીજા કોઈ શબ્દની ઉપધાને દીર્ઘ ન થાય).'–આ નિયમનું સ્વરૂપ થયું.

પરિણામે–(ઉપધા–દીર્ઘ)	(ઉપધા–દીર્ઘનો–અભાવ)
धाता – धातारौ – धातारः ।	पिता – पितरौ – पितरः ।
नप्ता – नप्तारौ – नप्तारः ।	माता – मातरौ – मातरः ।
स्वसा – स्वसारौ – स्वसारः ।	जामाता – जामातरौ – जामातरः ।

*

હવે, જે લોકોના મતે ઉણાદિ પ્રત્યયોથી સિદ્ધ થતાં (नप्तृ વગેરે) શબ્દો "અવ્યુત્પન્ન પ્રાતિપદિક" જ ગણાય છે તેમના મતે તો ૬–૪–૧૧ સૂત્રમાં (क) तृन्–तृच् પ્રત્યયાન્ત શબ્દોથી धातृ, कर्तृ, नेतृ વગેરે (ધાતુ સાધિત) શબ્દોનું ગ્રહણ થશે; તથા (ख) स्वसृ, नप्तृ, नेष्टृ प्रशास्तृ–એવા (૬–૪–૧૧ સૂત્રમાં) ગણાવેલા આઠ શબ્દોનું જ ગ્રહણ થશે, અને એમની જ ઉપધાને દીર્ઘ થશે; બીજા કોઈની ઉપધાને દીર્ઘ નહીં થાય (એટલે કે સૂત્રમાં જેમને ઉલ્લેખ્યા નથી તે मातृ, पितृ, जामातृ જેવા શબ્દોની ઉપધાને દીર્ઘ થશે નહીં.)-આ પક્ષમાં પણ ઉપર મુજબનાં જ રૂપો થશે.

---

213. गोतो णित् । ७–१–९०

ओकाराद् विहितं सर्वनामस्थानं णिद्वत् । गौः–गावौ–गावः ।

214. औतोऽम्–शसोः । ६–१–९३

ओतोऽम् शसोरचि आकार एकादेशः । गाम्–गावौ–गाः । गवा । गवे । गोः २ । इत्यादि ।

215. रायो हलि । ७–२–८५

अस्याऽऽकारादेशो हलि विभक्तौ । राः–रायौ–रायः । राभ्याम् इत्यादि ।। ग्लौः–ग्लावौः–ग्लावः । ग्लौभ्याम् इत्यादि ।।

।। इति अजन्तपुँल्लिङ्गप्रकरणम् ।।

(હવે ઓ કારાન્ત, પુંલિંગ गो = આખલો–શબ્દનાં રૂપોની સિદ્ધિ)*

* અહીં गो શબ્દ પુંલિંગમાં છે અને 'વૃષભ'નો વાચક છે એમ માનીને એની રૂપસિદ્ધિ રજૂ કરી છે, પરંતુ એ ધ્યાન રાખવું કે આ गो શબ્દ ઉભયલિંગ છે. એટલે કે સ્ત્રીલિંગમાં (= 'ગાય' અર્થમાં) પણ આવાં જ રૂપો થાય છે.

અનુવાદ ૨૧૩ : ઓ કાર (છે અંતમાં જેની, એવા શબ્દ)ની પાછળ લગાડવામાં આવેલા 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળા પ્રત્યયોને ણિદ્વદ્ભાવ થાય છે.

— गो + सु । (પ્રથમા, એ. વ.)→→ गो + स् અહીં ૨૧૩થી સર્વનામસ્થાન સંજ્ઞક सु પ્રત્યયને ણિદ્વદ્ભાવ થશે; કેમ કે આ सु પ્રત્યય ઓકારાન્ત 'गो' શબ્દને લગાડ્યો છે.→આના પરિણામે ૧૮૨. अचो ञ्णिति । થી ओ ને વૃદ્ધિ થશે→ गौ + स्→ રુત્વ, વિસર્ગ = गौः । રૂપ થશે.

— गो + औ । (પ્રથમા દ્વિ. વ.) ૨૧૩ થી णिद्वद्भाव, ૧૮૨.થી ओ ને વૃદ્ધિ→ गौ + औ→ आव् આદેશ→ ग् आव् + औ = गावौ ।

— गो + जस्→ गो + अस्→ गौ + अस्→ ग् आव् + अस् = गावः ।

૨૧૪. ઓ કારાન્ત શબ્દની પાછળ अम् પ્રત્યય કે शस् પ્રત્યય સંબંધી अच् પરમાં રહ્યો હોય ત્યારે (પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં) એકાદેશ રૂપે આકાર થાય છે. જેમ કે, गो + अम् । (દ્વિતીયા, એ. વ.) અહીં ओ (પૂર્ણવર્ણ) અને अ (પર વર્ણ)ના સ્થાનમાં આકાર એકાદેશ રૂપે લગાડીએ તો→ ग् + आ + म् = गाम् । રૂપ સધાશે. गो + औट् (દ્વિતીય, દ્વિ. વ.)માં સર્વનામસ્થાન સંજ્ઞક પરમાં હોઈને ૨૧૩. સૂત્રથી ણિદ્વદ્ભાવ થશે, વૃદ્ધિ થશે→ गौ + औ→ ग् आव् + औ = गाव् + औ→ गावौ । થશે. તથા गौ + शस् (દ્વિતીયા, બ. વ.)માં→ → गो + अस् ૨૧૪.થી આ કાર એકાદેશ→ ग् + आ + स्→ गास् = गाः । રૂપ થાય.

— गो + टा (તૃતીયા, એ. વ.)→ गो + आ→ ग् अव् + आ = गवा ।

— गो + भ्याम् = गोभ्याम् । અને गो + भिस् = गोभिः ।

— गो + ङे (ચતુર્થી, એ. વ.)→ गो + ए→ ग् अव + ए = गवे ।

— गो + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એ. વ.)→ गो + अस्→ અહીં ૧૭૩. ङसिङसोश्च । થી एङ् ની પાછળ ङसि કે ङस् નો अ કાર આવ્યો હોય તો પૂર્વરૂપ એકાદેશ થાય→ ग् + ०ओ० + स्→ गोस् = गोः ॥ વગેરે રૂપો થશે.

प्र०	गौः	गावौ	गावः	च०	गवे	गोभ्याम्	गोभ्यः
सं०	हे गौ	,,	,,	प०	गोः	,,	,,
द्वि०	गाम्	गावौ	गाः	ष०	गोः	गवोः	गवाम्
तृ०	गवा	गोभ्याम्	गोभिः	स०	गवि	,,	गोषु ॥

*

(હવે પુંલિંગ, ऐ કારાન્ત 'रै' (=ધન) શબ્દની રૂપસિદ્ધિ)

૨૧૫. આ (रै) શબ્દને आ કાર અન્તાદેશ રૂપે લાગે છે; જ્યારે હલાદિ વિભક્તિ પ્રત્યય પાછળ રહેલો હોય ત્યારે. જેમકે પ્રથમા વિ. એકવચનમાં જ જોઈએ તો रै + सु → रै + स् । અહીં હલાદિ પ્રત્યય પાછળ છે. એટલે ऐ કારના સ્થાનમાં आ કાર અન્તાદેશ રૂપે પ્રવૃત્ત થશે → र् आ + स् → रास् → રુત્વ, વિસર્ગ = रायः ॥ રૂપ થાય છે.

— रै + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં અજાદિ પ્રત્યય પરમાં છે, તેથી ऐ ના સ્થાને आय् થશે → र् आय् + औ = रायौ । થશે.

— रै + जस् (પ્રથમા બ. વ.) → रै + अस् → र् आय् + अस् = रायः । બનશે.

— रै + भ्याम् (તૃતીયા, ચતુર્થી, પંચમી (દ્વિ. વ.) = → ૨૧૫ થી હલાદિ વિ. પરમાં છે તેથી અન્તાદેશ રૂપે आ થશે → र् आ + भ्याम् = राभ्याम् । વગેરે રૂપો થશે, જેમકે,

प्र० राः	– रायौ	– रायः		च० राये	– राभ्याम्	– राभ्यः
सं० हे राः	– ,,	– ,,		प० रायः	– ,,	– ,,
द्वि० रायम्	– ,,	– ,,		ष० रायः	– रायोः	– रायाम्
तृ० राया	– राभ्याम्	– राभिः		स० रायि	– ,,	– रासु ॥

*

(હવે औ કારાન્ત, પુંલિંગ ग्लौ (ચન્દ્રમા) શબ્દનાં રૂપો જોઈશું :)

— ग्लौ + सु (પ્રથમા એ. વ.) → ग्लौ + स् = ग्लौः ।

— ग्लौ + औ (પ્રથમા દ્વિ. વ.) → आव् આદેશ → ग्ल् आव् + औ = ग्लावौ ।

— ग्लौ + जस् (પ્રથમા બ. વ.) → ग्ल् आव् + अस् = ग्लावः ।

— ग्लौ + भ्याम् (તૃ. ચ. પં., દ્વિ. વ.) → ग्लौभ्याम् । વગેરે રૂપો થાય છે.

प्र० ग्लौः	– ग्लावौ	– ग्लावः		च० ग्लावे	– ग्लौभ्याम्	– ग्लौभ्यः
सं० हे ग्लौः	– ,,	– ,,		प० ग्लावः	– ,,	– ,,
द्वि० ग्लावम्	– ,,	– ,,		ष० ,,	– ग्लावोः	– ग्लावाम्
तृ० ग्लावा	– ग्लौभ्याम्	– ग्लौभिः		स० ग्लावि	– ,,	– ग्लौषु ॥

અહીં સ્વરાન્ત પુંલિંગ પ્રકરણ પૂરું થયું.

*

(વિવરણ) પાણિનિએ 'વાક્ય' શબ્દનો પ્રયોગ કર્યો છે., (वचोऽशब्दसंज्ञायाम् । ૭-૩-૬૭) પણ તેમણે 'વાક્ય' એવી સંજ્ઞા કરનારું કોઈ સૂત્ર રજૂ કર્યું નથી! પણ, સાથે સાથે એ પણ કહેવું જોઈએ કે તેમણે વાક્યના બે મુખ્ય એકમ કોણ કોણ છે તે ૧૪. सुप्तिङन्तम् पदम् । ૧-૪-૧૪માં કહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમણે વાક્યને બે પ્રકારનાં પદોમાં જ વિભક્ત થતું વર્ણવ્યું છે: 'સુબન્ત' અને 'તિઙન્ત'. વળી, આ બે પ્રકારનાં પદો પરસ્પરના ઉપલક્ષ્યમાં – અન્વિતિમાં—કેવી રીતે નિષ્પન્ન થાય છે? એની રૂપસિદ્ધિ પોતાનાં સૂત્રોમાં રજૂ કરી છે. આમ પાણિનીય તન્ત્રમાં (પરસ્પરાન્વિત એવાં) સુબન્ત અને તિઙન્ત પદોની રૂપસિદ્ધિ તપાસો એટલે તમારા હાથમાં વાક્યસિદ્ધિ સહજસિદ્ધ બનીને આવે છે. [અભ્યાસીઓને **"પાણિનીય વ્યાકરણતન્ત્રમાં રૂપાખ્યાન પદ્ધતિ એક અભ્યાસ"** એવા શીર્ષકવાળો મારો સંશોધનલેખ જોવા અનુરોધ છે. જુઓ: 'સ્વાધ્યાય', મ. સ. યુનિ. ઓફ બરોડા. પુસ્તક-૨૭, અંક ૧-૨, ઓકટો. '૮૯ થી જાન્યુ. ૧૯૯૦, પૃ. ૬૩ થી ૮૬]

*

પ્રક્રિયા ગ્રન્થોમાં સુબન્ત-પદોની રૂપસિદ્ધિ—રૂપાખ્યાન—ને છ પ્રકરણોમાં વહેંચી દીધી છે:


૧. અજન્ત પુંલિંગ શબ્દો
૨. અજન્ત સ્ત્રીલિંગ શબ્દો
૩. અજન્ત નપુંસકલિંગ શબ્દો
૪. હલન્ત પુંલિંગ શબ્દો
૫. હલન્ત સ્ત્રીલિંગ શબ્દો
૬. હલન્ત નપુંસકલિંગ શબ્દો.


આમાંથી આપણે 'અજન્ત પુંલિંગ પ્રકરણ'માં જે राम, निर्जर, हरि, शम्भु વગેરે સ્વરાન્ત પુંલિંગ શબ્દો = પ્રાતિપદિકો છે તેમની રૂપસિદ્ધિ જોઈ લીધી. પરંતુ અહીં એ ધ્યાનાસ્પદ છે કે વરદરાજે (ભટ્ટોજિ દીક્ષિતની 'વૈયાકરણસિદ્ધાન્ત-કૌમુદી'ને અનુસરીને) જે ક્રમે અજન્ત શબ્દોની રૂપસિદ્ધિ રજૂ કરી છે તે अ इ उण् । ऋ ऌक् । વગેરે માહેશ્વર સૂત્રોક્ત अच्‌નો = સ્વરોનો ક્રમ છે. જેમ કે, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, (ऌ), (ए),* ओ, ऐ અને औ.


---


* ऌ કારાન્ત અને ए કારાન્ત પુંલિંગનાં ઉદાહરણ રૂપે કોઈ શબ્દ 'લઘુસિદ્ધાન્ત કૌમુદી'માં રજૂ થયા નથી.


अजन्त-पुँल्लिङ्ग-शब्द





























આ જ ક્રમે, હવે અજન્ત સ્ત્રીલિંગ, નપુંસકલિંગ શબ્દોની રૂપસિદ્ધિ પણ રજૂ થશે.

('અજન્ત પુંલિંગ પ્રકરણ' પૂરું થયું)

६

॥ अथ अजन्त-स्त्रीलिङ्गप्रकरणम् ॥

रमा ।

216. औङ आपः । ७-१-१८

आबन्तादङ्गात् परस्यौङः शी स्यात् । 'औङ्' इति 'औ' कारविभक्तेः संज्ञा । रमे । रमाः ।

217. सम्बुद्धौ च । ७-३-१०६

आप एकारः स्यात् सम्बुद्धौ । १३४ 'एङ्ह्रस्वात्०' इति सम्बुद्धिलोपः । हे रमे । हे रमे । हे रमाः ॥ रमाम् । रमे । रमाः ।

218. आङि चापः । ७-३-१०५

आङि ओसि चाप एकारः । रमया । रमाभ्याम् । रमाभिः ।

219. याडापः । ७-३-११३

आपो ङितो याट् । वृद्धिः । रमायै । रमाभ्याम् ३ । रमाभ्यः २ । रमायाः २ । रमयोः २ । रमाणाम् । रमायाम् । रमासु ॥ एवं दुर्गाऽम्बिकादयः ॥

અનુવાદ : (હવે સ્વરાન્ત સ્ત્રીલિંગ શબ્દોની રૂપસિદ્ધિ શીખીશું.) रमा (લક્ષ્મી)–આ 'आ કારાન્ત સ્ત્રીલિંગ' શબ્દ છે.

— रमा + सु (પ્રથમા, એ. વ.)માંથી रमा + स् । થશે. પછી ૧૭૯. हल्ङ्याब्भ्यो ० થી દીર્ઘ आ કારની પાછળ આવેલા सु પ્રત્યય સંબન્ધી અપૃક્તસંજ્ઞક हल् = स् કારનો લોપ થશે → रमा + ० = रमा । રૂપ બને છે.

૨૧૬. आ કારાન્ત અંગની પાછળ આવેલા औङ् પ્રત્યયના સ્થાનમાં शी (= ई) એવો આદેશ થાય છે. 'औङ्'—એ औ કાર રૂપ વિભક્તિ પ્રત્યયો (જેવા કે, औ અને औट्)ની સંજ્ઞા છે. [અર્થાત્ સૂત્રમાં જ્યાં औङ् લખ્યું હોય ત્યાં પ્રથમા, દ્વિતીયા વિ.ના દ્વિવચનના બે પ્રત્યયોનું ગ્રહણ કરવાનું છે.]

— रमा + औ । (પ્રથમા દ્વિ. વ.)માં ૨૧૬, સૂત્રથી આકારાન્ત અંગ = રમાની પાછળ આવેલા औ પ્રત્યયને शी આદેશ કરીશું (शी માંથી श् અનુબન્ધની ઇત્સંજ્ઞા થશે, લોપ થશે. તેથી તે शित् આદેશ કહેવાશે, અને अनेकाल् शित्सर्वस्य । ની સૂચનાથી આખા औ પ્રત્યયના સ્થાનમાં થશે.) –रमा + शी → रमा + ई → ગુણ आद्गुणः । → रमे ॥ રૂપ થશે.

— रमा + जस् । (પ્રથમા બ. વ.)માં दीर्घाज्जसि च । થી પૂર્વસવર્ણ દીર્ઘનો નિષેધ થશે, પછી अकः सवर्णे दीर्घः । લાગશે → रमा + अस् → रमास् = रमाः । બનશે.

૨૧૭. આ કારાન્ત અંગને એકાર થાય છે; જો 'सम्बुद्धि' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં હોય તો. જેમ કે, हे रमा + सु → સંબુદ્ધિસંજ્ઞા → ૨૧૭.થી आ ने एत्व થશે → हे रमे + स् → ૧૩૪.થી एङन्त અંગ 'रमे'ની પાછળ આવેલા 'सम्बुद्धि'ના स् કાર રૂપ हल् નો લોપ થાય છે → हे रमे + ० = हे रमे । રૂપ સિદ્ધ થાય છે.

हे रमा + औ । અને हे रमा + जस् । ની રૂપસિદ્ધિ પૂર્વવત્ કરવાથી हे रमे । અને हे रमाः । રૂપો બને છે.

— रमा + अम् । (દ્વિતીયા એ. વ.)માં अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદેશ → रमाम् । બનશે.

— रमा + औट् । (દ્વિતીયા દ્વિ. વ.)માં ૨૧૬.થી औ ને शी થશે → रमा + शी → रमा + ई → ગુણ → रमे ।

— रमा + शस् । (દ્વિતીયા બ. વ.)માં પૂર્વોક્ત રીતે સવર્ણ દીર્ઘ → रमा + अस्

रमास् → रमाः ॥

૨૧૮. आङ् (= टा) કે ओस् પ્રત્યય પરમાં હોય ત્યારે, આ કારાન્ત અંગને ए કાર આદેશ થાય છે.

— रमा + टा । (તૃતીયા એ. વ.)માં, "आङ् એ टा પ્રત્યયની સંજ્ઞા છે" આથી પ્રસ્તુત ૨૧૮. સૂત્રથી रमे + आ થશે → પછી ए ના સ્થાનમાં अय् → रम् अय् + आ = रमया । થશે.

— रमा + भ्याम् । (તૃતીયા દ્વિ. વ.) = रमाभ्याम् ।

— रमा + भिस् । (તૃતીયા બ. વ.) → रमाभिस् → रमाभिः ।

૨૧૯. આ કારાન્ત અંગની પાછળ આવેલા ङित् પ્રત્યયો (જેવા કે, ङे, ङसि, ङस् અને ङि)ને याट् આગમ થાય છે.

— रमा + ङे । (ચતુર્થી એ. વ.) → रमा + ए → ૨૧૯.થી याट् આગમ रमा + या ए → वृद्धिरेचि । થી વૃદ્ધિ થશે → रमा + यै = रमायै । રૂપ થશે.

— रमा + भ्याम् । (તૃતીયા, ચતુર્થી, પંચમી દ્વિવચનમાં) = रमाभ्याम ।

— रमा + भ्यस् । (ચતુર્થી, પંચમી બ. વ.) = रमाभ्यः ।

— रमा + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એ. વ.) → रमा + अस् → ङित् પ્રત્યય પરમાં છે તેથી ૨૧૯થી याट् આગમ → रमा + या अस् → સવર્ણ દીર્ઘ → रमा + यास् = रमायाः ।

— रमा + ओस् । (ષષ્ઠી અને સપ્તમી દ્વિવચન)માં ૨૧૮. સૂત્રથી, ओस् પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે પણ આ કારાન્ત અંગને एत्व થશે → रमे + ओस् → ए કારને अय् આદેશ → रम् अय् + ओस् → रमयोस् = रमयोः ।

— रमा + आम् । (ષષ્ઠી બ. વ.)માં ह्रस्वनद्यापो नुट् । થી આबन्त અંગની પાછળ આવેલા आम् ને नुट् આગમ થશે → रमा + न आम् → रमा + नाम् → રેફની પરમાં न ને ण થશે → रमाणाम् ।

— रमा + ङि । (સપ્તમી એ. વ.) માં ङेराम्नद्याम्नीभ्यः । થી ङि ને आम् આદેશ → रमा + आम् । પછી आम् માં સ્થાનિવદ્ભાવથી ङित्व લાવીશું, તો ङित् પ્રત્યય પરમાં છે એમ જોઈને ૨૧૯. થી याट् આગમ → रमा + या आम् → સવર્ણ દીર્ઘ → रमा + याम् = रमायाम् । બને છે.

— रमा + सु । (સપ્તમી બ. વ.) માં रमा નો આ કાર इण् પ્રત્યાહારમાં આવેલો નથી, તેથી आदेशप्रत्यययोः । થી षत्व થતું નથી → આથી रमासु । એવું રૂપ જ રહે છે. આ જ પ્રમાણે, दुर्गा, अम्बिका । વગેરે આ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દોનાં રૂપો પણ સિદ્ધ કરવામાં આવે છે.

रमा (સ્ત્રીલિંગ, આ કારાન્ત શબ્દ)

प्र०	रमा	रमे	रमाः	च०	रमायै	रमाभ्याम्	रमाभ्यः
सं०	हे, रमे	रमे	रमाः	पं०	रमायाः	,,	,,
द्वि०	रमाम्	रमे	रमाः	ष०	रमायाः	रमयोः	रमाणाम्
तृ०	रमया	रमाभ्याम्	रमाभिः	स०	रमायाम्	,,	रमासु

220. सर्वनाम्नः स्याड्ढ्रस्वश्च । ७-३-११४

आबन्तात् सर्वनाम्नो ङितः 'स्याट्' स्याद्, आपश्च ह्रस्वः । सर्वस्यै । सर्वस्याः । सर्वासाम् । सर्वस्याम् । शेषं रमावत् ॥ एवं विश्वादयः आबन्ताः ॥

221. विभाषा दिक्समासे बहुव्रीहौ । १-१-२८

सर्वनामता वा । उत्तरपूर्वस्यै-उत्तरपूर्वायै * तीयस्येति वा * संज्ञा । द्वितीयस्यै-द्वितीयायै । एवं तृतीया । १९५ अम्बार्थेति ह्रस्वः । हे अम्ब । हे अक्क । हे अल्ल ॥ जरा । जरसौ इत्यादि । पक्षे हलादौ च रमावत् ॥ गोपा विश्वपावत् ॥

અનુવાદ : २२०. આ કારાન્ત સર્વનામની પાછળ આવેલા ङित् પ્રત્યયો (જેવા કે, ङे, ङसि, ङस् અને ङि) ને 'स्याट्' આગમ લાગે છે; તથા (પ્રકૃતિમાંના આપ્ પ્રત્યયમાંના) આ કારને હ્રસ્વ થાય છે.

[सर्व, विश्व વગેરે હ્રસ્વ अ કારાન્ત સર્વનામ વાચક શબ્દોને સ્ત્રીલિંગમાં ફેરવવા માટે આપ્ = 'आ' પ્રત્યય જોડવામાં આવે છે : सर्व + आ = सर्वा । 'બધી છોકરીઓ જાય છે' सर्वाः कन्याः गच्छन्ति । એમ કહેવા આ सर्वा શબ્દ વપરાશે. તેના રૂપો પણ રમા ની જેમ જ થાય છે, પણ જ્યાં જ્યાં રૂપમાં તફાવત પડે એમ છે એની હવે પ્રક્રિયા દર્શાવવામાં આવે છે :–]

— सर्वा + ङे । (ચતુર્થી, એકવચન) → सर्वा + ए → આ કારાન્ત સર્વનામ 'सर्वा'ની પાછળ અહીં ङित् પ્રત્યય આવેલો છે તેથી २२० માં સૂત્રથી તે ङित् પ્રત્યય–ए કાર–ને स्याट् આગમ થશે; તથા सर्वा પ્રકૃતિના आ કારને હ્રસ્વાદેશ થશે → सर्व + स्याट् ए → सर्व + स्या ए । (અહીં स्याट् આગમ टित् છે, તેથી પ્રત્યયનો આદિ અવયવ બનાવ્યો છે.) હવે सर्व + स्या ए । માં वृद्धिरेचि । થી વૃદ્ધિ થશે તો सर्व + स्यै = सर्वस्यै । રૂપ બની જાય છે.

— सर्वा + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એકવચન) → सर्वा + अस् । અહીં પણ આબન્ત સર્વનામ सर्वाની પાછળ જેમાંથી ङ કારની ઈત્સંજ્ઞા થઈ છે તેવા ङसि કે ङस् પ્રત્યયો' (= ङित् પ્રત્યયો) પરમાં આવેલા છે; તેથી २२० થી ઉપર્યુક્ત બે વિધિઓ થશે → १, सर्वाમાં હ્રસ્વ થઈને सर्व થશે, અને

૨. ङित् પ્રત્યયોને स्याट् આગમ થશે–તો सर्व + स्या अस् ; પછી સવર્ણ-દીર્ઘ → सर्व + स्यास् । પછી स् ને रु > र् અને વિસર્ગ થઈને सर्व + स्याः = सर्वस्याः । રૂપ બની જશે.

— सर्वा + आम् । (ષષ્ઠી બહુવચનમાં) ૧૫૫. સૂત્રથી 'સર્વનામની પાછળ આવેલા आम् ને सुट् આગમ થશે → सर्वा + सुट् आम् → सर्वा + स् आम् = सर्वासाम् । રૂપ થશે.

— सर्वा + ङि । (સપ્તમી, એકવચન) → सर्वा + इ । અહીં ૨૨૦. થી આ કારને હ્રસ્વાદેશ અને ङित् પ્રત્યયને स्याट् આગમ કરીશું → सर्व + स्या इ । → પછી ૧૯૮. ङेराम् नद्याम्नीभ्यः । થી ङि પ્રત્યય (= इ કાર)ને સ્થાને आम् આદેશ થશે → सर्व + स्या आम् → સવર્ણ દીર્ઘ થતાં सर्व + स्याम् = सर्वस्याम् । રૂપ બને છે.

આ સિવાયનાં રૂપો रमा નાં રૂપોની જેમ જ થાય છે. જેથી—

प्र०	सर्वा	– सर्वे	– सर्वाः	च०	सर्वस्यै	– सर्वाभ्याम्	– सर्वाभ्यः
सं०	हे सर्वे	– सर्वे	– सर्वाः	प०	सर्वस्याः	– ,,	– ,,
द्वि०	सर्वाम्	– ,,	– ,,	ष०	सर्वस्याः	– सर्वयोः	– सर्वासाम्
तृ०	सर्वया	– सर्वाभ्याम्	– सर्वाभिः	स०	सर्वस्याम्	– ,,	– सर्वासु ॥

આ જ પ્રમાણે विश्वा વગેરે आबन्त = આ કારાન્ત સર્વનામોનાં રૂપો પણ સિદ્ધ કરી લેવાં.

*

૨૨૧. બહુવ્રીહિ સમાસમાં જે 'દિક્સમાસ' થાય છે, તેમની વિકલ્પે 'સર્વ-નામ' સંજ્ઞા થાય છે.

[उत्तरपूर्वयोः दिशयोः अन्तरालम् । 'ઉત્તર અને પૂર્વાદિશાની વચ્ચેનો ખૂણો–ભાગ'–ઈશાનકોણ' તેને उत्तरपूर्वा (दिक्) કહે છે. અહીં दिङ्नामान्यन्तराले । સૂત્રથી 'અન્તરાલ અર્થમાં દિશાવાચક 'उत्तर' અને पूर्व શબ્દોનો બહુવ્રીહિ સમાસ થયો છે :' उत्तरपूर्वा । આ સામાસિક શબ્દની વિભાષા = વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થાય છે.]

उत्तरपूर्वा શબ્દ પણ આ કારાન્ત સ્ત્રીલિંગ છે. તેની વિકલ્પે સર્વનામ સંજ્ઞા કરવાની હોવાથી, એક પક્ષમાં सर्वा ની જેમ તેનાં રૂપો ચાલશે; અને બીજા પક્ષમાં તેનાં रमा ની જેમ રૂપો ચાલશે :

उत्तरपूर्वा + ङे । (ચતુર્થી એ. વ.)

उत्तरपूर्वा + ए ↑ સર્વનામ સંજ્ઞા) પછી ૨૨૦ સૂત્રથી– उत्तरपूर्व + स्या ए वृद्धि उत्तरपूर्व + स्यै = उत्तरपूर्वस्यै ।	उत्तरपूर्वा + ए ↑ (સર્વનામ સંજ્ઞાનો અભાવ) याडापः । થી ङित् પ્રત્યયને याट् આગમ થશે. उत्तरपूर्वा + या ए वृद्धि उत्तरपूर्वा + यै उत्तरपूर्वायै ।

આ જ પ્રમાણે, उत्तरपूर्वा + ङसि કે ङस् હોય ત્યારે પણ 'સર્વનામ' સંજ્ઞા વિકલ્પે થશે, અને પરિણામે उत्तरपूर्वस्याः – उत्तरपूर्वायाः । રૂપો બનશે. તથા उत्तरपूर्वा + आम् । માંથી उत्तरपूर्वासाम्–उत्तरपूर्वाणाम् । રૂપો બનશે. અને સપ્તમીમાં उत्तर-पूर्वा + ङि । માંથી પણ उत्तरपूर्वस्याम्–उत्तरपूर्वायाम् । એવાં દ્વિવિધ રૂપો બનશે.

વાર્તિક : तीयस्य ङित्सु वा । આવા વચનથી 'तीय' પ્રત્યયાંત (द्वितीया, तृतीया જેવા) શબ્દોની પણ વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થાય છે; જ્યારે ङित् પ્રત્યયો (ङे, ङसि, ङस् કે ङि પ્રત્યયો) પરમાં રહેલા હોય ત્યારે.

પરિણામે द्वितीया + ङे । માંથી द्वितीयस्यै । રૂપ પણ બનશે; અને વિકલ્પે (रमा ની જેમ) द्वितीयायै । પણ બનશે. આ જ પ્રમાણે, तृतीया । શબ્દની પણ, ङित् પ્રત્યય પરમાં રહેતાં વિકલ્પે 'સર્વનામ' સંજ્ઞા થાય છે. પછી એના ફળ રૂપે तृतीयस्यै અને तृतीयायै । જેવાં દ્વિવિધ રૂપો બને છે.

*

अम्बा, अक्का અને अल्ला । એ ત્રણ અમ્બાર્થક (માતૃ–અર્થના વાચક) શબ્દો છે. તેમનાં રૂપો रमा ની જેમ જ ચાલે છે; કેવળ સમ્બોધનનું રૂપ બનાવીએ ત્યારે हे अम्बा + सु । માં ૧૯૫. अम्बार्थनद्योर्ह्रस्वः । સૂત્રથી अम्बा શબ્દના आ કારને હ્રસ્વાદેશ થાય છે → हे अम्ब + सु → हे अम्ब + स् → પછી ૧૭૯, થી स् નો લોપ કરીશું તો हे अम्ब + ० = हे अम्ब । રૂપ બને છે.

આ જ પ્રમાણે, માતૃ–અર્થના વાચક अक्का–अल्ला શબ્દોનાં સમ્બુદ્ધિમાં हे अक्क । हे अल्ल । રૂપો થાય છે.

*

जरा (વૃદ્ધાવસ્થા)–આ પણ આ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ છે.

— जरा + सु । (પ્રથમા. એ. વ.)→ जरा + स् । ૧૭૯. થી स् નો લોપ થશે, તો जरा । રૂપ બની જશે.

— जरा + औ । (પ્રથમા, દ્વિ. વ.)→ ૧૬૧. जराया: 'जरस्' अन्यतरस्याम् । સૂત્રથી "અજાદિ પ્રત્યય પરમાં રહેતાં जरा શબ્દને વિકલ્પે जरस् આદેશ થાય છે."→ जरस् + औ = जरसौ । વગેરે રૂપો બને છે.

હવે ૧. જ્યાં जरस् આદેશ નહીં થાય એ પક્ષમાં; અને ૨. જ્યાં હલાદિ भ्याम्, भिस्, भ्यस् કે सु પ્રત્યયો પરમાં રહ્યા હશે ત્યાં रमा ની જેમ રૂપો ચાલશે. જેમકે,

प्र०	जरा —	जरसौ जरे	जरसः । जराः ।
सं०	हे जरे	,,	,,
द्वि०	जरसम् जराम्	,,	,,
तृ०	जरसा जरया	जराभ्याम्	जराभिः
च०	जरसे जरायै	जराभ्याम्	जराभ्यः
पं०	जरसः जरायाः	,,	,,
ष०	,, ,,	जरसोः जरयोः	जरसाम् जराणाम्
स०	जरसि जरायाम्	,,	जरासु ॥

गोपा (ગોપજાતિની સ્ત્રી, ગાયનું રક્ષણ કરનારી) શબ્દ પણ આ કારાન્ત સ્ત્રીલિંગ છે; અને તેનાં રૂપો પુંલિંગ विश्वपा નાં રૂપની જેમ જ ચાલે છે.

मतीः । मत्या ।

222. ङिति ह्रस्वश्च । १–४–६

इयङुवङ्स्थानौ स्त्रीशब्दभिन्नौ नित्यस्त्रीलिङ्गावीदूतौ, ह्रस्वौ च इवर्णोवर्णौ स्त्रियां वा नदीसंज्ञौ स्तो ङिति । मत्यै, मतये । मत्याः २, मतेः २ ।

223. इद्–उद्भ्याम् । ७–३–११७

इद्–उद्भ्यां नदीसञ्ज्ञकाभ्यां परस्य ङेराम् । मत्याम्, मतौ । शेषं हरिवत् । एवं बुद्ध्यादयः ।

224. त्रि–चतुरोः स्त्रियां तिसृचतसृ । ७–२–९९

स्त्रीलिङ्गयोरेतयोरेतौ स्तो, विभक्तौ ।

225. अचि र ऋतः । ७–२–१००

'तिसृ'–'चतसृ' एतयोर्ऋकारस्य रेफादेशः स्यादचि । गुण–दीर्घो–त्वानाम् अपवादः । तिस्रः । तिस्रः । तिसृभिः । तिसृभ्यः । तिसृभ्यः । आमि नुट् ।

226. न तिसृचतसृ । ६—४—४

एतयोर्नामि दीर्घो न । तिसृणाम् । तिसृषु । द्वे । द्वे । द्वाभ्याम् ३ । द्वयोः २ ।

(હવે હ્રસ્વ इ કારાન્ત, સ્ત્રીલિંગ मति = બુદ્ધિ શબ્દનાં રૂપોની પ્રક્રિયા તપાસીશું :)

અનુવાદ : मति + शस् । (દ્વિતીયા, બ.વ.→૧૨૬. થી પૂર્વ સવર્ણ દીર્ઘ मति + अस्→मतीस् । (અહીં પુંલિંગ શબ્દ નહીં હોવાથી ૧૩૭. થી शस् ના स् કારને न् કાર થતો નથી)→रुत्व, વિસર્ગ થઈને मतीर् = मतीः । રૂપ બને છે.

मति + टा । (તૃતીયા, એ.વ.) मति + आ—યણાદેશ→मत्य् + आ = मत्या । રૂપ બને છે.

૨૨૨. (૧) इयङ् કે उवङ् પ્રવૃત્ત થયા હોય તેવાં સ્થાનોવાળા, 'स्त्री' શબ્દ સિવાયના જે નિત્ય સ્ત્રીલિંગમાં રહેનારા દીર્ઘ ईकारान्त કે દીર્ઘ ऊ કારાન્ત શબ્દો હોય; (દા.ત. श्री, सुधी, भ्रू) **અને** (૨) સ્ત્રીલિંગમાં વપરાયાં હોય એવા જે હ્રસ્વ इ કારાન્ત અને હ્રસ્વ उ કારાન્ત શબ્દો હોય (દા.ત. मति, धेनु) તેમની વિકલ્પે 'नदी' સંજ્ઞા થાય છે; જો ङित् પ્રત્યયો પરમાં રહેલા હોય તો.

मति + ङे । (ચતુર્થી, એ.વ.) અહીં ङित् પ્રત્યય પરમાં રહ્યો છે ત્યારે સ્ત્રીલિંગમાં રહેલા હ્રસ્વ इ કારાન્ત मति શબ્દની વિકલ્પે नदी સંજ્ઞા થશે (વિપક્ષમાં—એટલે કે જ્યારે આ શબ્દની 'नदी' સંજ્ઞા નહીં થાય ત્યારે—તેની 'घि' સંજ્ઞા થશે, અને એ મુજબ પણ રૂપ ચાલશે.) તો.

मति + ङे

मति + ए	मति + ए
૧. ('नदी' સંજ્ઞા થશે ત્યારે)	૧. (घि સંજ્ઞા થશે ત્યારે)
૨. आण्नद्याः । થી ङित् ને आट्	૨. घेर्ङिति । થી ङित् પ્રત્યય પરમાં રહેતાં घि સંજ્ઞક અંગને ગુણ मते + ए
૩. આગમ, પછી आटश्च । થી वृद्धि मति + आ ए→मति + ऐ	૩. एचोऽयवायावः । થી अय् આદેશ मत् अय् + ए = मतये ॥
૪. યણાદેશ થશે. मत्य् + ऐ = मत्यै ।	

— मति + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એ.વ.)માં પણ વિકલ્પે 'नदी' સંજ્ઞા થશે. તો मति + अस् માં आट् આગમ, વૃદ્ધિ, યણાદેશ, રુત્વ વિસર્ગ થશે→ मति + आ अस्→मति + आस्→मत्य् + आस्→मत्यास्→मत्यार्→ मत्याः । રૂપ થશે.

જ્યારે 'नदी' સંજ્ઞા નહીં થાય ત્યારે તેની घि સંજ્ઞા થશે તો मति + अस् માં ગુણ, मते + अस्→ङसिङसोश्च । થી પૂર્વરૂપ એકાદેશ मतेस्→અને રુત્વ–વિસર્ગ થઈને मतेर्→मतेः । રૂપ બને છે.

૨૨૩. નદી સંજ્ઞક હ્રસ્વ इ કાર અને હ્રસ્વ उ કારની પાછળ આવેલા ङि પ્રત્યયને (વિકલ્પે) आम् આદેશ થાય છે.

— मति + ङि । (સપ્તમી, એ. વ. मतिની વિકલ્પે) 'नदी' સંજ્ઞા થઈ છે, તેથી પ્રકૃત ૨૨૩. સૂત્રથી ङि ને आम् કરીશું→मति + आम् । પછી યણાદેશ→ मत्य् + आम् = मत्याम् । [અહીં જો કે ङेराम्नद्याम्नीभ्यः । ૭–૩–૧૧૬ સૂત્રથી પણ ङि ને आम् આદેશ પ્રાપ્ત હતો, પણ તેનો બાધ કરનારા ૧૮૪. औत् । ૭–૩–૧૧૮ એવા પર સૂત્રથી ङि ને औत् આદેશ પ્રાપ્ત થાય છે. આથી આ ૨૨૩. સૂત્ર રજૂ કરીને ङिને आम् આદેશ કહેવાયો છે.]

— मति + ङि । અહીં ૨૨૨.થી मतिની 'नदी' સંજ્ઞા નહીં થાય ત્યારે વિપક્ષમાં घि સંજ્ઞા થશે. પછી अच्च घेः । સૂત્રથી ङि પ્રત્યયને औ કારાદેશ, અને मतिના इ કારને अ કાર આદેશ→ मत् अ + औ→વૃદ્ધિ થશે→मतौ । રૂપ બની જશે.

આ સિવાય, બાકીનાં રૂપો हरि શબ્દનાં રૂપો જેવાં જ થાય છે. તથા मतिની જેમ જ बुद्धि, धृति, कृति, प्रणति, भूति, कीर्ति, क्षान्ति, गति વગેરે શબ્દોનાં રૂપો પણ ચાલે છે.

प्र०	मतिः – मती – मतयः	च०	मत्यै/मतये – मतिभ्याम् – मतिभ्यः
सं०	हे मते – मती – मतयः	पं०	मत्याः/मतेः – ,, – ,,
द्वि०	मतिम् – मती – मतीः	ष०	,, / ,, – मत्योः – मतीनाम्
तृ०	मत्या – मतिभ्याम् – मतिभिः	स०	मत्याम्/मतौ – ,, – मतिषु ॥

૨૨૪. त्रि અને चतुर् શબ્દોનો સ્ત્રીલિંગમાં પ્રયોગ થયો હોય ત્યારે, તેમની પાછળ કોઈ પણ વિભક્તિ પ્રત્યય જોડતી વખતે તેમને અનુક્રમે तिसृ અને चतसृ એવા આદેશો થાય છે.

[નોંધ : त्रि અને चतुर् શબ્દો 'ત્રણ' અને 'ચાર' સંખ્યાના વાચક છે. તેથી તેમનાં રૂપો કેવળ બહુવચનમાં જ ચાલે છે એ ધ્યાનમાં રાખવું]

૨૨૫. જે तिसृ અને चतसृ એવા આદેશો છે. તેમના ऋકારના સ્થાનમાં રેફ આદેશ થાય છે; જો अच् પરમાં હોય તો. આ રેફાદેશ કરનારો વિધિ ગુણ, દીર્ઘ, અને उत्वનો અપવાદ (= બાધક) છે.

— त्रि + जस् । (પ્રથમા, બ.વ.)માં त्रि શબ્દ 'ત્રણ (સ્ત્રીઓ)' અર્થમાં, એટલે કે સ્ત્રીલિંગમાં વપરાયો છે, અને તેની પાછળ વિભક્તિ સંજ્ઞક પ્રત્યય જોડવો છે. તો ૨૨૪. સૂત્રથી तिसृ આદેશ થશે→तिसृ + अस्→પછી ૨૨૫. સૂત્રથી, अच् પરમાં રહેલો છે તેથી ऋને રેફાદેશ કરીશું તો →तिसृर् + अस्→तिस्र् + अस्→तिस्र + स् રુત્વ, વિસર્ગ થઈને तिस्रः । રૂપ બને છે.

— त्रि + शस् । માં પણ પૂર્વવત્ વિધિ થશે અને तिस्रः । રૂપ થાય છે.

— त्रि + भिस् । (તૃતીયા, બ.વ.)માં પણ ૨૨૪.થી तिसृ + भिस् । થઈને तिसृभिः । રૂપ બનશે.

— त्रि + भ्यस् । (ચતુર્થી, પંચમી બ.વ.) અહીં પણ ૨૨૪.થી त्रिને तिसृ આદેશ થઈને तिसृभ्यः । રૂપ બને છે.

— त्रि + आम् । (ષષ્ઠી, બ.વ.)માં ह्रस्वनद्यापो नुट् । સૂત્રથી नुट् આગમ થશે तिसृ + न आम् । પછી–(नामि । સૂત્રથી અજન્ત અંગને દીર્ઘ થવા આવશે. ત્યારે)

૨૨૬. नाम् પ્રત્યય પરમાં રહેતાં, तिसृ અને चतसृ એવા આદેશોને દીર્ઘ થતો નથી. તેથી तिसृ + नाम् । માં દીર્ઘ થશે નહીં, અને *ऋवर्णान्नस्य णत्वं वाच्यम् * । એવા (૨૨૧.માં સૂત્ર ઉપરના) વાર્તિકથી ऋ વર્ણની પાછળ આવેલા न् કારને ण् કાર આદેશ કહેવામાં આવે છે. તો तिसृणाम् । રૂપ બની જશે.

[નોંધ : तिसृ + आम् । એ સ્થિતિમાં अचि र ऋतः । ૭-૨-૧૦૦ સૂત્રથી, (अच् પરમાં છે તેથી) ऋને રેફ આદેશ થવા આવે છે; તથા ह्रस्वनद्यापो नुट् ।

૭–૧–૫૪ સૂત્રથી હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા आम् ને नुट् આગમ પણ થવા આવે છે. આ સ્થિતિમાં विप्रतिषेधे परं कार्यम् । ૧–૪–૨ની સૂચના મુજબ ૭–૧–૫૪ની અપેક્ષાએ જે પાછળ આવેલું = પરસૂત્ર ૭–૨–૧૦૦ છે, તે જ પ્રવૃત્ત થવું જોઈએ = तिसृ र् + आम् થવું જોઈએ. પણ અગાઉ ૨૦૯. ઉપર મૂકેલા * नुम्–अचि र–तृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । * એવા વાર્તિકથી, अचि र વિધિ પર સૂત્રોક્ત હોવા છતાંય પૂર્વસૂત્રોક્ત नुट् જ પ્રવૃત્ત થાય છે. तिसृ + न् आम् જેથી तिसृणाम् । રૂપ જ બને છે.]

— त्रि + सु । (સપ્તમી બ.વ.) ૨૨૪.થી तिसृ આદેશ અને आदेशप्रत्यययोः । થી षत्व → तिसृषु । રૂપ બની જશે. આ જ પ્રમાણે, સ્ત્રીલિંગમાં चतुर् શબ્દનાં પણ પ્र० चतस्रः । द्वि० चतस्रः । तृ० चतसृभिः । च० चतसृभ्यः । पं० चतसृभ्यः । ष० चतसृणाम् । स० चतसृषु । રૂપો બને છે.

— द्वि હ્રસ્વ इ કારાન્ત સ્ત્રીલિંગ 'બે (કન્યા)' અર્થવાળો શબ્દ લઈએ તો તેનાં રૂપો કેવળ દ્વિવચનમાં જ ચાલશે.

द्वि + औ । (પ્રથમા, દ્વિતીયા દ્વિ. વ.) → ૧૯૩. त्यदादीनाम् अः । થી द्वि ને अत्व થતાં द्व + औ, પછી આ द्वि શબ્દને સ્ત્રીલિંગમાં ફેરવનારો ૧૨૪૮. अजाद्यतष्टाप् । સૂત્રોક્ત टाप् (= आ) પ્રત્યય લાગશે → द्व आ + औ → સવર્ણ દીર્ઘ द्वा + औ ।

પછી ૨૧૬. औङ आपः । થી आप् પ્રત્યયાન્ત द्वा અંગની પાછળ આવેલા औ ને शी > ई આદેશ થશે → द्वा + ई → ગુણ થશે તો द्वे । રૂપ બની જશે.

— द्वि + भ्याम् । (તૃતીયા, ચતુર્થી, પંચમી દ્વિ.વ.) → પૂર્વવત્ द्व + भ्याम् → द्व आ + भ्याम् = द्वाभ्याम् । રૂપ બને છે.

— द्वि + ओस् । (ષષ્ઠી, સપ્તમી દ્વિ.વ.)માં પણ द्व + ओस् → द्वा + ओस् પછી ૨૧૮. आङि (ओसि) चापः । સૂત્રથી एत्व વિધિ ← द्वे + ओस् → अय् આદેશ. द्व् अय् + ओस् → द्वयोस् → द्वयोः । રૂપ બને.

गौरी-गौर्यौ-गौर्यः । हे गौरि । गौर्यै इत्यादि । एवं नद्यादयः ॥ लक्ष्मीः । शेषं गौरीवत् । एवं तरीतन्त्र्यादयः ॥ स्त्री । हे स्त्रि ।

227. स्त्रियाः । ६-४-७९

अस्येयङ् स्याद् अजादौ प्रत्यये परे । स्त्रियौ । स्त्रियः ।

228. वाऽम्-शसोः । ६-४-८०

अमि शसि च स्त्रिया इयङ् वा स्यात् । स्त्रियम्-स्त्रीम् । स्त्रियः-स्त्रीः । स्त्रिया । स्त्रियै । परत्वान्नुट्-स्त्रीणाम् । स्त्रीषु ॥ श्रीः । श्रियौ । श्रियः ।

229. नेयङुवङ्स्थानावस्त्री । १-४-४

इयङ्-उवङोः स्थितिर्ययोस्तावीदूतौ नदीसंज्ञौ न स्तः न तु स्त्री । हे श्रीः । श्रियै-श्रिये । श्रियाः २-श्रियः २ ।

230. वाऽमि । १-४-५

इयङ्-उवङ्स्थानौ स्त्र्याख्यौ यू आमि वा नदीसंज्ञौ स्तः, न तु स्त्री । श्रीणाम्-श्रियाम् । श्रियाम्-श्रियि ॥ धेनुर्मतिवत् ॥

અનુવાદ : ગૌરી—દીર્ઘ ई કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ, (તેથી यू स्त्र्याख्यौ नदी । સૂત્રથી તેની 'નદી' સંજ્ઞા થશે.) તેનાં રૂપોની પ્રક્રિયા બહુશ્રેયસીની જેમ જ થાય છે. (જુઓ: સૂત્ર ૧૯૪ થી ૧૯૮, પૃ. ૨૨૭)

प्र०	गौरी —	गौर्यौ —	गौर्यः	च०	गौर्यै — गौरीभ्याम् —	गौरीभ्यः
सं०	हे गौरि —	,, —	,,	पं०	गौर्याः — ,, —	,,
द्वि०	गौरीम् —	,, —	गौरीः	ष०	,, — गौर्योः —	गौरीणाम्
तृ०	गौर्या —	गौरीभ्याम् —	गौरीभिः	स०	गौर्याम् — ,, —	गौरीषु ॥

આ જ પ્રમાણે નદી, પાર્વતી, ઇન્દુમતી, વિદ્યાર્થિની, દમયન્તી વગેરે દીર્ઘ ई કારાન્ત 'નદી' સંજ્ઞક શબ્દોનાં રૂપો પણ સિદ્ધ થાય છે.

પરંતુ લક્ષ્મી, અવં, તન્ત્રી, તરી, ધી હ્રી, શ્રી જેવા દીર્ઘ ई કારાન્ત શબ્દો (નદી સંજ્ઞક હોવા છતાંય તેમ)ની કેવળ પ્રથમા એકવચનમાં રૂપસિદ્ધિ થોડીક

જુદી થાય છે.* लक्ष्मी + सु । (પ્રથમા એ. વ.)માં लक्ष्मी + स् । એ સ્થિતિમાં १७८. हल्ङ्याब्भ्यो दीर्घात् सुतिस्यपृक्तं हल् । આ સૂત્રથી 'सु' પ્રત્યય-સંબંધી અપૃક્તસંજ્ઞક हल् = स् કારનો લોપ થતો નથી. [કારણ કે આ સૂત્રમાં તો કહ્યું છે કે ङी પ્રત્યયથી બનેલા દીર્ઘ ई કારાન્ત શબ્દની પાછળ આવેલા सु ના स्‌નો લોપ થાય છે. જ્યારે लक्ष्मी (વગેરે ઉપર્યુક્ત સાત શબ્દો) તો સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગીને બનેલા જ નથી (તે તો ઉણાદિ પ્રત્યય લાગીને બનેલા છે).] તો लक्ष्मी + स् । માં રુત્વ વિસર્ગ થઈને लक्ष्मीः । રૂપ જ બનશે. આ પછીનાં તમામ રૂપો ગૌરીની જેમ જ થશે. તથા लक्ष्मीની જેમ જ तरी, तन्त्री વગેરે શબ્દોનાં પણ રૂપો થશે.

*

દીર્ઘ ई કારાન્ત, સ્ત્રીલિંગ 'स्त्री' શબ્દનાં રૂપોમાં પણ થોડીક નવીનતા જોવા મળે છે. આથી હવે તેની રૂપસિદ્ધિ જોઈશું :

— स्त्री + सु । (પ્રથમા એ. વ.) स्त्री + स् → १७८.થી स्‌નો લોપ → स्त्री ॥*

— हे स्त्री + सु । (સંબોધન, એ. વ.) हे स्त्री + स् → अम्बार्थनद्योर्ह्रस्वः । થી નદીસંજ્ઞક स्त्री શબ્દને હ્રસ્વાદેશ થાય છે : हे स्त्रि + स् । → પછી एङ्ह्रस्वात् सम्बुद्धेः । થી હ્રસ્વાન્ત અંગની પરમાં આવેલા સમ્બુદ્ધિના स् કારનો લોપ થાય છે → हे स्त्रि । એવું રૂપ બને છે.

---

* अवी–तन्त्री–तरी–लक्ष्मी–धी–ह्री–श्रीणामुणादितः ।
अपि स्त्रीलिङ्गवृत्तीनां सोर्लोपो न कदाचन ॥

અવી = ઘેટી, तन्त्री = વીણા, तरी = નૌકા, लक्ष्मी = ધનની દેવી, धी = બુદ્ધિ, ह्री=લજ્જા, श्री = શોભા, लक्ष्मी આ સાત શબ્દો ઉણાદિ પ્રત્યયોથી સિદ્ધ થાય છે, આ શબ્દોનો સ્ત્રીલિંગમાં પ્રયોગ થયો હોય ત્યારે તેમની પરમાં આવેલા सु પ્રત્યયનો લોપ થતો નથી.

* અહીં પ્રશ્ન થાય છે કે लक्ष्मीમાં પ્રથમા વિ.ના सु નો લોપ થતો નથી અને लक्ष्मीः । રૂપ બને છે. પણ स्त्री શબ્દના પ્રથમ વિ.ના सु નો લોપ થઈને પ્રથમા, એ. વ.માં स्त्री । રૂપ બને છે. એવો તફાવત શા માટે? આનો જવાબ મેળવવા આ શબ્દોની વ્યુત્પત્તિ–સિદ્ધિ–તપાસવી પડશે : √लक्ष् ધાતુને 'लक्षेर्मुट् च ।' (ઉણાદિ સૂત્ર)થી मुट् આગમ થાય છે, અને ई પ્રત્યય લાગે છે → लक्ष् + म् + ई = लक्ष्मी । (અગાઉ કહ્યું છે તેમ અહીં સ્ત્રીલિંગનો ङी પ્રત્યય લાગ્યો નથી. તેથી १७८. સૂત્ર લાગવાને અવકાશ જ નથી.)

જ્યારે √स्त्यै ધાતુમાંથી स्त्यायते अस्यां शुक्रशोणिते इति स्त्री । એવી વ્યુત્પત્તિ મુજબ, 'स्त्यायतेर्ड्रट् ।' એવા ઉણાદિસૂત્રથી √स्त्यै + ड्रट् → स्त्यै + र = स्त्र् । થશે. આ टित् પ્રત્યયાન્ત શબ્દને १२४७. टिड्ढाणञ्० । સૂત્રથી સ્ત્રીલિંગનો ङीप् પ્રત્યય જોડાશે → स्त्र् + ङी → स्त्र् + ई = स्त्री । હવે આ શબ્દ ङ्यन्त બન્યો હોવાથી १७८.મા हल्ङ्याब्भ्यो. । સૂત્રથી स्त्री + सुમાંથી स् કારનો લોપ થશે. તો પ્રથમા એકવચનમાં (વિસર્ગ વિનાનું) स्त्री । રૂપ બની જાય છે.

૨૨૭. આ (स्त्री) શબ્દને इयङ् આદેશ થાય છે: જો અજાદિ પ્રત્યય પરમાં આવેલો હોય તો.

— स्त्री + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં અજાદિ औ પ્રત્યય પરમાં હોવાથી ૨૨૭. થી इयङ् આદેશ થશે. (इयङ्માં अ કાર, ङ કારની इत्संज्ञा થતી હોઈને તે ङित् આદેશ स्त्री શબ્દના અંતિમ ई કારના સ્થાનમાં થશે) स्त्र् इय् + औ = स्त्रियौ ।

— स्त्री + जस् (પ્રથમા, બ. વ.) स्त्री + अस्માં અજાદિ પ્રત્યય પરમાં છે. તેથી ૨૨૭ થી इयङ् થશે → स्त्र् इय् + अस् → स्त्रियस् → રુત્વ–વિસર્ગ થઈને स्त्रियः । રૂપ બને છે.

૨૨૮. "अम् કે शस् પ્રત્યય પરમાં રહ્યા હોય ત્યારે स्त्री શબ્દને इयङ् આદેશ વિકલ્પે થાય છે." તેથી स्त्री + अम् (દ્વિતીયા એ. વ. માં) इयङ् આદેશ થશે તે પક્ષમાં स्त्र् इय् + अम् = स्त्रियम् । રૂપ બનશે; અને વિપક્ષમાં इयङ् નહિ થાય. ત્યાં કેવળ अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદશ થઈને स्त्री + अम् → स्त्रीम् । રૂપ પણ બને છે.

— પછી स्त्री + शस् । (દ્વિતીયા, બ. વ.)માં ૨૨૮.થી વિકલ્પે इयङ् થશે ત્યારે स्त्र् इय् + अस् → स्त्रियस् → રુત્વ, વિસર્ગ થઈને स्त्रियः । રૂપ બનશે. વિપક્ષમાં स्त्री + अस्માં પૂર્વસવર્ણદીર્ઘ થઈને स्त्रीस् → પછી રુત્વ, વિસર્ગ થતાં स्त्रीः । રૂપ પણ બનશે.

— स्त्री + टा (તૃતીયા, એ. વ.)માં स्त्री + आ અજાદિ પ્રત્યય પરમાં રહેતાં ૨૨૭.થી નિત્ય इयङ् આદેશ થશે. તો स्त्र् इय् + आ = स्त्रिया । રૂપ બનશે.

— स्त्री + ङे । (ચતુર્થી, એ. વ.)માં आण्नद्याः । સૂત્રથી નદીસંજ્ઞક અંગની પાછળ આવેલા ङित् પ્રત્યયને आट् આગમ થશે → स्त्री + आ ए → आटश्च । થી વૃદ્ધિ → स्त्री + ऐ । પછી ૨૨૭.થી स्त्री શબ્દના ईના સ્થાને इयङ् આદેશ પણ થશે → स्त्रिय् + ऐ = स्त्रियै । રૂપ બનશે.

— स्त्री + ङसि/ङस् । (પંચમી, ષષ્ઠી, એ. વ.માં) ङित् પ્રત્યય પરમાં છે તેથી आट् આગમ, વૃદ્ધિ અને इयङ् આદેશ થશે → स्त्री + आ अस् → स्त्री + आस् → स्त्रिय् + आस् → स्त्रियास्, રુત્વ–વિસર્ગ → स्त्रियाः । થશે.

– स्त्री + आम् । (ષષ્ઠી બ. વ.)માં ૨૨૭. स्त्रियाः । ૬–૪–૭૯થી इयङ् આદેશ થવા આવે છે; અને એ જ સમયે ૧૪૮. ह्रस्वनद्यापो नुट् । ૭–૧–૫૪થી नुट् આગમ પણ થવા આવે છે. ત્યારે 'પરસૂત્ર' હોવાને કારણે ૭–૧–૫૪ થી नुट् જ થશે → स्त्री + न् आम् ← स्त्री + नाम् → अट्कुप्वाङ्. । થી णत्व થશે → स्त्रीणाम् । થશે.

— स्त्री + सुप् । (સપ્તમી, બ. વ.)માં હલન્ત્યમ્ । થી પ્ નો લોપ, અને આદેશપ્રત્યયયો: । થી પ્રત્યયના સ્ ને ષ્ થશે, તો સ્ત્રી + षु = स्त्रीषु । રૂપ બની જશે.

प्र०	स्त्री	– स्त्रियौ	– स्त्रियः	च०	स्त्रियै	– स्त्रीभ्याम्	– स्त्रीभ्यः
सं०	हे स्त्रि	– ,,	– ,,	पं०	स्त्रियाः	– ,,	– ,,
द्वि०	स्त्रियम् / स्त्रीम्	– ,,	– स्त्रियः / स्त्रीः	ष०	,,	– स्त्रियोः	– स्त्रीणाम्
तृ०	स्त्रिया	– स्त्रीभ्याम्	– स्त्रीभिः	स०	स्त्रियाम्	– ,,	– स्त्रीषु ॥

*

— श्री + सु । (પ્રથમા એ. વ.)માં श्री શબ્દ ङी પ્રત્યયાન્ત નહીં હોવાથી,* ૧૭૯.થી सुના स्નો લોપ થશે નહીં. श्री + स् → श्रीः ॥

— श्री+औ । (પ્રથમા, દ્વિ. વ.)માં ૧૯૯. अचि श्नुधातु० । થી इयङ् આદેશ श्र् इय् + औ = श्रियौ । રૂપ બનશે.

— श्री + जस् (પ્રથમા, બ. વ.)માં પણ ૧૯૯.થી इयङ्→ श्रिय् + अस् → श्रियः । રૂપ બને છે.

૨૨૯. इयङ् અને उवङ्ની સ્થિતિ (=પ્રાપ્તિ) જેમાં છે તેવા દીર્ઘ ई કાર અને ऊ કારની 'નદી' સંજ્ઞા થતી નથી; 'स्त्री' શબ્દને છોડીને. (અર્થાત્ स्त्री શબ્દની તો 'નદી' સંજ્ઞા થાય છે).

— हे श्री + सु । (સંબોધન, એ. વ.)માં श्री શબ્દમાં इयङ् આદેશની સ્થિતિ-પ્રાપ્તિ-મળવાની છે, તેથી ૨૨૯ થી તેની નદી સંજ્ઞા થશે નહીં. તો हे श्री + स् । માં अम्बार्थनद्योर्ह्रस्वः । થી श्री માં હ્રસ્વ થશે નહીં, અને स् ને રુત્વ, વિસર્ગ થઈને हे श्रीः । રૂપ બને છે.

— श्री + ङे । (ચતુર્થી, એ. વ.) અહીં ૨૨૨. ङिति ह्रस्वश्च । સૂત્રથી, ङित् પ્રત્યય પરમાં રહેતાં इयङ्/उवङ्ના સ્થાનવાળા આ નિત્ય સ્ત્રીલિંગ દીર્ઘ ई કારાન્ત श्री શબ્દની વિકલ્પે 'નદી' સંજ્ઞા થશે. જેથી श्री + ए । માં (નદી સંજ્ઞા થશે ત્યારે) आण्नद्याः । થી आट् આગમ श्री + आ ए ।→ आटश्च । થી વૃદ્ધિ→ श्री + ऐ ।→પછી ૧૯૯. अचि श्नुधातुभ्रुवां० । થી

* श्रयति हरिम् या सा श्रीः । વિષ્ણુને આશ્રયે રહેલી જે, તે श्री. અહીં श्रि ધાતુને क्विप् वचि पृच्छि आयतस्तु...વાર્તિકથી क्विप् અને ई દીર્ઘ થઈને श्री શબ્દ બને છે.

इयङ् આદેશ→श्र् इय्+ऐ = श्रियै । રૂપ થશે. પણ श्री+ए । માં 'नदी' સંજ્ઞા નહીં થાય ત્યારે, કેવળ अचि श्नुधातु० । થી इयङ् થઈને→श्र् इय् + ए = श्रिये । રૂપ બનશે.

— श्री + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી, એ. વ.)માં પણ ૨૨૨.થી 'नदी' સંજ્ઞા વિકલ્પે જ થશે. પરિણામે નદી સંજ્ઞાવાળા પક્ષમાં પૂર્વવત્ आट् આગમ, વૃદ્ધિ, इयङ्, અને છેલ્લે રુત્વ–વિસર્ગ થઈને श्रियाः । રૂપ થશે. તથા નદી સંજ્ઞાના અભાવવાળા પક્ષમાં श्रियः । રૂપ થશે.

૨૩૦. इयङ् કે उवङ्ના સ્થાન (પ્રાપ્તિ)વાળા સ્ત્રીલિંગમાં રહેનારા દીર્ઘ ई (કારાન્ત શબ્દો) અને દીર્ઘ ऊ (કારાન્ત શબ્દો)ની, आम् પ્રત્યય પરમાં રહેતાં, વિકલ્પે 'नदी' સંજ્ઞા થાય છે; પણ 'स्त्री' શબ્દને નહીં. આથી–

— श्री + आम् । (ષષ્ઠી, બ. વ.)માં પણ આ ૨૩૦.થી નદીસંજ્ઞા વિકલ્પે થશે તો ह्रस्वनद्यापो नुट् । થી श्री + न् आम्→अट्कुप्वाङ् ०थી णत्व→श्री + ण् आम्→श्रीणाम् ॥ જ્યારે નદી સંજ્ઞા નહીં થાય ત્યારે नुट् આગમ થશે નહીં; પણ इयङ् આદેશ થશે→श्र् इय् + आम् = श्रियाम् ॥ રૂપ બનશે.

— श्री + ङि । (સપ્તમી, એ. વ.)માં ङित् પ્રત્યય પરમાં હોવાથી ૨૨૨. ङिति ह्रस्वश्च । થી નદી સંજ્ઞા વિકલ્પે થશે. પરિણામે श्री + ङि→માં ङेराम्नद्याम्नीभ्यः । થી નદીસંજ્ઞક શ્રીની પરમાં આવેલા ङि ને आम् આદેશ→ श्री + आम्→પછી इयङ् આદેશ→श्र् इय् + आम् = श्रियाम् । થશે. પણ જ્યાં નદી સંજ્ઞા નહીં થાય ત્યાં श्री + इ । માં કેવળ इयङ् આદેશ થશે→ श्र् इय् + इ = श्रियि । રૂપ પણ થશે.

प्र०	श्रीः	– श्रियौ	– श्रियः	च०	श्रियै/श्रिये	–श्रीभ्याम्	–श्रीभ्यः
सं०	हे श्रीः	– ,,	– ,,	पं०	श्रियाः/श्रियः	– ,,	– ,,
द्वि०	श्रियम्	– ,,	– ,,	ष०	,, / ,,	–श्रियोः	–श्रीणाम्/श्रियाम्
तृ०	श्रिया	– श्रीभ्याम्	– श्रीभिः	स०	श्रियाम्/श्रियि	– ,,	–श्रीषु ॥

હ્રસ્વ उ કારાન્ત, સ્ત્રીલિંગ धेनु (ગાય) શબ્દનાં રૂપો પણ मति (હ્રસ્વ इ કારાન્ત, સ્ત્રીલિંગ શબ્દ)ની જેમ જ થાય છે :

प्र०	धेनुः	– धेनू	– धेनवः	च०	धेन्वै/धेनवे	–धेनुभ्याम्	–धेनुभ्यः
सं०	हे धेनो	– ,,	– ,,	पं०	धेन्वाः/धेनोः	– ,,	– ,,
द्वि०	धेनुम्	– ,,	– धेनूः	ष०	,, / ,,	–धेन्वोः	–धेनूनाम्
तृ०	धेन्वा	– धेनुभ्याम्	– धेनुभिः	स०	धेन्वाम्/धेनौ	– ,,	–धेनुषु ॥

231. स्त्रियां च । ७-१-९६

स्त्रीवाची क्रोष्टुशब्दस्तृजन्तवद् रूपं लभते ।

232. ऋन्नेभ्यो ङीप् । ४-१-५

ऋदन्तेभ्यो नान्तेभ्यश्च स्त्रियां ङीप् । क्रोष्ट्री, गौरीवत् ॥ 'भ्रूः' श्रीवत् ॥ 'स्वयम्भूः' पुंवत् ॥

233. न षट्स्वस्रादिभ्यः । ४-१-५०

ङीप्-टापौ न स्तः ।

स्वसा तिस्रश्चतस्रश्च ननान्दा दुहिता तथा ।
याता मातेति सप्तैते स्वस्रादय उदाहृताः ॥

स्वसा । स्वसारौ ॥ माता पितृवत् । शसि-मातॄः । इति ऋदन्ताः ॥ द्यौर्गोवत् । राः पुंवत् । नौर्ग्लौवत् ॥

॥ इति अजन्तस्त्रीलिङ्गप्रकरणम् ॥

અનુવાદ : ૨૩૧. સ્ત્રીવાચક (માદા શિયાળ અર્થમાં) क्रोष्टु એવો ઉ કારાન્ત શબ્દ પણ તૃચ્ પ્રત્યયાન્ત શબ્દોની જેમ રૂપસિદ્ધિને પામે છે. (અર્થાત્ क्रोष्टुમાંથી क्रोष्टृ એવો તૃજ્વદ્ભાવ પામીને, તેના ऋ કારાન્ત શબ્દની જેમ રૂપો ચાલે છે.)

क्रोष्टु (માદા શિયાળ) + सु । એ સ્થિતિમાં આપણે સ્ત્રીલિંગમાં જો રૂપો ચલાવવાં હોય તો ૨૩૧.થી તૃજ્વદ્ભાવ થશે → क्रोष्टृ + सु । પછી—

૨૩૨. ઋદન્ત = હ્રસ્વ ऋ કારાન્ત અને ન્ કારાન્ત શબ્દોને સ્ત્રીલિંગમાં ફેરવવા હોય ત્યારે (સ્ત્રીલિંગનો વાચક) ङीप् (ई) પ્રત્યય જોડવામાં આવે છે. જેમ કે, क्रोष्टृ + ई + सु → પછી इको यणचि । થી યણાદેશ થશે → क्रोष्ट्र् ई + सु → क्रोष्ट्री + सु → क्रोष्ट्री + स् । હવે આ દીર્ઘ ई કારાન્ત क्रोष्ट्री શબ્દની यू स्त्र्याख्यौ नदी । થી 'नदी' સંજ્ઞા થશે. પરિણામે क्रोष्ट्री શબ્દનાં રૂપો પણ गौरी ની જેમ જ થશે. જેમકે, क्रोष्ट्री–क्रोष्ट्र्यौ–क्रोष्ट्र्यः । વગેરે.

भ्रू (દીર્ઘ ऊ કારાન્ત, સ્ત્રીલિંગ) = ભ્રૂકુટિ શબ્દનાં રૂપો श्री ની જેમ ચાલે છે. [તેમાં भ्रू શબ્દ ङ्यन्त નહીં હોવાથી सु લોપ નહીં થાય. તેથી પ્રથમા એ. વ. માં વિસર્ગવાળું भ्रूः । રૂપ થશે. અજાદિ પ્રત્યયો પરમાં રહેતાં, अचि श्नुधातु-भ्रुवां य्वोरियङुवङौ । સૂત્રથી भ्रू શબ્દને પણ उवङ् આદેશ થશે. પરિણામે उवङ्‌ની સ્થિતિ (= પ્રાપ્તિ)વાળા भ्रू શબ્દની नेयङुवङ्स्थानावस्त्री । સૂત્રથી नदी સંજ્ઞાનો નિષેધ થશે; અને ङित् પ્રત્યયો પરમાં રહેતાં ङिति ह्रस्वश्च । સૂત્રથી વિકલ્પે नदी સંજ્ઞા થશે પણ ખરી. આથી भ्रू નાં રૂપો બધી રીતે श्री ની જેમ જ થશે.]

प्र०	भ्रूः	– भ्रुवौ	– भ्रुवः
सं०	हे भ्रूः	– ,,	– ,,
द्वि०	भ्रुवम्	– ,,	– ,,
तृ०	भ्रुवा	– भ्रूभ्याम्	– भ्रूभिः
च०	भ्रुवै/भ्रुवे	–भ्रूभ्याम्	–भ्रूभ्यः ।
पं०	भ्रुवाः/भ्रुवः–	,,	– ,,
ष०	भ्रुवाः/भ्रुः	–भ्रुवोः	–भ्रुवाम्/भ्रूणाम्
स०	भ्रुवाम्/भ्रुवि-	,,	–भ्रूषु ॥

स्वयम्भूः । (બ્રહ્માજી, જાતે જન્મનારી સ્ત્રી) દીર્ઘ ऊ કારાન્ત સ્ત્રીલિંગનાં રૂપો પુલિંગ स्वयम्भू ની જેમ જ થાય છે. (કેમકે) આ શબ્દ નિત્યસ્ત્રીલિંગ નથી, તેથી नदी સંજ્ઞા વગેરે થતાં નથી. (જુઓ : ૨૦૨, ૨૧૦ સૂત્રો.)

૨૩૩. षट् સંજ્ઞાવાળા શબ્દો અને स्वसृ વગેરે સાત શબ્દોને (સ્ત્રીલિંગમાં ફેરવવા) ङीप् કે टाप् પ્રત્યયો લાગતા નથી.

[ष्णान्ताः षट् । સૂત્રથી षष् અને पञ्चन् વગેરે ष् કારાન્ત અને न् કારાન્ત સંખ્યાવાચક શબ્દોની 'षट्' સંજ્ઞા થાય છે. આવા શબ્દોમાંથી જે न् કારાન્ત છે, તેમને સ્ત્રીલિંગમાં ફેરવવા ऋन्नेभ्यो ङीप् । સૂત્રની પ્રાપ્તિ થાય છે. પણ આ ૨૩૩. સૂત્રથી તેનો નિષેધ કરવામાં આવે છે.] એ જ પ્રમાણે, स्वसृ, मातृ વગેરે ऋ કારાન્ત શબ્દોને પણ સ્ત્રીલિંગમાં ફેરવવા ङीप् પ્રત્યયની પ્રાપ્તિ થાય છે. પણ તેનો ય ૨૩૩. મા સૂત્રથી નિષેધ કરવામાં આવ્યો છે.

૧. स्वसृ–બહેન,* ૨. तिसृ–ત્રણ (સ્ત્રીઓ,) ૩. चतसृ (ચાર સ્ત્રીઓ) ૪. ननान्दृ–નણંદ, ૫. दुहितृ–દિકરી, ૬. यातृ–ભાઈઓની પત્નીઓ પરસ્પરને માટે 'યાતા' કહેવાય (= દેરાણી કે જેઠાણી) અને ૭. मातृ–જનની.

— स्वसृ + सु । (પ્રથમા એ. વ.)માં ૨૦૫. ऋदुशनस्पुरुदंसो० થી अनङ् આદેશ → स्वस् अन् + स् → ૨૦૬. अप्तृन्तृच्० । થી ઉપધાને દીર્ઘ

* क्रोष्टु → क्रोष्टृ । કર્યા પછી, તેને સ્ત્રીલિંગનો ङीप् પ્રત્યય લાગીને क्रोष्ट्री । રૂપ બને છે. પણ स्वसृ વગેરે ऋ કારાન્ત શબ્દોને સ્ત્રીલિંગમાં ફેરવવા ङीप् કે टाप् પ્રત્યય લગાવાના નથી.

→स्वस् आन् + स् → १९९. हल्ङ्याब्भ्यः० । થી સ્ નો લોપ અને ૧૮૨. न लोपः प्रातिपदिकान्तस्य । થી न् નો લોપ→स्वसा ०+० = स्वसा । રૂપ બને છે.

— स्वसृ + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં २०४. ऋतो ङिसर्वनामस्थानयोः । થી સર્વનામ સ્થાન સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં રહેતાં ऋ કારને ગુણ થશે→स्वस् अर् + औ ।→१०६. अप्तृन्तृच् ०। થી ઉપધાનો દીર્ઘ થશે→स्वस् आर् + औ = स्वसारौ । રૂપ બને છે.

प्र० स्वसा —स्वसारौ —स्वसारः	च० स्वस्रे —स्वसृभ्याम्—स्वसृभ्यः
सं० हे स्वसः— ,, — ,,	पं० स्वसुः — ,, — ,,
द्वि० स्वसारम्— ,, —स्वसॄः	ष० ,, —स्वस्रोः —स्वसॄणाम्
तृ० स्वस्रा —स्वसृभ्याम्—स्वसृभिः	स० स्वसरि— ,, —स्वसृषु ॥

मातृ (જનની ऋ કારાન્ત સ્ત્રીલિંગનાં રૂપો પણ पितृ ની જેમ થાય છે. (જુઓ : સૂત્ર ૨૧૧, પૃ.—૨૪૫) પણ દ્વિતીયા બ. વ. નો शस् પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે मातृ + अस् માં પૂર્વસવર્ણ દીર્ઘ થયા પછી मातॄस् । માં तस्माच्छसो नः पुंसि । થી स् ને न् થતો નથી (કેમકે આ मातृ શબ્દ પુંલિંગમાં નથી) →રુત્વ, વિસર્ગ થઈને मातॄः । રૂપ બનશે. વળી, पितृ मातृ ની જેમ, ननान्दृ, दुहितृ જેવા શબ્દો પણ २०६. अप्तृन्तृच्स्वसृनप्तृ० સૂત્રમાં ગણાવ્યા નથી, તેથી સર્વનામસ્થાન પ્રત્યયો પરમાં રહેતાં ઉપધાદીર્ઘ થતો નથી. माता—मातरौ—मातरः ॥ मातरम्—मातरौ—मातॄः ॥ વગેરે.

*

द्यो (આકાશ કે સ્વર્ગ) આ ओ કારાન્ત, સ્ત્રીલિંગ શબ્દ છે. द्यो + सु (પ્રથમા, એ. વ. માં) * ओतो णिदिति वाच्यम् * । થી ણિદ્વદ્ભાવ થાય છે, પરિણામે अचो ञ्णिति । થી ओ ને વૃદ્ધિ થશે द्यौ + स्→રુત્વ, વિસર્ગ→द्यौः । બનશે. આ द्यो શબ્દનાં રૂપો गो ની જેમ થાય છે.

प्र० द्यौः — द्यावौ — द्यावः	च० द्यवे — द्योभ्याम् — द्योभ्यः
सं० हे द्यौः — ,, — ,,	पं० द्योः — ,, — ,,
द्वि० द्याम् — ,, — द्याः	ष० द्योः — द्यवोः — द्यवाम्
तृ० द्यवा — द्योभ्याम् — द्योभिः	स० द्यवि — ,, — द्योषु

ऐकारान्त, સ્ત્રીલિંગ શબ્દ रै (ધન)નું પ્રથમા એ.વ.માં राः । રૂપ બને છે. આ શબ્દનાં રૂપો પુંલિંગ रै શબ્દની જેમ જ થાય છે.

नौ (નૌકા)—औ કારાન્ત, સ્ત્રીલિંગ શબ્દનું પ્રથમા એ.વ.માં नौः । રૂપ થાય છે. આ શબ્દનાં રૂપો ग्लौ (ચન્દ્રમા)ની જેમ જ સિદ્ધ થાય છે. (જુઓ : ૨૧૫ સૂત્ર)

આ પ્રમાણે અજન્ત સ્ત્રીલિંગ શબ્દોની રૂપસિદ્ધિ પૂર્ણ થઈ.



(વિવરણ) આ પ્રકરણમાં જે જે શબ્દોની રૂપસિદ્ધિ તપાસી તે નીચે મુજબ છે :

અજન્ત સ્ત્રીલિંગ શબ્દો

↓

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
आ કારાન્ત	इ કારાન્ત	ऋ કારાન્ત	ई કારાન્ત	उ કારાન્ત	ऊ કારાન્ત	ओ કારાન્ત	ऐ કારાન્ત	औ કારાન્ત
↓	↓	↓	↓	↓	↓	↓	↓	↓
१. रमा	१. मति	१. तिसृ	१. गौरी	१. धेनु	१. भ्रू	१. द्यो	१. रै	१. नौ
२. सर्वा	२. द्वि	–चतसृ	२. लक्ष्मीः		२. स्वयम्भू			
उत्तर-		२. क्रोष्टृ	३. स्त्री					
पूर्वा		३. स्वसृ	४. श्री					
–द्वितीया		–मातृ	(५. क्रोष्ट्री)					
–तृतीया								
३. अम्बा								
–अक्का								
४. जरा								
५. गोपा								

અહીં એ નોંધપાત્ર છે કે સૂત્રકાર પાણિનિ रमा, શાલા, માલા જેવા आ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દોની રૂપસિદ્ધિ સામાન્ય સૂત્રોથી વર્ણવે છે: જ્યારે એ સિવાયના सर्वा, अम्बा, जरा વગેરે आ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દોની રૂપસિદ્ધિ વિશેષ સૂત્રો દ્વારા કરે છે. કેમકે આ શબ્દોનાં રૂપોમાં અનિયમિતતા/વૈશિષ્ટ્ય જોવા મળે છે.

[જુઓ : 'પાણિનીય રૂપાખ્યાન પદ્ધતિ-એક અભ્યાસ:' લેખક–વસન્તકુમાર ભટ્ટ, 'સ્વાધ્યાય' (૨૭/૧–૨) મ.સ.યુનિ. વડોદરા, ૧૯૮૯,૯૦, પૃ. ૬૩–૮૬.]

———

७

॥ अथ अजन्तनपुंसकलिङ्गप्रकरणम् ॥

234. **अतोऽम् । ७-१-२४**

अतोऽङ्गात् क्लीबात् स्वमोरम् । 'अमि पूर्वः'-ज्ञानम् । 'एङ्ह्रस्वाद्' इति हल्लोपः-हे ज्ञान ।

235. **नपुंसकाच्च । ७-१-११**

क्लीबाद् औङः शी स्यात् । भसंज्ञायाम् ।

236. **यस्येति च । ६-४-१४८** (= यस्य ईति च)

ईकारे तद्धिते च परे भस्येवर्णावर्णयोर्लोपः । इत्यल्लोपे प्राप्ते-* (वा.) औङः श्यां प्रतिषेधो वाच्यः * । ज्ञाने ।

અનુવાદ : ૨૩૪. નપુંસકલિંગમાં રહેલા હ્રસ્વ अ કારાન્ત અંગની પાછળ આવેલા सु પ્રત્યય અને अम् પ્રત્યયને 'अम्' આદેશ થાય છે. જેમકે,

— ज्ञान + सु (પ્રથમા, એ.વ.)માં ज्ञान શબ્દ નપુંસક લિંગમાં રહેલો હોવાથી) પ્રસ્તુત ૨૩૪. સૂત્રથી सुના સ્થાનમાં अम् આદેશ થશે→ज्ञान + अम् । પછી अमि पूर्वः । સૂત્રથી પૂર્વરૂપ એકાદેશ થશે. તો→ज्ञानम् । રૂપ બની જશે.

— हे ज्ञान + सु । સંબોધન, એ.વ.માં પણ सुના સ્થાનમાં अम् આદેશ અને પૂર્વરૂપ થશે તો→हे ज्ञानम थशे. પછી एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી હ્રસ્વાન્ત અંગ (ज्ञान)ની પરમાં આવેલા સમ્બુદ્ધિનાં हल् =म કારનો લોપ થાય છે → हे ज्ञान० =हे ज्ञान । રૂપ બની જાય છે.

૨૩૫. નપુંસકલિંગ શબ્દની પાછળ આવેલા औङ् (પ્રથમા, દ્વિતીયા દ્વિવચનના) પ્રત્યયના સ્થાનમાં शी (= ई) આદેશ થાય છે. જેમકે,

ज्ञान + औ (પ્રથમા, દ્વિતીયા વિભક્તિ દ્વિવચનમાં) પ્રકૃત (૨૩૫.મા) સૂત્રથી, (ज्ञान શબ્દ નપુંસકલિંગમાં રહેલો છે, તેથી) औ પ્રત્યયના સ્થાનમાં शी આદેશ

થશે→ ज्ञान+शी→પછી लशक्वतद्धिते । થી પ્રત્યયાદિમાં આવેલા श् કારની ઇત્સંજ્ઞા અને લોપ થશે તો→ज्ञान+ई । સ્થિતિ ઊભી થશે. અહીં [ज्ञान શબ્દ નપુંસકલિંગમાં રહેલો છે. તેથી सुडनपुंसकस्य । સૂત્રથી નપુંસકલિંગમાં રહેલા શબ્દની પરમાં આવેલા सु–औ–जस् । अम्–औट् એ પાંચ પ્રત્યયોની 'સર્વનામ–સ્થાન' સંજ્ઞા થતી નથી. પણ] यचि भम् । સૂત્રથી अजादि પ્રત્યય પરમાં રહેતાં પૂર્વમાં આવેલા (ज्ञान)ની 'भ' સંજ્ઞા થાય છે.

હવે या या संज्ञा, सा सा फलवती । એ ન્યાયે ज्ञान શબ્દની 'भ' સંજ્ઞા કર્યાનું ફળ બતાવવામાં આવે છે.

૨૩૬. 'દીર્ઘ ई કાર, કે तद्धितનો કોઈ પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે भ સંજ્ઞક અંગના इ કાર અને अ કારનો લોપ થાય છે.' આમ, આ સૂત્રથી (ज्ञानના) હ્રસ્વ अ કારનો લોપ થવા આવ્યો ત્યારે—(**વાર્ત્તિક**) * औङ પ્રત્યયના સ્થાનમાં આવેલો शी પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે यस्येति च । સૂત્રની પ્રવૃત્તિનો પ્રતિષેધ કરવામાં આવે છે. (અર્થાત્ ज्ञान જેવા भ સંજ્ઞક અંગના इ કાર કે अ કારનો લોપ કરવામાં આવતો નથી.) તો—

ज्ञान+ई→ગુણ→ज्ञाने । રૂપ બની જશે.

---

237. जश्शसोः शिः । ७–१–२०

क्लीबादनयोः शि स्यात् ।

238. शि सर्वनामस्थानम् । १–१–४२

'शि' इत्येतत् उक्तसंज्ञं स्यात् ।

239. नपुंसकस्य झलचः । ७–१–७२

झलन्तस्याजन्तस्य च क्लीबस्य नुम् स्यात् सर्वनामस्थाने ।

240. मिदचोऽन्त्यात् परः । १–१–४७


अचां मध्ये योऽन्त्यः, तस्मात् परस्तस्यैवान्तावयवो मित् स्यात् । उपधा–दीर्घः–ज्ञानानि । पुनस्तद्वत् । शेषं पुंवत् ॥ एवं धन–वन– फलादयः ॥

અનુવાદ : ૨૩૭. નપુંસકલિંગમાં રહેલા શબ્દ સ્વરૂપ–અંગ–ની પાછળ આવેલા जस् અને शस् પ્રત્યયોના સ્થાનમાં शि (=इ) એવો આદેશ થાય છે.

૨૩૮. 'शि' એવા આદેશની 'સર્વનામસ્થાન' સંજ્ઞા થાય છે.

૨૩૯. झलन्त અને अजन्त નપુંસકલિંગ અંગને नुम् (=न्) આગમ લાગે છે; જો 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો (शि) પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

૨૪૦. अच् (સ્વરો)ના સમુદાયમાં જે અંતિમ अच् (સ્વર) હોય, તેની પાછળ તેના જ અવયવ રૂપે मित् (=म् કારેત્સંજ્ઞક) આગમ લાગે છે. જેમકે,



ज्ञान न्+शि

ज्ञा न न्+इ

न् अ

(ઉપધા)

ज्ञानान्+इ

ज्ञानानि ॥

૧. પ્રથમા, બ. વ.માં ૨૩૭ સૂત્રથી નપુંસકલિંગ અંગ ज्ञानની પાછળ આવેલા जस् પ્રત્યયના સ્થાનમાં शि એવો આદેશ થશે.

૨. હવે ૨૩૮. માં સૂત્રથી शि એવા આદેશની 'સર્વનામ—સ્થાન' સંજ્ઞા થશે.

૩. ज्ञान એવો શબ્દ નપુંસકલિંગમાં રહેલો છે અને અજન્ત=સ્વરાન્ત છે, તેથી તેને नुम् આગમ લાગશે; (અહીં સર્વનામસ્થાન સંજ્ઞાવાળો शि પ્રત્યય પણ પરમાં રહેલો છે.)

૪. અહીં પ્રશ્ન થાય કે नुम् આગમ ક્યાં લગાડવાનો છે ? તો ૨૪૦ મું સૂત્ર કહે છે કે अच्ના સમુદાયમાંથી, જે અંતિમ अच् હોય, તેની પાછળ मित् (=જેમાં म् કારની ઇત્સંજ્ઞા થઈ હોય તેવો) આગમ થાય છે. [અહીં नुम् માંથી उ કાર, म् કારની ઇત્સંજ્ઞા થઈને, લોપ થાય છે. તેથી તે मित् આગમ કહેવાશે.]

૫. હવે ૧૭૭ सर्वनामस्थाने चासम्बुद्धौ । થી न् કારાન્ત અંગ (ज्ञानन्)ની ઉપધાને દીર્ઘ થાય છે. (ઉપધા = ઉપાન્ત્ય = અંતિમ વર્ણની નજીકનો વર્ણ)

૬. अज्झीनं परेण संयोज्यम् । થી न् વ્યંજનને इ સાથે જોડી દઈશું તો ज्ञानानि । રૂપ બની જશે.

દ્વિતીયા વિભક્તિમાં (अम्–औट्–शस् પ્રત્યયોમાં) પણ ફરીથી આ જ પ્રક્રિયા કરીશું તો ज्ञानम्–ज्ञाने–ज्ञानानि । રૂપો બનશે.

આ સિવાયનાં–તૃતીયાથી શરૂ કરીને સપ્તમી વિભક્તિનાં–રૂપો પુંલિંગ राम શબ્દનાં રૂપોની જેમ થશે. જેમકે,

प्र० ज्ञानम् –ज्ञाने – ज्ञानानि	च० ज्ञानाय –ज्ञानाभ्याम् – ज्ञानेभ्यः
सं० हे ज्ञान– ,, – ,,	पं० ज्ञानात् – ,, – ,,
द्वि० ज्ञानम् ,, – ,,	ष० ज्ञानस्य –ज्ञानयोः – ज्ञानानाम्
तृ० ज्ञानेन –ज्ञानाभ्याम् – ज्ञानैः	स० ज्ञाने – ,, – ज्ञानेषु ॥

આ જ પ્રમાણે, घन, वन, फल, कमल વગેરે હ્રસ્વ अ કારાન્ત નપુંસકલિંગ શબ્દોનાં રૂપો પણ સિદ્ધ થાય છે.

---

241. अद्ड् डतरादिभ्यः पञ्चभ्यः । ७--१--२५

एभ्यः क्लीवेभ्यः स्वमोरद्ड् आदेशः स्यात् ।

242. टेः । ६–४–१४३

डिति भस्य टेर्लोपः । कतरत्–कतरद् । कतरे । कतराणि । हे कतरत् । शेषं पुंवत् ॥ एवं–कतमत्, इतरत्, अन्यत्, अन्यतरत् । अन्यतमस्य तु अन्यतममित्येव । (वा०) * एकतरात् प्रतिषेधो वक्तव्यः । * एकतरत् ॥

અનુવાદ : ૨૪૧. डतर છે આદિમાં જેની એવા પાંચ શબ્દો, કે જે નપુંસકલિંગમાં રહ્યા હોય તેમની પાછળ આવેલા सु અને अम् પ્રત્યયોને अद्ड् આદેશ થાય છે.

(સર્વાદિ–ગણમાં ડતર આદિ પાંચ શબ્દો આ પ્રમાણે આવેલા છે : ૧. डतर પ્રત્યયાન્ત, ૨. डतम પ્રત્યયાન્ત, ૩. अन्य, ૪. अन्यतर અને ૫. इतर.—આમાં अन्यतर શબ્દ डतर પ્રત્યયાન્ત નથી, પણ અવ્યુત્પન્ન પ્રાતિપાદિક મનાયો છે. આથી તેને डतर પ્રત્યયાન્તથી જુદો ગણાવ્યો છે.)

૨૪૨. डित् (= ड् કારેત્સંજ્ઞક) આદેશ પરમાં હોય તો भ સંજ્ઞક અંગની टि નો લોપ થાય છે. જેમ કે—

[किम् + डतर માંથી પહેલા ड्नी चुटू । થી ઈત્સંજ્ઞા અને લોપ થઈને अतर રહેશે. હવે डित् પ્રત્યય પરમાં રહેતાં किम्ની टिનો લોપ થશે→ क् + अतर = कतर શબ્દ બને છે. આનો ઉપયોગ 'બેમાંથી કોણ?' अनयोः कः वैष्णवः । = अनयोः कतरः वैष्णवः । અર્થમાં થાય છે. જુઓ : ૧૨૩૫ સૂત્ર.]

(આ બેમાંથી કયું એક ?–એ અર્થમાં, નપુંસકલિંગમાં) कतर + सु । (પ્રથમા એકવચન)માં ૨૪૧. માં સૂત્રથી, ડતર પ્રત્યયાન્ત कतर શબ્દની પાછળ આવેલા 'सु' ના સ્થાનમાં अद्ड् આદેશ થશે, આ अद्ड् માંથી અંતિમ ड् કારની हलन्त्यम् । થી ઈત્સંજ્ઞા થઈને, પછી લોપ થશે તો → कतर + अद्० → અહીં અજાદિ પ્રત્યય પરમાં રહ્યો છે તેથી यचि भम् । થી कतर ની भ સંજ્ઞા થશે, તથા अद् પ્રત્યયમાં ड् ની ઈત્સંજ્ઞા થઈ છે, તેથી તે ङित् પ્રત્યય કહેવાશે. → હવે ૨૪૨. टेः । એવા સૂત્રથી ङित् પરમાં રહેતાં भ સંજ્ઞક અંગની टि નો લોપ થશે → कतर् अ + अद् → कतर् ० + अद् = कतरद् । હવે वाऽवसाने । સૂત્રથી વિકલ્પે चर् થશે તો कतरत् અથવા कतरद् । એવાં બે રૂપો બનશે.

— कतर + औ । (પ્રથમા, દ્વિવચન)માં ૨૩૫. नपुंसकाच्च । થી औ પ્રત્યયને शी → ई આદેશ થશે → कतर + ई → ૨૩૬ થી भ સંજ્ઞક અંગના અંતિમ अ વર્ણનો લોપ થવા આવે છે; પણ * औङः श्यां प्रतिषेधो वाच्यः । વાર્ત્તિકથી તેનો નિષેધ થશે → તો ગુણ થઈને कतरे । રૂપ બની જશે.

— कतर + जस् (પ્રથમા, બહુવચન)માં ૨૩૭. થી जस् ના સ્થાનમાં शि આદેશ → कतर + शि → ૨૩૮. થી शि ની સર્વનામસ્થાન સંજ્ઞા થશે; પછી એના ફળ રૂપે ૨૩૯. થી અજન્ત નપુંસકલિંગ શબ્દ कतर શબ્દને नुम् > न् આગમ થશે → कतरन् + शि → પછી ઉપધાને દીર્ઘ થશે → कतरान् + इ → णत्व વિધિ થઈને कतराणि । રૂપ બને છે. (દ્વિતીયા વિભક્તિમાં પણ कतरद् કે कतरत्–कतरे–कतराणि । રૂપો થાય છે.)

— हे कतर + सु (સંબોધન, એ. વ.) માં પણ अद्ड् આદેશ થઈને, પૂર્વવત્ વિધિ થશે તો हे कतरत् । રૂપ બની જશે. (અહીં टि લોપ થયા પછી हे कतर् + अद् થયું છે. તેથી एङ्ह्रस्वात्सम्बुद्धेः । થી અંતિમ द्/त् કારનો લોપ થયો નથી.)

આ સિવાયના દ્વિતીયાદિ વિભક્તિમાં कतर નાં રૂપો પુંલિંગની જેમ થાય છે. આ પ્રમાણે, कतम, इतर, अन्य અને अन्यतर શબ્દો પણ डतर કે डतम પ્રત્યયાન્ત હોઈને પૂર્વવત્ રૂપો થાય છે. જેમકે, कतमत् । इतरत् । अन्यत् । अन्यतरत् । પરંતુ અહીં એ ધ્યાનમાં લેવું કે જે अन्यतम શબ્દ છે તેનું પ્રથમા, દ્વિતીયા એ. વ. માં (अन्यतमत् એવું રૂપ થતું નથી; પણ) अन्यतमम् । એવું જ રૂપ બને છે. [એટલે કે અહીં अद्ड् આદેશ થતો નથી; પણ ૨૩૪. अतोऽम् । થી सु ને अम् આદેશ જ થાય છે. આ अन्यतम શબ્દ 'ડતરાદિ પાંચ' શબ્દોમાં આવેલો નથી; તે એક અવ્યુત્પન્ન પ્રાતિપાદિક છે તેથી આમ થાય છે.]

વાર્ત્તિક : * "एकतर શબ્દની પાછળ આવેલા सु અને अम् પ્રત્યયોને अद्ड् આદેશ લાગતો નથી" એમ કહેવું જોઈએ. * તેથી एकतर + सु/अम् । માંથી एकतरम् । એવું જ રૂપ બને છે, (एकतरत् રૂપ બનતું નથી).

---

243. ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । १–२–४७

अजन्तस्येत्येव । श्रीपम्–ज्ञानवत् ॥

244. स्वमोर्नपुंसकात् । ७–१–२३

लुक् स्यात् । वारि ।

245. इकोऽचि विभक्तौ । ७–१–७३

इगन्तस्य नुम् अचि विभक्तौ । वारिणी । वारीणि । 'न लुमता०' इत्यस्यानित्यत्वात् पक्षे सम्बुद्धिनिमित्तो गुणः–हे वारे, हे वारि । आङो ना–वारिणा । 'घेर्ङिति' इति गुणे प्राप्ते– * (वा०) वृद्ध्यौत्व–तृज्वद्भाव–गुणेभ्यो नुम् पूर्वविप्रतिषेधेन ।*।। वारिणे । वारिणः । वारिणः । वारिणोः । 'नुमचिर०'–इति नुट्–वारीणाम् । वारिणि । हलादौ हरिवत् ॥

અનુવાદ : ૨૪૩. અજન્ત પ્રાતિપદિકના (અંતિમ સ્વર)ને નપુંસકલિંગમાં હ્રસ્વ આદેશ થાય છે. જેમકે, (श्रियं पाति इति) 'श्रीपा' । લક્ષ્મી–ધનનું રક્ષણ કરનારું (આયુધ) એ અર્થવાળો श्रीपा એ દીર્ઘ आ કારાન્ત શબ્દ છે; તેના નપુંસકલિંગમાં રૂપો સિદ્ધિ કરવા હોય ત્યારે–श्रीपा + सु વગેરેમાં–સૌથી પહેલા આ સૂત્રથી હ્રસ્વાદેશ કરવાનો છે→श्रीपा + सु વગેરે. ત્યાર પછી આ श्रीप (હ્રસ્વ अ કારાન્ત બનેલા) શબ્દનાં રૂપો ज्ञान ની જેમ સિદ્ધ કરી શકાય છે.

[હવે હ્રસ્વ इ કારાન્ત નપુંસકલિંગ वारि શબ્દનાં રૂપોની સિદ્ધિ બતાવવામાં આવે છે. હ્રસ્વ अ કારાન્ત નપુંસકલિંગ શબ્દની પાછળ આવેલા सु અને अम् પ્રત્યયોને તો ૨૩૪. अतोऽम् । ૭–૧–૨૪ થી अम् આદેશ કરીને ज्ञानम् જેવાં રૂપો સિદ્ધ કરવામાં આવે છે. પણ वारि જેવા હ્રસ્વ इ કારાન્ત, मधु જેવા હ્રસ્વ उ કારાન્ત કે जगत् જેવા હલન્ત નપુંસકલિંગ શબ્દો હોય તેની પાછળ આવેલા सु અને अम् પ્રત્યયોને શું થાય છે? તે જોઈએ–]

૨૪૪. (હ્રસ્વ अ કારાન્ત સિવાયના) નપુંસકલિંગમાં રહેલા શબ્દોની–પ્રાતિપદિકની–પરમાં આવેલા सु અને अम् પ્રત્યયનો लुक् (=અદર્શન) થાય છે. જેમકે, वारि + सु । (પ્રથમા, એ. વ.)માં वारि (જળ) એ હ્રસ્વ इ કારાન્ત શબ્દ

નપુંસકલિંગમાં છે. તેથી તેની પાછળ આવેલા सु ને આ સૂત્રથી लुक् થશે, તો→वारि + ० । = वारि । એવું રૂપ બને છે.

૨૪૫. इगन्त અંગને नुम् આગમ થાય છે, જો અજાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો (इक् પ્રત્યાહારમાં इ उ ण् । ऋ लृक् । એવા ચાર સ્વરો આવેલા છે. આ સ્વરથી અન્ત પામનારા वारि । मधु । धातृ । વગેરે શબ્દોને 'इगन्त' કહેવાશે.) જેમકે,

— वारि + औ । (પ્રથમા, દ્વિતીયા દ્વિ. વ.)માં ૨૩૫. नपुंसकाच्च । થી औङ्ने शी આદેશ→वारि + शी→वारि + ई । હવે અજાદિ ई પ્રત્યય પરમાં રહેતાં ૨૪૫. થી इगन्त અંગ वारि ને नुम् આગમ થશે; (नुम् માંથી उ અને म् ની ઈત્સંજ્ઞા થઈને, લોપ થશે. તેથી તે मित् આગમ કહેવાશે. અને मिदचोऽन्त्यात्परः । થી वारि ના અંતિમ अच् = इ કારની પાછળ ઉમેરાશે)→वारि न् + ई = वारिनी→अट्कुप्वाङ्० થી णत्व વિધિ થશે→वारिणी । રૂપ સિદ્ધ થઈ જશે.

— वारि + जस्/शस् । (પ્રથમા, દ્વિતીયા બહુવચન)માં ૨૩૭. जश्शसोः शि । થી जस् અને शस् પ્રત્યયોના સ્થાનમાં शि આદેશ થશે.→वारि + शि→હવે ૨૩૮. शि सर्वनामस्थानम् । થી शि ની 'સર્વનામસ્થાન' સંજ્ઞા થશે, જેના પરિણામે ૨૩૯. नपुंसकस्य झलचः । થી नुम् આગમ થશે→ वारिन् + इ । પછી ૧૭૭. सर्वनामस्थाने चासम्बुद्धौ । થી નાન્ત અંગની ઉપધાને દીર્ઘ થશે→वारीन् + इ→वारीनि→णत्व વિધિ થશે તો वारीणि । રૂપ બની જશે.

— हे वारि + सु । (સંબોધન, એકવચન) માં ૨૪૪. स्वमोर्नपुंसकात् થી હ્રસ્વ इ કારાન્ત નપુંસકલિંગ અંગની પરમાં આવેલા सु પ્રત્યયનો लुक् (= અદર્શન) થાય છે. તેથી हे वारि + ० । થશે. પછી प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । ૧૯૦. સૂત્રથી લુપ્ત सु પ્રત્યયનું 'प्रत्ययलक्षण' કરીશું (= પ્રત્યયની હાજરી માનીશું), તો ૧૬૯. (सम्बुद्धौ) ह्रस्वस्य गुणः । ૭–૩–૧૦૮ થી ગુણની પ્રાપ્તિ થાય છે. પરંતુ આ સ્થિતિમાં ૧૯૧. न लुमताङ्गस्य । સૂત્ર આવીને કહે છે કે लु વાળો (लुक्–श्लु–लुप्) શબ્દ વાપરીને જો કોઈનો લોપ (અદર્શન) કર્યો હોય, [જેમકે અહીં हे वारि + सु માંના 'सु' નો स्वमोर्नपुंसकात् (लुक्) । સૂત્રોક્ત लुक् શબ્દથી लुक् = અદર્શન કરેલ છે, તેથી] ત્યાં 'प्रत्ययलक्षण'નું આશ્રયણ થઈ શકતું નથી. તો हे वारि + ० = हे वारि ॥ રૂપ બને છે. એમ કહેવું પડશે.

પરંતુ કેટલાક વૈયાકરણોનો એવો મત છે કે ૧૯૧. न लुमताङ्गस्य । એ સૂત્ર અનિત્ય છે.* આથી हे वारि + ० । ની સ્થિતિમાં 'પ્રત્યયલક્ષણ'નું આશ્રયણ કરીને, सु પ્રત્યયની હાજરી માની શકાશે (આવા પ્રત્યયલક્ષણનો નિષેધ ૧૯૧. મુ. સૂત્ર, અનિત્ય હોવાથી, કરી શકશે નહીં.) તો ૧૬૯. ह्रस्वस्य गुणः । થી ગુણ થઈ પણ શકશે. જેથી हे वारे + ० = हे वारे । એવું રૂપ પણ બની શકશે. આમ हे वारि । हे वारे । એવાં બન્ને રૂપો પ્રયોગાર્હ બને છે :)

※

— वारि + टा । (તૃતીયા, એ. વ.)માં वारि શબ્દ સ્ત્રીલિંગમાં નથી, તેથી ૧૭૧. आङो नाऽस्त्रियाम् । સૂત્રથી आङ् = टा પ્રત્યયના સ્થાનમાં ना એવો આદેશ થશે→वारि + ना । પછી ૧૩૮. अट्कुप्वाङ्नुम्० । સૂત્રથી રેફની પાછળ આવેલા न् નો ण् થશે→वारि + णा = वारिणा । રૂપ બને છે.

— वारि + ङे । (ચતુર્થી, એ. વ.)માં वारि શબ્દની घि સંજ્ઞા થઈને ૧૭૨. घेर्ङिति । થી ગુણ (= वारे + ए) થવા આવે છે. એ સ્થિતિમાં નીચેનું વાર્તિક રજૂ થયું છે. (જે પ્રાપ્ત ગુણનો નિષેધ કરે છે.)

※ **વાર્તિક** : "વૃદ્ધિ ઔત્વ, તૃજ્વદ્ભાવ અને ગુણ વિધિ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે, તે તે કાર્યોની અપેક્ષાએ (= તે તે કાર્યોને રોકી લઈને) 'પૂર્વવિપ્રતિષેધ'થી+ नुम् આગમનો વિધિ કરવો." આમ वारि + ङे । માં घेर्ङिति । ૭–૩–૧૧૧ થી ગુણ થવા આવે છે; પણ પ્રસ્તુત વાર્તિકની સૂચના વડે ૨૪૫. इकोऽचि नुम् विभक्तौ । ૭–૧–૭૩ થી (આ સૂત્ર અષ્ટાધ્યાયી ક્રમાંકની દૃષ્ટિએ ૭–૩–૧૧૧ ની અપેક્ષાએ 'પૂર્વસૂત્ર' હોવા છતાંય) પહેલાં = પૂર્વવિપ્રતિષેધથી नुम् આગમ જ થશે. તો वारि नुम् + ए । થશે. (मिदचोऽन्त्यात्परः । ૨૪૦ ની સૂચનાથી वारि શબ્દમાંના અંતિમ अच् = इ કારની પાછળ नुम्→न् ઉમેરાશે.) वारिन् + ए । (હવે वारिन् માં घेर्ङिति । થી ગુણ થશે નહીં.) પણ अट्कुप्वाङ्नुम्० । સૂત્રથી णत्व થશે→वारिण् + ए = वारिणे । રૂપ બની જશે.

---

* इकोऽचि विभक्तौ । ૭–૧-૭૩ સૂત્રમાંના अचि પદના ગ્રહણથી આ મુદ્દો જ્ઞાપિત થયો છે. વિશેષ સમજૂતી માટે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી'માં ૭–૧–૭૩ સૂત્રની ટીકા જોવી.

\+ આ 'પૂર્વવિપ્રતિષેધ'ની સમજૂતી સૂત્ર ૨૦૯ (પૃ. ૨૪૦–૨૪૧) ઉપર જોવા અનુરોધ છે.

આ જ પ્રમાણે, वारि + ङसि/ङस् । (પંચમી; ષષ્ઠી, એકવચન)માં પણ वारि + अस्‌ની સ્થિતિ રહેશે ત્યારે ङित् सुप् પરમાં રહેતાં वारिमां ગુણ થવા આવશે જ, પણ પૂર્વોક્ત વાર્તિકથી તેનો નિષેધ કરીશું; અને પહેલાં नुम् આગમ કરી, णत्व કરીને वारिन् + अस् = वारिणः ' રૂપ બનાવીશું.

वारि + ओस् । (ષષ્ઠી, સપ્તમી, દ્વિવચન)માં પણ પહેલાં नुम् થશે, અને તો वारिन् + ओस्‌માંથી वारिणोः । રૂપ સધાશે.

वारि + आम् (ષષ્ઠી બહુવચન)માં પણ પહેલાં ह्रस्वनद्यापो नुट् । ७-१-५४ સૂત્રથી હ્રસ્વાન્ત અંગની પાછળ આવેલા आम्‌ને नुट् આગમ થવા આવે છે. સાથે સાથે इकोऽचि विभक्तौ । ७-१-७३ એવા 'પરસૂત્ર' થી ઇગન્ત અંગને नुम् આગમ થવા આવે છે, કેમકે अजादि વિભક્તિ પ્રત્યય પરમાં છે. આ સ્થિતિમાં ૨૦૯. ઉપર રજૂ કરેલા * नुम्–अचिर–तृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । * એવા વાર્તિકથી नुम् આગમ પરસૂત્રોક્ત હોવા છતાંય, પૂર્વવિપ્રતિષેધનું આશ્રયણ કરીને (= આ સન્દર્ભમાં પૂર્વસૂત્રને બળવાન ગણીને પૂર્વસૂત્રોક્ત नुट् આગમને જ લગાડીશું→वारि + नुट् आम्→वारि + न् आम्→वारि + नाम् । હવે (आम्‌ને नुट् થયો છે, તેથી नाम् બન્યો છે. જેના ફલ સ્વરૂપે) नामि । સૂત્રથી અજન્ત અંગને દીર્ઘ થશે, અને પછી णत्व થશે→वारी + नाम्→वारीणाम् । બને છે.

— वारि + ङि । (સપ્તમી, એ. વ.)માં ગુણની અપેક્ષાએ नुम् જ પહેલો થશે →वारिन् + इ→णत्व વિધિ થઈને वारिणि । રૂપ બને છે. આ સિવાયના હલાદિ પ્રત્યયો (भ्याम्, भिस्, भ्यस् અને सुप्) પરમાં રહેતાં हरिનાં રૂપોની જેમ જ રૂપસિદ્ધિ થશે. જેમકે–

प्र० वारि	–वारिणी	– वारीणि		च० वारिणे	–वारिभ्याम्	–वारिभ्यः
सं० हे वारे/वारि–	,,	– ,,		पं० वारिणः–	,,	– ,,
द्वि० वारि	– ,,	– ,,		ष० वारिणः–	वारिणोः	–वारीणाम्
तृ० वारिणा	–वारिभ्याम्	–वारिभिः		स० वारिणि–	,,	–वारिषु ॥

246. अस्थि–दधि–सक्थ्यक्ष्णाम् अनङ् उदात्तः । ७–१–७५.

एषाम् अनङ् स्यात् टादावचि ।

247. अल्लोपोऽनः ६–४–१३४

अङ्गावयवोऽसर्वनामस्थान–यजादि–स्वादिपरो योऽन्, तस्याकारस्य लोपः । दध्ना । दध्ने । दध्नः २ । दध्नोः २ ।

248. विभाषा ङि-श्योः । ६–४–१३६

अङ्गावयवोऽसर्वनामस्थानपरो योऽन्, तस्याकारस्य लोपो वा स्यात्, ङिश्योः परयोः । दध्नि-दधनि । शेषं वारिवत् ॥ एवं अस्थि-सक्थि-अक्षि ॥

અનુવાદ : २४६ अस्थि (હાડકું), दधि (દહીં), सक्थि । (જાંઘ, સાથળ) અને अक्षि (આંખ) – આટલા શબ્દો ને अनङ् આદેશ થાય છે; (અને તે ઉદાત્ત સ્વર વાળો હોય છે); જ્યારે टा, ङे વગેરે અજાદિ પ્રત્યયો પરમાં હોય ત્યારે.

[दधि – હ્રસ્વ इ કારાન્ત નપુંસકલિંગ શબ્દના પ્રથમા, સંબોધન અને દ્વિતીયા વિભક્તિ માં તો वारि ની જેમ જ રૂપો થાય છે : प्र० दधि–दधिनी–दधीनि । सं० हे दधे કે हे दधि–दधिनी–दधीनि । द्वि० दधि-दधिनी–दधीनि ॥ હવે दधि + टा । તૃતીયા વિ. એ.વ.માં, જ્યાં અજાદિ પ્રત્યય પરમાં રહ્યો હશે ત્યાં २४६ સૂત્રથી दधि ના અંતિમ इ કારના સ્થાનમાં अनङ् (= अन) આદેશ થશે, તો दध् + अन् + आ । ની સ્થિતિ હાથ લાગે છે.] પછી–

२४७ 'અંગ'નો અવયવ હોય એવો અને વળી સર્વનામસ્થાન સંજ્ઞાવાળો ન હોય એવા य કારાદિ કે અજાદિ સ્વાદિ પ્રત્યયો જેની પરમાં છે તેવો જે अन्; તે (अन्)ના अ કારનો લોપ થાય છે.

આથી दध् अन् + आ । માં પણ टा (= आ) પ્રત્યય પરમાં રહેતાં

दधन् ની 'અંગ' સંજ્ઞા થાય છે; આ 'અંગ'ના અવયવ રૂપે अन् છે. અને તેની પાછળ સર્વનામસ્થાન ભિન્ન અજાદિ સ્વાદિ પ્રત્યય = टा નો आ કાર પરમાં છે, તેથી તે अन् ના अ કારનો લોપ કરીશું → दध्० न् + आ → તો दध्ना । બની જાય છે.–दधि + ङे । (ચતુર્થી, એ.વ.)માં २४६. થી अनङ् આદેશ થશે, दध् अन् + ए → પછી २४७. दध्० न् + ए = दध्ने ।

— दधि + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એ.વ.) માં दधि + अस् । અહીં २४६.થી अनङ् આદેશ → दध् अन् + अस् → २४७.થી अन् ના अ કારનો લોપ → दध्० न् + अस् → दध्नस् → दध्नः ॥

— दधि + ओस् (ષષ્ઠી, સપ્તમી દ્વિ. વચન) માં પણ પૂર્વવત્ વિધિ કરીશું → दध् अन् + ओस् → दध्०न् + ओस् → दध्नोस् → दध्नोः । રૂપ બને છે.

— दधि + आम् → दध् अन + आम् → दध्०न् + आम् = दध्नाम् । ષષ્ઠી બહુવચનમાં રૂપ થાય છે.

૨૪૮. 'અંગ'નો અવયવ હોય એવો, અને સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો ન હોય એવો (यू કારાદિ કે અજાદિ) પ્રત્યય જેની પરમાં રહેલો છે તેવો જે अन्, તે (अन्)ના अ કારનો વિકલ્પે લોપ થાય છે; જો ङि કે शि પ્રત્યય પરમાં રહેલા હોય તો.

— दधि + ङि। (સપ્તમી, એ.વ.)માં ૨૪૬.થી अनङ् આદેશ→दध् अन् + इ। પછી આ ૨૪૮.થી, ङि પરમાં રહેલો છે તેથી अन्-ના अ કારનો વિકલ્પે લોપ થશે→दध्० न् + इ = दध्नि। થશે. જ્યારે તે अ કારનો લોપ નહીં થાય તો→दध् अन् + इ = दधनि। આમ સપ્તમી એ.વ.માં બે રૂપો સિદ્ધ થાય છે. આ સિવાયનાં રૂપો वारि ની જેમ સિદ્ધ થાય છે. આ જ પ્રમાણે अस्थि, सक्थि અને अक्षि નાં રૂપો પણ થાય છે:—

प्र०	अक्षि	—अक्षिणी	—अक्षीणि	च०	अक्ष्णे	—अक्षिभ्याम्	—अक्षिभिः
सं०	हे अक्षे/अक्षि	—अक्षिणी	—अक्षीणि	पं०	अक्ष्णः	— ,,	—अक्षिभ्यः
द्वि०	अक्षि	—अक्षिणी	—अक्षीणि	ष०	अक्ष्णः	—अक्ष्णोः	—अक्षीणाम्
तृ०	अक्ष्णा	—अक्षिभ्याम्	—अक्षिभिः	स०	अक्ष्णि/अक्षणि	— ,,	—अक्षिषु ॥

सुधि । सुधिनी । सुधीनि ॥ हे सुधे—हे सुधि ।

249. तृतीयादिषु भाषितपुंस्कं पुंवद् गालवस्य । ७--१--७४

प्रवृत्तिनिमित्तैक्ये भाषितपुंस्कमिगन्तं क्लीबं पुंवद् वा टादावचि । सुधिया-सुधिना । इत्यादि ॥ मधु—मधुनी—मधूनि । सुलु—सुलुनी—सुलूनि । सुल्वा—सुलुना ॥ धातृ—धातृणी—धातॄणि । हे धातः —हे धातृ । धात्रा—धातृणा । धातॄणाम् । एवं ज्ञातृ आदयः ।

250. एच इग्घ्रस्वादेशे । १--१--४८

आदिश्यमानेषु ह्रस्वेषु मध्ये एच इगेव स्यात् । प्रद्यु—प्रद्युनी—प्रद्यूनि । प्रद्युना इत्यादि ॥ प्ररि—प्ररिणी—प्ररीणि । प्ररिणा । "एकदेशविकृतमनन्यवत्" (परि०) । प्रराभ्याम् ॥ सुनु—सुनुनी—सुनूनि । सुनुना इत्यादि ॥

॥ इति अजन्तनपुंसकलिङ्गप्रकरणम् ॥

અનુવાદ: (દીર્ઘ ई કારાન્ત નપુંસકલિંગ सुधी શબ્દનાં રૂપો—) सुधी (सुष्ठु ध्यायति तत् सुधी = 'સારું ધ્યાન ધરનારું તત્ત્વ') + सु । નપુંસલિંગમાં

રહેલા આ દીર્ઘ ई કારાન્ત શબ્દનાં રૂપો ચલાવવાના શરૂ કરીશું કે તરત જ, સૌથી પહેલાં ૨૪૩. ह्रस्वो नपुसके प्रातिपदिकस्य। સૂત્ર ઉપસ્થિત થઈને નપુંસકલિંગમાં રહેલા सुधी એવા પ્રાતિપદિકને હ્રસ્વાન્ત બનાવી દેશે : सुधी+सु→ सुधि+सु। ત્યાર પછી પ્રથમા, દ્વિતીયા વિભક્તિમાં वारि ની જેમ રૂપો સિદ્ધ થશે : सुधि–सुधिनी–सुधीनि। (પ્રથમા અને દ્વિતીયામાં); हे सुधे કે हे सुधि। એવાં બે રૂપો સંબોધનમાં થશે.

૨૪૯. જે શબ્દોનું 'પ્રવૃત્તિ–નિમિત્ત' એક (જ) હોય એવા શબ્દો જો પુંસ્ત્વને કહેનારા (–ભાષિતપુંસ્ક) હોય [અર્થાત્ આવા શબ્દો જો પુંલિંગમાં પણ વપરાતા હોય] તો તેવા इगन्त નપુંસકલિંગ શબ્દને વિકલ્પે પુંવદ્ભાવ થાય છે [અર્થાત્ તે શબ્દનાં પુંલિંગમાં જેવાં રૂપો થાય તેવાં જ રૂપો નપુંસકલિંગમાં પણ થાય છે]; જ્યારે તૃતીયાદિ વિભક્તિઓના टा વગેરે અજાદિ પ્રત્યયો પરમાં રહ્યા હોય છે ત્યારે.

[**વિવરણ** : 'પ્રવૃત્તિનિમિત્ત' એટલે શું? તો 'શબ્દને પ્રવૃત્ત થવા માટેનું નિમિત્ત (અર્થાત્ અર્થ).' એટલે કે જે અર્થબોધ કરાવવાને નિમિત્તે શબ્દોનો પ્રયોગ થાય છે તે અર્થને (જ) શબ્દનુ 'પ્રવૃત્તિનિમિત્ત' કહે છે. શાસ્ત્રીય શબ્દોમાં કહીએ તો શબ્દ એ ધર્મી છે, અને અર્થ એ ધર્મ છે. આ ધર્મને જ 'પ્રવૃત્તિનિમિત્ત' કહે છે. જેમકે ઘટત્વ ધર્મ (નો બોધ કરાવવો) એ घट: શબ્દને પ્રવૃત્ત થવા માટે નું નિમિત્ત છે.

હવે 'ભાષિતપુંસ્ક – શબ્દ' કોને કહેવાય ? એ સમજીશું : જે શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત (= અર્થ) પુલિંગમાં અને નપુંસકલિંગમાં એક સમાન હોય તે શબ્દને 'ભાષિતપુંસ્ક' કહે છે. જેમકે,

यन्निमित्तमुपादाय पुंसि शब्दः प्रवर्त्तते।
क्लीबवृत्तौ तदेव स्यादुक्तपुंस्कं तदुच्यते॥

"કોઈ શબ્દ જે (અર્થ રૂપ) નિમિત્તને લઈને પુંલિંગમાં વપરાય છે, તે જ નિમિત્તને (= અર્થને) લઈને, એ શબ્દ નપુંસકલિંગમાં પણ વપરાતો હોય ત્યારે તેને ઉક્તપુંસ્ક = ભાષિતપુંસ્ક' કહેવામાં આવે છે." દા.ત. सुधी શબ્દ નો પુંલિંગમાં પ્રયોગ થાય છે, ત્યારે તેનો અર્થ 'સારું ધ્યાન ધરનારો' થાય છે, અને જ્યારે આ શબ્દ નપુંસકલિંગમાં વપરાય છે ત્યારે પણ 'સારું ધ્યાન ધરનારું (મન)' એવો જ અર્થ થાય છે. આમ આમ આ શબ્દના બન્ને લિંગમાં અર્થ (= પ્રવૃત્તિનિમિત્ત) એક સરખા રહેતા હોવાથી सुधी શબ્દને 'ભાષિતપુંસ્ક' કહેવાશે.

પણ પીલુ એવો શબ્દ લઈએ તો પુંલિંગમાં આ શબ્દનો અર્થ (એક જાતનું) વૃક્ષ થાય છે, અને જ્યારે તે નપુંસકલિંગમાં વપરાય છે ત્યારે તેનો અર્થ '(એ વૃક્ષ નું) ફળ' એવો થાય છે. આમ બન્ને લિંગમાં આ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત (= અર્થ) જુદું જુદું થતું હોવાથી તેને 'ભાષિતપુંસ્તક' કહેવાશે નહીં. [અહીં 'વૃક્ષ' અર્થમાં જ્યારે શબ્દ વપરાય છે ત્યારે પીલુ એવી વર્ણાનુપૂર્વી છે, અને 'ફળ' અર્થમાં વપરાય છે ત્યારે ય પીલુ એવી જ વર્ણાનુપૂર્વી છે. પરંતુ આપણી વ્યાખ્યા મુજબ તો બન્ને લિંગમાં શબ્દ વાપરાય ત્યારે તેની વર્ણાનુપૂર્વી એક સરખી હોવી એટલું જ અનિવાર્ય નથી; પણ બન્ને લિંગમાં અર્થ (= પ્રવૃત્તિનિમિત્ત) પણ એક સરખો જ રહેવો અનિવાર્ય છે. જે શરત પીલુ શબ્દમાં સચવાતી નથી. આથી તેને 'ભાષિતપુંસ્ક' કહેવાશે નહીં.]

હવે સુધી– શબ્દ પુંલિંગ અને નપુંસલિંગ બન્નેમાં વપરાય છે, અને તે બન્ને જગ્યાએ એનું પ્રવૃત્તનિમિત્ત = અર્થ પણ એક સરખો રહે છે: જેમકે, 'સારું ધ્યાન ધરનારો, ધરનારુ", આમ તે 'ભાષિતપુંસ્ક' શબ્દ કહેવાશે; અને તેને પ્રસ્તુત ૨૪૯ મા સૂત્રથી टा વગેરે તૃતીયાદિ અજાદિ વિભક્તિપ્રત્યયો પરમાં રહેશે ત્યારે તેને (આચાર્ય ગાલવના મત અનુસાર) પુંવદ્‌ભાવ થશે. પરિણામે આ સ્થળે સુધી + टा માં પુંલિંગ સુધી શબ્દના રૂપની જેમ જ રૂપસિદ્ધિ થશે. તો→ सुधी + आ । માં ૧૯૯ अचि श्नुधातुभ्रुवां० । થી ધાતુના ई કાર ને इयङ् આદેશ થશે→ सुध् इय् + आ = सुधिया । પરંતુ વિપક્ષમાં — અર્થાત્ પાણિનિના મતે જ્યારે પુંવદ્‌ભાવ નહીં થાય ત્યારે — सुधी + टा । ની સ્થિતિમાં, પહેલાં ૨૪૩ ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । થી નપુંસકમાં રહેલાં સુધી શબ્દ ને અન્તે હ્રસ્વાદેશ થશે→सुधि + टा। પછી ૨૪૫ इकोऽचि विभक्तौ । થી नुम् આગમ થશે→ सुधिन् + आ = सुधिना । વગેરે.*

प्र० सुधि	–सुधिनी	–सुधीनि		च० सुधिये/सुधिने	–सुधिभ्याम्	–सुधिभ्यः
सं० हे सुधे/सुधि	– ,,	– ,,		पं० सुधियः/सुधिनः	- ,,	– ,,
द्वि० सुधि	–सुधिनी	–सुधीनि		ष० ,, / ,,	-सुधियोः/सुधिनोः	-सुधीनाम्
तृ० सुधिया/सुधिना	–सुधिभ्याम्	–सुधिभिः		स० सुधियि/सुधिनि	- ,,/ ,,	-सुधिषु ॥

* ઉપર દર્શાવ્યું છે તેમ પીલુ શબ્દ પુંલિંગઅને નપુંસકલિંગમાં એક સરખો રહેતો હોવા છતાંય, તે બન્ને લિંગમાં એના અર્થ જુદા જુદા છે. તેથી તે 'ભાષિતપુંસ્ક' નથી. પરિણામે તેને પુંવદ્‌ભાવ પણ થતો નથી. પરિણામે (નપુંમાં) પીલુ શબ્દના બબ્બે રૂપો થતા નથી. જેમકે पीलुर्वृक्षः, फलं पीलु; पीलुने–न तु पीलवे । वृक्षे निमित्तं पीलुत्वं, तज्जन्यत्वं तत्फले पुनः ॥ પીલુ ચતુર્થી એ. વ. માં કેવળ પીલુને રૂપ જ થશે. પોલવે નહીં થાય.

(આ જ પ્રમાણે, અનાદિ, પ્રધી, વગેરે 'ભાષિતપુંસ્ક' શબ્દોનાં રૂપો પણ સિદ્ધ થાય છે.)

*

હવે નપુંસકલિંગમાં હ્રસ્વ उ કારાન્ત मधु; અને દીર્ઘ ऊ કારાન્ત सुलू શબ્દનાં રૂપોની સિદ્ધિ બતાવવામાં આવે છે: मधु નાં રૂપો વારિની જેમ થશે:

प्र० मधु	–मधुनी	–मधूनि	च० मधुने	– मधुभ्याम्	– मधुभ्यः
सं० हे मधो/मधु–	,,	– ,,	पं० मधुनः –	,,	– ,,
द्वि० मधु	– ,,	– ,,	ष० मधुनः –	मधुनोः	– मधूनाम्
तृ० मधुना	–मधुभ्याम्–	मधुभिः	स० मधुनि –	,,	– मधुषु ॥

सुलू – દીર્ઘ ऊ કારાન્ત, નપુંસકલિંગ શબ્દ (सुष्ठु लुनाति तत् साधनम् = સારી રીતે કાપનારું જે સાધન હોય તેને सुलू કહે છે.) આ શબ્દ 'ભાષિતપુંસ્ક' છે. તેથી નપુંસકલિંગમાં રૂપ ચલાવતી વખતે, તૃતીયાદિ અજાદિ વિભક્તિ પ્રત્યયો પરમાં રહેતાં તેને પુંવદ્‌ભાવ થાય છે. (તો सुधी>सुधि ની જેમ રૂપો સિદ્ધ થશે =) જેમકે, सुलू + टा । પુંવદ્‌ભાવ, તેથી હ્રસ્વાદેશ નહીં થાય. પણ ओः सुपि । થી યણાદેશ → सुल्व् + आ = सुल्वा ॥ વિપક્ષમાં (પુંવદ્‌ભાવ નહીં થાય ત્યારે) પહેલાં હ્રસ્વાદેશ અને પછી नुम् થશે → सुलू + आ → सुलु + आ → सुलुन् + आ = सुलुना ॥ રૂપ બને છે.

प्र० सुलु	–सुलुनी	–सुलूनि	च० सुल्वे/सुलुने	–सुलुभ्याम्	–सुलुभ्यः
सं० हे सुलु/सुलो –	,,	– ,,	पं० सुल्वः/सुलुनः-	,,	– ,,
द्वि० सुलु	– ,,	– ,,	ष० ,, / ,,	–सुल्वोः/सुलुनोः	-सुलूनाम्
तृ० सुल्वा/सुलुना–	सुलुभ्याम्–	सुलुभिः	स० सुल्वि/सुलुनि–	,, / ,,	–सुलुषु ॥

*

धातृ = 'ધારણ કરનારું (બ્રહ્મ તત્ત્વ)' નપુંસકલિંગ ऋ કારાન્ત શબ્દ પણ 'ભાષિતપુંસ્ક' છે. તેથી તેનાં પણ सुधी, सुलू ની જેમ રૂપો થાય છે. એટલે કે–

प्र० धातृ	–धातृणी	–धातृणि	च० धात्रे/धातृणे	–धातृभ्याम्	–धातृभ्यः
सं० हे धातः/धातृ–	धातृणी	–धातृणि	पं० धातुः/धातृणः–	,,	– ,,
द्वि० धातृ	– ,,	– ,,	ष० ,, / ,,	–धात्रोः/धातृणोः	–धातृणाम्
तृ० धात्रा/धातृणा–	धातृभ्याम्–	धातृभिः	स० धातरि/धातृणि-	,, / ,,	–धातृषु ॥

આ જ પ્રમાણે ज्ञातृ (જાણનારું) कर्तृ (કરનારું) जेतृ (જિતનારું) વગેરે ऋ કારાન્ત શબ્દો, ભાષિતપુંસ્ક હોવાથી નપુંસકલિંગમાં રૂપો ઉપર મુજબ થાય છે.

અનુવાદ : ૨૫૦. જે જે શબ્દોના દીર્ઘ સ્વરોને હ્રસ્વાદેશ કરવાનું વિધાન કરવામાં આવ્યું હોય, તેમાંથી જે एच् રૂપ (ए, ओ, ऐ औ) સ્વરો હોય, તેમને હ્રસ્વાદેશ રૂપે इक् (इ, उ, (ऋ ऌ)) સ્વરો જ થાય છે.

[અર્થાત્ ए કે ऐ નો હ્રસ્વાદેશ इ કાર જ થાય છે, અને ओ કે औ નો હ્રસ્વાદેશ उ કાર થાય છે.] દા. ત., प्रद्यो (प्रकृष्टा द्यौः यस्मिन् दिने तत् प्रद्यो । સુંદર આકાશવાળું દિન), આ ओ કારાન્ત, નપુંસકલિંગ શબ્દનાં રૂપો સિદ્ધ કરવા હશે ત્યારે–प्रद्यो + सु (પ્રથમા, એ. વ.)માં સૌથી પહેલા ૨૪૩. ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । સૂત્રથી અજન્ત प्रद्यो શબ્દના અંતિમ અચ્ = ओ કારને હ્રસ્વાદેશનું વિધાન કરવામાં આવે છે, પણ અહીં પ્રશ્ન થાય છે કે ओ કારનો હ્રસ્વાદેશ કોણ = કયો વર્ણ થશે? કેમકે ओ કારમાં अ + उ એવા બે સ્વરો ભેગા મળેલા છે.+ આ સ્થિતિમાં એમાંથી ગમે તે એક સ્વરને ओ ના હ્રસ્વાદેશ રૂપે સ્વીકારી શકાય એમ છે. તેથી સૂત્રકારે અહીં નિયમ કર્યો છે કે-एच् ના સ્થાનમાં હ્રસ્વાદેશ કરવાનો હોય તો તે इक् વર્ણોને જ પસંદ કરવા. આથી प्रद्यो + सु । માં ૨૫૦. માં સૂત્રથી હ્રસ્વાદેશ કરીશું તો → प्रद्यु + सु થશે. (ત્યાર પછી मधु ની જેમ રૂપસિદ્ધિ આગળ વધશે. જેમકે, (प्र०) प्रद्यु–प्रद्युनी–प्रद्यूनि । (सं०) हे प्रद्यु/प्रद्यो–प्रद्युनी–प्रद्यूनि । (द्वि) प्रथमावत् । (तृ०) प्रद्युना–प्रद्युभ्याम्–प्रद्युभिः । (च०) प्रद्युने । (पं० ष०) प्रद्युनः । प्रद्युनोः २ । प्रद्यूनाम् । (स०) प्रद्युनि । प्रद्युषु ॥

*

+ अ, इ, उ, ऋ, ऌ–એ પાંચને 'સમાનાક્ષર' કહે છે. પણ ए, ओ, ऐ અને औ–એ ચારને 'સન્ધ્યક્ષર' કહે છે. કારણ કે ૧. વિવૃતતર अ + વિવૃતતર इ = ए બને છે. ૨. વિવૃતતર अ + વિવૃતતર उ = ओ બને છે. ૩. વિવૃતતમ अ + વિવૃતતમ इ = ऐ બને છે. અને ૪. વિવૃતતમ अ + વિવૃતતમ उ = औ બને છે. આથી ૨૫૦. માં સૂત્રથી ए કે ऐ ના હ્રસ્વાદેશ રૂપે કેવળ इ કાર જ થશે; તથા ओ કે औ ના હ્રસ્વાદેશ રૂપે કેવળ उ કારનું જ થાય છે. (જુઓ : "મહાભાષ્યમાં પ્રાપ્ત થતી સન્ધ્યક્ષરોની વિચારણા" શીર્ષકવાળો મારો સંશોધન લેખ, 'સ્વાધ્યાય' (૧૬.૪), મ. સ. યુનિ., વડોદરા, ઓગસ્ટ ૧૯૭૯. પૃ. ૩૬૬ થી ૩૭૨)

ऐकारान्त प्रै (પ્રકૃષ્ટ ધનવાળું–કુળ) શબ્દની નપુંસકલિંગમાં રૂપસિદ્ધિ દરમ્યાન ૨૪૩. અને ૨૫૦ થી હ્રસ્વાદેશ, इक् ને જ હ્રસ્વાદેશ રૂપે પસંદ કરીશું તો प्रि + सु । થશે આ प्रि શબ્દનાં રૂપો वारि ની જેમ જ થશે. જેમકે, (પ્ર० દ્વિ०) प्रि–प्रिणी–प्रीणि २ । (तृ०) प्रिणा । હવે તૃતીયા દ્વિવચનમાં प्रि + भ्याम् । મૂકીશું ત્યારે એક **પરિભાષાવચનનું** સ્મરણ કરાવવામાં આવે છે : एकदेशविकृतम् अनन्यवद् भवति । અર્થાત્ "કોઈ (પ્રકૃતિ રૂપ) શબ્દ એકદેશમાં–થોડાભાગમાં–વિકૃત થયો હોય તો પણ તે અન્ય શબ્દ બની જતો નથી." (જેવી રીતે, કૂતરાની પૂંછડી કપાઈ ગયા પછીય તે કૂતરો જ કહેવાય છે; તે ઘોડો કે ગધેડો બની જતો નથી) આમ प्रि શબ્દ એકદેશમાં વિકૃત થયો છે, તથાપિ તે મૂળ प्रै શબ્દ જ છે–એમ સ્વીકારીને **૨૧૫. रायो हलि ।** સૂત્રથી હલાદિ વિભક્તિ પરમાં રહેતાં रै શબ્દના ऐ કારને आ કાર આદેશ કરવામાં આવે છે'→प्रि + भ्याम्→प्रा + भ्याम् = प्राभ्याम् । એ જ પ્રમાણે प्राभिः । અને प्राभ्यः । તથા प्रासु । રૂપો બનશે.

प्र०	प्रि	– प्रिणी	– प्रीणि	च०	प्रिणे	– प्राभ्याम्	– प्राभ्यः
स०	हे प्रे/प्रि –	,,	– ,,	पं०	प्रिणः –	,,	– ,,
द्वि०	प्रि	– ,,	– ,,	ष०	,,	– प्रिणोः	– प्रीणाम्
तृ०	प्रिणा	– प्राभ्याम्	– प्राभिः	स०	प्रिणि –	,,	– प्रासु ॥

*

औकारान्त सुनौ (शोभना नौः यस्य तत् कुलम् । સારી નૌકાવાળું કુળ) શબ્દનાં નપુંસકલિંગમાં રૂપો ચલાવવાં હશે ત્યારે પહેલા હ્રસ્વાદેશ થશે અને તે પણ इक् માંથી જ. તો सुनौ + सु→सुनु + सु । થશે. ત્યાર પછી मधु ની જેમ રૂપો થશે :–

प्र०	सुनु	–सुनुनी	–सुनूनि	च०	सुनुने	– सुनुभ्याम्	–सुनुभ्यः
सं०	हे सुनो/सुनु	– ,,	– ,,	प०	सुनुनः	– ,,	– ,,
द्वि०	सुनु	– ,,	– ,,	ष०	,,	– सुनुनोः	–सुनूनाम्
तृ०	सुनुना	–सुनुभ्याम्	–सुनुभिः	स०	सुनुनि	– ,,	–सुनुषु ॥

વિવરણ : અહીં અજન્ત નપુંસકલિંગ શબ્દોની રૂપ પ્રક્રિયા પૂરી થાય છે. આ પ્રકરણમાં આપણે જે શબ્દો જોયા તે નીચે પ્રમાણે પૃથક્કૃત કરી શકાય :—

૧. अ કારાન્ત—ज्ञान, कतर, कतम	૬. ऊ કારાન્ત—सुलू
૨. आ કારાન્ત—श्रीपा	૭. ऋ કારાન્ત—धातृ
૩. इ કારાન્ત—वारि, दधि, अक्षि	૮. ओ કારાન્ત—प्रद्यो
૪. ई કારાન્ત—सुधी	૯. ऐ કારાન્ત—प्ररै
૫. उ કારાન્ત—मधु	૧૦. औ કારાન્ત—सुनौ

અહીં સ્વરાન્ત નપુંસકલિંગ શબ્દોનું પ્રકરણ પૂરું થયું.

८

॥ अथ हलन्तपुँल्लिङ्गप्रकरणम् ॥

---

251. हो ढः । ८--२--३१

हस्य ढः स्याद् झलि पदान्ते च । लिट्–लिड् । लिहौ । लिहः । लिड्भ्याम् । लिट्त्सु–लिट्सु ॥

252. दादेर्धातो र्घः । ८--२--३२

झलि पदान्ते चोपदेशे दादेर्धातोर्हस्य घः ।

253. एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः । ८--२--३७

धात्ववयवस्यैकाचो झषन्तस्य बशो भष्, से ध्वे पदान्ते च । धुक्-धुग् । दुहौ । दुहः । धुग्भ्याम् । धुक्षु ।

254. वा द्रुह--मुह--ष्णुह--ष्णिहाम् । ८--२--३३

एषां हस्य वा घो झलि पदान्ते च । ध्रुक्–ध्रुग्; ध्रुट्–ध्रुड् । द्रुहौ । द्रुहः । ध्रुग्भ्याम्–ध्रुड्भ्याम्, ध्रुक्षु, ध्रुट्त्सु–ध्रुट्सु ॥ एवं मुक्–मुग् मुट्–मुड् इत्यादि ॥

(હવે હલન્ત = વ્યંજનાન્ત પુંલિંગ શબ્દોની ૩૫ પ્રક્રિયા દર્શાવવામાં આવે છે :)

અનુવાદ : ૨૫૧ ह् કાર ને ढ् કાર આદેશ થાય છે; જો झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં રહેલો હોય અને પદના અન્તે આવેલો હોય તો. દા.ત, लिह् (ચાટનારો; मधुलिड् = ભ્રમર) આ ह કારાન્ત પુંલિંગ શબ્દ છે. लिह् + सु । (પ્રથમા એ.વ.)→ लिह् + स् । અહીં ૧૭૯. हल्ङ्याब्भ्यो० । થી स् પ્રત્યયનો લોપ→लिह् + ० પછી પદના અંતે આવેલા ह ને પ્રસ્તુત ૨૫૧.માં સૂત્રથી ढ् થશે→लिढ् । હવે ૬૭. झलां जशोऽन्ते । થી પદના અંતે એવા झल् = ढ् ને जश् = ड् કાર થશે→लिड् । પછી ૧૪૬. वाऽवसाने । થી झल् = ड् કારને

વિકલ્પે चर् = ट् કાર થશે → लिट् ॥ (વિપક્ષમાં लिड् । એવું રૂપ પણ ચાલુ રહેશે) लिह् + औ । (પ્રથમા, દ્વિ.વ.) માં કોઈ પણ ધ્વનિ વિકાર થયા વિના, ह् વ્યંજન ઉત્તરવર્તી સ્વર औ માં ભળી જશે. તો लिहौ । રૂપ બની જશે. — એ જ પ્રમાણે लिह् + जस् । (પ્રથમા, બ.વ.)માં लिह् + अस् । બન્ને ભેગા મળીને, રુત્વ, વિસર્ગ થતાં लिहः । રૂપ બનશે.

— लिह् + भ्याम् । (તૃતીયા, દ્વિ.વ.) માં २५१. हो ढः । થી, झल् પરમાં છે (= भ्याम् નો म् કાર), તેથી ह् ને ढ् થશે → लिढ् + भ्याम् । પછી ६७ झलां जशोऽन्ते । થી ढ् ને ड् થશે, તો लिड्भ्याम् । રૂપ થશે.

— लिह् + सु (સપ્તમી, બ.વ.) માંથી પણ પહેલાં लिढ् + सु → लिड् + सु થશે, પછી ८४. ड्: सि धुट् । સૂત્ર થી વિકલ્પે धुट् આગમ → लिड् ध् + सु । પછી ७४. खरि च । થી खर् = स् કાર પરમાં છે, તેથી झल् ને = ध् કારને चर्त्व થશે → लिड् त् + सु । પછી ફરીથી खरि च । ની પ્રવૃત્તિ થશે તો लिट्त्सु । રૂપ બનશે. વિપક્ષમાં જ્યાં धुट् આગમ નહીં ઉમેરાયો હોય ત્યાં, लिड् + सु । માં કેવળ એકવાર खरि च । લાગીને लिट्सु । એવું રૂપ પણ બનશે.

प्र० लिट्/लिड् - लिहौ -लिहः		च० लिहे -लिड्भ्याम्-लिड्भ्यः	
सं० हे लिट्/लिड् - ,, - ,,		पं० लिहः- ,, - ,,	
द्वि० लिहम् - ,, - ,,		ष० लिहः-लिहोः -लिहाम्	
तृ० लिहा -लिड्भ्याम्- लिड्भिः		स० लिहि- ,, -लिट्त्सु/लिट्सु ॥	

[નોંધ : અહીં જ્યાં હલાદિ પ્રત્યયો પરમાં છે ત્યાં જ થોડા ધ્વનિવિકારો થયા છે. એ સિવાય જ્યાં અજાદિ પ્રત્યય પરમાં છે ત્યાં તો ह् માં તે સ્વરોને જોડી જ દેવાના છે.]

૨૫૨. ઉપદેશમાં જે द કારાદિ ધાતુ હોય, તે ધાતુના (અંતે આવેલા) ह् કાર ને घ् કાર થાય છે; જો झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં રહ્યો હોય, કે પદના અંતે આવેલો હોય તો.

૨૫૩. झषन्त હોવાની સાથે સાથે જે एकाच् (= એક સ્વરવાળો) પણ હોય એવા ધાતુના અવયવ રૂપ बश् (પ્રત્યાહારના વર્ણ)ને સ્થાને भष् (પ્રત્યાહારનો વર્ણ) આદેશ રૂપે થાય છે; જો स् કાર કે ध्व પરમાં હોય તો, અથવા પદાન્તે આવેલ હોય તો.

दुह्—'દોહનારો', ह् કારાન્ત પુંલિંગ શબ્દ.*

दुह् + सु

દુह् + स्

दुह् + ०

दु— घ् + ०

↑ ↑

बश् झष् (= घ) અન્તવાળો

(સ્થાનિ) एकाच् धातु

↓

भष्

धु – घ् + ०

↓

झल्

धु – ग् + ०

धुक् અથવા धुग्

૧. પ્રથમા, એ. વ.માં उपदेशोऽजनुनासिक इत्। થી सु ના उ ની ઈત્સંજ્ઞા, અને પછી લોપ થશે.

૨. ૧૭૯. हल्ङ्याब्भ्यो०। થી હલન્ત दुह ની પરમાં આવેલા सु પ્રત્યય સંબંધી स् કારનો લોપ થશે.

૩. दादेर्धातोर्घः। ૨૫૨ થી द કારાદિ दुह् ધાતુના ह् કારને घ् થશે; કેમકે તે ह् કાર પદાન્તે આવેલો છે.

૪. હવે ૨૫૩. एकाचो बशो भष्०। થી, झषन्त = घ् કારાન્ત, અને એકાચ્ दुघ् ધાતુના बश् ને (बगडदश्) = द् કારને સ્થાને भष् (= भञ् घढधष्) = घ् કાર આદેશ થશે,

૫. झलां जशोऽन्ते। થી પદાન્તે આવેલા झल् ને जश् થશે–

૬. પછી ૧૪૬. वाऽवसाने। થી વિકલ્પે चर्त्व થશે. (ग् કાર ને क् કાર થશે.) પરિણામે धुक् રૂપ થશે. (વિપક્ષમાં धुग्। રૂપ પણ થશે).

*

* √लिह् (ચાટવું) કે √दुह् (દોહવું) એવા ધાતુઓને 'કર્તા' અર્થમાં કૃદન્તનો क्विप् પ્રત્યય લગાડવામાં આવે છે, પછી આ આખા પ્રત્યયનો લોપ થાય છે અને लिह् दुह् જેવા કૃદન્ત પ્રાતિપદિકો – નામ–બને છે. હવે આ શબ્દોના 'ચાટનારો' – 'દોહનારો'–એવા કર્તાપરક અર્થ બની જાય છે.

જ્યાં दुह् ની પરમાં અજાદિ પ્રત્યય હશે ત્યાં કશો જ ધ્વનિવિકાર નહીં થાય. જેમકે, दुह् + औ = दुहौ । (પ્રથમા દ્વિવચન); दुह् + जस् (પ્રથમા, બહુવચન) दुह् + अस् → दुहस् → दुहः । બને છે,

— दुह् + भ्याम् । તૃતીયા, ચતુર્થી,પંચમી દ્વિવચન માં જ્યાં હલાદિ પ્રત્યય પરમાં હશે, ત્યાં પૂર્વવત્ ૨૫૨ થી ह् ને घ् ૬૭.થી घ् ને ग् કાર થશે → दुघ् + भ्याम् → दुग्भ्याम् । પછી ૨૫૩.થી बश् ને भष् (द् → ध्) થશે તો धुग् + भ्याम् = धुग्भ्याम् । રૂપ બની જાય છે.

दुह् + सुप् । (સપ્તમી, બ.વ.)માં ह् ને घ् અને घ् ને ग् તથા ग् ને ચર્ત્વ થઈને क् કાર થશે → दुघ् + सु → दुग् + सु → दुक् + सु। પછી बश् ને भष् થશે તો धुक् + सु । અહીં ૧૫૦ (इण्कोः) आदेशप्रत्यययोः । થી क् વર્ગની પરમાં આવેલા પ્રત્યયના स् ને ष् કાર થાય છે → धुक् + षु (क् + ष् = क्ष् થતાં) = धुक्षु ।।રૂપ બને છે.

प्र० धुक्/धुग्	– दुहौ	– दुहः		च० दुहे	– धुग्भ्याम्	– धुग्भ्यः
सं० हे धुक्/धुग्	– ,,	– ,,		पं० दुहः	– ,,	– ,,
द्वि० दुहम्	– ,,	– ,,		ष० दुहः	– दुहोः	– दुहाम्
तृ० दुहा	–धुग्भ्याम्	–धुग्भिः		स० दुहि	– ,,	– धुक्षु ॥

*

૨૫૪. द्रुह् (દ્રોહ કરનાર), मुह् (મોહિત થયેલો), ष्णुह् (વમન કરનારો) અને ष्णिह् (સ્નેહ કરનારો) – આટલા શબ્દોના (અંતિમ) ह् કાર ને વિકલ્પે घ् કાર થાય છે, જો झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં રહેલો હોય તો, અથવા તે ह् કાર પદાન્તે આવેલો હોય તો. द्रुह् + सु → પ્રથમા એ. વ.માં द्रुह् + स् → द्रुह् + ० → ૨૫૪.થી વિકલ્પે ह् ને घ् કરીશું તો द्रुघ् + ० । હવે घ् ને ग् તથા ग् ને વિકલ્પે ચર્ત્વ = क् કાર થશે તો द्रुक् અથવા द्रुग् થશે. [પણ જ્યારે ૨૫૪. નહીં લાગે ત્યારે, આ द्रुह् શબ્દના ह् કારને हो ढः । સૂત્રથી ढ् થશે → द्रुढ् + ० → પછી जश्त्व અને વિકલ્પે ચર્ત્વ થશે તો द्रुड् + ० → द्रुट् અથવા द्रुड् થશે. ત્યારે પછી ૨૫૩. થી बश् ને भष् પણ થશે. તો ध्रुट् અને ध्रुड् । રૂપો પણ બને છે.] द्रुह् + औ (પ્રથમા, દ્વિ.વ.)માં અજાદિ પ્રત્યય પરમાં

છે તેથી बश् ને भष् વગેરે વિધિઓ થતી નથી→द्रुहौ । બનશે. द्रुह् + जस्/शस् →द्रुह् + अस् → द्रुहस् → द्रुहः । થાય છે. જ્યાં હલાદિ પ્રત્યયો भ्याम्, भिस्, भ्यस् કે सुप् પરમાં હોય ત્યારે (જ) बश् ને भष् વગેરે વિધિઓ થાય છે. તેથી ध्रुग्भ्याम्–ध्रुड्भ्याम् । ध्रुक्षु–ध्रुट्त्सु–ध्रुट्सु । વગેરે રૂપો બને છે

प्र०	ध्रुक्/ध्रुग् ध्रुट्/ध्रुड्	–द्रुहौ	–द्रुहः	च०	द्रुहे	–ध्रुग्भ्याम् ध्रुड्भ्याम्	–ध्रुग्भ्यः ध्रुड्भ्यः
स०	हे ,,/,, ,,/,,	– ,,	– ,,	ष०	द्रुहः	– ,,	– ,,
द्वि०	द्रुहम्	– ,,	– ,,	पं०	द्रुहः	– द्रुहोः	– द्रुहाम्
तृ०	द्रुहा	–ध्रुग्भ्याम् ध्रुड्भ्याम्	–ध्रुग्भिः ध्रुड्भिः	स०	द्रुहि	– ,,	–ध्रुक्षु ध्रुट्त्सु–ध्रुट्सु

આ જ પ્રમાણે मुह् (મુગ્ધ, મોહ પામેલો) શબ્દનાં રૂપો પણ બને છે. જેમકે, (प्र०) मुक्–मुग् અથવા मुट्–मुड् । मुहौ । मुहः । मुग्भ्याम् અથવા मुड्भ्याम् । मुक्षु–मुट्त्सु–मुट्सु । રૂપો બને છે.

(વિવરણ) (૧) આ 'હલન્ત–પુંલિંગ પ્રકરણ' છે. 'હલન્ત' એટલે 'हल् છે અન્તમાં જેની' તે હલન્ત (બહુવ્રીહિ સમાસ). हल् = हयवरट् । ના ह થી શરૂ કરીને ચૌદમા हल् । સૂત્રના ल् સુધીના વર્ણો, જેમાં તમામ વ્યંજનો આવી જાય છે. અર્થાત્ ભાષામાં જે વ્યંજનાન્ત શબ્દો વપરાય છે (દા.ત. जगत्, मरुत्, भगवत् किम्, इदम् વગેરે) તેમનાં રૂપોની સિદ્ધિ કેમ કરવી ? એનું હવે નિરૂપણ કરવાનું શરૂ કર્યું છે.

આ પ્રકરણમાં જે ઉદાહરણો રજૂ કરવામાં આવશે તે हयवरट् । लण्...। ઇત્યાદિ સૂત્રમાં વ્યંજનોનો જે ઉપસ્થિતિ ક્રમ છે તે ક્રમ અનુસાર હશે–એ નોંધવું. આથી સૌથી પહેલાં लिह्, दुह्, द्रुह વગેરે ह् કારાન્ત શબ્દોનાં ઉદાહરણોથી શરૂઆત, કરવામાં આવી છે. આમ ह् કારાન્ત, यू કારાન્ત, व् કારાન્ત, રેફાન્ત, लू કારાન્ત, ञ् કારાન્ત એવા ક્રમે ઉદાહરણો આવશે.

(૨) આ પ્રકરણમાં બતાવેલી રૂપસિદ્ધિમાં મહદંશે सु, भ्याम्, भिस्, भ्यस्, અને सुप् એટલા વ્યંજનાદિ પ્રત્યયો હશે ત્યારે મૂળ પ્રકૃતિના અંતિમ વ્યંજનમાં

ક્યા ક્યા ધ્વનિવિકારો આવે છે એ જ ખાસ નોંધપાત્ર છે—અથવા યાદ રાખવાનું છે—પરંતુ જ્યાં औ, जस्, अम्, शस्, टा, ङे, ङसि, ङस् ओस् आम्, ङि વગેરે અજાદિ પ્રત્યયો જોડવાના હશે ત્યાં તો મહદંશે કશો ધ્વનિવિકાર કરવાનો આવશે નહીં. આથી હલન્ત શબ્દોની રૂપપ્રક્રિયા પ્રમાણમાં ઘણી સરળ છે. આગળ આપેલાં लिह् શબ્દનાં રૂપો ફરી જોઈ જઈને, ઉપરના મુદ્દાનું દઢીકરણ કરી લેવું.

---

255. धात्वादेः षः सः । ६-१-६४

स्नुक्-स्नुग्, स्नुट्-स्नुड् । एवं स्निक्-स्निग्, स्निट्-स्निड् इत्यादि ॥ विश्ववाट्-विश्ववाड् । विश्ववाहौ । विश्ववाहः । विश्ववाहम् । विश्ववाहौ ।

256. इग् यणः सम्प्रसारणम् । १-१-४५

यणः स्थाने प्रयुज्यमानो य इक् स सम्प्रसारणसंज्ञः स्यात् ।

257. वाह ऊठ् । ६-४-१३२

भस्य वाहः सम्प्रसारणम् ऊठ् ।

258. सम्प्रसारणाच्च । ६-१-१०८

सम्प्रसारणादचि पूर्वरूपमेकादेशः । वृद्धिः-विश्वौहः इत्यादि ।

અનુવાદ : ૨૫૫ (સૂત્રાર્થ:) ધાતુની આદિમાં આવેલા ष् કારને સ્થાને स् કાર આદેશ થાય છે. જેમકે, [આગળના ૨૫૪. સૂત્રમાં √ष्णुह् (વમન કરવું) અને √ष्णिह् (સ્નેહ કરવો) એવા બે ધાતુઓનો નિર્દેશ છે. તે ધાતુઓને કૃદન્તનો क्विप् પ્રત્યય લગાડીને નામમાં ફેરવીએ ત્યારે, અર્થાત્ 'વમન કરવું'માંથી 'વમન કરનારો' એ અર્થમાં ष्णुह् એવું નામ બનાવીએ ત્યારે આ ૨૫૫.મા સૂત્રથી ष् ને स् માં ફેરવવામાં આવે છે.] ष्णुह् + सु (પ્રથમ એ વ.)માં ધાતુના આદિમાં આવેલા ष् ને स् કરીશું→स्नुह् + स्→અહીં મૂર્ધન્ય ष् ને स् કારમાં ફેરવ્યા બાદ, તે ष् ને કારણે જે न् માંથી ण् થયો હતો તે પણ દૂરઃ

થઈ જશે. અર્થાત્ ष्णुह्→स्णुह्→स्नुह् પણ થઈ જશે. * हल्ङ्याब्भ्यो० । થી પ્રત્યયના स् નો લોપ→स्नुह्+०→હવે ધાતુના અંતે આવેલા ह् કારને ૨૫૪.થી વિકલ્પ घ् થશે તો પૂર્વવત્ स्नुक्-स्नुग् રૂપો થશે. તથા વિપક્ષમાં ૨૫૧ થી ह् ને ढ् થશે ત્યારે स्नुट्-स्नुड् એવાં બીજાં બે રૂપો પણ બનશે. એ જ પ્રમાણે ष्णिह्+सु । માંથી પણ ચાર રૂપો થશે→૧. स्निक् ૨. स्निग् । અથવા ૩. स्निट्—૪. स्निड् । વગેરે.

विश्ववाह् । (विश्वं वहति इति = વિશ્વનું વહન કરનારા ઈશ્વર) ह् કારાન્ત પુંલિંગ શબ્દ. विश्ववाह्+सु>स् । પહેલાં પ્રત્યયનો લોપ અને પછી हो ढः । થી પદાન્તે આવેલા ह् ને ढ् →विश्ववाढ्+० । પછી झलां जशोऽन्ते । થી જશ્ત્વ અને वाऽवसाने । થી વિકલ્પે चर्त्व થશે તો→ विश्ववाड्→विश्ववाट् અથવા →विश्ववाड् । એવાં બે રૂપો થાય છે.

— જ્યાં અજાદિ પ્રત્યય હશે ત્યાં કોઈ પણ ધ્વનિવિકાર નહીં થાય. જેમકે, विश्ववाह्+औ = विश्ववाहौ । विश्ववाह्+जस्→विश्ववाह्+अस् →विश्ववाहः । विश्ववाह्+अम् = विश्ववाहम् । विश्ववाह्+औ = विश्ववाहौ । હવે विश्ववाह्+शस् (દ્વિતીયા, બ.વ.)માં રૂપ પ્રક્રિયા હાથ ધરીશું ત્યારે—

૨૫૬. यण् (પ્રત્યાહારના વર્ણો)ના સ્થાનમાં (આદેશ રૂપે) પ્રયોજાતો જે इक् (પ્રત્યાહારનો વર્ણ, તે)ની 'સમ્પ્રસારણ' એવી સંજ્ઞા થાય છે. જેમકે,

यण् =	य्	व्	र्	ल् (સ્થાની)
	↓	↓	↓	↓
इक् =	इ	उ	ऋ	ऌ (આદેશ) = આમની સમ્પ્રસારણ સંજ્ઞા થાય છે.

૨૫૭. भ સંજ્ઞક—वाह् શબ્દાન્ત અંગ(ના અવયવ સ્વરૂપ व् કાર) ને 'સંપ્રસારણ' સંજ્ઞાવાળો ऊट् (= ऊ) આદેશ થાય છે.

---

* निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । એવો એક ન્યાય છે. ધાતુના આરંભે આવેલા મૂર્ધન્ય ष् ને નિમિત્તે = કારણે, તેની પાછળ આવેલો દન્ત્ય न् કાર મૂર્ધન્ય ण् કારમાં ફેરવાયો હતો. પણ જ્યારે નિમિત્ત ભૂત ष् જ स् બની ગયો, ત્યારે તેના નિમિત્તે આવેલો = નૈમિત્તિક ण् પણ બદલાઈ જાય.

૨૫૮. સમ્પ્રસારણ સંજ્ઞક વર્ણની પાછળ અચ્ આવેલો હોય તો પૂર્વરૂપ એકાદેશ થાય છે.

विश्ववाह् + शस्	૧. દ્વિતીયા, બ.વ.) लशक्वतद्धिते । થી શ્ ની ઇત્સંજ્ઞા, અને પછી લોપ
विश्ववाह् + अस् भ संज्ञा	૨. यचि भम् । થી સર્વનામસ્થાન ભિન્ન અજાદિ પ્રત્યય પરમાં છે, તેથી પૂર્વમાં આવેલી પ્રકૃતિની ભ સંજ્ઞા થશે.
विश्व ऊ आह् + अस् ↑ સમ્પ્રસારણ સંજ્ઞા	૩. પછી ૨૫૭. થી वाह ऊठ् । થી ભ સંજ્ઞક—वाह् ના व् કારને ऊठ् આદેશ.
	૪. इग्यणः सम्प्रसारणम् । થી यण् = व् કારના સ્થાનમાં જે ऊठ् (= इक्) આદેશ થયો છે તેની સમ્પ્રસારણ સંજ્ઞા થાય છે.
विश्व ऊ आह् + अस्	૫. હવે ૨૫૮. सम्प्रसारणाच्च । થી સમ્પ્રસારણની પરમાં અચ્ (= आ) આવેલો છે, તેથી પૂર્વરૂપ એકાદેશ થશે.
वि + श्व ऊ ह् + अस् વૃદ્ધિ	૬. પછી ૨૪. एत्येधत्यूठ्सु । સૂત્રથી 'अ કારની પરમાં ऊठ् છે, તેથી વૃદ્ધિ રૂપી એકાદેશ થશે.
विश्वौ-ह् + अस् विश्वौहस् विश्वौहरु > र् विश्वौहः ॥	૭. अज्झीनं परेण संयोज्यम् । થી ह् ને अ સાથે જોડીશું, તથા પદાન્તે આવેલા स् ને રુત્વ–વિસર્ગ કરીશું તો विश्वौहः । રૂપ બની જશે.

હવે તૃતીયાદિ વિભક્તિઓમાં પણ જ્યાં અજાદિ પ્રત્યય આવશે, ત્યાં પૂર્વની ભ સંજ્ઞા થઈને પૂર્વવત્ સમ્પ્રસારણ અને વૃદ્ધિની વિધિ થશે.

प्र	विश्ववाट् विश्ववाड्	-विश्ववाहौ	-विश्ववाहः
सं हे	,, ,,	- ,,	- ,,
द्वि.	विश्ववाहम्-	,,	- विश्वौहः
तृ.	विश्वौहा -	विश्ववाड्भ्याम्-	-विश्ववाड्भिः
च.	विश्वौहे-	विश्ववाड्भ्याम्-	विश्ववाड्भ्यः
पं.	विश्वौहः -	,,	- ,,
ष.	,,	-विश्वौहोः	-विश्वौहाम्
स.	विश्वौहि-	,,	-विश्ववाट्त्सु विश्ववाट्सु ॥

આ જ પ્રમાણે, प्रष्ठवाह् (તોફાની વાછરડો), भारवाह् (ભારનું વહન કરનારો) વગેરે √वह ધાતુમાંથી બનાવેલા શબ્દોનાં રૂપો પણ થાય છે.

વિવરણ : અહીં इग् यणः सम्प्रसारणम् । ૧-૧-૪૫ સૂત્રથી "यण् ના સ્થાનમાં પ્રયોજવામાં આવતા इक् ની 'સમ્પ્રસારણ' સંજ્ઞા થાય છે' એમ કહ્યું છે; અને બીજી તરફ वाहः ऊठ् । સૂત્રથી 'भ સંજ્ઞક वाह् ને સમ્પ્રસારણ સંજ્ઞક ऊठ् આદેશ કરો' એમ જે કહ્યું છે તેમાં એક રીતે અન્યોન્યાશ્રય દોષ છે. विश्ववाह् + शस्→विश्ववाह् + अस् । ની સ્થિતિમાં वाह् નો व् કાર (કે જે यण् છે) તેના સ્થાનમાં (इक् ૩૫) ऊठ् પ્રયોજાય ત્યાર પછી તે (ऊठ्) ની સમ્પ્રસારણ સંજ્ઞા થાય ? કે व् કારના સ્થાનમાં સમ્પ્રસારણ સંજ્ઞાવાળો (જેની પૂર્વેથી સમ્પ્રસારણ સંજ્ઞા થઈ છે તેવો) ऊठ् થાય છે ? જો ऊठ् નો પ્રયોગ થયા પછી (૧-૧-૪૫થી) તેની 'સમ્પ્રસારણ' સંજ્ઞા થતી હોય. તો (૬-૪-૧૩૨થી) એમ ન કહી શકાય કે भ સંજ્ઞક वाह् ના (व् કારના) સ્થાનમાં સમ્પ્રસારણ સંજ્ઞાવાળો ऊठ् થાય છે. કેમકે જ્યાં સુધી यण् ના સ્થાનમાં ऊठ् પ્રયોજાય નહીં ત્યાં સુધી તેની સમ્પ્રસારણ —સંજ્ઞા ન થાય; અને જ્યાં સુધી ऊठ् ની સમ્પ્રસારણ સંજ્ઞા નહીં થઈ હોય ત્યાં સુધી તેને इक् (वाह् ના व् કાર)ના સ્થાનમાં પ્રયોજી નહીં શકાય. આમ ऊठ् નો પ્રયોગ અને સમ્પ્રસારણ સંજ્ઞાનું વિધાન—એ બન્ને અન્યોન્યાશ્રયમાં આવી પડે છે. આવી સ્થિતિમાં કહેવાયું છે કે इतरेतराश्रयाणि कार्याणि न प्रकल्पन्ते । 'ઈતરેતરાશ્રયે રહેલાં કાર્યો થઈ શકતાં નથી.' તો આનું સમાધાન આપતાં ભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે અહીં 'ભાવિની સંજ્ઞાનું આશ્રયણ કરવું.' જેમકે, લોકમાં अस्य सूत्रस्य शाटकं वय ।' આ સૂતરના તંતુનું ધોતીયું/સાડી વણી આપ' એમ કોઈ વણકરને કહેવામાં આવે તો તંતુને વણ્યા પહેલાં શાટક કેવી રીતે કહેવાય, અને જો શાટક જ હોય તો તેને વણવાની વાત કેવી ?! પણ આપણે, ત્યાં એવો અર્થ કરીએ છીએ કે આ તંતુમાંથી એવી વસ્તુ વણો, કે જેને ભવિષ્યમાં 'શાટક' કહેવામાં આવે. (આને ભાવિની સંજ્ઞાનું

આશ્રયણ કરીને 'શાટક' શબ્દનો પ્રયોગ કર્યો એમ કહેવાય.) એ જ રીતે, "वाह्_ના व्_ કારના સ્થાનમાં ऊठ्_ આદેશ કરો, કે જેની ભવિષ્યમાં 'સમ્પ્રસારણ' સંજ્ઞા થાય.' એવો (૬-૪-૧૩૨નો) અર્થ કરીશું તો ઉક્ત અન્યોન્યાશ્રય દોષ દૂર થઈ જશે. *

---

259. चतुर्_-अनडुहोराम् उदात्तः । ७-१-९८

अनयोराम् स्यात् सर्वनामस्थाने परे ।

290. सावनडुहः । ७-१-८२

अस्य नुम् स्यात् सौ परे । अनड्वान् ।

261. अम् सम्बुद्धौ । ७-१-९९

हे अनड्वन् । अनड्वाहौ । अनड्वाहः । अनडुहः । अनडुहा ।

262. वसु-स्रंसु-ध्वंस्वनडुहां दः । ८-२-७१

सान्तवस्वन्तस्य स्रंसादेश्च दः स्यात् पदान्ते । अनडुद्भ्याम् इत्यादि ॥ सान्तेति किम् ?-विद्वान् ॥ पदान्ते किम् ?-स्रस्तम, ध्वस्तम् ।

263 सहेः साडः सः । ८-३-५६

साड्रूपस्य सहेः सस्य मूर्धन्यादेशः । तुराषाट् तुराषाड् । तुरासाहौ । तुरासाहः । तुराषाड्भ्यामित्यादि । इति हकारान्ताः ॥

અનુવાદ : ૨૫૯ चतुर्_ અને अनडुह्_ શબ્દને आम् આગમ થાય છે; જો સર્વનામસ્થાન સંજ્ઞાવાળા પ્રત્યયો પરમાં રહેલા હોય તો.

(અને) ૨૬૦. अनडुह्_ શબ્દને नुम् આગમ (પણ) થાય, જો (પ્રથમા વિભક્તિનો) सु પ્રત્યય પરમાં રહેલો હોય તો. જેમકે, अनडुह्_ (બળદ) + सु । (પ્રથમા, એ.વ.) અહીં 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો सु પરમાં છે, તેથી ૨૫૯ થી आम् (= आ) આગમ થશે (તે मित् છે. તેથી अनडुह्_ ના અંતિમ अच्_ ની પાછળ

---

* संज्ञिनो भावित्वात् संज्ञापि भाविन्येव, यथा-अस्य सूत्रस्य शाटकं वयेति । स इग्_ यणः स्थाने भवति, यस्य भूतस्य सम्प्रसारणमित्येषा संज्ञा भवतीति ॥ (૧-૧-૪૫ સૂત્ર ઉપરની કાશિકા અને 'ન્યાસ' ટીકા)

થશે) → अनडु–आ–ह् + स् । પછી ૨૬૦.થી सु પ્રત્યય પરમાં હોય તો नुम् આગમ પણ થાય છે → अनडु–आ–न्–ह् + स → डु ના उ કારને યણાદેશ → अनड्व्–आ–न्–ह् + स् થશે. પછી हल्ङ्याब्भ्यो० । થી હલન્તની પરમાં આવેલા सु પ્રત્યયસંબંધી અપૃક્ત हल् = स् કારનો લોપ થશે → अनड्वान्ह् + ० । પછી संयोगान्तस्य लोपः । સૂત્ર થી 'न्ह्' ના 'સંયોગ'ને અંતે આવેલા ह् કારનો લોપ થશે → अनड्वान्० + ० । = अनड्वान् ॥ રૂપ સિદ્ધ થયું.

૨૬૧. સમ્બુદ્ધિનો सु પ્રત્યય પરમાં હોય તો अनडुह् શબ્દને अम् (= अ) આગમ થાય છે. જેમકે, हे अनडुह् + सु (સંબોધન, એ.વ.)માં अम् એવો મિત્ આગમ અંતિમ અચ્ ની પાછળ થશે → हे अनडु–अ–ह् + स् । પછી ૨૬૦ થી नुम् આગમ પણ થશે → हे अनडु–अ–न्–ह् + स् । પછી યણાદેશ → हे अनड्व्–अ न् ह् + स् । પછી પૂર્વવત્ स् નો અને ह् નો લોપ પણ થશે, તો हे अनड्वन् । એવું રૂપ સિદ્ધ થશે.

अनडुह् + औ (પ્રથમા, દ્વિ.વ.)માં સર્વનામસ્થાન-સંજ્ઞક औ પરમાં છે. તેથી आम् આગમ થશે → अनडु–आ–ह् + औ । યણાદેશ → अनड्व्–आ–ह् + औ = अनड्वाहौ । રૂપ સધાશે.

—अनडुह् + जस् (પ્રથમા બ.વ.)માં आम, યણાદેશ, રુત્વ, વિસર્ગ થશે તો → अनडु आह् + अस् → अनड्व्–आ–ह् + अस् = अनड्वाहः । એ જ પ્રમાણે अनडुह् + अम् (દ્વિતીયા એ.વ.)માંથી अनड्वाहम् । બનશે.

—अनडुह् + शस् (દ્વિતીયા બ.વ.)માં સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં નથી, તેથી आम् આગમ વગેરે થશે નહીં. તો अनडुह् + अस् → अनडुहस् = अनडुहः । એ જ પ્રમાણે તૃતીયાદિ અજાદિ પ્રત્યયોમાં પણ કોઈ વિશેષ વિધિ નહીં થતાં, કેવળ પ્રત્યય જોડાઈ જશે. તો अनडुह् + टा → अनडुह् + आ = अनडुहा । વગેરે બનશે.

૨૬૨. 'પદ'ના અંતે આવેલા (स् કારાન્ત → वसु પ્રત્યયાન્ત, स्रंसु, ध्वंसु અને अनडुह् શબ્દોને द् કારાદેશ થાય છે: જેમ કે, अनडुह् + भ्याम् (તૃતીયા, દ્વિવચન)માં હલાદિ પ્રત્યયો પરમાં રહેતાં स्वादिष्वसर्वनामस्थाने । સૂત્રથી પૂર્વમાં આવેલા अनडुह પ્રકૃતિની 'પદ' સંજ્ઞા થાય છે. તેથી પ્રસ્તુત ૨૬૨ સૂત્રથી 'પદ'ના અંતે આવેલા 'अनडुह्'ના અંતિમ ह् કારને द् કાર આદેશ થશે → अनडुद् + भ्याम् = अनडुद्भ्याम् । રૂપ બનશે. આ જ પ્રમાણે અન્યત્ર પણ સમજવું.

प्र०	अनड्वान्–अनड्वाहौ–अनड्वाहः			च०	अनडुहे–अनडुद्भ्याम्–अनडुद्भ्यः	
सं०	हे अनड्वन्– ,, – ,,			पं०	अनडुहः– ,, – ,,	
द्वि०	अनड्वाहम्– ,, –अनडुहः			ष०	,, –अनडुहोः –अनडुहाम्	
तृ०	अनडुहा –अनडुद्भ्याम्–अनडुद्भिः			स०	अनडुहि– ,, –अनडुत्सु ॥	

*

શંકા : (૧) "वसु પ્રત્યયાન્ત શબ્દો 'सान्त' = स् કારાન્ત હોય ત્યારે द् કારાદેશ થાય છે" એમ કેમ કહ્યું છે ?

સમાધાન : विद्वान् । એ રૂપમાં આ સૂત્રની પ્રવૃત્તિ ના થાય એટલા માટે "वसु પ્રત્યયાન્ત શબ્દો 'સાન્ત' હોય ત્યારે" (જ द् કાર થાય છે) એમ કહ્યું છે. જેમ કે, √विद् ધાતુને (વર્તમાન કૃદન્તનો) वसु પ્રત્યય લગાવીને विद्वस् શબ્દ બનાવાય છે. એ પછી विद्वस् + सु । માં ૨૯૦ उगिदचां સૂત્રથી नुम् આગમ થશે →विद्वन् स् + स् । અહીં हल्ङ्याब्भ्यो० અને संयोगान्तस्य लोपः । ની પ્રવૃત્તિ થશે તો →विद्वन् + ० + ० । થશે. આ સ્થિતિમાં विद्वन् શબ્દ 'वसु પ્રત્યયાન્ત' છે; પણ 'સાન્ત' = स् કારાન્ત નથી. તેથી ૨૬૨. થી અંતિમ न् કારને द् કારાદેશ થતો નથી. (પણ ત્યાર પછી ૩૪૩. सान्तमहतः संयोगस्य । થી ઉપધાને દીર્ઘ થશે→विद्वान् । રૂપ બને છે.)

શંકા : (૨) આ સૂત્રના અર્થમાં पदान्ते = 'પદ'ના અંતે આવેલાને (द् કારાદેશ થાય છે) એમ શા માટે નથી કહ્યું છે ?

સમાધાન : स्रस्तम् । અને ध्वस्तम् । આ રૂપોમાં स्रंसु અને ध्वंसु ધાતુઓ છે અને તેમની પાછળ કર્મણિ ભૂતકૃદન્તનો त પ્રત્યય છે. તે સ્થિતિમાં स्रंस् ની, કે ध्वंस् ની 'પદ' સંજ્ઞા થતી નથી. તેથી તેમના स् કારને द् કારાદેશ થતો નથી.

*

૨૬૩. साड् રૂપ √सह ધાતુના (દન્ત્ય) स् કારને મૂર્ધન્ય ष् કાર આદેશ રૂપે થાય છે. જેમ કે, (तुरं सहते इति) तुरासाह् । = ઈન્દ્ર. આ શબ્દનું પ્રથમા એકવચનમાં રૂપ સિદ્ધ કરવું હશે તો तुरासाह् + स् । માં પહેલાં અપૃક્ત स् નો લોપ થશે અને हो ढः । થી પદાન્તે આવેલા ह् ને ढ् થશે→तुरासाढ् + ० । પછી जश्त्व વિધિ થતાં तुरासाड् થશે. આ સ્થિતિમાં साड् રૂપ √सह् ધાતુના स् કારને, પ્રસ્તુત ૨૬૩. સૂત્રથી મૂર્ધન્યાદેશ થશે→तुराषाड् । પછી वाऽवसाने । થી વિકલ્પે चर्त्व થશે તો तुराषाट् અથવા तुराषाड् । એવાં બે રૂપો સધાશે.

प्र०	तुराषाट्, ड्–तुरासाहौ	–तुरासाहः	
सं०	हे ,, –	,,	– ,,
द्वि०	तुरासाहम्–	,,	– ,,
तृ०	तुरासाहा–तुराषाड्भ्याम्–तुराषाड्भिः		
च०	तुरासाहे–तुराषाड्भ्याम्–तुराषाड्भ्यः		
पं०	तुरासाहः–	,,	– ,,
ष०	तुरासाहः–तुरासाहोः	–तुरासाहाम्	
स०	तुरासाहि–	,,	–तुराषाट्त्सु / तुराषाट्सु

અહીં ह् કારાન્ત પુંલિંગ શબ્દોનાં રૂપો પૂરાં થયાં. य् કારાન્ત શબ્દોનાં ઉદાહરણ અહીં રજૂ થયાં નથી; હવે સીધું व् કારાન્ત શબ્દનું ઉદાહરણ રજૂ થાય છે :

264. दिव औत् । ७–१–८४

'दिव्' इति प्रातिपदिकस्य 'औत्' स्यात् सौ । सुद्यौः । सुदिवौ ।

265. दिव उत् । ६–१–१३१

दिवोऽन्तादेश उकारः स्यात् पदान्ते । सुद्युभ्याम् इत्यादि । इति वकारान्ताः ॥ चत्वारः । चतुरः । चतुर्भिः । चतुर्भ्यः २ ।

266. षट्चतुर्भ्यश्च । ७–१–५५

एभ्य आमो नुडागमः ।

267. रषाभ्यां नो णः समानपदे । ८–४–१

६०. 'अचो रहाभ्यां द्वे'—चतुर्ण्णाम्, चतुर्णाम् ।

268. रोः सुपि । ८–३–१६

रोरेव विसर्गः सुपि । षत्वम् । षस्य द्वित्वे प्राप्ते ।

269. शरोऽचि । ८–४–४९

अचि परे शरो न द्वे स्तः । चतुर्षु । इति रेफान्ताः ॥

અનુવાદ २६४ : दिव् એવા પ્રાતિપદિક (ના અંતિમ વર્ણ)ને औत् એવો આદેશ થાય છે; જો (પ્રથમા વિભક્તિનો) सु પ્રત્યય પરમાં હોય તો.

— सुदिव् (સ્વચ્છ આકાશવાળો દિવસ) + सु । પ્રથમા એ. વ.માં પ્રસ્તુત સૂત્રથી दिव् શબ્દને औ આદેશ કરીશું; अलोऽन्त्यस्य । પરિભાષાથી दिव् ના અંતિમ વર્ણ व् ને થશે→सुदि औ + स् । यणादेश सुद्य् औ + स्→ सुद्यौस्→रुत्व, વિસર્ગ→सुद्यौः ।

— सुदिव् + औ→કોઈ વિશેષ વિધિ નહીં થાય→सुदिवौ ।

२६५. दिव् શબ્દના સ્થાનમાં उ કાર અન્તાદેશ રૂપે થાય છે; પદના અન્તે. જેમ કે, सुदिव् + भ्याम् । (તૃતીયા, દ્વિ. વ.)માં स्वादिष्वसर्वनामस्थाने । થી હલાદિ વિભક્તિ પરમાં રહેતાં, પૂર્વની 'પદ' સંજ્ઞા થશે; પછી सुदिव् એવા 'પદ'ના અંતે આવેલા व् કારને उ કાર આદેશ કરીશું → सुदि उ + भ्याम् → યણાદેશ → सुद्य + उ + भ्याम = सुद्युभ्याम् ॥ રૂપ થશે.

प्र०	सुद्यौः	सुदिवौ	सुदिवः	च० सुदिवे	सुद्युभ्याम्	सुद्युभ्यः
सं०	हे सुद्यौः	,,	,,	पं० सुदिवः	,,	,,
द्वि०	सुदिवम्	,,	,,	ष० ,,	सुदिवोः	सुदिवाम्
तृ०	सुदिवा	सुद्युभ्याम्	सुद्युभिः	स० सुदिवि	,,	सुद्युषु ।

અહીં व् કારાન્ત શબ્દનાં રૂપો પૂરાં થયાં. હવે चतुर् (ચાર) શબ્દનાં રૂપો બતાવે છે:

चतुर् + सु । (પ્રથમા, એ. વ.)માં २५९. चतुरनडुहोराम्० । સૂત્રથી 'સર્વનામ સ્થાન' સંજ્ઞક પ્રત્યય પરમાં રહેતાં आम् (= આ) આગમ થશે चतु आ र् + स् → યણાદેશ → चत्व् आर् + स् → चत्वारस् → રુત્વ, વિસર્ગ → चत्वारः ॥ પણ જ્યાં સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં નહીં હોય ત્યાં चतुर् + शस् । (દ્વિતીયા, બ. વ.)માં आम् આગમ નહીં થાય તો चतुर् + अस् = चतुरः । થશે, चतुर् + भिस् । (તૃતીયા, બ. વ.)માં કોઈ વિશેષ કાર્ય થતું નથી – चतुर्भिः । એ જ પ્રમાણે चतुर् + भ्याम् અને चतुर् + भ्यस् માંથી અનુક્રમે चतुर्भ्याम् । અને चतुर्भ्यः । રૂપો થાય છે.

२६६. षट् સંજ્ઞક, અને चतुर् શબ્દની પરમાં આવેલા आम् પ્રત્યયને नुट् (= न्) આગમ થાય છે. चतुर् + आम् (ષષ્ઠી, બ. વ.)માં → चतुर् + न् आम् → चतुर् + नाम् । (હવે રેફની પરમાં આવેલા न् ને णत्व કરવા માટેનું સૂત્ર રજૂ થાય છે.)

२६७. (સૂત્રાર્થ:) "રેફ અને ष् કારની પરમાં આવેલા न् કારને ण् કાર આદેશ થાય છે; સમાન પદમાં (જ)." હવે સૂત્રાંક ૬૦ (अचो रहाभ्यां द्वे । નો) અર્થ કહેવામાં આવે છે: "अच् ની પરમાં આવેલા હોય એવા રેફ અને ह કારની પરમાં આવેલા यर् પ્રત્યાહારના વર્ણને વિકલ્પે દ્વિત્વ કરવામાં આવે છે." તો – चतुर् + नाम् → चतुर् + णाम् → तु માંના अच् = उ કારની પાછળ આવેલા એવા રેફની પાછળ આવેલા यर् = ण् કારને વિકલ્પે દ્વિત્વ થશે તો → चतुर्ण्णाम् । અથવા चतुर्णाम् । રૂપો બને છે.

किम्+जस् →क+अस्→किम् એ નામની 'સર્વનામ' સંજ્ઞા કરી હોવાથી जसः शी । થી शी=ई આદેશ થશે, →क+ई ગુણ થતાં→के । રૂપ થાય છે. હવે किम् સર્વનામ વાચક શબ્દનાં બાકીનાં રૂપો સર્વની જેમ જ થાય છે :

प्र. कः – कौ – के		पं. कस्मात् – काभ्याम् – केभ्यः
द्वि. कम् – कौ – कान्		ष. कस्य – कयोः – केषाम्
तृ. केन – काभ्याम् – कैः		स. कस्मिन् – कयोः – केषु ॥
च. कस्मै – ,, – केभ्यः		

૨૭૨. "इदम् સર્વનામના म् કારને म् કાર જ (આદેશ રૂપે) થાય છે; सु પ્રત્યય પરમાં રહેતાં." આ સૂત્ર ૧૯૩. त्यदादीनाम् अः । નું અપવાદ = બાધક છે. (અર્થાત્ સામાન્ય રીતે તો ૧૯૩. મા સૂત્રથી, इदम्+सु વગેરે પ્રત્યયો પરમાં હોય ત્યારે अ કાર અન્તાદેશ રૂપે થાય છે. પણ (કેવળ) सु પ્રત્યય પરમાં હોય ત્યારે તો ૨૭૨. થી તે ૧૯૩. નો બાધ થશે.)

૨૭૩. इदम् સર્વનામના इद् ભાગને अय् એવો આદેશ થાય છે; જો તે શબ્દનાં પુંલિંગમાં રૂપો સિદ્ધ કરવા હોય; અને (પ્રથમાનો) सु પ્રત્યય પરમાં રહેલો હોય તો. જેમ કે, इदम्+सु→इदम+स्→૨૭૩. થી इदम्ના इद् ભાગને अय् આદેશ કરીશું → अय् अम्+स्→अयम्+स्→हल्ङ्याब्भ्यो० । થી અપૃક્ત स् પ્રત્યયનો લોપ કરીશું, તો अयम् । રૂપ સિદ્ધ થશે. પછી.

इदम्+औ । (પ્રથમા, દ્વિ.વ.)માં પહેલાં त्यदादीनाम् अः । થી અત્વ કરીશું (=અન્તાદેશ રૂપે અકાર કરીશું) તો इदम्+औ→ इद अ+औ । (અહીં અ+અ=આ સવર્ણ દીર્ઘ થવા આવે છે; પણ.)

૨૭૪. "પદના અન્તે નહીં આવેલા (અર્થાત્ અપદાન્તમાં રહેલા) હ્રસ્વ अ કારની પાછળ (=अतः), જો 'ગુણ' સંજ્ઞક વર્ણ આવેલો હોય તો 'પરરૂપ' એકાદેશ થાય છે." તો इद अ+औ । એ સ્થિતિમાં 'अ' ની ગુણ સંજ્ઞા થાય છે, તેથી ૨૭૪. સૂત્રથી પરરૂપ એકાદેશ કરીશું, તો इद+औ । થશે. પછી–

૨૭૫. "इदम् શબ્દનાં द् કાર (રૂપ વ્યંજન) ને સ્થાને म् કાર આદેશ થાય છે." તો इद+औ । ની સ્થિતિમાં द् કારને म् કાર કરીશું→इम् अ+औ इम+औ । થશે. હવે वृद्धिरेचि । થી વૃદ્ધિ કરીશું તો इमौ । રૂપ બને છે. એ જ પ્રમાણે–

इद – म् + जस्
↓
इद अ + अस्
पररूप એકાદેશ

૧. (પ્રથમા બહુવચન) માં પહેલાં त्यदादीनाम् अः । થી म् ના સ્થાને अ કાર અન્તાદેશ–

૨. હવે ૨૭૪ થી પર રૂપ એકાદેશ થશે, કેમ કે 'ગુણ' સંજ્ઞક 'अ' પરમાં રહેલો છે.

इद + अस्

૩. પણ दश्च । સૂત્રથી द् કારને म् કાર (द = द् + अ)

इ म् अ + अस्

૪. जसः शी । 'થી,' સર્વનામની પરમાં આવેલા जस् ના સ્થાનમાં शी→ई આદેશ થશે.

इ – म – + ई
ગુણ
इ – मे ॥

૫. હવે आद्गुणः । થી ગુણ કરીશું તો इमे રૂપ બની જશે.

त्यदादि સર્વનામ વાચક શબ્દોનાં સંબોધનમાં કોઈ રૂપો સિદ્ધ થતાં નથી [કેમ કે ભાષામાં તેવાં રૂપો વપરાતાં નથી). આથી हे इदम् + सु । ની પ્રક્રિયા બતાવવામાં આવતી નથી.] આવો સામાન્ય નિયમ (ઉત્સર્ગ) જોવા મળે છે.

૨૭૬. क કાર વિનાના इदम् શબ્દના इद् ભાગને 'अन्' એવો આદેશ થાય છે, જો आप् પ્રત્યયો પરમાં રહેલા હોય તો.

અહીં સૂત્રમાં આવેલા 'आपि' પદનો અર્થ "आप् પ્રત્યયો પરમાં રહેલા તો" એવો કર્યો છે. આ आप् તે પ્રત્યાહાર રૂપે સમજવાનો છે. જેમ કે, તૃતીયા વિ.ના टा (= आ) પ્રત્યયથી શરૂ કરીને, સપ્તમી વિ. બહુવચનના सुप् પ્રત્યયના प् સુધી જતાં, વચ્ચે જે ૧૫ પ્રત્યયો આવે તેને "आप् પ્રત્યયો" કહેવાય છે.

[બીજું, "क કાર વિનાનો इदम्" એટલે "જેમાં अकच् પ્રત્યયનો क કાર ઉમેરાયો નથી, તેવો શુદ્ધ इदम् શબ્દ" એમ સમજવાનું છે. (જુઓ : ૧૧૪ સૂત્ર).]

इदम् + टा । चुटू થી ट् ની ઇત્સંજ્ઞા, પછી લોપ → इदम् + आ । પછી त्यदादीनामः । થી म् કારને अ કારાદેશ→इद अ + आ । હવે अतो गुणे । સૂત્રથી પરરૂપ એકાદેશ થશે →इद + आ । અહીં પહેલા તો दश्च । સૂત્રથી द् કારને म् કાર થવા આવે છે. પણ પ્રસ્તુત ૨૭૬ સૂત્ર કહે છે કે आप् (= टा પ્રત્યય)

પરમાં હોય તો इदम् ના इद् ભાગને સ્થાને अन् આદેશ કરવો → अन अ + आ → अन + आ । હવે અંગ अ કારાન્ત બની જતાં टाङसिङसाम् इनात्स्याः । થી

टा ના સ્થાનમાં इन આદેશ થશે. → अन + इन → ગુણ → अनेन । રૂપ બની જશે.

---

277. हलि लोपः । ७-२-११३

अक्कारस्येदम इदो लोप आपि हलादौ । (परिभाषा) "नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे ।"

278. आद्यन्तवद् एकस्मिन् । १-१-२१

एकस्मिन् क्रियमाणं कार्यमादाविवान्त इव च स्यात् । 'सुपि च' इति दीर्घः । आभ्याम् ३ ।

279. नेदमदसोरकोः । ७-१-११

अक्कारयोरिदमदसोर्भिस ऐस् न । एभिः । अस्मै । एभ्यः २ । अस्मात् । अस्य । अनयोः २ । एषाम् । अस्मिन् । एषु ॥

280. द्वितीया-टौस्सु-एनः । २-४-३४

इदम्-एतदोरन्वादेशे । किञ्चित्कार्यं विधातुम् उपात्तस्य कार्यान्तरं विधातुं पुनरुपादानम्-अन्वादेशः ॥ यथा-'अनेन व्याकरणमधीतम्, एनं छन्दोऽध्यापय' । 'अनयोः पवित्रं कुलम्, एनयोः प्रभूतं स्वम्' इति ॥ एनम्-एनौ-एनान् । एनेन । एनयोः २ । इति मकारान्ताः ।

અનુવાદ : ૨૭૭ क કાર વિનાના इदम् શબ્દના इद् ભાગનો લોપ થાય છે. જો आप् પ્રત્યાહારમાંના हलादि પ્રત્યયો પરમાં રહેલા હોય તો.

(પરિભાષાવચન) : 'અભ્યાસ' વિકારનો* સન્દર્ભ છોડીને, અન્યત્ર અનર્થક અંશમાં अलोऽन्त्यविधिः થતી નથી. (અર્થાત્ ષષ્ઠી-નિર્દિષ્ટ અંશ જો અર્થવાન્ = સાર્થક હોય તો જ अलोऽन्त्यस्य । પરિભાષાસૂત્રથી અન્ત્ય વર્ણ ઉપર વિધિ થાય છે; અન્યત્ર નહીં.)

---

* 'અભ્યાસ' ની સમજૂતી તિઙન્ત-પદ (ક્રિયાપદ)ની રૂપસિદ્ધિમાં જોવા મળશે. (સૂત્રાંક : ૩૯૭)

इदम् + भ्याम् । (તૃતીયા, દ્વિ. વ.) અહીં त्यदादीनाम् अः । થી अ કાર અન્તાદેશ થશે→ इद् अ + भ्याम् । પછી अतो गुणे । થી પર રૂપ એકાદેશ→ इद + भ्याम् ! અહીં क કાર વિનાનો इदम् છે; અને પરમાં હલાદિ આપ્ પ્રત્યય પરમાં છે (તેથી दश्च । કે अनाप्यकः । એ બેમાંથી એક પણ સૂત્ર નહીં લાગે; પણ) પ્રસ્તુત ૨૭૭ સૂત્રથી इदम् ના इद् ભાગનો લોપ કરીશું→ (इद् अ + भ्याम्) →०अ + भ्याम् થશે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે हलि लोपः । સૂત્રથી જે इदम् ના इद् ભાગનો (इदः = इद् इति भागस्य) લોપ કરવાનો વિધિ કહ્યો છે; તે अलोऽन्त्यस्य । એવા પરિભાષા સૂત્રની મદદથી इदम् ના(= अ કારાદેશ કર્યા પછી इद ના) અંતિમ अ । કારનો જ કરવો જોઈને? તો પછી શા માટે इद् એટલા અંશનો લોપ કરો છો? આ શંકાને દૂર કરવા માટે નીચેનું એક પરિભાષા વચન રજૂ કરવામાં આવે છે : (કોઈ એક આખા શબ્દના અમુક) અનર્થક અંશ ઉપર કોઈ વિધિ કરવાની કહી હોય, તો ત્યાં अलोऽन्त्यस्य । ની મદદ લેવાતી નથી; (એટલે કે ત્યાં 'અંતિમ વર્ણ ઉપર વિધિ કરવી' એવી સૂચના મેળવાતી નથી.) આથી इदम् = इद એ શબ્દ પોતે સાર્થક છે; પણ એમાંના જે इद् ભાગનો લોપ કરવાનું કહેવામાં આવ્યું છે તે અંશ તો અનર્થક છે [કારણ કે એવો સિદ્ધાન્ત છે કે समुदायोऽर्थवान्; समुदायस्यैकदेशोऽनर्थकः । 'સમુદાય અર્થવાન્ હોય છે; પણ તેનો એકદેશ અનર્થક હોય છે.'] આથી इद + भ्याम् ।માંથી ૨૭૭. हलि लोपः । સૂત્રથી इद् (એટલા અનર્થક) ભાગનો લોપ કરવાની સૂચના મળશે, ત્યારે अलोऽन्त्यस्य । સૂત્રની મદદ લેવાશે નહીં; [એટલે કે इदના કેવળ અંતિમ अ કારનો જ લોપ નહીં કરીએ; પણ] इद् એટલા ભાગનો જ લોપ કરીશું. તો ०अ + भ्याम् । ની સ્થિતિ આવીને ઊભી રહેશે.

*

હવે જે सुपि च । સૂત્રથી (राम + भ्याम् । માં) 'अ કારાન્ત અંગ'ને દીર્ઘ (रामा + भ्याम) કરવામાં આવ્યો હતો; તેનાથી अ + भ्याम् । ની સ્થિતિમાં દીર્ઘ કરવા વિચારીશું ત્યારે પ્રશ્ન થશે કે यञादौ सुपि परेऽदन्तस्य अङ्गस्य दीर्घः स्यात् । એવા સૂત્રાર્થ મુજબ જે "अ કારાન્ત (= अ કાર છે અન્તમાં જેની એવા) અંગ' ને દીર્ઘ કરવાનો છે, તે अ કારાન્ત અંગ તો अ + भ्याम् । ની સ્થિતિમાં જોવા મળતું નથી. તો કોનો દીર્ઘ કરીશું ? (અહીં કેવળ अ કાર છે; તે પોતે કોઈ આખા શબ્દના અંતે આવેલો નથી; તે તો સ્વયં એકલો अ કાર જ છે.

તો अ + भ्याम् । માં 'अ કારાન્ત અંગ' નહીં દેખાતું હોઈ તે सुपि च । થી દીર્ઘ નહીં થઈ શકે. (એવી શંકા જન્મે છે. આને દૂર કરવા નીચેનું સૂત્ર રજૂ કરવામાં આવે છે :–)

૨૭૮. 'એક જ (= અસહાય) વર્ણ ઉપર કરવામાં આવતું કાર્ય 'આદિની જેમ' પણ કરી શકાય છે, અને 'અન્તની જેમ' પણ કરી શકાય છે એમ જાણવું.' (અર્થાત્ કોઈ શબ્દમાં એક જ વર્ણ હોય તો તે પોતે જ આદિ પણ છે; અને અંતિમ વર્ણ પણ તે જ છે એમ માનવું. પરિણામે આદિ પ્રયુક્ત કાર્ય અને અન્ત પ્રયુક્ત કાર્ય કેવળ એક (= અસહાય) વર્ણમાં પણ થઈ શકે છે.

[અર્થાત્ – લોકમાં देवदत्तस्य एक एव पुत्रः, स एव ज्येष्ठः स एव कनिष्ठः । "દેવદત્તને જો એક જ પુત્ર હોય, તો તે જ એનો 'જ્યેષ્ઠ પુત્ર' પણ કહેવાય છે; અને તે જ એનો 'કનિષ્ઠપુત્ર' પણ કહેવાય છે." અર્થાત્ જ્યાં એક જ પુત્ર હોય ત્યાં તેમાં પહેલાપણાનો = આદિપણાનો, અને અંતિમ (પુત્ર) પણાનો કનિષ્ઠત્વનો આરોપ થઈ શકે છે.* તેની જ જેમ અહીં પણ] अ + भ्याम् । ની સ્થિતિમાં આપણે જે અંગનો અંશ 'अकारान्त' = अ કાર છે અંતમાં જેની (એવી પ્રકૃતિ) જોઈએ છે—તે 'अ' એકલામાં પણ "अ કાર પોતે પોતાની અંતમાં છે" એમ માનીને; (અર્થાત્ अ + भ्याम्ની સ્થિતિમાં, भ्याम् પ્રત્યય પરમાં રહેતાં પૂર્વે આવેલા 'अ' એટલા અંગમાં "अ કારાન્તત્વ'નો આરોપ કરીને) सुपि च । સૂત્રથી દીર્ઘ કરી શકાશે. તો → आ + भ्याम् । એવું રૂપ તૃતીયા, ચતુર્થી અને પંચમી દ્વિવચનમાં સિદ્ધિ થઈ શકશે; आभ्याम् ३ ।

---

* 'આદિ' અને 'અન્ત' શબ્દો સાપેક્ષ છે. તેથી 'અમુક વર્ણ આદિમાં છે જેની' એમ જ્યારે કહીએ ત્યારે તે વર્ણમાં આદિત્વ = પહેલાપણું ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે પાછળ બીજા વર્ણો પણ હાજર હોય. એ જ પ્રમાણે 'અમુક વર્ણ અન્તમાં હોય ત્યારે' એમ જો કહીએ તો ત્યાં પણ બીજા પૂર્વવર્ણોની હાજરી અપેક્ષિત છે. આથી अ + भ्याम । માં કેવળ अ કારમાં અન્તત્વ લાવવું મુશ્કેલ છે. તેથી ૨૭૮. સૂત્ર દ્વારા એક 'અતિદેશ' = અધ્યારોપ શીખવવામાં આવ્યો છે. જે ઉપર્યુક્ત લોકન્યાયથી પણ સમજાય એવી વાત છે. આ સૂત્ર દ્વારા જે કાર્ય કરવામાં આવે છે તેને 'વ્યપદેશિવદ્‌ભાવ' પણ કહેવાય છે.

૨૭૯. क કાર વિનાના इदम् કે अदस् સર્વનામોની પાછળ જે भिस् પ્રત્યય આવેલો હોય, તેને ऐस् એવો આદેશ થતો નથી.

इदम् + भिस् । (તૃતીયા બ.વ.) પહેલાં त्यदादीनामः । સૂત્રથી अत्व થશે અને પછી अतो गुणे । થી પરરૂપૈકાદેશ થશે →इद अ + भिस्→इद + भिस् । પછી હલાદિ વિભક્તિ પરમાં છે તેથી हलि लोपः । સૂત્રથી इदના इद् ભાગનો લોપ થશે→इद् अ + भिस् →० अ + भिस् । હવે અંગ अ કારાન્ત છે, તેથી (राम + भिस्માં) टाङसिङसाम् इनात्स्याः । સૂત્રથી भिस् ને ऐस् આદેશ (राम + ऐस् = रामैः ની જેમ) થવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર તેનો નિષેધ કરે છે. इदम् કે अदम् अदस् ની પાછળ આવેલા भिस् ને ऐस् ના કરશો. તો अभिस् । માં હવે बहुवचने झल्येत् । સૂત્રથી, झलादि બહુવચનનો પ્રત્યય પરમાં છે, તેથી પ્રકૃતિમાં एत्व થશે, તો ए + भिस् । પછી रुत्व, વિસર્ગ થઈને एभिः । રૂપ બની જશે.

— इदम् + ङे । (ચતુર્થી એ.વ.) પૂર્વવત્ अत्व, પરરૂપ, इद् ભાગનો લોપ (इद अ + ए→इद + ए→० अ + ए) થતાં ૧૫૩ सर्वनाम्नः स्मै । સૂત્રથી ङे પ્રત્યયને સ્થાને स्मै આદેશ થશે → अ + स्मै । આથી अस्मै । રૂપ બનશે.

— इदम् + भ्यस् । (ચતુર્થી, પંચમી બ.વ.)માં પૂર્વવત્ अत्व, પરરૂપ, इद् ભાગનો લોપ થતાં अ + भ्यस् થશે; પછી बहुवचने झल्येत् । થી एत्व થશે. एभ्यस् → एभ्यः । રૂપ બને છે.

— इदम् + ङसि (પંચમી એ.વ.)માં પૂર્વવત્ अत्व, પર રૂપ, इद् ભાગનો લોપ થતાં अ + ङसि રહેશે. પછી ૧૫૪. ङसिङ्योः स्मात्स्मिनौ । થી ङसि પ્રત્યયના સ્થાનમાં स्मात् આદેશ થશે, તો → अ + स्मात् = अस्मात् રૂપ બનશે.

— इदम् + ङस् । (ષષ્ઠી એ.વ.)માં अत्व, પરરૂપ, इद् ભાગનો લોપ→ अ + ङस् । હવે टाङसिङसाम् इनात्स्याः । થી ङस् ના સ્થાનમાં स्य આદેશ થશે. તો अ + स्य = अस्य । રૂપ બની જશે.

— इदम् + ओस् (ષષ્ઠી, સપ્તમી દ્વિવચન)માં अत्व અને પર રૂપ કરીશું તો →इद + ओस् । હવે અજાદિ આપ્ પ્રત્યય પરમાં છે, તેથી ૨૭૬ अनाप्यकः । થી इदના इद् ભાગને अन् આદેશ થશે. તો → अन् अ + ओस् → अन + ओस् થશે. પછી ૧૪૭. ओसि च । થી अ કારાન્ત (अन) અંગને

एत्व थशे → अने + ओस् → अय् આદેશ → अन् अय् + ओस् → अनयोस् → रुत्व, विसर्ग → अनयोः । રૂપ બનશે.

— इदम् + आम् । (ષષ્ઠી બ.વ.)માં પૂર્વવત્ अत्व, પર રૂપ થતાં इद + आम । હવે અંગ 'अदन्त' બની જતાં ૧૫૫. आमि सर्वनाम्नः सुट् ७-१-५२થી आम् ने सुट् (स्) આગમ થશે → इद + स् आम् → इद + साम् । હવે પરમાં હલાદિ વિભક્તિ પ્રત્યય સિદ્ધ થતાં, ૨૭૭ हलि लोपः । ७-२-११३ થી इद ના इद् ભાગનો લોપ થશે → इद् अ + साम् → ०अ + साम् । હવે बहुवचने झल्येत् । થી અંગમાં एत्व થશે → ए + साम । અને પછી आदेशप्रत्यययोः । થી षत्व થશે → ए + षाम् = एषाम् । રૂપ બને છે.

— इदम् + ङि (સપ્તમી એ.વ) માં अत्व, પરરૂપ, इद् ભાગનો લોપ થતાં अ + ङि રહેશે. પછી ङसिङ्योः स्मात्-स्मिनौ । ङि પ્રત્યયને स्मिन् આદેશ થશે, તો अ + स्मिन् = अस्मिन् રૂપ બની જશે.

— इदम् + सुप् (સપ્તમી બ.વ.) માં પૂર્વવત્ વિધિઓ કરતાં अ + सु રહેશે, પછી बहुवचने० થી एत्व ए + सु । પછી आदेशप्रत्यययोः । षत्व થશે, તો एषु । રૂપ બની જશે.

૨૮૦. (द्वितीया-टा-ओस्-सु एनः । એવો પદચ્છેદ છે) : "દ્વિતીયા વિભક્તના (अम्-औट्-शस्) પ્રત્યયો; તૃતીયા એ.વ.નો टा પ્રત્યય, અને ષષ્ઠી-સપ્તમી દ્વિવચનનો ओस् પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે इदम् અને एतद् સર્વનામ વાચક શબ્દોને एन એવો આદેશ થાય છે; 'અન્વાદેશ' ના વિષયમાં.'

'અન્વાદેશ' એટલે શું ? તો–"કોઈક કાર્ય કરવા માટે જેનો (એકવાર) ઉલ્લેખ કર્યો હોય, તેને બીજું કોઈ કાર્ય કરવા માટે ફરીથી તેનું ઉપાદાન = ગ્રહણ કરવાનું (તેનો ઉલ્લેખ કરવાનો થાય) ત્યારે તે (ફરીવાર ઉલ્લેખ કરવાના પ્રસંગને) 'અન્વાદેશ' કહે છે.' જેમકે, अनेन (छात्रेण) व्याकरणम् अधीतम् । एनं (छात्रं) छन्दोऽध्यापय । 'આણે (આ વિદ્યાર્થીએ) વ્યાકરણ ભણી લીધું છે.' 'એને છન્દ = વેદ ભણાવો.' આ વાક્યોમાં પહેલીવાર જે છાત્રનો વ્યાકરણ ભણનાર તરીકે ઉલ્લેખ થયો છે, તેના તે જ છાત્રને વિષે જ્યારે બીજી વાર (વેદ ભણવવા માટે) એનો ઉલ્લેખ થાય છે; ત્યારે તે બીજીવારના ઉલ્લેખને 'અન્વાદેશ' કહે છે. આવા અન્વાદેશના વિષયમાં જે વિશેષ વિધિ કરવાની છે

એને રજૂ કરતું આ ૨૮૦ મું. સૂત્ર છે. આના પરિણામે इदम् અને एतद् નાં રૂપો. થોડાંક જુદાં થાય છે. જેમકે एनम् । વગેરે.)

બીજું ઉદાહરણ છે : अनयोः पवित्रं कुलम् अस्ति । एनयोः प्रभूतं स्वम् ।

'આ બે વ્યક્તિઓનું કુળ પવિત્ર છે; (અને) એ બે વ્યક્તિઓની પાસે ખૂબ ધન (પણ) છે.'' અહીં પહેલા વાક્યમાં જે બે વ્યક્તિઓનો એમના કુળની વાત કરવા ઉલ્લેખ થયો છે; તે જ બે વ્યક્તિઓનો ઉલ્લેખ 'એમની પાસે કેટલું ધન છે?' એ કહેવા થયો છે. તો આ બીજી વખતના ઉલ્લેખને 'અન્વાદેશ' કહે છે. આ અન્વાદેશની સ્થિતિમાં-બીજા વાક્યમાં—ફરીવાર अनयोः એવું જ રૂપ વપરાતું નથી; પણ एनयोः રૂપ વપરાયું છે એ અહીં નોંધપાત્ર છે. હવે આવાં અન્વાદેશવાળાં રૂપો કેવી રીતે બને છે તે જોઈશું.

इदम् + अम् । (દ્વિતીયા. એ.વ.) માં, અન્વાદેશનો વિષય હોય ત્યારે જો રૂપ સિદ્ધિ કરવી હોય તો ૨૮૦. द्वितीयाटौस्सु एनः । સૂત્રથી इदम् શબ્દના સ્થાનમાં एन આદેશ થશે. (આ આદેશ અનેકાલ્ હોવાથી આખા इदम् શબ્દના સ્થાનમાં થશે) → एन + अम् । પછી अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદેશ થતાં →एनम् । રૂપ સધાય છે. [અહીં इदम् ને एन આદેશ થતાં, અને એ આદેશ अदन्त હોવાથી रामની જેમ પ્રક્રિયા થાય છે.] આ જ પ્રમાણે एनौ । एनान् રૂપો દ્વિતીયા વિ.માં થશે. તૃતીયા એ.વ.માં एनेन । અને ષષ્ઠી સપ્તમી દ્વિ.વ.માં एनयोः । રૂપ બને છે. આ પ્રમાણે અહીં म् કારાન્ત-હલન્ત-શબ્દોની સિદ્ધિ પૂરી થઈ.

प्र.	अयम्	इमौ	इमे
द्वि०	इमम् / एनम्	इमौ / एनौ	इमान् / एनान्
तृ०	अनेन / एनेन	आभ्याम्	एभिः
च०	अस्मै	आभ्याम्	एभ्यः
प०	अस्मात्	आभ्याम्	एभ्यः
ष०	अस्य	अनयोः / एनयोः	एषाम्
स०	अस्मिन्	अनयोः / एनयोः	एषु

*

હવે राजन्–यज्वन्–मघवन्–श्वन्–युवन् વગેરે नकारान्त પુંલિંગ શબ્દોની રૂપસિદ્ધિ કેમ કરવી એ બતાવાય છે :

राजा ।

281. न ङि-सम्बुद्ध्योः । ८--२--८

नस्य लोपो न, ङौ सम्बुद्धौ च । हे राजन् । * (वा०) ङावुत्तरपदे प्रतिषेधो वक्तव्यः । ब्रह्मनिष्ठः ।। राजानौ । राजानः । राज्ञः ।

282. नलोपः सुप्--स्वर--संज्ञा--तुग्विधिषु कृति । ८--२--२

सुब्विधौ संज्ञाविधौ कृति तुग्विधौ च नलोपोऽसिद्धः; नान्यत्र । राजाश्व इत्यादौ । इति असिद्धत्वाद्–आत्वम्, एत्वम्, ऐस्त्वं च न । राजभ्याम् । राजभिः । राजभ्यः २ । राज्ञि–राजनि । राजसु ।। यज्वा–यज्वानौ–यज्वानः ।

283. न संयोगाद् वमन्तात् । ६--४--१३७

वमन्तसंयोगाद् अनोऽकारस्य लोपो न । यज्वनः । यज्वना । यज्वभ्याम् ।। ब्रह्मणः । ब्रह्मणा ।

અનુવાદ : राजन् (રાજા) (न् કારાન્ત પુંલિંગ શબ્દ)+सु પ્રથમા એ. વ. →राजन्+स् અહીં हल्ङ्याब्भ्यो० । થી અપૃક્ત स् નો લોપ થશે→राजन्+० । પછી सर्वनामस्थाने चासम्बुद्धौ । થી न કારાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ કરીશું → राजान् । પછી नलोपः प्रतिपदिकान्तस्य । થી પ્રતિપાદિકના અંતે આવેલા न् કારનો લોપ થશે→राजा० । આમ राजा । રૂપ સિદ્ધ થયું.

૨૮૧. (राजन् વગેરે न् કારાન્ત શબ્દોના) न् કારનો લોપ થતો નથી; જો સપ્તમી એ. વ.નો ङि પ્રત્યય, કે સમ્બુદ્ધિનો (सु) પ્રત્યય પરમાં રહેલો હોય તો.

हे राजन्+सु । (સંબોધન એ. વ.) हे राजन्+स् । માં हल्ङ्याब्भ्यो०થી स् નો લોપ થશે→हे राजन्+० । ત્યાર પછી न लोपः ० । થી न् કારનો લોપ થવા આવે છે; પણ પ્રસ્તુત ૨૮૧. સૂત્રથી તેનો નિષેધ કરવામાં આવે છે. તેથી हे राजन् । એવું બની જાય છે.

વાર્ત્તિક : (સમાસમાં न् કારાન્ત શબ્દની) પાછળ 'ઉત્તરપદ' રહેલું હોય; અને તે (ઉત્તરપદ)ની પાછળ સપ્તમીનો ङि પ્રત્યય રહેલો હોય તો પૂર્વ સૂત્રોક્ત न લોપના નિષધનો પ્રતિષેધ કરવો જોઈએ.* [એટલે કે ત્યાં न् કારનો લોપ થતો નથી એમ નહીં; न् કારનો લોપ અવશ્ય થાય છે.] જેમ કે, ब्रह्मणि निष्ठा यस्य सः इति ब्रह्मन्निष्ठा । એવો સમાસ થયો છે. અહીં ब्रह्मन्+ङि । ની પાછળ निष्ठ એવું 'ઉત્તરપદ' રહેલું છે.

— હવે સણુાસની પ્રક્રિયામાં આમ તો ङि પ્રત્યયનો પહેલાં લોપ થયો હોય છે→ब्रह्मन् + ० + निष्ठा । પણ 'પ્રત્યયલક્ષણ' કરીને ङિની હાજરી માનીશું તો ब्रह्मन् + 'ङि' + निष्ठ ની સ્થિતિમાં न ङिसम्बुद्ध्योः । થી ब्रह्मन् ના न કારના લોપનો નિષેધ લાગુ પડવામાં આવે છે. પરંતુ આ વ્યત્તિક તે નિષેધનો નિષેધ કરે છે. તેથી ब्रह्म ० निष्ठ । બને છે.

राजन् + औ । 'સર્વનામસ્થાન' પ્રત્યય પરમાં છે, તેથી નાન્તની ઉપધાતે દીર્ઘ થશે→राजान् + औ = राजानौ । થશે. એ જ પ્રમાણે राजन् + जस् । માં પણ ઉપધા દીર્ઘ થશે→राजान + अम् = राजानः રૂપ બને છે.

राजन् + ङस् । માં સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં નથી; એ સિવાયનો અજાદિ પ્રત્યય પરમાં છે. વથી અંગના અવયવ રૂપ अन् ના अ કારનો अल्लोपेऽनः । થી લોપ થશે←राज्न् + अस् । હવે स्तोः श्चुना श्चुः । થી ज् ના યોગમાં આવેલા न કારને ञ् કાર થશે→राज् ञ् + अस् । પછી जञोर्ज्ञः । મુજબ ज् + ञ् = ज्ञ् થાય છે.* તેથી राज्ञ् + अस्→राज्ञस् = राज्ञः । રૂપ બનશે.

૨૮૨. सुप् વિધિ કરવાની હોય, સ્વર વિધિ કરવાની હોય અને કૃત્ પ્રત્યય પરમાં રહેતાં तुक् આગમની વિધિ કરવાની હોય ત્યારે न કારનો લોપ અસિદ્ધ ગણવાનો છે; પણ બીજી કોઈ વિધિ કરવાની હોય ત્યારે न કારના લોપને સિદ્ધ જ ગણવાનો છે.

જેમ કે, राजाश्व । ઉદાહરણ લઈએ તો राज्ञः अश्वः इति । એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવાનો સન્દર્ભ લઈએ તો राजन् + अश्व । એવા બે શબ્દોને સમાસ કરતી વેળાએ ૧૮૦. न लोपः प्रातिपदिकान्तस्य । ૮–૨–૭ સૂત્રથી न् નો લોપ થશે→राज० + अश्व । હવે अकः सवर्णे दीर्घः । ૬–૧–૧૦૧ થી સવર્ણ દીર્ઘ (अ + अ = आ) થવા આવશે ત્યારે पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ મુજબ તો સપાદ સપ્તાધ્યાયીના (૬–૧–૧૦૧) સૂત્રની દૃષ્ટિએ न લોપ કરનારું नलोप = ० સૂત્ર (૮–૨–૮) ત્રિપાદીનું હોવાથી અસિદ્ધ જ રહેશે. (એટલે કે राज + अश्व । ની વચ્ચે न ની હાજરી છે એમ મનાશે. પરિણામે राजाश्व । એની સન્ધિ નહીં થઈ.

---

* 'ज्ञ' એ કેવળ લિપિ–મરોડ–ની દૃષ્ટિએ જ જુદી રીતે લખાય છે; પણ એનું ઉચ્ચારણ તો 'ज्ञ' જ કરવું જોઈએ. ज्ञ = ग्न એવું ઉચ્ચારણ ખોટું છે.

શકે.) પણ ઉપર જણાવ્યું છે તેમ सुप् વગેરે વિધિઓમાં જ न् લોપ અસિદ્ધ છે. આ વિધિઓમાં 'સવર્ણદીર્ઘ વિધિ'ની ગણતરી કરી નથી. આથી સવર્ણદીર્ઘ વિધિ કરવાની હશે ત્યારે તો न्કારનો લોપ (ત્રિપાદીના સૂત્ર દ્વારા થયો હોવા છતાંય સિદ્ધ ગણાશે; અને તો ત્યાં દીર્ઘ થશે→राजाश्वः । બની જશે.

હવે જ્યારે राजन्+भ्याम् । (તૃતીયા દ્વિ. વ.)માં न् લોપ કરીશું→ત્યારે राज०+भ्याम । ની સ્થિતિમાં [હવે આ सुप् વિભક્તિ પ્રત્યયો લગાડવાની વિધિ ચાલતી હોવાથી] ૨૮૨.માં સૂત્રની સૂચનાથી અહીં न् લોપ અસિદ્ધ ગણાશે. પરિણામે 'राज' ને ''અદન્ત અંગ'' કહેવાશે નહીં (હજી ત્યાં પાછળ न्કાર ઊભો છે એમ મનાશે. કેમ કે न्કારનો લોપ ન થયા બરોબર છે.) તો सुपि च । થી દીર્ઘવિધિ = आत्व થશે નહીં (रामाभ्याम् ની જેમ) राजाभ्याम् થશે નહીં, અહીં તો राजभ्याम् એવું રૂપ જ રહેશે.

આ જ પ્રમાણે राजन्+भिस् राजन्+भ्यस् । राजन्+सुप् । વગેરેમાં જ્યાં હલાદિ વિભક્તિ પરમાં હશે (=सुप् વિધિ કરવાનો પ્રસંગ હશે ત્યારે) અને न्કારનો લોપ કર્યો હશે ત્યારે તે न् કારનો લોપ અસિદ્ધ (=લોપ ન થયા બરોબર) ગણાશે. જેથી राज+भिः । વગેરેમાં राज માં 'હ્રસ્વ अ કારાન્ત અંગ છે' એમ માની શકાશે નહીં. અહીં તો વચ્ચે न् કારની હાજરી છે એમ મનાશે પરિણામે अतो भिस ऐस् । લાગી શકશે નહીં (राजैः । રૂપ નહીં બને; પણ) राजभिः । રૂપ જ બનશે. એ જ પ્રમાણે राज०+भ्यस् । राज०+सुप् વગેરેમાં પણ बहुवचने झल्येत् । લાગી શકશે નહીં, = एत्व વિધિ થશે નહીં. તો राजभ्यः । राजसु । જેવાં રૂપો જ સિદ્ધ થશે.

હવે જ્યારે અજાદિ પ્રત્યય પરમાં રહ્યા હશે ત્યારે राजन्+टा । વગેરેમાં, પહેલાં अल्लोपोऽनः । ની પ્રવૃત્તિ થશે તો अन् ના अ કારનો લોપ કરીશું→ राज्न्+आ । પછી श्चुत्व વિધિ થશે તો→राज्ञ्+आ = राज्ञा । બની જશે. એ જ રીતે राजन्+ङसि/ङस् । પંચમી, ષષ્ઠી એ.વ.માં પણ પહેલાં अ નો લોપ પછી श्चुत्व થશે તો राज्न्+अस्→राज्ञ्+अस् = राज्ञः । થશે.

પરંતુ राजन्+ङि । (સપ્તમી એ. વ.) માં ૨૪૮. विभाषा ङिश्योः । દ્વારા अन् ના अ કારનો વિકલ્પે લોપ કરવામાં આવે છે. તેથી राज्न्+इ । અને राजन्+इ । એવા બે પક્ષ થશે. જ્યાં अ લોપ થયો હશે ત્યાં राज्ञि । રૂપ બનશે. જ્યાં વિપક્ષમાં (अ લોપ નહીં થતાં) राजन्+इ । ને ભેગા કરીશું તો राजनि । બની જશે.

प्र०	राजा	– राजानौ	– राजानः	च०	राज्ञे	–राजभ्याम्	–राजभ्यः
सं०	हे राजन्–	,,	– ,,	पं०	राज्ञः	– ,,	– ,,
द्वि०	राजानम्–	,,	– राज्ञः	ष०	राज्ञः	–राज्ञोः	–राज्ञाम्
तृ०	राज्ञा	– राजभ्याम्	– राजभिः	स०	राज्ञि/राजनि	–राज्ञोः	–राजसु ॥

यज्वन् (વિધિપૂર્વક જેણે યજ્ઞ કર્યો છે, તે વ્યક્તિ)

यज्वन् + सु । પ્રથમા એ.વ.માં राजन् + सुની જેમ જ રૂપસિદ્ધિ થશે. તેથી પહેલાં हल्ङ्याब्भ्यो० થી स् નો લોપ થશે, પછી सर्वनामस्थाने चासम्बुद्धौ । થી न् કારાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ કરીશું. यज्वान् + ० । પછી नलोप० । થી न् કારનો લોપ કરીશું–તો यज्वा । રૂપ બનશે.

આ રીતે (राजानौ । વગેરેની જેમ) यज्वानौ । यज्वानः ॥ દ્વિતીયા વિ.માં यज्वानम् । यज्वानौ । રૂપો થશે. પણ यज्वन् + शस् । માં ૨૪૭ अल्लोपोऽनः ॥ (૬–૪–૧૩૪) થી अन्ना अ કારનો લોપ થવા આવે છે. ત્યારે–

૨૮૩. "व કારાન્ત કે म કારાન્ત સંયોગની પાછળ આવેલ अन्ना अ કારનો લોપ થતો નથી.' તેથી यज्वन् + शस् → यज्वन् + अस् । ની સ્થિતિમાં अन् ના अ કારનો લોપ થશે નહીં. તો यज्वनस् → यज्वनः । રૂપ બનશે.

આ જ પ્રમાણે, टा, ङे ङसि વગેરે અજાદિ પ્રત્યયો પરમાં હશે ત્યારે પણ यज्वन् શબ્દ, કે જેમાં व् કારાન્ત સંયોગ છે : ज् + व् + अ–ત્યાં अन्ना अ કારનો લોપ થશે નહીં. તો यज्वना । यज्वने । यज्वनः । यज्वनोः । વગેરે રૂપો થશે. તથા જ્યાં હલાદિ भ्याम् । भिस् । વગેરે પ્રત્યયો પરમાં હશે ત્યાં यज्वन् ના न् કારનો લોપ થઈને यज्वभ्याम् । यज्वभिः । જેવાં રૂપો થશે.

प्र०	यज्वा	–यज्वानौ	– यज्वानः	च०	यज्वने	–यज्वभ्याम्	– यज्वभ्यः
सं०	हे यज्वन्	– ,,	– ,,	पं०	यज्वनः	– ,,	– ,,
द्वि०	यज्वानम्	– ,,	– यज्वनः	ष०	यज्वनः	–यज्वनोः	– यज्वनाम्
तृ०	यज्वना	–यज्वभ्याम्	– यज्वभिः	स०	यज्वनि	– ,,	– यज्वसु

હવે ब्रह्मन् (બ્રહ્માજી અથવા બ્રાહ્મણ) શબ્દ જોઈએ તો ત્યાં ह् म् अ न् 'म् કારાન્ત સંયોગ'વાળો अन् અંતે આવેલો છે. તેથી દ્વિતીયા બ.વ. વગેરેમાં, કે જ્યાં અજાદિ પ્રત્યયો પરમાં હશે, ત્યાં પણ આ ૨૮૩. સૂત્રની પ્રવૃત્તિ થઈને अन् ના अ કારનો લોપ થતો અટકાવી દેવાશે. પરિણામે यज्वन् ની જેમ જ રૂપો

સિદ્ધ થશે : (પ્ર૦) ब्रह्मा–ब्रह्माणौ–ब्रह्माणः । (सं०) हे ब्रह्मन्–ब्रह्माणौ–ब्रह्माणः । द्वि० ब्रह्माणम्–ब्रह्माणौ–ब्रह्मणः । (तृ०) ब्रह्मणा–ब्रह्मभ्याम्–ब्रह्मभिः । જેવાં રૂપો સધાશે.

---

284. इन्–हन्–पूषार्यम्णां शौ । ६–४–१२

एषां शावेवोपधाया दीर्घो, नाऽन्यत्र । इति निषेधे प्राप्ते ।

285. सौ । ६–४–१३

इन्नादीनामुपधाया दीर्घोऽसम्बुद्धौ सौ । वृत्रहा । हे वृत्रहन् ।

286. एकाजुत्तरपदे णः ८–४–१२

एकाजू उत्तरपदं यस्य, तस्मिन् समासे पूर्वपदस्थात् निमित्तात् परस्य प्रातिपदिकान्तनुम्विभक्तिस्थस्य नस्य णः (स्यात्) । वृत्रहणौ ।

287. हो हन्तेर् ञ्णिन्नेषु । ७–३–५४

ञिति णिति प्रत्यये नकारे च परे हन्तेर्हकारस्य कुत्वम् । वृत्रघ्नः । इत्यादि । एवम्–शार्ङ्गिन्–यशस्विन्–अर्यमन्–पूषन् ॥

અનુવાદ ૨૮૪ : इन् (= इन्नन्त એટલે કે इन् પ્રત્યયાન્ત दण्डिन्, ब्रह्मिन्, અને वाग्मिन વગેરે), हन्, पूषन् (સૂર્ય) અને अर्यमन् (સૂર્ય)—આટલા શબ્દોની ઉપધાને દીર્ઘ ત્યારે જ થાય છે કે જ્યારે शि (પ્રત્યય) પરમાં હોય છે; આ સિવાયનો બીજો કોઈ પ્રત્યય પરમાં હોય ત્યારે ઉપધાને દીર્ઘ થતો નથી.

वृत्रहन्+सु (પ્રથમા, એ. વ.)માં हल्ङ्याब्भ्यो० । થી सु ના स् નો લોપ થશે→वृत्रहन्+० । પછી न् કારાન્ત શબ્દની ઉપધાને सर्वनामस्थाने० । થી દીર્ઘ થવા આવે છે; ત્યારે પ્રસ્તુત ૨૮૪. સૂત્રથી 'નિયમ' કરવામાં આવે છે કે 'સર્વનામસ્થાન' સંજ્ઞક 'शि' પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે જ ઉપધાને દીર્ઘ થાય છે. અહીં તો (वृत्रहन्+सु માં) शि પ્રત્યય પરમાં નથી. તેથી ઉપધાને દીર્ઘ વિધિ ન કરવી' એવો નિષેધ પ્રાપ્ત થાય છે. એ સ્થિતિમાં (નીચેનું સૂત્ર રજૂ કરવામાં આવે છે).

૨૮૫. "इन् (= इन्नन्त), हन्, पूषन् વગેરે પૂર્વોક્ત શબ્દોની ઉપધાને દીર્ઘ થાય છે; જો સમ્બુદ્ધિભિન્ન सु પ્રત્યય પરમાં આવેલો હોય તો,"—આ સૂત્રથી वृत्रहन्+स्→वृत्रहन्+० । ની અંદર સમ્બુદ્ધિનો નહીં તેવો જ પ્રથમા વિ, નો

सु પ્રત્યય પરમાં છે; તેથી ઉપધાને દીર્ઘ થશે→ वृत्रहान् । પછી नलोप० થી પ્રાતિપદિકની અંતે આવેલા न् કારનો લોપ થશે – તો वृत्रहा । રૂપ સિદ્ધ થઈ જશે.

हे वृत्रहन् + सु । માં हल्ङ्याब्भ्यो० થી स् નો લોપ થયા પછી, हे वृत्रहन् + ० । માં ૨૮૫,થી ઉપધાને દીર્ઘ નહીં થાય; (કેમ કે હવે પરમાં તો સમ્બુદ્ધિનો सु રહેલો છે હતો). આમ हे वृत्रहन् । એવું જ રૂપ થાય છે.

૨૮૬. જેનાં ઉત્તરપદમાં એકાચ્ (= એક અચ્ વાળો) શબ્દ રહેલો છે, તેવા સમાસમાં પૂર્વપદમાંના (રેફ કે ष् કાર રૂપ) નિમિત્તની પાછળ રહેલા ૧. પ્રાતિપદિકની અન્તે આવેલા, ૨. નુમ્ આગમના હોય તેવા અને ૩. વિભક્તિ પ્રત્યયના હોય તેવા न કારને સ્થાને ण् કાર આદેશ થાય છે.

वृत्र – हन् + औ ।

પૂર્વપદ — ઉત્તરપદ, જે એક અચ્ વાળો શબ્દ છે

તેમાં त्र = त्–र्–अ એવા વર્ણો છે. એમાંનો રેફ એ न् ને ण् કરવામાં નિમિત્ત છે.

અને हन् એ પ્રાતિપદિક છે.*

वृत्र–हण् + औ

= वृत्रहणौ ।

(પ્રથમા, દ્વિ. વ.)માં न કારને औ કારમાં ભેળવતાં પહેલાં णत्व વિધિ કરનારું આ ૨૮૬. સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે.

અહીં वृत्रं हन्ति यः, सः (इन्द्रः) वृत्रहन् । એવો સમાસ થયો છે. તેમાં એક અંશ પૂર્વપદ છે અને બીજો અંશ ઉત્તરપદ છે. આથી वृत्र માંના રેફના નિમિત્તે हन् ના न કારને णत्व (૧૩૮. अट्कुप्वाङ्नुम् ० । થી) થઈ શકે એમ નથી; (કેમ કે આ રેફ અને न् કાર 'સમાનપદ'માં નથી. રેફ તો પૂર્વપદમાં છે, અને हन् નો न કાર ઉત્તરપદમાં છે.) પરંતુ આ સૂત્ર મુજબ णत्व થઈ શકશે. તો वृत्रहण् + औ = वृत्रहणौ । બની જશે.

---

* √हन् ધાતુને क्विप् પ્રત્યય લગાવીને, અને પછી એ પ્રત્યયનો સંપૂર્ણ લોપ કરીને हन् = 'મારનારો' એ અર્થવાળો કૃદન્ત શબ્દ બનાવાયો છે અને કૃદન્ત શબ્દ હોય તેની 'પ્રાતિપદિક' સંજ્ઞા કરવામાં આવે છે. (જુઓ : ૧૧૭ સૂત્ર)

આ જ પ્રમાણે, वृत्रहन् + जस् → वृत्रहण + अस् = वृत्रहणः । वृत्रहन् + अम् → वृत्रहण् + अम् = वृत्रहणम् । બને છે. પછી वृत्रहन् + शस् । ની સ્થિતિમાં वृत्रहन् ની भ સંજ્ઞા થશે, ત્યારે—

૨૮૭. ञित् કે णित् પ્રત્યય પરમાં હોય; અથવા न् કાર પરમાં રહેલો હોય તો हन् (ધાતુ)ના ह् કારને સ્થાને कुत्व (= क વર્ગનો કોઈ વર્ણ) આદેશ રૂપે થાય છે.

તો वृत्रहन् + अस् । માં 'ભ' સંજ્ઞક અંગ वृत्रहन् માંના अन् ના अ કારનો ૨૪૭. अल्लोपोऽनः । થી લોપ થશે → वृत्र–ह्–न् + अस् । હવે આ સ્થિતિમાં ૨૮૭.થી हन् ના ह् કારને कुत्व થશે, (કેમ કે તે ह् કારની પાછળ न् કાર આવેલો છે.) હવે જે ह् કારના સ્થાને क વર્ગનો કોઈ એક વર્ણ આદેશ રૂપે લાવવો છે, તો તે ह् કારનું ઉચ્ચારણ સ્થાન–પ્રયત્ન કેવું છે? એ પહેલાં વિચારવું જોઈએ. તો ह् કાર (કંઠ), સંવાદ, નાદ અને મહાપ્રાણ છે. તો क વર્ગમાંથી એક घ् કાર એવો છે કે જે (કંઠ), સંવાદ, નાદ અને મહાપ્રાણ છે. આથી ह् ના સ્થાનમાં घ् થશે → वृत्र–घ्न् + अस् = वृत्रघ्नः । થશે. આ જ પ્રમાણે (भ સંજ્ઞામાં નિમિત્ત બનાનારા) अजादि પ્રત્યયો પરમાં હશે, ત્યાં બધે हन् ના ह् કારને कुत्व થશે. જેમ કે—

प्र०	वृत्रहा	– वृत्रहणौ	– वृत्रहणः
सं०	हे वृत्रहन्	– ,,	– ,,
द्वि०	वृत्रहणम्	– ,,	– वृत्रघ्नः
तृ०	वृत्रघ्ना	– वृत्रहभ्याम्	– वृत्रहभिः
च०	वृत्रघ्ने	– वृत्रहभ्याम्	– वृत्रहभ्यः
पं०	वृत्रघ्नः	– ,,	– ,,
ष०	वृत्रघ्नः	– वृत्रघ्नोः	– वृत्रघ्नाम्
स०	वृत्रघ्नि / वृत्रहणि	– ,,	– वृत्रहसु ।

આ જ પ્રમાણે, शार्ङ्गिन् (શાર્ઙ્ગ ધનુષ્યવાળા = વિષ્ણુ), यशस्विन् (યશવાળો), अर्यमन् (સૂર્ય) અને पूषन् (સૂર્ય) વગેરે न કારાન્ત શબ્દોનાં રૂપો પણ થાય છે.

---

288. मघवा बहुलम् । ६-४-१२८

'मघवन्' शब्दस्य वा 'तृ' इत्यन्तादेशः । ऋ इत् ।

289. उगिदचां सर्वनामस्थानेऽधातोः । ७-१-७०

अधातोरुगितो नलोपिनोऽञ्चतेश्च नुम् स्यात् सर्वनामस्थाने परे । मघवान् मघवन्तौ–मघवन्तः । हे मघवन् । मघवद्भ्याम् ॥ तृत्वाभावे–मघवा । सुटि–राजवत् ।

290. श्व-युव-मघोनाम् अतद्धिते । ६-४-१२३

अन्नन्तानां भानाम् एषाम् अतद्धिते सम्प्रसारणम् । मघोनः । मघवभ्याम् । एवं श्वन्; युवन् ।

291. न सम्प्रसारणे सम्प्रसारणम् । ६-१-३७

सम्प्रसारणे परतः पूर्वस्य यणः सम्प्रसारणं न स्यात् । इति यकारस्य नेत्वम् । अत एव ज्ञापकाद् अन्त्यस्य यणः पूर्वं सम्प्रसारणम् । यूनः । यूना । युवभ्याम् इत्यादि ॥ अर्वा । हे अर्वन् ।

292. अर्वणस्त्रसावनञः । ६-४-१२७

नञा रहितस्य 'अर्वन्' इत्यस्याङ्गस्य 'तृ' इत्यन्तादेशो, न तु सौ । अर्वन्तौ । अर्वद्भ्याम् इत्यादि ॥

અનુવાદ ૨૮૮ : "મઘવન્ (ધનવાળો ઇન્દ્ર) શબ્દને વિકલ્પે 'तृ' એવો અન્તાદેશ (=અન્તિમ વર્ણના સ્થાનમાં થતો આદેશ) થાય છે." આ तृ આદેશમાંનો ऋ કાર અનુબન્ધ રૂપે જોડયો છે, તેથી તેની (उपदेशेऽजनुनासिक इत् । થી) ઈત્સંજ્ઞા થાય છે (પછી લોપ થાય છે).

૨૮૯. ધાતુભિન્ન उगित् (= જેમાં उक् પ્રત્યાહારમાં —उ–ण् । ऋ–ऌ–क्— આવેલા વર્ણોમાંનો કોઈ પણ એક વર્ણ ઈત્સંજ્ઞક છે તે 'ઉગિત્') અને न લોપી (= જેમાં न કારનો લોપ થયો છે તે) √अञ्चु ધાતુને नुम् (न्) આગમ થાય છે; જો 'સર્વનામસ્થાન' સંજ્ઞક પ્રત્યયો પરમાં રહેલ હોય તો.

મઘવન્ + सु । (પ્રથમા, એ. વ.)માં मघवा बहुलम् । સૂત્રથી મઘવન્ શબ્દના અંતિમ न् કારના સ્થાનમાં तृ (त्) એવો આદેશ વિકલ્પે થાય છે. [तृमां त् + ऋ એમ કુલ બે अल् છે. = અનેકાલ્ છે એમ ગણીને કોઈ આખા મઘવન્ શબ્દના સ્થાનમાં આદેશ ન કરે માટે ઉપર લખ્યું છે કે 'ऋ इत्' ।]

મઘવન્ + स् | મઘવન્ + स्
↑ तृ અન્તાદેશ (વિકલ્પે)
મઘવત્ + स् (આ પક્ષની રૂપસિદ્ધિ પછી જોઈશું)

હવે મઘવન્ માં જે અંતાદેશ રૂપે तृ આદેશ થયો છે, તેમાંના ऋ ની ઈત્સંજ્ઞા કરીને, પછી તેનો લોપ કર્યો છે. તેથી આ આદેશને उगित् કહેવાશે. પરિણામે

मघवत् + स् । ની સ્થિતિમાં ૨૮૯. સૂત્રથી नुम् (मित् આગમ હોવાથી અંતિમ અચ્ ની પાછળ) થશે→मघव-न्-त् + स् । અહીં પહેલાં हल्ङ्याब्भ्यो०થી स् નો લોપ, પછી संयोगान्तस्य लोपः । થી न्त् માંના त् નો પણ લોપ થશે→मघवन्- ० + ० । પછી सर्वनामस्थाने चासम्बुद्धौ । થી નાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ થશે, તો→मघवान् । રૂપ સધાશે. આ જ પ્રમાણે मघवन्तौ । मघवन्तः । हे मघवन् । રૂપો પણ ૨૮૯ થી नुम् આગમ થયો છે; અને રૂપસિદ્ધિ થઈ છે. मघवन् + शस् । (દ્વિતીયા, બ. વ.)માં 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં નહીં રહેતાં नुम् નહીં થાય, કેવળ પ્રત્યયો જોડાઈ જશે :

प्र० मघवान् – मघवन्तौ – मघवन्तः		च० मघवते–मघवद्भ्याम् – मघवद्भ्यः
सं० हे मघवन्– ,, – ,,		पं० मघवतः– ,, – ,,
द्वि० मघवन्तम्– ,, – मघवतः		ष० मघवतः–मघवतोः – मघवताम्
तृ० मघवता –मघवद्भ्याम्–मघवद्भिः		स० मघवति– ,, – मघवत्सु ॥

હવે જે પક્ષમાં—मघवन् + स् । માં અન્તાદેશ રૂપે तृ આદેશ નહીં થયો હોય ત્યાં નાન્તની ઉપધાને દીર્ઘ થશે→मघवान् + स् । પછી हल्ङ्याब्भ्यो० । થી स् નો લોપ, અને नलोपः प्राति० । થી न् નો લોપ કરીશું→मघवा० + ०। = मघवा રૂપ બને છે. આ જ પ્રમાણે सुट् (सु–औ–जस् । अम्–औट्) પ્રત્યયો પરમાં રહેતાં राजन् ની જેમ રૂપો સિદ્ધ થશે : (प्र०) मघवा–मघवानौ–मघवानः । (सं०) हे मघवन् । (द्वि०) मघवानम्–मघवानौ । રૂપો થશે, પછી—

૨૯૦. श्वन् (કૂતરો), युवन् અને मघवन (ઇન્દ્ર) જેવા अन् 'અન્ત'વાળાં 'भ' સંજ્ઞક અંગોને સમ્પ્રસારણ થાય છે, જો તદ્ધિતનો ન હોય એવો કોઈ પ્રત્યય પરમાં રહેલો હોય તો.

मघवन् + शस् । (દ્વિતીયા, બ. વ.)માં यचि भम् । થી मघवन् ની 'भ' સંજ્ઞા થશે; હવે मघवन् શબ્દનો જે अन् તે 'भ' સંજ્ઞક અંગનો જ કહેવાશે; અને એની પાછળ જે शस् પ્રત્યય આવેલો છે તે પણ 'તદ્ધિતનો પ્રત્યય' નથી; પણ વિભક્તિનો પ્રત્યય છે. તેથી ૨૯૦માં સૂત્રથી 'અંગ'માં સમ્પ્રસારણ થશે. અર્થાત્ यण् ના સ્થાનમાં इक् નો પ્રયોગ થશે. →मघ उ अन् + अस् । (અહીં व् + अ માંથી व् ના સ્થાને उ થયો છે.) પછી ૨૫૮. सम्प्रसारणाच्च । થી 'સમ્પ્રસારણની પાછળ આવેલા અચ્ ને પૂર્વરૂપ એકાદેશ થાય છે.' તો म घ उ अ न् + अस् માંથી → म घ उ न् + अस् થશે → હવે પહેલાં ગુણ થશે તો मघोनस् બનશે → પછી રુત્વ, વિસર્ગ થશે તો मघोनः । રૂપ બની જશે,

मघवन् + भ्याम् । भिस् વગેરે હલાદિ વિભક્તિ પ્રત્યયો પરમાં રહેશે ત્યારે (राजन् + भ्याम् ની જેમ) नलोपः प्राति० । થી न् નો લોપ થશે; તો मघवभ्याम् । मघवभिः । વગેરે રૂપો સિદ્ધ થશે.

प्र०	मघवा – मघवानौ – मघवानः	च०	मघोने – मघवभ्याम् – मघवभ्यः
सं०	हे मघवन् – ,, – ,,	पं०	मघोनः – ,, – ,,
द्वि०	मघवानम् – ,, – मघोनः	ष०	मघोनः – मघोनोः – मघोनाम्
तृ०	मघोना – मघवभ्याम् – मघवभिः	स०	मघोनि – मघोनोः – मघवसु

આ જ પ્રમાણે श्वन् શબ્દનાં રૂપો પણ સિદ્ધ થાય છે : (प्र०) श्वा–श्वानौ–श्वानः । (सं) हे श्वन् । (द्वि०) श्वानम्–श्वानौ–शुनः ।। વગેરે. टा → शुना । ङे–शुने । ङसि–ङस्–शुनः । ओस्–शुनोः । आम्–शुनाम् । ङि–शुनि । सुप्–श्वसु ।।

युवन् શબ્દનાં રૂપો જોઈએ તો → युवा–युवानौ–युवानः । (सं) हे युवन् । (द्वि०) युवानम्–युवानौ । થશે. પછી દ્વિ. બ. વ.માં युवन् + शस् રાખીશું ત્યારે–

૨૯૧. સમ્પ્રસારણ (સંજ્ઞક વર્ણ) પરમાં રહ્યો હોય ત્યારે પૂર્વમાં આવેલા यण् ને (ફરી/બીજું) સમ્પ્રસારણ થતું નથી.

युवन् + शस् । ની સ્થિતિમાં युवन् ની 'ભ' સંજ્ઞા થયા પછી, ૨૯૦. મા સૂત્રથી સમ્પ્રસારણ કરીશું → यु उ अ न् + अस् । અહીં કોઈને પ્રશ્ન થાય કે ફરીવાર ૨૯૦મા સૂત્રની પ્રવૃત્તિ કરીને यु ના य् કારના સ્થાને 'इ' એવું સમ્પ્રસારણ કરી શકાય કે નહીં ? આના સમાધાન માટે આ ૨૯૧.મું સૂત્ર રજૂ થયું છે. તે કહે છે કે –(એકવાર) સમ્પ્રસારણ પરમાં થયેલું/રહેલું હોય તો, તેની પૂર્વમાં આવેલા यण् નું ફરીવાર—બીજી વખતનું—સમ્પ્રસારણ થતું નથી. આથી यु उ अ न् + अस् । માં यु ના य् કારનું સમ્પ્રસારણ થશે નહીં. આ ૨૯૧. માં સૂત્ર દ્વારા (જે પ્રકારનો નિષેધ રજૂ કરવામાં આવ્યો છે તેના થકી) જે જ્ઞાપક–સૂચન–નીકળે છે, તેના થકી એવું પણ નક્કી થઈ જાય છે કે युवन् + अस् । ની સ્થિતિમાં (૨૯૦ થી) સૌથી પહેલાં અન્ત્ય (પાછળ આવેલા) यण् નું સમ્પ્રસારણ કરવાનું છે. પણ (તે व ની) પૂર્વમાં આવેલા (युवन् ના य् કાર)નું પહેલાં સમ્પ્રસારણ કરવાનું જ નથી. [કારણ કે જો ૨૯૦ માં સૂત્રથી પહેલા युवन् ના આદિ यण् નું સમ્પ્રસારણ કરીએ તો, આ. ૨૯૧. મા સૂત્રથી રજૂ કરેલો નિષેધ તદ્દન નિરર્થક બની જાય. (= કેમ કે આ સૂત્ર ત્યાં જ લાગી શકે છે કે જ્યાં પહેલાં 'પાછળના यण् નું સમ્પ્રસારણ થઈ ગયું હોય.)]

युवन् + अस्
↑——सम्प्रसारण
यु उ अन् + अस् ।
यु – उ – न् + अस्
यू – न् + अस्
यूनस्
यूनः ॥

૧. પહેલાં અંતિમ व् નું સમ્પ્રસારણ કરીશું.
૨. પૂર્વરૂપ એકાદેશ કરીશું.
૩. સવર્ણ દીર્ઘકાદેશ કરીશું.
૪. अज्झीनं परेण संयोज्यम् । અને રુત્વ, વિસર્ગ થઈને यूनः । રૂપ બની જશે.

પછી તૃતીયા વિભક્તિમાં यूना–युवभ्याम्–युवभिः । (च०) यूने–युवभ्याम्–युवभ्यः ॥ પછી ષષ્ઠીમાં यूनः । यूनोः । यूनाम् । સપ્તમીમાં यूनि । युवसु । વગેરે રૂપો સિદ્ધ થશે.

※

अर्वन् (સૂર્ય) આ न् કારાન્ત શબ્દનું પ્રથમા, એ. વ. માં (राजन् ની જેમ) રૂપ ચલાવીશું તો अर्वा । રૂપ બનશે, અને સંબોધનમાં हे अर्वन् । રૂપ થશે. પણ अर्वन् + औ (પ્રથમા દ્વિ. વ. માં)

૨૯૨. नञ् રહિતના (= नञ् तत्पुरुष સમાસમાં નહીં આવેલ) 'अर्वन्' એવા અંગને 'तृ' એવો અન્તાદેશ થાય છે; પરંતુ (પ્રથમા વિ. નો) 'सु' પ્રત્યય પરમાં ન હોય ત્યારે (જ આ આદેશ થાય છે.) [तृ માંથી ऋ ઈત્સંજ્ઞક છે, તેનો લોપ થશે.]

अर्वन् + औ । અહીં अर्वन् ના અંતિમ વર્ણના સ્થાનમાં तृ→त् આદેશ થશે→अर्वत् + औ । હવે तृ આદેશમાંના ऋ ની ઈત્સંજ્ઞા થઈ છે, તેથી તે આદેશ उगित् કહેવાશે. પરિણામે ૨૮૯. उगिदचां सर्वनामस्थाने । સૂત્રથી ધાતુભિન્ન उगित् શબ્દને = अर्वत् શબ્દને 'અંતિમ अच् ની પરમાં नुम् = न् આગમ લાગશે→अर्वन त् + औ→अर्वन्तौ । થશે. પછી ૭૮. नश्चापदान्तस्य झलि । થી झल् = त् પરમાં રહેતાં અપદાન્ત न् કારને અનુસ્વાર થશે→अर्वंतौ । પછી ૭૯. अनुस्वारस्य ययि परसवर्णः । થી અનુસ્વારને પરસવર્ણ થશે→अर्वन्तौ ।

આ જ પ્રમાણે अर्वन् + भ्याम् (તૃતીયા, દ્વિ. વ.) માં ૨૯૨.થી तृ એવો પહેલાં અન્તાદેશ→अर्वत + भ्याम् । પછી जश्त्व કરીશું તો अर्वद् + भ्याम् = अर्वद्भ्याम् । વગેરે રૂપો બને છે.

प्र० अर्वा	– अर्वन्तौ	– अर्वन्तः	
सं० हे अर्वन्–	,,	– ,,	
द्वि० अर्वन्तम् –	,,	– अर्वतः	
तृ० अर्वता	– अर्वद्भ्याम्	–अर्वद्भिः	
च० अर्वते	– अर्वद्भ्याम्	–अर्वद्भ्यः	
पं० अर्वतः –	,,	– ,,	
ष० ,,	– अर्वतोः	– अर्वताम्	
स० अर्वति –	,,	– अर्वत्सु ॥	

વિવરણ : ઉપર ૨૮૮. मघवा बहुलम् । જે 'બહુલમ્' શબ્દ મૂકયો છે, તે ધ્યાનાસ્પદ છે. ઉપલક દૃષ્ટિએ જોઈએ તો તેનો અર્થ 'વિકલ્પે' થાય છે. પણ અમુક વિધિની કયાંક પ્રવૃત્તિ થતી બતાવવી હોય; કયાંક અપ્રવૃત્તિ બતાવવી હોય, ક્યાંક વૈકલ્પિક પ્રવૃત્તિ બતાવવી હોય કે કયાંક બીજી જ કોઈક વિધિ દર્શાવવી હોય ત્યારે તે વિધિ દર્શાવનારા સૂત્રમાં बहुलम् મૂકવામાં આવે છે:–

क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः क्वचिद्विभाषा क्वचिदन्यदेव ।
शिष्टप्रयोगान् अनुसृत्य लोके विज्ञेयमेतद् बहुलग्रहे तु ॥

બીજું, ૨૯૦. श्व-युव-मघोनाम् अतद्धिते । સૂત્રમાં જે ત્રણ વ્યક્તિઓને એકી સાથે ગુંથી લીધી છે તે કૂતરો, યુવાન અને ઈન્દ્ર છે. એ જોઈને કોઈકે ઉખાણું બનાવ્યું છે :

"काचं मणिं काञ्चनमेकसूत्रे ग्रथ्नासि बाले किमिदं विचित्रम् ।"
विचारवान् पाणिनिरेकसूत्रे श्वानं युवानं मघवानमाह इति ॥

કોઈ વ્યક્તિ એક બાળાને કશુંક ગુંથતી જોઈને પૂછે છે કે હે બાળા ! તું આ એક જ દોરીમાં કાચને, મણિને અને સોના (ના ટૂકડા)ને ગુંથી રહી છે. એ તો ભારે વિચિત્ર વાત છે. (અર્થાત્ તું મૂર્ખ લાગે છે.) આના પ્રત્યુત્તરમાં તે બાળા કહે છે કે– "પેલા વિચારવાન પાણિનિએ પણ એક જ સૂત્રમાં કૂતરાને, યુવાનને અને ઈન્દ્રને ગુંથી લીધા છે ને ?" આમ બાળાએ ઉપર્યુક્ત ૨૯૦. માં સૂત્ર તરફ આંગળી ચિંધીને પાણિનિની ટીકા કરી લીધી છે ! [પરંતુ વિચાર કરતાં જણાય છે કે પાણિનિની ટીકા કરવા જેવી નથી. કેમકે આ ત્રણેય વ્યક્તિઓ ગુણ અને મૂલ્યની દૃષ્ટિએ અસમાન તારતમ્ય વાળી જરૂર છે, (અને માટે એક જ સૂત્રમાં એકી સાથે તેમનો ઉલ્લેખ કરવો ઠીક જણાતો નથી.) પણ તે ત્રણેયમાં જે કામુકતાનો ગુણ છે તે તો એક સરખો જ છે ! અને એ રીતે તેમનો એકત્ર જ ઉલ્લેખ કરવો ઔચિત્યપૂર્ણ છે !! આમ વિચાર પુરસ્સરનો આ ઉલ્લેખ જણાય છે.] આવી કથાઓ વિનોદ–અર્થે જ છે. વ્યાકરણશાસ્ત્રના અભ્યાસમાં તેનું સ્થાન ન હોય.

293. पथि-मथ्यृभुक्षाम् आत् । ७-१-८५

एषाम् आकारोऽन्तादेशः स्यात् सौ परे ।

294. इतोऽत् सर्वनामस्थाने । ७-१-८६

पथ्यादेरिकारस्याऽकारः सर्वनामस्थाने परे ।

295. थो न्थः । ७-१-८७

पथि-मथोस्थस्य 'न्था' आदेशः सर्वनामस्थाने । पन्थाः पन्थानौ पन्थानः ।

296. भस्य टेर्लोपः । ७-१-८८

भस्य पथ्यादेष्टेर्लोपः । पथः । पथा । पथिभ्याम् ॥ एवम् मथिन्, ऋभुक्षिन् ॥

અનુવાદ : ૨૯૩. पथिन् (માર્ગ) मथिन् (મંથન કરનાર, વલોણી) અને ऋभुक्षिन् (ઈન્દ્રનું એક નામ) આ શબ્દોને (आत् =) દીર્ઘ आ કાર અન્તાદેશ રૂપે લાગે છે. જો 'सु' પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

૨૯૪. पथिन् વગેરે (ત્રણ) શબ્દોના इ કારને સ્થાને હ્રસ્વ अ કાર આદેશ રૂપે થાય છે; જો 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

૨૯૫. पथिन् અને मथिन्–એ બે શબ્દોમાંના थ् કારને સ્થાને 'न्था' એવો આદેશ થાય છે, જો 'સર્વનામ સ્થાન' સંજ્ઞક પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

पथिन् + सु । (પ્રથમા, એ. વ.)માં ૨૯૩. થી पथिन् શબ્દને आ કાર અન્તાદેશ રૂપે થશે. અર્થાત્ અંતિમ न् કાર ના સ્થાનમાં તે આદેશ થશે→पथि–आ + स् । પછી ૨૯૪. થી એમ કહ્યું છે કે 'સર્વનામ સ્થાન' સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં હોય તો पथिन् ના इ કારના સ્થાનમાં अ કાર થાય છે→पथ्–अ–आ + स् । હવે ૨૯૫ મા સૂત્રથી पथिन् શબ્દમાં જે थ् કાર, તેના સ્થાનમાં 'न्था' એવો આદેશ થાય છે→प–न्था–अ–आ + स्→अकः सवर्णे दीर्घः । ની પ્રવૃત્તિ થઈને→पन्था + स् । પછી રુત્વ, વિસર્ગ થતાં→पन्थाः । રૂપ બને છે.

पथिन् + औ । (પ્રથમા, દ્વિતીયા દ્વિ. વ.) માં ૨૯૪ થી इ કારને अ કારાદેશ →पथ् अ न् + औ । પછી ૨૯૫. થી थ् ને 'न्था' આદેશ→प–न्था -अ–न् + औ = पन्थानौ । રૂપ થશે. આ જ રીતે पथिन् + जस् માંથી पन्थानः । રૂપ પણ બનશે. पथिन् + अम् (દ્વિતીયા, એ. વ.) માં→पन्थानम् । થશે.

२९६. "भ संज्ञक पथिन्, मथिन् वगेरे शब्दोनी टि नो लोप थाय छे." आथी पथिन्+शस् (द्वितीया ब. व.)मांथी पथिन्+अस् । तेमां यचि भम् । थी पथिननी भ संज्ञा थशे. पछी २९६. थी पथिन् टि (= इन् एटला अंश)नो लोप थशे→पथ्० + अस् = पथः । रूप बने छे.

ए ज प्रमाणे पथिन्+टा (तृतीया ए. व.) मां पण, ज्यां सर्वनाम स्थान भिन्न अजादि प्रत्यय परमां रह्यो हशे, त्यां पथिन नी 'भ' संज्ञा थई ने, २९६ थी टि नो लोप थशे→पथ्० + आ = पथा । रूप थशे. पण ज्यां पथिन्+भ्याम् । भिस् जेवा हलादि प्रत्ययो परमां हशे त्यारे पूर्वमां आवेला पथिन नी 'पद' संज्ञा थशे, अने एना परिणामे १८० नलोपः प्रातिपदिकान्तस्य । थी प्रातिपदिक संज्ञा वाळा पथिन् 'पद' ना अंते आवेला न् कारनो लोप थशे→पथि० + भ्याम् = पथिभ्याम् । रूप थशे.

प्र० पन्थाः — पन्थानौ — पन्थानः		च० पथे — पथिभ्याम् — पथिभ्यः	
सं० हे पन्थाः — ,, — ,,		पं० पथः — ,, — ,,	
द्वि० पन्थानम् — ,, — पथः		ष० पथः — पथोः — पथाम्	
तृ० पथा — पथिभ्याम् — पथिभिः		स० पथि — पथोः — पथिषु ॥	

आ ज प्रमाणे, मथिन्, ऋभुक्षिन शब्दोनां पण रूपो थाय छे.

---

297. ष्णान्ता षट् । १-१-२४

षान्ता नान्ता च संख्या षट्संज्ञा स्यात् । 'पञ्चन्' शब्दो नित्यं बहुवचनान्तः । पञ्च । पञ्च । पञ्चभिः । पञ्चभ्यः । नुट्—

298. नोपधायाः । ६-४-७

नान्तस्योपधाया दीर्घो, नामि । पञ्चानाम् । पञ्चसु ।

299. अष्टन आ विभक्तौ । ७-२-८४

हलादौ वा स्यात् ।

300. अष्टाभ्य औश् । ७-१-२१

कृताऽऽकाराद् अष्टनो जश्शसोरौश् । 'अष्टभ्यः' इति वक्तव्ये कृतात्वनिर्देशो जश्-शसोर्विषये आत्वं ज्ञापयति । अष्टौ । अष्टौ । अष्टाभिः । अष्टाभ्यः । अष्टाभ्यः । अष्टानाम् । अष्टासु ॥ आत्वाभावे अष्ट पञ्चवत् ॥ इति नकारान्ताः ॥

અનુવાદ : ૨૯૭ ष् કારાન્ત અને न् કારાન્ત સંખ્યા વાચક શબ્દોની 'षट्' એવી સંજ્ઞા થાય છે.

पञ्चन् (પાંચ—પુરુષ-) આ શબ્દ નિત્ય બહુવચનાન્ત છે. (આ શબ્દના એકવચન અને દ્વિવચનમાં રૂપો થતાં જ નથી.) આ શબ્દ न् કારાન્ત હોવાથી 'षट्' સંજ્ઞા થાય છે. पञ्चन + जस् (પ્રથમા, બ.વ.)માં ૧૮૮. षड्भ्यो लुक् । થી, 'षट् સંજ્ઞક શબ્દોની પરમાં આવેલા जस् (અને शस्) પ્રત્યયનો લુક્' થાય છે →पञ्चन् + ० । ત્યાર પછી ૧૮૦ नलोपः० । થી न् કારનો પણ લોપ થશે →पञ्च० + ० = पञ्च । રૂપની સિદ્ધિ થાય છે. पञ्चन + भिस् /भ्याम् વગેરે હલાદિ પ્રત્યયો પરમાં હશે ત્યારે પણ न् નો લોપ થશે, તો पञ्चभिः । पञ्चभ्यः । જેવાં રૂપો થાય છે. पञ्चन + आम् । (ષષ્ઠી બ.વ.)માં ૨૬૬. षट्चतुर्भ्यश्च થી आम् ને नुट् આગમ લગાડવામાં આવે છે→पञ्चन + न आम् । પછી—

૨૯૮. "न् કારાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ થાય છે नाम्પ્રત્યય પરમાં હોય તો." આથી पञ्चन् + नाम् માં નાન્ત (पञ्चन)ની ઉપધાને દીર્ઘ કરીશું તો पञ्चान् + नाम् । થશે. પછી ૧૮૦ नलोप० । થી પ્રાતિપદિકના અંતે આવેલા न् નો લોપ થશે→पञ्चा० + नाम् = पञ्चानाम् । રૂપ બને છે.

पञ्चन + सुप् (સપ્તમી, બ.વ.)માં પણ न કારનો લોપ થશે, તો पञ्च० + सु = पञ्चसु । રૂપ બની જશે.

૨૯૯. 'अष्टन्' એવા અંગ (ના અંતિમ વર્ણ)ને સ્થાને आ કાર આદેશ વિકલ્પે થાય છે, જો હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો. (अलोऽन्त्यस्य । પરિભાષાની મદદથી ષષ્ઠી–નિર્દિષ્ટ કામ અંતિમ વર્ણના સ્થાનમાં થાય છે. અહીં अष्टनः आ विभक्तौ । સૂત્રમાં 'अष्टनः' એ ષષ્ઠી વિભક્તિમાં મૂકેલું પદ છે. તેથી अष्टन् 'અંગ' ના અંતિમ વર્ણ न् કારના સ્થાનમાં आ એવો આદેશ થશે.)

૩૦૦. જેને आ કાર આદેશ થયો છે તેવા अष्टन् શબ્દની પરમાં આવેલા जस् અને शस् પ્રત્યયોના સ્થાનમાં औश् આદેશ થાય છે.

[અહીં પ્રશ્ન થઈ શકે કે અગાઉના ૨૯૯. अष्टनः आ विभक्तौ । સૂત્રથી જે आत्व નું વિધાન કર્યું છે તે તો 'હલાદિ વિભક્તિ પરમાં રહેતાં જ થાય છે. તો પછી जस्–शस् ના સ્થાનમાં औश् આદેશ કરનારા ૩૦૦. अष्टाभ्यः औश् । સૂત્રનો 'વૃત્તિ'માં અર્થ લખતી વખતે कृताऽऽकाराद् = 'જેને आ કાર કરવામાં આવ્યો છે' (એવા अष्टन् ની પાછળ जस्–शस् ના સ્થાનમાં औश् આદેશ કરવો)

એવું કેવી રીતે કહી શકાય ? તો એના જવાબમાં કહેવામાં આવ્યું છે કે– 'अष्टभ्य:' इति वक्तव्ये...। અર્થાત્—]

અહીં જે जस् અને शस् પ્રત્યયોના સ્થાનમાં औश् આદેશ કરનારું સૂત્ર રજૂ કર્યું છે, તેમાં સૂત્રકાર પાણિનિએ 'अष्टाभ्य:' એવું आ કાર વાળું પદ લખ્યું છે તેને બદલે अष्टभ्य: એવું હ્રસ્વ अ કાર વાળું પદ લખ્યું હોત તો પણ ચાલી શકત (અને એમ કર્યું હોત તો એકમાત્રાનું લાઘવ પણ થઈ શક્યું હોત). કારણ કે જે अष्टन् ની પરમાં આવેલા जस्–शस् ને સ્થાને औश् કરવાનો છે તે अष्टन् ના અંતિમ વર્ણ न् કાર ને પૂર્વસૂત્ર (૨૯૯) થી તો आ કાર આદેશ થઈ શકવાનો નથી, (કેમકે તે તો हलादि વિભક્તિ પ્રત્યય પરમાં રહે ત્યારે પ્રવૃત્ત થવાનું છે) તો अष्टन् + जस् /अष्टन् + शस् । (ની સ્થિતિવાળા = એટલે કે જેમાં आत्व થયું જ નહીં હોય એવા—अष्टन् શબ્દનો ઉલ્લેખ પાણિનિ अष्टभ्य:[५] એવી રીતે કરી શક્યા હોત. પણ પાણિનિએ એવું નહીં કરીને 'अष्टाभ्य:' એવું आत्व વિધિપૂર્વકનું પદ લખ્યું છે, તેથી એવું જ્ઞાપિત થાય છે કે પાણિનિના મનમાં अष्टन् + जस् । અને अष्टन + शस् ની સ્થિતિમાં પણ (જ્યાં અજાદિ પ્રત્યય પરમાં હશે ત્યાં પણ) પહેલાં (૨૯૯ થી) અંતિમ न ના સ્થાનમાં आत्व થયું હશે→अष्ट आ + जस् । અને अष्ट आ + शस् । જેથી अष्टा + जस् અને अष्टा + शस् । બન્યું હશે એવાં आ કાર વાળા સ્વરૂપોની સ્થિતિ ઊભી હશે. તેથી તેમણે अष्टभ्य: નહીં લખતાં, 'अष्टाभ्य:' એવું લખ્યું છે. તેથી વૃત્તિકારોએ આ ૩૦૦. સૂત્રને સમજાવતાં લખ્યું છે કે જ્યાં अष्टन् માં अष्टा એવું आत्व કાર્ય કરી નાખવામાં આવ્યું હશે તેવા 'अष्टा' શબ્દની પાછળ આવેલા जस् અને शस् ના સ્થાનમાં औश् આદેશ કરવો.

[**'જ્ઞાપન' એટલે શું** ? તો જ્યાં અલ્પ પ્રયાસથી (લાઘવ પૂર્વક) અમુક કાર્ય કરી શકાતું હોય ત્યાં થોડોકેય વધુ પ્રયાસ કર્યો હોય, વધુ વર્ણો કે શબ્દોનો (= ગૌરવયુક્ત) પ્રયોગ કર્યો હોય, ત્યાં પાણિનિ કાંઈક વિશેષ સૂચવે છે એમ માનવામાં આવે છે : शब्दाधिक्याद् अर्थाधिक्यम् । આવી જે વિશેષ વાત સૂચવાતી હોય તેને 'જ્ઞાપન' કે 'જ્ઞાપક' કહેવામાં આવે છે.

સામાન્ય રીતે તો એવું, કહેવાય છે કે– अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणा: '(સૂત્ર રચનામાં) જો અર્ધમાત્રાનું પણ લાઘવ કરી શકાય તો વૈયાકરણો પોતાને ઘરે પુત્રજન્મ થયો હોય એટલો ઉત્સવ ઉજવે છે !' આમ છતાંય 'अष्टभ्य:' લખવાથી–લાઘવયુક્ત પ્રયાસથી–કામ ચલાવી શકાય એમ હતું; છતાંય

પાણિનિએ अष्टाभ्यः એવો ગૌરવયુક્ત પ્રયાસ કરીને જે સૂત્ર રચ્યું છે તે ઉપર્યુક્ત વાત સૂચવવા માટે છે, એમ જ્ઞાપિત થાય છે.]

अष्टन् + जस् । (પ્રથમા, બ. વ.) માં ઉપર્યુક્ત જ્ઞાપનથી પહેલા અંતિમ વર્ણના સ્થાનમાં આત્વ થશે→अष्ट आ + जस्→अष्टा + जस् । પછી ૩૦૦ મા સૂત્રથી जस् સ્થાનમાં औश् આદેશ (औश् આદેશમાંનો श् કાર ઈત્સંજ્ઞક હોઈ તે शित् કહેવાશે; અને अनेकाल्शित्सर्वस्य । ની સૂચના મુજબ આખા जस् પ્રત્યયના સ્થાનમાં તે शित् આદેશ પ્રવૃત્ત થશે)→अष्टा + औ→વૃદ્ધિ થશે તો अष्टौ । રૂપ બની જશે, આ જ રીતે अष्टन् + शस् । માંથી પણ अष्टौ । બની જશે.

अष्टन् + भिस् । (તૃતીયા, બ. વ.) માં હલાદિ વિ. પરમાં છે તેથી ૨૯૯ થી આત્વ થશે→अष्ट आ + भिस्→अष्टाभिस्→अष्टाभिः । થશે. આ જ પ્રમાણે अष्टन् + भ्यस् । માંથી अष्टाभ्यः । પણ થશે.

अष्टन् + आम् । (ષષ્ઠી, બ. વ.) માં પહેલાં ૨૯૭. થી न् કારાન્ત શબ્દની षट् સંજ્ઞા થશે, પછી ૨૬૬. षट्चतुर्भ्यश्च । થી आम् ને नुट् આગમ થશે→अष्टन् + नुट् आम्→अष्टन् + नाम् । હવે હલાદિ વિ. પરમાં છે એમ જોઈને ૨૯૯ अष्टन आ विभक्तौ । થી આત્વ થશે→अष्ट आ + नाम्→સવર્ણ દીર્ઘ→अष्टा+ नाम् = अष्टानाम् । રૂપ બને છે.

अष्टन् + सुप् (સપ્તમી, બ. વ.) માંથી પણ આત્વ થઈને अष्टासु । રૂપ બની જશે.

હવે ૨૯૯. મું સૂત્ર વૈકલ્પિક છે, તેથી આત્વ વિધિ નહીં થાય એ પક્ષમાં अष्टन् નાં રૂપો पञ्चन्‌ની જેમ પણ થઈ શકશે :– अष्ट । अष्ट । अष्टभिः । अष्टभ्यः । अष्टभ्यः । अष्टानाम् । अष्टसु । એવાં રૂપો પણ બને છે.

અહીં न् કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થઈ.

---

301. ऋत्विग्–दधृक्–स्रग्–दिग्–उष्णिग्–अञ्चु–युजि–क्रुञ्चां च । ३–२–५९

एभ्यः क्विन् । अञ्चेः सुप्युपपदे, युजिक्रुञ्चोः केवलयोः, क्रुञ्चेर्नलोपाभावश्च निपात्यते । कनावितौ ।

302. कृद् अतिङ् । ३–१–९३

अत्र धात्वधिकारे तिङ्भिन्नः प्रत्ययः कृत्संज्ञः स्यात् ।

303. वेरपृक्तस्य । ६-१-६७

अपृक्तस्य वस्य लोपः ।

304. क्विन्प्रत्ययस्य कुः । ८-२-६२

क्विन् प्रत्ययो यस्मात् तस्य कवर्गोऽन्तादेशः पदान्ते । अस्यासिद्धत्वात् 'चोः कुः' (८-२-३०) इति कुत्वम् । ऋत्विक्-ऋत्विग् । ऋत्विजौ । ऋत्विग्भ्याम् ।

305. युजेरसमासे ७-१-७१

युजेः सर्वनामस्थाने नुम् स्याद् असमासे । संयोगान्तलोपः । कुत्वेन नस्य ङः-युङ् । अनुस्वार-परसवर्णौ-युञ्जौ । युजा । युग्भ्याम् ।

306. चोः कुः । ८-२-३०

चवर्गस्य कवर्गः स्याद् झलि पदान्ते च । सुयुक्-सुयुग् । सुयुजौ । सुयुग्भ्याम् ॥ खन् । खञ्जौ । खन्भ्याम् ॥

અનુવાદ : ૩૦૧. ऋत्विग् (ऋतु શબ્દપૂર્વક यज् ધાતુ), दधृक् (धृष् ધાતુ), सृज ધાતુ, दिश् ધાતુ, उष्णिक् (उत् ઉપસર્ગપૂર્વક स्निह), अञ्चु ધાતુ, युजि ધાતુ અને क्रुञ्च ધાતુઓને क्विन् પ્રત્યય લાગે છે.

(क) સુબન્ત પદ ઉપપદમાં હોય ત્યારે જ अञ्चु ધાતુને क्विन् પ્રત્યય લાગે છે. [જેમકે, प्राङ्, प्रत्यङ्, उदङ् વગેરે.] (ख) युज् અને क्रुञ्च ધાતુઓને એકલાને જ (= તેમની પૂર્વમાં કોઈ જ પદ ન પ્રયોજાયું હોય ત્યારે જ) क्विन् પ્રત્યય નિપાતનથી લાગે છે. પરંતુ આ પ્રસંગે क्रुञ्च ધાતુમાં [૩૩૫. अनिदिताम्० । સૂત્રથી न् લોપની પ્રાપ્તિ થાય છે; પણ] न् લોપનો અભાવ 'નિપાતન'*થી થયો છે (એમ માનવાનું છે.)

આ क्विन् પ્રત્યયમાંથી क् કાર અને न् કારની ઈત્સંજ્ઞા થાય છે. (જેમકે, हलन्त्यम् । થી અંતિમ न् કારની ઈત્સંજ્ઞા થશે; અને लशक्वतद्धिते । થી પ્રત્યયની

---

* **નિપાતન** એટલે (लक्ष्येषु) लक्षणं विनैव निपतति = प्रवर्तते इति निपातनम् । પાણિનિના કોઈ સૂત્ર વિના જ કોઈક વિધિ આવી પડે/પ્રવૃત્ત થાય (અને એ રીતે અમુક શબ્દ નિષ્પન્ન થાય) તો તેવી વિધિને 'નિપાતન'થી સિદ્ધ થતી વિધિ કહેવામાં આવે છે.

આદિમાં આવેલા क् કારની ઈત્સંજ્ઞા થશે.) ત્યાર પછી उपदेशेऽजनुनासिक इत् । થી (ઉપદેશમાં અનુનાસિક એવા) इ કારની ઈત્સંજ્ઞા થશે. આ ત્રણેય ઈત્સંજ્ઞક વર્ણોનો तस्य लोपः । સૂત્રથી લોપ કરવામાં આવે છે. જેમકે,

ऋतु + √यज् + क्विन् । માંથી ऋतु + यज् + कृत्व् इ न् → ऋतु + यज् + ०व्०० । થશે. (હવે ધાતુની પરમાં લગાડેલા આ क्विन् પ્રત્યયની "कृत्" સંજ્ઞા કરવામાં આવે છે :)

૩૦૨. આ (धातोः । ૩–૧–૯૧ થી શરૂ થયેલા) 'ધાતુ'ના અધિકારમાં જે तिङ् (= ૯ પરસ્મૈપદના + ૯ આત્મનેપદના) પ્રત્યયોથી ભિન્ન એવા અન્ય (क्विन् વગેરે) પ્રત્યયો આવેલા છે તેમની 'कृत्' સંજ્ઞા થાય છે.

૩૦૩. 'अपृक्त' સંજ્ઞાવાળા व् કારનો લોપ થાય છે. અહીં (ऋत्विज् + ०व्००માં) સૂત્રાંક ૧૭૮.માંથી જે એક अल्‌વાળો 'व्' પ્રત્યય, તેની अपृक्त સંજ્ઞા થશે; અને ત્યાર પછી ૩૦૩.થી તેનો પણ લોપ થશે તો ऋत्विज् + ० । એવી સ્થિતિ હાથ લાગશે. (બીજા શબ્દોમાં કહીએ તો આ 'कृत्' સંજ્ઞાવાળા क्विन् પ્રત્યયના क्, इ, न् વર્ણોની વારાફરતી ઈત્સંજ્ઞા થઈને પછી લોપ થયો છે; તથા છેલ્લે અપૃક્તસંજ્ઞક व् કારનો પણ લોપ થયો છે. ટૂંકમાં આખો પ્રત્યય લુપ્ત થઈ ગયો. આને "સર્વાપહારી" લોપ કહેવામાં આવે છે.)

હવે (ऋत्विज् + क्विन् માંથી →) त्विज् + ० । થયા પછી ऋत्विज् શબ્દને 'कृत्' સંજ્ઞાવાળો क्विन પ્રત્યય લાગ્યો છે/હતો. તેથી તે શબ્દને કૃદન્ત = कृत् પ્રત્યયાન્ત કહેવાશે. પરિણામે ૧૧૭. कृत्तद्धितसमासाश्च । થી ऋत्विज् શબ્દની 'પ્રાતિપદિક' સંજ્ઞા પણ થશે. અને આ સંજ્ઞાના નિમિત્તે, તેની પાછળ सुप् પ્રત્યયોની ઉત્પત્તિ પણ થશે : હવે ऋत्विज् + सु → ऋत्विज् + स् । (પ્રથમા, એ. વ.)ની રૂપસિદ્ધિ જોઈશું.

૩૦૪. જે (ધાતુ)ની પાછળ क्विन् પ્રત્યય લગાડવામાં આવ્યો હોય, તે (શબ્દ)ને क વર્ગના વર્ણો અન્તાદેશ રૂપે થાય છે; પદના અન્તે.

ऋत्विज् + स् । માં સૌથી પહેલા हल्ङ्याब्भ्यो० । થી હલન્ત શબ્દની પરમાં આવેલા सु પ્રત્યય સંબંધી અપૃક્ત स् કારનો લોપ થાય છે : ऋत्विज् + ० । હવે આ શબ્દ 'સુબન્ત પદ' બન્યો કહેવાશે. તેથી પદના અંતે આવેલા ज् કારના સ્થાને क्विन् प्रत्ययस्य कुः । ૮–૨–૬૨ થી कुत्व થવા આવે છે. પણ આ જ વિધિ કરનારું चोः कुः । ૮–૨–૩૦ સૂત્ર (ત્રિપાદીમાં) પૂર્વમાં આવેલું હોવાથી તે (૮–૨–૩૦) સૂત્ર પોતાની પરમાં આવેલા ૮–૨–૬૨ નો બાધ કરશે. જેથી ૮–૨–૩૦થી જ कुत्व વિધિ કરીશું. જેથી ज् ના સ્થાનમાં क વર્ગનો તૃતીય

વર્ણ—ग् કાર—આદેશ રૂપે થશે→આમ ऋत्विग् । થશે. પછી ૧૪૬. वाऽवसाने । સૂત્રથી, અવસાનમાં વિકલ્પે चर्त्व પણ થશે. તો ऋत्विक् અને ऋत्विग् એવાં બે રૂપો સિદ્ધ થશે.

ऋत्विज् + औ । (સ્વરાદિ વિભક્તિ પ્રત્યયો હશે ત્યાં ज् કારમાં તે સ્વરો ભળી જશે, અને રૂપસિદ્ધિ થશે)→ऋत्विजौ । ऋत्विज् + जस् (अस्)→ऋत्विजः । વગેરે, ऋत्विज् + भिस्/भ्याम् । વગેરે હલાદિ વિભક્તિ પ્રત્યયો પરમાં હશે ત્યાં स्वादिष्वसर्वनामस्थाने । થી ऋत्विज् ની 'પદ' સંજ્ઞા થશે; જેના પરિણામે चोः कुः । થી कुत्व થશે, ऋत्विग् + भिस् = ऋत्विग्भिः । વગેરે રૂપો થશે.

ऋत्विज् + सुप् (સપ્તમી, બ. વ.)માં कुत्व થતાં ऋत्विग् + सु । પછી खरि च । થી चर्त्व થશે→ऋत्विक् + सु । હવે (इण्कोः) आदेशप्रत्यययोः । થી क વર્ગની પરમાં આવેલા પ્રત્યયના स् કારને ष् કાર થશે→ऋत्विक् + षु (क् + ष् + उ = क्षु) તેથી ऋत्विक्षु । રૂપ થશે.

૩૦૫. √युज् (જોડવું) ધાતુ (માંથી સાધવામાં આવેલા युज् = 'યોગી' એવા કૃદન્ત પ્રાતિપાદિક–શબ્દ–)ને સર્વનામસ્થાન સંજ્ઞાવાળા પ્રત્યયો પરમાં રહ્યાં હોય ત્યારે नुम् આગમ થાય છે; જો સમાસ (પ્રક્રિયા)નો સંદર્ભ ના હોય તો. [√युज् (જોડવું) ધાતુને 'કર્તા' અર્થમાં क्विन् પ્રત્યય લગાડીને, પૂર્વોક્ત ક્રમથી તે પ્રત્યયનો સર્વાપહારી લોપ કરવામાં આવે છે : युज् + क्विन्→युज् + ०। આથી युज् (જોડનારો, યોગી) એવો કૃદન્ત શબ્દ બને છે. જેથી પ્રાતિપદિક સંજ્ઞા કરીને પછી सुप् વિભક્તિ પ્રત્યયો લગાડવાના શરૂ કરવામાં આવે છે. જેમ કે,] युज् + सु (પ્રથમા, એ. વ.)માં युज + स् । હવે ૩૦૫.મા સૂત્રથી સર્વનામસ્થાન પ્રત્યય પરમાં રહેતાં युज् ધાતુ (સાધિત શબ્દ)ને नुम् આગમ કરવામાં આવે છે (नुम् આગમ मित् હોવાથી અંતિમ अच् ની પરમાં જોડવામાં આવશે→) यु—नुम्—ज्→यु न् ज् + स् । હવે हल्ङ्याब्भ्यो० । થી અપૃક્ત स् કારનો પહેલાં લોપ થશે; અને પછી संयोगान्तस्य लोपः । થી 'સંયોગ' જેના અંતે છે એવા પદ (ના અંતિમ વર્ણ)નો અર્થાત્ ज् કારનો પણ લોપ થશે→युन्० + ० । હવે ૩૦૪. क्विन्प्रत्ययस्य कुः । થી 'क्विन् પ્રત્યય જેને લગાડ્યો હશે તેવા શબ્દને क વર્ગનો વર્ણ અન્તાદેશ રૂપે થશે: જેમ કે, युन्→युङ् । રૂપ સિદ્ધ થાય છે. (આમ કુત્વ વિધિ થતાં न् ના સ્થાને ङ् થાય છે.)

લ. ૨૨

युज् + औ (પ્રથમા, દ્વિ. વ.) અહીં ૩૦૫ થી નુમ્ આગમ થશે→યુ ન્ ज् + औ । અહીં (स्तोः श्चुना श्चुः । ૮–૪–૪૦ થી ज् ના યોગમાં न् ને ञ् પ્રાપ્ત થાય છે; પણ) नश्चापदान्तस्य झलि । ૮–૩–૨૫ થી અપદાન્ત न् કારને અનુસ્વાર થાય છે→युंज् + औ । પછી अनुस्वारस्य ययि परसवर्णः । ૮–૪–૫૮ થી પરસવર્ણ આદેશ થશે→युञ्ज् + औ = युञ्जौ ॥ રૂપ સિદ્ધ થાય છે.

युज् + टा (તૃતીયા; એ. વ.)માં કોઈ વિશેષવિધિ થતી નથી→युज् + आ = युजा । વગેરે. युज् + भ्याम् (તૃતીયા, દ્વિ. વ.)માં चोः कुः । થી च વર્ગના સ્થાનમાં क વર્ગનો આદેશ કરીશું તો ज् ના સ્થાનમાં क વર્ગનો તૃતીય ग् વર્ણ થશે→ युग् + भ्याम् = युग्भ्याम् । વગેરે રૂપો થશે.

प्र०	युङ्	– युञ्जौ	– युञ्जः
सं०	हे युङ्	– ,,	– ,,
द्वि०	युञ्जम्	– युञ्जौ	– युजः
तृ०	युजा	– युग्भ्याम्	– युग्भिः
च०	युजे	– युग्भ्याम्	– युग्भ्यः
पं०	युजः	– ,,	– ,,
ष०	युजः	– युजोः	– युजाम्
सं०	युजि	– ,,	– युक्षु ॥

૩૦૬. च વર્ગના વર્ણોના સ્થાનમાં क વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે; જો झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય તો, અથવા પદના અંતે આવેલ હોય તો.

सुयुज् (સારો યોગી)—આ શબ્દમાં સમાસ થયો છે. તેથી सुयुज् + सु । પ્રથમા, એ. વ.માં ૩૦૫. युजेरसमासे । થી नुम् આગમ થશે નહીં→सुयुज् + स् । માં हल्ङ्याब्भ्यो० । થી અપૃક્ત स् નો લોપ થશે; પછી ज् કાર પદાન્તમાં આવી જવાથી ૩૦૬. चोः कुः । ની પ્રવૃત્તિ થશે, તો ग् થશે→सुयुज् + ० →सुयुग् । હવે वाऽवसाने । થી વિકલ્પે અવસાનમાં આવેલા ग् કારને चर्त्व થશે→सुयुक्— અથવા सुयुग् । એવાં બે રૂપો થાય છે.

सुयुज् + औ । વગેરે સ્વરાદિ વિભક્તિ પરમાં હશે ત્યારે કોઈ વિશેષ વિધિ નહીં થાય→सुयुजौ । વગેરે. सुयुज् + भ्याम् । વગેરે હલાદિ વિભક્તિ પરમાં હશે ત્યારે चोः कुः । થી च વર્ગના ज् કારને क વર્ગનો ग् કાર થશે←सुयुग्भ्याम् । વગેરે.

प्र०	सुयुक्/सुयुग्	–सुयुजौ	–सुयुजः
सं०	,, / ,,	– ,,	– ,,
द्वि०	सुयुजम्	– ,,	– ,,
तृ०	सुयुजा	–सुयुग्भ्याम्	–सुयुग्भिः
च०	सुयुजे	– सुयुग्भ्याम्	– सुयुग्भ्यः
पं०	सुयुजः	– ,,	– ,,
ष०	सुयुजः	– सुयुजोः	– सुयुजाम्
स०	सुयुजि	– ,,	– सुयुक्षु ॥

*

खञ्ज धातुमांथी कृदन्त नाम बनाववा माटे क्विप् प्रत्यय लगावीशुं : खञ्जि् + क्विप्→धातुमांना इ कारनो लोप अने कृत् प्रत्यय = क्विप् नो पण संपूर्ण लोप करीशुं तो खज् + ० । थशे, हवे धातु इदित् कहेवाशे, तेथी ४६४. इदितो नुम् धातोः । थी नुम् आगम थशे→ख–नुम्–ज् = खनज् । न् कारनो अनुस्वार अने परसवर्ण करीशुं तो—खंज्→खञ्ज् । (= लंगडो) थशे. हवे आ कृदन्त शब्दनी प्रातिपादिक संज्ञा करीने सुप् विभक्ति प्रत्ययो लगाडवाना शरू करीशुं तो—

खञ्ज् नं सु (प्रथमा, ए. व.)मां पहेलां हल्ङ्याब्भ्यो० । थी स् नो लोप थशे, अने संयोगान्तस्य लोपः । थी ज् कारनो लोप थशे→खञ्०+० । हवे निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । 'निमित्तनो नाश थया पछी, नैमित्तिकनो पण नाश थाय छे.' ए न्याय अनुसार जे ज् कारने कारणे = निमित्ते (नश्चापदान्तस्य झलि । थी) अपदान्त (नुम् ना) न् कारनो अनुस्वार अने पछी परसवर्ण थया हता, ते पण दूर थई जशे. तो खञ् माथी खन् । एवुं रूप बनी जशे. आ पछी खञ्जौ । खन्भ्याम् । वगेरे रूपो पण थशे :

प्र०	खन्	– खञ्जौ	– खञ्जः	च०	खञ्जे	– खन्भ्याम्	– खन्भ्यः
सं०	हे खन्	– ,,	– ,,	पं०	खञ्जः	– ,,	– ,,
द्वि०	खञ्जम्	– ,,	– खञ्जः	ष०	,,	– खञ्जोः	– खञ्जाम्
तृ०	खञ्जा	– खन्भ्याम्	– खन्भिः	स०	खञ्जि	– ,,	– खन्सु ॥

307. व्रश्च–भ्रस्ज–सृज्–मृज्–यज्–राज्–भ्राज्–च्छ–शां षः । ८–२–३६

झलि पदान्ते च । जश्त्व–चर्त्वे–राट्–राड् । राजौ । राजः । राड्भ्याम् ॥ एवम्–विभ्राट्, देवेट्, विश्वसृट् । * (वा०) परौ व्रजेः षः पदान्ते । * । परावुपपदे व्रजेः क्विप् स्यात् दीर्घश्च, पदान्ते षत्वमपि । परिव्राट्–परिव्राड् । परिव्राजौ ॥

308. विश्वस्य वसुराटोः । ६–३–१२७

विश्वशब्दस्य दीर्घोऽन्तादेशः स्याद् वसौ, राट् शब्दे च परे । विश्वाराट्–विश्वाराड् । विश्वराजौ । विश्वाराड्भ्याम् ॥

309. स्कोः संयोगाद्योरन्ते च । ८–२–२९

पदान्ते झलि च यः संयोगः तदाद्योः स्कोर्लोपः । भृट्–भृड् । सस्य श्चुत्वेन शः । 'झलां जश् झशि' इति शस्य जः–भृज्जौ । भृड्भ्याम् ॥ इति जकारान्ताः ॥

અનુવાદ : ૩૦૭. व्रश्च (કાપવું), भ्रस्ज (ભૂંજવું), सृज् (ઉત્પન્ન કરવું), मृज (માંજવું, સાફ કરવું), यज्ञ (યજ્ઞ કરવો), राज (ચમકવું, શોભવું), અને भ्राज (દીપ્તિમાન થવું)—આ સાત ધાતુઓ* તથા छ् કાર અને श् કારને (અન્તાદેશ રૂપે) ष् કાર આદેશ થાય છે; જો झल् પ્રત્યાહારનો વર્ણ પરમાં રહ્યો હોય કે પદાન્તમાં રહેલ હોય તો. જેમ કે,

राज् (શોભનારો, રાજા)+सु (પ્રથમા, એ. વ.)માં उની ઈત્સંજ્ઞા અને લોપ કર્યા પછી हल्ङ्याब्भ्यो० સૂત્રથી હલન્ત राज् શબ્દની પરમાં આવેલા सु ના स् નો લોપ થાય છે→राज्+० । હવે ज् પદના અંતે આવેલો કહેવાશે. તેથી પ્રસ્તુત ૩૦૭મા સૂત્રથી राज् ધાતુના ज् કારને અન્તાદેશ રૂપે ष् કાર થશે→राष् । હવે झलां जशोऽन्ते । થી પદાન્તે આવેલા झल्=ष् કારને जश्त्व=ड्કાર (મૂર્ધન્ય) આદેશ થશે→राड् । પછી ૧૪૬. वाऽवसाने । થી વિકલ્પે चर् પણ થશે, તો राट् । અથવા राड् । એવાં બે રૂપો સિદ્ધ થશે. હવે પછી અજાદિ વિભક્તિ પરમાં રહે ત્યારે राज्+औ । એને ભેગા જ કરી દેવાના રહેશે, તો राजौ । વગેરે રૂપ થશે. અને જ્યારે હલાદિ વિભક્તિ પરમાં હશે ત્યારે राज्+भ्याम । પહેલાં ૩૦૭.થી ज् ને ष् કાર થશે; અને પછી झलां जशोऽन्ते । થી जश्त्व થશે=ड्કાર થશે. તો राड्भ्याम् । વગેરે રૂપો થશે. છેલ્લે राज्+सुप् (સપ્તમી બ.વ.)માં ज् ને ष्, ष् ને ड् પછી ङः सि धुट् । થી धुट् આગમ, राड्+ध्+सु । પછી चर्त्व થતાં=राट् ध्+सु । ફરી चर्त्व થતાં→राट्त्सु । થશે. धुट् આગમ વૈકલ્પિક છે, તેથી राट्सु । રૂપ પણ બનશે.

प्र० राट्/राड्–राजौ – राजः		च० राजे –राड्भ्याम्–राड्भ्यः	
सं० हे ,,/ ,, – ,, – ,,		पं० राजः– ,, – ,,	
द्वि० राजम् –राजौ – राजः		ष० राजः–राजोः –राजाम्	
तृ० राजा –राड्भ्याम् – राड्भिः		स० राजि–राजोः –राट्त्सु/राट्सु ।	

આ જ પ્રમાણે विभ्राज् (વિશેષ શોભનાર), देवेज् (દેવોને પૂજનાર), અને विश्वसृज् (વિશ્વને સર્જનાર, ઈશ્વર) વિગેરે શબ્દોનાં રૂપો પણ થાય છે.

વાર્ત્તિક * परि ઉપસર્ગ ઉપપદમાં રહે ત્યારે व्रज् ધાતુને ष् કાર થાય છે, પદાન્તમાં. * અર્થાત્ परि ઉપસર્ગપૂર્વકના व्रज् ધાતુને પહેલાં क्विप् પ્રત્યય

---

* આ ધાતુઓને क्विप् વગેરે कृत् પ્રત્યય લગાડીને, પહેલાં તેમને 'કૃદન્ત–નામ'માં ફેરવવામાં આવે છે. પછી તેમની પ્રાતિપદિક સંજ્ઞા કરીને सु–औ–जस् વગેરે વિભક્તિ પ્રત્યયો લગાડવાના શરૂ કરવામાં આવે છે એટલું ધ્યાનમાં રાખવું.

લાગે છે, પછી ઉપધાને દીર્ઘ થાય છે અને પદાન્તમાં આવેલા ज् ને અન્તાદેશ રૂપે ष् કાર પણ થાય છે. જેથી (राज् માંથી જેમ राट्--राड् । राजौ । राजः । વગેરે. રૂપો બનાવ્યાં હતાં, તેની માફક) परिव्राट्–परिव्राड् । परिव्राजौ । परिव्राजः । વગેરે રૂપો પણ થાય છે.

૩૦૮. विश्व શબ્દને આન્તાદેશ રૂપે દીર્ઘ આદેશ થાય છે. જો वसु કે 'राट्' એવા શબ્દો પરમાં રહ્યા હોય ત્યારે. (સૂત્રમાં राट् શબ્દ લખ્યો છે, તે ધ્યાનાસ્પદ છે. આથી જ્યારે અજાદિ વિભક્તિ પરમાં હશે, विश्वराज् + औ । ત્યારે દીર્ઘ અન્તાદેશ નહીં થાય, કેમ કે, અહીં विश्वराज् શબ્દમાંથી ज् કારને ष् કાર→ ड् કાર→ट् કારમાં ફેરવવામાં આવ્યો નથી. આમ राज् શબ્દ પરમાં હોય ત્યારે 'विश्वा થતું નથી.)

तृ० विश्वाराट्–ड्–विश्वराजौ–विश्वराजः	च० विश्वराजे–विश्वराड्भ्याम्–विश्वाराड्भ्यः
सं० हे ,, ,,–विश्वराजौ–विश्वराजः	पं० विश्वराजः- ,, –विश्वाराड्भ्यः
द्वि० विश्वराजम् –विश्वराजौ–विश्वराजः	च० विश्वराजः-विश्वराजोः –विश्वराजाम्
तृ० विश्वराजा–विश्वाराड्भ्याम् –विश्वाराड्भिः	स० विश्वराजि-विश्वराजोः –{विश्वाराट्त्सु / विश्वाराट्सु}

૩૦૯. પદના અન્તમાં કે झल् પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં રહ્યો હોય ત્યારે, જે સંયોગ હોય તેની આદિમાં આવેલા स् કાર કે क વર્ગના વર્ણનો લોપ થાય છે.

√भ्रस्ज् (ભૂંજવું/ભાંગવું) ધાતુને क्विप् પ્રત્યય લગાડીને (તે પ્રત્યયનો લોપ કરીને) भृस्ज् એવો કૃદન્ત શબ્દ બનાવવામાં આવે છે.* તેનાં રૂપો ચલાવીશું તો भृस्ज् + स् (પ્રથમા એ. વ.)માં પહેલા स् નો લોપ થશે→भृस्ज् + ० । થશે. હવે स् અને ज् નો 'સંયોગ' પદના અંતે આવેલો કહેવાશે, તેથી ૩૦૯. સૂત્રથી તે સંયોગના આદિમાં આવેલા स् કારનો લોપ થશે→भृ० ज् । થશે. પછી व्रश्चभ्रस्ज० । ૩૦૭ સૂત્રથી ज् કારને ष् કાર—ड् કાર→ વિકલ્પે ट् કાર થશે. તો भृट् કે भृड् । એવાં બે રૂપો થાય છે.

---

* મૂળમાં भ्रस्ज् ધાતુ છે, તેને क्विप् પ્રત્યય લગાડીને, વિધિ આગળ વધારીશું તો, ग्रहिज्या० ६–१–१६ સૂત્રથી રેફને સમ્પ્રસારણ = ऋकार થશે. भ् र् अस्ज् →भ्–ऋ–अ–स्ज् । પછી सम्प्रसारणाच्च । થી પૂર્વરૂપ એકાદેશ (ऋ←अ) થશે તો भ् ऋ०स्ज = भृस्ज् । શબ્દ તૈયાર થયો છે.

भृस्ज् + औ । (પ્રથમા, દ્વિ.વ.)માં અજાદિ પ્રત્યય પરમાં રહેતાં, સ્ કારને ચ વર્ગના જ્ કારનો યોગ છે તેથી स्तोः श्चुना श्चुः । થી શ્ચુત્વ થશે; તો ભૃશ્ ज् + औ । પછી झलां जश् झशि । થી श् ને ज् થશે→भृज् ज् + औ = भृज्जौ । રૂપ થશે.

भृस्ज् + भ्याम् (હલાદિ વિભક્તિ પરમાં રહેતાં) झल् = भ् પરમાં રહેતાં ૩૦૯. स्कोः संयोगाद्योरन्ते च । થી સંયોગની આદિમાં આવેલા स् કારનો લોપ થશે→भृ० ज् + भ्याम् । પછી ज् કારને ૩૦૭ થી ष् કાર→ष् કારને ड् કાર થતાં भृड्भ्याम् । વગેરે રૂપો થશે.

प्र० भृड् / भृट्	— भृज्जौ	— भृज्जः	
सं० ,, ,,	— भृज्जौ	— भृज्जः	
द्वि० भृज्जम्	— ,,	— ,,	
तृ० भृज्जा	— भृड्भ्याम्	—भृड्भिः	
च० भृज्जे	— भृड्भ्याम्	— भृड्भ्यः	
पं० भृज्जः	— ,,	— ,,	
ष० ,,	— भृज्जोः	— भृज्जाम्	
स० भृज्जि	— ,,	— भृट्त्सु/भृट्सु ।	

આ પ્રમાણે ज् કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થઈ. (હવે द् કારાન્ત तद्, एतद्, युष्मद्, अस्मद् વગેરે 'સર્વનામ' શબ્દોની સિદ્ધિ કરી બતાવવામાં આવે છે.)

---

310. तदोः सः सावनन्त्ययोः । ७-२-१०६

त्यदादीनां तकार-दकारयोरनन्त्ययोः सः स्यात् सौ । स्यः-त्यौ-त्ये ॥ सः तौ-ते ॥ यः-यौ-ये ॥ एषः-एतौ-एते । एतम् । अन्वादेशे-एनम्-एनौ-एनान् । एनेन । एनयोः ॥

311. ङे-प्रथमयोरम् । ७-१-२८

युष्मद्-अस्मद्भ्यां परस्य 'ङे' इत्येतस्य प्रथमाद्वितीययोश्चामादेशः ।

312. त्वाहौ सौ । ७-२-९४

अनयोर्मपर्यन्तस्य त्वाहौ आदेशौ स्तः ।

313. शेषे लोपः । ७-२-०९

एतयोष्टिलोपः । त्वम् । अहम् ।

314. युवावौ द्विवचने । ७-२-९२

द्वयोरुक्तावनयोर्मपर्यन्तस्य युवावौ स्तो विभक्तौ ।

315. प्रथमायाश्च द्विवचने भाषायाम् । ७-२-८८

औङ्येतयोरात्वं लोके । युवाम् । आवाम् ।

316. यूय-वयौ जसि । ७-२-९३

अनयोर्मपर्यन्तस्य । यूयम् । वयम् ।

અનુવાદ : ૩૧૦ त्यदादि (અર્થાત્ त्यद्–તે, तद्–તે, यद्–જે, અને एतद्–આ : આટલા द् કારાન્ત) શબ્દોના, અન્તે ન આવેલા હોય એવા त् કાર અને द् કારને स् કાર (આદેશ) થાય છે; જો सु પ્રત્યય પરમાં હોય તો.

— त्यद् + सु (પ્રથમા, એ.વ.)માં સૌથી પહેલા ૧૯૩ त्यदादीनाम् अः । સૂત્રથી, વિભક્તિ માત્ર પરમાં રહેતાં अ કાર આદેશ થશે (અંતિમ द् કારના સ્થાનમાં) →त्य अ + स् । પછી ૨૭૪. अतो गुणे । થી પરરૂપ એકાદેશ થશે →त्य० + स् । હવે પ્રસ્તુત ૩૧૦. સૂત્રથી, त्यद् = त्यના આદિ त् કારના સ્થાનમાં स् કારાદેશ થશે (કેમકે सु પ્રત્યય પરમાં છે.) →स् य + स् →स्य + स् । અંતિમ स् ને रु→र्→વિસર્ગ થશે તો स्यः । રૂપ બની જશે.

— त्यद् + औ (પ્રથમા, દ્વિ.વ.)માં અંતિમ द्ને अकार અને પછી પરરૂપ થતાં त्य + औ→વૃદ્ધિ થશે તો त्यौ । રૂપ બનશે.

— त्यद् + जस् (પ્રથમા, બ.વ.)માં द्ને अ, અને પરરૂપ થશે→त्य + जस् । (त्यद् વગેરે શબ્દો 'સર્વનામ' છે. તેથી) ૧૫૨. जसः शी । થી शी > ई થશે→त्य + ई→ગુણ→त्ये । રૂપ બને છે.

*

— तद् + सु (પ્રથમા, એ.વ.)માં द् કારને अ કાર. પરરૂપ થતાં त + स् થશે. હવે सु પ્રત્યય પરમાં રહેતાં ૩૧૦થી त् કારને स् કારાદેશ→स् अ + स् →स + स् । (રુત્વ, વિસર્ગ) = सः રૂપ બનશે.

— तद् + औ (પ્રથમા, દ્વિ. વ.)→त अ + औ→त + औ→વૃદ્ધિ→तौ । થશે.

— तद् + जस् (પ્રથમા, બ. વ.)→त अ + जस्→त + जस्→तद् શબ્દ પણ 'સર્વનામ' છે તેથી→त + शी→त + ई→ગુણ→ते । રૂપ બને છે.

— यद् + सु (પ્રથમા, એ.વ.)માં→य अ + स्→य + स्→વિસર્ગ→यः ।

— यद् + औ→यअ + औ→પર રૂપ→य + औ→વૃદ્ધિ→ →यौ ।

— यद् + जस्→ →य अ + जस्→य + जस् (यद् ની પણ સર્વનામ સંજ્ઞા છે, તેથી→य + शी→य + ई→ગુણ→ये । રૂપ થશે.

— एतद् + सु (પ્રથમા, એ.વ.)માં एत अ + स्→एत + स् । અહીં ૩૧૦. થી सुપ્રત્યય પરમાં રહેતાં त्यदादि શબ્દોના त् કારને स् કાર આદેશ→ए स्

अ+स्। હવે ૧૫૦ आदेशप्रत्यययोः। થી આદેશ રૂપે આવેલા स् ને षत्व થશે→ए ष् अ+स्→एष+स्→रुत्व-विसर्ग एषः। રૂપ બનશે.
— एतद्+औ (પ્રથમા, દ્વિ.વ.)માં एत अ+औ→एत+औ=एतौ। एतद्‌ની પણ 'સર્વનામ' સંજ્ઞા કરવામાં આવી છે. તેથી एतद् માંથી 'एत' થયા પછી તો सर्व ની જેમ જ રૂપો ચાલશે. એ જ પ્રમાણે तद्‌માંથી 'त' થયા પછી, અને यद्‌માંથી 'य' થયા પછી सर्वની જેમ જ રૂપો ચાલે છે. જેમ કે,

तद् (તે)–પુંલિંગ

प्र०	सः	तौ	ते
द्वि०	तम्	तौ	तान्
तृ०	तेन	ताभ्याम्	तैः
च०	तस्मै	ताभ्याम्	तेभ्यः
पं०	तस्मात्	ताभ्याम्	तेभ्यः
ष०	तस्य	तयोः	तेषाम्
स०	तस्मिन्	तयोः	तेषु

(સંબોધન નથી હોતું)

यद् (જે)-પુંલિંગ

प्र०	यः	यौ	ये
द्वि०	यम्	यौ	यान्
तृ०	येन	याभ्याम्	यैः
च०	यस्मै	याभ्याम्	येभ्यः
पं०	यस्मात्	याभ्याम्	येभ्यः
ष०	यस्य	ययोः	येषाम्
स०	यस्मिन्	,,	येषु

(સંબોધન નથી હોતું.)

एतद् (આ)–પુંલિંગ

प्र०	एषः	एतौ	एते
द्वि०	एतम्	एतौ	एतान्
तृ०	एतेन	एताभ्याम्	एतैः
च०	एतस्मै	,,	एतेभ्यः
पं०	एतस्मात्	एताभ्याम्	एतभ्यः
ष०	एतस्य	एतयोः	एतेषाम्
स०	एतस्मिन्	,,	एतेषु

(સંબોધન નથી હોતું)

'અન્વાદેશ : (જુઓ : સૂત્ર ૨૮૦ ઉપર)ના સન્દર્ભોમાં एतम् ને બદલે एनम्, एतौ ને બદલે एनौ, एतान् ને બદલે एनान्, एतेन ને બદલે एनेन અને एतयोः ને બદલે एनयोः। જેવાં રૂપો પણ વિકલ્પે થશે. (૨૮૦. द्वितीया–टौस्सु एनः। ૨–૪–૩૪ સૂત્રથી एतद् ને एन આદેશ થાય છે; જો અન્વાદેશનો સન્દર્ભ હોય તો. —એ સૂત્ર યાદ કરવું.)

: હવે अस्मद् અને युष्मद्‌ની રૂપસિદ્ધિ :

૩૧૧. युष्मद् અને अस्मद् એવા (સર્વનામ વાચક) શબ્દોની પરમાં આવેલા (ચતુર્થી વિ. એ. વ.ના) 'ङे' એવા પ્રત્યયને; તથા પ્રથમા તથા દ્વિતીયા વિ.ના બધા જ પ્રત્યયોને 'अम्' એવો આદેશ થાય છે.

૩૧૨. युष्मद् અને अस्मद्–આ બે શબ્દોના म् પર્યન્તના ભાગને (અર્થાત् युष्म् અને अस्म् ને) અનુક્રમે 'त्व' અને 'अह' એવા આદેશો થાય છે.

૩૧૩. [आत्व કરનાર અને यत्व કરનાર વિધિઓ, કે જે ભવિષ્યમાં બતાવવામાં આવશે, તે વિધિઓમાં નિમિત્ત બનનારી વિભક્તિથી ભિન્ન એવી વિભક્તિ પરમાં રહી હોય ત્યારે] આ બે શબ્દોની टि (અર્થાત્ 'अद्')નો લોપ થાય છે.–આ ત્રણ સૂત્રોની પ્રવૃત્તિ કરવાથી युष्मद् + सु માંથી त्वम् । અને अस्मद् + सु માંથી अहम् । રૂપ સધાય છે.

વિવરણ : હવે युष्मद् (તું/તમે) અને अस्मद् (હું/અમે)–એ બે સર્વનામોની રૂપસિદ્ધિ દર્શાવાય છે. અહીં ત્રણ મુદ્દા નોંધપાત્ર છે : (૧) આ બન્ને શબ્દોનાં રૂપો ત્રણેય લિંગમાં એક સરખા જ રહે છે. તેથી એમની સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં જુદી રૂપસિદ્ધિ દર્શાવાશે નહીં. (૨) આ બન્ને શબ્દોની રૂપસિદ્ધિ દર્શાવવા માટે સૂત્રકાર પાણિનિએ જુદાં જુદાં સૂત્રો બનાવ્યાં નથી. એક જ સૂત્રમાં જે કોઈ આદેશ કે ધ્વનિ વિકારની સૂચના આપવામાં આવશે તે બન્ને શબ્દોને માટે સંયુક્ત પણે અપાશે. આથી આપણે તેમની રૂપસિદ્ધિ સાથે સાથે જોતાં જઈશું. (૩) આ બન્ને સર્વનામ વાચક શબ્દોની મૂળ પ્રકૃતિ–युष्मद् અને अस्मद् રૂપસિદ્ધિ દરમ્યાન પૂરેપૂરી બદલાઈ જાય છે ! જેમકે,

युष्मद् + सु । (પ્રથમા, એ. વ.)



૧. ङेप्रथमयोरम् । થી सु ના સ્થાનમાં अम् આદેશ.

युष्मद् + अम्

त्व–अद् + अम् २. त्वाहौ सौ । થી युष्मद् ના म् પર્યન્ત ભાગને त्व આદેશ
(ગુણ)
(અપદાન્ત अ કારની પાછળ ગુણ હોય તો)

त्वद् + अम् ૩. अतो गुणे થી પરરૂપ એકાદેશ.

त्व–अद्+अम् ૪. शेषे लोपः । થી त्वद् ની टि નો લોપ.
↑
टि

त्व–० + अम्
= त्वम् । રૂપ સિદ્ધ થયું.

अस्मद् + सु । (પ્રથમા, એ. વ.)



૧. ङेप्रथमयोरम् । થી પ્રથમાના सु ના સ્થાનમાં अम् આદેશ.

अस्मद् + अम्

अह–अद् + अम् २. त्वाहौ सौ । થી अस्मद् ના म् પર્યન્ત ભાગને अह આદેશ.
(ગુણ)

अहद् + अम् ૩. अतो गुणे । થી પરરૂપ એકાદેશ.

अह–अद् + अम् ૪. शेषे लोपः । થી अहद् ની टि નો લોપ થશે.
↑
टि

अह + ० + अम्
= अहम् । રૂપ સિદ્ધ થયું.

*

૩૧૪. દ્વિત્વને કહેનારા = દ્વિવચનમાં કહેવાયેલા/વપરાયેલા આ બે (युष्मद् અને अस्मद्) શબ્દોના म् પર્યન્તના ભાગને અનુક્રમે युव અને आव એવા આદેશો થાય છે; જો કોઈ પણ વિભક્તિ પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

૩૧૫. લોકમાં (=લૌકિક સંસ્કૃતમાં), युष्मद् અને अस्मद् શબ્દોને आ કાર અન્તાદેશ રૂપે લાગે છે; જ્યારે (દ્વિવચનનો) औङ् (અર્થાત् औ કે औट्) પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે. જેમ કે,

युष्मद् + औ । (પ્રથમા, દ્વિવચન)
↓
युष्मद् + अम् — ૧. ङेप्रथमयोरम् । થી પ્રથમા વિ. ના औ પ્રત્યયના સ્થાને अम् આદેશ.

युष्म् अद्+अम् । ↓ युव अद् + अम् — ૨. युवावौ द्विवचने । સૂત્રથી म् પર્યન્ત ભાગને युव આદેશ.

૫૨૩૫ — ૩. अतो गुणे । થી ૫૨૩૫ થશે.

युवद् + अम् — ૪. હવે ૩૧૫. મા સૂત્રથી (દ્વિવચનનો) औ પ્રત્યય પરમાં છે, માટે आ કાર અન્તાદેશ રૂપ થશે.

युव आ + अम् — ૫. अकः सवर्णे दीर्घः । થી સવર્ણદીર્ઘ

युवा + अम् — ૬. अमि पूर्वः । થી પૂર્વ રૂપ કરીશું, તો રૂપ સધાશે.

युवाम् ॥

अस्मद् + औ । (પ્રથમા દ્વિવચન)
↓
अस्मद्+अम् — ૧. ङेप्रथमयोरम् । થી પ્રથમના औ પ્રત્યયને अम् આદેશ.

अस्म् अद्+अम् । ↓ आव अद् + अम् — ૨. युवावौ द्विवचने । થી म् પર્યન્ત ભાગને आव આદેશ.

૫૨૩૫ — ૩. अतो गुणे । થી ૫૨૩૫ થશે.

आवद् + अम् — ૪. प्रथमायाश्च द्विवचने भाषायाम् । એવા ૩૧૫. માં સૂત્રથી आवद्‌ને आ કાર અન્તાદેશ રૂપે થશે.

आव आ + अम् — ૫. अकः सवर्णे दीर्घः । થી સવર્ણદીર્ઘ કરીશું.

आवा + अम् — ૬. अमि पूर्वः । થી પૂર્વરૂપ એકાદેશ થશે.

आवाम् ॥ રૂપ બને છે.

૩૧૬. जस् પ્રત્યય પરમાં રહ્યો હોય ત્યારે આ બે શબ્દોના म् પર્યન્ત ભાગને અનુક્રમે यूय અને वय આદેશો થાય છે. જેમ કે,

युष्मद् + जस् ।	(પ્રથમા, બ. વ.)	अस्मद् + जस् ।	(પ્રથમા, બ. વ.)
↓	૧. ङेप्रथमयोरम् । થી	↓	૧. ङेप्रथमयोरम् । થી
युष्मद् + अम्	પ્રથમા વિ. ના પ્રત્યયને अम्	अस्मद् + अम्	પ્રથમા વિ. ના जस् ને अम्
यूय–अद् + अम् ↑ (ગુણ)	૨. यूयवयौ जसि । થી म् પર્યન્ત ભાગને यूय આદેશ.	वय – अद् + अम्	૨. यूयवयौ जसि । થી म् પર્યન્ત ભાગને वय આદેશ.
यूयद् + अम्	૩. अतो गुणे । થી પરરૂપ.	वयद् + अम्	૩. अतो गुणे । થી પરરૂપ
यूय्० + अम्	૪. शेषे लोपः । થી यूयद् ની टि = अद् નો લોપ કરીશું.	वय्० + अम्	૪. शेषे लोपः । થી वयद् ની टि નો લોપ કરીશું,
यू–य–म्	૫. अज्झीनं परेण संयोज्यम् । ન્યાયથી य् ને પાછળના સ્વરમાં ભેળવીશું તો રૂપ સધાશે.	व–य–म्	૫. પછી य् ને अ માં ભેળવી થઈશું તો રૂપસિદ્ધિ પૂરી થશે.
यूयम् ॥		वयम् ॥	

317. त्वमावेकवचने । ७–२–९७ (त्व–मौ एकवचने)

एकस्योक्तावनयोर्मपर्यन्तस्य त्वमौ स्तो, विभक्तौ ।

318. द्वितीयायां च । ७–२–८७

अनयोरात् स्यात् । त्वाम् । माम् ।

319. शसो न । ७–१–२९

आभ्यां शसो न स्यात् । अमोऽपवादः । आदेः परस्य । संयोगान्तलोपः । युष्मान् । अस्मान् ।

320. योऽचि । ७–२–८९

अनयोर्यकारादेशः स्याद् अनादेशेऽजादौ परतः । त्वया । मया ।

અનુવાદ : ૩૧૭. એકત્વને કહેનારા = એકવચનમાં વપરાયેલા આ બે શબ્દોના મ્ પર્યન્ત ભાગને અનુક્રમે 'त्व' અને 'म' એવા આદેશો થાય છે; જો વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો.

૩૧૮. દ્વિતીયા વિભક્તિમાં આ બે શબ્દોને આ કાર અન્તાદેશ રૂપે લાગે છે. જેમ કે,

युष्मद् + अम् ।	(દ્વિતીયા, એ. વ.)
त्व अद् + अम्	૧. त्वमावेकवचने । થી મ્ પર્યન્ત ભાગને त्व આદેશ (કેમકે પરમાં એકવચનનો જપ્રત્યય છે.)
त्वद् + अम् ↓	૨. अतो गुणे । થી પરરૂપ.
	૩. द्वितीयायां च । થી युष्मद् = त्वद् ને आ કાર અન્તાદેશ રૂપે.
त्व आ + अम्	૪. સવર્ણ દીર્ઘ, પછી
त्वा + अम्	૫. પૂર્વરૂપ એકાદેશ થશે અને રૂપ સિદ્ધિ પૂરી થશે.
त्वाम् ॥	

अस्मद् + अम्	(દ્વિતીયા, એ.વ.)
	૧. त्वमावेकवचने । થી મ્ પર્યન્ત ભાગને
म अद् + अम्	म આદેશ થશે (એકવચનનો પ્રત્યય પરમાં છે. તેથી)
	૨. अतो गुणे । થી પરરૂપ.
मद् + अम् ↓	૩. द्वितीयायां च । થી अस्मद् = मद् ને आ કાર અન્તાદેશ રૂપે થશે.
म आ + अम्	૪. સવર્ણદીર્ઘ, ફરી.
मा + अम्	૫. अमि पूर्वः । થી પૂર્વરૂપૈકાદેશ થશે.
माम् ॥	

૩૧૯. युष्मद् અને अस्मद् શબ્દોની પરમાં આવેલા शस् પ્રત્યયને (= આ પ્રત્યયના આદિ વર્ણ अ કારના સ્થાનમાં) 'न' આદેશ થાય છે.* આ (૩૧૯ મું) સૂત્ર ङेप्रथमयोरम् । (૩૧૧)થી જે પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના પ્રત્યયોના સ્થાનમાં अम् આદેશ કહેવાયો હતો, તેનો અપવાદ છે. ત્યાર પછી ૭૨ आदेः परस्य । અને संयोगान्तस्य लोपः । સૂત્રની પ્રવૃત્તિ થતાં युष्मान् અને अस्मान् રૂપોની સિદ્ધિ થાય છે. જેમકે,

* शसो न । સૂત્રમાંનું 'न' પદ વિભક્તિ વિના લખ્યું છે. તેમાંનો अकार ઉચ્ચારણાર્થે જ જોડયો છે. તેથી આદેશ રૂપે તો વ્યંજન રૂપ 'न्' કાર જ થશે.

युष्मद् + शस् । (द्वितीया. બ. વ.)
१. ङेप्रथमयोरम् । થી દ્વિતીયાના શસ્ પ્રત્યયના સ્થાને અમ્ આદેશની પ્રાપ્તિ થાય છે. તેને બાધ કરીને–

युष्मद् + अस् → न्
२. शसो न । સૂત્રથી શસ્ ના સ્થાનમાં 'ન' આદેશ થવા આવે છે. ત્યારે आदेः परस्य । સૂત્ર મદદ કરે છે. તે કહે છે કે युष्मद् ની પરમાં આવેલા शस् ને જે આદેશ કર્યો છે, તે તેના આદિ વર્ણ = श ના अ કારને સ્થાને થશે.

युष्मद् + न् स् ↓
३. द्वितीयायां च । થી આ કાર અન્તાદેશ થશે.

युष्म आ + न् स्
४. સવર્ણ દીર્ઘ

युष्मा + न् स् (સંયોગ)
५. संयोगान्तस्य लोपः । થી સંયોગના અંતે આવેલો સ્ કારનો લોપ.

युष्मा + न्० ।

युष्मान् ॥
६. તો રૂપ સિદ્ધિ થશે.

अस्मद् + शस् । (દ્વિતીયા, બ. વ.)
↓ न
१. शसो न । સૂત્રથી શસ્ ના સ્થાને ન્ આદેશ (आदेः पर-स्य । સૂત્રની મદદથી શસ્ ના આદિ-વર્ણના સ્થાનમાં તે આદેશ કરીશું.)

अस्मद् + न् स्
२. द्वितीयायां च । થી આ કાર અન્તાદેશ

[અર્થાત્ अस्मद्ना અંતિમ द् કારને સ્થાને આ કાર થશે.]

अस्म आ + न् स्
३. સવર્ણદીર્ઘ કરીશું.

अस्मा + न् स् (સંયોગ)
४. संयोगान्तस्य लोपः । થી અંતિમ स् કારનો લોપ.

अस्मा + न० ।

अस्मान् ॥
५. આમ રૂપસિદ્ધિ પૂરી થશે.

૩૨૦. युष्मद् અને अस्मद् શબ્દોને य કાર આદેશ રૂપે થાય છે; જો 'જેને કોઈ આદેશ નથી થયો' એવી અજાદિ–વિભક્તિ (પ્રત્યયો) પરમાં રહી હોય તો.

(अलोऽन्त्यस्य । પરિભાષા સૂત્રની મદદથી આ य આદેશ અંતિમ द्‌કારના સ્થાનમાં જ પ્રવૃત્ત થશે.) (य માંનો अ ઉચ્ચારણાર્થે છે.)

युष्मद् + टा	(તૃતીયા, એ. વ.)	अस्मद् + टा	(તૃતીયા, એ. વ.)
युष्मद् + आ	૧. चुट्‌ । થી ट્‌ની इत्संज्ञा, અને લોપ	अस्मद् + आ	૧. चुट्‌ । થી ट्‌ની ઈત્સંજ્ઞા અને લોપ.
त्व–अद् + आ	૨. त्वमावेकवचने । થી એકવચનનો પ્રત્યય પરમાં હોય ત્યારે म् પર્યન્તના ભાગને त्व આદેશ.	म–अद् + आ	૨. त्वमावेकवचने । થી, अस्म् ને સ્થાને 'म' આદેશ.
त्व–अद् + आ ↑ ગુણ	૩. अतो गुणे । થી પરરૂપ.	म – अद् + आ	૩. अतो गुणे । થી પરરૂપ (કેમકે હ્રસ્વ अ કારની પાછળ 'ગુણ' સંજ્ઞક વર્ણ = अ કાર આવેલો છે.)
त्वद् + आ ↓		मद् + आ ↓	
त्वय् + आ	૪. योऽचि । સૂત્રથી त्वद्‌ના અંતિમ વર્ણના સ્થાને य् કાર આદેશ.	मय् + आ	૪. योऽचि । થી, (જેને કોઈ આદેશ થયો નથી, એવી અજાદિ વિભક્તિ પરમાં છે તેથી) मद्‌ના અંતિમ વર્ણને સ્થાને य् આદેશ થતાં રૂપ-સિદ્ધિ પૂરી થશે.
त्वया ॥	રૂપ સિદ્ધિ પૂરી.	मया ॥	

321. युष्मद्–अस्मदोरनादेशे । ७–२–८६

अनयोरात् स्याद् अनादेशे हलादौ विभक्तौ । युवाभ्याम् । आवाभ्याम् । युष्माभिः । अस्माभिः ।

322. तुभ्य–मह्यौ ङयि । ७–२–९५

अनयोर्मपर्यन्तस्य । टिलोपः । तुभ्यम् । मह्यम् ।

323. भ्यसोऽभ्यम् । ७–१–३०

आभ्यां परस्य । युष्मभ्यम् । अस्मभ्यम् ।

324. एकवचनस्य च । ७-१-३२

आभ्यां ङसेरत् । त्वत् । मत् ।

325. पञ्चम्या अत् । ७-१-३१

आभ्यां पञ्चम्या भ्यसोऽत् स्यात् । युष्मत् । अस्मत् ।

અનુવાદ : ૩૨૧. युष्मद् અને अस्मद् શબ્દોને આ કાર (અન્તાદેશ રૂપે) થાય છે, જો 'જેને કોઈ આદેશ નથી થયો' એવી હલાદિ વિભક્તિ પરમાં રહી હોય ત્યારે.

युष्मद् + भ्याम् ।	(તૃતીયા, દ્વિ. વ).	अस्मद् + भ्याम् ।	(તૃતીયા. દ્વિ. વ.)
युव अद् + भ्याम्	૧. युवावौ द्विवचने । થી દ્વિવચનમાં युष्मद्‌ના म् પર્યન્ત ભાગને युव આદેશ.	आव अद् + भ्याम्	૧. युवावौ द्विवचने । થી अस्मद् ના म् પર્યન્ત ભાગને आव આદેશ થાય છે.
युवद् + भ्याम् ↓	૨. अतो गुणे । થી પરરૂપ. થાય પછી	आवद् + भ्याम् ↓	૨. अतो गुणे । થી પરરૂપ થયા પછી
युव आ + भ्याम्	૩. હવે ૩૨૧. માં સૂત્રથી હલાદિ વિભક્તિ પરમાં છે, તેથી આ કાર અંતાદેશ થશે.	आव–आ + भ्याम्	૩. युष्मदस्मदोरनादेशे । ૩૨૧. થી अस्मद् = आवद् ને આ કાર અન્તાદેશ રૂપે થશે.
युवा + भ्याम्	૪. સવર્ણદીર્ઘ થતાં	आवा + भ्याम्	૪. સવર્ણ દીર્ઘ થતાં
युवाभ्याम् ॥	રૂપસિદ્ધિ પૂરી થશે.	आवाभ्याम्	રૂપસિદ્ધિ પૂરી થશે.

*

युष्मद् + भिस् ↓	(તૃતીયા, બ. વ.) ૧. युष्मदस्मदोरनादेशे ।	अस्मद् + भिस् ↓	(તૃતીયા, બ. વ.) ૧. युष्मदस्मदोरना-
युष्म आ + भिस्	થી આ કાર અન્તાદેશ (अलोऽन्त्यस्य । ની મદદથી)	अस्म आ + भिस्	देशे । થી આ કાર અન્તાદેશ થશે. (अलोऽन्त्यस्य । ની મદદથી)
युष्मा + भिस्	૨. સવર્ણદીર્ઘ	अस्मा + भिस्	૨. સવર્ણદીર્ઘ
युष्मा + भिर्	૩. રુત્વ, વિસર્ગ	अस्मा + भिर्	૩. રુત્વ, વિસર્ગ
युष्मा + भि =		अस्मा + भिः =	
युष्माभिः ॥		अस्माभिः ॥	રૂપ થયાં.

૩૨૨. ङे (ચતુર્થી વિભક્તિ, એકવચનનો) પ્રત્યય પરમાં હોય ત્યારે युष्मद् અને अस्मद् શબ્દોના म् પર્યન્ત ભાગને અનુક્રમે तुभ्य અને मह्य-આદેશો થાય છે. (આ સૂત્રની પ્રવૃત્તિ કર્યા પછી ૩૧૩. शेषे लोपः । થી टि નો = अद् નો લોપ થશે.)

युष्मद् + ङे	(ચતુર્થી, એ.વ.)માં	अस्मद् + ङे	(ચતુર્થી, એ.વ.)માં
↓	૧. ङेप्रथमयोरम् । થી	↓	૧. ङेप्रथमयोरम् । થી
युष्मद् + अम्	ङे ના સ્થાનમાં अम् આદેશ.	अस्मद् + अम्	ङे ના સ્થાનમાં अम् આદેશ થશે.
युष्म् अद् + अम्	૨. तुभ्यमह्यौ ङयि । થી युष्म् ને तुभ्य આદેશ.	अस्म् अद् + अम्	૨. तुभ्यमह्यौ ङयि । થી अस्म् ભાગને मह्य આદેશ.
↓		↓	
तुभ्य अद् + अम्	૩. પરરૂપ વિધિ થશે.	मह्य+अद्+अम्	૩. પરરૂપ વિધિ. (अतो गुणे । થી)
तुभ्यद् + अम्	૪. शेषे लोपः । થી टि = अद् નો લોપ	मह्यद् + अम्	૪. शेषे लोपः । થી टि = अद् નો લોપ
तुभ्य्० + अम्	૫. વ્યંજનને સ્વરમાં ભેળવીશું.–તો રૂપ	मह्य्० + अम्	૫. વ્યંજનને સ્વરમાં ભેળવી દઈશું તો
तुभ्यम् ।	તૈયાર થશે.	मह्यम् ।	રૂપ તૈયાર થશે.

૩૨૩. युष्मद् અને अस्मद् શબ્દોની પરમાં આવેલા भ्यस् પ્રત્યયને સ્થાને अभ्यम् (એવો અનેકાલ્) આદેશ થાય છે.

युष्मद् + भ्यस् ।	(ચતુર્થી, બ.વ.)	अस्मद् + भ्यस्	(ચતુર્થી, બ.વ.)
↓	૧. भ्यसोऽभ्यम् । થી	↓	૧. भ्यसोऽभ्यम् । થી
युष्मद् + अभ्यम्	अभ्यम् આદેશ.	अस्मद् + अभ्यम्	अभ्यम् આદેશ થશે.
युष्म् अद्+अभ्यम्	૨. शेषे लोप । થી टि = अद् અંશનો લોપ કરીશું.	अस्म् अद्+अभ्यम् ↑ टि	૨. शेषे लोपः । થી टि નો લોપ થશે. તો अस्मभ्यम्
युष्म्० + अभ्यम् = युष्मभ्यम् ॥	રૂપ સિદ્ધ થશે.	अस्म्+०+अभ्यम् = अस्मभ्यम् ॥	એવું રૂપસિદ્ધ થાય છે.

*

३२४. युष्मद् અને अस्मद् શબ્દોની પરમાં આવેલા (પંચમી વિભક્તિના ङसि પ્રત્યયને સ્થાને 'अत्' એવો આદેશ થાય છે.

युष्मद् + ङसि	(પંચમી, એ. વ.)	अस्मद् + ङसि	(પંચમી, એ.વ)
↓	१. પ્રસ્તુત સૂત્રથી अत्	↓	१. પ્રસ્તુત ૩૨૪. સૂત્રથી ङसि ના સ્થાનમાં अत्
युष्मद् + अत्	આદેશ.	अस्मद् + अत्	
त्व अद् + अत्	२. त्वमावेकवचने । થી (એકવચનમાં) युष्म् ભાગને त्व આદેશ.	म अद् + अत्	२. त्वमावेकवचने ।થી (એકવચનમાં) अस्म् ભાગને म આદેશ.
त्वद् + अत्	३. પરરૂપ વિધિ થતાં	मद् + अत्	३. પરરૂપ થયા પછી
त्व० + अत्	४. शेषे लोपः । થી ટિ નો લોપ થશે.	म० + अत्	४. शेषे लोपः । થી ટિ નો લોપ.
= त्वत् ॥	રૂપસિદ્ધિ પૂરી.	मत् ॥	રૂપ સધાયું.

३२५. આ બે શબ્દોની પાછળ આવેલા પંચમી વિભક્તિના भ्यस् પ્રત્યયને સ્થાને 'अत्' એવો આદેશ થાય છે.

युष्मद् + भ्यस्	(પંચમી, બ. વ.)	अस्मद् + भ्यस्	(પંચમી, બ. વ.)
↓	१. पञ्चम्या अत् । સૂત્ર થી अत् આદેશ	↓	१. पञ्चम्या अत् સૂત્રથી अत् આદેશ થાય છે.
युष्मद् + अत्		अस्मद् + अत्	
युष्म्० + अत्	२. शेषे लोपः । થી ટિ નો લોપ.	अस्म्० + अत्	२. शेषे लोपः । થી ટિ નો લોપ.
युष्मत् ॥	રૂપ સિદ્ધ થશે.	अस्मत् ॥	રૂપ સિદ્ધ થશે

(નોંધ : અહીં પહેલાં भ्यस् ના સ્થાનમાં अत् આદેશ થયો હોવાથી, ३२१. युष्मदस्मदोरनादेशे । સૂત્રને જે "અનાદેશ હલાદિ વિભક્તિ પરમાં હોવાનુ" નિમિત્ત જરૂરી છે, તે નષ્ટ થાય છે. આથી આ ૩૨૧ સૂત્ર દ્વારા आ કાર અન્તાદેશ લાગતો નથી.)

---

326. तव-ममौ ङसि । ७–२–९६

अनयोर्मपर्यन्तस्य तवममौ स्तो ङसि ।

327. युष्मदस्मद्भ्यां ङसोऽश् । ७–२–९७

तव । मम । युवयोः । आवयोः ।

329. साम आकम् । ७–१–३३

आभ्यां परस्य साम आकम् स्यात् । युष्माकम् । अस्माकम् । त्वयि । मयि । युवयोः । आवयोः । युष्मासु । अस्मासु ॥

અનુવાદ : ૩૨૬. આ બે શબ્દોના म् પર્યન્ત ભાગને સ્થાને तव અને मम એવા બે આદેશો થાય છે; જો (ષષ્ઠી વિભક્તિનો) ङस् પ્રત્યય પરમાં રહ્યો હોય તો.

૩૨૭. युष्मद् અને अस्मद् શબ્દોની પરમાં આવેલા (ષષ્ઠી વિભક્તિના) ङस् પ્રત્યયને સ્થાને अश् (= अ) આદેશ થાય છે. (આ अश् આદેશમાં श् ની ઈત્સંજ્ઞા થઈને, લોપ થશે. તેથી તે 'शित् આદેશ' કહેવાશે. પરિણામે अनेकाल्-शित्सर्वस्य । સૂત્રની સૂચનાથી આખા ङस् પ્રત્યયના સ્થાનમાં આ अश् આદેશ થશે.) જેમકે,

युष्मद् + ङस्	(ષષ્ઠી, એ. વ.)
तव अद् + ङस्	૧. तवममौ ङसि । થી युष्म् ભાગને तव આદેશ
तवद् + ङस्	૨. પર રૂપ વિધિ થતાં
↓	
तवद् + अ(श्)	૩. युष्मदस्मद्भ्यां ङसोऽश् । થી ङस् પ્રત્યયના સ્થાને अश् આદેશ
तव् अद् + अ (टि)	૪. शेषे लोपः । થી तवद् ની टि નો લોપ.
तव् ० + अ	
= तव ॥	

अस्मद् + ङस्	(ષષ્ઠી એ. વ.)
मम अद् + ङस्	૧. तवममौ ङसि । થી अस्म् ભાગને સ્થાને मम આદેશ કરીશું.
ममद् + ङस्	૨. પર રૂપ વિધિ થતાં.
↓	
ममद् + अ(श्)	૩. ङस् પ્રત્યયના સ્થાને ૩૨૭ થી अश् આદેશ (शित् હોવાથી આખા ङस् ના સ્થાને થશે)
मम् अद् + अ	૪. शेषे लोपः । થી ममद् ની टि નો લોપ થશે.
मम् + ० + अ	
= मम ॥	રૂપ સિદ્ધિ પૂરી થઈ.

*

युष्मद् + ओस्	(ષષ્ઠી, દ્વિવચન)
युव-अद्+ओस्	૧. युवावौ द्विवचने । થી દ્વિવચનમાં म् પર્યન્ત ભાગને युव આદેશ
युवद् + ओस्	૨. अतो गुणे । થી પર રૂપ થતાં.
युवय् + ओस्	૩. योऽचि । ૩૨૦ થી, 'જેને કોઈ આદેશ નથી થયો' એવી अजादि વિભક્તિ પરમાં છે, તેથી युवद् ના અંતિમ વર્ણને य् આદેશ.
युवयोस्	૪. ससजुषो रुः । થી स् ને રેફ
युवयोर्	૫. खरवसानयोः० । થી રેફને વિસર્ગ થતાં
युवयोः ॥	રૂપ સિદ્ધિ પૂરી થઈ.

अस्मद् + ओस्	(ષષ્ઠી, દ્વિવચન)
आव-अद्+ओस्	૧. युवावौ द्विवचने । ૩૧૪ થી अस्म् ને સ્થાને आव આદેશ.
आवद् + ओस्	૨. अतो गुणे । થી પર રૂપ થતાં
आवय् +ओस्	૩. योऽचि । થી अस्मद्= आवद् ના અંતિમ द् કારને સ્થાને य् આદેશ
आवयोस्	૪. ससजुषो रुः । થી રેફ
आवयोर्	૫. स्वरवसानयोः० । થી રેફને વિસર્ગ
आवयोः ॥	રૂપ સિદ્ધિ પૂરી થઈ.

૩૨૮. युष्मद् અને अस्मद् ની પરમાં આવેલા साम् ને સ્થાને 'आकम्' એવો આદેશ થાય છે. [અહીં એ નોંધપાત્ર છે કે સૂત્રકારે ષષ્ઠી બ. વ. ના आम् પ્રત્યયને કોઈક તબક્કે જો आमि सर्वनाम्नः सुट् । થી सुट् આગમ કર્યો હોય (सुट् + आम) = साम બનાવ્યો હોય તો પણ આખા साम् ને સ્થાને आकम् આદેશ કર્યો છે.]

युष्मद् + आम्	(ષષ્ઠી, બ. વ.)
↓	
युष्मद् + आकम्	૧. साम आकम् । સૂત્ર થી साम् = आम् પ્રત્યયના સ્થાને आकम् આદેશ

अस्मद् + आम्	(ષષ્ઠી, બ. વ.)
↓	
अस्मद् + आकम्	૧. साम आकम् । થી साम् = आम् ને સ્થાને आकम् આદેશ કરીશું

युष्म्+०+आकम्	२. शेषे लोपः । थी युष्मद् नी टि नो= अद्नो लोप करीशुं	अस्म्अद्+आकम् (टि) अस्म् + ० + आकम्	२. शेषे लोपः । थी अस्मद् नी टि नो लोप (= अद् नो लोप थशे.)
= युष्माकम् ।	रूपनी सिद्धि थई.	अस्माकम् ।	रूपनी सिद्धि थई.

अथवा, बीजी रीते आ रूपसिद्धि तपासीએ तो–

युष्मद् + आम् ↓	(षष्ठी, बहुवचन)	अस्मद् + आम् ↓	(षष्ठी. ब. व.)
युष्म० + आम् (सर्वनाम हवे अ कारान्त बन्युं तेथी)	१. शेषे लोपः ।नी प्रवृत्ति पहेलां करीએ तो युष्मद् ना केवळ अंतिम द् कारनो लोप थशे.	अस्म० + आम् (सर्वनाम हवे अ कारान्त बन्युं, तेथी)	१. शेषे लोपः । नी प्रवृत्ति पहेलां करीએ तो–अस्मद् ना अंतिम द् कारनो लोप करवानो थशे.
युष्म + सुट् आम्	२. आमि सर्वनाम्नः सुट् । थी आम् ने सुट् आगम थशे.	अस्म+स् आम्	२. आमि सर्वनाम्नः सुट् । थी आम् ने सुट् (स्) आगम थशे.
युष्म + स् आम् ↓	३. सामः आकम् । थी साम् ने स्थाने आकम् आदेश थशे	अस्म + साम् ↓	३. सामः आकम् । थी साम् ने स्थाने आकम् आदेश थतां
युष्म + आकम् युष्माकम् ॥–	४. सवर्ण दीर्घ रूप सिद्धि पूरी थई.	अस्म + आकम् अस्माकम् ॥	४. सवर्ण दीर्घ थशे. रूप सिद्धि पूरीथई.

(विवरण) : अहीं बे प्रकारे युष्माकम् अने अस्माकम् नी रूपसिद्धि वर्णवी छे. एना कारणनी विस्तृत चर्चा करवाने बदले, अहीं केवळ अंगुलिनिर्देश करीने संतोष मेळवीशुं. कोईक वैयाकरण जो शेषे लोपः । सूत्रनो अर्थ "अस्मद्-युष्मद् शब्दना शेषनो = अंतिम वर्णनो लोप करवो" एवो करे तो ते युष्मद् + आम् । नी स्थितिमां पहेला द् कारनो लोप थई जशे, अने तेथी युष्म० + आम् । ना स्थितिमां आ **सर्वनाम वाचक शब्दनुं** अंग '**ह्रस्वान्त**' बनी जशे. तेथी सुट्

આગમની પ્રવૃત્તિ થઈ જશે.–આમ વિચારીને પાણિનિએ ૩૯૮. सामः आकम् । ૭-૧-૩૩ એવા સૂત્રની રચના કરી છે; (જેમાં સુટ્ આગમ સહિતના આમ ને = અર્થાત્ 'साम्' ને સ્થાને आकम् આદેશ કરવાની સૂચના આપવી તેમણે જરૂરી ગણી છે).

બીજી તરફથી, જો કોઈ વૈયાકરણ, એવો વિચાર કરે કે युष्मद्–अस्मद् સર્વનામોના म् પર્યન્ત ભાગને પહેલા तुभ्य–मह्य; त्व–म, यूय–वय, युव–आव વગેરે જેવા આદેશો કરી દઈશું; અને પછી અવશિષ્ટ अद् અંશમાં આરંભે 'ગુણ' સંજ્ઞક अ કાર આવેલો છે, તેથી પહેલાં अतो गुणे । થી પર રૂપ કરી લીધો હશે, તો तुभ्यद्, त्वद्, यूयद्, युवद् વગેરે પ્રકારના અંગ બન્યાં હશે. આ સ્થિતિમાં शेषे लोपः । નો અર્થ "टि નો લોપ કરવો." એવો જ કરવો પડશે. આથી अस्माकम् અને युष्माकम् । ની ઉપર દ્વિવિધ રૂપસિદ્ધિ રજૂ કરી છે.

* * *

અનુવાદ : હવે સપ્તમી વિભક્તિનાં ત્રણ રૂપોની સિદ્ધિ જોઈશું :

युष्मद् + ङि	(સપ્તમી, એ.વ.)	अस्मद् + ङि	(સપ્તમી, એ.વ.)
त्व अद् + इ	૧. त्वमावेकवचने । થી એકવચનમાં युष्म् ને त्व આદેશ કરીશું.	म अद् + इ	૧. त्वमावेकवचने । થી એકવચનનો પ્રત્યય પરમાં છે તેથી अस्म् ને म આદેશ
त्वद् + इ ↓	૨. अतो गुणे । થી પર રૂપ થતાં	मद् + इ ↓	૨. अतो गुणे । થી પરરૂપએકાદેશ થશે
त्वय् + इ	૩. योऽचि । થી; 'અનાદેશવાળો અનાદિ વિભક્તિ પ્રત્યય' પરમાં હોવાથી, त्वद् ના અંતિમ વર્ણને સ્થાને य् આદેશ થશે.	मय् + इ	૩. योऽचि । થી मद् ના અંતિમ વર્ણ =द् કારને સ્થાને य् આદેશ થશે.
= त्वयि ।	અહીં રૂપસિદ્ધિ પૂરી થાય છે.	= मयि ॥	રૂપની સિદ્ધિ પૂરી થઈ.

*

સપ્તમી દ્વિવચનમાં युष्मद् + ओस् । માંથી युवयोः । ની, અને अस्मद् + ओस् । માંથી आवयोः । ની સિદ્ધિ ષષ્ઠી દ્વિવચનનાં રૂપની જેમ જ થશે.

*

युष्मद् + सुप्	(સપ્તમી, બ.વ.) માં
↑ ↑ આ અનાદેશ આદેશ વાળી હલાદિ ↓ વિભક્તિ	૧. युष्मदस्मदोरनादेशे । થી युष्मद् ને આકાર આદેશ રૂપે થશે. (अलोऽन्त्यस्य । ની મદદથી અંતિમ द् કારના સ્થાને આદેશ થશે), કેમકે અહીં 'જેને કોઈ આદેશ નથી થયો' એવી હલાદિ વિભક્તિ પરમાં છે.
युष्म आ + सु० (સવર્ણ દીર્ઘ)	
युष्मा + सु	૨. अकः सवर्णे दीर्घः । થી સવર્ણ દીર્ઘ કરીશું. તો
युष्मासु ॥	રૂપની સિદ્ધિ પૂરી થશે.

अस्मद् + सुप्	(સપ્તમી, બ. વ.)
↓	૧. युष्मदस्मदोरनादेशे । થી अस्मद् ને આ કારાદેશ (અંતિમ વર્ણના સ્થાને) થશે.
अस्म आ + सु०	
अ स्मा + सु	૨. अकः सवर्णे दीर्घः । થી સવર્ણ દીર્ઘ (अ + आ = आ) થશે.
अस्मासु ॥	રૂપની સિદ્ધિ પૂરી થઈ.

329. युष्मदस्मदोः षष्ठी–चतुर्थी–द्वितीयास्थयो–र्वांनावौ । ८–१–२०

पदात्परयोरपादादौ स्थितयोः षष्ठयादिविशिष्टयोः 'वाम्'–'नौ' इति आदेशौ स्तः ।

330. बहुवचनस्य वस्नसौ । ८–१–२१

उक्तविधयोरनयोः षष्ठयादि बहुवचनान्तयोर्वस्नसौ स्तः ।

331. ते–मया–वेकवचनस्य । ८–१–२२

उक्तविधयोरनयोः षष्ठीचतुर्थ्येकवचनान्तयोस्ते मे एतौ स्तः ।

332. त्वामौ द्वितीयायाः । ८-१-२३

द्वितीयैकवचनान्तयोस्त्वा-मा-इत्यादेशौ स्तः ।
श्रीशस्त्वाऽवतु मापीह, दत्तात् ते मेऽपि शर्म सः ।

स्वामी ते मेऽपि स हरिः, पातु वामपि नो विभुः ॥

सुखं वां नौ ददात्वीशः, पतिर्वामपि नौ हरिः ।

सोऽव्यात् वो नः शिवं वो नो, दद्यात् सेव्योऽत्र वः स नः ॥

*

(वा०) * एकवाक्ये युष्मदस्मदादेशा वक्तव्याः ॥* एकतिङ् वाक्यम् ।*। तेनेह न-ओदनं पच, तव भविष्यति । इह तु स्यादेव-शालीनां ते ओदनं दास्यामि ॥

(वा०)* एते वांनावादयोऽनन्वादेशे वा वक्तव्याः । अन्वादेशे तु नित्यं स्युः । (अनन्वादेशे) 'धाता ते भक्तोऽस्ति,' 'धाता तव भक्तोऽस्ति' वा ॥ (अन्वादेशे) तस्मै ते नमः ।

અનુવાદ : ૩૨૯. યુષ્મદ્ અને અસ્મદ્ (—એવા સર્વનામ વાચક) શબ્દો જ્યારે ષષ્ઠી, ચતુર્થી અને દ્વિતીયા વિભક્તિમાં રહેલા હોય, વળી તે (સર્વનામ) શબ્દો કોઈક અન્ય પદની પાછળ વપરાયા હોય; તથા [શ્લોક કે ઋચાના] 'પાદ' (=ચરણ)ની આદિમાં = આરંભમાં ન વપરાયા હોય ત્યારે (જ) તે એ (ષષ્ઠી વગેરે વિભક્તિ પ્રત્યયો સહિતના) શબ્દોને સ્થાને [દ્વિવચનમાં] અનુક્રમે 'વામ્' અને 'નૌ' એવા આદેશો થાય છે.*

૩૩૦. ઉપર કહ્યા મુજબના [અર્થાત્ ૧. કોઈક પદની પાછળ વપરાયેલા, ૨. શ્લોક કે ઋચાના 'પાદ'ના આરંભે ન વપરાયેલા હોય ત્યારે ષષ્ઠી બહુવચનનો,

---

* આ સૂત્ર પ્રથમ તબકકે ષષ્ઠી, ચતુર્થી અને દ્વિતીયા વિભક્તિના ત્રણેય વચનમાં વામ્—નૌ આદેશોનું વિધાન કરે છે. પરંતુ હવે પછી મૂકેલાં ૩૩૦ અને ૩૩૧ સૂત્રો અનુક્રમે કેવળ બહુવચન અને એકવચન માટે જ આદેશોનું વિધાન કરનારા છે. તેથી ફલિત થાય છે કે ૩૨૯મું સૂત્ર કેવળ દ્વિવચનાન્ત યુષ્મદ્—અસ્મદ્ ને માટે જ છે.

ચતુર્થી બહુવચનનો અને દ્વિતીયા બહુવચનનો પ્રત્યય જેમને લગાડવામાં આવ્યો છે તેવા] युष्मद् અને अस्मद् શબ્દોના સ્થાનમાં (= ઉક્ત વિભક્તિ પ્રત્યય સહિતના આ બે બહુવચનાન્ત શબ્દોના સ્થાનમાં) અનુક્રમે 'वस्' અને 'नस्' (= वः અને नः) એવા આદેશો થાય છે.

૩૩૧. ઉપર કહ્યા મુજબના [અર્થાત્ ૧. કોઈક પદની પાછળ વપરાયેલા, ૨. શ્લોક કે ઋચાના 'પાદ'ના આરંભે ન વપરાયેલા હોય ત્યારે, ષષ્ઠી એકવચનનો અને ચતુર્થી એકવચનનો પ્રત્યય જેમને લગાડવામાં આવ્યો છે તેવા] युष्मद् અને अस्मद् શબ્દોના સ્થાનમાં (= ઉક્ત છઠ્ઠી અને ચોથી વિભક્તિ પ્રત્યય સહિતના આ બે એકવચનાન્ત શબ્દોના સ્થાનમાં) અનુક્રમે 'ते' અને 'मे' એવા આદેશો થાય છે.

૩૩૨. પરંતુ દ્વિતીયા વિભક્તિના એકવચનાન્ત પ્રયોગોમાં (ઉપર કહ્યા મુજબના) આ બે શબ્દોના સ્થાનમાં (તો) અનુક્રમે 'त्वा' અને 'मा' એવા આદેશો થાય છે. જેમ કે,

ષષ્ઠી વિભક્તિ (युष्मद् અને अस्मद्)

तव → ते । युवयोः → वाम् । युष्माकम् → वः ।
मम → मे । आवयोः → नौ । अस्माकम् → नः ।
तुभ्यम् → ते । युवाभ्याम् → वाम् । युष्मभ्यम् → वः ।
मह्यम् → मे । आवाभ्याम् → नौ । अस्मभ्यम् → नः ।

सूत्र : ३३१

દ્વિતીયા વિભક્તિ :

त्वाम् → त्वा । युवाम् → वाम् । युष्मान् → वः ।
माम् → मा । आवाम् → नौ । अस्मान् → नः ।

सूत्र : ३३२ सूत्र : ३२९ सूत्र : ३३० થી

[**નોંધ :** આમાં બીજા–બીજા રૂપને 'युष्मद्–अस्मद्'નાં વૈકલ્પિક રૂપો કહેવામાં આવે છે. તથા આ રૂપો વાક્યમાં કદાપિ આરંભે વપરાતાં નથી અર્થાત્ વાક્યારંભે કોઈ એકાદ પદ વપરાઈ ગયા પછી જ આ વૈકલ્પિક રૂપ વાપરી શકાય છે. જેમ કે, मम पुस्तकम् आनय । એમ બોલી શકાય; પણ मे पुस्तकम् आनय । એમ ન બોલી શકાય. જો मे એવા વૈકલ્પિક રૂપને વાપરવું જ હોય તો; पुस्तकं मे आनय । (અથવા आनय मे पुस्तकम्) એમ બોલી શકાય. (એટલે કે એકાદ અન્ય પદને વાક્યારંભે વાપરીને પછી જ આ વૈકલ્પિક રૂપ વાપરવું.)]

ઉપર દર્શાવેલા વૈકલ્પિક રૂપો સહિત युष्मद्–अस्मद् નું રૂપાખ્યાન જોઈશું તો—

युष्मद् (તું–તમે) ત્રણેય લિંગમાં સમાન રૂપો–

प्र० त्वम् – युवाम् – यूयम् ।
द्वि० त्वाम् કે त्वा – युवाम् કે वाम् – युष्मान् કે वः ।
तृ० त्वया – युवाभ्याम् – युष्माभिः ।
च० तुभ्यम् કે ते – युवाभ्याम् કે वाम् – युष्मभ्यम् કે वः ।
पं० त्वत् – युवाभ्याम् – युष्मत् ।
ष० तव કે ते – युवयोः કે वाम् – युष्माकम् કે वः ।
स० त्वयि – युवयोः – युष्मासु ।

अस्मद् (હું, અમે)–ત્રણેય લિંગમાં સમાન રૂપો

प्र० अहम् – आवाम् – वयम् ।
द्वि० माम् કે मा – आवाम् કે नौ – अस्मान् કે नः ।
तृ० मया – आवाभ्याम् – अस्माभिः ।
च० मह्यम् કે मे – आवाभ्याम् કે नौ – अस्मभ्यम् કે नः ।
पं० मत् – आवाभ्याम् – अस्मत् ।
ष० मम કે मे – आवयोः કે नौ – अस्माकम् કે नः ।
स० मयि – आवयोः – अस्मासु ।

*

ઉપર દર્શાવેલાં વૈકલ્પિક રૂપોનો જેમાં પ્રયોગ થયો છે તેવો એક શ્લોક ઉપર ઉદ્ધૃત કર્યો છે. એમાં એ નોંધપાત્ર છે કે શ્લોકના આઠ–આઠ અક્ષરના 'પાદ'ના આરંભે ક્યાંય આ વૈકલ્પિક રૂપ વાપર્યું નથી. જેમ કે–

श्रीशस्त्वाऽवतु मापीह । दत्तात् ते मे ऽपि शर्म सः ।

[શ્રી=લક્ષ્મીના ઈશ તને અને મને પણ રક્ષે (દ્વિતીયા, એ. વ.), તે તને અને મને (ચતુર્થી) પણ સુખ આપે તે હરિ તારા અને મારા (ષષ્ઠી એ.વ.) સ્વામી છે. તે વિભુ તમારા બેનું અને અમારા બેનું (દ્વિતીયા દ્વિ. વ.) રક્ષણ કરો. તે ઈશ તમને બેને અને અમને બેને (ચતુર્થી દ્વિ. વ.) સુખ આપો. તે હરિ તમારા બેના અને અમારા બેના (ષષ્ઠી દ્વિ. વ.) પણ પતિ છે. તે તમારા સૌનું અને અમારા સૌનું (ષષ્ઠી બ. વ.) રક્ષણ (अव्यात्) કરે; અને તમને અને

અમને (ચતુર્થી બ. વ.) કલ્યાણ અર્પે. આવા તે (શ્રી હરિ) તમારે માટે અને અમારે માટે સેવવા યોગ્ય છે.]

* * *

વાર્ત્તિક : * "युष्मद् અને अस्मद् શબ્દના સ્થાનમાં થનારા આ (त्वा, वाम्, वः–मा, नौ, नः વગેરે) આદેશો એક જ વાક્યમાં થતા હોય છે" એમ કહેવું જોઈએ. *

(હવે કોઈને પ્રશ્ન થાય કે 'વાક્ય' કોને કહેવાય ?—'વાક્ય'નું લક્ષણ શું છે? તો समर्थः पदविधिः । ૨–૧–૧ સૂત્ર ઉપરના ભાષ્યમાં કાત્યાયનનું એક વાર્ત્તિક આ પ્રમાણે છે : * "**(ઓછામાં ઓછું) એક તિઙન્ત પદ (=ક્રિયાપદ) જેમાં હોય, તેને 'વાક્ય' કહેવાય છે.**"* તેથી (='વાક્ય'ની આવી વ્યાખ્યા બાંધી હોવાથી) "ओदनं पच, तव भविष्यति ।" (ભાત રાંધ; પછી (રંધાયેલા તે ભાત) તારા થઈ જશે.) અહીં पच અને भविष्यति એવાં બે ક્રિયા-પદ છે. તેથી આને કુલ બે વાક્યો ગણવામાં આવશે. પરિણામે पचની પાછળ આવેલા तव રૂપને માટે 'तव કે ते ।' માંથી જે વૈકલ્પિક 'ते' રૂપ છે તે વાપરી શકાશે નહીં. (અર્થાત્ ओदनं पच, ते भविष्यति । એવું બોલી શકાશે નહીં.) કારણ કે 'ओदन पच' એ એક ક્રિયાપદવાળું સ્વયં પર્યાપ્ત વાક્ય છે; અને તેની પાછળ આવેલું तव भविष्यति । એ પૃથક્ એવું બીજું વાક્ય છે. આથી 'तव' એ એક સ્વતંત્ર વાક્યના આરંભે આવેલું પદ છે. એના સ્થાનમાં (=વાક્યારંભે) ते એવું વૈકલ્પિક રૂપ વાપરી શકાશે નહીં.

પરંતુ જ્યારે એક જ ક્રિયાપદવાળો પદસમૂહ જ્યાં હશે, ત્યાં તો વાક્યારંભે નહીં આવેલા 'तुभ्यम्'રૂપના સ્થાને – વિકલ્પે – ते એવો આદેશ (=વૈકલ્પિક રૂપ) વાપરી શકાશે. જેમ કે, शालीनां ते ओदनं दास्यामि । '(ઊંચી જાતના ડાંગર—નો ભાત તને હું આપીશ)' આ વાક્યમાં એક જ ક્રિયાપદ છે, અને વાક્યા-રંભે એક પદ—शालीनाम्—વપરાઈ ચૂક્યું છે. તેથી ('જેને આપવાનું હોય, તે વ્યક્તિને ચતુર્થી વિભક્તિ લાગે'—એ નિયમ મુજબ] અહીં तुभ्यम् એવું ચતુર્થીનું રૂપ વાપરી શકાય એમ છે. પણ વાક્યારંભે शालीनाम् પદ મૂકી દીધું છે, તેથી—તેની પાછળ—ते तुभ्यम् નું વૈકલ્પિક રૂપ 'ते' વાપરવામાં વાંધો નથી. शालीनां ते ओदनं दास्यामि ।

* * *

વાર્તિક : "આ વામ્ અને નૌ એવા આદેશો, અન્વાદેશનો પ્રસંગ ન હોય ત્યારે, વિકલ્પે કહેવા જોઈએ."—અર્થાત્ અન્વાદેશનો પ્રસંગ હોય ત્યારે તો તે (વામ્ અને નૌ આદેશો) નિત્ય થાય છે, હંમેશા તે જ વપરાય છે એમ સમજવું.—ઉદાહરણ તરીકે જોઈએ તો (૧) અન્વાદેશનો પ્રસંગ ન હોય ત્યાં—ધાતા તે भक्तोऽस्ति । અથવા ધાતા तव भक्तोऽस्ति । 'ધાતા તારો ભક્ત છે' આ એકના એક વાક્યને બે રીતે બોલી શકાય છે. તેમાં વાક્યારંભે ધાતા પદ આવી ગયું છે, તેથી બીજા ક્રમાંકે तव કે તે એ બે રૂપોમાંથી ગમે તે રૂપ વિકલ્પે વાપરી શકાય છે. અહીં 'અન્વાદેશ'નો પ્રસંગ નથી (= એકની એક વ્યક્તિને માટે એક વિધાન કરીને, તેને માટે બીજું વિધાન કરવાનો સંદર્ભ જ અહીં નથી.) તેથી કેવળ તે એવું વૈકલ્પિક રૂપ જ વપરાય એવો નિયમ અહીં લાગુ પડતો નથી.

(૨) પરંતુ અન્વાદેશનો પ્રસંગ જ્યાં છે ત્યાં, દા. ત. तस्मै ते नमः । "તે તમને નમસ્કાર હજો". અહીં तस्मै પદથી એક નમસ્કાર્ય વ્યક્તિને ત્રીજા પુરુષ તરીકે ઉલ્લેખી લીધા પછી, તરત જ એ જ વ્યક્તિને બીજા પુરુષ તરીકે ઉલ્લેખવાનું સ્વીકાર્યું છે તેથી તે 'અન્વાદેશ'નો સંદર્ભ થયો ગણાશે. આથી तुभ्यम् રૂપ નહીં જ વપરાતાં તેનું (ચતુર્થીનું) વૈકલ્પિક ते રૂપ જ હવે વપરાશે : तस्मै ते नमः ।

सुपात्-सुपाद् । सुपादौ ।

333. पादः पत् । ६-४-१३०

पाच्छब्दान्तं यदङ्गं भं तदवयवस्य पाच्छब्दस्य पदादेशः । सुपदः । सुपदा । सुपाद्भ्याम् । इति दकारान्ताः ॥

अग्निमत्-अग्निमद् । अग्निमथौ । अग्निमथः । इति थकारान्ताः ।

334. अनिदितां हल उपधायाः क्ङिति । ६-४-२४

हलन्तानामनिदिताम् अङ्गानाम् उपधाया नस्य लोपः किति ङिति । नुम् । संयोगान्तलोपः । नस्य कुत्वेन ङः-प्राङ् । प्राञ्चौ । प्राञ्चः ।

335. अचः ६-४-१३८

लुप्तनकारस्याञ्चतेर्भस्याकारस्य लोपः ।

336. चौ । ६-३-१३८

लुप्ताकारनकारेऽञ्चतौ परे पूर्वस्याणो दीर्घः । प्राचः । प्राचा । प्राग्भ्याम् ॥ प्रत्यङ् । प्रत्यञ्चौ । प्रतीचः । प्रत्यग्भ्याम ॥ उदङ् । उदञ्चौ ।

337. उद ईत् । ६-४-१३९

उच्छब्दात्परस्य लुप्तनकाराञ्चतेर्भस्याकारस्य ईत् । उदीचः । उदीचा । उदग्भ्याम् ॥

અનુવાદ : (सुपाद् = સારા પગવાળો) सुपाद्+स् પ્રથમા એ.વ.માં १७९ हल्ङ्याब्भ्यो० થી स् નો લોપ થશે. પછી १४६ वाऽवसाने । થી અવસાનમાં આવેલા द् કારને વિકલ્પે चर्त्व થશે. તો सुपात् અને सुपाद् એવાં બે રૂપો સિદ્ધ થશે.

सुपाद्+औ । પ્રથમા, દ્વિ વ.માં પ્રત્યય જોડાઈ જશે તો सुपादौ । બનશે.

३३३. पाद् શબ્દ છે અન્તમાં જેની, એવું જે भ સંજ્ઞક અંગ, તેના અવયવ રૂપે રહેલા पाद् શબ્દને 'पद्' એવો આદેશ થાય છે.

सुपाद्+शस् । દ્વિતીયા, બ.વ.માં सुपाद् અંગની भ સંજ્ઞા થશે, કેમ કે પરમાં शस् પ્રત્યય છે. તેથી પ્રકૃત સૂત્રથી सुपाद् અંગના અવયવ રૂપ (કેવળ) पाद् શબ્દને पद् આદેશ થશે→ सुपद्+अस् = सुपदः । રૂપ બની જશે.

આ જ પ્રમાણે, सुपाद्+टा । તૃતીયા એ.વ.માં પણ सुपाद्‌ની भ સંજ્ઞા થશે, અને पाद्‌ને સ્થાને पद् આદેશ થશે તો→सुपद्+आ = सुपदा । રૂપ બનશે. પરંતુ જ્યાં हलादि વિભક્તિ પ્રત્યય પરમાં હશે, જેમકે—सुपाद्+भ्याम् । सुपाद्+भिस् (તૃતીયા દ્વિ.વ., બ.વ.)માં सुपाद्‌ની स्वादिष्वसर्वनामस्थाने । થી 'પદ' સંજ્ઞા થશે (भ સંજ્ઞા નહીં થાય) ત્યાં ३३३. સૂત્રની પ્રવૃત્તિ નહીં. તો કશાય વિકાર થયા વિના सुपाद्भ्याम् । सुपाद्भिः । જેવાં રૂપો સિદ્ધ થશે.

અહીં द् કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થઈ.

હવે अग्निमथ् (थ् કારાન્ત પુલિંગ શબ્દ—અગ્નિનું મંથન કરનાર) શબ્દનું રૂપાખ્યાન જોઈશું. अग्निमथ्+सु (પ્રથમા, એ.વ.)માં हल्ङ्याब्भ्यो० સૂત્રથી અપૃક્ત स् કારનો લોપ થયા પછી वाऽवसाने । થી थ् કારને વિકલ્પે चर्त्व કરીશું, તો→अग्निमथ्+०→अग्निमत् અથવા अग्निमथ् । જેવાં બે રૂપો થશે.

જ્યાં अजादि પ્રત્યય પરમાં હશે ત્યાં પ્રકૃતિ+પ્રત્યયને જોડી દેવાથી જ રૂપ તૈયાર થઈ જશે → अग्निमथ् + औ = अग्निमथौ । अग्निमथ्+जस् = अग्निमथः ॥ પરંતુ જ્યાં હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હશે ત્યાં—अग्निमथ्+भ्याम् । માં झलां जशोऽन्ते । થી जश्त्व (थ्→द्) થશે→अग्निमद्+भ्याम् । = अग्निमद्भ्याम् । अग्निमथ्+भिस्→अग्निमद्भिः । વગેરે. છેલ્લે अग्निमथ्+सुप् । માં जश्त्व→अग्निमद्+सु । આ પછી खरि च । થી चर्त्व→→अग्निमत्सु । રૂપ બને છે. અહીં थ् કારાન્ત શબ્દોનાં રૂપોની સિદ્ધિ પૂરી થઈ.

[હવે च् કારાન્ત શબ્દનાં રૂપો જોઈશું. प्र ઉપસર્ગ પૂર્વક √अञ्चु गतौ ધાતુને ૩૦૧થી क्विन् પ્રત્યય લગાડવામાં આવે છે. આ કૃત્ પ્રત્યયનો સર્વાપહારી લોપ થાય છે प्र + अञ्च् + ० प्राञ्च् । પૂર્વ દિશા.]

૩૩૪. (જેમાં હ્રસ્વ इ કારની ઇત્સંજ્ઞા નથી થઈ. તે) અનિદિત્ હલન્ત અંગની ઉપધામાં આવેલા न् કારનો લોપ થાય છે, જો कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો.

प्राञ्च् (= प्र अ न् च्)* + सु । (પ્રથમા, એ.વ.)માં, આપણે જાણીએ છીએ કે આ શબ્દને क्विन् પ્રત્યય અગાઉ લગાવી ચૂક્યા છીએ, તેથી क्वित् પ્રત્યય પરમાં છે એમ કહેવાશે. તેથી ૩૩૪.થી અનિદિત્ હલન્ત અંગ = प्राञ्च्‌ની ઉપધામાં આવેલા न् કારનો * લોપ થશે, તો → प्र अ० च् + स् । થશે. હવે ૨૮૯. उगिदचां सर्वनामस्थानेऽधातोः । ७–१–७०થી "ધાતુભિન્ન उगित् (= જેમાં उ કારની ઇત્સંજ્ઞા, લોપ થયો છે) અને જેમાં न કારનો લોપ થયો છે તેવા अञ्चु (→ अञ्च् → अच्) ધાતુને नुम् આગમ થાય છે." જેમકે, प्र अ–नुम्– च् + स् → प्र अ न् च् + स् । અહીં हल्ङ्याब्भ्यो०થી અપૃક્ત स् કારનો લોપ કર્યા પછી संयोगान्तस्य लोपः । થી च् કારનો પણ લોપ થાય છે → प्र अ न्० + ० । હવે ૩૦૪. क्विन् प्रत्ययस्य कुः । ८–२–६२ થી, "જેને क्विन् પ્રત્યય લગાવ્યો હોય એવા શબ્દ સ્વરૂપના અંતિમ વર્ણને क વર્ગનો વર્ણ અન્તાદેશ રૂપે લાગે

---

* પાણિનિએ ધાતુપાઠમાં જ્યારે √अञ्चु गतौ લખ્યો, તે ક્ષણે એમના મનમાં अ न् च् એવી ધ્વનિ શ્રેણી હશે. ત્યાર પછી नश्चापदान्तस्य झलि । ८–३–२४થી न् નો અનુસ્વાર કર્યો, તો अंच् । થયું. પછી अनुस्वारस्य ययि परसवर्णः । ८–४–५८થી, તે અનુસ્વારને પર સવર્ણમાં ફેરવ્યો, તો अञ्च् બન્યો. (પછી એમાં उ કારને અનુબન્ધ રૂપે જોડીને 'अञ्चु' તૈયાર કર્યો છે.) હવે જ્યારે 'સપાદ સપ્તાધ્યાયી'ના अनिदितां हल उपधायाः क्ङिति । ६–४–२४ સૂત્રથી 'ઉપધામાં આવેલા વર્ણનો લોપ કહેવો છે" ત્યારે ત્રિપાદીનાં સૂત્રોએ જન્માવેલા ञ् કારને તો ६–४–२४ સૂત્ર અસિદ્ધ ગણે છે. એટલે કે ६–४–२४ની દૃષ્ટિએ ञ् છે જ નહીં, મૂળનો न् જ છે. (પાણિનિએ પહેલી ક્ષણે, પોતાના મનમાં જે अनच् એવો ધાતુ ધાર્યો હતો, તેને न કાર જ છે.) આથી ६–४–२४થી એવું કહ્યું છે કે "ઉપધામાં આવેલા न् વર્ણનો લોપ થાય છે.")

છે, પદાન્તે.''—એટલે કે न् કારને कुत्व વિધિ કરવાની—એવી સૂચના મળે છે. તો प्रअन् માંથી प्र अ ङ् થશે. = प्राङ् । રૂપ થયું.

प्राञ्च् + औ । (પ્રથમા, દ્વિ.વ.)માં પહેલા अनिदिताम्०થી न् (= ञ्) કારનો લોપ થશે → प्रा० च् + औ । થી ૨૮૯. થી उगिदचाम्થી, 'સર્વનામસ્થાન' પરમાં રહેતાં नुम् આગમ થશે प्रा–नुम्–च् + औ → प्रान्च् + औ । હવે नश्चापदान्तस्य झलि । થી અપદાન્ત न् કારનો અનુસ્વાર થશે → प्रांच् + औ । પછી अनुस्वारस्य ययि परसवर्णः । થી અનુસ્વારને પરસવર્ણ → प्राञ्च् + औ = प्राञ्चौ । થશે.

આ જ પ્રમાણે, જ્યાં સર્વનામસ્થાન–પ્રત્યય પરમાં હશે ત્યાં પણ આવી વિધિ થશે. प्राञ्च् + जस् /अम्/औ માંથી અનુક્રમે प्राञ्चः । प्राञ्चम् । प्राञ्चौ । રૂપ–સિદ્ધિ થશે.

૩૩૫. જેમાંથી न् કારનો લોપ થયો છે તેવા भ સંજ્ઞક अञ्च् (= प्राञ्च्) ના अ કારનો લોપ થાય છે.

૩૩૬. જેના अ કારનો અને न् કારનો લોપ થયો છે તેવો अञ्च् (ધાતુ) પરમાં હોય ત્યારે. તેની પૂર્વમાં આવેલા (ઉપસર્ગમાંના) अण् ને દીર્ઘ આદેશ થાય છે. જેમકે, प्राञ्च् + शस् (દ્વિતીયા, બ.વ.)માં પહેલા शस् વગેરે અજાદિ વિભક્તિ પરમાં રહેતાં પૂર્વની (પ્રકૃતિની) भ સંજ્ઞા થાય છે. ત્યાર પછી ૩૩૪.થી अनिदितां हल० । થી ઉપધામાં આવેલા न् (= ञ्) કારનો લોપ થાય છે : = प्र अ० च् + अस् પછી ૩૩૫. થી भ સંજ્ઞક प्र अच् ના अ કારનો લોપ થશે → प्र०च् + अस् । હવે ૩૩૬.થી (अञ्चुना =) च् ની પૂર્વમાં આવેલા (प्र ના) अण् = अ કારને દીર્ઘ થશે → प्रा० च् + अस् = प्राचः । રૂપ સિદ્ધિ થાય છે.

જ્યાં હલાદિ વિભક્તિ પરમાં હશે ત્યાં प्राञ्च् + भ्याम्/भिस् વગેરેમાં પહેલા न् કારનો લોપ થશે प्रा० च् = भ्याम् । (અહીં भ સંજ્ઞા નહીં થતી હોવાથી ૩૩૫.થી अ નો લોપ નહીં થાય.) प्र अ० च् + भ्याम् । સવર્ણ દીર્ઘ = प्राच् + भ्याम् । હવે झलां जश् झशि । ૮–૪–૫૩ થી जश्त्व થશે → प्राज् + भ्याम् । પછી चोः कुः । થી च વર્ગના વર્ણને कुत्व થશે, તો → प्राग् + भ्याम् = प्राग्भ्याम् । प्राग्भिः । प्राग्भ्यः । જેવાં રૂપો બનશે. प्र अ न च् + सुप् । (સપ્તમી બ.વ.)માં न् લોપ પછી प्राच् + सु ।માં (जश्त्व નહીં થાય, झश् પરમાં નથી માટે), चोः

कुः । ૮-૨-૩૦થી કુત્વ (च् > क्) થશે → प्राक् + सु । છેલ્લે आदेशप्रत्यययोः । થી, क् વર્ગના વર્ણની પરમાં આવેલા પ્રત્યયના स् કારને મૂર્ધન્ય ष् કાર થશે → प्राक् + षु (क् + ष = क्ष्) = प्राक्षु । રૂપ બની જશે.

प्र० प्राङ्	– प्राञ्चौ	– प्राञ्चः		च० प्राचे	– प्राग्भ्याम्	– प्राग्भ्यः
सं० हे प्राङ्	– ,,	– ,,		पं० प्राचः	– ,,	– ,,
द्वि० प्राञ्चम्	– ,,	– प्राचः		ष० प्राचः	– प्राचोः	– प्राचाम्
तृ० प्राचा	– प्राग्भ्याम्	– प्राग्भिः		स० प्राचि	– प्राचोः	– प्राक्षु ॥

प्रति + अञ्च् = प्रत्यञ्च् (પશ્ચિમ દિશા) શબ્દોનાં રૂપો પણ પૂર્વવત્ જ સિદ્ધ કરવાના રહેશે. તો

प्र० प्रत्यङ्	– प्रत्यञ्चौ	– प्रत्यञ्चः		च० प्रतीचे	– प्रत्यग्भ्याम्	– प्रत्यग्भ्यः
सं० हे ,,	– ,,	– ,,		पं० प्रतीचः	– ,,	– ,,
द्वि० प्रत्यञ्चम्	– ,,	– प्रतीचः		ष० प्रतीचः	– प्रतीचोः	– प्रतीचाम्
तृ० प्रतीचा	– प्रत्यग्भ्याम्	– प्रत्यग्भिः		स० प्रतीचि	– ,,	– प्रतीक्षु ॥

હવે उद् + अञ्च् = उदञ्च् (ઉત્તર દિશા)ના પહેલાં પાંચ રૂપો પણ આમ જ સિદ્ધ થશે :- उदङ्–उदञ्चौ–उदञ्चः । उदञ्चम्–उदञ्चौ । उदञ्च् + शस् (દ્વિતીયા બ.વ.)માં નીચે મુજબ વિધિ કરવાની થશે–

૩૩૭. '**उत्**' શબ્દની પરમાં આવેલા લુપ્ત न् કારવાળા અને भ સંજ્ઞક એવા अञ्च् અંગના अ કારને ईत् (= દીર્ઘ ई) આદેશ થાય છે.

उद् + अञ्च् + शस् (દ્વિતીયા. બ.વ.) = उद् अ न् च् + अस् । માં પહેલા ૩૩૪. अनिदितां हल० । થી न કારનો લોપ કરીશું → उद् अ० च् + अस् । પછી ૩૩૭થી भ સંજ્ઞક અંગ (उद् अच्)ના अ કારને દીર્ઘ ई કાર કરીશું → उद्–ई–च् + अस् → उदीच् + अस् → उदीचस् → उदीचः । રૂપ થશે. આ જ પ્રમાણે उदञ्च् + टा (તૃતીયા એ.વ.)થી उदीचा । રૂપ થશે.

उद् अ न् च् + भ्याम् /भिस्/भ्यस् વગેરે હલાદિ વિભક્તિ પરમાં હશે ત્યારે પહેલા न् કારનો લોપ થશે. પછી झलां जश् झशि । થી જશ્ત્વ થશે → उ द् अ ज् + भ्याम् । પછી चोः कुः । થી કુત્વ થશે (ज् > ग्) → उद् अ ग् + भ्याम् = उदग्भ्याम् । વગેરે રૂપો થશે. તથા उदञ्च् + सुप् । માંથી (प्राक्षु ની જેમ) उदक्षु । રૂપ બને છે.

338. समः समि । ६-३-९३

वप्रत्ययान्तेऽञ्चतौ । सम्यङ् । सम्यञ्चौ । समीचः । सम्यग्भ्याम् ।

339. सहस्य सध्रिः । ६-३-९५

तथा । सध्र्यङ् ।

340. तिरसस्तिर्यलोपे । ६-३-९४

अलुप्ताकारेऽञ्चतौ वप्रत्ययान्ते तिरसस्तिर्यादेशः । तिर्यङ् । तिर्यञ्चौ । तिरश्चः । तिर्यग्भ्याम् ।

341. नाञ्चेः पूजायाम् । ६-४-३०

पूजार्थस्याऽञ्चतेरुपधाया नस्य लोपो न । प्राङ् । प्राञ्चौ । नलोपाभावाद् 'अ' लोपो न । प्राञ्चः । प्राङ्क्षु । एवम्-प्रत्यङ्ङादयः ॥

क्रुङ् । क्रुञ्चौ । क्रुङ्भ्याम ॥ पयोमुक्-पयोमुग् । पयोमुचौ । पयोमुग्भ्याम इति ।-चकारान्ताः ॥

---

૩૩૮. व् પ્રત્યયાન્ત (= क्विन પ્રત્યયાન્ત) હોય એવો अञ्च् (ધાતુ) પરમાં હોય ત્યારે सम् ના સ્થાને समि એવો આદેશ થાય છે.

सम् + अञ्च् (સરખું ચાલનારો) = समञ्च् શબ્દના રૂપો ચલાવીશું ત્યારે કોઈ પણ વિભક્તિ પ્રત્યય પરમાં રહેતાં, સૌથી પહેલાં આ ૩૩૮ મું સૂત્ર પ્રવૃત્ત થાય છે.

सम् अञ्च + सु (પ્રથમા, એ. વ.)માં પહેલા समि + अञ्च् + स् થશે. પછી न् લોપ થશે→समि अ० च् + स्→स् કારનો લોપ→ समि अ च् + ० । પછી યણાદેશ→सम्यच् । હવે नुम् આગમ થશે, તો सम्य नुम् च्→सम्य न् च् સંયોગાન્ત લોપ→सम्यन्० । હવે क्विन्प्रत्ययस्य कुः । થી કુત્વ થશે તો (न् > ङ् થશે)→सम्यङ् । રૂપ થશે.

सम् अच् + औ । વગેરે સર્વનામ સ્થાન પ્રત્યયો પરમાં રહેશે ત્યારે પૂર્વવત્ વિધિઓ થઈને सम्यञ्चौ । सम्यञ्चः ॥ सम्यञ्चम् । सम्यञ्चौ । રૂપો થાય છે.

सम् अच् + शस् । વગેરે भ સંજ્ઞક અંગોના સન્દર્ભમાં ૩૩૭. થી ईत्व થશે; અને सम् ને समि તો થશે જ; તેથી समीचः । समीचा । समीचे । વગેરે રૂપો થાય છે.

सम् अच् + भ्याम्/भिस् વગેરે હલાદિ વિભક્તિમાં जश्त्व અને कुत्व થશે તો समि अज् + भ्याम्→समि अग् + भ्याम्→યણાદેશ થતાં सम्यग्भ्याम् । सम्यग्भि । વગેરે રૂપો થશે; અને सम्यच् + सुप् માંથી सम्यक्षु । રૂપ બને છે.

૩૩૯. व् પ્રત્યયાન્ત (= क्विन् પ્રત્યયાન્ત) હોય એવો अञ्च् (ધાતુ) પરમાં હોય ત્યારે 'सह'ના સ્થાનમાં 'सध्रि' એવો આદેશ થાય છે.

[सह अञ्चति । 'સાથે ચાલે છે' એ અર્થમાં अञ्चु ધાતુને क्विन् પ્રત્યય લગાડીને, તેનો સર્વાપહારી = સંપૂર્ણ લોપ કર્યા પછી, सहअञ्च् એવો કૃત્ પ્રત્યયાન્ત = 'સાથે ચાલનારો' અર્થવાળો શબ્દ—નામ—બનાવવામાં આવે છે.] सहअञ्च् + सु વગેરે કોઈ પણ વિભક્તિ પ્રત્યય પરમાં રહેતાં પ્રસ્તુત સૂત્રથી सहને सध्रि આદેશ કરવામાં આવશે; અને પછી 'सम् अच्' શબ્દની જેમ જ બધી વિધિઓ કરવામાં આવશે તો નીચે મુજબનાં રૂપો તૈયાર થશે :

પ્ર०	सध्र्यङ्	—सध्र्यञ्चौ	—सध्र्यञ्चः	च०	सध्रीचे	— सध्र्यग्भ्याम्	—सध्र्यग्भ्यः
सं०	हे ,,	— ,,	— ,,	पं०	सध्रीचः	— ,,	— ,,
द्वि०	सध्र्यञ्चम्	— ,,	—सध्रीचः	ष०	सध्रीचः	— सध्रीचोः	—सध्रीचाम्
तृ०	सध्रीचा	—सध्र्यग्भ्याम्	—सध्र्यग्भिः	स०	सध्रीचि	— सध्रीचोः	—सध्र्यक्षु

૩૪૦. જેમાંથી अ કારનો લોપ થયો નથી અને જે व् (= क्विन्) પ્રત્યયાન્ત છે તેવો अञ्चु ધાતુ પરમાં રહેતાં तिरस् શબ્દને 'तिरि' એવો આદેશ થાય છે.

[तिरस् + अञ्चु (ત્રાંસુ ચાલવું) ધાતુને क्विन् પ્રત્યય લગાડીને, પ્રત્યયનો લોપ કરીને तिरस् अञ्च् = 'તિર્યક્ ઉડનાર = તિર્યઙ્યોનિ = પશુપક્ષી' અર્થવાળો કૃદન્ત શબ્દ-નામ-બનાવવામાં આવે છે.

तिरस् अञ्च् શબ્દની પાછળ 'સર્વનામસ્થાન' સંજ્ઞાવાળા વિભક્તિ પ્રત્યયો અને હલાદિ વિભક્તિ પ્રત્યયો આવશે ત્યારે अञ्च्ના अ કારનો લોપ થશે નહીં. તેવી સ્થિતિમાં આ ૩૪૦મું સૂત્ર પ્રવૃત્ત થશે. પરંતુ भ સંજ્ઞામાં નિમિત્ત બનનાર शस् વગેરે अजादि પ્રત્યય પરમાં હશે ત્યારે तिरस्ને तिरि આદેશ નહીં થાય. = तिरस् શબ્દ યથાવત્ ચાલુ રહેશે.] તો નીચે મુજબનાં રૂપો થશે —

प्र०	तिर्यङ्	—तिर्यञ्चौ	—तिर्यञ्चः	च०	तिरश्चे	—तिर्यग्भ्याम्	—तिर्यग्भ्यः
सं०	हे तिर्यङ्	— ,,	— ,,	पं०	तिरश्चः	— ,,	— ,,
द्वि०	तिर्यञ्चम्	—तिर्यञ्चौ	— ,,	ष०	तिरश्चः	—तिरश्चोः	—तिरश्चाम्
तृ०	तिरश्चा	—तिर्यग्भ्याम्	—तिर्यग्भिः	स०	तिरश्चि	—तिरश्चोः	—तिर्यक्षु ॥

૩૪૧. પૂજા અર્થવાળા अञ्चु ધાતુની ઉપધામાં આવેલા न् કારનો લોપ થતો નથી.

[अञ्चु ધાતુના બે અર્થો છે : ૧. ગતિ કરવી, ચાલવું; અને ૨. પૂજા કરવી. સૂત્રક્રમાંક ૩૩૪. अनिदितां हल उपधाया क्ङिति । ૬–૪–૨૪ સૂત્રથી अञ्चु ધાતુના न् (=ञ्) કારનો લોપ જાહેર કર્યો છે. પરંતુ પ્રસ્તુત ૩૪૧.મા સૂત્રથી તેનો અમુક સન્દર્ભમાં—પૂજાર્થે આ ધાતુ વપરાયો હોય ત્યારે—નિષેધ કરવામાં આવ્યો છે.]

[प्र ઉપસર્ગપૂર્વક अञ्चु ધાતુને ૩૦૧. ऋत्विग्-दधृक्-स्रग्-दिग्-उष्णिग्-अञ्चु-युजि-क्रुञ्चां च । ૩–૨–૪૯ થી क्विन् પ્રત્યય લગાવીને, પછી તેનો લોપ કરવામાં આવશે : प्र+अन्च्+क्विन्→प्रअन्च्+० । હવે ૩૩૪. अनिदिताम्० । થી ઉપધા न् કારનો લોપ થવા આવે છે; પણ ૩૪૧. नाञ्चेः पूजायाम् । થી તેનો નિષેધ કરવામાં આવે છે. ત્યાર પછી नश्चापदान्तस्य झलि । સૂત્રથી न् કારનો અનુસ્વાર થશે, પછી તેનો પરસવર્ણ થશે, તો→प्र अंच्→प्र अञ्च् । બનશે. હવે આ શબ્દ કૃદન્ત બન્યો હોવાથી તેની પ્રાતિપદિક સંજ્ઞા થઈને सुप् વિભક્તિ પ્રત્યયો ઉત્પન્ન થાય છે.]

प्र अञ्च्+सु (પ્રથમા, એ. વ.)માં हल्ङ्याब्भ्यो०થી स् નો લોપ થશે→प्र अञ्च्+० । પછી સંયોગાન્ત च् કારનો લોપ→प्र अञ्० । હવે અનુસ્વાર અને પરસવર્ણ થવામાં નિમિત્ત બનેલો च् કાર લુપ્ત થઈ જતાં નૈમિત્તિક ञ् કાર પણ મૂળ સ્થિતિમાં—न् કાર સ્વરૂપમાં—આવી જશે→प्र अ न् । અહીં સવર્ણ દીર્ઘ→प्रान् થયા પછી ૩૦૪. क्विन्प्रत्ययस्य कुः । થી કુત્વ (न्→ङ्) થશે તો प्राङ् । રૂપ બની જશે.

प्रअञ्च्+औ (પ્રથમા, દ્વિ. વ.)માં કોઈ વિશેષ કાર્ય થતું નથી→प्राञ्चौ । એ જ પ્રમાણે हे प्राङ् । તથા प्राञ्च्+जस् વગેરેમાંથી प्राञ्चः ।। प्राञ्चम् । प्राञ्चौ । રૂપો પણ બને છે.

प्राञ्च्+शस् (દ્વિતીયા, બ. વ.)માં ૩૪૧.થી ઉપધા न् (=ञ्) કારનો લોપ થવા દેવામાં આવતો નથી; પરિણામે ૩૩૫. अचः । થી अञ्च्ना अ કારનો પણ લોપ થશે નહીં. તો प्राञ्च्+अस् માંથી प्राञ्चः । રૂપ બની જાય છે.

प्राञ्च्+भ्याम् (તૃતીયા, દ્વિ. વ.) વગેરે હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હોય ત્યારે, स्वादिष्वसर्वनामस्थाने । થી પૂર્વમાં આવેલી પ્રકૃતિ—प्राञ्च्ની 'પદ' સંજ્ઞા થશે; જેથી संयोगान्तस्य लोपः । સૂત્રથી 'સંયોગાન્ત પદ'ના અંતિમ च् કારનો લોપ થશે→प्राञ्०+भ्याम् । પછી ञ् કાર મૂળ સ્થિતિમાં ફેરવાઈ જશે→प्रान्+भ्याम् । ૩૦૪.થી કુત્વ વિધિ થશે→प्राङ्+भ्याम्=प्राङ्भ्याम् । प्राङ्भिः । વગેરે રૂપો સિદ્ધ થશે.

प्राञ्च् + सुप् (સપ્તમી, બ. વ.)માં સંયોગાન્ત લોપ થશે→प्राञ्० + सु→ प्रान् + सु । કુત્વ વિધિ થતાં→प्राङ् + सु । હવે ૮૫. ङ्णोः कुक्-टुक् शरि । સૂત્રથી, ङ् કારને शर् પરમાં રહેતાં વિકલ્પે कुक् (= क्) આગમ થશે.→प्राङ्क् + सु (અથવા प्राङ् + सु). પછી *चयो द्वितीयाः शरि पौष्करसादेरिति वाच्यम् ।* થી चय् ના (= क् કારના) સ્થાનમાં દ્વિતીય વર્ણ (ख् કાર) આદેશ રૂપે વિકલ્પે થશે, તો→प्राङ्ख् + सु । અથવા प्राङ्क् + सु । અથવા प्राङ् + सु । હવે (इण्कोः) आदेशप्रत्यययोः । સૂત્રથી इण् કે क વર્ગના વર્ણની પાછળ આવેલા પ્રત્યયના स् કારને મૂર્ધન્ય ष् કાર થાય છે. જેમ કે, ૧. प्राङ्ख् + षु । ૨. प्राङ्क् + षु । ૩. प्राङ् + षु હવે (વચ્ચેના રૂપમાં) क् + ष् = क्ष् કરીશું તો ત્રિવિધ રૂપ સમ્પન્ન થશે. જેમ કે, ૧. प्राङ्ख्षु । ૨. प्राङ्क्षु । ૩. प्राङ्षु ॥

આ જ પ્રમાણે પૂજાર્થક अञ्चु ધાતુ લઈને प्रत्यञ्च्, उदञ्च्, सम्यञ्च्, सध्र्यञ्च् અને तिर्यञ्च् વગેરેનાં રૂપો પણ બનાવી શકાય. પૂજાર્થક प्राञ्च् નાં રૂપો જોઈશું :

प्र०	प्राङ्	–प्राञ्चौ	–प्राञ्चः	च० प्राञ्चे	–प्राङ्भ्याम्	–प्राङ्भ्यः
सं०	हे प्राङ् –	,,	– ,,	पं० प्राञ्चः –	,,	– ,,
द्वि०	प्राञ्चम् –	,,	–प्राञ्चः	ष० प्राञ्चः	–प्राञ्चोः	–प्राञ्चाम्
तृ०	प्राञ्चा	–प्राङ्भ्याम्	–प्राङ्भिः	स० प्राञ्चि	–प्राञ्चोः–	प्राङ्ख्षु / प्राङ्क्षु–प्राङ्षु ॥

(અગાઉ ૩૩૪. ઉપર જે प्राञ्च् નાં રૂપો છે તે ગત્યર્થક अञ्चु ઉપરથી બનાવેલાં છે; તેથી તે થોડાંક જુદાં છે. એની તુલના કરવી જરૂરી છે.)

*   *   *

क्रुञ्च (ક્રૌઞ્ચ પક્ષી) આ શબ્દ ૩૦૧. ऋत्विग्...વગેરે સૂત્રમાં આવેલો છે; અને સૂત્રકારે તેને નિપાતનથી क्विन् પ્રત્યયાન્ત જાહેર કર્યો છે; તેથી તેમાં न् કાર (= ञ् કાર)ના લોપનો પણ અભાવ રહે છે. આ શબ્દનાં રૂપો પણ પૂજાર્થક (ઉપર્યુક્ત) प्राञ्च् નાં રૂપોની જેમ જ થાય છે. જેમ કે, क्रुङ्–क्रुञ्चौ–क्रुञ्चः । क्रुञ्चा । क्रुङ्भ्याम् । વગેરે.

पयः मुञ्चति इति पयोमुक् (પાણી વરસાવનાર વાદળ) આ શબ્દ પણ क्विप् પ્રત્યયાન્ત છે. पयोमुच् + सु (પ્રથમા, એ. વ.)માં પહેલા हल्ङ्याब्भ्यो०થી स् નો લોપ કરીને, पयोमुच् + ० । માં झलां जश् झशि । થી जश्त्व કરીશું→पयोमुज् । થશે. હવે ૩૦૬. चोः कुः । થી કુત્વ કરીશું→पयोमुग् । પછી वाऽवसाने । થી વિકલ્પે चर् થશે→पयोमुक् અથવા पयोमुग् । બને છે.

प्र०	पयोमुक् पयोमुग्	–पयोमुचौ	–पयोमुचः	च०	पयोमुचे	–पयोमुग्भ्याम्	–पयोमुग्भ्यः
सं०	,,	– ,,	– ,,	पं०	पयोमुचः	– ,,	– ,,
द्वि०	पयोमुचम्	– ,,	– ,,	ष०	पयोमुचः	–पयोमुचोः	–पयोमुचाम्
तृ०	पयोमुचा	–पयोमुग्भ्याम्	–पयोमुग्भिः	स०	पयोमुचि	– ,,	–पयोमुक्षु ॥

અહીં च् કારાન્ત શબ્દોનાં રૂપો પૂરાં થયાં.

उगित्वान्नुम् ।

342. सान्त-महतः संयोगस्य । ६–४–१०

सान्तसंयोगस्य महतश्च यो नकारः, तस्योपधाया दीर्घोऽसम्बुद्धौ सर्वनामस्थाने । महान्–महान्तौ–महान्तः । हे महन् । महद्भ्याम् ।

343. अत्वसन्तस्य चाऽधातोः । ६–४–१४

अत्वन्तस्योपधाया दीर्घो धातुभिन्नाऽसन्तस्य चासम्बुद्धौ सौ परे । उगित्वात् नुम् । धीमान्–धीमन्तौ–धीमन्तः । हे धीमन् । शसादौ महद्वत् ॥ भातेर्डवतुः । डित्वसामर्थ्याद् अभस्यापि टेर्लोपः । भवान्–भवन्तौ–भवन्तः । शत्रन्तस्य–भवन् ।

અનુવાદ : (महत् શબ્દને)* उगित् (જેમાં उ કારની ઈત્સંજ્ઞા થઈ છે. તેવો) માન્યો હોવાથી ૨૮૯. उगिदचां सर्वनामस्थानेऽधातोः । થી नुम् આગમ થશે.

૩૪૨. જે સંયોગમાં स् કાર અંતે આવેલો હોય, તથા महत् શબ્દનો જે न् કાર, તેની ઉપધાને દીર્ઘ થાય છે; જો સમ્બુદ્ધિભિન્ન સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં રહેલો હોય તો.

—महत् + सु (પ્રથમા, એ. વ.)માં ૨૮૯. उगिदचां० । થી नुम् (= न्) આગમ થશે→महनुम् त् + स्→मह न् त् + स् । પછી हल्ङ्याब्भ्यो થી स् નો લોપ, અને त् કારનો संयोगान्तस्य लोपः । થી લોપ કરીશું→महन्० + ०। પછી ૩૪૨.થી महन् ની ઉપધાને દીર્ઘ થશે→महान् ॥ આમ રૂપ સિદ્ધ થયું.

---

* वर्तमाने पृषन्महत्० । એવા એક ઉણાદિ સૂત્રથી महत् ને शतृवद् = शतृ પ્રત્યયાન્ત માન્યો છે. शतृ માંના ऋ કારની ઈત્સંજ્ઞા થતાં महत् ને उगित् કહેવાશે.

हे महत् + सु । (સંબોધન, એ. વ.)માં ૨૮૯.થી સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં હોય તો उगिदचां०थी नुम् થાય છે→हे महन् त् + स् हल्ङ्याब्भ्यो०थी स् નો લોપ, તથા સંયોગાન્ત त् કારનો લોપ થાય છે→તો हे महन्० + ० । રૂપ થશે.

महत् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં (महत् શબ્દને उगित् માન્યો હોવાથી) नुम् આગમ થશે→महन्त् + औ । પછી ૩૪૨.થી महत्નો જે न् કાર, તેની ઉપધાને દીર્ઘ કરીશું.→महान्त् + औ = महान्तौ । રૂપ થશે.

महत् + जस् । (પ્રથમા, બ. વ.)માં પણ नुम् આગમ અને ઉપધાને દીર્ઘ કરીશું તો महन् त् + अस्→महानत् + अस् = महान्तः । રૂપ થાય છે. આ જ પ્રમાણે, महान्तम् । महान्तौ । રૂપો પણ દ્વિતીયા વિ. એકવચન અને દ્વિવચનમાં બની જશે.

महत् + शस् (દ્વિતીયા, બ. વ.)માં, સર્વનામસ્થાન–સંજ્ઞક પ્રત્યય પરમાં નથી, તેથી ૨૮૯.થી नुम् આગમ પણ નહીં થાય, તથા ઉપધાને દીર્ઘ પણ થશે નહીં. →महत् + अस् = महतः ।

महत् + भ्याम् (તૃતીયા, દ્વિ. વ.)માં जश्त्व થશે, તો→महद्भ्याम् । રૂપ થશે.

प्र०	महान् –	महान्तौ –	महान्तः	च०	महते –	महद्भ्याम् –	महद्भ्यः
सं०	हे महन् –	,, –	,,	पं०	महतः –	,, –	,,
द्वि०	महान्तम् –	,, –	महतः	ष०	महतः –	महतोः –	महताम्
तृ०	महता –	,, –	महद्भिः	स०	महति –	महतोः –	महत्सु ॥

૩૪૩. अतु પ્રત્યયાન્ત શબ્દસ્વરૂપની ઉપધાને દીર્ઘ થાય છે; તથા ધાતુ-ભિન્ન જે अस्, 'ते (अस्) છે અન્તમાં જેની' તેવા શબ્દસ્વરૂપની ઉપધાને પણ દીર્ઘ થાય છે, જો સમ્બુદ્ધિનો ના હોય એવો सु પ્રત્યય પરમાં રહેલો હોય તો.

[धीः अस्य अस्ति—'જેનામાં બુદ્ધિ છે તે' એ અર્થમાં धी શબ્દને मतुप् પ્રત્યય લગાડવામાં આવે છે. આમાંથી उ કાર–प् કારની ઈત્સંજ્ઞા અને લોપ થાય છે. બાકી मत् રહે છે. धी + मत् = આમ धीमत् (બુદ્ધિવાળો) શબ્દ उगित् (જેમાં उ કારની ઈત્સંજ્ઞા થઈ છે, તેવો) કહેવાય છે. પહેલાં પાંચ રૂપોમાં ૨૮૯. उगिदचां । થી नुम् આગમ થશે.]

धीमत् + सु । (પ્રથમ, એ.વ.)માં શબ્દ उगित् હોવાથી ૨૮૯. થી नुम् થશે→धीम–नुम्–त् + स्→धीमन् त् + स् । હવે, પહેલા हल्ङ्याब्भ्यो० થી स् નો, અને પછીसंयोगान्तस्य लोपः । થી त् કારનો લોપ થશે→धीमन्० + ० ।

પછી ૩૪૩. अत्वसन्तस्य चाऽधातोः । થી अतु પ્રત્યયાન્ત धीमत् શબ્દની* ઉપધાના અ કારને દીર્ઘ કરીશું→धीमान् । રૂપ સિદ્ધ થશે.

[* ૩૪૩. સૂત્રમાં જે 'अतु પ્રત્યયાન્ત ' શબ્દોની ઉપધાને દીર્ઘ કરવાનું વિધાન છે, તેમાં अतु પ્રત્યયાન્ત તરીકે मतुप्, वतुप् અને डवतु જેવા तद्धित પ્રત્યયોનું ગ્રહણ કરવાનું છે. मतुप् માં પણ म्-अ-तु-प् એવી જે ધ્વનિ શ્રેણી છે તેમાં 'अतु' જોઈ શકાય છે.]

हे धीमत्+सु (સંબોધન, એ.વ.)માં नुम् થશે, પણ ૩૪૩ થી ઉપધાને દીર્ઘ નહીં થાય, કારણ કે "सम्बुद्धिभिन्न सु પરમાં હોય તો જ તે દીર્ઘ કરે છે. પછી हे धीमन् त्+स् માંથી स् કાર, त् કારનો લોપ કરીશું તો हे धीमन् । રૂપ બની જશે,

धीमत् + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં 'સર્વનામસ્થાન' સંજ્ઞા વાળો પ્રત્યય પરમાં છે તેથી. ૨૮૯. उगिदचाम्० । સૂત્રથી नुम् આગમ કરીશું. धीम न् त् + औ । (અહીં ૩૪૩. થી ઉપધાને દીર્ઘ નહીં થાય, કારણ કે તે દીર્ઘ તો કેવળ सु પ્રત્યય પરમાં હોય ત્યારે જ થાય છે)→धीमन्त् + औ = धीमन्तौ । આ પ્રમાણે धीमत् + जस् । અને धीमत् + अम् / औ માં પણ नुम् આગમ થશે, તો धीमन्तः । धीमन्तम् । धीमन्तौ । જેવાં રૂપો બને છે.

धीमत् + शस् (દ્વિતીયા, બ.વ.)માં नुम् આગમ થશે નહીં. હવે બાકીની રૂપસિદ્ધિ महत् ની જેમ જ થશે. તો

प्र०	धीमान्	–धीमन्तौ	– धीमन्तः	च०	धीमते	–धीमद्भ्याम्	–धीमद्भ्यः
सं०	हे धीमन् –	,,	– ,,	पं०	धीमतः –	,,	– ,,
द्वि०	धीमन्तम् –	,,	– धीमतः	ष०	धीमतः	–धीमतोः	–धीमताम्
तृ०	धीमता	–धीमद्भ्याम्	– धीमद्भिः	स०	धीमति	–धीमतोः	–धीमत्सु ॥

*

હવે भवत् (આપ શ્રીમાન્) શબ્દોની રૂપસિદ્ધિ જોઈશું. भवत् શબ્દ કેવી રીતે બન્યો છે ? તો √भा ચમકવું, શોભવું ધાતુને डवतु પ્રત્યય લગાડવામાં આવે છે. આમાંથી ड् કાર અને उ કારની ઈત્સંજ્ઞા કરી, લોપ કરીશું તો अवत् બાકી રહેશે. भा + अवत् । અહીં डित् પ્રત્યય પરમાં રહ્યો છે, તેથી [= તે પ્રત્યયમાં ड् કારને અનુબન્ધ રૂપે જોડવાના સામર્થ્યથી (= ફળ રૂપે)] भा ધાતુ ની

म संज्ञा नहीं थती होवा छतांय, भा धातुनी टि नो (=आ कारनो) २४२. टेः । (=डिति भस्य टेर्लोपः) थी लोप थई शकशे→म् आ+अवत् →म् ०+अवत् = भवत् शब्द तैयार थयो.

भवत्+सु । (प्रथमा, ए.व.)मां उगिदचाम्० । थी नुम् थया पछी स् कार, त् कारनो लोप थशे→भवन्त्+स्→भवन्०+० । पछी भवन् शब्द अतु प्रत्ययान्त = अत्वन्त होवाथी ३४३. सूत्रथी उपधाने दीर्घ थशे→भवान् । रूप बनशे.

प्र० भवान्	–भवन्तौ	–भवन्तः		च० भवते	–भवद्भ्याम्	–भवद्भ्यः
सं० हे भवन्	– ,,	– ,,		पं० भवतः	–भवद्भ्याम्	–भवद्भ्यः
द्वि० भवन्तम्	– ,,	–भवतः		ष० भवतः	–भवतोः	–भवताम्
तृ० भवता	–भवद्भ्याम्	–भवद्भिः		स० भवति	–भवतोः	–भवत्सु ॥

* * *

हवे ज्यारे भवत् शब्दने शत्रन्त = शतृ प्रत्यायान्त रूपे लईशुं त्यारे [अर्थात् √भू सत्तायाम् धातुने वर्तमान कृदन्तनो शतृ प्रत्यय = अत् प्रत्यय लगावीशुं; अने एमांथी भू+शतृ→भो+अत्→भ् अव्+अत् = भवत् शब्द बनाव्यो हशे त्यारे] भवत्+सु । मां ३४३. थी उपधाने दीर्घ नहीं थाय; कारण के हवे आ 'शत्रन्त' शब्दने अतु प्रत्ययान्त गणातो नथी. भवत्+स् मां, ते उगित् (=शतृ मांना ऋ कारनी इत्संज्ञा करी होवाथी) कहेवावाथी नुम् आगम थशे→भवन् त्+स् → स् कार अने त् कारनो लोप करीशुं तो→भवन् रूप बनी जशे,

प्र० भवन्	– भवन्तौ	– भवन्तः		च० भवते	– भवद्भ्याम्	–भवद्भ्यः
सं० हे भवन्	– ,,	– ,,		पं० भवतः	– ,,	– ,,
द्वि० भवन्तम्	– भवन्तौ	– भवतः		ष० भवतः	– भवतोः	–भवताम्
तृ० भवता	– भवद्भ्याम्	– भवद्भिः		स० भवति	– ,,	–भवत्सु ॥

---

344. उभे अभ्यस्तम् । ६-१-५

षाष्ठद्वित्वप्रकरणे ये द्वे विहिते, ते उभे समुदिते अभ्यस्तसंज्ञे स्तः ।

345. नाऽभ्यस्ताच्छतुः । ७-१-७८

अभ्यस्तात्परस्य शतुर्नुम् न । ददत्–ददद् । ददतौ । ददतः ।

346. जक्षित्यादयः षट् । ६-१-६

षट् धातवोऽन्ये जक्षितिश्च सप्तमः, एते अभ्यस्तसंज्ञाः स्युः । जक्षत्–जक्षतौ–जक्षतः । एवम् जाग्रत्, दरिद्रत्, शासत्, चकासत् । इति तकारान्ताः ॥

गुप्, गुब् । गुपौ । गुब्भ्याम् । इति पकारान्ताः ॥

અનુવાદ : ૩૪૪. (અષ્ટાધ્યાયીમાં આવેલા) છઠ્ઠા અધ્યાયનાં (एकाचो द्वे प्रथमस्य । ૬–૧–૧ સૂત્રથી શરૂ થતા) દ્વિત્વ–પ્રકરણમાં જે જે (વર્ણો કે શબ્દ સ્વરૂપો)નું દ્વિત્વ કરવાનું કહેવામાં આવ્યું છે તે તે દ્વિત્વ કર્યા પછીના બન્ને (વર્ણો કે બન્ને શબ્દ સ્વરૂપો)ની એક સાથે (= દ્વિત્વ થયેલા સમુદાયમાંના બન્નેની 'અભ્યસ્ત' એવી સંજ્ઞા થાય છે.

૩૪૫. 'અભ્યસ્ત' સંજ્ઞાવાળા શબ્દ સ્વરૂપની પરમાં આવેલા (વર્તમાન કૃદન્તના) शतृ પ્રત્યયને (= शतृ પ્રત્યયાન્ત શબ્દસ્વરૂપને) नुम् આગમ થતો નથી. જેમકે,

√डुदाञ् दाने (ત્રીજો જુહોત્યાદિ ગણ) ધાતુને ૬૦૬. जुहोत्यादिभ्यः श्लुः । સૂત્રથી श्लु વિકરણ પ્રત્યય લાગે છે : दा + श्लु । પછી ૬૦૭. श्लौ । થી ધાતુને દ્વિત્વ કરવામાં આવશે તો અમુક વિશેષવિધિ કર્યા પછી) दद् + श्लु એવું બનશે. અહીં दद् ની 'અભ્યસ્ત' થશે. હવે દ્વિત્વ થયેલા (= અભ્યસ્ત બનેલા) ધાતુને વર્તમાન કૃદન્તનો शतृ = अत् પ્રત્યય (लटः शतृशानचावप्रथमासमानाधिकरणे । સૂત્રથી) લગાડવામાં આવશે. તો दद् + अत् = ददत् એવું શબ્દસ્વરૂપ તૈયાર થશે. (હવે ददत् નો અર્થ 'દાન આપી રહેલો વ્યક્તિ' એવો થશે.) આ ददत् શબ્દની રૂપસિદ્ધિ વિચારીશું તો–

ददत् + सु (પ્રથમા, એ.વ.)માં 'સર્વનામ સ્થાન' સંજ્ઞક પ્રત્યય પરમાં છે. તેથી ૨૮૯. उगिदचां सर्वनामस्थानेऽधातोः । સૂત્રથી 'ધાતુભિન્ન उगित् [= જેમાંથી उ, ऋ, ऌ વર્ણોની ઈત્સંજ્ઞા થઈને લોપ થયેલ છે. દા. ત. शतृ પ્રત્યયમાંના ऋ કારની ઈત્સંજ્ઞા થઈને લોપ થયો છે. તેથી ददत् પણ उगित् કહેવાશે, તો તે] શબ્દસ્વરૂપને नुम् આગમ થવા આવે છે. પરંતુ પ્રસ્તુત ૩૪૫ મું સૂત્ર તે પ્રાપ્ત થયેલા नुम् આગમનો નિષેધ કરી દે છે. તો હવે રૂપસિદ્ધિ નીચેના ક્રમે આગળ વધશે :–

ददत् + स् । માં हल्ङ्याब्भ्यो० થી स् નો લોપ કરીશું તો ददत् + ० । પછી झलां जशोऽन्ते । ૮–૨–૩૯ થી जश्त्व કરીશું તો ददद् । થશે, પછી वाऽवसाने । ૮–૪–૫૬ થી અવસાનમાં વિકલ્પે चर्त्व થશે તો ददत् અથવા ददद् એવાં બે રૂપો બનશે.

ददत् + औ (પ્રથમા, દ્વિ.વ.)માં કોઈ વિશેષ વિધિ થતી નથી તો ददतौ । રૂપ બને છે. ददत् + जस् (પ્રથમા, બ.વ.)માં ददत् + अस् ને ભેગાં કરીશું તો ददतस् → ददतः । રૂપ બનશે.

प्र० ददत्/ददद् —ददतौ—ददतः	च० ददते — दददभ्याम् — दददभ्यः
सं० हे ददत्/द् — ,, — ,,	पं० ददतः — ,, — ,,
द्वि० ददतम् — ददतौ — ददतः	ष० ददतः — ददतोः — ददताम्
तृ० ददता — दददभ्याम् — दददभिः	स० ददति — ददतोः — ददत्सु ॥

३४६. અન્ય ૭ ધાતુઓ અને 'जक्षिति' એ સાતમો ધાતુ —આ બધાની 'અભ્યસ્ત' સંજ્ઞા થાય છે.

નોંધ : जक्ष (ખાવું કે હસવું) વગેરે સાત ધાતુઓ નીચે મુજબ છે :—

जक्षि–जागृ–दरिद्रा–शास्–दीधीङ्–वेवीङ्–चकास् च ।
अभ्यस्तसंज्ञं विज्ञेयं मुन्युक्तं धातुसप्तकम् ॥

√जक्ष ધાતુને વર્તમાનકૃદન્તનો शतृ (= अत्) પ્રત્યય લગાડીને जक्षत् (ખઈ રહેલો કે હસતો પુરુષ) એવો શબ્દ બનાવવામાં આવે છે. આ ધાતુના આદિ અક્ષર 'ज' નું દ્વિત્વ થયું નથી. આથી તેની 'અભ્યસ્ત' સંજ્ઞા ૩૪૪ થી થઈ શકે એમ નથી. તથાપિ આ ૩૪૬. સૂત્ર દ્વારા તેની તે સંજ્ઞા જાહેર કરી છે. તેથી ૩૪૫. સૂત્રની સૂચના અનુસાર जक्षत् + सु । વગેરે સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યયો પરમાં હશે ત્યારે नुम् આગમ થશે નહીં. (અને ददत् ની જેમ જ રૂપો સિદ્ધ કરી શકાશે.) જેમકે, जक्षत् जक्षतौ–जक्षतः । વગેરે.

આ જ રીતે (ददत् અને जक्षत्‌ની જેમ જ) जाग्रत् (જાગતો), ૨. दरिद्रत् (ગરીબ થઈ રહેલો), ૩.शासत् (શાસન કરી રહેલો) અને ૪. चकासत् (પ્રકાશી/ચમકી રહેલો) વગેરે (વર્તમાન કૃદન્ત) શબ્દોનાં રૂપો પણ તૈયાર થાય છે. અહીં त् કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થઈ.

આ જ પ્રમાણે, गुप् (રક્ષણ કરનારો) એવા કૃદન્ત શબ્દનાં રૂપો પણ સિદ્ધ થશે. જેમકે–गुप् કે गुब् । गुपौ । गुपः ॥ गुपा । गुब्भ्याम् વગેરે प् કારાન્ત શબ્દોનાં રૂપોની સિદ્ધિ પણ થશે.

---

347. त्यदादिषु दृशोऽनालोचने कञ् च । ३–२–६०

त्यदादिषूपपदेषु अज्ञानार्थाद् दृशेः कञ्, चात् क्विन् ।

348. आ सर्वनाम्नः । ६–३–९१

सर्वनाम्न आकारोऽन्तादेशः स्याद्, दृग्–दृश्–वतुषु । तादृक्–तादृग् । तादृशौ । तादृशः । तादृग्भ्याम् । ३०७. 'व्रश्च–भ्रस्ज०' इति षः । जश्त्व-चर्त्वे–विट्, विड् । विशौ । विशः । विड्भ्याम् ॥

349. नशेर्वा । ८-२-६३

नशेः कवर्गोऽन्तादेशो वा पदान्ते । नक्, नग्, नट्, नड् । नशौ । नशः । नग्भ्याम्-नड्भ्याम् ॥

350. स्पृशोऽनुदके क्विन् । ३-२-५८

अनुदके सुप्युपपदे स्पृशेः क्विन् । घृतस्पृक्, घृतस्पृग् । घृतस्पृशौ । घृतस्पृशः । इति शकारान्ताः ॥

दधृक्-दधृग् । दधृषौ । दधृग्भ्याम् ॥

रत्नमुट्-रत्नमुड् । रत्नमुषौ । रत्नमुड्भ्याम् ॥ षट्-षड् । षड्भिः । षड्भ्यः । षण्णाम् । षट्सु ॥

અનુવાદ : ૩૪૭ त्यद् વગેરે સર્વનામ વાચક શબ્દો ઉપપદમાં રહ્યા હોય ત્યારે, જ્ઞાનાર્થક નહીં એવા दृश् ધાતુને कञ् (= अ) પ્રત્યય લાગે છે. તથા (સૂત્રમાં આવેલા) च કારને કારણે क्विन् પ્રત્યય પણ લાગે છે.

['તેના જેવું દેખાય છે' –એ અર્થમાં] तद् + √दृश् ને क्विन् પ્રત્યય લગાડવામાં આવે છે. આ કૃત્ પ્રત્યયનો સર્વાપહારી લોપ થાય છે.

૩૪૮. 'સર્વનામ સંજ્ઞક શબ્દો (त्यद्, तद्, यद् વગેરેને आ કાર અન્તાદેશ રૂપે લાગે છે; જો दृग्, दृश् ધાતુઓ કે वतु (= वत्) પ્રત્યય પરમાં રહેલો હોય તો.

तद् + √दृश् + क्विन् → त आ + दृश् + ० । સવર્ણ દીર્ઘ કરીશું તો, तादृश् (= તેના જેવો) શબ્દની સિદ્ધિ થાય છે. [આ જ પ્રમાણે यादृश् (જેના જેવું), एतादृश् (એના જેવું), मादृश् (મારા જેવું), अस्मादृश् (અમારા જેવું) भवादृश् (આપના જેવું), कीदृश् (કોના જેવું), ईदृश् (આવું)–વગેરે શબ્દો પણ બને છે.]

હવે આ तादृश् શબ્દના પુલિંગમાં રૂપો સિદ્ધ કરીશું. આ શબ્દ श् કારાન્ત છે : तादृश् + सु (પ્રથમા, એ.વ.)માં ૧૭૯ થી स् નો લોપ, પછી ૩૦૭. व्रश्चभ्रस्ज...। થી પદાન્તે આવેલા श् નો ष् થશે→तादृष् + ० । પછી ૬૭. झलां जशोऽन्ते । થી જશ્ત્વ થશે, તો ष् ને ड् થશે પછી ૩૦૪. क्विन् प्रत्ययस्य

कुः । થી क्विन् પ્રત્યયાન્ત તરીકે (तादृश् =) तादृड् શબ્દને कुत्व થશે, તો तादृग् થશે. પછી વાડવસાને । થી चर्त्व વિકલ્પે કરીશું તો तादृक् અને तादृग् એવાં બે રૂપો થશે.

तादृश् + औ । વગેરે અજાદિ વિભક્તિ પ્રત્યયોમાં તો કોઈ વિશેષ વિધિ થશે નહીં, તો तादृशौ । तादृशः । વગેરે રૂપો થશે. तादृश् + भ्याम् । વગેરે હલાદિ પ્રત્યય પરમાં રહેતાં. પૂર્વોક્ત ક્રમે श्→ष्→ड्→ग् કાર થશે. તો तादृग्भ्याम् । तादृग्भिः । વગેરે રૂપો થશે. तादृश् + सुप् (સપ્તમી, બ.વ.)માં श्→ष्→ड्→ग्→પછી खरि च । થી चर्त्व = क्→तादृक् + सु । હવે आदेश-प्रत्यययोः । થી પ્રત્યયના स् ને ष् થશે તો तादृक् + षु = तादृक्षु । રૂપ થશે.

प्र० तादृक्, तादृग्	– तादृशौ – तादृशः	च० तादृशे	– तादृग्भ्याम् – तादृग्भ्यः
सं० हे ,,	– ,, – ,,	पं० तादृशः	– ,, – ,,
द्वि० तादृशम्	– तादृशौ – तादृशः	ष० तादृशः	– तादृशोः – तादृशाम्
तृ० तादृशा	– तादृग्भ्याम् – तादृग्भिः	स० तादृशि	– ,, – तादृक्षु ॥

विश् (વૈશ્ય)—શબ્દ क्विप् પ્રત્યયાન્ત છે; क्विन् પ્રત્યયાન્ત નથી. આથી જ विश् શબ્દ श् કારાન્ત હોવા છતાંય એની રૂપસિદ્ધિ तादृश् કરતાં થોડીક જુદી પડે છેઃ જેમકે, विश् + सु । માં ૩૦૭ व्रश्च० ।થી ष् કાર→ विष् + ० । આ ष् કારને जश्त्व થશે→ड्કાર થશે; પછી વિકલ્પે चर्त्व થશે. તો ट् પણ થશે→અને विट् । અને विड् । એવાં બે રૂપો થશે. હલાદિ પ્રત્યય પરમાં રહેશે ત્યારે श्→ष्→ड् કાર થશે; અને સપ્તમી બ.વ. सुप् માં धुट् આગમની, चर्त्वની વિધિ વિશેષ થશે. તો નીચે મુજબ રૂપો થશે :

प्र० विट्, विड्	– विशौ – विशः	च० विशे	– विड्भ्याम् – विड्भ्यः
सं० हे ,,	– ,, – ,,	पं० विशः	– विड्भ्याम् – विड्भ्यः
द्वि० विशम्	– विशौ – विशः	ष० विशः	– विशोः – विशाम्
तृ० विशा	– विड्भ्याम् – विड्भिः	स० विशि	– विशोः – विट्त्सु विट्सु ॥

૩૪૯. नश् ने क વર્ગનો વર્ણ અન્તાદેશ રૂપે વિકલ્પે થાય છે, પદના અન્તે.

नश् (નશ્વર) શબ્દ ને આ ૩૪૯. સૂત્રથી क વર્ગ અન્તાદેશ રૂપે લાગશે ત્યારે तादृश्ની જેમ રૂપસિદ્ધિ થશે; પણ વિકલ્પે જ્યારે क વર્ગ અન્તાદેશ રૂપે નહીં લાગે ત્યારે विश् ની જેમ રૂપો થશે. જેમકે,

प्र०	नट्/नड् नक्/नग्	नशौ	नशः	च०	नशे	नग्भ्याम्/नड्भ्याम्	नग्भ्यः/नड्भ्यः
सं०	हे ,,	,,	,,	पं०	नशः	,,	,,
द्वि०	नशम्	,,	,,	ष०	नशः	नशोः	नशाम्
तृ०	नशा	नग्भ्याम्/नड्भ्याम्	नग्भिः/नड्भिः	स०	नशि	,,	नक्षु/नट्त्सु–नट्सु ।।

૩૫૦. उदक શબ્દ સિવાયનો કોઈ સુબન્ત શબ્દ ઉપપદમાં રહ્યો હોય ત્યારે स्पृश् ધાતુને क्विन् પ્રત્યય લગાડવામાં આવે છે.

(घृतं स्पृशति इति) 'घृतस्पृश्' (ઘીને સ્પર્શ કરનારો)ની રૂપસિદ્ધિ વિશે વિચારીએ એ પહેલાં આ શબ્દ કેવી રીતે બન્યો છે, તે ગ્રન્થકાર જણાવે છે : घृतम् स्पृशति→घृत+स्पृश्+क्विन् । અહીં उदक સિવાયનો = घृत શબ્દ ઉપપદમાં છે, ત્યારે ૩૫૦.મા સૂત્રથી 'कर्ता' અર્થમાં क्विन् પ્રત્યય લાગશે અને પછી તેનો સમ્પૂર્ણ લોપ (સર્વાપહારી=જે પ્રત્યયમાંથી બધા વર્ણોનો લોપ થઈ ગયો છે તે) થાય છે. घृत+स्पृश्+० । આથી घृतस्पृश् શબ્દ બન્યો, હવે તેનો અર્થ घृतस्पृश् 'ઘીને સ્પર્શ કરનારો પુરુષ' એવો થાય છે. હવે આ શબ્દનાં રૂપો तादृश् ની જેમ થશે. આથી सु અને सुप् પ્રત્યયો પરમાં રહેશે ત્યારે घृतस्पृश्→श्→ष्→ड्→ग्→क् થશે; તથા હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં હશે ત્યારે श्→ष्→ड्→ग् થશે. તો નીચે મુજબ રૂપો મળશે :

प्र०	घृतस्पृक्/ग्	घृतस्पृशौ	घृतस्पृशः	च०	घृतस्पृशे	घृतस्पृग्भ्याम्	घृतस्पृग्भ्यः
सं०	हे ,,	,,	,,	पं०	घृतस्पृशः	,,	,,
द्वि०	घृतस्पृशम्	,,	,,	ष०	घृतस्पृशः	घृतस्पृशोः	घृतस्पृशाम्
तृ०	घृतस्पृशा	घृतस्पृग्भ्याम्	घृतस्पृग्भिः	स०	घृतस्पृशि	,,	घृतस्पृक्षु ।।

दधृष् (તિરસ્કાર કરનાર) આ ष् કારાન્ત શબ્દ છે. અહીં ૩૦૧. ऋत्विग्दधृग्० થી क्विन् પ્રત્યય લગાવીને दधृष् શબ્દ બનાવાયો છે. (૧) दधृष्+सु (પ્રથમા, એ.વ.)→दधृष्+० । પછી પદાન્તે આવેલા ष् ને जश्त्व કરીને ड् કાર, તેને ૩૦૪. क्विन् प्रत्ययस्य कुः । થી કુત્વ ड्→ग् । પછી वाऽवसाने । થી વિકલ્પે चर् કરીશું તો दधृक् । અને दधृग् એવાં બે રૂપો થશે. (૨) दधृष्+भ्याम् । વગેરે હલાદિ પ્રત્યય પરમાં રહેતાં जश्त्व અને कुत्व (ष्→ड्→ग्) दधृग्भ्याम् ।

વગેરે થશે. (૩) दधृष् + सुप् (સપ્તમી બ.વ.)માં પણ ष् → ड् → ग् → क् થશે તો दधृक् + सु । પછી આદેશ પ્રત્યયયોઃ । થી स् ને ष् મૂર્ધન્ય → दधृक् + षु = दधृक्षु । રૂપ થશે. (૪) दधृष् + औ, जस्, शस्, टा વગેરે અજાદિ પ્રત્યય પરમાં રહેતાં કોઈ વિશેષ કાર્ય થશે નહીં. તો दधृषौ । दधृषः । વગેરે રૂપો સિદ્ધ થશે.

रत्नं मुष्णाति એ અર્થમાં रत्न + मुष् + क्विप् પ્રત્યય → रत्नमुष् + ० = रत्नमुष् (રત્નને ચોરનારો) એવો ष् કારાન્ત ક્વિપ્ પ્રત્યયાન્ત શબ્દ બને છે. (૧) रत्नमुष् + सु । માં स् પ્રત્યયનો લોપ થયા પછી, ष् → ड् → વિકલ્પે चर् થતાં → ट् અથવા ड् થતાં रत्नमुट् । અને रत्नमुड् । રૂપો બને છે. (૨) रत्नमुष् + भ्याम् હલાદિ વિભક્તિઓમાં ष् નો ड् થતાં रत्नमुड्भ्याम् । વગેરે રૂપો બને છે. (૩) रत्नमुष् + सुप् । માં વિકલ્પે धुट् આગમ થતાં रत्नमुट्त्सु અને रत्नमुट्सु રૂપો બને છે. (૪) रत्नमुष् + औ । અજાદિ પ્રત્યયોમાં કોઈ વિશેષ કાર્ય નથી → रत्नमुषौ । વગેરે થશે.

षष् (છ સંખ્યા વાચક શબ્દ) ष् કારાન્તની રૂપસિદ્ધિમાં પહેલું એ ધ્યાન રાખવું કે તે શબ્દ 'છ' સંખ્યા અર્થમાં વાપરવાનો છે. તેથી તે નિત્ય બહુવચનાન્ત છે. (= આ શબ્દનાં એકવચન અને દ્વિવચનમાં રૂપો થતાં જ નથી.)

(૧) षष् + जस् । પ્રથમા, બ.વ.માં પહેલાં ष्णान्ता षट् । થી षष् ની 'षट्' એવી (કૃત્રિમ) સંજ્ઞા થશે, પરિણામે षड्भ्यो लुक् । થી તે जस् નો (અને शस् નો પણ) લોપ થાય છે → षष् + ० । પછી પદાન્તીય ष् ને ड् કાર અને વિકલ્પે चर् થતાં षट् । અને षड् । એવાં બે રૂપો સધાય છે. (૨) षष् + भिस् વગેરે હલાદિ પરમાં રહેતાં जश्त्व થશે, ष् → ड् → षड्भिः । षड्भ्यः । થશે. (૩) षष् + आम् । ષષ્ઠી બ.વ.માં षट्चतुर्भ्यश्च । થી आम् नुट् થશે : षष् + नाम् । પછી झलां जशोऽन्ते । થી ष् ને ड् કાર, ष्टुना ष्टुः । થી ष्टुत्व → षड् + नाम् → षड् + णाम् । પછી प्रत्यये भाषायां नित्यम्* । એવા વાર્તિકથી ड् કારને પણ ņ કાર થશે → षण्णाम् રૂપ બની જાય છે. (૪) षष् + सुप् (સપ્તમી બ.વ.)માં षड् + सु થયા પછી डः सि धुट् ।થી धुट् આગમ થતાં षट्त्सु । षट्सु । રૂપો બને છે.

रुत्वं प्रति षत्वस्यासिद्धत्वात् 'ससजुषोरुः' । इति रुत्वम् ।

351. र्वोरुपधाया दीर्घ इकः । ८-२-७६

रेफवान्तयोरुपधाया इको दीर्घः पदान्ते । पिपठीः । पिपठिषौ । पिपठीर्भ्याम् ।

352. नुम्–विसर्जनीय–शर्–व्यवायेऽपि । ८–३–७६

एतैः प्रत्येकं व्यवधानेऽपि इण्कुभ्यां परस्य सस्य मूर्धन्यादेशः । ष्टुत्वेन पूर्वस्य षः । पिपठीष्षु–पिपठीःषु ॥

चिकीः । चिकीर्षौ । चिकीर्भ्याम् । चिकीर्षु ॥ इति षकारान्ताः ॥

[पठ् (વાંચવું) ધાતુને ઇચ્છાદર્શક सन् પ્રત્યય લગાવીને पिपठिस्→૧૫૦.માં સૂત્રથી पिपठिष् (વાંચવાની ઇચ્છા કરનારો) શબ્દ બનાવવામાં આવે છે. (જેની પ્રક્રિયા ભવિષ્યમાં 'સન્નન્ત પ્રક્રિયા' પ્રકરણમાં બતાવવામાં આવશે.) હવે આ ष् કારાન્ત શબ્દનાં રૂપો કેવી રીતે બનાવવામાં આવે છે તે જોઈશું.

पिपठिष् + सु (પ્રથમા, એ.વ.)→पिपठिष् + स्, હવે ૧૭૯. हल्ङ्याब्भ्यो० । સૂત્રથી स् નો લોપ થશે→पिपठिष् + ० । પછી મૂળ पिपठिस् માં ૧૫૦. आदेश-प्रत्यययोः । ८–૩–૫૯થી स् નો ष् થયો છે; જે ૧૦૫. ससजुषो रुः । ८–२–६७ એવા ત્રિપાદીસ્થ પૂર્વસૂત્રની દૃષ્ટિએ અસિદ્ધ છે, તેથી पिपठिष् માં પણ पिपठिस् જ છે એવું માનીને ૧૦૫. થી રુત્વ વિધિ કરવામાં આવે છે → पिपठिरु →पिपठिर् થશે.]

રુત્વ વિધિ (८–२–६७)ની પ્રત્યે षत्व વિધિ (८–૩–૫૯) કરનારું સૂત્ર અસિદ્ધ હોવાથી पिपठिष् શબ્દમાં ससजुषो रुः । ८–२–६७ સૂત્ર લાગી શકશે, અને રુત્વ થશે જ; જેથી पिपठिर् શબ્દ બની જશે.

૩૫૧. રેફાન્ત અને व् કારાન્ત શબ્દોની ઉપધામાં આવેલા इक् ને દીર્ઘ થાય છે, પદાન્તની સ્થિતિમાં. *

पिपठिर् + ० । पिपठीर् + ० । અહીં પદાન્તની સ્થિતિમાં રેફાન્ત શબ્દની ઉપધા (इ કાર)ને દીર્ઘ થયો; અને ત્યાર પછી ૯૩. खरवसानयोः० । સૂત્રથી રેફનો વિસર્ગ થશે તો पिपठीः । રૂપ બની જશે. (પ્રથમા એ.વ.)

पिपठिष् + औ । (પ્રથમા, દ્વિ.વ.માં કોઈ વિશેષ કાર્ય થતું નથી) →पिपठिषौ । આવી જ રીતે અન્ય અજાદિ વિભક્તિઓ રૂપ બનાવી લેવાં. पिपठिष् + जस्→पिपठिषः । વગેરે.

पिपठिष् + भ्याम् । અહીં પણ, ष् અસિદ્ધ હોવાથી પહેલાં ससजुषो रुः । થી રુત્વ થશે→पिपठिर् + भ्याम् । પછી ૩૫૧. र्वोरुपधाया दीर्घ इकः । પ્રસ્તુત સૂત્રથી પદાન્તમાં * રેફની પૂર્વમાં આવેલા—ઉપધામાં રહેલા—इक् ને દીર્ઘ થશે→

---

* पदस्य । ८–१–१६ અને पदात् । ८–१–१७ સૂત્રોની અનુવૃત્તિ અનુક્રમે ८–૩–૫૪ અને ८–૩–६९ સુધી જાય છે. તથા અહીં વપરાયેલી પદ સંજ્ઞાથી सुप्तिङन्तं पदम् । १–૪–१૪ અને स्वादिष्वसर्वनामस्थाने । १–૪–१७ સૂત્રો અનુસારની બન્ને પ્રકારની સમજવાની છે.

विपठीर्_+भ्याम्→विपठीर्भ्याम् । વગેરે હલાદિ વિભક્તિ પ્રત્યય પરમાં રહેશે, ત્યારે પણ થશે.

[विपठिष्_+सुप्_ (સપ્તમી બહુવચનમાં) ष्_ નું અસિદ્ધત્વ હોવાથી, रुत्व થશે→विपठिर्_+सु । પછી इक् ને દીર્ઘ અને खरवसानयोः ०।થી પદાન્તમાં રેફને વિસર્ગ થશે→विपठीः+सु । હવે ૧૦૪. वा शरि। થી शर्_ પરમાં હોવાથી વિસર્ગને વિકલ્પે વિસર્ગ થાય છે. અર્થાત્ विपठीः+सु । અને વિપક્ષમાં ૧૦૩. विसर्जनीयस्य सः । થી વિસર્ગને स्_ થશે, તો विपठीस्_+सु । પણ થશે. આટલી સ્થિતિએ પહોંચ્યા પછી—]

૩૫૨. नुम् (न्), વિસર્જનીય (= વિસર્ગ) અને शर्_ પ્રત્યાહારમાં આવેલા વર્ણો–આમાંથી પ્રત્યેકનું (= કોઈનું પણ) વ્યવધાન હોય તો પણ, इण्_ પ્રત્યાહારના વર્ણો અને कु=क વર્ગના વર્ણોની પાછળ આવેલા દન્ત્ય स्_ કારને સ્થાને મૂર્ધન્ય ष्_ કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.

विपठीः+सु । અને विपठीस्_+सु । માં इण्_ (=ठी માનો ई) ની પાછળ વિસર્ગ અને शर्_ (=स्_ કાર) આવેલો છે, તેનું વ્યવધાન હોવા છતાંય તે इण्_ની પાછળ આવેલા सु ના स्_ કારને સ્થાને ष्_ એવો આદેશ થશે. તો→ = विपठीः+षु । અને विपठीस्_+षु થશે. =विपठीः षु પણ વિપક્ષમાં પછી ૬૪. ष्टुना ष्टुः । થી (પાછળના षुના યોગમાં આગળ આવેલા) स्_ ને પણ ष्टुत्व થશે, તો विपठीष्षु । એવું રૂપ પણ બનશે.

प्र०	विपठीः	विपठिषौ	विपठिषः	च०	विपठिषे	विपठीर्भ्याम्	विपठीर्भ्यः
सं०	हे ,,	,,	,,	पं०	विपठिषः	,,	,,
द्वि०	विपठिषम्	,,	,,	ष०	विपठिषः	विपठिषोः	विपठिषाम्
तृ०	विपठिषा	विपठीर्भ्याम्	विपठीर्भिः	स०	विपठिषि	विपठिषोः	विपठीःषु / विपठीष्षु

* * *

चिकीर्ष्_ (કરવાની ઇચ્છાવાળો)+सु (પ્રથમા એ.વ.) માં हल्ङ्याब्भ्यो० । સૂત્રથી चिकीर्ष्_ +स्_ માં→चिकीर्ष्_+० । स्_ નો લોપ થશે. પછી ष्_ અસિદ્ધ હોવાથી, ૨૦૯. रात् सस्य । ૮–૨–૨૪થી સંયોગાન્ત ष्_=स्_ કારનો લોપ થશે→चिकीर्_०+० । તથા છેલ્લે ૯૩. खरवसानयोः । સૂત્રથી રેફનો વિસર્ગ થશે. પરિણામે चिकीः । એવું રૂપ સધાશે.

चिकीर्ष्_+औ (પ્રથમા, દ્વિ.વ.)માં કોઈ જ વિશેષ વિધિ નથી. चिकीर्षौ । થશે. આ રીતે અન્ય અજાદિ વિભક્તિ પ્રત્યય પરમાં રહેતાં પણ થશે. चिकीर्ष्_ +जस्_→चिकीर्षः । વગેરે.

चिकीर्ष्+भ्याम् । માં ષત્વ અસિદ્ધ હોવાથી, हल्ङ्याब्भ्यो० । સૂત્રથી લોપ થશે→चिकीर्०+भ्याम्→चिकीर्भ्याम् । વગેરે. चिकीर्ष्+सुप् (સપ્તમી બ.વ.)માં પણ ष्→स् નો લોપ થતાં चिकीर्+सु । થશે. તેમાં ૯૩. खरवसानयोः० । થી રેફનો વિસર્ગ થવા આવે છે, પણ ૨૬૮. रोः सुपि । સૂત્રથી "रु ના રેફનો જ વિસર્ગ કરવો, બીજાનો નહીં" એવો નિયમ કરવામાં આવ્યો છે. તેથી चिकीर् +सु । માંનો રેફ रुનો નહીં હોવાથી, ૯૩થી તે રેફનો વિસર્ગ કરી શકાશે નહીં. પછી ૧૫૦ आदेशप्रत्यययोः । સૂત્રથી इण् = રેફની પરમાં આવેલા सुના स् ને ष् થશે, તો चिकीर्षु (એવું એક જ) રૂપ થશે. અહીં ष् કારાન્ત શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થાય છે.

विद्वान् । विद्वांसौ । हे विद्वन् ।

353. वसोः सम्प्रसारणम् । ६–४–१३१

वस्वन्तस्य भस्य सम्प्रसारणं स्यात् । विदुषः । 'वसु–स्रंसु...' इति दः । विद्वद्भ्याम् ।

354. पुंसोऽसुङ् । ७–१–८९

सर्वनामस्थाने विवक्षितेऽसुङ् स्यात् । हे पुमन् । पुमांसौ । पुंसः । पुम्भ्याम । पुंसु ॥

'ऋदुशनस्...' इत्यनङ् । उशना । उशनसौ । *(वा.) अस्य सम्बुद्धौ वाऽनङ्, नलोपश्च वाच्यः ।* हे उशन–हे उशनन्–हे उशनः । हे उशनसौ । उशनोभ्याम् । उशनस्सु ॥ अनेहा । अनेहसौ । हे अनेहः ॥ वेधाः । वेधसौ । हे वेधः । वेधोभ्याम ॥

विद्वस् (વિદ્વાન્ = જાણકાર) એવા स् કારાન્ત શબ્દનાં રૂપો આ રીતે સિદ્ધ થાય:– [√विद् (જાણવું) ધાતુને शतृ (अत्) પ્રત્યય લગાવીને विद्+अत् શબ્દ બનાવાય; પછી विदेः शतुर्वसुः । ૭–૧–૩૬ સૂત્રથી अत् ના સ્થાનમાં वसु આદેશ થતાં = विदत्→विद्वस् = विद्वस् શબ્દ બન્યો.]

विद्वस्+सु (પ્રથમા, એ.વ.)માં वसु પ્રત્યયનો उ કાર ઈત્સંજ્ઞક હોવાથી, તે શબ્દ उगित् ગણાશે. આથી 'સર્વનામસ્થાન' સંજ્ઞક પહેલા પાંચ પ્રત્યયો પરમાં રહેતાં ૨૮૯. उगिदचां सर्वनामस्थानेऽधातोः । ૭–૧–૭૦ થી नुम् આગમ થશે.→ मित् હોવાથી नुम् નો 'न्' विद्वस् માં અંતિમ अच् ની પરમાં લાગશે→विद्वन् स्+स् । પછી हल्ङ्याब्भ्यो० થી स् નો લોપ→ विद्वन् स्+० । પછી

संयोगान्तस्य लोपः । ८–२–२३ થી 'સંયોગ છે અંતમાં જેની, એવા શબ્દસ્વરૂપના અંતિમ વર્ણનો લોપ થાય છે.'→विद्वन्० + ० । થશે. હવે १७७. सर्वनामस्थाने चासम्बुद्धौ । ६–४–८ થી નાન્તની ઉપધાને દીર્ઘ થવા આવે છે. પણ ८–२–२३ સૂત્રોક્ત स् લોપ અસિદ્ધ થતાં, विद्वन् શબ્દ નાન્ત ગણાશે નહીં., આથી ३४२. सान्त–महतः संयोगस्य । ६–४–१० થી "સાન્ત સંયોગવાળા શબ્દનો જે न् કાર, તેની ઉપધાને દીર્ઘ થાય છે; સમ્બુદ્ધિભિન્ન સર્વનામસ્થાન પરમાં રહેતાં." विद्वन (स्) માં જે स् લોપ થયો છે, તે અસિદ્ધ ગણાતાં તે શબ્દ સાન્ત સંયોગવાળો કહેવાશે. આથી विद्वन्‌ની ઉપધાને દીર્ઘ થશે, તો विद्वान । બનશે.

विद्वस् + औ । (પ્રથમા, દ્વિ.વ.) માં २८९ उगिदचां० । થી नुम् થશે→ विद्वन् स् + औ । પછી ३४२. सान्तमहतः० । થી 'સાન્ત સંયોગવાળા શબ્દનો જે न् કાર, તેની ઉપધાને દીર્ઘ થશે.' તે.→विद्वान् स् + औ । પછી ७८. नश्चापदान्तस्य झलि । થી અપદાન્ત न् કારનો અનુસ્વાર થશે→विद्वांस् + औ→ विद्वांसौ । રૂપ થશે.

આ જ રીતે, विद्वस् + जस्→विद्वन् स् + अस्→विद्वान् स् + अस्→विद्वांस् + अस्→विद्वांसस्→विद्वांसः । પ્રથમા બ. વ. માં થશે. એવી જ રીતે विद्वस् + अम् માંથી विद्वांसम् । પણ બનાવાશે.

हे विद्वस् + सु (સમ્બુદ્ધિ એ.વ.)માં हे विद्वन् स् + स्→हे विद्वन् स् + ० । →हे विद्वन्० + ० । અહીં ३४३. सान्तमहतः० । સૂત્રોક્ત न् ની ઉપધાનો દીર્ઘ સમ્બુદ્ધિમાં નહીં થતો હોવાથી हे विद्वन् । એવું રૂપ જ રહેશે.

३५३. वसु પ્રત્યયાન્ત भ સંજ્ઞક અંગને સમ્પ્રસારણ થાય છે.

विद्वस् + शस् (દ્વિતીયા બ.વ.)માં १६५. यचि भम् । થી विद्वस् ની भ સંજ્ઞા થશે. તથા તે શબ્દ वसु પ્રત્યયાન્ત હોવાથી विद्वस् + अस् । માં સમ્પ્રસારણ (= व् ને उ કાર) થશે→विद् व् अ स् + अस्→विद् उ अ स् + अस् । પછી २५८. सम्प्रसारणाच्च । થી સમ્પ્રસારણની પરમાં આવેલા अच् ને પૂર્વરૂપ એકાદેશ થાય છે→विद् उस् + अस् થશે→विदुस् + अस् માં १५० आदेशप्रत्यययोः । થી वसु પ્રત્યયનો स् કાર, इण् ની પરમાં હોવાથી મૂર્ધન્ય षत्व વિધિ પામશે→ विदुष् + अस्→विदुषस्→रुत्व, વિસર્ગ થઈને विदुषः । થશે. (શસાદિ બધા જ અજાદિ પ્રત્યયો પરમાં રહેતાં, આવી જ રૂપ સિદ્ધિ થશે, विद्वस् + टा→विदुषा । વગેરે.)

विद्वस् + भ्याम् (તૃતીયા, દ્વિ.વ.)માં હલાદિ વિભક્તિ પરમાં રહેતાં વિદ્વસ્‌ની 'પદ' સંજ્ઞા થશે, તેથી ૨૬૨. वसु-स्रंसु-ध्वंस्वनडुहां दः । થી સાન્ત વસુ પ્રત્યયાન્ત વિદ્વસ્ શબ્દના સ્‌ને સ્થાને द् આદેશ થશે→विद्वद् + भ्याम् । તો विद्वद्भ्याम् રૂપ બની જશે. એ જ પ્રમાણે,विद्वस् + भिस्→विद्वद्भिः । વગેરે થશે. विद्वस् + सुप् (સપ્તમી બ.વ.)માં विद्वद् + सु । થયા પછી ૭૪. खरि च । થી चर्त्व થશે→विद्वत् + सु = विद्वत्सु । થશે.

प्र० विद्वान्	–विद्वांसौ	– विद्वांसः		च० विदुषे	–विद्वद्भ्याम्	– विद्वद्भ्यः
सं० हे विद्वन्	– ,,	– ,,		पं० विदुषः	– ,,	– ,,
द्वि० विद्वांसम्	– ,,	– विदुषः		ष० विदुषः	–विदुषोः	– विदुषाम्
तृ० विदुषा	–विद्वद्भ्याम्	– विद्वद्भिः		स० विदुषि	– ,,	– विद्वत्सु ॥

√पूज् ધાતુને ઉણાદિનો डुम्सुन् = मुस् પ્રત્યય લગાવીને पुम्स्→म् નો અનુસ્વાર થતાં पुंस् (=પુરુષ) એવો શબ્દ સિદ્ધ થાય છે. આ स्‌કારાન્ત શબ્દની રૂપસિદ્ધિ નીચે મુજબ થશે :

૩૫૪. સર્વનામસ્થાનની વિવક્ષામાં पुंस् શબ્દને असुङ् આદેશ થાય છે. (असुङ् માંથી उ કાર અને ङ્ કારની ઇત્સંજ્ઞા અને લોપ થાય છે. આથી તે ङित् આદેશ કહેવાશે, જે पुंस् શબ્દના અંતિમ स्‌કારના સ્થાનમાં પ્રવૃત્ત થશે.)

અહીં पुंस् શબ્દના પહેલા પાંચ વિભક્તિ પ્રત્યયો લગાવીને રૂપ બનાવવા અભિપ્રેત હોય ત્યારે, સૌથી પહેલાં असुङ् આદેશ કરવો→पुंस्‌ના અંતિમ स्‌ના સ્થાનમાં તે થશે, તો पुं–अस् થશે. (અહીં निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । એ ન્યાયથી पुंस्‌ના स्‌નો નાશ થતાં, તે स्‌ના નિમિત્તે થયેલો અનુસ્વાર પણ મૂળ સ્થિતિમાં ફેરવાઈ જશે, તો पु–म्–अस् થશે. હવે असुङ् આદેશ થઈ ગયા પછી, પાંચ પ્રથમાદિ વિભક્તિ પ્રત્યયો લાવવાની શરૂઆત કરીશું, તો पुम्–अस् + सु (પ્રથમા, એ. વ.)→पुम्–अस् + स् માં ૨૮૯. उगिदचां सर्वनामस्थानेऽधातोः । થી नुम् આગમ થશે, (કેમ કે √पूज् ધાતુને જે डुम्सुन् પ્રત્યય લાગ્યો હતો. તેમાંના उ કારની इत् સંજ્ઞા થઈ હતી, તેથી पुंस् શબ્દ उगित् કહેવાય છે). पुमस् + स्→पुमन्–स् + स् । હવે हल्ङ्याब्भ्यो० । થી અપૃક્ત स् પ્રત્યયનો લોપ થશે અને ૨૦. संयोगान्तस्य लोपः । થી બીજા स्‌નો પણ લોપ થશે→पुमन्० + ०। પછી ૩૪૨. सान्तमहतः संयोगस्य । થી સાન્ત સંયોગનો જે न् કાર, તે न् કારની ઉપધાને, સર્વનામ–સ્થાનસંજ્ઞક પ્રત્યય પરમાં રહેતાં દીર્ઘ થાય છે→पुमान् + ० + ० । તેથી पुमान् । એવું રૂપ સિદ્ધ થાય છે. બાકીના સર્વનામસ્થાન–

સંજ્ઞક પ્રત્યયો પરમાં રહેતાં પણ, આવી જ પ્રક્રિયા થશે અને पुमांसौ । पुमांसः ॥ पुमांसम् । पुमांसौ । જેવાં રૂપો બને છે. સંબોધનમાં ૩૪૨.થી ઉપધા દીર્ઘ થતો નથી, તેથી हे पुमन् । રૂપ બને છે.

पुंस् + शस् । (દ્વિતીયા, બ. વ.)માં असुङ् આદેશ વગેરેની કોઈ જ વિધિ થશે નહીં, તેથી पुंस् + अस् → पुंसः । રૂપ બને છે.

पुंस् + भ्याम् । માં ૨૦. संयोगान्तस्य लोपः । ૮–૨–૨૩ થી સંયોગાન્ત પદના અંતિમ વર્ણનો (पुंस् → पुम्स्) = स् કારનો લોપ થશે, पुम्० + भ्याम् । પછી ફરીથી मोऽनुस्वारः । થી માન્ત પદના म् કારનો અનુસ્વાર થશે → पुं + भ्याम् । પછી अनुस्वारस्य ययि परसवर्णः । થી અનુસ્વારને પરસવર્ણ થશે, તોपुम् + भ्याम् = पुम्भ्याम् । રૂપ સિદ્ધ થશે.

पुंस् + सुप् (સપ્તમી, બ. વ.)માં स् લોપ पुम्० + सु । પછી म् નો અનુસ્વાર पुं + सु = पुंसु । રૂપ બનશે.

पुंस् (પુરુષ)

प्र०	पुमान्	– पुमांसौ	– पुमांसः	च० पुंसे	– पुम्भ्याम्	– पुम्भ्यः
सं०	हे पुमन्	– पुमांसौ	– पुमांसः	पं० पुंसः	– ,,	– ,,
द्वि०	पुमांसम्	– ,,	– पुंसः	ष० पुंसः	– पुंसोः	– पुंसाम्
तृ०	पुंसा	– पुम्भ्याम्	– पुम्भिः	स० पुंसि	– पुंसोः	– पुंसु ॥

उशनस् (ભાર્ગવ, કવિ, શુક્ર ગ્રહ) શબ્દ પણ स् કારાન્ત છે. उशनस् + सु (પ્રથમા, એ વ.)માં ૨૦૫. ऋदुशनस्पुरुदंसोऽनेहसां च । થી 'સમ્બુદ્ધિભિન્ન सु પરમાં હોય ત્યારે अनङ् આદેશ થાય છે.' अनङ् (= अन) ङित् હોવાથી અંતિમ स् ના સ્થાનમાં થશે : उशन–अन् + स् । પછી ૧૭૭. सर्वनामस्थाने चासम्बुद्धौ । થી નાન્તની ઉપધાને દીર્ઘ થશે → उशन–आन् + स् । પછી अकः सवर्णे दीर्घः । થી દીર્ઘ થતાં उशनान् + स् ।, પછી ૧૭૯, हल्ङ्याब्भ्यो० । થી स् નો લોપ થશે, તથા ૧૮૦. नलोपः प्राति० । થી न् કારનો પણ લોપ થશે → उशना० + ० = उशना । એવું રૂપ થશે.

उशनस् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં કોઈ વિધિ થતી નથી → उशनसौ । એ જ પ્રમાણે उशनस् + जस् = उशनसः ॥ उशनस् + अम् = उशनसम् ॥ થશે.

(વાર્તિક) * उशनस् શબ્દને સમ્બુદ્ધિમાં अनङ् આદેશ વિકલ્પે થાય છે; અને न् કારનો લોપ પણ વિકલ્પે થાય છે.* (આ વાર્તિક ૨૦૫. ऋदुशनस्० । ના અનુસંધાનમાં રજૂ થયું છે.) हे उशनस् + सु (સમ્બુદ્ધિ એ. વ.)માં વિકલ્પે

अनङ् (= अन्) थशे→(१) हे उशन–अन्+स् । વિકલ્પે અનઙ્ નાં અભાવમાં →(२) हे उशनस्+स् । પછી પહેલા પક્ષમાં स् લોપ થશે—

हे उशन–अन्+० । તેમાં ૧૭૭.થી સમ્બુદ્ધિમાં નાન્તની ઉપધાને દીર્ઘ થશે નહીં; પણ ૨૭૪. अतो गुणे । થી પરરૂપ થશે, તો हे उशनन्+० । પછી नलोपः प्राति०। થી न् નો નિત્ય લોપ થવા આવશે, ત્યારે ઉક્ત વાર્તિકના ઉત્તરાર્ધથી તે न् નો લોપ વિકલ્પે થશે→हे उशन०+० । (૩) न लोपाभावमां हे उशनन+०। એવું રૂપ પણ થશે. હવે જે (૨) બીજો પક્ષ હતો–हे उशनस्+स् । તેમાં हल्ङ्याब्भ्यो०થી स् લોપ થતાં हे उशनस्+० । થશે. પછી બીજા स् ने रुत्व, વિસર્ગ થઈને हे उशनः । રૂપ પણ થશે. આમ સંબોધનમાં કુલ ત્રણ રૂપો થયાં. (૧) हे उशन, (२) हे उशनन् તથા (३) हे उशनः ।

हे उशनस्+औ = हे उशनसौ । થશે. પછી उशनस्+भ्याम् (તૃતીયા, દ્વિ. વ.) માં હલાદિ વિભક્તિ પરમાં રહેતાં ૧૬૪. स्वादिष्व सर्वनामस्थाने । થી उशनस् પ્રકૃતિની 'પદ' સંજ્ઞા થશે. તેથી ૧૦૫. ससजुषो रुः । स् ने रुत्व थशे→उशनरु +भ्याम् । પછી ૧૦૭. हशि च । થી रु ને उ થશે.→उशनउ+भ्याम् । પછી आद्गुणः । લાગતાં→उशनो+भ्याम् = उशनोभ्याम् । રૂપ બની જશે.

उशनस्+सुप् (સપ્તમી, બ.વ.) માં रुत्व, વિસર્ગ થયા પછી, ફરી ૧૦૪. वा शरि । થી વિકલ્પે स् થશે→उशनर्+सु→उशनः+सु→उशनस्+सु = उशनस्सु ॥ વિકલ્પે વિસર્ગ ચાલુ રહેશે તો उशनः सु । પણ થશે.

प्र०	उशना	–उशनसौ	–उशनसः	च०	उशनसे –उशनोभ्याम्–	उशनोभ्यः
सं०	हे उशन हे उशनन् हे उशनः	– ,,	– ,,	पं०	उशनसः– ,,	– ,,
द्वि०	उशनसम्	– ,,	– ,,	ष०	उशनसः–उशनसोः	– उशनसाम्
तृ०	उशनसा	–उशनोभ्याम्	–उशनोभिः	स०	उशनसि– ,,	–उशनःसु उशनस्सु

अनेहस् (સમય) स् કારાન્ત શબ્દ.

अनेहस्+सु (પ્રથમા, એ.વ.)માં अनङ्, નાન્તની ઉપધાને દીર્ઘ अनेह–अन् +स्→अनेह आन्+० । સવર્ણ દીર્ઘ અને न् લોપ अनेहान+०→अनेहा० +० = अनेहा । अनेहस्+औ । કોઈ વિશેષ વિધિ નહીં→ अनेहसौ ।

हे अनेहस् + सु । માં પ્રત્યયના स् નો લોપ થશે, પછી બીજા स् ને रुत्व, વિસર્ગ થશે તો→हे अनेहर् + ०→हे अनेहः ॥ બાકીનાં રૂપો उशनस् ની જેમ થશે.

*

वेधस् (બ્રહ્મા) स् કારાન્ત શબ્દ.

वेधस् + सु (પ્રથમા, એ.વ.)માં वेधस् શબ્દ ધાતુભિન્ન असन्त હોવાથી सु પરમાં રહેતાં ૩૪૩. अत्वसन्तस्य चाधातोः । થી ઉપધાને દીર્ઘ થશે→ वेधास् + स् પછી स् લોપ થતાં→वेधास् + ० । બીજા स्નો रुत्व, વિસર્ગ થતાં →वेधाः । રૂપ બની જશે. वेधस् + औ→વિશેષ વિધિનો અભાવ=वेधसौ । –हे वेधस् + सु (સંબોધન એ.વ.)માં ૩૪૩. अत्वसन्तस्य० । થી સમ્બુદ્ધિમાં દીર્ઘ નહીં થઈ શકે, सु ના स् નો લોપ→हे वेधस् + ० । પછી स् નો रुत्व, વિસર્ગ થતાં →हे वेधर् = हे वेधः । રૂપ બનશે. —वेधस् + भ्याम् (તૃતીયા, દ્વિ.વ.) हलादि વિ. પરમાં રહેતાં स् ના સ્થાનમાં रुत्व, उत्व અને પછી ગુણ થશે→वेधर्+भ्याम् →वेधउ + भ्याम्→वेधो + भ्याम् = वेधोभ्याम् ॥ થશે:

प्र०	वेधाः	वेधसौ	वेधसः
सं०	हे वेधः	,,	,,
द्वि०	वेधसम्	,,	,,
तृ०	वेधसा	वेधोभ्याम्	वेधोभिः
च०	वेधसे	वेधोभ्याम्	वेधोभ्यः
पं०	वेधसः	,,	,,
ष०	वेधसः	वेधसोः	वेधसाम्
स०	वेधसि	वेधसोः	वेधःसु / वेधस्सु

વિશેષ નોંધ : (૧) चन्द्रमस् (ચન્દ્રમા), सुमनस् (સારા મનવાળો), सुमेधस् (સારી બુદ્ધિવાળો, प्रचेतस् (વરુણ), हिरण्यरेतस् (અગ્નિ કે સૂર્ય), दिवौकस् (દેવ) वनौकस् (વનમાં રહેનાર) વગેરે રૂઢ स् કારાન્ત શબ્દોનાં રૂપો પણ वेधस् ની જેમ જ ચાલે છે.

(૨) कनीयस् (ખૂબ નાનો), महीयस् (ખૂબ મોટો), साधीयस् (ખૂબ સરસ) વગેરે શબ્દો પણ स् કારાન્ત છે; પણ તે તદ્ધિતનો ईयसुन् પ્રત્યય લગાવીને સાધવામાં આવ્યા છે. આ ईयसुन् તે ઉગિત્ પ્રત્યય છે, તેવી સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યયો પરમાં રહેતાં नुम्; સાન્ત સંયોગની ઉપધાને દીર્ઘ વગેરે વિધિઓ થશે, અને विद्वस् ની જેમ પહેલાં પાંચ રૂપો થશે; બાકીનાં રૂપો वेधस् ની જેમ થશે.

355. अदस औ सुलोपश्च । ७-२-१०७

अदस औत् स्यात् सौ परे, सुलोपश्च । 'तदोः सः०' इति सः । असौ ॥ त्यदाद्यत्वम्, पररूपत्वम्, वृद्धिः ।

356. अदसोऽसे र्दादु दो मः । ८-२-८०

अदसोऽसान्तस्य दात् परस्य उदू-ऊतौ; दस्य मश्च । आन्तरतम्याद् ह्रस्वस्य उः; दीर्घस्य ऊः । अमू ॥ जसः शी, गुणः ।

357. एत ईद् बहुवचने । ८-१-८१

अदसो दात् परस्यैत ईद्, दस्य च मो बह्वर्थोक्तौ । अमी ॥ 'पूर्वत्रासिद्धम्' (८-२-१) इति (अनेन) विभक्तिकार्यं प्राक्, पश्चाद् उत्वम्-अत्वे । अमुम् । अमू । अमून् । मुत्वे कृते घिसंज्ञायां 'ना' भावः ।

358. न मु ने । ८-२-३

'ना' भावे कर्तव्ये कृते च मुभावो नासिद्धः । अमुना । अमूभ्याम् । अमीभिः । अमुष्मै । अमीभ्यः । अमुष्मात् । अमुष्य । अमुयोः । अमीषाम् । अमुष्मिन् । अमीषु । इति सकारान्ताः ॥

॥ इति हलन्तपुँल्लिङ्गप्रकरणम् ॥

---

૩૩૫. अदस् (તે વ્યક્તિ) શબ્દને औ કાર (અન્તાદેશ) થાય છે, सु પ્રત્યય પરમાં હોય ત્યારે; અને પછી 'सु' પ્રત્યયનો પણ લોપ થાય છે.

अदस् + सु (પ્રથમા, એ.વ.)માં त्यदादीनाम् अः । થી अ કાર અન્તાદેશ રૂપે લાગવા આવ્યો હતો; પરંતુ તેનો બાધ કરીને, આ ૩૫૫. સૂત્રથી अदस् ના स् ને સ્થાને औ થશે, અને सु નો લોપ થશે→अदऔ + ० । હવે वृद्धिरेचि । થી વૃદ્ધિ કરીશું તો अदौ । થશે. પછી ૩૧૦. तदोः सः सावनन्त्ययोः । થી 'त्यदादि શબ્દનો અન્તિમ નહીં તેવા द् કારને સ્થાને स् આદેશ થશે; सु પ્રત્યય પરમાં રહેતાં.' તેથી अदौ→अस् औ = असौ । રૂપ બની જશે.

अदस् + औ (પ્રથમા, દ્વિ.વ.)માં त्यदादीनाम् अः । સૂત્રથી स् ને अत्व →अद अ + औ । अतो गुणे । થી પરરૂપ થશે, તો अद + औ । પછી प्रथमयोः पूर्वसवर्णः । થી પૂર્વસવર્ણ-દીર્ઘૈકાદેશ થવા આવશે, તેનો नादिचि । થી નિષેધ થઈને, वृद्धिरेचि । થી વૃદ્ધિ થશે, તો अदौ । બનશે. પછી—

३५६. જેના અન્તમાં स् કાર નથી તેવા अदस् શબ્દના द् કારની પાછળ આવેલાં વર્ણને 'उ' થાય છે * (અર્થાત્ द् કારની પાછળ આવેલા હ્રસ્વ વર્ણને उ આદેશ થાય છે; તથા દીર્ઘ વર્ણને દીર્ઘ ऊ આદેશ થાય છે); તથા તે द् કારને પોતાને म् આદેશ થાય છે.

अदस् + औ । (પ્રથમા, દ્વિ.વ.)માંથી જે अदौ । ની સ્થિતિ લાવ્યાં પછી, આ ૩૫૬. મા સૂત્રથી अद्औમાંથી अद् ऊ → अम् → ऊ = अमू । થશે.

अदस् + जस् (પ્રથમા. બ.વ.)માં अत्व અને ૫૨૩૫ વિધિ થતાં → अद अ + अस → अद + अस् । હવે अदस् સર્વનામ अ કારાન્ત બનતાં जसः शी । ની પ્રવૃત્તિ થશે → अद + शी → अद + ई → ગુણ થતાં अदे । પછી—

૩૫૭. अदस् શબ્દના द् કારની પરમાં આવેલા ए કારના સ્થાનમાં ई કાર આદેશ થાય છે, અને द् કારને પોતાને સ્થાને म् કાર આદેશ થાય છે; જ્યારે બહુવચનનો પ્રત્યય પરમાં હોય ત્યારે.

अदस् + जस् માંથી अदे બન્યા પછી, ૩૫૭. સૂત્ર દ્વારા ઉપર્યુક્ત વિધિઓ થશે → अद् ए → अ द् ई → अ म् ई = अमी । રૂપ તૈયાર થઈ જાય છે.

વિશેષ નોંધ : पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ દ્વારા ત્રિવાદીનાં (= ૮/૨, ૮/૩ અને ૮/૪માં આવેલાં) સૂત્રોને અસિદ્ધ (= ન હોવા બરાબર) જાહેર કરવામાં આવ્યાં છે. આથી अदस् સર્વનામનાં રૂપો બનાવતી વખતે સૌથી પહેલાં વિભક્તિ કાર્ય કરી લેવા જરૂરી છે. એટલે કે કર્તૃ, કર્મન્, કરણ વગેરે...(૧–૪–૨૩થી ૫૫માં આવેલાં સૂત્રોથી) કારક સંજ્ઞાનું વિધાન કરવું; ત્યાર પછી તે કારકસંજ્ઞાને નિમિત્તે अनभिहिते । ૨–૩–૧ થી ૭૭માં આવેલાં સૂત્રોથી કઈ વિભક્તિ ઉત્પન્ન કરવી ? એ નક્કી કરી લેવું; અને પછી स्वौजसमौट्० । ૪–૧–૨ થી પ્રથમાદિ વિભક્તિઓના सु–औ–जस् વગેરે પ્રત્યયો પ્રવૃત્ત કરી દેવાં. ત્યાર બાદ त्यदादीनाम् अः । ૭–૨–૧૦૨; अतो गुणे । ૬–૧–૯૭; अमि पूर्वः । ૬–૧–૧૦૭; जसः शी । ૭–૧–૧૭ વગેરે 'સપાદ સપ્તાધ્યાયી'નાં સૂત્રોને કામે લગાડી દેવાં.

---

* સૂત્રમાં...दाद् उ...લખ્યું છે. ત્યાં उ કારને तपर કરણ કર્યું નથી. તેથી તે उ કાર હ્રસ્વ ભેદોનો અને દીર્ઘ ભેદોનો વાચક બની શકે છે. પરિણામે द् કારની પાછળ આવેલો વર્ણ જો દીર્ઘ ભેદવાળો હશે, તો અન્તરતમ્ય = સાદૃશ્યને આધારે, તેના સ્થાનમાં દીર્ઘ ऊ આદેશ રૂપે લાગશે. તથા द् કારની પાછળનો વર્ણ હ્રસ્વ હશે તો તેના સ્થાનમાં હ્રસ્વ उ આદેશ રૂપે થશે.

ત્યાર પછી જ. છેલ્લે उत्व અને मत्व કરનારું ત્રિપાદીનું સૂત્ર, જેવું કે –अदसोऽसे र्दाद् उ दो मः । ૮–૨–૮૦–તેને પ્રવૃત્ત કરવું. ઉદાહરણ તરીકે–

अदस् + अम् (અહીં પહેલાં કર્મસંજ્ઞા અને દ્વિતીયા વિભક્તિને ઉત્પન્ન કર્યા પછી, દ્વિતીયા, એ.વ.)માં त्यदादीनामः । થી अत्व કરીશું→अद् अ + अम् । પછી अतो गुणे । થી પરરૂપ→अद + अम । પછી अमि पूर्वः । થી પૂર્વરૂપૈકાદેશ કરીશું તો → अदम् એવું થશે. ત્યાર પછી (જ) अदसोऽसे र्दाद् उ...। ૮–૨–૮૦ થી अद् अम्→अद् उम्→अम् उम् = अमुम् । રૂપ સિદ્ધ થશે.

अदस् + औ (દ્વિતીયા, દ્વિ. વ.)માં પૂર્વવત્ વિધિ કરીશું તો (પ્રથમા દ્વિ.વ. ની જેમ જ) અહીં પણ अमू । રૂપ બની જશે.

अदस् + शस् (દ્વિતીયા, બ.વ.)માં अत्व અને પરરૂપ પહેલાં કરીશું→अदअ + अस्→अद + अस् । પછી ૧૨૬. प्रथमयोः पूर्वसवर्णः । સૂત્રથી પૂર્વસવર્ણ દીર્ઘ થશે→अदास् । પછી ૧૩૭. तस्माच्छसो नः पुंसि । થી अदान । થશે. હવે ૮–૨–૮૦ થી द् ની પાછળ उत्व અને द् ને પોતાને मत्व થશે→अद् आन् (અહીં द् ની પાછળનો आ કાર દીર્ઘ હોવાથી, તેના સ્થાને જે उत्व વિધિ થશે = उ કાર આદેશ રૂપે થશે, તે પણ દીર્ઘ ऊ કાર જ કરવાનો રહેશે→अद् ऊ न्→अ म् ऊ न् = अमून् ।। રૂપ બની જશે.

अदस् + टा (તૃતીયા એ.વ.)માં अत्व અને પરરૂપ કરતાં→अद अ + आ→अद + आ→પછી मुत्व (= मत्व અને उत्व) કરીશું→अद् अ + आ→अम् उ + आ = अमु + आ । હવે પ્રકૃતિ 'अमु' એવી उ કારાન્ત બની જતાં, ૧૭૦. शेषो घ्यसखि । થી 'अमु' ની घि સંજ્ઞા કરવામાં આવશે. પછી ૧૭૧. आङो नाऽस्त्रियाम् । થી टा પ્રત્યયને ना આદેશ થશે→अमु + ना = अमुना । રૂપ બની જશે (અથવા આવશે) ત્યારે નીચે મુજબની શંકા ઊભી થાય છે :—

अदस् + टा । માંથી अत्व, પરરૂપ અને પછી ત્રિપાદીના સૂત્ર ૮–૨–૮૦થી मुत्व કરીને अमु + आ ની સ્થિતિએ પહોંચ્યા છીએ. હવે જે ૧૭૧, आङो नाऽस्त्रियाम् । ૭–૩–૧૨૦ સૂત્રથી टा (आ) પ્રત્યયના સ્થાનમાં ना આદેશ લાવવા વિચારીએ છીએ, તે સૂત્ર તો સપાદસપ્તાધ્યાયીનું છે. જ્યારે मुत्व વિધિ કરનારું अदसोऽसे र्दाद् उ दो मः । ૮–૨–૮૦ સૂત્ર તો ત્રિપાદીનું છે. આથી ना આદેશ (૭–૩–૧૨૦)ની પ્રત્યે मुत्व વિધિ કરનારું સૂત્ર (૮–૨–૮૦) અસિદ્ધ થશે; એટલે કે अमु + आ । ની સ્થિતિમાં ૭–૩–૧૨૦ સૂત્ર એવું જોશે કે मुत्व થયું જ નથી,

૫૨૩૫ થયા પછીની અદ + આ ની સ્થિતિ હજી ચાલુ છે એવું જ ૭-૩-૧૨૦ સૂત્ર માનશે. પરિણામે જો 'પ્રકૃતિ ઉ કારાન્ત નથી થઈ' એમ માનવામાં = જોવામાં આવશે તો ૧૭૦. શેષો ઘ્યસખિ । ૧-૪-૭ થી પ્રકૃતિની 'ઘિ' સંજ્ઞા પણ થશે નહીં; (અને તેના નિમિત્તે ટા પ્રત્યયને ના આદેશ પણ નહીં જ થાય).

મુત્વ ના અસિદ્ધત્વથી ઊભી થનારી આ શંકા એક બીજા અનિષ્ટ-કાર્ય તરફ આંગળી ચીંધે છે. જેમકે, માની લે કે अमु+આ । માં ના આદેશ કરી દેશો → अमु + ना । તો પણ (ત્રિપાદી સૂત્રોક્ત) મુત્વ તો અસિદ્ધ જ છે. (એ સ્થિતિ તો અફર છે.) સપાદસપ્તાધ્યાયીનું બીજું એક સૂત્ર [૧૪૧. [सुपि च । ૭-૩-૧૦૨] એમ જોશે કે 'હજી પ્રકૃતિ (અદ + ના) એવી અદન્ત જ છે, તો "યઞાદિ સુપ્ પરમાં રહેતાં (= ના આદેશ યઞાદિ સુપ્ થશે તો) सुपि च । ૭-૩-૧૦૨ થી તે અદન્ત પ્રકૃતિને દીર્ઘ કરવો."—આવું થાય તે બીજું અનિષ્ટ છે.

આ દ્વિવિધ શંકાને દૂર કરવા સૂત્રકાર પાણિનિએ જ નીચે મુજબનું એક સૂત્ર રજૂ કર્યું છે:—

૩૫૮. 'ના' આદેશ પ્રવૃત્ત કરવાનો હોય, **અથવા** કરી લીધો હોય ત્યારે મુ ભાવ (= મુત્વ= વિધિ = મ્ આદેશ અને ઉ આદેશ) (ત્રિપાદી ૮-૨-૮૦ સૂત્રોક્ત હોવા છતાંય) અસિદ્ધ ગણવો નહીં.

આ વિશેષ સૂત્રથી अमु + આ । માં મુત્વ અસિદ્ધ ગણાશે નહીં, તેથી (૧) પ્રકૃતિ ઉ કારાન્ત ગણીને ઘિ સંજ્ઞા પણ થશે; અને आङो नाऽस्त्रियाम् । પણ લાગી શકશે → अमु + ना = अमुना । થઈ શકશે. **અથવા** (૨) अमु + ना કરી લીધું હશે, તો ત્યાર પછીય મુત્વ અસિદ્ધ નહીં ગણાતાં, પ્રકૃતિ અદન્ત માની શકાશે નહી. પરિણામે अमु + ना । ની સ્થિતિમાં सुपि च । થી દીર્ઘની પણ (અનિષ્ટ) પ્રાપ્તિ થશે નહીં. આ દૃષ્ટિએ પણ अमुना । રૂપ બની જશે.

अदस् + भ्याम् (તૃતીયા, દ્વિ.વ.)માં પહેલાં अत्व, पररूप વિધિઓ થશે → अद अ + भ्याम् → अद + भ्याम् । પછી પ્રકૃતિ અદન્ત બનતાં અને યઞાદિ સુપ્ પરમાં રહેતાં सुपि च । થી દીર્ઘ પણ થશે, તો → अदा + भ्याम् થશે. પછી ૮-૨-૮૦ થી મુત્વ વિધિ થશે → अद् आ + भ्याम् → अ म् ऊ + भ्याम् = अमूभ्याम् ।

अदस् + भिस् (તૃતીયા બહુવચન)માં પૂર્વવત્ પ્રકૃતિ અદન્ત બનાવીશું → अद अ + भिस् → अद + भिस् પછી ૧૪૫. बहुवचने झल्येत् । થી અદન્ત પ્રકૃતિને एत्व થશે → अदे + भिस् । પછી ૩૫૭. एत ई बहुवचने । ૮-૧-૮૧ થી एद्

કારને ई કાર અને द् ને म् કારાદેશ થશે→अद् ए + भिस्→अम् ई + भिस् = अमी + भिस् । પછી स् કારને રુત્વ, વિસર્ગ થઈને अमीभिः । રૂપ બની જશે.

अदस् + ङे (ચતુર્થી એ.વ.) માં પહેલાં પ્રકૃતિને પૂર્વવત્ અદન્ત બનાવશે→ अदस + ए→अद + ए । પછી અ કારાન્ત સર્વનામ પ્રકૃતિને ૧૫૩. सर्वनाम्नः स्मै । થી ङे ને स्मै આદેશ કરીશું→अद + स्मै । પછી मुत्व विधि→अमु + स्मै । પછી आदेशप्रत्ययोः । થી પ્રત્યયના આદેશના स् કારને મૂર્ધન્ય ष् આદેશ થશે કેમકે તે હવે अमु ના उ કાર (= इण्) ની પાછળ આવેલો છે →अमुष्मै ।

अदस् + भ्यस् । ચતુર્થી બ.વ.)માં अद + भ्यस् બનાવ્યા પછી, एत्व થશે अदे + भ्यस् । પછી ૩૫૭. થી ए ને ईत्व અને द् ને म् કાર→अमी + भ्यस् →अमीभ्यः । બનશે.

अदस् + ङसि (પંચમી, એ.વ.)માં अद + अस् । त्यां ङसिङ्योः स्मात्स्मिनौ ॥ થી ङसि ને स्मात् । →अद + स्मात् । પછી मुत्व विधि→अमु + स्मात् । પછી મૂર્ધન્યાદેશ→अमुष्मात् ।

अदस् + ङस् । (ષષ્ઠી એ.વ.)માં अद + अस् થતાં टाङसिङसाम् इनात्स्याः । થી ङस् ના સ્થાનમાં स्य આદેશ થશે - अद + स्य । પછી मुत्व અને षत्व થતાં →अमु + ष्य = अमुष्य । બનશે.

अदस् + ओस् (ષષ્ઠી, દ્વિ. વ.)માંથી अद + ओस् એમ અદન્ત થતાં, ओसि च । થી एत्व થશે→अदे + ओस् । પછી ए ના સ્થાનમાં अय् આદેશ→अद् अय् + ओस् । પછી मुत्व→अम् उय् + ओस्→अमुयोस् = अमुयोः । રૂપ થશે.

अदस् + आम् (ષષ્ઠી, બ. વ.)માંથી अद + आम् થયા પછી अदन्त સર્વનામની પાછળ આવેલા आम् ને सुट् આગમ થશે → अद + स् आम् । પછી बहुवचने झल्येत् । થી अदे + साम् । પછી ए ને ई તથા द् ને म् થશે → अमी + साम् । પછી स् ને षत्व થશે→अमीषाम् ।

अदस् = ङि (સપ્તમી, એ. વ.)માં પણ अद + इ → अद + स्मिन्→अमु + स्मिन्→अमुष्मिन् એ ક્રમે પ્રક્રિયા થશે.

अदस् + सुप् (સપ્તમી, બ. વ.)માંથી अद + सु→अदे + सु→अम् ई + सु→ अमी + सु→अमीषु । એવા ક્રમે પ્રક્રિયા થશે.

આ પ્રમાણે स् કારાન્ત પુંલિંગ શબ્દોની રૂપસિદ્ધિ પૂરી થઈ.

વિમર્શ : આ પ્રકરણમાં વ્યંજનાન્ત પુંલિંગ જે શબ્દોની રૂપસિદ્ધિ દર્શાવાઈ છે તે નીચે મુજબ છે :

(૧) ह કારાન્તમાં लिह्, दुह्; (૨) व् કારાન્ત सुदिव्; (૩) રેફાન્તમાં चतुर्; (૪) म કારાન્તમાં प्रशाम्, किम् અને इदम्, (૫) न् કારાન્તમાં राजन्, यज्वन्, ब्रह्मन्, वृत्रहन्; (૬) ज કારાન્તમાં ऋत्विज्, युज् અને राज्; (૭) द કારાન્તમાં तद्, युष्मद् અને अस्मद्; (૮) त કારાન્તમાં पात्, महत्, भवत्, ददत्; (૯) क કારાન્તમાં प्राक्, उदक्, तिर्यक्, (૧૦) प કારાન્તમાં गुप्; (૧૧) श કારાન્તમાં विश्, तादृश्, नश्, षश्, (૧૨) स કારાન્તમાં पिपठीस्, चिकीर्स्, विद्वस्, अनेहस्, वेधस् અને अदस्—આટલા શબ્દોની અહીં રૂપસિદ્ધિ દર્શાવાઈ છે. य, ल, ञ, ङ, ण, झ, भ, घ, ढ, ध, ब, ग, ड, ख, फ, छ, ठ, थ, च, ट, ष કારાન્ત શબ્દોનાં ઉદાહરણો અહીં રજૂ થયાં નથી.

* અહીં હલન્ત–પુંલિંગ પ્રકરણ પૂર્ણ થયું *

९

॥ अथ हलन्तस्त्रीलिङ्गप्रकरणम् ॥

359. नहो धः । ८–२–३४

नहो हस्य धः स्याद् झलि पदान्ते च ।

360. नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनिषु क्वौ । ६-१-११४

क्विबन्तेषु पूर्वपदस्य दीर्घः । उपानद् । उपानहौ । उपानत्सु । क्विन्नन्तत्वात् कुत्वेन घः—उष्णिक् । उष्णिहौ । उष्णिग्भ्याम् ॥ द्यौः । दिवौ । दिवः ॥ द्युभ्याम् ॥

गीः । गिरौ । गिरः ॥ एवम्–पूः । (पुरौ । पुरः)। चतस्रः । चतसृणाम् ॥

---

૩૫૯. √नह् (बन्धने) ધાતુના ह्કારને ध्કાર આદેશ થાય છે; જો झल् પરમાં હોય તો અને પદાન્તમાં.

[નોંધ : झल् = झल् પ્રત્યાહારના વર્ણો પરમાં હોય ત્યારે અને 'પદાન્તમાં'= भ्याम् ૩, भिस्, भ्यस् ૨ અને ૭મી વિ.નો सुप्—આટલા પ્રત્યયો પરમાં હોય ત્યારે]

(उपानह्यति इति) उपानह् (= ચંપલ, જોડાં) આ હકારાન્ત સ્ત્રીલિંગ શબ્દમાં અંતે આવેલો नह् તે √णह् ધાતુનો છે. उप ઉપસર્ગ + √नह् (દિવાદિ) ધાતુમાંથી, આ શબ્દ કેવી રીતે બન્યો છે ?– તે હવે દર્શાવવામાં આવે છે :

૩૬૦. क्विबन्त (= क्विप् પ્રત્યયાન્ત) એવા नह्, वृत्, वृष्,व्यध्, रुच्, सह् અને तन ધાતુ પરમાં રહ્યા હોય ત્યારે પૂર્વપદને દીર્ઘ થાય છે.

उप + √नह् + क्विप् → उप + नह् + ० (ક્વિપ્ પ્રત્યયના તમામ વર્ણોનો (= સર્વાપહારી) લોપ થાય છે; પછી उपनह् ને 'ક્વિબન્ત नह्' કહેવાશે, તેથી પ્રસ્તુત ૩૬૦. સૂત્રથી उपના અંતિમ अकारને દીર્ઘ થશે → આમ उपानह् શબ્દ બન્યો.

उपानह् + सु (प्रथमा એ. વ.)માં हल्ङ्याब्भ्यो० । થી सुના स्નો લોપ થશે→उपानह् + ० । પછી ૩૫૯. नहो धः । થી नह्ના ह्કારને ध्કારાદેશ થશે→ उपानध् । પછી ૬૭. झलां जशोऽन्ते । થી પદાન્તે આવેલા झल्ને जश् થશે→ उपानद् । પછી वाऽवसाने । થી વિકલ્પે चर् થશે, તો उपानत् । અને उपानद् । એવાં બે રૂપો થશે.

उपानह् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં કોઈ વિશેષ કાર્ય થતું નથી. → उपानहौ ॥ उपानह् + सुप् (સપ્તમી બ. વ.)માં ઉપર મુજબની પ્રક્રિયા કરીને ह्→ ध्→द्→त् કરીશું તો उपानत्सु । રૂપ બની જશે.

[નોંધ : આ ૩૬૦થી દીર્ઘ પામનારા અન્ય શબ્દો આ મુજબ છે : नीवृत्–જનપદ, દેશ, प्रावृट्–વર્ષાઋતુ, मर्माविध्–મર્મસ્થાન ભેદનાર, अभीरुक्–ચારે તરફ પ્રકાશનાર, ऋतीषह्–કષ્ટ સહન કરનાર અને परीतत्–ચારે બાજુએ ફેલાનાર.]

उष्णिह् (એક વૈદિક છન્દનું નામ)

उद् ઉપસર્ગ + ष्णिह्→ધાતુને ૩૦૧. ऋत्विग्दधृक्०...। સૂત્રથી क्विन् પ્રત્યય થઈને, પછી તેનો લોપ કરીશું, તો उद् + ष्णिह् + क्विन्→ उत् + ष्णिह् + ०। થશે. (નિપાતનથી उद्ના द्કારનો લોપ કરીશું, તો) उष्णिह् । હવે આ શબ્દ क्विन् પ્રત્યયાન્ત બન્યો હોવાથી પ્રથમા એ.વ.માં उष्णिह् + स्→ उष्णिह् + ० । માં ૩૦૪. क्विन्प्रत्ययस्य कुः । થી ह् કારને घ् કાર થશે : उष्णिघ् । (ह् કાર ઘોષ, મહાપ્રાણ હોવાથી તેના સ્થાને क વર્ગનો घ् કાર થયો). પછી जश्त्व કરીશું→ उष्णिग् । અને તેને વિકલ્પે वाऽवसाने । થી चर्त्व થશે, તો उष्णिक् । અને उष्णिग् । બનશે.

उष्णिह् + औમાં વિશેષવિધિ નથી→ उष्णिहौ । उष्णिह् + भ्याम् (તૃતીયા દ્વિ. વ.)માં ૩૦૪.થી ક્વિન્–પ્રત્યયાન્ત શબ્દ તરીકે, તેને कुत्व થશે→ उष्णिघ् + भ्याम् । પછી झलां जशोऽन्ते । થી जश्त्व થશે, તો उष्णिग्भ्याम् । રૂપ બની જશે.

दिव् (આકાશ) व्કારાન્ત સ્ત્રીલિંગ શબ્દની રૂપસિદ્ધિ આ મુજબ થશે : दिव् + सु (પ્રથમા, એ. વ.)માં ૨૬૪. दिवः औत् । સૂત્રથી 'दिव्ના અંતિમ व् કારના સ્થાનમાં औत् આદેશ થાય છે; सु પ્રત્યય પરમાં હોય ત્યારે.'→ दि औ + स् પછી इको यणचि । થી યણાદેશ થશે→ द्य् औ + स् = द्यौ + स् । હવે स्ને સ્થાને રુત્વ, વિસર્ગ થઈને द्यौः । રૂપ બની જશે.

दिव् + औ । અને दिव् + जस् । (પ્રથમા દ્વિ. વ. અને બ. વ.)માં કોઈ વિશેષ કાર્ય થતું નથી. दिवौ । અને दिवः । રૂપો બની જશે. दिव् + भ्याम् । भिस् જેવી હલાદિ વિભક્તિઓ પરમાં હશે, ત્યારે ૨૬૫. दिव उत् । સૂત્રથી,

પદાન્તમાં व् ને સ્થાને उ કારાદેશ થશે, અને પછી યણાદેશ થશે. તો दिउ+भ्याम् । द्य् उ + भ्याम् = द्युभ्याम् । द्युभिः । જેવાં રૂપો બની જશે.

गिर् (વાણી) રેફાન્ત સ્ત્રીલિંગ શબ્દ

गिर् + सु (પ્રથમા એ. વ.)માં ૩૫૧. र्वोरुपधाया दीर्घ इकः । થી રેફાન્ત (કે વાન્ત) ધાતુની ઉપધામાં આવેલા इक् ને દીર્ઘ થાય છે→गीर् + स् । પછી हल्ङ्याब्भ्यो० । થી स् નો લોપ થશે, અને પદાન્તે આવેલા રેફનો વિસર્ગ થશે, તો→गीर् + ०→गीः । गिर् + औ । (પ્રથમા દ્વિ. વ.) વગેરે અજાદિ વિભક્તિમાં કોઈ વિશેષ કાર્ય થશે નહીં, તો गिरौ । गिरः ।। गिरा । વગેરે રૂપો બની જશે. પણ गिर् + भ्याम् । વગેરે હલાદિ વિ. પરમાં રહેતાં र्वोरुपधायाः०। થી ઉપધાને દીર્ઘ થશે; અને गीर्भ्याम् । गीर्भिः । વગેરે રૂપો બનશે. गिर् + सुप् (સપ્તમી બ. વ.)માં गीर् + सु । પછી आदेशप्रत्यय योः । થી મૂર્ધન્યાદેશ→गीर् + षु । અહીં ૨૬૮. रोः सुपि । થી 'रु'ના રેફને જ વિસર્ગ થાય છે; (પ્રાતિપદિકના રેફનો નહીં)—એ નિયમ મુજબ રેફનો વિસર્ગ થશે નહીં. તો રેફનું પરવર્તી વર્ણ ઉપર 'જલ–તુંબિકાન્યાય'થી ઊર્ધ્વગમન થઈને गीर्षु । રૂપ બની જશે.

આ જ પ્રમાણે पुर् (નગર) શબ્દનાં રૂપો પણ બનશે. पूः । पुरौ । पुरः ।। पूर्भ्याम् । વગેરે.

प्र०	गीः	— गिरौ	— गिरः
सं०	हे गीः	— गिरौ	— गिरः
द्वि०	गिरम्	— गिरौ	— गिरः
तृ०	गिरा	— गीर्भ्याम्	— गीर्भिः
च०	गिरे	— ,,	— गीर्भ्यः
पं०	गिरः	— गीर्भ्याम्	— गीर्भ्यः ।
ष०	गिरः	— गिरोः	— गिराम्
स०	गिरि	— गिरोः	— गीर्षु

चतुर् (ચાર સ્ત્રી) રેફાન્ત, સ્ત્રીલિંગ, નિત્ય બહુવચનાન્ત

चतुर् + जस् (પ્રથમા બ, વ.)માં ૨૨૪. त्रिचतुरोः स्त्रियां तिसृचतसृ । સૂત્રથી સ્ત્રીલિંગમાં चतुर् ને સ્થાને चतसृ આદેશ થશે, કોઈ પણ 'વિભક્તિ' સંજ્ઞક પ્રત્યય પરમાં હોય ત્યારે. →चतसृ + अस् । પછી યણાદેશ→चतस र् + अस् = चतस्र् + अस् = चतस्रः । રૂપ થશે. चतुर् + आम् । (ષષ્ઠી બ. વ.)માં चतसृ આદેશ અને नुट् આગમ થશે→चतसृ + न् आम्→चतसृ + नाम् । અહીં नामि । થી દીર્ઘ થવા આવે છે, પણ ૨૨૬. न तिसृचतसृ । થી તેનો નિષેધ થાય છે; આથી કેવળ णत्व થઈને चतसृणाम् । રૂપ બની જશે. प्र० चतस्रः । सं० हे चतस्रः । द्वि० चतस्रः । तृ० चतसृभिः । च० चतसृभ्यः । पं० चतसृभ्यः । ष० चतसृणाम् । स० चतसृषु ।

का । के । काः ॥ सर्वावत् ।

361. यः सौ । ७-२-११०

इदमो दस्य यः । इयम् ; त्यदाद्यत्वम्, पररूपत्वम्, टाप्, 'दश्च' इति मः —इमे । इमाः । इमाम् । अनया । हलि लोपः—आभ्याम् । आभिः । अस्यै । अस्याः । अनयोः । आसाम् । अस्याम् । आसु ॥

(त्यद्) त्यदाद्यत्वम्, टाप् । स्या । त्ये । त्याः ॥ एवम्—तद्, एतद् ॥

वाक्—वाग् । वाचौ । वाग्भ्याम् । वाक्षु ॥

હવે किम्—'કોણ, શું ?' એવા પ્રશ્ન વાચક સર્વનામના સ્ત્રીલિંગમાં કેવી રીતે રૂપો સિદ્ધ થશે તે જોઈશું.

किम् + सु (પ્રથમા, એ.વ.)માં ૨૭૧. किमः कः ।) સૂત્રથી વિભક્તિ પરમાં રહેતાં किम् ને સ્થાને क આદેશ થાય છે,' →क + सु । હવે સ્ત્રીત્વની વિવક્ષા કરીશું, તો 'क' એવા अ કારાન્ત શબ્દને (સ્ત્રી લિંગમાં ફેરવવા માટે) ૧૨૪૭. अजाद्यतष्टाप् । થી टाप् (= आ) પ્રત્યય લગાડીશું→क + टाप् + सु→क + आ + स्→का + स् । હવે का એવો સ્ત્રીલિંગ आ કારાન્ત શબ્દ પણ 'સર્વનામ' તો કહેવાશે જ. તેથી તેની રૂપસિદ્ધિ सर्वा ની જેમ જ થશે. તો નીચે મુજબ રૂપો ચાલશે.

प्र०	का	— के	— काः
द्वि०	काम्	— के	— काः
तृ०	कया	— काभ्याम्	— काभिः
च०	कस्यै	— ,,	— काभ्यः
पं०	कस्याः	— काभ्याम्	— काभ्यः
ष०	कस्याः	— कयोः	— कासाम्
स०	कस्याम्	— कयोः	— कासु ।

(सम्बोधनम् नास्ति)

इदम् (આ)નાં સ્ત્રીલિંગમાં રૂપો.

૩૬૨. इदम् શબ્દના द् કારને સ્થાને य् કાર આદેશ થાય છે. (सु પ્રત્યય પરમાં હોય ત્યારે અને સ્ત્રીલિંગમાં).

इदम् + सु (પ્રથમા, એ.વ.)માં આ (૩૬૨.) સૂત્રથી द् ના સ્થાનમાં य् આદેશ થશે→इ य् अ म् + सु→इयम् + स् । પછી हल्ङ्याब्भ्यो० સૂત્રથી स् નો લોપ થશે→इयम् + ० = इयम् । રૂપ બની જશે.

હવે આગળનાં રૂપો ચલાવવાં માટે (इदम् + औ । इदम् + जस् વગેરેમાં) પહેલાં त्यदादीनाम् अः । થી अत्व થશે→इद अ+औ । પછી अतो गुणे । થી પરરૂપ વિધિ થશે. →इद+औ । પછી અજાદ્યષ્ટાપ્ । થી સ્ત્રીલિંગનો टाप् (=आ) પ્રત્યય લગાડીશું→इद आ+औ । इदा+औ । પછી ૨૭૫. दश्च । થી इदम् ના द् કારને म्→કાર થશે→इम्

આ + औ । → इमा + औ । પછી ૨૧૬. औङ आपः । થી આ કારાન્ત અંગની પરમાં આવેલા औङ (= औ) પ્રત્યયને શી (ई) આદેશ થશે→ इमा + ई । પછી ગુણ થશે→ इमे । રૂપ બની જશે આ જ પ્રમાણે इदम् + जस् । માંથી इद अ + → अस् → इद + अस् → टाप् પ્રત્યયથી इदा + अस् → द् ના સ્થાને म् → इमा + अस् = इमाः । (પ્રથમા, બ.વ.)માં થશે. આ જ પ્રમાણે દ્વિતીયા વિભક્તિમાં इमाम् — इमे — इमाः । અહીં इदा બન્યા પછી સર્વાંની જેમ રૂપો ચાલે છે.

इदम् + टा । (તૃતીયા, એ.વ.)માં અને इदम् + ओस् (ષષ્ઠી, સપ્તમી દ્વિવચન)માં ૨૭૬. अनाप्यकः । થી इद् ભાગને अन् આદેશ કરીને अनया । અને अनयोः । જેવાં રૂપો બને છે. હવે જ્યારે भ्याम्, भिस् વગેરે હલાદિ વિભક્તિઓ પરમાં રહેશે ત્યારે ૨૭૭. हलि लोपः । થી इद् ભાગનો લોપ થશે→ इदम् + भ्याम् → इद अ + भ्याम् → इद + भ्याम् → इद टाप् + भ्याम् → इद आ + भ्याम् → इदा + भ्याम् । પછી इद्નો લોપ → आ + भ्याम् = आभ्याम् રૂપ બની જશે. એ જ પ્રમાણે, इदम् + भिस् માંથી પણ इदा + भिस्માં इद् નો લોપ થશે→ તો आ + भिस् = आभिः રૂપ બને છે.

इदम् + ङे (ચતુર્થી, એ.વ.)માં ङित् પ્રત્યય પરમાં રહેવાથી, પ્રત્યયને स्याट् આગમ થશે અને સર્વનામ इदा ને હ્રસ્વ પણ થશે તેથી 'भ' સંજ્ઞાના વિષયોમાં પણ પ્રત્યય હલાદિ બની જશે. અને ૨૭૭. થી इद् ભાગનો લોપ થઈ જશે. જેથી इदा + स्या ए → इद + स्या + स्या + ए પછી इद् નો લોપ થશે→ ० अ + स्या + ए → अ + स्यै = अस्यै । રૂપ સિદ્ધ થશે.

— इदम् + ङसि અને ङस् (પંચમી, ષષ્ઠી એ.વ.)માં પણ ત્યદાદ્યત્વ, પરરૂપ, टाप्, ङित् પ્રત્યયને स्याट् આગમ અને 'इदा' સર્વનામને હ્રસ્વ થતાં; અને इद् નો લોપ થતાં अस्याः । રૂપ બની જશે.

इदम् + आम् (ષષ્ઠી બ.વ.)માં सुट् આગમ થઈને इदा + साम् । (અહીં स्याट् આગમ થયો નથી, એટલે સર્વનામને હ્રસ્વ પણ થશે નહીં); इद् ભાગનો લોપ થતાં आ + साम् = आसाम् । રૂપ બની જશે.

इदम् + ङि (સપ્તમી, એ.વ.)માં इद अ + इ → इद टाप् + इ → इद आ + इ → इदा + स्याट् इ → इद + स्या + इ → इद + स्या आम् → इद् → अ + स्याम् = स्याम् । થશે.

इदम् + सुप् (સપ્તમી બ.વ.)માંથી इदा + सु, અને પછી इद् નો લોપ થતાં आ + सु = आसु રૂપ બની જશે.

*

આ જ પ્રમાણે 'त्यद्' (તે) સર્વનામનાં રૂપો પણ સિદ્ધ થશે તેમાં त्यदादीनाम् अः । અને अजाद्यष्टाप् । વગેરે પૂર્વવત્ પ્રવૃત્ત થશે. તો स्या । त्ये । त्याः । વગેરે રૂપો થશે. આ જ પ્રમાણે तद् અને एतद् નાં રૂપો થશે.

इदम् (સ્ત્રી લિંગ)

इयम्	इमे	इमाः	अस्याः	आभ्याम्	आभ्यः
इमाम्	इमे	इमाः ।	अस्याः	अनयोः	आसाम्
अनया	आभ्याम्	आभिः	अस्याम्	अनयोः	आसु
अस्यै	,,	आभ्यः			

तद् (તે) સ્ત્રીલિંગ

प्र०	सा	ते	ताः	पं०	तस्याः	ताभ्याम्	ताभ्यः
द्वि०	ताम्	ते	ताः	ष०	तस्याः	तयोः	तासाम्
तृ०	तया	ताभ्याम्	ताभिः	स०	तस्याम्	,,	तासु
च०	तस्यै	,,	ताभ्यः				

एतद् (પેલી) સ્ત્રીલિંગ

प्र०	एषा	एते	एताः	पं०	एतस्याः	एताभ्याम्	एताभ्यः
द्वि०	एताम्	एते	एताः	ष०	एतस्याः	एतयोः	एतासाम्
तृ०	एतया	एताभ्याम्	एताभिः	स०	एतस्याम्	एतयोः	एतासु ।
च०	एतस्यै	एताभ्याम्	एताभ्यः				

*

वाच् (च् કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ)–વાણી वाच् + सु (પ્રથમ, એ. વ.)માં हल्ङ्याब्भ्यो० । સૂત્રથી હલન્ત શબ્દની પરમાં આવેલા सु ના स् નો લોપ થશે →वाच् + स् →वाच् + ० । પછી झलां जशोऽन्ते । થી च् ને जश्त्व→वाज् । પછી चोः कुः । થી કુત્વ થશે→वाग् । (च् વર્ગના તૃતીય ज् કારને સ્થાને क વર્ગનો તૃતીય ग् થશે) હવે 'वाग्' માં वाऽवसाने । થી વિકલ્પે चर् થશે→वाक् અને वाग् । એવાં બે રૂપો થશે. वाच् + औ । (પ્રથમા, દ્વિ. વ.)માં કોઈ વિશેષ કાર્ય નહીં થાય તો वाचौ । રૂપ થશે. આ પ્રમાણે જ અન્ય અજાદિ વિભક્તિઓમાં પણ રૂપો થશે. वाच् + भ्याम् । (તૃતીયા, દ્વિ.વ.)માં च् ને जश्त्व→वाज् + भ्याम् । પછી કુત્વ વિધિ→वाग् + भ्याम् = वाग्भ्याम् ।। રૂપ થશે.

वाच् + सु (સપ્તમી બ.વ.)માં च् કારને जश्त्व અને कुत्व થશે તો वाक् + सु । બનશે. પછી आदेशप्रत्यययोः । થી षत्व થશે→वाक् + षु । હવે क् + ष् = क्ष् બને છે, એ રીતે वाक्षु રૂપ બની જશે.

'अप्' शब्दो नित्यं बहुवचनान्तः । 'अप्तृन्तृच्०' इति दीर्घः । आपः । अपः ।

362. अपो भि । ७–४–४८

अपस्तकारो भादौ प्रत्यये । अद्भिः । अद्भ्यः । अद्भ्यः । अपाम् । अप्सु ॥ दिक्–दिग् । दिशः । दिग्भ्याम् ॥

'त्यदादिषु' इति दृशेः क्विन्विधानाद् अन्यत्रापि कुत्वम् । दृक्–दृग् । दृशौ । दृग्भ्याम् ॥

त्विट्–त्विड् । त्विषौ । त्विड्भ्याम् ॥

'ससजुषो रुः' इति रुत्वम् । सजूः । सजुषौ । सजूर्भ्याम् । सजूःषु–सजूष्षु ॥

आशीः । आशिषौ । आशीर्भ्याम ॥

असौ । उत्व-मत्वे । अमू । अमूः ॥ अमुया । अमूभिः । अमुष्यै । अमूभ्यः । अमुष्याः । अमुयोः । अमूषाम् । अमुष्याम् । अमूषु ॥

॥ इति हलन्तस्त्रीलिङ्गप्रकरणम् ॥

अप् (પાણી) સ્ત્રીલિંગ

अप् શબ્દ હંમેશા બહુવચનમાં જ વપરાય છે. તેથી अप् + जस् (પ્રથમા, બ. વ) માં ૨૦૬. अप्–तृन्–तृच्. प्रशास्तृणाम् । થી 'સમ્બુદ્ધિભિન્ન સર્વનામ-સ્થાન પરમાં હોય ત્યારે अप् વગેરે શબ્દોની ઉપધાને દીર્ઘ થાય છે.→ आप् + अस् = आपः । રૂપ થશે.

अप् + शस् (દ્વિતીયા, બ. વ.)માં ઉપધાને દીર્ઘ નહીં થાય તો अप् + अस् = अपः । રૂપ થશે.

૩૬૨. अप् શબ્દને त् કાર (અન્તાદેશ રૂપે) થાય છે; જો भ् કારાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે.

अप् + भिस् (તૃતીયા, બ. વ.) માં ૩૬૨. થી त् કાર અન્તાદેશ કરીશું તો अत् + भिस् । પછી झलां जशोऽन्ते । થી 'પદ'ના* અંતે આવેલા झल् (= त् કાર) ને जश् (= द् કાર) થશે→ अद् + भिस् = अद्भिः ॥ રૂપ સિદ્ધ થયું.

---

* અહીં स्वादिष्वसर्वनामस्थाने । સૂત્રોક્ત અને सुप्तिङन्तं पदम् । સૂત્રોક્ત 'પદ' સંજ્ઞા લેવાની છે.

अप् + भ्यस् (ચતુર્થી, પંચમી બ.વ.) માં પણ પૂર્વોક્ત વિધિ જ થશે→ अत् + भ्यस् → अद् + भ्यस् —अद्भ्यः । अप् + आम् (ષષ્ઠી બ. વ.) માં કોઈ વિશેષ કાર્ય થશે નહી. તો अपाम् । રૂપ બનશે., અને अप् + सुप् (સપ્તમી બ.વ.) માં પણ વિશેષ કાર્ય નથી. તો अप्सु । રૂપ બની જશે. [સંબોધનમાં अप् + जस् માં ઉપધા દીર્ઘ નહીં થાય તો, अप् + अस = अपः રૂપ બનશે.]

*

दिश् (દિશા) श् કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ

√दिश् ધાતુને ૩૦૧. ऋत्विग्-दधृक्-स्रग्-दिग्-उष्णिगञ्चु-युजिक्रुञ्चां च । થી क्विन् પ્રત્યય લાગે છે→दिश् + क्विन्→दिश् + ० ॥ હવે આ दिश् શબ્દ ક્વિન્ પ્રત્યયાન્ત કહેવાશે, તેથી (પુંલિંગ) तादृश् શબ્દની જેમ એનાં રૂપો ચાલશે. ૧. दिश् + अजादि પ્રત્યય હશે ત્યારે કોઈ વિશેષકાર્ય થશે નહીં. ૨. दिश् + हलादि પ્રત્યય હશે ત્યારે श्→ष्→ड्→ग् થશે. અને ૩. दिश् + सु કે सुप् હશે ત્યારે श्→ष्→ड्→ग् અને क् થશે.

प्र०	दिग्/दिक्	दिशौ	दिशः
द्वि०	दिशम्	दिशौ	दिशः
तृ०	दिशा	दिग्भ्याम्	दिग्भिः
च०	दिशे	,,	दिग्भ्यः
पं०	दिशः	दिग्भ्याम्	दिग्भ्यः
ष०	दिशः	दिशोः	दिशाम्
स०	दिशि	दिशोः	(दिक्षु=) दिक्षु

दृश् (દૃષ્ટિ, આંખ) સ્ત્રીલિંગ

√दृश् (જોવું) ધાતુને 'જોનારી (આંખ), અર્થમાં क्विप् પ્રત્યય લાગીને दृश् એવો પ્રતિપદિક બનાવવામાં આવે છે. એ જ પ્રમાણે त्यद्, तद् વગેરે ઉપપદમાં રહ્યા હોય ત્યારે तद् + √दृश् ને क्विन् પ્રત્યય લગાડીને तादृश् વગેરે પ્રાતિપદિકો શબ્દો બનાવવામાં આવે છે. આવા तादृश् વગેરે क्विन પ્રત્યયાન્ત શબ્દોને ૩૦૪. क्विन् प्रत्ययस्य कुः । લાગે છે; અને कुत्व વિધિ થાય છે. પરંતુ એકલા √दृश् ધાતુને આપણે તો क्विप् પ્રત્યય લગાવ્યો છે, તેથી ૩૦૪. થી कुत्व થશે નહીં એવી શંકા થાય છે. એને દૂર કરવા માટે ઉપર કહ્યું છે કે–त्यदादिषु इति दृशेः क्विन्विधानाद् अन्यत्रापि कुत्वम् ॥ અર્થાત્ જેવી રીતે त्यद्, तद् વગેરે ઉપપદમાં રહેતાં √दृश् ધાતુને क्विन् પ્રત્યય લગાડવામાં આવે છે; તેથી એકલા दृश् ને ય [क्विप् પ્રત્યય લગાડ્યો હોવા છતાંય, क्विन् પ્રત્યયાન્ત ગણીને] ૩૦૪. થી कुत्व કરવામાં આવશે. પરિણામે दृश् (જોનારી આંખ) એવા પ્રાતિપદિકનાં રૂપો પણ तादृश् ની જેમ ચાલી શકશે. જેમકે, પ્રથમા એકવચનમાં दृक् અને दृग्

એવાં બે રૂપો થશે. તથા અજાદિ પ્રત્યય પરમાં રહેતાં दृशौ । दृशः । (પ્રથમા દ્વિ. વ. બ.વ. માં) રૂપો થશે, અને જ્યારે હલાદિ પ્રત્યય પરમાં હશે. ત્યારે श्‌→ष्‌→ड्‌→ग्‌ થઈને दृग्भ्याम्‌ । दृग्भिः । વગેરે રૂપો બનશે. [तादृश्‌ શબ્દના રૂપોમાંથી 'ता' દૂર કરી દેશો, તો दृश्‌ નાં રૂપો બની જશે. !]

त्विष्‌ (ष्‌ કારાન્ત 'કાન્તિ' અર્થવાળો શબ્દ

त्विष्‌ + सु (પ્રથમા, એ.વ.)માં हल्ङ्याब्भ्यो० થી स्‌ નો લોપ, પછી जश्त्व થશે→त्विड्‌ + ० । પછી वाऽवसाने० । થી વિકલ્પે चर्‌ થશે→त्विट्‌ અને त्विड्‌ એવાં રૂપો થશે. આ પછીનાં રૂપો પુંલિંગ रत्नमुष्‌ શબ્દની જેમ થશે.

सजुष्‌ (મિત્ર) ष्‌ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ

समानं जुषते = सेवते इति सजूः । (સખી, બહેનપણી) અહીં सजुष्‌ + सु (પ્રથમા એ. વ.)મા પહેલા हल्ङ्याब्भ्यो०થી स्‌ નો લોપ →सजुष्‌ + ० । પછી ससजुषो रुः । થી सजुष्‌ ના ष्‌ કારને રુત્વ→सजुर्‌ + ०। પછી ૩૫૧. र्वोरुपधायाः । થી રેફાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ થશે→सजूर्‌ । પછી खरवसानयोर्विसर्जनीयः । થી પદાન્ત રેફનો વિસર્ગ થશે→सजूः ॥ सजुष्‌ + औ (પ્રથમા, દ્વિ, વ.) વગેરે અજાદિ પ્રત્યય પરમાં રહેતાં કોઈ વિશેષ કાર્ય થશે નહીં. તો सजुषौ । सजुषः । વગેરે રૂપો બનશે.

सजुष्‌ + भ्याम्‌ । વગેરેમાં ससजुषो रुः । થી રુત્વ અને પછી ૩૫૧. થી ઉપધાને દીર્ઘ થશે → सजुर्‌ + भ्याम्‌→सजूर्‌ + भ्याम्‌ = सजूर्भ्याम्‌ । सजूर्भिः । વગેરે થશે. सजुर्‌ + सुप्‌ (સપ્તમી, બ. વ.)માં रुत्व, ઉપધાદીર્ઘ અને રેફને વિસર્ગ થશે તો→सजुर्‌ + सु→सजूर्‌ + सु→सजूः + सु । માં वा शरि । થી વિકલ્પે વિસર્ગ થશે તો (१) सजूस्सु અને (२) सजूःसु । થશે. હવે आदेशप्रत्यययोः । થી षत्व થશે → सजूस्षु અને सजूः षु । હવે પહેલા પક્ષમાં ष्टुना ष्टुः । થી ष्टुत्व કરીશું તો→सजूष्षु । થશે, અને सजूःषु । એવું બીજું રૂપ યથાવત્‌ રહેશે.

आशिष्‌ (આશીર્વાદ) ष કારાન્ત સ્ત્રીલિંગ

[आङ्‌ ઉપસર્ગપૂર્વક √शास्‌ ધાતુને क्विप्‌ પ્રત્યય લગાડીને आशिस्‌ + ०। શબ્દ બનાવાય છે; પછી ત્રિપાદીના शासिवसिघसीनां च । ૮–૩–૬૦ સૂત્રથી દન્ત્ય स्‌ ને મૂર્ધન્ય ष्‌ કરવામાં આવે છે : आशिष्‌]

હવે आशिष्‌ + सु (પ્રથમા, એ. વ.)માં हल्ङ्याब्भ्यो०। થી પ્રત્યયના स्‌ નો લોપ થશે→**आशिष्‌ + ०** । **પછી ૧૦૫. ससजुषो रुः** । ૮–૨–૬૬ એવા

સૂત્રની પ્રવૃત્તિ થવા આવે છે. હવે आशिष् શબ્દમાંનો ष् કાર તો ૮–૩–૬૦ સૂત્રથી જન્મ્યો છે. આથી તે ૮–૨–૬૬ સૂત્રની દૃષ્ટિએ અસિદ્ધ છે. (કારણ કે ત્રિપાદીમાં પૂર્વસૂત્રની દૃષ્ટિએ પરસૂત્ર અસિદ્ધ ગણવાનું છે : ૮–૨–૧). એટલે કે ૮–૨–૬૬ સૂત્રની દૃષ્ટિએ તો आशिष् ને બદલે आशिस् શબ્દ (स् કારાન્ત) જ ચાલુ છે. આથી ससजुषो रुः । ૮–૨–૬૬ લાગી શકશે→आशिस् + ०→आशिर् + ०। પછી ૩૫૧. र्वोरुपधाया: । થી રેફાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ થશે, અને રેફનો વિસર્ગ થશે તો→आशीर्→आशी: । રૂપ બની જશે.

आशिष् + औ/जस् વગેરે અજાદિ પ્રત્યયો પરમાં હશે ત્યારે કોઈ વિશેષ વિધિ થવાની નથી. आशिषौ । અને आशिष: । જેવાં રૂપો બની જશે. आशिष् + भ्याम् (તૃતીયા, દ્વિ. વ.) હલાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે પૂર્વવત્ ससजुषो रुः । થી ष् = स्, તેને રુત્વ, દીર્ઘ અને પછી વિસર્ગ થશે → आशिर् + भ्याम् → आशीर् + भ्याम् आशीर्भ्याम् । વગેરે.

प्र० आशी: – आशिषौ – आशिष:		च० आशिषे–आशीर्भ्याम्–आशीर्भ्य: ।	
सं० हे आशी: – ,, – ,,		पं० आशिष:– ,, – ,,	
द्वि० आशिषम्– ,, – ,,		ष० आशिष:–आशिषो: –आशिषाम्	
तृ० आशिषा – आशीर्भ्याम्– आशीर्भि:		स० आशिषि–आशिषो: –{आशी:षु / आशीष्षु}	

अदस् (પેલી) સ્ત્રીલિંગ

अदस् + सु (પ્રથમા એ. વ.)માં [પુંલિંગની જેમ જ રૂપસિદ્ધિ થાય છે :] ૩૫૫.થી सु પ્રત્યયનો લોપ થાય છે, અને औકાર અન્તાદેશ રૂપે લાગે છે → अदऔ + ०। પછી વૃદ્ધિ→अदौ + ० । ૩૧૦થી द् ના સ્થાનમાં स આદેશ → अस् औ = असौ । રૂપ બની જશે.

अदस् + औ (પ્રથમા, દ્વિ. વ.) त्यदादीनामः । થી अत्व→अदअ + औ→ પર રૂપ→अद + औ । પછી સ્ત્રીત્વની વિવક્ષામાં टाप् પ્રત્યય → अद आ + औ । સવર્ણદીર્ઘ→अदा + औ । પછી વૃદ્ધિ થશે તો→अदौ । પછી ૩૫૬. अदसोऽसे० । થી उत्व અને मत्व થશે→अद् औ→अमू ऊ = अमू । રૂપ બનશે.

अदस् + जस् (પ્રથમા, બ. વ.)માં પૂર્વવત્ अदा + अस् કર્યા પછી પૂર્ણ-સવર્ણ દીર્ઘ કરીશું→अदास् । પછી ૩૫૬,થી उत्व અને मत्व વિધિ થશે (द् ના સ્થાને म्, અને દીર્ઘ आ ના સ્થાને દીર્ઘ ऊ)→अमू ऊ स्→अमूस् રુત્વ, વિસર્ગ→अमू: । થશે.

अदस् + टा (તૃતીયા, એ. વ.)માં પૂર્વવત્ અદા + આ થશે. પછી ૨૧૮. आङि चापः । થી આબન્ત (= टाबन्त) શબ્દને एत्व→अदे + आ । પછી एचोऽयवायावः । થી अद् अय् + आ = अदया । પછી मत्व અને (હ્રસ્વ अ ના સ્થાને હ્રસ્વ उ =) उत्व→अम् उ या = अमुया । રૂપ બની જશે. પછી તૃતીયા દ્વિ. વ.માં अदस् + भ्याम्→अदा+भ्याम् = अमूभ्याम् । હવે अदस् + भिस् (તૃતીયા બ. વ.)માં પણ अदा + भिस्→उत्व, मत्व→अमूभिः ।

अदस् + ङे (ચતુર્થી, એ. વ.)માંથી अदा + ए બનાવ્યા પછી सर्वनाम्नः स्याड्ढ्रस्वश्च । થી अद + स्या ए = अद + स्यै । પછી मुत्व, उत्व→उम् उ + स्यै = अमुस्यै । પછી आदेशप्रत्यययोः । થી (પ્રત્યયના અંગભૂત બનેલા – પ્રત્યય ગણાતા) स् ના સ્થાને મૂર્ધન્ય ष् થશે→अमुष्यै । રૂપ બની જશે.

अदस् + भ्यस् માં પણ अदा + भ्यस् થયા પછી, मुत्व, उत्व થશે તો अमूभ्यः । રૂપ બનશે. अदस् + ङसि/ङस् (પંચમી, ષષ્ઠી એ. વ.)માં सर्वनाम्नः स्याड्ढ्रस्वश्च । થી अद + स्या अस् । પછી સવર્ણ દીર્ઘ अद + स्यास् । પછી मुत्व, उत्व → अमुस्याः । પછી षत्व વિધિ થતાં अमुष्याः । થશે.

अदस् + ओस् (ષષ્ઠી, સપ્તમી દ્વિ. વ.)માં अदा + ओस् થયા પછી ૨૧૮. आङि चापः । થી अदे + ओस् → अदय् + ओस् । પછી मत्व, उत्व→अमुयोस् →अमुयोः ।

अदस् + आम् (ષષ્ઠી, બ. વ.) માં अदा + अम् થયા પછી सुट् આગમ→ अदा + साम् । मुत्व થતાં अमूसाम्→મૂર્ધન્યાદેશ થતાં→अमूषाम् ।

अदस् + ङि (સપ્તમી એ. વ.) માં अदा + इ→सर्वनाम्नः स्याट्, ह्रस्वश्च । થી अदा સર્વનામને હ્રસ્વ અને ङित् પ્રત્યને स्या આગમ→अद + स्या इ । પછી ङेराम् नद्याम्नीभ्यः । થી ङि ના સ્થાને आम्→अद + स्या आम् સવર્ણ દીર્ઘ→अद + स्याम् । मुत्व થતાં→अमु + स्याम् । મૂર્ધન્યાદેશ→अमुष्याम् । થશે.

अदस् + सुप् (સપ્તમી બ.વ.) માંથી अदा + सु થયા પછી मुत्व વિધિ થશે તો→अमू + सु→षत्व વિધિ→अमूषु । રૂપ થશે.

प्र०	असौ	– अमू	– अमूः
द्वि०	अमूम्	– अमू	– अमूः
तृ०	अमुया	– अमूभ्याम्	– अमूभिः
च०	अमुष्यै	– ,,	– अमूभ्यः
पं०	अमुष्याः	– अमूभ्याम्	– अमूभ्यः
ष०	अमुष्याः	– अमुयोः	– अमूषाम्
स०	अमुष्याम्	– ,,	– अमूषु ॥

અહીં 'હલન્ત સ્ત્રીલિંગ પ્રકરણ' પૂરું થયું.

१०

॥ अथ हलन्तनपुंसकलिङ्गप्रकरणम् ॥

स्वमोर्लुक्, दत्वम्–स्वनडुत्, स्वनडुद् । स्वनडुही । 'चतुरनडुहोः'– इत्यात्वम्–स्वनड्वांहि । पुनस्तद्वत् । शेषं पुंवत् ॥ वाः–वारी–वारि । वार्भ्याम् ॥ चत्वारि ॥ किम्–के–कानि ॥ इदम्–इमे–इमानि ॥

(वा०) अन्वादेशे नपुंसके एनद् वक्तव्यः ॥

एनत्–एनद् । एने । एनानि । एनेन । एनयोः ॥

अहः । विभाषा ङिश्योः–अह्नी, अहनी । अहानि ।

363. अहन् । ८–२–६८

अहन् इत्यस्य रुः पदान्ते । अहोभ्याम् ॥

હવે હલન્ત—વ્યંજનાન્ત–નપુંસકલિંગ પ્રકરણની શરૂઆત થાય છે. તેમાં हयवरट्...हल् । સુધીમાં આવેલા વ્યંજનોના ક્રમે પહેલાં ह् કારાન્ત, પછી રેફાન્ત...એ પ્રમાણે હલન્ત શબ્દોને લઇને તેની રૂપસિદ્ધિ બતાવવામાં આવે છે :

(૧) ह કારાન્ત 'स्वनडुह्' (સારા બળદ વાળો) : પ્રથમા એ. વ. નો सु પ્રત્યય પરમાં મૂક્યા પછી ૨૪૪. स्वमोर्नपुंसकात् । થી सु નો લોપ થશે. હવે स्वनडुह् માંનો ह् પદાન્તે આવેલો ગણાશે, તેથી ૨૬૨. वसुस्रंसु० થી ह् કારને द् કાર થશે. પછી તેને वाऽवसाने । થી વિકલ્પે चर् થશે તો, स्वनडुत् અને स्वनडुद् એવાં બે રૂપો થશે.

स्वनडुह् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં ૨૩૫. नपुंसकाच्च । થી औ ને शी > ई થશે→स्वनडुह् + ई = स्वनडुही । રૂપ થશે.

स्वनडुह् + जस् (પ્રથમા, બ. વ.) માં ૨૩૭. जश्शसोः शि । થી शि આદેશ થશે, પછી 'शि' ની સર્વનામસ્થાન સંજ્ઞા થશે→स्वनडुह् + शि । હવે ૨૫૯. चतुरनडुहोराम् उदात्तः । થી अनडुह् શબ્દને आम् આગમ થશે. આગમ मित् હોવાથી અન્ત્ય अच् ની પાછળ થશે→स्वनडु आह् + इ । પછી યણાદેશ થતાં→ स्वनड्व् आह् + इ । થશે. પછી ૨૩૯. नपुंसकस्य झलचः । થી 'નપુંસકમાં રહેલા झलन्त શબ્દને नुम् આગમ થશે, સર્વનામસ્થાન સંજ્ઞક પ્રત્યય પરમાં રહેતા.' स्वनड्व् आ न् ह् + इ→स्वनड्वान्हि । પછી नश्चापदान्तस्य झलि । થી અપદાન્ત

न् નો અનુસ્વાર થશે→स्वनड्वांहि ।। રૂપ બન્યું. દ્વિતીયા વિભક્તિમાં પણ ફરીથી આવી જ પ્રક્રિયા થશે. તૃતીયાદિ વિ. માં બાકીનાં બધાં જ રૂપો પુંલિંગ अनडुह् શબ્દની જેમ થશે.

(૨) वार् (જળ) રેફાન્ત શબ્દ : वार् + सु (પ્રથમા, એ.વ.) માં स् નો લોપ થયા પછી, પદાન્તીય રેફનો વિસર્ગ થશે→वाः ।। પછી वार् + औ માં शी આદેશ →वारी ।। થશે. પછી वार् + जस् । માં शि આદેશ થયા પછી वारि । રૂપ બનશે. દ્વિતીયા વિભક્તિમાં પણ આવાં જ રૂપો થાય છે. वार् + टा→वारा । થશે. वार् + भ्याम् । વગેરે હલાદિ પ્રત્યય પરમાં હશે, ત્યારે કોઈ વિશેષ વિધિ થશે નહી→वार्भ्याम् । વગેરે થશે.

(૩) चतुर् (= ચાર) (નિત્ય બહુવચનાન્ત રેફાન્ત શબ્દ) ની પાછળ जश् કે शस् પ્રત્યય હશે ત્યારે તેમને शि આદેશ, તેની સર્વનામસ્થાન સંજ્ઞા અને चतुरनडुहोराम्० । થી आम् આગમ, અને उ કારને यण् થતાં व् કાર થઈને चत्वारि । રૂપ સિદ્ધ થશે. બાકીનાં રૂપો પુંલિંગની જેમ જ થશે.

(૪) किम् (શું) म् કારાન્ત નપુંસકલિંગ શબ્દ : किम् + सु કે अम् પ્રત્યય હશે ત્યારે स्वमोर्नपुंसकात् । થી તે પ્રત્યયોનો लुक् થશે→किम् + ० । અહીં किमः कः । ની પ્રાપ્તિ થાય છે; પણ પરમાં હવે વિભક્તિ પ્રત્યય દેખાતો નથી, તથા न लुमताङ्गस्य । ની હાજરીને કારણે અહીં પ્રત્યયલક્ષણ પણ થઈ શકશે નહીં. તેથી 'क' આદેશ થશે નહીં; किम् રૂપ રહી જશે.

किम् + औ । માં किम् ને क આદેશ થશે→क + औ→क + शी→क + ई →ગુણ के । રૂપ થશે.

किम् + जस् । शस् માં પણ क આદેશ થયા પછી, क + अस्→क + शि→ नुम् આગમ વગેરે→कानि । રૂપ થશે. બાકીનાં રૂપો પુંલિંગની જેમ જ થશે.

(૫) इदम् (આ) म् કારાન્ત : इदम् + सु માં પહેલાં स्वमोर्नपुंसकात् ।થી स् નો लुक् થયા પછી इदम् + ० । માં વિભક્તિ પરમાં નહીં રહેતાં त्यदाद्यत्व થશે નહીં, प्रत्ययलक्षण પણ થશે નહીં. આમ इदम् રૂપ પ્રથમા, દ્વિતીયા એકવચનમાં બની જશે.

इदम् + औ । માં त्यदाद्यत्व, પર રૂપ, शि આદેશ, તેની સર્વનામસ્થાન સંજ્ઞા →इद अ + औ→इद + औ→इद + शि । પછી अ કારાન્ત સર્વનામને नुम् આગમ, ઉપધા દીર્ઘ→इद् अ न् + इ→इदान + इ। પછી इदमो मः । થી इदम् ના द् કારને म् કાર આદેશ થશે, તો→इमान् + इ = इमानि । રૂપ બની જશે. આવી જ રીતે દ્વિતીયા વિભક્તિમાં આવા જ રૂપો થશે.

વાર્ત્તિક : * અન્વાદેશ (જુઓ સૂત્રાંક–૨૮૦)ના વિષયમાં, इदम् અને एतद् પ્રાતિપદિક જ્યારે નપુંસકલિંગમાં રહેલ હોય ત્યારે તેમના સ્થાને एनद् આદેશ[1] થાય છે. *

इदम् + अम् માંથી इदम् । રૂપ તો બનશે જ. પણ જ્યારે અન્વાદેશનો વિષય હશે ત્યારે एनद् આદેશ થશે→एनद् + अम् । પછી स्वमोर्नपुंसकात् । થી सु અને अम् ના लुक् થશે→एनद् + ० । પછી वाऽवसाने । થી વિકલ્પે चर् થશે તો एनत् અને एनद् રૂપ પણ થશે.

इदम् + औ (અન્વાદેશના વિષયમાં)→एन + औ । પૂર્વવત્ વિધિ કરીશું તો एने । રૂપ પણ બનશે. તથા इदम् + शस् । માં પણ અન્વાદેશનો વિષય હશે ત્યારે एन + शस् । થયા પછી, પૂર્વવત્ વિધિ કરતાં एनानि । રૂપ બનશે. આવી જ રીતે एनेन । અને एनयोः । રૂપો પણ થશે.

अहन् (દિવસ) न् કારાન્ત નપુંસકલિંગ

अहन् + स् (પ્રથમા, એ.વ.) માં हल्ङ्याब्भ्यो० । થી स् નો લોપ થશે, પછી ૧૧. रोऽसुपि । થી "अहन् શબ્દને (અન્તાદેશ રૂપે) રેફાદેશ થશે; (સપ્તમી બ. વ. નો सुप् પરમાં ન હોય ત્યારે)."→अहर् । પછી खरवसानयोर्विसर्जनीयः । થી રેફને વિસર્ગ→अहः । રૂપ થશે.

अहन् + औ (પ્રથમા દ્વિ. વ.) માં પ્રત્યયને शी આદેશ થયા પછી ૨૪૮. विभाषा ङिश्योः । થી 'शी' પરમાં રહેતાં અંગાવયવ अन् ના अ કારનો વિકલ્પે લોપ થાય છે'→अह्न् + ई । અને अहन् + ई । = अह्नी અને अहनी । એવાં બે રૂપો થશે.

अहन् + जस् (પ્રથમા બ. વ.) માં પ્રત્યયને शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા, નાન્ત શબ્દની ઉપધાને દીર્ઘ अहान् + इ = अहानि । રૂપ બન્યું. દ્વિતીયા વિભક્તિમાં પણ આવાં જ રૂપો થશે.

अहन् + टा (તૃતીયા એ.વ.)માં ૨૪૭. अल्लोपोऽनः । થી "અજાદિ સ્વાદિ, પ્રત્યય પરમાં રહેતાં अन् ના अ કારનો લોપ થશે, તો अह्न् + आ = अह्ना । રૂપ થયું. આ જ પ્રમાણે અન્ય અજાદિ પ્રત્યયોમાં પણ अ કારનો લોપ થઈને રૂપો બનશે.

---

(૧) ભાષ્યકારે એક સ્પષ્ટતા ઉમેરી છે કે सु અને अम् એવા એકવચનના પ્રત્યયો પરમાં હોય ત્યારે જ एनद् આદેશ; બાકીના પ્રત્યયોમાં તો કેવળ एन આદેશ થાય છે.

૩૬૩. अहन् શબ્દને (અન્તાદેશ રૂપે) रु આદેશ થશે, પદના અંતે.

अहन्+भ्याम् । (તૃતીયા, દ્વિ. વ.) માં હલાદિ વિભક્તિ પરમાં રહેતાં स्वादिष्वसर्वनामस्थाने । સૂત્ર દ્વારા 'अहन्' ની 'પદ' સંજ્ઞા થશે. જેથી પ્રસ્તુત ૩૬૩. સૂત્રથી रु અન્તાદેશ થશે→अहरु+भ्याम् । પછી हशि च । સૂત્રથી रु ના સ્થાનમાં उ આદેશ થશે→अह उ+भ्याम् । પછી ગુણ થશે, તો अहोभ्याम् । રૂપ બની જશે. આ જ પ્રમાણે अहोभिः । વગેરે રૂપો થશે.

प्र०	अहः	अह्नी / अहनी	अहानि
सं०	,,	,,	,,
द्वि०	,,	,,	,,
तृ०	अह्ना	अहोभ्याम्	अहोभिः
च०	अह्ने	अहोभ्याम्	अहोभ्यः
पं०	अह्नः	,,	,,
ष०	अह्नः	अह्नोः	अह्नाम्
स०	अह्नि / अहनि	,,	अहःसु ॥

दण्डि । (वा०) सम्बुद्धौ नपुंसकानां नलोपो वा वाच्यः* । हे दण्डिन् हे दण्डि । दण्डिनी । दण्डीनि । दण्डिना । दण्डिभ्याम् ॥

सुपथि । भस्य टेर्लोपः । सुपथी । सुपन्थानि ॥ ऊर्क्-ऊर्ग् । ऊर्जी । ऊर्न्जि । नरजानां संयोगः ॥ तत्-ते-तानि ॥ यत्-ये-यानि ॥ एतत्-एते-एतानि ॥ गवाक्-गोची-गवाञ्चि ॥ पुनस्तद्वत् । गोचा । गवाग्भ्याम् ॥ शकृत्-शकृती-शकृन्ति ॥ ददत्-ददती ।

364. वा नपुंसकस्य । ७-१-७९

अभ्यस्तात् परो यः शता, तदन्तस्य क्लीबस्य वा नुम् सर्वनामस्थाने । ददन्ति, ददति ॥

---

(૭) दण्डिन् (દંડવાળું, દંડધારી કુળ) न् કારાન્ત નપુંસકલિંગ શબ્દ

दण्डिन्+सु (પ્રથમા એ. વ.)માં ૨૪૪. स्वमोर्नपुंसकात् । થી નપુંસકલિંગ શબ્દની પરમાં આવેલા सु નો લુક્ થાય છે → दण्डिन्+० । પછી ૧૮૦. न लोपः प्रातिपदिकान्तस्य । થી न् કારનો પણ લોપ થશે → दण्डि०+०। = दण्डि રૂપ બનશે.

વાર્ત્તિક : * સંબોધનમાં નપુંસકલિંગ શબ્દોના न् કારનો વિકલ્પે લોપ થાય છે એમ કહેવું જોઈએ. *

हे दण्डिन्+सु । માં स् નો લોપ થયા પછી ઉપર્યુક્ત વાર્ત્તિકથી વિકલ્પે न् કારનો લોપ થશે; તો બે રૂપો બનશે→हे दण्डि । અને हे दण्डिन् ॥

दण्डिन् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં औ ને शी આદેશ કર્યા પછી, श् નો લોપ થશે → दण्डिन् + ई = दण्डिनी ।

दण्डिन् + जस् । માં પ્રત્યયના સ્થાને शि આદેશ, તેની સર્વનામસ્થાન સંજ્ઞા, ઉપધા દીર્ઘ થતાં दण्डिन् + शि → दण्डीन् + इ = दण्डीनि । રૂપ બને છે. દ્વિતીયા વિભક્તિમાં પણ એ જ પ્રમાણે दण्डि—दण्डिनी—दण्डीनि । એવાં રૂપો થાય છે.

दण्डिन् + टा । તૃતીયાદિ વિભક્તિઓમાં પુંલિંગની જેમ રૂપો થશે; दण्डिना—दण्डिभ्याम्—दण्डिभिः । વગેરે.

(૮) सुपथिन् (સારા માર્ગવાળું નગર/વન)

सुपथिन् + सु । માં सु > स् નો લોપ, અને પ્રાતિપદિકના न् કારનો પણ લોપ થાય છે → सुपथि । सुपथिन् + औ । માં शी આદેશ થયા પછી, सुपथिन् + ई માં પ્રકૃતિની यचि भम । થી 'भ' સંજ્ઞા થશે; (કેમ કે सुड् अनपुंसकस्य । સૂત્રથી નપુંસકલિંગમાં ન રહેલી પ્રકૃતિની (જ) પાછળ આવેલા सुट् પ્રત્યયોની સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે. અહીં તો सुपथिन् શબ્દ નપુંસકમાં છે.) પરિણામે भस्य टेर्लोपः । થી टि સંજ્ઞક અંશ (इन्)નો લોપ થશે → सुपथ् ० + ई । તો सुपथी । એવું રૂપ બની જશે.

सुपथिन् + जस् માં પહેલાં शि આદેશ, તેની સર્વનામસ્થાન સંજ્ઞા થશે, તેથી टि લોપ નહીં થાય → सुपथिन् + ई । પછી ૨૯૪. इतोऽत् सर्वनामस्थाने । થી इ કારને अ કારાદેશ → सुपथ् अ न् + इ । પછી ૨૯૫. थो न्थः । થી पथिन ના थ् કારના સ્થાને न्थ् આદેશ થશે → सुपन्थ् अ न् + इ । પછી, ૧૭૭. सर्वनामस्थाने चासम्बुद्धौ । થી નાન્તની ઉપધાને દીર્ઘ થશે. सुपन्थ् आ न् + इ = सुपन्थानि । રૂપ બનશે. આ જ પ્રમાણે દ્વિતીયા વિભક્તિમાં પણ રૂપો થશે; અને સંબોધનમાં न् કારનો લોપ વિકલ્પે થશે, તેથી हे सुपथि । हे सुपथिन् । એવાં બે રૂપો થશે. તૃતીયાદિ વિભક્તિમાં પુંલિંગ पथिन् ની જેમ રૂપો થશે.

(૯) ऊर्ज् (બળ, તેજ) ज् કારાન્ત શબ્દ

ऊर्ज् + सु માંથી सु નો લોપ થશે, પછી चोः कुः । થી च વર્ગના ज् કારના સ્થાને क વર્ગનો ग् કાર આદેશ રૂપે થશે → ऊर्ग् + ० । પછી वाऽवसाने થી વિકલ્પે चर् થશે તો ऊर्क् અને ऊर्ग् એવાં બે રૂપો થશે.

ऊर्ज् + औ માં शी આદેશ થતાં ऊर्ज् + ई = ऊर्जी । ऊर्ज् + जस् માં शि આદેશ થતાં ૨૩૯. नपुंसकस्य झलचः । થી नुम् (વ્યપદેશિવદ્ભાવથી ऊ કારની પાછળ) થશે → ऊ नुम् र् ज् + इ → ऊ न् र् ज् + इ = ऊन्र्ज्रि । એવું રૂપ

થશે. આ રૂપમાં न् કાર, રેફ અને ञ् કાર—એવા ત્રણ વ્યંજનોનો 'સંયોગ' ઊભો થાય છે. [અહીં વચ્ચે રેફનું વ્યવધાન હોવાથી ञ् ના યોગમાં આવેલા त् વર્ગના न કારને श्चुत्व થશે નહીં.]

(૧૦) तद्, यद् અને एतद् એ ત્રણ द् કારાન્ત નપુંસકલિંગ સર્વનામનાં રૂપો નીચે પ્રમાણે થશે : આ ત્રણ શબ્દોની પરમાં આવેલા सु અને अम् પ્રત્યયોનો लुक् થશે અને वाऽवसाने । થી વિકલ્પે चर् થશે તો तद्–तत् । यद्–यत् । एतद्-एतत् । રૂપો થશે. (અહીં तद्+सु । માંથી सु નો लुक् થયા પછી त्यदाद्यत्व થશે નહીં, અને त કારને स् કાર થશે નહીં, તે કારણે न लुमताङ्गस्य। સૂત્રોક્ત નિષેધથી પ્રત્યયલક્ષણનું આશ્રયણ કરી શકાશે નહીં =सु પ્રત્યયને પરમાં રહેલો માની શકાશે નહીં. એ જ પ્રમાણે तद्+अम् માં પણ સમજવું.)

तद्+औ માં त्यदाद्यत्व, પરરૂપ અને औ ને शि આદેશ થયા પછી ગુણ થશે →तअ+शि→त+इ=ते । ये । एते । જેવાં રૂપો થશે.

तद्+जस्/शस् માં त्यदाद्यत्व, પરરૂપ, પ્રત્યયોને शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા, नुम् આગમ, ઉપધા–દીર્ઘ→तअ+शि→त्त+इ→तन्+इ→तान्+इ= तानि । यानि । एतानि । રૂપો થશે. તૃતીયાદિ વિભક્તિમાં પુંલિંગની જેમ રૂપો થશે.

(૧૧) गोअन्च् च् કારાન્ત [(गाम् अञ्चति इति गो अञ्च् । ગાયને પૂજનારું/પૃથ્વી ઉપર જનારું.) √अञ्चु ધાતુ પૂજાર્થક અને ગત્યર્થક છે. પૂજાર્થમાં न् (ञ्)નો લોપ થતો નથી; પણ ગત્યર્થમાં न् નો લોપ થાય છે. અહીં गामञ्चति વિગ્રહમાં ૩૦૧. ऋत्विग्० । થી क्विन् પ્રત્યય, પછી તેનો લોપ કરીને गोअञ्च् બનાવાયો છે. गोअञ्च् પૂજાર્થક હશે ત્યારે ૩૪૧. नाञ्चेः पूजायाम् । થી न् લોપનો નિષેધ થશે અને गवाङ् વગેરે રૂપ થશે. પરંતુ અહીં लघुसिद्धान्त कौमुदीમાં તો गोअञ्च् કેવળ ગત્યર્થક જ લીધો છે અને न् લોપ કરીને થતાં રૂપો જ દર્શાવ્યાં છે.]

गोअञ्च्+सु માં ૩૩૪. अनिदितां हल उपधायाः क्ङिति । થી ઉપધામાં આવેલા न् નો લોપ થશે (કેમ કે क्विन् નો લોપ થયો હોવાથી कित् પરમાં છે એમ કહેવાશે); પછી सु નો પણ લોપ થશે→गोअ० च्+० । હવે अवङ् स्फोटायनस्य । થી अव આદેશ થશે→ग् अव अ० च्=गवाच् । પછી झलां जशोऽन्ते । થી जश्त्व થશે→गवाज् । પછી क्विन्प्रत्ययस्य कुः । થી गवाग् । થશે. પછી वाऽवसाने । થી વિકલ્પે चर् થશે → गवाक् અને गवाग् એવાં બે રૂપો થશે. [अवङ् આદેશે

વિકલ્પો લાગે છે, તેથી તેનાં અન્ય રૂપો પણ થાય છે. પરંતુ તે અહીં બતાવ્યાં નથી. *]

गोअञ्च् + औ (પ્રથમા, દ્વિ. વ.)માં न् લોપ; પ્રત્યયને शी આદેશ થતાં गोअ०च् + ई । પછી પ્રકૃતિની भ સંજ્ઞા થતાં ૩૩૫. अचः । થી अ કારનો પણ લોપ થશે → गो००च् + ई = गोची । રૂપ થશે.

गोअञ्च् + जस् (પ્રથમા, બ. વ.)માં न् લોપ થયા પછી शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા, ओ ને अवङ् આદેશ, સવર્ણ દીર્ઘ થતાં → गवाच् + इ । પછી नपुंसकस्य झलचः । થી नुम् આગમ. તે न् નો અનુસ્વાર અને પછી પરસવર્ણ થશે → गवान् च् + इ → गवांच् + इ — गवाञ्चि । રૂપ બની જશે. દ્વિતીયા વિભક્તિમાં પણ આવાં જ રૂપો થશે,

गोअञ्च् + टा (તૃતીયાદિ પ્રત્યયો પરમાં રહેશે ત્યારે) न् લોપ, भ સંજ્ઞા, ૩૩૫. अचः । થી अ નો લોપ થશે તો गोचा । વગેરે રૂપ થશે.

गोअञ्च् + भ्याम् (તૃતીયાદિ હલાદિ વિ. પરમાં રહેશે ત્યારે) न् લોપ, પદ સંજ્ઞા, अवङ् આદેશ, સવર્ણ દીર્ઘ, च् કારને ज् કાર. कुत्व થી ज् નો ग् થતાં गवाग्भ्याम् । गवाग्भिः । જેવાં રૂપો બનશે.

गो अञ्च् + सुप् (સપ્તમી, બ. વ.)માં गवाग् + सु । થયા પછી, चर्त्व થશે તો गवाक् + सु । પછી પ્રત્યયના स् ને મૂર્ધન્યાદેશ થતાં गवाक् + षु = गवाक्षु । રૂપ બને છે.

(૧૨) शकृत् (વિષ્ઠા, મળ) त् કારાન્ત : शकृत् + सु માં सुलोप થયા પછી झलां जशोऽन्ते । થી त् ને द् થશે → शकृद् + ० । પછી वाऽवसाने । થી વિકલ્પે चर् થશે, તો शकृत्–शकृद् । રૂપો થશે.

शकृत् + औ માં शी આદેશ થવાથી शकृती । રૂપ બનશે. તથા शकृत् + जस् માં शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા, नुम् આગમ થતાં → शकृन् त् + इ = शकृन्ति । રૂપ થશે. દ્વિતીયા વિ. માં પણ આવાં જ રૂપો થશે. તૃતીયાદિ વિ.માં પુંલિંગ महत् ની જેમ રૂપો થશે.

(૧૩) ददत् (આપતું, √दा ધાતુનું વર્તમાન કૃદન્ત = शत्रन्त રૂપ) ददत् + सु માં પ્રત્યયાંશનો લોપ થતાં ददत् રૂપ રહે છે. ददत् + औ માં शी આદેશ થતાં ददत् + ई = ददती રૂપ બનશે.

---

* સિદ્ધાન્ત કૌમુદીમાં આ શબ્દનાં 'अश्वाक्षिभूत' = ૫૨૭ રૂપો થાય છે એમ બતાવ્યું છે.

૩૬૪. અભ્યસ્ત સંજ્ઞાવાળા (ધાતુ)ની પાછળ આવેલો જે शतृ પ્રત્યય, તદન્ત નપુંસકલિંગ શબ્દને વિકલ્પે नुम् આગમ થાય છે, સર્વનામસ્થાન સંજ્ઞાવાળો પ્રત્યય પરમાં રહેલો હોય ત્યારે. [√दा ધાતુનું દ્વિત્વ થતાં दादा → 'ददा' ની "અભ્યાસ" સંજ્ઞા થાય છે. આથી ददा ને 'અભ્યસ્ત' કહેવાય છે. તેની પાછળ વર્તમાન કૃદન્તનો शतृ (= अत्) પ્રત્યય લાગીને 'ददत्' (= આપતું) એવો 'शत्रन्त' શબ્દ બન્યો છે.]

ददत् + जस् । અહીં પ્રત્યયને शि આદેશ થયા પછી તેની સર્વનામસ્થાન સંજ્ઞા થશે. પરિણામે પ્રસ્તુત ૩૬૪. મા સૂત્રથી नुम् આગમ થશે → दद न् त् + इ = ददन्ति । રૂપ બનશે. આ नुम् આગમ વિકલ્પે થાય છે, તેથી ददत् + इ માંથી ददति એવું બીજું રૂપ પણ થશે. દ્વિતીયા વિ. માં પણ આવાં જ રૂપો થશે, તૃતીયાદિ વિ.માં પુંલિંગ महत् ની જેમ રૂપો થશે.

तुदत् ।

365. आच्छीनद्योर्नुम् । ७-१-८०

अवर्णान्ताद् अङ्गात् परो यः शतुरवयवः, तदन्तस्याङ्गस्य नुम् वा शीनद्योः । तुदन्ती-तुदती । तुदन्ति ॥

366. शप्श्यनोर्नित्यम् । ७-१-८१

शप्श्यनोरात् परो यः शतुरवयवः, तदन्तस्य नित्यं नुम् शीनद्योः । पचन्ती । पचन्ति ॥ दीव्यन्ती । दीव्यन्ति ॥ धनुः । धनुषी । 'सान्त'-इति दीर्घः, 'नुम् विसर्जनीय-' इति षः । धनूंषि । धनुषा । धनुर्भ्याम् । एवम्-चक्षुर्हविरादयः । पयः । पयसी । पयांसि । पयसा । पयोभ्याम् ॥ सुपुम् । सुपुंसी । सुपुमांसि ॥ अदः । विभक्तिकार्यम्, उत्व-मत्वे-अमू । अमूनि । शेषं पुंवत् ॥

॥ इति हलन्त नपुंसकलिङ्गप्रकरणम् ॥

(इति षड्लिङ्गप्रकरणम्)

---

૧૪. (तुद्-દુઃખી થવું-ધાતુને श (अ) વિકરણ પ્રત્યય + शतृ (अत्) વર્તમાનકૃદન્તનો પ્રત્યય લગાવીને तुद् + अ + अत् → પરરૂપ → तुद् + अत् = तुदत् રૂપ બનાવાય છે.) तुदत् + सु માં પ્રત્યયનો लुक् થશે, તો तुदत् રૂપ બનશે. [આ છઠ્ઠા ગણનો ધાતુ છે.]

૩૬૫. अ વર્ણાન્ત અંગની પાછળ આવેલા शतृ પ્રત્યયનો જે અવયવ, તદન્ત અંગને વિકલ્પે नुम् આગમ થાય છે; शी આદેશ કે नदी સંજ્ઞા દીર્ઘ ई કાર પરમાં આવેલો હોય ત્યારે. [આ સૂત્ર છઠ્ઠા ગણના ધાતુઓ માટે છે.]

तुदत् (तुद + अत् માં 'तुद' અંગ છે, અને તેની પરમાં शतृ પ્રત્યયનો अत् પ્રત્યય ઉમેરાયો છે) + औ । ની સ્થિતિમાં शी આદેશ થશે→तुदत् + शी । હવે ૩૬૫. થી વિકલ્પે नुम् આગમ થશે; કેમકે પરમાં शी છે→तुदन् त् + ई = तुदन्ती । જ્યાં नुम् નહીં થાય ત્યાં तुदती રૂપ પણ થશે.

तुदत् + जस् માં शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા અને नपुंसकस्य झलचः । થી નિત્ય नुम् આગમ થશે, તો तुदन् त् + शि→तुदन्त् + इ = तुदन्ति । રૂપ થશે. દ્વિતીયા વિભક્તિમાં પણ આવાં જ રૂપો થશે. અને તૃતીયાદિ વિ. માં પુલિંગ महत् ની જેમ રૂપો થશે.

૩૬૬. शप् (अ) અને श्यन् (य) વિકરણ પ્રત્યયોના अ કારની પરમાં આવેલા शतृ (अत्) પ્રત્યયનો જે અવયવ, તદન્ત (શબ્દ સ્વરૂપ)ને નિત્ય नुम् આગમ થાય છે; જ્યારે शी અને नदी (સંજ્ઞામાં નિમિત્ત બનનારો સ્ત્રીલિંગનો દ્યોતક ङीप् પ્રત્યયનો ई કાર) પરમાં રહેલ હોય ત્યારે.

[આ સૂત્ર પહેલા, ચોથા અને દશમા ગણના ધાતુઓ માટે છે.]

૧૫. પહેલા ગણનો ધાતુ √पच् पाके + शप् વિકરણ પ્રત્યય + शतृ વર્તમાન કૃદન્તનો પ્રત્યય→पच् + अ + अत्→पच + अत्→પરરૂપ पचत् ॥ તેના નપુ. માં રૂપ ચલાવીશું ત્યારે सु (પ્રથમા એ.વ.) પ્રત્યય લગાડીશું, પછી स्वमोर्नपुंसकात् । થી તેનો लुक् થઈને पचत् । એવું રૂપ બનશે. પણ पचत् + औ (પ્રથમા દ્વિ.વ.)માં शी આદેશ થયા પછી पचत् + शी । ની સ્થિતિમાં આ ૩૬૬. સૂત્ર લાગશે.→पच नुम् त् + शी→पचनत् + ई = पचन्ती । રૂપ બને છે.

पचत् + जस् માં शि આદેશ થયા પછી, नपुंसकस्य झलचः । થી नुम् આગમ થશે→पचनुम् त्+शि→पच न त्+इ = पचन्ति । રૂપ થશે. દ્વિતીયા વિભક્તિમાં પણ આવાં જ રૂપો થશે. તૃતીયાદિ વિ. માં પુંલિંગ महत् ની જેમ રૂપો થશે,

૧૬. (ચોથા ગણનો ધાતુ) दीव् (જુગાર રમવો) ધાતુ+श्यन् વિકરણ + शतृ વર્તમાનકૃદન્તનો પ્રત્યય→दीव् +य+अत्→પરરૂપ થઈને दीव्यत् । બનશે. તેના નપુ.માં રૂપો સાધીએ તો दीव्यत्+सु→दीव्यत्+० = दीव्यत् । રૂપ થશે. दीव्यत्+औ માં शी આદેશ. ૩૬૬ થી नुम्→दीव्यनत्+ई = दीव्यन्ती । થશે. પછી दीव्यत्+जस् માં शि આદેશ અને ૨૩૯. થી नुम्→दीव्यन त्+इ = दीव्यन्ति । રૂપ થશે. દ્વિતીયા વિ.માં પણ એવાં જ રૂપો થશે. પછી તૃતીયાદિમાં પુંલિંગ महत् ની જેમ.

૧૭. धनुष् (ष् કારાન્ત નપુંસકલિંગ) :

[પહેલાં આ શબ્દ કેવી રીતે બન્યો છે ? તે જોઈ લઈએ. धन् ધાતુને ઉણાદિ પ્રકરણનો उस् પ્રત્યય લાગીને धनुस् બને છે. પછી તે પ્રત્યયના स् ને ૮-૩-૫૯ થી મૂર્ધન્યાદેશ થતાં धनुष् શબ્દ બને છે] धनुष्+सु માં પહેલાં स्वमोर्नपुंसकात् । થી सु નો લોપ થશે→धनुष्+० । પછી ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્ર ઉપસ્થિત થશે. તે ૮-૩-૫૯ (आदेशप्रत्यययोः) સૂત્રે કરેલામૂર્ધન્યાદેશને માન્ય રાખશે નહીં = એટલે કે રુત્વ વિધિની પ્રત્યે षत्व વિધિ અસિદ્ધ ગણાશે, તેથી ष्=स् ને रु>र् થશે પછી તેનો વિસર્ગ થશે તો धनुः । રૂપ બની જશે.

धनुष्+औ માં शी આદેશ થયા પછી धनुष्+ई=धनुषी । રૂપ બને છે, धनुष्+जस् માં शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા અને ૨૩૯.થી नुम् થશે → धनुन्ष्+इ । પછી नुम् આગમનું વ્યવધાન પડતાં इण् નિમિત્તે થયેલો મૂર્ધન્યાદેશ પણ નિવૃત્ત થશે (निमित्तापाये० ન્યાયથી), તો धनुन्स्+इ । થશે. પછી ૩૪૨. सान्तमहतः संयोगस्य । થી "સકારાન્ત સંયોગવાળા શબ્દમાં જે न કાર, તેની ઉપધાને દીર્ઘ થશે; જો સમ્બુદ્ધિભિન્ન સર્વનામસ્થાન પરમાં હશે તો."→ धनू न् स् +इ । પછી नश्चापदान्तस्य झलि । થી न् નો અનુસ્વાર થતાં→धनूंस् +इ । પછી ૩૫૨. नुम्विसर्जनीयशर्व्यवायेऽपि । થી स् ને મૂર્ધન્યાદેશ થશે → धनूंष्+इ=धनूंषि । રૂપ થશે. દ્વિતીયા વિ.માં પણ આવાં જ રૂપો થાય છે. धनुष्+आ (તૃતીયા એ. વ.)માં કોઈ વિશેષ કાર્ય નહીં થાય →धनुषा । धनुष्+भ्याम् માં षत्व અસિદ્ધ હોવાથી रुत्व થશે →धनुर्+भ्याम्=धनुर्भ्याम् । અન્યત્ર હલાદિ પ્રત્યયોમાં પણ આમ જ. धनुष्+सुप् માંથી બે રૂપો બને છે : धनुःषु અને धनुष्षु । (આની પ્રક્રિયા હલન્ત સ્ત્રીલિંગમાં सजुष्षु ઉપર બતાવી છે.)

આ જ પ્રમાણે चक्षुष् (આંખ), हविष् (ઘી) અને जनुष् (જન્મ) નાં નપુંસકલિંગમાં રૂપો થાય છે.

૧૮. पयस् (દૂધ/પાણી) पयस्+सु વગેરેમાં પણ धनुष्‌ની જેમ જ રૂપો થશે. તો पयः–पयसी–पयांसि । રૂપો બનશે. पयस्+भ्याम् માં पयस् ની 'પદ' સંજ્ઞા થતાં रुत्व થયા પછી, हशि च । થી उत्व, અને ગુણ થશે તો पयर्+भ्याम्→ पयउ+भ्याम्→पयोभ्याम् ।

पयस्+सुप् (સપ્તમી બ. વ.)માં स् ને રુત્વ, રેફનો વિસર્ગ → पयःसु । પછી वा शरि । થી વિકલ્પે વિસર્ગને વિસર્ગ થશે તો → पयःसु અને पयस्सु । એવાં બે રૂપો થશે.

આ જ પ્રમાણે यशस् (યશ), मनस् (મન), रक्षस् (રાક્ષસકુ), महस् (તેજ), वयस् (પક્ષી, ઉંમર), तेजस् (તેજ), ओजस् (બળ, તેજ) અને ओकस् (ઘર) વગેરે નપુંસકલિંગ શબ્દોનાં રૂપો પણ બને છે.

૧૯. सुपुंस् (= શોભનાઃ पुमांसो यस्य कुलस्य नगरस्य वा । જેમાં સારા પુરુષો છે તેવું કુળ કે નગર) सुपुंस् + सु । માં सु નો लुक् થયા પછી सुपुम्स् + ० । થશે. તેમાં म् નો સંયોગ હોવાથી स् કારનો લોપ ૨૦. संयोगान्तस्य लोपः । ૮–૨–૨૩ થી થશે. હવે આ લોપની પ્રત્યે ७८. नश्चापदान्तस्य झलि । ૮–૩–૨૫ સૂત્રવિહિત અનુસ્વાર અસિદ્ધ રહેતાં, એટલે કે सुपुं० + ०→सुपुम्० + ० ગણાતાં, જે રૂપ સિદ્ધ થયું ગણાશે તે सुपुम् । છે.

सुपुंस् + औ માં शी આદેશ થયા પછી सुपुंस् + ई = सुपुंसी । થશે. सुपुंस् + जस् માં शि આદેશ, સર્વનામસ્થાન સંજ્ઞા, ૩૫૪. पुंसोऽसुङ् । થી असुङ् આદેશ→सुपुंस् + इ→सुपुं असुङ् + इ→सुपुम् अस् + इ । પછી ૨૩૯. થી नुम् અને ૩૪૨. થી ઉપધા દીર્ઘ થશે→सुपुम आ न् स् + इ→सुपुम आ न् स् + इ→सुपुमान्सि । પછી અપદાન્ત न નો અનુસ્વાર થશે →सुपुमांसि । રૂપ થયું. દ્વિતીયા વિ.માં પણ આવાં જ રૂપો થશે. બાકીનાં રૂપો પુંલિંગ पुंस् ની જેમ થશે.

૨૦. अदस् (પેલું) સર્વનામ : अदस् + सु । માં પ્રત્યયનો लुक् થશે अदस् + ० । પ્રત્યયલક્ષણ નહીં થતાં ત્યદાદ્યત્વ પણ થશે નહીં; તેથી ૩૫૫. अदसोऽसेर्दादु दो मः । થી मुत्व પણ નહીં થાય (કેમકે असान्त 'अदस्' ને જ સૂત્ર લાગે છે; અહીં તો પરમાં વિભક્તિનો लुक् થયા પછી, ત્યદાદ્યત્વનો અભાવ રહેતાં अदस् નો स् કાર ચાલુ રહ્યો છે.) તેથી ससजुषो रुः । ની પ્રવૃત્તિ થશે → अदर् → अदः । રૂપ બને છે.

अदस् + औ । માં शी આદેશ, ત્યદાદ્યત્વ, પરરૂપ, અને ગુણ થશે તો→अद अ + शी→अद + ई→अदे । પછી अदसोऽसेर्दादु दो मः । થી द् કારને સ્થાને म् કાર અને ए કારને સ્થાને ऊ આદેશ થશે તો अमू । રૂપ બને છે.

अदस् + जस् માં शि આદેશ, ત્યદાદ્યત્વ, પરરૂપ અને અજન્ત પ્રકૃતિ બન્યા પછી नुम् અને ઉપધા દીર્ઘ થતાં→अद अ + इ→अद + इ→अदन् + इ→अदानि । પછી मत्व–ऊत्व થતાં→अम ऊ नि = अमूनि । રૂપ થાય છે. દ્વિતીયા વિ.માં પણ આમ જ રૂપો થાય છે. તૃતીયાદિ વિ. માં પુંલિંગ अदस् ની જેમ રૂપો થશે.

અહીં 'હલન્ત–નપુંસકલિંગ–પ્રકરણ' પૂર્ણ થયું.

✠ 'ષડ્લિંગ પ્રકરણ' સમ્પૂર્ણ ✠

११

॥ अथ अव्ययप्रकरणम् ॥

367. स्वरादिनिपातम् अव्ययम् । १-१-३७

स्वरादयो निपाताश्चाव्ययसंज्ञाः स्युः । 1. स्वर् 2. अन्तर् 3. प्रातर् 4. पुनर् 5. सनुतर् 6. उच्चैस् 7. नीचैस् 8. शनैस् 9. ऋधक् 10. ऋते 11. युगपत् 12. आरात् 13. पृथक् 14. ह्यस् 15. श्वस् 16. दिवा 17. रात्रौ 18. सायम् 19. चिरम् 20. मनाक् 21. ईषत् 22. जोषम् 23. तूष्णीम् 24. बहिस् 25. अवस् 26. अधस् 27. समया 28. निकषा 29. स्वयम् 30. वृथा 31. नक्तम् 32. न 33. नञ् 34. हेतौ 35. इद्धा 36. अद्धा 37. सामि 38. (गणसूत्रम्) वत् 39. ब्राह्मणवत् 40. क्षत्रियवत् 41. सना 42. सनत् 43. सनात् 44. उपधा 45. तिरस् 46. अन्तरा 47. अन्तरेण 48. ज्योक् 49. कम् 50. शम् 51. सहसा 52. विना 53. नाना 54. स्वस्ति 55. स्वधा 56. अलम् 57. वषट् 58. श्रौषट् 59. वौषट् 60. अन्यत् 61. अस्ति 62. उपांशु 63. क्षमा 64. विहायसा 65. दोषा 66. मृषा 67. मिथ्या 68. मुधा 69. पुरा 70. मिथो 71. मिथस् 72. प्रायस् 73. मुहुस् 74. प्रवाहुकम् 75. प्रवाहिका 76. आर्यहलम् 77. अभीक्ष्णम् 78. साकम् 79. सार्धम् 80. नमस् 81. हिरुक् 82. धिक् 83. अथ 84. अम् 85. आम् 86. प्रताम् 87. मा 88. माङ् ॥ आकृतिगणोऽयम् ॥

અનુવાદ ૩૬૭. સ્વર્ શબ્દ છે આદિમાં જેની, તથા (ચ વગેરે) જે નિપાતસંજ્ઞક શબ્દો છે તેમની "અવ્યય" એવી સંજ્ઞા થાય છે.

ઉપર 'સ્વર્ આદિ' ગણમાં આવેલા ૮૯ શબ્દોની યાદી રજૂ કરી છે. તથા એની આગળ ચાદિ ગણમાં આવેલા ૭૨ નિપાતોની યાદી પણ મૂકી છે. આ બન્ને ગણોને "આકૃતિગણ" જાહેર કરવામાં આવ્યા છે. [જેથી આ પ્રકારના બીજા જે શબ્દો ભાષામાં વપરાતા જોવા મળે એમની પણ 'અવ્યય' સંજ્ઞા જાહેર કરી શકાય છે]

વિમર્શ : [૧] ઉપર સ્વરાદિ ગણના શબ્દોના અર્થ નીચે મુજબ છે : 1. સ્વર્ગ 2. અંદર 3. સવાર 4. ફરીથી 5. સંતાવવું 6. ઊંચું 7, નીચું 8. ધીમે 9. સત્ય 10. વિના 11. એકી સાથે, એકી સમયે 12. દૂર, સમીપ 13. જુદું 14. ગઈ કાલ 15. આવતી કાલ 16. દિવસે 17. રાત્રિમાં 18, સાંજ 19. લાંબા સમયે, મોડું 20. થોડુંક 21. થોડું, લગીર 22. ચૂપ 23. મુંગું 24, બહાર 25. બહાર 26. નીચે, ઊતરતું 27 સમીપ 28. સમીપ 29. પોતે 30. વ્યર્થ 31. રાત્રિ 32. નહીં, 33, નિષેધ 34. કારણે 35. સ્પષ્ટ 36. સ્પષ્ટ 37. અધું 38. ના જેવું, સમાન 39. બ્રાહ્મણની જેમ 40. ક્ષત્રિયની જેમ 41. નિત્ય 42. નિત્ય 43. નિત્ય 44. ભેદ, ઉપાન્ત્ય 45. ઢંકાવવું, તિરસ્કાર 46. વચ્ચે, વિના 47. વિના 48. શીઘ્ર 49. સુખ 50. શાન્તિ, સુખ 51. એકાએક, ત્વરિત 52. વગર 53. અનેક 54. કલ્યાણ 55. પિતૃઓને પિંડદાન વખતે બોલાતો શબ્દ 56. અટકો, પર્યાપ્ત 57. દેવતાઓને આહુતિ-દ્રવ્ય આપતી વખતે યજ્ઞમાં બોલાતો શબ્દ 58. 59. શ્રૌતાદિ યજ્ઞોમાં આહુતિ-પ્રદાન સમયે વપરાતા શબ્દો 60. જુદું, બીજું 61. છે 62. એકાંત, રહસ્ય 63. માફી 64. આકાશ 65. રાત્રિ 66. જૂઠું 67. ખોટું, ભ્રામક 68. વ્યર્થ 69. પહેલાના સમયમાં 70. સાથે 71. પરસ્પર 72. મોટેભાગે 73, વારંવાર 74. એકદમ 75. એકદમ 76. બળપૂર્વક 77. સતત, નિરંતર 78. સાથે 79. સાથે 80. પ્રણામ 81. વિના 82. ધિક્કાર 83. હવે, પ્રારંભ, ત્યાર પછી 84. હા, સ્વીકૃતિ 85. સ્વીકૃતિ 86. ગ્લાનિ 87. સમાન 88. નિષેધ 89. નિષેધ, નહીં.

[૨] અહીં જે અવ્યય સંજ્ઞા રજૂ કરી છે તે અન્વર્થ છે. यद् न व्येति तद् अव्ययम् । એવી વ્યુત્પત્તિ મુજબ જે શબ્દોમાં વિકાર આવતો નથી તે 'અ-વ્યય' કહેવાય છે. અર્થાત્ આવા શબ્દોમાં લિંગબોધક પ્રત્યયો કે વિભક્તિ પ્રત્યયો લાગવાથી કશો ધ્વનિવિકાર આવતો નથી. प्रातः । पुनः । अथ । વગેરે શબ્દો કોઈ પણ સંજોગોમાં બદલાતા નથી.

[૩] ઉપર દર્શાવેલા અવ્યયોમાંથી કેટલાક એવા છે કે જે વાક્યરચનાના સ્તર ઉપર અમુક ચોક્કસ વિભક્તિ–પ્રયોગ કરવાનું નિયમન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો અમુક અવ્યયોના યોગમાં, રૂઢિથી અમુક નિશ્ચિત વિભક્તિઓ જ વપરાતી જોવા મળે છે. જેમ કે, 10. ऋते (વિના)ના યોગમાં પંચમી જ વપરાય છે : ऋते ज्ञानाद् न मुक्तिः । 'જ્ઞાન વિના મુક્તિ મળતી નથી.' (પુરાણાદિ ગ્રંથોમાં ऋते યોગે ક્યારેક દ્વિતીયા વિ. પણ વપરાતી જોવા મળે છે : न खलु पुरुषाराधनम् ऋते । શિવ મહિમ્ન સ્તોત્ર). 12. आरात् (નજીક)ના યોગમાં પંચમી વિ. आराद्-

वनात् नदी वहति । વનથી દૂર/વનની નજીક નદી વહે છે. 24. बहिस् (બહાર)ના યોગમાં પંચમી—विभीषणः लङ्कात् बहिष्कृतः । વિભીષણને લંકાની બહાર કાઢ્યો. 27, 28. अभितः, परितः, समया, निकषा, हा प्रति योगेऽपि । * વાર્તિકથી દ્વિતીયા વિ.—नगरं समया/निकषा सैन्यं भ्रमति । નગરની નજીક સૈન્ય ફરે છે. 46. अन्तरा (વચ્ચે) યોગે દ્વિતીયા વિ.—त्वां मां चान्तरा हरिः । તારી અને મારી વચ્ચે હરિ છે. 47. अन्तरेण (વિના) દ્વિતીયા વિ. अन्तरेण ज्ञानं नैव सुखम् । જ્ઞાન વિના સુખ નથી જ. 52–53. विना, नाना—ના યોગમાં ૨જી, ૩જી કે ૫મી વિ. વપરાય છે : नाना नारीं निष्फला लोकयात्रा । रामः भरतं / भरतात् / भरतेन विना वनं गच्छति । 54–57 स्वस्ति વગેરે ચાર અવ્યયોના યોગે ચતુર્થી વિ. વપરાય છે : सीतायै स्वस्ति । સીતાનું કલ્યાણ હજો. पित्रे स्वधा । પિતૃને અર્પણ. रामः रावणाय अलम् । રામ રાવણને માટે પૂરતા/પર્યાપ્ત છે. [अलम् નો 'અટકો' એવો અર્થ હોય ત્યારે તૃતીયા વપરાય છે : अलम् अतिविस्तरेण । अलं परिश्रमेण । વગેરે.] देवाय इन्द्राय वषट् । ઇન્દ્ર દેવને અર્પણ. 78–79- साकम्, सार्धम्ના યોગમાં તૃતીયા વિ.-रामेण साकम् । सार्धम् । सह वा सीता वनं गच्छति । 80. नमः યોગે ચતુર્થી–गणेशाय नमः । अम्बिकायै नमः । વગેરે. [પરંતુ नमस् અવ્યય જો √कृ ધાતુની સાથે જોડ્યો હોય તો દ્વિતીયા આવે. मुनित्रयं नमस्कृत्य । नारायणं नमस्कृत्य । વગેરે.] 82. धिक् યોગે દ્વિતીયા વિ. વપરાય છે : धिक् तां च, तं च, मदनं च, इमाम् च, माम् च । (ભર્તૃહરિ).

चादयो निपाताः । 1. च 2. वा 3. ह 4. अह 5. एव 6. एवम् 7. नूनम् 8. शश्वत् 9. युगपत् 10. भूयस् 11. कूपत् 12. कुवित् 13. नेत् 14. चेत् 15. चण् 16. यत्र 17. कच्चित् 18. नह 19. हन्त 20. माकिः, 21. माकित् 22. नकिः 23. नकिम् 24. माङ् 25. नञ् 26. यावत् 27. तावत् 28. त्वै, न्वै 29. द्वै 30. रै 31. श्रौषट् 32. वौषट् 33. स्वाहा 34. स्वधा 35. वषट् 36. तुम् 37. तथापि 38. खलु 39. किल 40. अथो 41. अथ 42. सुष्ठु 43. स्म 44. आदह । (गणसूत्रम्) उपसर्ग विभक्ति-स्वर-प्रतिरूपकाश्च । 45. अवदत्तम् 46. अहंयुः 47. अस्तिक्षीरा । 48. अ 49. आ 50. इ 51. ई 52. उ 53. ऊ 54. ए, 55. ऐ 56. ओ 57. औ । 58. पशु 59. शुकम् 60. यथा कथा च 61. पाट् 62. प्याट् 63. अङ्ग 64. है 65. हे 66. भोः 67. अये 68. द्य 69. विषु 70. एकपदे 71. युत् 72. आतः ।। चादिरप्याकृतिगणः ।।

અહીં चादि ગણમાં આવેલા શબ્દો રજૂ કર્યા છે, આ શબ્દોના અર્થ જોઈશું : 1. અને (સમુચ્ચય) 2. વિકલ્પ અથવા અને 3. પ્રસિદ્ધિ 4. પૂજા 5. જ, અવધારણાર્થે 6. એ રીતે, એવું 7. ખરેખર 8. નિરંતર 9. એકીસાથે 10. ફરીથી 11. પ્રશ્ન, પ્રશંસા 12. વધુ પ્રશંસા 13. શંકા 14. અન્યથા, આમ હોય તો 15. જો 16. જ્યાં 17. 'શું આમ છે?' એવો પ્રશ્ન પૂછવા 18. નિષેધપૂર્વક આરંભ 19. વિષાદ, હર્ષ સૂચક ઉદ્‌ગાર 20–23. વર્જન 24. નિષેધ, મનાઈ ફરમાવવી 25. નિષેધ (વાક્યમાં સ્વતંત્ર/એકાકી વપરાતો નથી) 26. જ્યાં સુધી; આમ 27. ત્યાં સુધી 28–29. વિતર્ક 30. દાન, આદર 31–33. હવિષ્-પ્રદાન સમયે વપરાતો ધ્વનિ 34. પિતૃને પિંડ પ્રદાનમાં વપરાતો શબ્દ 35. દેવોને હવિષ્પ્રદાન 36. તુમ 37. તો પણ 38. ખરેખર 39. કહેવાય છે, સંભળાય છે કે 40–41. પ્રારંભ 42. સુન્દર 43. ભૂતકાળ દર્શક ધ્વનિ 44. પ્રારંભ, નિંદા. (ગણસૂત્ર) જે શબ્દો દેખાવમાં (= ઉચ્ચારમાં) ઉપસર્ગ જેવા હોય, વિભક્ત્યન્ત (સુબન્ત કે તિઙન્ત) પદો જેવા હોય, અને અ વગેરે સ્વરો જેવા હોય તેમને પણ चादि ગણની અંદર સમાવિષ્ટ કરી લેવાના છે. એટલે કે તે પણ 'નિપાત' સંજ્ઞક છે; તથા બીજા તબક્કે 'અવ્યય' છે.

45. अव दत्तम् । આમાં 'अव' દેખાવમાં તો ઉપસર્ગ જેવો છે, પણ તેની 'નિપાત' સંજ્ઞા જાહેર કરવાની છે; (તેને 'ઉપસર્ગ' ગણવાનો નથી). પરિણામે अच उपसर्गात्तः । સૂત્રથી આ શબ્દમાં 'द'ના સ્થાનમાં त કારાદેશ થશે નહીં. [નહીં તો 'अवत्तम्' એવું અનિષ્ટ રૂપ બની જાય.] 46. अहंयुः । આમાંના अहं = अहम् શબ્દને अस्मद्‌ના પ્રથમા વિભક્ત્યન્ત રૂપ જેવો ગણવાનો છે. પરિણામે તે નિપાત = અવ્યય જાહેર થઈ શકશે; અને તો જ તેને अहंशुभमयोर्युस् । સૂત્રથી युस् પ્રત્યય લાગી શકે છે.

47. अस्तिक्षीरा (જેનામાં દૂધ છે તેવી ગાય.) અહીં अस्ति શબ્દ તિઙન્ત રૂપ જેવું છે; પણ તેને 'નિપાત' જાહેર કરીને क्षीर શબ્દની સાથે સમાસ કરવામાં આવ્યો છે. 48–57. માં अ વગેરે 'સ્વર' જેવા શબ્દો પણ નિપાત ગણવાના છે. (પરિણામે તેમને अच्‌त्व પ્રયુક્ત કાર્ય થશે નહીં.) ई, ओ વગેરે સંબોધનમાં વપરાય છે.

58. સમ્યક્ 59. શીઘ્ર 60. જેમ તેમ, નિરાદર 61–67. સંબોધન માટે વપરાતા ધ્વનિઓ 68. હિંસા 69. જુદા જુદા 70. એકી સાથે 71. ઘૃણા 72. એટલા માટે.

'ચાદિ–ગણ' પણ આકૃતિગણ છે. આથી આ પ્રકારના જે બીજા શબ્દો ભાષામાં જોવા મળે તેમની પણ 'નિપાત' અને પછી 'અવ્યય' સંજ્ઞા થાય છે. આવા, યાદીમાં નહીં સંગૃહીત થયેલા કેટલાક શબ્દો આ પ્રમાણે છે :

आहोस्वित् (વિકલ્પાર્થક), व–સમાન, दिष्ट्या–વધાઈ, અભિનન્દન, इव–ઉપમાર્થક, अद्यत्वे–આજે, अमुत्र–પરલોક, उताहो–વિકલ્પ, किमुत–શું કહેવું ? વિકલ્પ, प्रसह्य–બળપૂર્વક, किंच અને વળી, पश्चात्–પછી, स्थाने–ઉચિત, अवश्यम्–ચોક્કસ, पूर्वेद्युः–ગઈકાલે, परश्वः–પરમદિવસે, ऐषमः–આ વર્ષે, परारि–ગયા વર્ષની પહેલાનું વર્ષ. વગેરે.

આ જ પ્રમાણે, સ્વરાદિ ગણમાં નહીં ગણાવેલા બીજા કેટલાક અવ્યયો આ પ્રમાણે છે. कामम्–બેશક, યથેચ્છ, आशु–જલ્દી, अञ्जसा–સારું, झटिति–જલ્દી, साम्प्रतम्–હમણાં, ઉચિત, साक्षात्–પ્રત્યક્ષ, સામે, ओम्–હા, પ્રારમ્ભ વગેરે.

---

368. तद्धितश्चासर्वविभक्तिः । १-१-३८

यस्मात्सर्वा विभक्तिर्नोत्पद्यते, स तद्धितान्तोऽव्ययं स्यात् । परिगणनं कर्तव्यम्–तसिलादयः प्राक् पाशपः, शस्प्रभृतयः प्राक् समासान्तेभ्यः, अम्, आम्, कृत्वोऽर्थाः, तसिवती, नानाञौ । एतदन्तमव्ययम् । अत इत्यादि ॥

369. कृन्मेजन्तः । १-१-३९

कृद् यो मान्त एजन्तश्च तदन्तमव्ययं स्यात् । स्मारं स्मारम् । जीवसे । पिबध्यै ।

370. क्त्वा-तोसुन्-कसुनः । १-१-४०

एतदन्तमव्ययम् । कृत्वा । उदेतोः । विसृपः ।

371. अव्ययीभावश्च । १-१-४१

अधिहरि ।

અનુવાદ : ૩૬૮. જે શબ્દની પાછળ બધી જ (= કોઈ પણ) વિભક્તિ ઉત્પન્ન થતી નથી (= જે શબ્દને કોઈ પણ વિભક્તિ પ્રત્યય લાગી શકતો નથી) તેવો તદ્ધિતપ્રત્યયાન્ત શબ્દ પણ "અવ્યય" સંજ્ઞાવાળો બને છે.

તદ્ધિત-પ્રત્યય, લાગીને બનતા આવા શબ્દોનું પરિગણન (= ગણતરી) કરવું કરવું જોઈએ; જેમકે, (क) पञ्चम्यास्तसिल् । ૫–૩–૭ થી શરૂ કરી याप्ये पाशप् । ૫–૩–૪૭ ની પૂર્વ સુધીનાં સૂત્રો દ્વારા કહેલા પ્રત્યયો; (ख) बह्वल्पार्थाच्छस् कारकादन्यतरस्याम् । ૫–૪–૪૨ થી શરૂ કરીને समासान्ताः । ૫–૪–૬૮ ની પૂર્વના સૂત્રોથી કહેલા પ્રત્યયો; (ग) अमु च छन्दसि । ૫–૪–૧ સૂત્રોક્ત अम्, किमेत्तिङव्ययघादाम्वद्रव्यप्रकर्षे । ૫–૪–૧૧ સૂત્રોક્ત आम्, संख्यायाः क्रियाभ्यावृत्तिगणने कृत्वसुच् । વગેરે સૂત્રોથી કહેલા कृत्वसुच् વગેરે ત્રણ પ્રત્યયો; तसिश्च । અને तेन तुल्यं क्रिया चेद्वतिः । तत्र तस्येव । સૂત્રોક્ત तस् અને वति = वत् પ્રત્યયો,

(घ) तथा विनञ्भ्यां नानाञौ न सह । ५–२–२७ સૂત્રોક્ત ना અને नाञ् પ્રત્યયો (—આ બધાય 'તદ્ધિત પ્રત્યયો' છે) જેને લાગ્યા હોય તેને 'તદ્ધિતાન્ત' શબ્દો કહેવાય. આટલા તદ્ધિતાન્તોની પણ 'અવ્યય' સંજ્ઞા થાય છે. દા.ત. अतः इत्थम्, अत्र, क्व, અલ્પશઃ, पचतितराम्, पञ्चकृत्वः વગેરે છે.

૩૬૯. જે म् 'કારાન્ત કે एजन्त 'कृत्' પ્રત્યયો છે, તે જેના અન્તે આવેલા હોય તેવા (કૃદન્ત) શબ્દોની પણ "અવ્યય" સંજ્ઞા થાય છે. દા. ત. स्मारम् स्मारम् । (અહીં √स्मृ ધાતુને आमीक्ष्णे णमुल् । ३–४–२२ સૂત્રથી णमुल् (= अम्) પ્રત્યય લાગે ત્યારે स्मारम् રૂપ બને છે; તે 'म् કારાન્ત કૃદન્ત' કહેવાશે, તેની અવ્યય સંજ્ઞા થાય છે. એ જ પ્રમાણે, √जीव् ધાતુને असे, असेन् (૩–૪–૯) જેવા પ્રત્યયો લાગીને जीवसे (જીવવા માટે) એવો 'एजन्त કૃદન્ત' શબ્દ બને છે., તથા √पा (પિબ) ધાતુને अध्यै/अध्यैन/कध्यै/વગેરે 'कृत्' પ્રત્યય લાગીને पिबध्यै જેવું રૂપ બને છે. તે एजन्त કૃદન્ત હોવાથી પ્રસ્તુત સૂત્ર દ્વારા 'અવ્યય' સંજ્ઞક બનશે.

૩૭૦. क्त्वा (त्वा), तोसुन् (तोस्) અને कसुन् (अस्) પ્રત્યયો જેના અન્તે લાગેલા હોય તેવા શબ્દોની (પણ) 'અવ્યય' સંજ્ઞા થાય છે. દા. ત. कृत्वा । उदेतोः । विसृपः । વગેરે.

૩૭૧. "અવ્યયીભાવ" સમાસની પણ 'અવ્યય' સંજ્ઞા થાય છે. દા. ત. हरौ इति (હરિને વિષે) એવા વિગ્રહમાંથી બનાવેલો 'अधिहरि ।' એવો 'અવ્યયીભાવ' સમાસ પણ "અવ્યય" કહેવાય છે.



હવે નીચેના સૂત્રથી આ 'અવ્યય' સંજ્ઞાનું ફળ શું છે? તે જોઈશું: या या संज्ञा सा सा फलवती । એવો વ્યવહાર આ શાસ્ત્રમાં છે :

---

372. अव्ययाद् आप्सुपः । २–२–८२

अव्ययाद् विहितस्य आपः सुपश्च लुक् । तत्र शालायाम् ।

सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्न व्येति तद् 'अव्ययम्' ॥
वष्टि भागुरिरल्लोपमवाप्योरुपसर्गयोः ।
आपं चैव हलन्तानां यथा वाचा निशा दिशा ॥

॥ इति अव्ययप्रकरणम् ॥

इति पूर्वार्धम्

---

૩૭૨. 'અવ્યય' સંજ્ઞક શબ્દની પાછળ લગાડવામાં આવેલા (સ્ત્રીલિંગ બોધક) આપ્ પ્રત્યય અને (સંખ્યા, કારકના બોધક એવા) સુપ્ પ્રત્યયનો लुक् (= અદર્શન) થાય છે. દા. ત. तत्र शालायाम् । અહીં तद् + સપ્તમી વિભક્તિના અર્થમાં सप्तम्यास्त्रल् । ५–३–१० એવા तद्धितप्रकरणના સૂત્રથી त्रल् પ્રત્યય લાગે છે. तद् + त्रल् = तत्र । આવા त्रल् પ્રત્યયાન્ત तद्धित શબ્દની ૩૬૮. થી અવ્યય સંજ્ઞા થઈ છે. હવે તે तत्र શબ્દ शालायाम् નું વિશેષણ બનીને આવે છે. તેથી तत्र + टाप् (आप्) સ્ત્રીલિંગનો પ્રત્યય લગાડવામાં આવે છે. હવે પ્રસ્તુત સૂત્રથી 'तत्र' એવા અવ્યયની પાછળ લિંગ બોધક आप् પ્રત્યયનો लुक् (= લોપ) થશે. તો तत्र રૂપ રહી જશે.

અવ્યય'નું લક્ષણ આપતી એક કારિકા આ પ્રમાણે છે -

"જે (શબ્દ) ત્રણેય લિંગમાં એક સરખો રહે છે; બધી જ (= કોઈ પણ) વિભક્તિમાં પણ એક સરખો જ રહે છે. બધા જ વચનો (= સંખ્યામાં = એક વચન, દ્વિવચન કે બહુવચન)માં પણ જે વ્યય = વિકાર પામતો નથી, તે (શબ્દ) 'અવ્યય' કહેવાય છે."

* * *

એક ભાગુરિ નામના વૈયાકરણનો મત પણ પરંપરાથી નીચે મુજબ સાંભળવા મળે છે :

ભાગુરિ ઇચ્છે છે (ऋष्टि) કે अव અને अप ઉપસર્ગોના આદિ હ્રસ્વ अ કારનો લોપ થઈ જાય; વળી જે હલન્ત वाच्, निश् અને दिश् જેવા સ્ત્રીલિંગ શબ્દો છે તેમને (સ્વાર્થે) आप् પ્રત્યય પણ લગાવવો; જેથી (वाच् વગેરે હલન્ત શબ્દો બદલાઈને) वाचा, निशा, दिशा । જેવા आ કારાન્ત (माला જેવા) શબ્દો બની જાય.

[ભાગુરિના મતથી ભાષા પ્રયોગમાં બે પ્રકારની સરળતા ઊભી થાય છે : (૧) अवगाहन માંથી वगाहन अवगाह्य ને બદલે वगाह्य (ડૂબકી મારીને); અને अपिधानम् માંથી पिधानम् (ઢાંકણુ) જેવા શબ્દો બને છે. (જુઓ : કુમારસંભવનો પહેલો શ્લોક). (૨) જે वाच्, निश् વગેરે વ્યંજનાન્ત સ્ત્રીલિંગ શબ્દો છે, તેમાં દીર્ઘ आ કાર ઉમેરીને वाचा, निशा જેવા શબ્દો બનાવી લેવાય, અને પછી माला ની જેમ રૂપો ચલાવી શકાય છે.]

વિમર્શ : આ પ્રકરણમાં બે મુદ્દાઓની રજૂઆત થઈ છે : કયા કયા શબ્દોની 'અવ્યય' સંજ્ઞા થાય છે. તથા (૨) જેમની અવ્યય સંજ્ઞા જાહેર કરી છે, તેની પાછળ આવેલા લિંગબોધક आप् પ્રત્યય અને કારકવાચક सुप् પ્રત્યયોનો

लुक् (= લોપ) થાય છે. આ બીજા મુદ્દાની પાછળ સંતાયેલી પાણિનીય વ્યાકરણ તન્ત્રની એક વિશેષતા વિષે જાણીશું :

યાસ્કે 'નિરુક્ત' વેદાંગમાં શબ્દો ચાર પ્રકારના છે એમ કહીને—૧. નામ, ૨. આખ્યાત (= ક્રિયાપદ), ૩. ઉપસર્ગ અને ૪. નિપાત (= અવ્યય)—એમ એમની ગણતરી કરી છે.[૧] પરંતુ પાણિનિએ ૧૪. सुप्तिङन्तं पदम् । ૧–૧–૧૪ સૂત્રમાં કહ્યું છે કે ભાષામાં પદો બે પ્રકારના (જ) છે : (૧) સુબન્ત (= નામપદ) અને (૨) તિઙન્ત (= ક્રિયાપદ). આથી સ્વાભાવિક રીતે જ એ જાણવાનું મન થાય કે પાણિનિ એ ઉપસર્ગો અને નિપાત = અવ્યયોને જુદા કેમ ગણાવ્યા નથી? તો એનો ઉત્તર ૩૭૨. अव्ययाद् आप्सुपः । સૂત્ર સમજવાથી મળી રહે છે : પાણિનિએ (ઉપસર્ગો અને) અવ્યયો (પણ કોઈક ને કોઈક અર્થના વાચક હોવાથી, તેમને 'પ્રાતિપદિક' ગણીને), તેમની પાછળ सुप् વિભક્તિ પ્રત્યયોની ઉત્પત્તિ તો થાય છે જ એમ કહે છે; પણ પછીથી આ ૩૭૨. સૂત્રથી તેમનો લોપ થઈ જાય છે. (આથી તે અવ્યયો યથાવત્ = ધ્વનિવિકાર થયા વિનાના રહી જાય છે.) આથી અવ્યયને પણ એકવાર વિભક્તિ કાર્ય થઈ જતું હોવાથી, તેમને सुबन्तपद = सुप् પ્રત્યયાન્ત નામપદ જ કહેવાય છે !

* * *

આ મુદ્દાને બીજી રીતે તપાસીએ તો મહાભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે– न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । (૧–૨–૬૪સૂત્રભાષ્ય). "ભાષામાં એકલી પ્રકૃતિ (નામરૂપા કે ધાતુરૂપા પ્રકૃતિ) વાપરવી નહીં; અને એકલો પ્રત્યય सुप् કે तिङ्) પણ ન પ્રયોજવો." આથી "અવ્યયની પાછળ કોઈ જ વિભક્તિ પ્રત્યય લાગતો જ નથી" એમ કહેવું અયોગ્ય છે. પતંજલિના મતે કોઈ પણ શબ્દ ત્યારે જ પ્રયોગાર્હ બને છે, જ્યારે તે પ્રત્યયાન્ત/વિભક્ત્યન્ત બને છે. આથી અવ્યયને પણ વિભક્તિકાર્ય થાય ત્યાર પછી જ તેને સાધુત્વ = પ્રયોગાર્હત્વ મળે છે. (પછી ભલે તે પ્રત્યયાંશનો લોપ કરી દેવામાં આવતો હોય.) ટૂંકમાં, પાણિનીય તન્ત્ર મુજબ च, खलु, अथ, इव, पुनः વગેરે અવ્યયો "વિભક્ત્યન્ત સુબન્ત પદો" જ છે !

અહીં 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નો પૂર્વાર્ધ પૂરો થાય છે.

इति शुभं भूयात् ।

---


૧. ભર્તૃહરિએ 'વાક્યપદીય'માં નોંધ્યું છે કે કેટલાકના મતે પાંચમા પ્રકારના શબ્દો તે 'કર્મપ્રવચનીય' છે. (કોઈકના મતે 'ગતિ' સંજ્ઞક શબ્દોને છઠ્ઠા પ્રકારના શબ્દો પણ કહી શકાય.)

પરિશિષ્ટ–૧
'પાણિનીય વ્યાકરણતન્ત્રમાં રૂપાખ્યાન પદ્ધતિ—એક અભ્યાસ"

વસન્તકુમાર મ. ભટ્ટ *

૧


સામાન્ય રીતે व्याक्रियन्ते शब्दाः अनेन इति । એવી વ્યુત્પત્તિ અનુસાર वि+आ ઉપસર્ગ √कृ ધાતુને 'કરણ' અર્થમાં ल्युट् (—अन) પ્રત્યય લાગીને व्याकरणम् શબ્દ સિદ્ધ કરવામાં આવે છે. અહીં व्याक्रियन्ते નો અર્થ पृथक् क्रियन्ते એવો કરવામાં આવે છે. એટલે કે 'વ્યાકરણ' એ એક એવું તન્ત્ર છે કે જેના દ્વારા ભાષામાં વપરાતા (= सिद्ध) શબ્દોનું પ્રકૃતિ–પ્રત્યયમાં પૃથક્કરણ કરવામાં આવે છે, જેમકે,



અહીં, पचति । એવો એક સિદ્ધ શબ્દ લઈને તેનું વ્યાકરણ = પ્રકૃતિ અને પ્રત્યયમાં પૃથક્કરણ કરીએ તો, (૧) ઉપર દર્શાવ્યું છે તેમ ઊભા પિરામીડની આકૃતિવાળું 'વ્યાકરણતન્ત્ર' હોય એવી પ્રતીતિ જન્મે છે. (૨) તથા જેમાં સિદ્ધ શબ્દ આદિમાં હોય, એને પૃથક્કરણને અન્તે અમુક અર્થો (Out-put તરીકે) હાથ લાગે છે એમ સમજાય છે.

સ્વાધ્યાય : પૃ. ૨૭, અંક ૧–૨, દીપોત્સવી અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૯–જાન્યુઆરી ૧૯૯૦, પૃ. ૬૩–૮૬.

પરંતુ પાણિનિએ રચેલું જે અષ્ટાધ્યાયી વ્યાકરણ છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે અહીં 'વ્યાકરણ' એટલે સિદ્ધ શબ્દોનું પ્રકૃતિ-પ્રત્યયમાં પૃથક્કરણ-Analysis-નહીં, પણ પ્રકૃતિ+પ્રત્યયનું સંયોજન-Synthesis એટલે "વ્યાકરણ." અર્થાત્ "વ્યાકરણ' શબ્દ જો પાણિનિના તન્ત્રને લાગુ પાડવાનો હોય તો ત્યાં व्याकरणम् શબ્દની વ્યુત્પત્તિ व्याक्रियन्ते = निष्पाद्यन्ते शब्दाः अनेन इति । એમ કરવી જોઈએ. પાણિનિના અષ્ટાધ્યાયી વ્યાકરણ દ્વારા જે સુબન્ત = નામપદો કે તિઙન્ત = ક્રિયાપદોની સિદ્ધિ (નિષ્પત્તિ) કરવામાં આવે છે તેનું સ્વરૂપ કંઈક આવું છે :-



આમ પાણિનિના વ્યાકરણમાં પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન-(Synthesis) કરીને, ભાષામાં પ્રયોગાર્હ એવું રૂપ/ઉક્તિ સાધવામાં આવે છે. (= સિદ્ધ કરવામાં આવે છે.) અહીં, (૧) ઉપર દર્શાવ્યું છે તેમ ઊંધા પિરામીડની આકૃતિવાળું 'વ્યાકરણતન્ત્ર' પાણિનિએ રચ્યું છે એની ખાતરી થાય છે. તથા (૨) વક્તાના હાથમાં કોઈ પદ સિદ્ધ થઈને આવે તે પૂર્વે, (પહેલા તબક્કામાં જ) વિવક્ષિત અર્થોની પૂર્વધારણા કરવાની હોય છે. (એટલે કે પાણિનિના વ્યાકરણતન્ત્રમાં અર્થ તો in-put તરીકે પહેલાં જ સ્થાપવામાં આવ્યો હોય છે.)

૨

'અર્થ'ની પૂર્વસંકલ્પના કરીને પ્રવૃત્ત કરેલા આ વ્યાકરણતન્ત્ર દ્વારા જ્યારે કોઈ પણ તિઙન્ત = ક્રિયાપદની, કે સુબન્ત = નામપદની સિદ્ધિ કરવામાં આવે છે ત્યારે સમગ્ર વાકય કે ઉક્તિની પણ અવધારણા કરવી પડે છે. એટલે કે પાણિનીય વ્યાકરણ તન્ત્ર દ્વારા કોઈ પણ સુબન્ત કે તિઙન્ત પદની સિદ્ધિ વાકયના એક એકમ તરીકે જ શકય છે, વાકયથી નિરપેક્ષ રહીને– એટલે કે વાકયનું એકમ ન હોય એવા– કોઈ પદની સિદ્ધિ કરવી શકય નથી. આ દૃષ્ટિએ પાણિનિનું વ્યાકરણ **''વાકયસંસ્કાર પક્ષ''ને** પુરસ્કારીને જ, જે તે પદની સિદ્ધિ વર્ણવે છે. આ મુદ્દાનું સમર્થન કરવા માટે પહેલાં એક તિઙન્ત પદની રૂપસિદ્ધિ–રૂપપ્રક્રિયા–તપાસીશુઃ 'રસોઈઓ લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે." આ ગુજરાતી વાકયમાંનું ક્રિયાપદ—'રાંધે છે'–સંસ્કૃત ભાષામાં અનુદિત કરવું હોય તો—

'રાંધે છે'

૧. 'રાંધવા'ની ક્રિયા રૂપી અર્થની વિવક્ષા	વર્તમાન કાળ રૂપી અર્થની વિવક્ષા
૨. પાણિનીય ધાતુપાઠમાંથી આ ક્રિયાની વાચિકા એવી પચ્ પ્રકૃતિ (= ધાતુ) ને પસંદ કરીશું √डुपचष् पाके । ધાતુપાઠ भ्वादिगण 718, સ્વરિતેત્ ધાતુ છે.	+ लट् । वर्तमाने लट् । ૩–૨–૧૨૩ 'વર્તમાનકાળ' રૂપી અર્થનો વાચક એવો એક કાલ્પનિક ધ્વનિ. उपदेशे ऽजनुनासिक इत् । १–३–२ અને हलन्त्यम् । १–३–३ થી 'अ' અને 'ट्' ની इत् સંજ્ઞા; तस्य लोपः । १–३–९ થી તે એનો લોપ કરીશું તો–

૩. પચ્ + લ્ — √પચ્ ધાતુ સકર્મક હોવાથી કર્તરિ ને કર્મણિની શકયતા રહેલી છે.

સકર્મક ધાતુ છે તેથી

'કર્તા' અર્થનો વાચક (√) વાચક	'કર્મ' અર્થનો વાચક

तेथी अहीं, लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ३-४-६९ सूत्रानुसार, विवक्षाथी मानी लो के ल् ने 'कर्ता' अर्थनो वाचक बनाववो छे. तो—

४. पच् + ल्
धातु स्वरितेत् ('कर्ता' अर्थनो
होवाथी, तेनी परमां वाचक मान्यो छे.)

(अथवा)


परस्मैपदी	आत्मनेपदी
तिबादि नव प्रत्ययो	तङादि नव प्रत्ययो लागी शकशे.

अहीं, लस्य । ३-४-७७ सूत्रानुसार, ल्ना स्थानमां तिबादि नव अने तङादि नव = कुल अढार प्रत्ययो प्रवृत्त थवा आवे छे. आ अढारेय प्रत्ययोनुं विधान करनारुं सूत्र तिप्तस्झि-सिप्थस्थ-मिप्वस् मस्-तआतामूझ-थास् आथामूध्वम्-इड्वहिमहिङ् । ३-४-७८ छे. उपर जणाव्युं तेम प्रकृत धातु 'स्वरितेत्' होवाथी ल्ना स्थानमां अढारेय प्रत्ययो (नव परस्मैपदना अथवा नव आत्मनेपदना प्रत्ययो) प्रवृत्त थई शके एम छे. [एटले के पच् धातु उभयपदी छे.] ए स्थितिमां स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले । १-३-७२ सूत्रानुसार स्वरितेत् के ञित् धातु वाच्य क्रियानुं फळ जो कर्तृगामी (= आत्मगामी = क्रियानार स्वयंने मळवानुं) होय तो ते धातुनी पाछळ आत्मनेपद संज्ञक (तङादि नव) प्रत्ययो लागे छे; पण जो स्वरितेत् के ञित् धातुवाच्य क्रियानुं फळ परगामी (= ते क्रिया करनारथी भिन्न एवी व्यक्तिने मळवानुं) होय तो ते धातुनी पाछळ परस्मैपदसंज्ञक ('तिबादि नव) प्रत्ययो लागे छे. हवे, प्रस्तुत वाक्यमां पाकक्रिया करनारो रसोईओ मानी लो के बीजाने माटे रसोई करे छे. (एटले के पाकक्रियानुं फळ परगामी छे.) तो ल् ना स्थानमां तिबादि नव (परस्मैपदसंज्ञक) प्रत्ययो पसंद करवामां आवशे, जेथी

५. पच् + ल् (स्थानी)
↓

आदेशो	तिप्-तस्-झि	(प्रथम पुरुष)
	सिप्-थस्-थ	(मध्यम पुरुष)
	मिप्-वस्-मस्	(उत्तम पुरुष)

હવે, આ નવ પરસ્મૈપદસંજ્ઞક પ્રત્યોમાંથી કોને પસંદ કરીશું ? તો । ૧. युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧–૪–૧૦૫, ૨, अस्मद्युत्तमः । ૧–૪–૧૦૭ અને ૩. शेषे प्रथमः । ૧–૪–૧૦૮ સૂત્રાનુસાર तिङ् થી વાચ્ય (થનારો) કર્તૃકારકનો વાચક "પ્રથમ પુરુષ" ઉપપદમાં છે. એટલે કે—



તેથી, ल् ના સ્થાનમાં આદેશરૂપે तिप्–तस्–झि પ્રત્યયો પસંદ થશે ત્યાર પછી, આ પ્રથમ પુરુષ એકત્વવિશિષ્ટ હોઈ (=સંખ્યાની દૃષ્ટિએ એક હોઈને) ઉપરના ત્રણ પ્રત્યયમાંથી જે એકવચનનો तिप् પ્રત્યય છે તેને પસંદ કરીશું.

૭. पच् + तिप् ।
(અહીં 'कर्ता' અર્થનો વાચક એવો "સાર્વધાતુક" સંજ્ઞક પ્રત્યય પરમાં છે એમ જાણવું.)

{ કારણ કે—અહીં तिङ्शित्सार्वधातुकम् । ૩–૪–૧૧૩ સૂત્રથી "ધાતુની પરમાં લાગતાં तिङ् પ્રત્યયો અને शित् (=श् કારેત્સંજ્ઞક) પ્રત્યયોની 'સાર્વધાતુક' સંજ્ઞા કરવામાં આવે છે."

૮. पच् + शप् + तिप् ।

અહીં कर्तरि शप् । ૩–૧–૬૮થી કર્ત્રર્થક સાર્વધાતુક પ્રત્યય (ति) પરમાં રહેતાં, ધાતુને વિકરણ પ્રત્યય शप् લાગે છે. (ત્યાર પછી, लशक्वतद्धिते । ૧–૩–૮ અને हलन्त्यम् । ૧–૩–૩ થી श् અને प् ની इत् સંજ્ઞા થશે તથા तस्य लोपः । ૧–૩–૯ થી તેનો લોપ કરીશું તો—)

पच् + अ + ति ।

છેલ્લે—

૯. (સૂદઃ) । पचति ॥ એવા પદ/ઉક્તિની સિદ્ધિ થશે.

* * *

અહીં पचति । ની જે રૂપપ્રક્રિયા દર્શાવી છે તેમાં છઠ્ઠો તબક્કો, અને તેની પૂર્વે ઉદ્ધૃત કરેલાં પાણિનિનાં સૂત્રોનો ફરીથી, સૂક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો–આપણે ધાર્યું છે એ પ્રમાણે (અથવા–વક્તાની વિવક્ષાનુસાર) 'રસોઈઓ' પોતાને માટે રાંધતો નથી. એટલે કે पच् ધાતુવાચ્ય ક્રિયાનું ફળ કર્તૃગામી–આત્મગામી–નથી, પણ પરગામી છે; તેથી સ્વરિતેત્ (–પરિણામે ઉભયપદી) ધાતુ હોવા છતાંય પ્રકૃત વાક્યમાંના पच् ધાતુની પાછળ પરસ્મૈપદસંજ્ઞક तिबादि નવ પ્રત્યયો જ આદેશરૂપે પ્રવૃત્ત કરવા પડશે. (જુઓ : પાંચમો તબક્કો)

હવે, पच् ધાતુની પાછળ, ल् ના સ્થાનમાં આ નવેય (तिबादि) પ્રત્યયોની યુગપત્ પ્રવૃત્તિ તો શક્ય નથી. તેથી તે નવ પ્રત્યયોમાંથી કોઈ એક પ્રત્યયની જ પસંદગી કરવાની રહેશે. આ એક પ્રત્યયની પસંદગી શેને આધારે કરીશું? એવો પ્રશ્ન ઊભો થાય છે. તો પાણિનિએ જણાવ્યું છે કે—

(क) युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧–૪–૧૦૫.

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા. ત. પ્રકૃત ઉદાહરણમાં–કર્તૃકારક), તે કારકનો વાચક युष्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય, (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'મધ્યમ પુરુષ' સંજ્ઞક* પ્રત્યયો (એટલે કે—सिप्–थस्–थ) પ્રવૃત્ત/પસંદ કરવા.

(ख) अस्मद्युत्तमः । ૧–૪–૧૦૭.

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા. ત. પ્રકૃત ઉદાહરણમાં–કર્તૃકારક), તે કારકનો વાચક अस्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'ઉત્તમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો (એટલે કે–मिप्–वस्–मस्) પ્રવૃત્ત/પસંદ કરવા.

(ग) शेषे प्रथमः । ૧–૪–૧૦૮.

तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (દા. ત. પ્રકૃત ઉદાહરણમાં–કર્તૃકારક), તે કારકનો વાચક શબ્દ अस्मद् કે युष्मद्‌થી ભિન્ન એવો ત્રીજો જ કોઈ (દા. ત. રસોઈઓ), (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'પ્રથમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો (એટલે કે तिप्–तस्–झि) પ્રવૃત્ત/પસંદ કરવા.

---

* तिङस्त्रीणि त्रीणि प्रथम–मध्यमो–त्तमाः । પા. સૂ. ૧–૪–૧૦૧ સૂત્રથી આ સંજ્ઞાઓ થાય છે.

આ ત્રણેય સૂત્રો એમ સૂચવે છે કે पच् ધાતુની પાછળ જે तिबादि નવ પ્રત્યય આવીને ઊભા રહ્યા છે, તેમાંથી કોઈ એકની પસંદગી કરવા માટે (पच्‌ની પાછળ આવી ઊભેલા) तिङ् પ્રત્યયોથી જે કારકને વાચ્ય બનાવવાની વિવક્ષા પૂર્વે (ત્રીજા તબક્કામાં) કરી છે, તે કારકનો વાચક બને એવો ઉપપદમાં રહેલો શબ્દ શું अस्मद् છે, युष्मद् છે, કે તદુભય ભિન્ન (= અન્ય કોઈ) છે? એનો પહેલાં વિચાર–નિર્ણય–કરી લો. તો આપણા પ્રકૃત ઉદાહરણમાં તે अस्मद्–युष्मद् (= વક્તા-શ્રોતાથી) ભિન્ન એવો 'રસોઈઓ' છે. આથી, હવે એ સ્પષ્ટ થઈ જાય છે કે पच् ધાતુની પાછળ આવી ઊભેલા तिबादि નવ પ્રત્યયોમાંથી કેવળ 'પ્રથમ પુરુષ' સંજ્ઞક तिप्–तस्–झि પ્રત્યયો જ પસંદ કરવાના છે. ત્યાર પછી, અહીં તરત જ એ પણ તપાસી લેવાનું છે કે अस्मद्–युष्मद्‌થી ભિન્ન એવી વ્યક્તિ (નો વાચક શબ્દ) એકવચનમાં રહેલ છે (= એકત્વ સંખ્યાવિશિષ્ટ છે) કે દ્વિવચન, અથવા તો બહુવચનમાં રહેલ છે? (= એકત્વ સંખ્યાવિશિષ્ટ છે) કે દ્વિવચન, અથવા તો બહુવચનમાં રહેલ છે? તો પ્રકૃત ઉદાહરણમાં તે વ્યક્તિ–રસોઈઓ–એકવચનમાં રહેલો છે. તેથી પ્રથમ પુરુષસંજ્ઞક પ્રત્યયો तिप्–तस्–झि–માંથી એકવચનનો વાચક એવો જે तिप् પ્રત્યય છે; તેને છેવટે પસંદ કરીશું. આમ पच् + तिप्‌ની સ્થિતિ આવીને ઊભી રહેશે.—અહીં पच् ધાતુની પાછળ આવીને ઊભેલા નવ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવાનો જે તબક્કો છે તેમાં જ પાણિનિએ એ અનિવાર્ય શરત ઊભી કરી છે કે पच् ધાતુની પરમાં લગાડવામાં આવનારા પ્રત્યયથી જે કારક વાચ્ય રહેવાનો/બનવાનો છે, તે કારકનો વાચક શબ્દ ઉપપદમાં રહેલો હોય. એટલે કે पच् ધાતુથી વાચ્ય ક્રિયાનો કર્તા જે કોઈ હોય, એની સહોપસ્થિતિ (કે અધ્યાહૃત સ્થિતિ) હોવી, એ આ તિઙન્ત પદની સિદ્ધિમાં એવું ગૃહીત છે.

આમ તિઙન્ત પદની સિદ્ધિ દરમ્યાન तिङ् પ્રત્યયવાચ્ય કારક (દા.ત. કર્તરિ પ્રયોગમાં કર્તૃકારક, અને કર્મણિપ્રયોગમાં કર્મકારક રૂપે પ્રથમ પુરુષ, મધ્યમ પુરુષ અને ઉત્તમ પુરુષ–એ ત્રણમાંથી) કોણ છે એનો જો પહેલાં ખ્યાલ કરવાનો હોય તો–એમ સ્વીકારવું જ રહ્યું કે સમગ્ર વાક્યના પરિપ્રેક્ષ્યમાં જ કોઈ પણ તિઙન્ત પદની રૂપસિદ્ધિ કરવી શક્ય છે. એટલે કે વાક્યથી નિરપેક્ષ રહીને કોઈ સ્વતન્ત્ર/એકાકી તિઙન્ત પદની સિદ્ધિ કરવી આ પાણિનીય વ્યાકરણતન્ત્રમાં શક્ય જ નથી.

* * *

હવે, પાણિનીય વ્યાકરણતન્ત્રમાં કોઈક સુબન્ત = નામપદની સિદ્ધિ કેવી રીતે થાય છે? એ છેડેથી આ મુદ્દાને તપાસી જોઈશું :

'રસોઈઓ લાકડાંથી ચોખા રાંધે છે."

सूदः । લાકડાંથી ચોખા/पचति ॥

ઉદ્દેશ્ય	રાંધવાની ક્રિયામાં સાધન ભાવે અન્વિત તેથી	+ पच + अ +	तिप्–तस्–झि વગેરે નવ પ્રત્યયો
अस्मद्–युष्मद्	કારક કહેવાશે રાંધવાની ક્રિયા જન્માવવામાં		
(વક્તા–શ્રોતા)થી ભિન્ન એવી વ્યક્તિ	રસોઈઓ સ્વતન્ત્ર' છે. (એટલે કે–તેનો વ્યાપર અન્ય કારકોના વ્યાપારને અધીન નથી)–તેથી	આ નવ પ્રત્યયો પણ ઉદ્દેશ્ય 'પ્રથમ પુરુષ" હોવાથી तिप् પસંદ કરીને पचति બનાવીશું	
પ્રથમ પુરુષ એકવચન	'કર્તૃકારક' સંજ્ઞા		

सुद + सु । અહીં, ક્રિયાપદમાંના तिप् પ્રત્યયથી કર્તૃકારક રૂપી અર્થ ઉક્ત = અભિહિત હોઈને

अनभिहिते । ૨–૩–૧ના અધિકારમાં આવેલા कर्तृकरणयोस्तृतीया । २–३–१८ થી તૃતીયા વિભક્તિનો પ્રત્યય નહીં લાગે, પણ प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । २–३–४६ સૂત્રોક્ત પ્રથમા વિભક્તિ લાગશે, જેમકે स्वौजसमौट्० । ४–१–२ સૂત્રવિહિત सु પ્રત્યય થશેઃ—सूद + सु > પછી सूद + सु > रु—र्—सूद + : = सूदः । થશે. આમ >

सूदः ।	લાકડાંથી (કરણકારક)	ચોખા (કર્મકારક)	पचति ॥

હવે, બીજે તબક્કે—

'લાકડાંથી' નો અનુવાદ સંસ્કૃતમાં કેવી રીતે થશે ? એ વિચારીશું :

'લાકડાંથી' =

૧. काष्ठ + અત્યંત ઉપયોગી

'સાધન' રૂપી અર્થ कारके । १–४–२३ સૂત્રથી 'કારક' સંજ્ઞા થશે.(કારણ કે 'રાંધવું' ક્રિયામાં 'काष्ठ' પદાર્થ સાધન-ભાવે અન્વિત છે = क्रियान्वयित्वं कारकत्वम् ॥)

૨. કાષ્ઠ પદાર્થમાં સાધન રૂપે જે 'કારકત્વ રહેલું છે, તેને साधकतमं करणम् । ૧-૪-૪૨ સૂત્રોક્ત 'કરણ' એવી વિશેષ સંજ્ઞા થશે. = काष्ठ + 'કરણ-કારક' અર્થ.

૩. અહીં, पचति । ક્રિયાપદમાંના ति પ્રત્યયથી 'કરણકારક' રૂપી અર્થ ઉક્ત=અભિહિત નથી. તેથી अनभिहिते । ૨-૩-૧ સૂત્રના અધિકારમાં આવેલા कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮થી કરણકારકાર્થને અભિવ્યક્ત કરવા માટે 'તૃતીયા વિભક્તિ' લાગશે:काष्ठ + તૃતીયા વિભક્તિ.

૪. काष्ठ + स्वौजसमौट्० । ૪-૧-૧ સૂત્રવિહિત (તૃતીયા વિ.ના) टा-भ्याम्-भिस् પ્રત્યયો થશે. તે ત્રણ પ્રત્યયોમાંથી—

काष्ठ + भिस्
(બહુત્વ વિશિષ્ટ (બહુત્વનો વાચક પ્રત્યય લગાડીશું)
છે. તેથી—)

૫. अङ्गस्य । ૬-૪-૧ થી ૭-૪-૯૭ સુધીનાં સૂત્રો દ્વારા વિભક્તિ પ્રત્યયોના સ્થાનમાં, તથા પ્રકૃતિ/અંગમાં કેવાં કેવાં ધ્વનિપરિવર્તનો કરવાં એનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમકે, अतो भिस ऐस् । ૭-૧-૯ भिस्ના સ્થાનમાં ऐस् આદેશ થશે :

काष्ठ + भिस् > ऐस् ॥

૬. काष्ठ + ऐस् । એ સ્થિતિમાં, वृद्धिरेचि । ૬-૧-૮૮ સૂત્રથી વૃદ્ધિ

થશે તો—

૭. काष्ठैस् । થશે. પછી ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્રથી स् > रु > र् થશે. તો

૮. काष्ठैर् । પછી, खरवसानयोर्विसर्जनीयः । ૮-૩-૧૫થી રેફનો વિસર્ગ થશે.

૯. काष्ठैः ॥ એવું પદ સિદ્ધ થશે.

અહીં પણ. 'રાંધવું' ક્રિયામાં કાષ્ઠ પદાર્થ 'સાધન' તરીકે અન્વિત હોય તો જ તેની 'કારક' સંજ્ઞા થઈ શકે છે. કારણ કે कारके । ૧-૪-૨૩ એવા સૂત્રમાંના कारक શબ્દને અન્વર્થ માનવામાં આવ્યો છે. (क्रियान्वयित्वं कारकत्वम् ।) તેથી જે પદાર્થ ક્રિયામાં અન્વિત ના હોય તેને 'કારક' જ કહી શકાતો નથી. આમ, (કોઈ પણ) નામપદની સિદ્ધિનું પ્રથમ પગથિયું જ સૂચવે છે કે ક્રિયા (= ક્રિયાપદ)થી નિરપેક્ષ હોય, અથવા તો ક્રિયામાં અનન્વિત હોય તેવા પદાર્થને =પદાર્થવાચક શબ્દને 'કારક' ગણાતું નથી; અને જો પદાર્થમાં 'કારકત્વ' જ

ના હોય તો, પદાર્થવાચક શબ્દની પરમાં કોઈ વિભક્તિનો પ્રત્યય જ ઉત્પન્ન થઈ શકશે નહીં. એટલે કે પાણિનીય વ્યાકરણતન્ત્રમાં સુબન્ત–પદની સિદ્ધિ માટે પણ ક્રિયાપદની સહોપસ્થિતિ–અનિવાર્ય છે.

આમ, ઉપર્યુક્ત સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ નીકળ્યો કે–પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં (કર્તૃ કે કર્મ) કારકવાચક યુષ્મદાદિ રૂપ કોઈક શબ્દ તિઙ્ પ્રત્યયના સામાનાધિકરણ્યમાં (agreementમાં) ના હોય ત્યાં સુધી કોઈ પણ તિઙન્ત (= ક્રિયાપદ માત્ર)ની સિદ્ધિ કરવી શક્ય નથી. તેવી જ રીતે, ક્રિયામાં અન્વિત ના હોય એવા–એટલે કે કારકત્વ વિનાના–(નામ =) શબ્દને પણ પ્રથમાદિ વિભક્તિઓના સુપ્ પ્રત્યયો લગાવી શકાતા નથી.* ટૂંકમાં, પાણિનીય વ્યાકરણતન્ત્રનાં સૂત્રો દ્વારા એકી સમયે સમગ્ર વાક્યનો જ સંસ્કાર કરવાનો રહે છે. આથી સિદ્ધ થાય છે કે પાણિનિનું વ્યાકરણ એ કેવળ 'પદો'ની – રૂપાખ્યાન (Morphology) ની સિદ્ધ કરતું વ્યાકરણતન્ત્ર નથી પણ 'વાક્યવિન્યાસ''ની ચર્ચા કરતું— Syntactic levelનું–જ વ્યાકરણતન્ત્ર છે.

ઉપર્યુક્ત ચર્ચામાં આપણે જોયું કે काष्ठैः । જેવા સુબન્ત પદની સિદ્ધિ વાક્યના એક એકમ તરીકે જ (= ક્રિયાન્વિત કારકાર્થ રૂપે જ) કરી શકાય છે. પરંતુ ત્યાં काष्ठैः =ની રૂપસિદ્ધિ માટે જે જે સૂત્રોને ઉપસ્થિત કર્યાં છે, તે સૂત્રોનો અષ્ટાધ્યાયી ક્રમાંક પણ તપાસવા જેવો છે. જેમકે, 'લાકડાંથી (રાંધે છે.') અહીં રાંધવાની ક્રિયામાં (પ્રકૃષ્ટ) ઉપકારક સાધન તરીકે કાષ્ઠની 'કારક' સામાન્ય-સંજ્ઞા કરનારું સૂત્ર कारके । એવું સંજ્ઞાધિકાર–સૂત્ર ૧–૪–૨૩ ક્રમાંકનું છે. ત્યાર પછી તે કારક સામાન્યની 'પ્રકૃષ્ટોપકારક' સાધન તરીકે 'કરણકારક' એવી કારક વિશેષસંજ્ઞા કરનારા साधकतमं करणम् । સૂત્રનો નંબર ૧–૪–૪૨ છે હવે આ કરણકારકાર્થને અભિવ્યક્તિ કરવા માટે अनभिहिते (૨–૩–૧)ના અધિકારમાં આવેલું તૃતીયા વિભક્તિ વિધાયક कर्तृकरणयोस्तृतीया । એવું સૂત્ર ૨–૩–૧૮ ક્રમાંકનું છે. આ તૃતીયા વિભક્તિમાં કયા કયા પ્રત્યયો છે એ જાણવા માટે स्वौजसमौट्० । સૂત્રનું સ્મરણ કરવું પડે છે; જેનો ક્રમાંક ૪–૧–૨ છે. (काष्ठ + टा/भ्याम् /भिस्) । એ પછી अङ्गस्य (૬–૪–૧ થી ૭–૪–૯૭) સૂત્રોક્ત 'અંગાધિકાર'માં આવેલા अतोभिस ऐस् । સૂત્રથી भिस्ના સ્થાનમાં ऐस् આદેશ લાવવામાં

* ક્યારેક ક્રિયાપદથી નિરપેક્ષ એવા કોઈક નામને શુદ્ધ પ્રતિપદિકાર્થમાં કેવળ પ્રથમા વિભક્તના પ્રત્યયો લગાડી શકાય છે ખરા. જેમકે, वृक्षः । तटी । वनम् ॥ ભાષામાં કેવળ નામ રૂપા (કે ધાતુરૂપા) પ્રકૃતિનો તો પ્રયોગ કરી શકાતો નથી. (न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । એવું ૧–૨–૬૪ સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ કહ્યું છે.) તેથી (ક્રિયાપદ વિનાના) वृक्षः । વગેરે પદોમાં આવેલી પ્રથમા વિભક્તિ શબ્દસાધુત્વપ્રતિપાદિકા છે એમ જાણવું.

આવે છે. अतो भिस ऐस् । સૂત્ર ૭–૧–૯ નંબરનું છે. હવે, काष्ठ+ऐस् । માં वृद्धिरेचि । ૬–૧–૮૮ સૂત્રથી વૃદ્ધિ કરીશું તો–काष्ठैस् । બનશે. ત્યાર પછી છેલ્લા બે તબક્કામાં સૂનું વિસર્ગમાં પરિવર્તન કરવા માટે જે બે સૂત્રો– ससजुषो रुः । અને खरवसानयोर्विसर्जनीयः । લગાડવામાં આવે છે તેનો ક્રમાંક (અનુક્રમે) ૮–૨–૬૬ અને ૮–૩–૧૫ છે.

અહીં પાણિનિએ अष्टाध्यायीનાં સૂત્રોનો જે ક્રમાંક ગોઠવ્યો છે તેમાં પહેલે તબક્કે—अर्थ, બીજે તબક્કે—वाक्य, ત્રીજે તબક્કે—પરસ્પરાન્વિત એવાં સુબન્ત અને તિઙન્ત પદ, અને છેલ્લે ચોથા તબક્કામાં—જરૂરી ધ્વનિવિકારોનું વર્ણન કર્યું છે. આ ક્રમે આવેલાં સૂત્રોની પ્રવૃત્તિ કર્યા પછી છેલ્લે પ્રયોગાર્હ ઉક્તિ /વાક્યની સિદ્ધિ થાય છે.

આ દૃષ્ટિએ 'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીશું તો વાક્યની રચના વર્ણવતાં સૂત્રોનો વિષયવિભાગ નીચે મુજબ છે :—

*

(૧) કૃત્રિમ–પારિભાષિક સંજ્ઞાઓ અને પરિભાષાસૂત્રો, (૨) વાક્યના એકમને મનમાં રાખીને, ક્રિયાનિર્વર્તક એવા પદાર્થો–અર્થાત્ વ્યાકરણિક (કર્તૃકર્માદિ) સંજ્ઞાઓનું વિધાન, (૩) તે સંજ્ઞાઓનું સુબન્ત પદમાં પરિવર્તન, અને સાથેને સાથે તિઙન્ત પદની રૂપસિદ્ધિ, પછી છેલ્લે–(૪) પદ અને સન્ધિવિષયક ધ્વનિપરિવર્તન–વિકારોના નિયમોની રજૂઆત કરી છે. (જુઓ : આ ગ્રન્થની પ્રસ્તાવનામાં " 'અષ્ટાધ્યયી'ની વિષયવ્યવસ્થા" વિષયની ચર્ચા; પૃ. ૮.)

૩

ઉપરની ચર્ચામાં પાણિનીય વ્યાકરણતન્ત્ર દ્વારા રજૂ થયેલાં (સુબન્ત અને તિઙન્ત) રૂપાખ્યાનોની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. હવે, પાણિનિની રૂપાખ્યાનપદ્ધતિનું વિશ્લેષણ રજૂ કરીશું :–

પાણિનિએ (વાક્યની અંદર વપરાતાં) પદોને કેવળ બે પ્રકારમાં જ વિભક્ત કર્યાં છે.*

જેમકે—

* सुप्तिङन्तं पदम् । १–४–१४

વાક્ય

સુબન્ત	તિઙન્ત
૧. (રૂઢ) નામો, (= પ્રાતિપદિક)+ ૨. યૌગિક નામો, (= કૃદન્ત પ્રાતિપદિક) ૩. તદ્ધિતાન્ત નામો ૪. સામાસિક શબ્દો ૫. અવ્યય(= નિપાતો) આમાંથી સાધિત પ્રથમાથી સપ્તમી વિભક્તિ સુધીનાં **નામપદો**	'કાળ' (Tense) અને 'અર્થ' (Moods)ની અભિવ્યક્તિ કરવા માટે જુદાં જુદાં ૧૦ પ્રકારનાં **ક્રિયાપદો**

આ બન્ને પ્રકારનાં 'વિભક્ત્યન્ત' પદોની રૂપસિદ્ધિ વર્ણવવા માટે પાણિનિએ એક સરખી પદ્ધતિ અજમાવી છે. જેમકે, સૌથી પહેલાં—

(क) નામવાચક પ્રકૃતિ (= પ્રાતિપદિક)ને લાગતા ૨૧ સામાન્ય (રૂપઘટક =) પ્રત્યયોનું પરિગણન/પ્રદર્શન કર્યું છે. જેમ કે,

स्वौजसमौट्छष्टाभ्याम्भिस्ङेभ્યाम्भ्यस्ङसि-
भ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुप् । ४-१-२

અર્થાત્ 'પ્રાતિપદિક' માત્રને જુદી જુદી વિભક્તિઓમાં નીચે મુજબના ૨૧ સામાન્ય પ્રત્યયો લાગે છે:

	એકવચન	**દ્વિવચન**	**બહુવચન**
પ્રથમા વિ.	सु	औ	जस्
દ્વિતીયા	अम्	औट्	शस्
તૃતીયા	टा	भ्याम्	भिस्
ચતુર્થી	ङे	भ्याम्	भ्यस्
પંચમી	ङसि	भ्याम्	भ्यस्
ષષ્ઠી	ङस्	ओस्	आम्
સપ્તમી	ङि	ओस्	सुप्

+ अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । १-२-४५,
कृत्तद्धितसमासाश्च । १-२-४६

[નોંધ : પ્રથમા વિભક્તિનો सु, અને સપ્તમી બહુવચનનો છેલ્લો વર્ણ (=અનુબન્ધ) प् એ બેને ભેગા કરીને 'सुप्' પ્રત્યાહાર બનાવાય છે. આ सुप् પ્રત્યયો જે નામની પાછળ લાગ્યા હોય, તેને सुबन्त-પદ કહે છે.]

તથા

(ख) ક્રિયાવાચક (=ધાતુ)ને લાગતા પરસ્મૈપદ સંજ્ઞક ૯ પ્રત્યયો, અને આત્મનેપદસંજ્ઞક ૯ પ્રત્યયો = એમ કુલ અઢાર સામાન્ય પ્રત્યયો (=સામાન્ય રૂપઘટકો)નું પ્રદર્શન કર્યું છે. જેમકે,

तिप्तस्झिसिप्थस्थमिप्वस्मस्तातांझथासाथाम्ध्वमिड्वहिमहिङ् । ३-४-७८

અર્થાત્ જુદા જુદા કાળ કે અર્થની અભિવ્યક્તિ કરવા માટે ધાતુ માત્રને નીચે મુજબના ૯+૯ સામાન્ય પ્રત્યયો લાગે છે.

૧ પરસ્મૈપદી ધાતુને—

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમ પુરુષ	तिप्	तस्	झि
મધ્યમ પુરુષ	सिप्	थस्	थ
ઉત્તમ પુરુષ	मिप्	वस्	मस् ॥

૨ આત્મનેપદી ધાતુને—

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમ પુરુષ	त	आताम्	झ
મધ્યમ પુરુષ	थास्	आथाम्	ध्वम्
ઉત્તમ પુરુષ	इड्	वहि	महिङ्

[નોંધ : પરસ્મૈપદના પહેલા तिप् પ્રત્યયનો ति વર્ણ લઈને, આત્મનેપદના છેલ્લા महिङ् પ્રત્યયનો ङ् વર્ણ (=અનુબન્ધ) લઈને तिङ् એવો પ્રત્યાહાર બનાવાય છે. આ तिङ् પ્રત્યયો ધાતુને લાગીને જે પદ તૈયાર થાય તેને तिङन्त પદ કહે છે.]

હવે નામ (=પ્રાતિપદિક)ને લાગતા આ ૨૧ સામાન્ય પ્રત્યયો/રૂપઘટકો તો લક્ષણકારે (=સૂત્રકાર પાણિનિએ) બતાવેલા પ્રત્યયો છે. જ્યારે વાસ્તવિક લક્ષ્ય = પ્રયોગની સ્થિતિમાં તો કોઈ એક જ અર્થ વ્યક્ત કરવા વિભિન્ન પ્રત્યયો = ઉપરૂપઘટકો વપરાતાં જોવા મળે છે. દા. ત. પાણિનિનાં स्वौजसमौट्० । ४-१-२ સૂત્ર મુજબ ચતુર્થી વિભક્તિનો સામાન્ય પ્રત્યય (રૂપઘટક) તો /-ङे/ એક જ છે. જ્યારે વ્યવહારમાં તો આ જ અર્થમાં रामाय । सर्वस्मै । सर्वस्यै । ज्ञानिने । जगते । वाचे । मालायै-नद्यै । कवये-भानवे । तुभ्यम्-मह्यम् । જેવા વિભિન્ન શબ્દો (=વિભક્ત્યન્ત પદો) વપરાય છે. આથી પાણિનિની રૂપાખ્યાનપદ્ધતિને

સમજવા માગનાર અધ્યેતાને પ્રશ્ન થવાનો કે—લક્ષણમાં (સૂત્રમાં) રજૂ થયેલા ચતુર્થી વિભક્તિ એકવચનના એકમાત્ર ङे॰ એવા એક સામાન્ય પ્રત્યયમાંથી -य ॥ |-स्मै ॥ -ऐ ॥ -यै ॥ -ए ॥ अम् । વગેરે ઉપરૂપઘટકોવાળાં रामाय । सर्वस्मै । जगते । मालायै । तुभ्यम् । વગેરે જેવાં (ચતુર્થી વિભક્તિ-એકવચનમાં જ) વિભિન્ન પદો કેવી રીતે નિષ્પન્ન કરી શકાય ? તો એમ જણાય છે કે પાણિનિએ એક જ સામાન્ય રૂપઘટક–પ્રત્યય–માંથી વિવિધ ઉપરૂપઘટકોની વ્યુત્પત્તિ (=નિષ્પત્તિ) બતાવવા માટે પ્રથમ તબક્કે—

(क) સ્થાન્યાદેશ વિધિ, તથા બીજે તબક્કે—

(ख) લોપ, આગમ અને વર્ણવિકારનું (Prescription) વિધાન કરવાની પદ્ધતિ સ્વીકારી છે.

દા. ત. ચતુર્થી વિભક્તિ એકવચનના

'ङे' એવા એક સામાન્ય રૂપઘટકમાંથી

૧	૨	૩	૪	૫	૬	૭
/-ए/	/-य/	/स्मै/	/-स्यै/	/-यै/	/ऐ/	/-अम्/
जगते	रामाय	सर्वस्मै	सर्वस्यै	मालायै	नद्यै	तुभ्यम्
वाचे	वनाय	तस्मै	अस्यै		चम्वै	मह्यम्
भगवते		अस्मै	तस्यै			
शशिने		एतस्मै	एतस्यै			
कर्त्रे						
वारिणे						
दध्ने						
कवये						
मानवे						

આવાં સપ્તવિધ ચતુર્થ્યન્ત પદો તૈયાર થઈ શકે છે.

સૌથી પહેલાં, પાણિનિનાં સૂત્રો દ્વારા આ દરેકની ક્રમિક રૂપપ્રક્રિયાનું પ્રદર્શન કરીશું ત્યાર પછી←તેમાં અજમાવેલી પદ્ધતિને ઉપસાવવા પ્રયત્ન કરીશું :

(૧) /ङे/ એવા સામાન્ય રૂપઘટકમાંથી—/ए/ વિશેષ ઉપરૂપઘટક વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ जगते । भगवते । शशिने । वारिणे । कवये । જેવાં પદોને સાધવા માટે કરવામાં આવ્યો છે) :

१. जगत् + ङे
(प्रकृति + प्रत्यय)
પ્રકૃતિમાં સમ્પ્રદાનકારકત્વ અને એકત્વવિશિષ્ટ સંખ્યા રહેલી છે. હવે, આ અર્થોનો વાચક ङे પ્રત્યય છે.

(૧) चतुर्थी सम्प्रदाने । २–३–१३ સૂત્રથી "સમ્પ્રદાનકારકનો અર્થ વ્યક્ત કરવા ચતુર્થી વિ. નો પ્રયોગ થાય છે."

(૨) स्वौजसमौट्० । ४–१–२ સૂત્રોક્ત ङे પ્રત્યય 'ચતુર્થી વિ.'નો છે.

(૩) लशक्वतद्धिते । १–३–८ સૂત્રથી પ્રત્યયના આદિમાં આવેલા ङ् વર્ણ (= અનુબન્ધ)ની इत् સંજ્ઞા થશે.

(૪) तस्य लोपः । १–३–९ સૂત્રથી તે इत् સંજ્ઞક ङ् નો લોપ થશે. તો

२. जगत् + ए ।

(૫) अज्झीनं परेण संयोज्यम् । સ્વર વિનાના વ્યંજનને પરવર્ણની સાથે જોડી દેવો. તેથી

३. जगते ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

નોંધ : આ ए પ્રત્યય લાગીને (જુદાં જુદાં લિંગમાં રહેલા) વ્યંજનાન્ત નામોનાં ચતુર્થી વિભક્તિ, એકવચનનાં રૂપો બને છે. જેમ કે, भूभृते । चन्द्रमसे । वाचे । दिशे । पयसे । વગેરે.

* * *

/ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-ए/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરીને સાધવામાં આવતાં वारिणे । मधुने । दध्ने । कर्तृणे । જેવા પદો; કે જેમાં પ્રકૃતિમાં न् એવો નવો ધ્વનિ ઉમેરવો પડે છે, તેની રૂપસિદ્ધિ જોઈશું :

१. वारि + ङे
પ્રકૃતિમાં સમ્પ્રદાનકારકત્વ, એકત્વ સંખ્યા } પ્રત્યય તદર્થનો વાચક છે.

(૧) चतुर्थी सम्प्रदाने । २–३–१३

(૨) स्वौजसमौट्० । ४–१–२ સૂત્રથી ङे પ્રત્યયનું વિધાન

(૩) लशक्वतद्धिते । १–३–८ અને तस्य लोपः । १–३–९થી ङ् નો લોપ

२. वारि + ए
वारि: નપુંસકલિંગ इ વર્ણાન્ત પ્રકૃતિ છે.
ए: સ્વરાદિ વિભક્તિ પ્રત્યય પરમાં છે.

(૪) इकोऽचि विभक्तौ । ७–१–७२ સૂત્રથી "નપુંસકલિંગમાં હોય એવી इगन्त (= इ, उ, ऋ, ऌ સ્વરાન્ત) પ્રકૃતિને नुम् (= न्) આગમ થાય છે; જો अजादि વિભક્તિ પ્રત્યય પરમાં હોય તો. [मिदचोऽन्त्यात्परः । १–१–४७

३. वारि न्+ए — સૂત્રથી नुम् (કે જેમાંથી म् ની इत् સંજ્ઞા કરીને, લોપ કર્યો છે) એવા मित् આગમને वारि ના इ કારની પાછળ લગાડીશું.]

४. वारि ण्+ए — (૫) अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि । ८-४-२ સૂત્રથી "રેફથી પરમાં (કેટલું વ્યવધાન હોવા છતાંય) આવેલા न् ને णत्व થશે."

५. वारिणे ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે. — (૬) अज्झीनं परेण संयोज्यम् । અનુસાર સ્વર વગરના વ્યંજનને પરવર્ણ સાથે જોડી દેવો.

આમ, આ ए પ્રત્યય લાગીને જ નપુંસકલિંગમાં રહેલ હ્રસ્વ इ, उ, ऋ કારાન્ત નામોનાં ચતુર્થી વિભક્તિ, એકવચનનાં રૂપો બને છે. જેમ કે, वारिणे । दध्ने । मधुने । વગેરે.

* * *

/ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /ए/ એવા ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરીને, તેમાંથી સાધવામાં આવતાં कवये । मानवे । જેવાં પદો; કે જેમની પ્રકૃતિમાં થોડો વિકાર લાવવો પડે છે, તેથી રૂપસિદ્ધિ જોઈશું :

१. कवि+ङे — (૧) चतुर्थी सम्प्रदाने । २-३-१२

પ્રકૃતિમાં	તદર્થનો	(૨) स्वौजसमौट्० ४-१-२
સમ્પ્રદાનકારકત્વ	વાચક એવો	(૩) लशक्वतद्धिते । १-३-८ થી ङ्नी
અને		इत् સંજ્ઞા, तस्य लोपः । १-३-९થી
એકત્વવિશિષ્ટ	ચતુર્થી વિ.	ङ्नो લોપ કરીશું. [તેથી ङे પ્રત્યય
સંખ્યા રહેલી છે.	એકવચનનો પ્રત્યય	ङित् = ङ् કારેત્સંજ્ઞક થશે.]

२. कवि+ए — {ङित् પ્રત્યય કહેવાશે} — (૪) शेषो घ्यसखि । १-४-७ સૂત્રથી હ્રસ્વ इ, उ વર્ણાન્ત પ્રકૃતિ (કે જેમની 'नदी' સંજ્ઞા નથી કરી, તેમ)ની घि થાય છે. પછી

'घि' સંજ્ઞક શબ્દ

૩. क्वे + ए

(૫) घेर्ङिति । ૭–૩–૧૧૧ સૂત્રથી "ઘિ સંજ્ઞક શબ્દને, ङित् सुप् પ્રત્યય પરમાં રહેતાં 'ગુણ' (इ > ए) થાય છે."

૪. क्व् अय् + ए

(૬) एचोऽयवायावः । ૬–૧–૭૮ થી 'अच् પરમાં રહેતાં ए ના સ્થાનમાં अय् આદેશ થશે. તો

(૭) अज्झीनं परेण संयोज्यम् । અનુસાર બધું જોડી દઈશું તો

૫. क्वये ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

નોંધ : આ જ પ્રમાણે, હ્રસ્વ उકારાન્ત मानु શબ્દમાંથી मानवे રૂપ પણ સિદ્ધ કરી શકાય છે.

* * *

આમ, આ ए પ્રત્યય લગાવીને પછી પ્રકૃતિમાં 'ગુણ' રૂપી વિકાર લાવીને પછી, પુંલિંગમાં રહેલા હ્રસ્વ इ, उ કારાન્ત નામોનાં, [તથા વિકલ્પે સ્ત્રીલિંગમાં રહેલાં मति धेनु જેવાં હ્રસ્વ इ, उકારાન્ત નામોનાં પણ] ૪થી વિ. એકવચનનાં રૂપો બને છે. દા. ત. हरये । मानवे । વગેરે.

(૨) /ङे/ સામાન્ય રૂપઘટકમાંથી/ –य /એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ रामाय । वनाय । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે.) :

૧. राम + ङे
પ્રકૃતિમાં તદ્દર્થવાચક
સમ્પ્રદાનકારકત્વ, ચતુર્થી
વિ. અને એકવચનનો
એકત્વસંખ્યા પ્રત્યય

(૧) चतुर्थी सम्प्रदाने । ૨–૩–૧૨

(૨) स्वौजसमौट्० । ૪–૧–૨

૨. राम + ङे > य
હ્રસ્વ अ કારાન્ત
= राम + य

(૩) ङेर्यः । ૭–૧–૧૩ સૂત્રથી "હ્રસ્વ अ કારાન્ત અંગની પાછળ આવેલા ङे ને य એવો **આદેશ** થાય છે.

(૪) सुपि च । ૭–૩–૧૦૨ સૂત્રથી

૩. રામા અ કારાન્ત પ્રકૃતિનો અંતિમ અને દીર્ઘ થાય છે.	+ य યઞ્ પ્રત્યાહારમાં આવેલો હોય એવો य વર્ણવાળો સુપ્ વિભક્તિ પ્રત્યય રહેલો છે. તેથી	"યઞાદિ હોય એવો સુપ્ વિભક્તિ પ્રત્યય પરમાં રહે ત્યારે હ્રસ્વ અ કારાન્ત અંગને દીર્ઘ થાય છે.

નોંધ : ङे એવા પ્રત્યયમાં = સ્થાનિમાં રહેલું પ્રત્યયત્વ (સ્થાનિવદાદેશોઽનલ્વિધૌ ૧-૧-૫૬ સૂત્રથી) 'य' એવા આદેશમાં આરોપિત કરવામાં આવે છે. તેથી સુપિ ચ । ૭-૩-૧૦૨ સૂત્ર દ્વારા દીર્ઘ થઈ શકે છે.

૪. = રામાય ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૩) /ङे/ **સામાન્ય રૂપઘટકમાંથી** /स्मै/ **એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે.** (જેનો ઉપયોગ सर्वस्मै । तस्मै । अस्मै । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે.):—

૧. सर्व પ્રકૃતિમાં સમ્પ્રદાનત્વ પુંસ્ત્વ અને એકત્વ સંખ્યા	+ ङे તદ્દર્થવાચક ચતુર્થી વિ. ના એકવચનનો પ્રત્યય.	(૧) चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૨ (૨) स्वौजसमौट्० । ૪-૧-૨
૨. सर्व + ङे > स्मै = सर्व + स्मै		(૩) सर्वनाम्नः स्मै । ૭-૧-૧૪ સૂત્રથી હ્રસ્વ અ કારાન્ત સર્વનામની પાછળ આવેલા "ङे" પ્રત્યયના(=સ્થાનિના) સ્થાનમાં स्मै આદેશ થાય છે.
૩. सर्वस्मै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.		

વિશેષ : तद, यद्, एतद् વગેરે સર્વનામવાચક શબ્દો, કે જે મૂળભૂત રીતે હ્રસ્વ અ કારાન્ત નથી. પણ તેમનાં ચતુર્થી વિ., એકવચનનાં રૂપો પણ तस्मै । यस्मै । एतस्मै । એમ स्मै પ્રત્યયાન્ત જ સાંભળવા મળે છે. તેથી આ શબ્દોની પાછળ પણ स्मै પ્રત્યયની પ્રવૃત્તિ શક્ય બનાવવા પાણિનિએ त्यदादीनाम् अः । ૭-૩-૧૦૨ સૂત્રથી તે શબ્દોને પહેલાં હ્રસ્વ અ કારાન્ત બનાવવાનો આદેશ કર્યો છે. જેમકે, त्यदादीनाम् अः । સૂત્ર કહે છે કે-त्यद्, तद्, यद्, एतद्,

इदम्, अदस् વગેરે આઠ સર્વનામવાચક શબ્દોને = પ્રકૃતિને હ્રસ્વ અકાર અન્તાદેશ રૂપે લાગે છે. જો વિભક્તિપ્રત્યય પરમાં હોય તો (દા. ત. तद् + ङे—त + स्मै = स्मै).

(૪) /–ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /–स्यै/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ सर्वस्यै । अस्यै । तस्यै । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે):—

૧. सर्वा	+ ङे	(૧) चतुर्थी सम्प्रदाने । २–३–१२
પ્રકૃતિમાં સમ્પ્રદાનકારકત્વ, સ્ત્રીત્વ અને એકત્વ રહેલું છે.	તદર્થવાચક ચતુર્થી વિ. એકવચનનો પ્રત્યય.	(૨) स्वौजसमौट्० । ४–१–२ (૩) लशक्वतद्धिते । १–३–८ સૂત્રથી ङेમાંના ङ्‌ની इत् સંજ્ઞા, (તેથી તે પ્રત્યય ङित् કહેવાશે), પછી તેનો લોપ કરાશે.
૨. सर्वा > सर्व + स्याट् ङे અહીં પ્રકૃતિમાં હ્રસ્વાદેશ થશે તથા પ્રત્યયને स्या (ट्) આગમ થશે.		(૪) सर्वनाम्नः स्याड्, ह्रस्वश्च । ७–३–११४ સૂત્રથી આકારાન્ત સર્વનામવાચક શબ્દની પાછળ આવેલા ङित् પ્રત્યયને स्याट् આગમ થાય છે; અને પ્રકૃતિમાંના આકારને હ્રસ્વ (अ) થાય છે. તો
= सर्व + स्या ए		(૫) वृद्धिरेचि । ६–१–८८ સૂત્રથી (आ + ए ની) વૃદ્ધિ થશે. તો
૩. सर्व + स्यै		
૪. सर्वस्यै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.		

૫. / ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /–यै/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ मालायै । रमायै । જેવાં પદો સાધવા માટે કરવામાં અવે છે) :—

૧. माला	+ ङे	(૧) चतुर्थी सम्प्रदाने । २–३–११
પ્રકૃતિમાં સમ્પ્રદાન કારકત્વ, એકત્વ સંખ્યા	તદર્થવાચક ચતુર્થી વિ.ના એકવચનનો પ્રત્યય	(૨) स्वौजसमौट्० । ४–१–२ (૩) लशक्वतद्धिते । १–३–८થી ङ्‌ની इत् સંજ્ઞા, तस्य लोपः । તેનો લોપ (આથી ङे પ્રત્યય ङित् = ङ् કારેત્સંજ્ઞક કહેવાશે.)

२. माला + ए
३. माला + या ए

(४) याडापः । ७–३–११३ સૂત્રથી આવન્ત←આકારાન્ત (સ્ત્રીલિંગ) પ્રકૃતિથી પરમાં આવેલા ङित् પ્રત્યયને याट्>या એવો આગમ થશે.

४. माला + यै

(५) वृद्धिरेचि । ६–१–८८ સૂત્રથી અ-વર્ણથી પરમાં एच् આવેલો હોય તો વૃદ્ધિરૂપી એકાદેશ થાય છે.

५. मालायै । એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે.

(૬) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી /-ए/ એવા વિશેષ ઉપરૂપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ नद्यै । चम्वै । જેવાં પદો સાધવા માટે કરવામાં આવે છે):

१. नदी + ङे

(१) चतुर्थी सम्प्रदाने । २–३–१२
(२) स्वौजसमौट्० । ४–१–२

२. नदी + ए

(३) लशक्वतद्धिते । १–३–८ થી ङ्‌ની इत् સંજ્ઞા, પછી તેનો तस्य लोपः । થી લોપ થશે. (આથી ङे પ્રત્યયને ङित् પ્રત્યય કહેવાશે.)

३. नदी + आ(ट्) ए
=नदी + आ ए

(४) आण् नद्याः। ७–३–११२ થી 'નદી' સંજ્ઞક (દીર્ઘ ई કારાન્ત, ऊ કારાન્ત) શબ્દની પાછળ આવેલા ङित् પ્રત્યયને आट् આગમ થશે.

४. नदी + ए

(५) आटश्च । ६–१–९० સૂત્રથી "आट् આગમની પરમાં જો અચ્ (સ્વર) આવેલો હોય તો વૃદ્ધિ થાય છે."

५. नद् य् + ए

(६) इको यणचि । ६–१–७७ સૂત્રથી इक्‌ના સ્થાનમાં यण् આદેશ થાય છે, જો અચ્ પરમાં હોય તો.

६. नद्यै ॥ એવું પ્રયોગાર્હ પદ સિદ્ધ થશે. (७) अज्झीनं परेण संयोज्यम् ।

(૭) /-ङे/ સામાન્ય રૂપઘટકમાંથી/-अम्/એવા ઉપઘટકને વ્યુત્પન્ન કરવામાં આવે છે. (જેનો ઉપયોગ तुभ्यम् । मह्यम् । એવાં બે પદોને સાધવા માટે કરવામાં આવે છે.) :

૧. युष्मद्	+ ङे	(૧) चतुर्थी सम्प्रदाने । ૨–૩–૧૩
પ્રકૃતિમાં	તદર્થ વાચક	(૨) स्वौजसमौट्० । ૪–૧–૨
સમ્પ્રદાનત્વ	ચતુર્થી વિ.ના	સૂત્રથી ચતુર્થી વિ. એક. વ.નો ङे·
અને	એકવચનનો	પ્રત્યય સ્વીકાર્યો.
એકત્વ	પ્રત્યય	
રહેલું છે.		

૨. युष्मद् + ङे > अम् = युष्मद् + अम्

(૩) ङेप्रथमयोरम् । ૭–૧–૨૮ સૂત્રથી "युष्मद् (અને अस्मद्)ની પરમાં આવેલા ચતુર્થી વિ.ના ङे પ્રત્યય તથા પ્રથમા વિ. અને દ્વિતીયા વિ.ના પ્રત્યયો)ને अम् એવો આદેશ થાય છે.

૩. युष्म–द्+ अम

(૪) तुभ्य–मह्यौ ङयि । ૭–૨–૯૫થી "મ પર્યન્ત પ્રકૃતિને तुभ्यद् (અને मह्य) એવો આદેશ થાય છે."

(म પર્યન્ત પ્રકૃતિ) तुभ्य + द् + अम्

૪. तुभ्य + ० + अम्

(૫) शेषे लोपः । ૭–૨–૯૦ થી "(અમુક) વિભક્તિપ્રત્યય પરમાં રહેતાં युष्मद् (अस्मद्)ના અંતિમવર્ણ 'द्'નો લોપ થાય છે.

૫. तुभ्य + अम्

= तुभ्य + म्

(૬) अतो गुणे । ૬–૧–૯૭ સૂત્રથી "અપદાન્ત (અકારની પાછળ ગુણ સંજ્ઞક (अ, ए ओ) વર્ણ આવ્યો હોય તો પરરૂપ એકાદેશ થાય છે."

૬. तुभ्यम् ॥ તૈયાર થશે.

(૬) પ્રકૃતિ + પ્રત્યયને જોડી દેતાં

નોંધ : આવી જ રીતે, अस्मद् + ङे । હોય ત્યારે ઉપર્યુક્ત ૭–૧–૨૮ સૂત્રથી अस्मद्ના म પર્યન્ત ભાગને मह्य આદેશ થશે; અને પછી પૂર્વોક્ત પ્રક્રિયા કરીશું તો मह्यम् ॥ પદ બની જશે.

* * *


અહીં, ચતુર્થી વિભક્તિના એકવચનના /-ङे/ એવા એક જ સામાન્ય રૂપઘટકમાંથી જુદાં જુદાં સાત પ્રકારનાં ચતુર્થ્યન્ત નામપદોની રૂપસિદ્ધિ (= નિષ્પત્તિ) દર્શાવવા માટે પાણિનિએ **પ્રથમ તબક્કે**–સ્થાન્યાદેશની* યુક્તિ અજમાવી છે. આ યુક્તિ કોઈ પણ નામપદ (સુબન્ત)ના મુખ્યત્વે બંને ઘટકો (= પ્રકૃતિ અને પ્રત્યય) ઉપર એક સરખી રીતે અજમાવવામાં આવી છે. વળી, તન્ત્રકાર જ્યારે /ङे/ = ए પ્રત્યયના સ્થાનમાં /-य/ એવા નવા આદેશનું વિધાન કરે છે ત્યારે તેમાં ધ્વનિ-શાસ્ત્રની સમ્મતિનો પ્રશ્ન જ ઊભો કરવાનો નથી. લોકમાં તેવા આદેશભૂત ધ્વનિઓ (જ) મૂળ સ્થાનિના અર્થોની અભિવ્યક્તિ કરતા હોય છે. આવી પ્રવર્તમાન

---

* **'સ્થાનિન્–આદેશ'ની યુક્તિ** આ પ્રમાણે છે : પાણિનીય વ્યાકરણ તન્ત્રમાં પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન કરીને કોઈ પદની સિદ્ધિ કરવામાં આવે છે ત્યારે પ્રકૃતિ કે પ્રત્યયના સ્થાનમાં એક નવો જ ધ્વનિ–શબ્દ મૂકવામાં આવે છે. દા. ત. राम + ङे (ચતુર્થી વિ. એકવચનનો પ્રત્યય)/અહીં ङेर्यः । ૭–૧–૧૩ સૂત્રથી "અ કારાન્ત અંગ/પ્રકૃતિની પરમાં આવેલા ङे પ્રત્યયને ખસેડી નાખીને, તેના સ્થાનનાં 'य' પ્રત્યય ('આદેશ' તરીકે) પ્રવૃત્ત કરવામાં આવે છે. અહીં; પ્રકૃતિ કે પ્રત્યયમાં પૂર્વે જે ધ્વનિ હોય એને 'સ્થાનિન્' કહે છે; અને પાછળથી એ સ્થાનિન્‌ને ખસેડીને, તેના સ્થાનમાં જે નવો ધ્વનિ દા. ત. ङेના સ્થાનમાં મૂકેલો 'य' ધ્વનિ) મૂકવામાં આવે છે તેને 'આદેશ' કહે છે. આવા આદેશની પ્રવૃત્તિ 'શત્રુવત્' માનવામાં આવી છે. (કારણ કે તે મૂળ ધ્વનિનો જ વિનાશ કરી નાખે છે.) તથા તન્ત્રકાર પાણિનિ કહે છે કે—(આવો આદેશ ભલે 'શત્રુવત્' પ્રવૃત્ત થતો, પણ) તે આદેશ સ્વભાવની / ગુણધર્મની દૃષ્ટિએ/અર્થવાહક ઘટક તરીકે સ્થાનિવત્ = સ્થાનિતુલ્ય જ ગણવો. (જુઓ : स्थानिवदादेशोऽनल्विधौ । ૧-૧-૫૬).

'આદેશ'ની સમજૂતી આપવાની સાથે 'આગમ'ની પણ સમજૂતી આપવી જોઈએ : 'આગમ' એટલે (કોઈ વર્ણનો) ઉમેરો. ઇષ્ટ કે પ્રયોગાર્હ પદની સિદ્ધિ માટે તન્ત્રકાર પાણિનિને ઘણીવાર પ્રકૃતિની અંદર/પાછળ કે પ્રત્યયની આગળ કે કે પાછળ અમુક વર્ણો ઉમેરવા પડતા હોય છે. (राम नु + आम् = रामाणाम् । અહીં आम् પ્રત્યયની આગળ नु નો આગમ = ઉમેરો કરવામાં આવે છે.) આવા વર્ણોપજન = વર્ણોના ઉમેરાને 'આગમ' કહે છે. આવા આગમોની પ્રવૃત્તિ 'મિત્રવત્' ગણાઈ છે. કેમકે તે કોઈ ધ્વનિનો નાશ કરતાં નથી; કેવળ પ્રકૃતિ કે પ્રત્યયની આગળ/પાછળ આવીને જોડે બેસી જાય છે. (સ્વભાવ/ગુણધર્મની દૃષ્ટિએ વિચારીએ તો આગમો કોઈ અર્થના વાહક હોતા નથી.) તેનો ઉપયોગ કેવળ ઇષ્ટ કે પ્રયોગાર્હ પદ સાધવા માટે જ થાય છે.

સ્થિતિ જ (= ભાષાપ્રયોગ જ) શાસ્ત્રકારને આવા આદેશોનું વિધાન કરવાની પરવાનગી આપી દે છે. જેમ કે—



હવે, આ ચારેયનાં ઉદાહરણો જોઈશું.

(क) સ્થાનિભૂત પ્રકૃતિમાં આંશિક પરિવર્તન લાવનાર આદેશ : तस्मै । = तद् + ङे અહીં, त्यदादीनाम् अः । ૭–૨–૧૦૨ સૂત્રથી तद् પ્રકૃતિમાં અકાર અન્તાદેશ રૂપે (द्‌ના સ્થાનમાં) પ્રવૃત્ત થયો છે. તો त + ए બનશે. [ત્યાર પછી, ङेના સ્થાનમાં स्मै આદેશ પ્રવૃત્ત કરીશું તો तस्मै । રૂપ સિદ્ધ થશે.]

(ख) સ્થાનિભૂત પ્રકૃતિમાં સમ્પૂર્ણ પરિવર્તન લાવનાર આદેશ : तुभ्यम् । = युष्मद् + ङे અહીં तुभ्यमह्यौ ङयि । ૭–૨–૯૫ સૂત્રથી युष्मद् પ્રકૃતિના म પર્યન્ત ભાગને तुभ्य એવો આદેશ થાય છે; અને ત્યાર પછી शेषे लोपः । ૭–૨–૯૦થી અવશિષ્ટ द्‌ને પણ લોપાદેશ થાય છે. આમ तुभ्य + ङे બને છે. [પછી ङे પ્રત્યયના સ્થાનમાં अम् એવો આદેશ થાય છે. तुभ्य + अम् પછી પરરૂપ વિધિ થતાં तुभ्यम् બનશે.]

(ग) સ્થાનિભૂત પ્રત્યયમાં આંશિક પરિવર્તન લાવનારા આદેશ : मालायै । = माला + ङे અહીં [આ કારાન્ત પ્રકૃતિ (माला)માં કશો ફેરફાર થતો નથી, પણ] ङे પ્રત્યયને પહેલાં या (ट्) આગમ લાગે છે. माला + या ए । અહીં या આગમ લાગ્યા પછી, वृद्धिरेचि । ૬–૧–૮૮થી જે વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે તેનાથી /-यै/ એવો પ્રત્યય બનીને ઊભો રહે છે. (કોઈકની દૃષ્ટિએ આ વૃદ્ધિરૂપી આદેશ પ્રત્યયમાં સમ્પૂર્ણ પરિવર્તન લાવનારો પણ હોઈ શકે.)

(घ) સ્થાનિભૂત પ્રત્યયમાં સમ્પૂર્ણ પરિવર્તન લાવનાર આદેશ: रामाय । = राम + ङे અહીં, અકારાન્ત અંગ–પ્રકૃતિની પરમાં આવેલા સમગ્ર ङे પ્રત્યયના સ્થાનમાં ङेर्यः । ૭–૧–૧૩ સૂત્રથી એક નવો જ /-य/ આદેશ થાય છે. [પછી પ્રકૃતિમાં દીર્ઘત્વ થઈને, रामाय । બને છે.]

ત્યાર પછી, બીજે તબક્કે—

સ્થાન્યાદેશની યુક્તિથી (અંશતઃ કે સમ્પૂર્ણ) પરિવર્તિત કરેલાં બે રૂપઘટકો-પ્રકૃતિ અને પ્રત્યયનું અંતિમ સંયોજન કરીએ એ પહેલાં, બીજાં પણ કેટલાંક સંહિતાજન્ય [= તે પ્રકૃતિ + પ્રત્યયના સંનિધિથી પ્રેરાઈને પ્રાપ્ત થયેલાં] ધ્વનિ-પરિવર્તનો કરવા આવશ્યક બને છે. પાણિનિએ પોતાની રૂપાખ્યાન પદ્ધતિમાં આ માટેનાં સૂત્રો મુખ્યત્વે अङ्गस्य । (૬–૪–૧ થી ૭–૪–૯૭) સૂત્રોક્ત 'અંગાધિકાર'માં, તથા ત્રિપાદી (૮–૨, ૩, ૪ પાદ)માં મૂકયાં છે.

આવાં ધ્વનિપરિવર્તનોમાં મુખ્યત્વે ૧. લોપ, ૨. આગમ અને ૩. (હ્રસ્વ, દીર્ઘ, ગુણ, વૃદ્ધિ, સમ્પ્રસારણ, પરરૂપ, પૂર્વરૂપ, ણત્વ, ષત્વ વગેરે પ્રકારના) ધ્વનિવિકારોને ગણાવી શકીએ. જેમકે,

૧. **લોપ** : युष्मद् + ङे → तुभ्य द् + ङे → तुभ्य + ० + ङे → तुभ्य + ङे → तुभ्य + अम् → तुभ्यम् । અહીં शेषे लोपः । ૭–૨–૯૦ની પ્રકૃતિના द् કારનો લોપ થયો છે.

૨. **આગમ** : वारि ङे + > ए । અહીં ઇગન્ત અંગને नुम् = न्નો આગમ કર્યો છે. वारिन् + ए = वारिने (પછી ણત્વ થશે તો–वारिणे).

૩. **ધ્વનિવિકારો** :

(૧) (હ્રસ્વ) सर्वा + ङे → सर्वा + स्या + ए → सर्वा + स्यै > પછી, પ્રકૃતિમાં હ્રસ્વ થતાં > सर्व + स्यै = सर्वस्यै ।

(૨) (દીર્ઘ) राम + ङे > राम + य > પછી હ્રસ્વાન્ત પ્રકૃતિમાં દીર્ઘ થશે > रामा + य = रामाय ।

(૩) (ણત્વ) वारि + ङे > वारिन् + ए > वारिने । પછી રેફોત્તરવર્તી न् ને ण् થશે > वारिणे । વગેરે વગેરે.

આમ કોઈ પણ સુબન્ત (કે તિઙન્ત) પદની સિદ્ધિ કરવા માટે પાણિનિએ એક નિશ્ચિત પ્રકારની રૂપાખ્યાન પદ્ધતિ અજમાવી છે, જેમાં–૧. આરંભે તેમણે ભાષા પ્રયોગમાં કોઈ એક જ અર્થની અભિવ્યક્તિ કરનારાં વિવિધ ઉપરૂપ ઘટકો વાળાં પદો જોયાં હશે. ૨. ત્યાર પછી તેમણે તે વૈવિધ્યસભર પદોમાંથી (અન્વય વ્યતિરેક પદ્ધતિ દ્વારા) કયું એક સામાન્ય રૂપઘટક તારવી શકાય એમ છે એ મનમાં વિચારી લઈને, પ્રથમાથી સપ્તમી વિભક્તિ-સુધીનાં (ત્રણેય વચનનાં) ૨૧ સામાન્ય રૂપઘટકોને શોધી કાઢીને, તેનું એક જ સૂત્ર (—स्वौजसमौट्० । ૪–૧–૨)માં પ્રદર્શન કર્યું છે. ૩. ત્યાર પછી પ્રકૃતિ + પ્રત્યયમાં સ્થાન્યાદેશની

ઉપર્યુક્ત યુક્તિ દ્વારા ઇષ્ટ કે પ્રયોગાર્હ પદ તરફ લઈ જનારા ધ્વન્યાત્મક ફેરફારો સૂચવ્યા છે. અને છેલ્લે ૪. એટલે કે–જરૂરી/શક્ય એટલા આદેશોનું વિધાન પૂરું કર્યા પછી, પ્રકૃતિ+પ્રત્યયના અંતિમ સંયોજન પૂર્વે જરૂરી (=સંહિતા પ્રાપ્ત) અન્ય ધ્વનિપરિવર્તનોનું વિધાન કર્યું છે.

આ રૂપાખ્યાન પદ્ધતિ અનવદ્ય અને નિરતિશય લાઘવપૂર્ણ છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. બીજું, પાણિનિએ પ્રયોજેલી આ રૂપાખ્યાન પદ્ધતિ તેમના સૌ અનુગામી વૈયાકરણો, જેવા કે–ચન્દ્રગોમિન્‌થી માંડીને હેમચન્દ્રાચાર્ય સુધીના વૈયાકરણોને માટે અનુકરણીય બની રહી છે. (તથા વરરુચિ, ત્રિવિક્રમાદિ પ્રાકૃતભાષાના વ્યાકરણકારોને માટે પણ તે પદ્ધતિ અનુકરણી બની રહી છે.)

* * *

પ્રસ્તુત અભ્યાસના અનુષંગે એક દિશાસૂચન કરવાનું મન થાય છે: ભાષામાં વપરાતાં તમામ નામોને ષડ્‌વિધ પ્રાતિપદિકો (જેવાં કે—સ્વરાન્ત પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ નામો, તથા વ્યંજનાન્ત પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ નામો,) તરીકે વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ જ્યારે આવા ષડ્‌વિધ પ્રાતિપાદિકોમાંથી ભાષામાં વપરાતા અધિકાધિક (અથવા સમ્પૂર્ણ) નામપદો, અને ભવિષ્યમાં વાપરી શકાય એવાં (પ્રયોગાર્હ નવાં સંભવિત) નામ પદોને તન્ત્રની મર્યાદામાં આવરી લેવા માટે પાણિનિએ કઈ પદ્ધતિ અજમાવી છે? એનો પણ સ્વતન્ત્ર અભ્યાસ કરવા જેવો છે. इति दिक् ॥

લઘુસિદ્ધાન્તકૌમુદી (પૂર્વાર્ધ)નાં ઉદાહરણો (રૂપો) ની અ કારાદિક્રમે સૂચિ

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	અશુદ્ધિ	શુદ્ધિ
૧૮.	વર્ણો { अ, क, :, ङ / ह, : }	वर्णो { अ, क, :, ङ / ह, : }
૮૯.	પ્રકરણ–૪	પ્રકરણ–૧૧
૧૦૭.	उद् — स्थानम् (તાલવ્ય, તાલવ્ય)	उद् + स्थानम् (દન્ત્ય, દન્ત્ય)
૧૦૮.	તાલવ્ય: त | थ | द | ध | न | स	દન્ત્ય: त | थ | द | ध | न | स
૧૨૬.	पुम् — कोकिल (पुम्: निमित्त; कोकिल: क, औ)	पुम् — कोकिल (निमित्त) → क, ओ

*

આ ગ્રન્થ વિષે

અહીં 'લઘુસિદ્ધાન્તકૌમુદી'નો આ ગુજરાતી અનુવાદ વિશેષ પ્રકારના વિસ્તૃત વિવરણ સાથે રજૂ કરવામાં આવ્યો છે. પાણિનીય વ્યાકરણમાં સંસ્કૃત ભાષાના નામપદોની સિદ્ધિ કરવા માટે સ્વરાન્ત કે વ્યંજનાન્ત પ્રકૃતિઓ (નામો) લઈને તેમની સાથે પ્રથમા વિભક્તિ, દ્વિતીયા વિભક્તિ વગેરેના પ્રત્યયો જોડવામાં આવે છે, અને ત્યાર પછી તે બન્નેમાં જરૂરી ધ્વનિ-પરિવર્તન કરીને પ્રયોગાર્હ ઇષ્ટ રૂપો તૈયાર કરવામાં આવે છે. આવાં વિવિધ રૂપોની સિદ્ધિ કરવા માટે અધ્યાપકે 'ક્લાસ રૂમ'માં જે રીતે 'બ્લેક–બોર્ડ' ઉપર રૂપપ્રક્રિયાનું ચિત્રાત્મક નિરૂપણ કરવું જરૂરી બને છે તે રીતે આ ગ્રન્થમાં સર્વત્ર રૂપ પ્રક્રિયાનું સુસ્પષ્ટ આલેખન કર્યું છે. પાણિનીય વ્યાકરણમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા કોઈ પણ અભ્યાસીને આ ગ્રન્થ ચોક્કસ પ્રકારની મદદ પૂરી પાડશે. જેથી કઠિનતમ ગણાતા આ પાણિનીય વ્યાકરણ 'તન્ત્ર'માં કોઈ પણ જાતની રૂકાવટ વિના તે જાતે આગળ વધી શકશે એમાં કોઈ સંદેહ નથી. કોમ્પ્યુટરના આ યુગમાં આપણું આ પરંપરાગત વ્યાકરણય કેટલું સૂક્ષ્મ અદ્યતન તાન્ત્રિક સ્વરૂપ ધરાવે છે તે જોઈને અહોભાવથી આપણું મસ્તક મહર્ષિ પાણિનિને અચૂક નમશે જ.